આચાર્યદેવ શ્રી સોમપ્રભસૂરીશ્વરજી વિરચિત

શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર

ભાગ-૨



પ્રસિધ્ધકર્તા:-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

ભાષાંતર કર્તા મુનિરાજ શ્રી રવીન્દ્રસાગરજી મ.

કાવ્ય–સાહિત્ય–ગગનાંગણ–ગગનમણિ—

આચાર્યદેવશ્રી સોમપ્રભ સૂરીશ્વર મહારાજ વિરચિત—

પ્રાકૃત–ભાષા–નિબદ્ધ

પંચમ તીર્થપતિ

શ્રી

સુમતિનાથ જિનેશ્વર

ચરિત્ર

ચરમ ભવ વર્ણન સ્વરૂપ

ભાગ–૨

ભાષાંતર કર્ત્તા—

શાસનજ્યોતિર્ધર પૂજ્ય ઉપાધ્યાય **શ્રી ધર્મસાગરજી** મ. સા. ના શિષ્યરત્ન

પૂજ્ય પ્રંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી **અભયસાગરજી** મ. સા. ના શિષ્ય

મુનિરાજ **શ્રી રવીન્દ્રસાગરજી** મ. સા.

પ્રેરક : **પૂજ્ય ગણિવર્યશ્રી અશોકસાગરજી મ. સા.**

પ્રકાશક : **જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

વીર નિર્વાણ સં. ૨૫૦૬ : વિક્રમ સં. ૨૦૩૬ આત્મ સં ૮૮

મૂલ્ય : ૩૫–૦૦

પ્રાપ્તિસ્થાન :
જૈન આત્માનંદ સભા
ખારગેઇટ
ભાવનગર. ૩૬૪૦૦૧
નકલ ૭૫૦

श्री सुमतिनाथ जिन-स्तुति

इतः सुदूरं व्रज दुष्टबुद्धे !
समं दुरात्मीय-परिच्छदेन ।
सुबुद्धिभर्त्ता सुमतिर्जिनेशो
मनोरमं स्वान्तमितो मदीयम् ।।

હે દુષ્ટબુદ્ધિ ! તમારા દુષ્ટ પરિવાર સહિત અહીંથી આજે ને આજે જ અત્યંત દૂર દૂર ચાલી જા !!!

કેમકે—રમણીય એવા મારા અંતઃકરણમાં = મન-મંદિરમાં સુંદર સદ્બુદ્ધિના સ્વામી શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ પધાર્યા છે !!!

जैनं

जयति

शासनम्

મુદ્રક :
અજિત મુદ્રણાલય
પાલીતાણા રોડ, સોનગઢ ૩૬૪૨૫૦
જિ. ભાવનગર

—: પ્રકાશકીય નિવેદન :—

જૈન આત્માનંદ સભાના ભૂતપૂર્વ મંત્રી સ્વ. શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીને એકદા તાલધ્વજ = તળાજા તીર્થની યાત્રા પ્રસંગે સાચા દેવ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના દર્શન-પૂજન કરતાં અંતઃકરણમાં શુભ વિચાર સ્ફૂરાયમાન થયો કે— વિશ્વ વંદનીય, વાત્સલ્યનિધિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું ચરિત્ર ગુર્જરભાષામાં મળે. તો મારા જેવા અબુધ એવા મુમુક્ષુ જીવોને મોક્ષમાર્ગની આરાધનામાં ઉત્સાહ વધે.

કેમકે—વંદિત્તુ સૂત્રમાં કહ્યું છે કે—

चिर संचिय पाव पणासणीइ,
भव सय सहस्स महणीए ।
चउवीस जिण विणिग्गय कहाइ
वोलंतु मे दिअहा ।। वंदित्तु सूत्र-४६ गाथा ।।

ઘણા સમયથી ભેગા થયેલા પાપ કર્મોનો નાશ કરનારી, લાખો ભવોનો ઉચ્છેદ કરનારી અને થોડા સમયમાં મોક્ષસુખને પ્રાપ્ત કરાવનારી એવી ઋષભદેવ આદિ ૨૪ જિનેશ્વરોના જીવન-ચરિત્ર સ્વરૂપ કથાઓના શ્રવણ-મનન દ્વારા મારા દિવસો પસાર થાઓ !!!

પણ પૂર્વના મહર્ષિઓએ જિનેશ્વરોના ચરિત્રો પ્રાયઃ પ્રાકૃત કે સંસ્કૃત ભાષામાં રચેલા છે તેથી તે તે ભાષાને નહિ જાણનારા આબાલ-ગોપાલ લોકને ઉપયોગી થાય તે માટે જો ગુર્જર = ગુજરાતી ભાષામાં તે તે ગ્રંથોનું અનુવાદ થાય તો જ નાના-મોટા બધા જ લાભ લઈ શકે.

તપાસ કરતાં શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના ચરિત્રની હસ્તલિખિત પ્રત અમારા જ્ઞાન-ભંડારમાંથી પ્રાપ્ત થઈ. અર્ધમાગધી = પ્રાકૃત ભાષામાં રચાયેલ આ ચરિત્રનું ભાષાંતર કરવા માટે ઘણા પ્રયાસો કર્યા પણ કચાંય સફળતા પ્રાપ્ત ન થઈ.

આખરે શાસનજ્યોતિર્ધર **પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. સા.** ના વિદ્વાન્ શિષ્યરત્ન પંન્યાસ પ્રવર **શ્રી અભયસાગરજી મ.** ને વિનંતિ કરતાં સહર્ષ સ્વીકાર કરી અમને ચિંતા મુક્ત કર્યા. તેઓશ્રીએ ભાષાંતરનું કાર્ય શરૂ કર્યું. પેઈજ ૧ થી ૮૮ પૃષ્ઠ સુધીનું (પ્રથમ ભાગમાં) ભાષાંતર થયા બાદ વિહારાદિ સંયોગવશાત્ ભાષાંતરનું કાર્ય અટકયું.

ત્યાર બાદ **પંડિત લાલચંદ ભગવાનદાસ** વડોદરાનિવાસીએ પૃષ્ઠ ૮૯ થી ૧૨૭ પેઇજ સુધીનું ભાષાંતર કર્યું. એકાએક તબિયત બગડતા તેઓ દિવંગત થયા.

આબુરે અમદાવાદ નિવાસી પ્રોફેસર રમણીકલાલ મનસુખલાલ શાહે અમારી પ્રાર્થના સ્વીકારીને પૃષ્ઠ ૧૨૮ થી ૨૨૪ પેઇજ પર્યંતનું પૂર્વભવ વર્ણન સ્વરૂપ પ્રથમ ભાગનું ભાષાંતર કરી આપી સૌજન્ય દાખવ્યું છે. આ રીતે મૂળ હસ્તલિખિત પ્રતના ૧ થી ૨૯૪ પેઇજનું ભાષાંતરનું કાર્ય થયું.

પરમકૃપાળુ પરમોપકારી તીર્થંકરદેવશ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના પૂર્વ ભવ વર્ણન સ્વરૂપ પ્રથમ ભાગનું ભાષાંતર પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવરાવીને વિ. સં. ૨૦૩૬ માં પૂ. આ. **દેવશ્રી વિજયદેવસૂરિજી મ.** તથા **પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.** ની પાવન નિશ્રામાં સ્વ. શેઠ શ્રી અમૃતલાલ ગિરધરલાલ શાહના પરિવાર જનોએ શ્રી જૈન આત્માનંદ સભાના શ્રેષ્ઠવર્યશ્રી ભોગીલાલ પ્રવચન હોલમાં પ્રથમ ભાગનું ઉદ્‌ઘાટન કરી પ્રસ્તુત પુસ્તકના ખર્ચ પેટે રૂા. ૮૦૪૧) સંસ્થાને અર્પણ કરેલ.

ત્યાર બાદ ચરમ ભવ વર્ણન સ્વરૂપ બીજા ભાગનું ભાષાંતર કરવા માટે ઘણા પ્રયાસો કર્યા પણ નિરાશા જ હાથ આવી.

વર્તમાન સમયમાં અર્ધમાગધી = પ્રાકૃત ભાષાના વિદ્વાનો બહુ જ ઓછા છે, જવલ્લે જ યોગ મળે. કદાચ મળે તોપણ તેઓ જો જૈનધર્મથી પરિચિત હોય તો જ આ કાર્ય વ્યવસ્થિત થયું ગણાય. કેમકે—જૈનધર્મશાસ્ત્રમાં આવતા પારિભાષિક શબ્દોના મર્મને જાણીને તે અર્થને વ્યક્ત કરતા પ્રચલિત શબ્દોનું સંકલન કરવું જોઈએ તથા અર્થ ભેદ ન થવો જોઈએ તે ખાસ ધ્યાનમાં રાખવું આવશ્યક હોય છે.

હસ્તલિખિત પાના ૨૯૪ થી ૭૦૨ = કુલ ૪૦૮ પાનાનું ભાષાંતર થવું ખૂબ જ મુશ્કેલ જણાતું હતું પણ અમોએ પ્રયત્ન તો ચાલુ જ રાખ્યા—કહેવત છે કે—

"હિંમતે મર્દા તો મદદે ખુદા".

યોગાનુયોગ વિ. સં. ૨૦૩૮ માં ભાવનગર શ્રી સંઘના નૂતન ઉપાશ્રયે શાસન-જ્યોતિર્ધર **પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.** ના વિદ્વાન શિષ્ય પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી **અભયસાગરજી મ.** ના શિષ્ય પ્રવચન કુશલ પૂ. ગણિવર્યશ્રી **અશોકસાગરજી મ.** આદિ ૩ ઠા. ૬ સંઘની વિનંતિથી ચોમાસા માટે પધાર્યા.

અવસર જોઈને પૂ. ગણિવર્યશ્રી **અશોકસાગરજી મ.** ને અમારા મનની વાત કરી, ગણિવર્યશ્રીએ પણ અમારી વાતને વધાવી લઈ, અમને ઉત્સાહ વધે તેવી સુંદર પ્રેરણા આપી. અમે પણ આ કપરું કાર્ય પાર પડશે એમ જાણી ખુશ થયા. અને હસ્તલિખિત પાનાઓ લાવીને પૂ. ગણિવર્યશ્રીને બતાવ્યા.

પૂ. ગણિવર્યશ્રીએ પણ પોતાના લઘુ ગુરુબંધુ, સંસ્કૃત–પ્રાકૃત વ્યાકરણ અને કાવ્ય–સાહિત્યના અભ્યાસી મુનિરાજશ્રી **રવીન્દ્રસાગરજી મ.** સા. ને શુભ આશીર્વચનપૂર્વક અષાડ વદ ૧૦ ના શુભ દિવસે ભાષાંતરનું કાર્ય સોંપ્યું.

પૂ. મુનિરાજશ્રી **રવીન્દ્રસાગરજી મ.** શ્રીએ આ કાર્યમાં ઘણો રસ લીધો, ખંત અને ચીવટ પૂર્વક ભાષાંતરનું કાર્ય સાંગોપાંગ પૂર્ણ કર્યું, તેમ જ પ્રુફ રીડિંગનું કાર્ય પણ તેઓશ્રીએ જ કરેલ છે, તેથી તેઓશ્રીના આ કાર્ય બદલ તેઓશ્રીના ચરણે પ્રશંસાના જેટલા પુષ્પો વેરીએ તેટલાં ઓછા છે.

તેઓશ્રીના આ કાર્યથી આ (જૈન આત્માનંદ સભા) સંસ્થા તેમના જ્ઞાન અને શ્રમ માટે ગૌરવ લે છે. તેમજ તેમનું મહાન્ ઋણ સહર્ષ સ્વીકારી અનુમોદના કરે છે.

શ્રી સુમતિનાથ ચરિત્ર ભા–૨ માં રૂા. ૧૫૦૦૦ ના આર્થિક સહાય કરનાર શ્રેષ્ઠિવર્ય **વોરા મૂલચંદ ગોરધનદાસનો** આ સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

ગ્રંથનું સુંદર છાપકામ કરી આપનાર **શ્રી અજિત મુદ્રણાલય** (સોનગઢ) ના કાર્યકર્તા શ્રી મનીષભાઈ તથા શ્રી અતુલભાઈ નો પણ જ આભાર માનીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભાના સભ્યો તથા શ્રી જિનશાસનાનુરાગી ચતુર્વિધ સંઘની સમક્ષ આ ગ્રંથની રજૂઆત કરતા અમે આનંદ–હર્ષ અનુભવીએ છીએ.

છેલ્લે—આ ગ્રંથ નિર્માણમાં જે કોઈ મહાનુભાવ પુણ્યાત્માઓનો સાથ–સહકાર મળેલો હોય તે સર્વના અમે ઋણી છીએ.

લી. શાહ હીરાલાલ ભાણજીભાઈ
પ્રમુખ—
શ્રી જૈન આત્માનંદ સભા– ભાવનગર.

—o—

વીતરાગના ચરણે પ્રાર્થના

હે ઈશ! હે જિનેશ્વર! હે પરમાત્મન્! જો જિનાગમથી પરિકર્મિત બુદ્ધિશાળી વક્તા અને શ્રદ્ધાળુ શ્રોતાઓનો યોગ–સમાગમ થાય તો, હે ઈશ! હે સ્વામિન્! આ કલિકાલમાં પણ આપના શાસનનું એકછત્રી સામ્રાજ્ય સંભવી શકે છે!!!

વીતરાગસ્તોત્ર–પ્રકાશ–૬ શ્લોક ૩

સ્વ. શ્રાદ્ધવર્ય શ્રી વોરા મૂળચંદ ગોરધનદાસનું
સંક્ષિપ્ત જીવન-વૃત્તાંત

શ્રાદ્ધવર્ય શ્રી મૂળચંદભાઈનો જન્મ સિદ્ધગિરિરાજથી ૫૦ કી. મી. દૂર રહેલ ભાવનગર બંદરે થયેલ હતો.

નાનપણથી જ માત-પિતાના ધર્મમય સંસ્કારો પ્રાપ્ત થવાથી પ્રભુ દર્શન-પૂજન-ગુરુ ભક્તિ આદિમાં દિન-પ્રતિદિન વધતે પરિણામે તન-મન અને ધનને વાપરતા રહ્યા.

ન્યાયસંપન્નવિભવ—શિષ્ટાચાર પ્રશંસા, અને પાપ ભીરૂતાની સાથે સાથે જીવન ઉદ્યાનમાં ઉદારતા દાક્ષિણ્યતા, ગંભીરતા, આદિ પુષ્પો વિકસિત થવાથી ચોતરફ ગુણ-સુવાસ ફેલાવનારા થયા. તેથી જ આડોશી-પાડોશી લોકોને આદરણીય અને પ્રીતિપાત્ર બનેલા.

પૂ. ગુરુ મહારાજશ્રીના પરિચયથી ધીમે ધીમે બહિરાત્મભાવનો ત્યાગ કરીને કયારેક કયારેક અંતરાત્મભાવમાં સ્થિર થઈને સ્વાનુભવની લીનતામાં લીન થતા. હંમેશા વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો સમન્વય કરી કોઈને પણ બાધ ન આવે તેવા પ્રકારના ન્યાય માર્ગે પ્રવૃત્તિ કરતા. અવસર મળે ત્યારે આધ્યાત્મિક ગ્રંથોનું વારંવાર અવલોકન કરી જીવનને ધન્ય બનાવતા.

આવા સુંદર ગુણોથી આકર્ષાઈને જ આધ્યાત્મવિશ્વના પથિક આચાર્ય દેવશ્રી કૈલાસસાગર સૂરીશ્વરજી મ. શ્રીએ ચતુર્વિધ સંઘની આરાધનાર્થે ભાવનગરના આંગણે તૈયાર થયેલ નૂતન ઉપાશ્રય અને આયંબિલશાળાનું ખાતમુહૂર્ત્ત તેઓશ્રીના જ શુભ હસ્તે કરવા સૂચન કરેલું. તે ખાતમુહૂર્ત્તનો પ્રસંગ જ્યારે આવ્યો ત્યારે તેમના બહોળા કુટુંબને ધર્મ આરાધનામાં ખૂબ જ ઉત્સાહ અને આનંદ-મંગલ વર્ત્તેલ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત થઈ રહેલ શ્રી સુમતિનાથ ચરિત્રના બીજા ભાગના પ્રસ્તુત પ્રકાશનમાં રૂા ૧૫૦૦૦) શેઠશ્રી વોરા મૂળચંદ ગોરધનદાસના પરિવાર તરફથી સહાય મળેલ છે જેનું આ સભા હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

લી. હીરાભાઈ બી. શાહ

જૈનં જયતિ શાસનં



સ્વ. શ્રાદ્ધવર્ય શ્રી વોરા મૂળચંદ ગોરધનદાસ

સંપાદકીય નિવેદન—

લોકોત્તર મહાપુરુષ શ્રી જિનેશ્વર પરમાત્માઓનું જીવન ચરિત્ર પારસમણિ તુલ્ય હોવાથી શુદ્ધ ભાવ પૂર્વક જે પુણ્યાત્મા યથાવિધિ ભણે છે, વાંચે છે, શ્રવણ કરે છે, ચિંતન કરે છે, મનન કરે છે, અને નિદિધ્યાસન કરે છે તે પુણ્યાત્માઓ સુવર્ણ તુલ્ય બનવાથી વિશ્વના મહાન્ ગણાતા એવા રાજાઓ, ચક્રવર્તીઓ, દેવો અને દેવેન્દ્રોને પણ આદરણીય અને ઉપાસનીય બને છે.

આ તો બાહ્ય વૈભવની વાત થઈ પણ જિનેશ્વર પ્રભુના ચરિત્રમાં જે પુણ્યાત્મા તન્મય બને છે તે આત્માને અભ્યંતર જે અનુપમેય અને અવર્ણનીય ઋદ્ધિ–સમૃદ્ધિ મળે છે તેની તો આ વિશ્વના પદાર્થો સાથે તુલના જ ન થઈ શકે.

અભ્યંતર ઋદ્ધમાં લીન બનેલો આત્મા બહિરાત્મભાવને તજીને અંતરાત્મદશામાં સ્થિર થાય છે. તે સમયે તેને ઇંદ્રિયોના વિકારો આકુળ–વ્યાકુળ ન બનાવી શકે. કષાયો પણ પરિતાપ ન ઉપજાવી શકે. સદા સર્વદા સમભાવમાં મગ્ન થયેલો તે પુણ્યાત્મા કોઈ પણ જાતના કદાગ્રહ વિનાનો હોવાથી સંસારમાં પણ સંસારાતીત સુખને અનુભવી રહેલો હોય છે. સંસારના સર્વ પદાર્થોની ઉપેક્ષા કરનારો હોઈને આત્માના જ્ઞાનાદિ ગુણોમાં લીન બને છે.

ચિરકાલથી ઉપાર્જિત કરેલા કાષ્ઠને જેમ અગ્નિ ક્ષણવારમાં ભસ્મસાત્ કરે છે. તથા ઘટાટોપ આષાઢી મેઘને પ્રચંડ પવન તત્ક્ષણ વિનાશ પમાડે છે અને ગાઢ અંધકારને નાનકડો પ્રજ્વલિત દીપક તત્કાલ દૂર કરે છે, તેવી જ રીતે અનંત જન્મોમાં ઉપાર્જિત કરેલા પાપ કર્મો જિનેશ્વર પ્રભુના નામસ્મરણ કે જીવન–ચરિત્રના શ્રવણમાત્રથી જ નિર્જરી જાય છે.

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના આવા અતિ અદ્‌ભુત ચરિત્રના ભાષાંતરને કરવાનો શુભ યોગ—યોગાનુયોગ પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ. સા. ની અનુજ્ઞાથી પ્રવચન કુશલ ગણિવર્યશ્રી અશોકસાગરજી મ. સા. આદિ અમારું ૯ મુનિવરોનું વિ. સં. ૨૦૩૮નું ચોમાસું ભાવનગર સંઘની આગ્રહ ભરી વિનંતિથી નૂતન ઉપાશ્રયે થયું. પ્રવેશના દિવસથી જ નદીના ચઢતા પૂરની જેમ સંઘમાં આનંદ–ઉલ્લાસ વધતો જ રહ્યો. પ્રતિદિન વ્યાખ્યાનમાં આબાલ–ગોપાલ બધા જ લોકો લાભ લેવા લાગ્યા તેમાં પણ રવિવાર આદિ વિશેષ દિવસોમાં તો નૂતન ઉપાશ્રયનો વિશાળ હોલ સાંકડો જણાવા લાગ્યો.

પહેલા જ પખવાડીયામાં ફૂલમાં રહેલ પરિમલને ચૂંસવા આવનારા મધુકર

તુલ્ય ભાવનવા લોકો નૂતન ઉપાશ્રયે પુનઃ પુનઃ આવાગમન કરતાં પ્રશંસાના શબ્દો ઉચ્ચારતા [illegible] ગોચર થતા.

આ જ દિવસોમાં શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ શ્રી હીરાભાઈએ અનેક દિવસોથી મુંઝવતી મનની ગૂંચને ઉકેલવા માટે પૂ. ગણિવર્યશ્રીની આગળ વિનંતિ કરી. પૂ. ગણિવર્યશ્રી તરફથી આશ્વાસન મળતાં જ શ્રી સુમતિનાથ ચરિત્રના હસ્તલિખિત (પાના) પોથી લાવી બતાવી.

પૂ. ગણિવર્યશ્રી અશોકસાગરજી મ. શ્રીએ તે સમયે મને બોલાવીને કહ્યું કે—"તમારે આ ગ્રંથનું ભાષાંતર કરવાનું છે" મેં કહ્યું કે—"હજુ સુધી ક્યારેય પણ મેં આવું થોડું-ઘણું પણ કામ કરેલું નથી. મને જરા પણ અનુભવ નથી, તો આવડા મોટા ગ્રંથને હું કેવી રીતે ન્યાય આપી શકું?"

પૂ. ગણિવર્યશ્રીએ કહ્યું કે—તમે ચિંતા ન કરો, તમોએ વ્યાકરણ તો કરેલું છે. છતાં પણ તમને જે કંઈ મુશ્કેલી પડે તે મને કહેજો, તુર્ત નિવેડો લાવી આપીશ, હિંમત કરીને આ કાર્ય શરૂ કરો, "થોડોક કરીને પડો કૂદકો છે આગે" મેં પણ "તહત્તિ" કરીને વચન વધાવી લીધું અને અષાડ વદ ૧૦ થી "શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય નમઃ" ના જાપની સાથે ભાષાંતરનું કાર્ય શરૂ કર્યું, **પાઇયસદ્દ મહણ્ણવો** નામનો શબ્દકોષ પાસે રાખીને અવિરત પણે ભાષાંતર કરતાં લગભગ ૬૭૦૦ શ્લોક પ્રમાણ આ બીજા ભાગનું ભાષાંતર સં. ૨૦૩૯ ના કા. સુ. ૧૫ નો દેવ-ગુરુ પસાયે સર્વાંગ સંપૂર્ણ લખ્યું. અતઃ દેવ-ગુરુનો પ્રસાદ કેવો અદ્‌ભુત હોય છે તે તો ભાષાંતરનું કાર્ય પૂર્ણ થયું ત્યારે જ સમજાયું.

ભાષાંતરના કાર્યમાં જોઈતી વસ્તુઓ પૂરી પાડવામાં સભાના પ્રમુખશ્રી હીરાભાઈ સદા તત્પર રહેલા તે અનુમોદનીય છે.

ચોમાસું પૂર્ણ થયે કા. વ. ૨ ના વિહાર કરી સિદ્ધક્ષેત્ર—પાલીતાણા આવ્યા. પ્રેસનું કામ તો શ્રાવણ મહિનાથી શરૂ થઈ ગયેલું, છાપાઈ ખૂબ જ સુંદર થઈ છે અશુદ્ધિ પ્રાયઃ નથી રહી.

હવે ચિંતા આવી પ્રસ્તાવના લખવાની, આ ક્ષેત્રમાં પ્રથમવાર જ પગરવ માંડી રહેલા એવા મને પ્રસ્તાવનાનું કાર્ય સુશ્કેલ લાગ્યું. પૂ. ગણિવર્યશ્રી અશોકસાગરજી મ. સા. ને પ્રસ્તાવના લખવા વાત કરી ત્યારે તેઓશ્રીએ કહ્યું કે—સાહિત્યમંદિરમાં બિરાજમાન પૂ. આ. દેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. સા. આ વિષયમાં નિપુણ હોવાથી તેઓશ્રી અવશ્યમેવ પ્રસ્તાવના લખી આપશે.

અવસર પ્રાપ્ત કરી પૂ. આચાર્યદેવશ્રીને વિનંતિ કરી ત્યારે વાત્સલ્યપૂર્વક

શુભાશીર્વચન ઉચ્ચારવા પૂર્વક સ્વયં શાસનના અનેક કાર્યોમાં વ્યગ્ર હોવા છતાં વિનંતિ સ્વીકારીને "પ્રાસંગિક" લખી આપી, તથા યોગ્ય માર્ગદર્શન આપીને મહતી કૃપા કરી છે.

તથા "**वैराग्यरतिः**" ગ્રંથમાં લખેલી પ્રસ્તાવનામાંથી ઉપયોગી વિભાગ ઉદ્ધૃત કરી આપી પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત કરવા અનુમતિ આપી મહાન ઉપકાર કર્યો છે.

આ ગ્રંથનું ભાષાંતર અને સંપાદન કાર્ય કરવામાં અનુકૂળતા અપાવનાર સહવર્ત્તિ મુનિરાજ શ્રી નિત્યવર્ધનસાગરજી મ., બાલમુનિરાજશ્રી શીલચંદ્રસાગરજી મ., બાલમુનિશ્રી અમિતચંદ્રસાગરજી મ, મુનિ શ્રી સમ્યગ્રત્નસાગરજી મ., તપસ્વી મુનિ શ્રી મુક્તિચંદ્ર-સાગરજી મ., મુનિ શ્રી જયચંદ્રસાગરજી મ., મુનિ શ્રી પૂર્ણચંદ્રસાગરજી મ. આદિ મુનિવરોના ધર્મસ્નેહને કેમ ભૂલી શકું ?

સુંદર છાપકામ કરી આપનાર શ્રી અજિત મુદ્રણાલયના સંચાલકો ધન્યવાદને પાત્ર છે.

પંચમતીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના ચરમ ભવ વર્ણનસ્વરૂપ આ બીજા વિભાગનું ભાષાંતર અને સંપાદન કરતાં જે કંઈ કુશલાનુબંધિ પુણ્ય ઉપાર્જિત થયું હોય, તો તેનાથી વિશ્વના સર્વ જીવો પરમ પદને વરો !!!

પ્રસ્તુત આ ગ્રંથનું ભાષાંતર તથા સંપાદન કાર્ય કરવામાં પ્રમાદ વશ જે કંઈ ક્ષતિ રહી હોય તો ચતુર્વિધ સંઘ સમક્ષ નમ્ર ભાવે નિવેદન કરું છું કે—**मि च्छा मि दु क्क डं ।।**

વીર નિ. સં. ૨૫૦૯
વિ. સં. ૨૦૩૯ મહા સુ. ૫ બુધવાર
તા. ૧૯–૧–૧૯૮૩
સાંડેરાવ જિનેન્દ્ર ભવન
પાલીતાણા, જિ. ભાવનગર

લી. શાસન જ્યોતિર્ધર પૂજ્ય ઉપાધ્યાય
શ્રી ધર્મસાગરજી મ. સા. ના વિદ્વાન્
શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર ગુરુદેવશ્રી
અભયસાગરજી મ. સા. ના વિનેય
મુનિ રવીન્દ્રસાગર

જિન વચન

"कामे कमाहि कमियं खु दुक्खं" (દશવૈ. ૨/૫ મી ગાથા)
હે ભવભીરૂ ! આરાધક ! પુણ્યાત્મન્ ! જો તારે ભવ-દુઃખોથી છૂટવું હોય તો—
"તું તારી કામના = ઇચ્છાઓની ઉપેક્ષા કર."

આમુખ (પ્રસ્તાવના)

[ગ્રંથકર્ત્તા અને ગ્રંથ વિષયક દિગ્દર્શન]

સુમતિ સ્વર્ગ દીયે અસુમંતને,
મમત મોહ નહિ ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરી શિવબાલિકા,
તુંબરૂ વીર નમે મહાકાલિકા.....

શાસનાધિષ્ઠાયક શ્રી તુંબરૂ યક્ષરાજ અને શાસનાધિષ્ઠાયિકા મહાકાલિકા યક્ષિણી દેવી સાન્નિધ્ય કરે છે જેમના શાસનની આરાધના કરનારા પુણ્યાત્માઓની એવા પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું આ ચરિત્ર—

- સંસાર-સમુદ્રમાં ડૂબી રહેલા જીવોને નૌકા સમાન છે.
- સંસાર-વનમાં ભૂલા પડેલા જીવોને ભોમિયા સમાન છે.
- સંસાર-રાત્રિમાં દીપક તુલ્ય છે.
- સંસાર-વ્યાધિના નિવારણ માટે ઔષધ તુલ્ય છે અને
- સંસાર-રણ પ્રદેશમાં કલ્પવૃક્ષ સમાન છે.

આ ચરિત્ર ગ્રંથના રચયિતા—

ચોવીશમા તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામીજીની પાટે આવ્યા
પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી મ.—૧
ચરમ કેવલી શ્રી જંબૂસ્વામીજી મ.—૨
ચૌદ પૂર્વધર શ્રી પ્રભવસ્વામીજી મ.—૩
એમ કરતાં અનુક્રમે ૪૧ મી પાટે આવ્યા
આચાર્યદેવશ્રી અજિતદેવસૂરીશ્વરજી મ.—૪૧
આચાર્યદેવશ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ. સા.—૪૨
આચાર્યદેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા.—૪૩
આચાર્યદેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા.નું સંક્ષિપ્ત જીવન દિગ્દર્શન-

પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતીય શ્રમણોપાસક શ્રાદ્ધવર્યશ્રી જિનદેવ મહામંત્રીના પુત્ર શ્રાદ્ધવર્ય શ્રી સર્વદેવ શ્રેષ્ઠિવર્યના ચિરંજીવ-પુત્ર હતા. નામ હતું સોમદેવ.

બાલ્યકાળથી જ માત-પિતાના સારા સંસ્કારોના કારણે પ્રતિદિન જિનમંદિરે તથા ઉપાશ્રયે જઈ દેવ-ગુરુના દર્શન-વંદનથી ખૂબ જ આનંદ પામતા બાળક સોમદેવને એકદા જિનેશ્વર પ્રભુની પૂજા કરતાં આ કોઇ રોમરાજી વિકસિત થઈ અને હૃદયમાંથી પ્રેરણા થઈ કે પરમ કૃપાળુ એવા આ જિનેશ્વર પ્રભુના ચરણોમાં અહોનિશ નિવાસ કરી પરમાનંદ પદ પ્રાપ્ત કરું!!!

યોગાનુયોગ આ. દેવશ્રી અજિતદેવસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય આચાર્યદેવશ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ. સા. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સપરિવાર તે નગરીમાં પધાર્યા.

નગરલોક ગુરુવંદન કરવા ચાલ્યા. સોમદેવ પણ પિતા અને દાદા સાથે ઉપાશ્રયે આવ્યો. ગુરુદેવના દર્શન કરી અતિશય હર્ષ પામ્યો, અને પિતાજી તથા દાદાજીને કહ્યું કે—"જો આપની રજા હોય તો હું દીક્ષા લઈને આ મનુષ્ય જન્મને સફળ કરું."

પુત્રના વચન સાંભળી આનંદિત થયેલા દાદાજી અને પિતાજીએ પૂ. આચાર્યદેવશ્રીને પુત્રના વિચારો જણાવ્યા. પૂ. આચાર્યદેવશ્રીએ કહ્યું કે—"શુભ કાર્યમાં વિલંબ ન કરવો" તત્કાલ જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવવા પૂર્વક શુભ દિવસે દીક્ષિત થયેલા સોમદેવ, હવે શ્રી સોમદેવવિજયજી મ. થયા.

ગુરુદેવના ચરણોમાં યથાવિધિ પંચાચારની આરાધના કરતાં અનુક્રમે સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ-કાવ્ય-સાહિત્ય તથા ન્યાય અને જિનાગમોનું સાંગોપાંગ અધ્યયન કર્યું. શિષ્યને ગીતાર્થ થયેલા જાણી ગુરુદેવશ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ. શ્રીએ સંઘ સમક્ષ મુનિશ્રી સોમદેવવિજયજી મ.ને સૂરિપદ પર આરૂઢ કરતી વેળાએ આચાર્ય શ્રી સોમપ્રભસૂરિજીના નામે જાહેર કરી પોતાની પાટે સ્થાપિત કર્યા.

આ. દેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા. ન્યાયશાસ્ત્રના પારગામી હતા. અને સ્વ-પર સમયના જ્ઞાતા હતા. તદુપરાંત શીઘ્ર કવિ અને સમર્થ ઉપદેશક પણ હતા. એમણે રચેલા ગ્રંથોમાં મુખ્ય પાંચ ગ્રંથો ઉપલબ્ધ થાય છે.

(૧) શ્રી સુમતિનાથ ચરિત્ર-પ્રાકૃતભાષા ૯૮૨૧ શ્લોક પ્રમાણ.

(૨) સિંદૂરપ્રકર-સૂક્તમુક્તાવલી—૧૦૦ શ્લોક. સંસ્કૃત ભાષા.

(૩) શૃંગાર-વૈરાગ્યતરંગિણી—૪૬ શ્લોક. સંસ્કૃત ભાષા.

(૪) શતાર્થ કાવ્ય વૃત્તિ—૧ શ્લોકના ૧૦૦ અર્થ. સંસ્કૃત ભાષા.

(૫) કુમારપાલ પ્રતિબોધ—પ્રાકૃતભાષા.

આચાર્યદેવશ્રીએ આ પ્રસ્તુત ગ્રંથની રચના અણહિલપુર પાટણમાં મહામાત્ય

શ્રી સિદ્ધપાલની પૌષધશાળામાં રહીને કરેલ છે તથા કુમારપાલ રાજાના પ્રીતિપાત્ર કવિવર શ્રી શ્રીપાલ કવિરાજે આ ગ્રંથનું સંશોધન-અવલોકન કરેલ છે.

વિ. સં. ૧૨૩૮ ના મહા સુદ ૪ શનિવારના દિવસે પૂ. આચાર્યદેવશ્રીના કર કમલથી પ્રતિષ્ઠિત થયેલ ચતુર્વિંશતિ જિન માતૃકા પટ આજે પણ શ્રી શંખેશ્વર તીર્થમાં વિદ્યમાન છે.

પૂ. આચાર્યદેવશ્રી સંયમ યાત્રાને નિર્વહન કરતા પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતા વિ. સં. ૧૨૮૩ માં ભીલડીયાજી તીર્થે પધાર્યા. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરી પ્રમુદિત થયા. વડાલી સંઘની વિનંતિથી સં. ૧૨૮૩ નું ચોમાસું વડાલી રહ્યા. ચોમાસું પૂર્ણ થયે સં. ૧૨૮૪ માં છ'રી પાળતા ચતુર્વિધ સંઘ સાથે શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા = સ્પર્શના કરી, શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુના દર્શન કરી પરમ આહ્લાદ પામ્યા. પ્રભુ સાથે એકાકાર = તલ્લીન બન્યા.

અંકેવાલિયાના સંઘની વિનંતિથી સં. ૧૨૮૪ નું ચોમાસું પસાર કરવા પૂ. આ. દેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા. પરિવાર સાથે અંકેવાલિયા પધાર્યા. આ ચોમાસામાં જ પૂ. આ. દેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા સમાધિપૂર્વક દિવંગત થયા.

આ. દેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. સા. ની પાટે પ્રકૃષ્ટ તપશ્ચર્યાને કરનારા, ઉદયપુરના રાણાએ "તપા" બિરૂદથી બિરૂદાવેલા આ. દેવશ્રી વિજય જગચ્ચંદ્ર-સૂરીશ્વરજી મ. સા. આવ્યા, કે જેઓ વીર પ્રભુની ૪૪ મી પાટે છે. ત્યારથી તપગચ્છ શરૂ થયો. આપણે બધા તે પવિત્ર મહાન્ તપગચ્છના વારસદારો છીએ.

પૂ. આ. દેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી વિરચિત—પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના ચરિત્રનું સંક્ષિપ્ત દિગ્દર્શન—

૯,૮૨૧ શ્લોક પ્રમાણ પ્રાકૃત ભાષાનિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં કુલ ૩૨ પ્રસ્તાવ છે. જો કે મૂળ ગ્રંથમાં પ્રસ્તાવ પાડેલા નથી તોપણ વાચક વર્ગને સુગમતા રહે તે માટે ભાષાંતર કર્ત્તા પૂ. ગુરુદેવશ્રીએ અને મેં અધિકાર અનુસાર પ્રસ્તાવ પાડેલા છે.

આ સંપૂર્ણ ગ્રંથનું ભાષાંતર બે વિભાગમાં વહેંચાયેલું છે. પૂર્વ ભવ વર્ણન સ્વરૂપ પ્રથમ ભાગમાં ૧ થી ૮ પ્રસ્તાવ છે. ચરમ ભવ વર્ણન સ્વરૂપ બીજા ભાગમાં ૯ થી ૩૨ પ્રસ્તાવ છે.

પ્રસ્તાવ ૧ થી ૮ પૂર્વ ભવ વર્ણન. ભાગ પહેલો પત્ર ૧ થી ૨૨૪

પ્રસ્તાવ ૯ મા માં ચ્યવન-કલ્યાણકનું વર્ણન, ૧૪ સ્વપ્ન દર્શન, સ્વપ્નફળ

વર્ણન, અને છેલ્લે ગર્ભના પ્રભાવે થયેલ સારી મતિ (સુમતિ) થી મંગલાદેવીએ કરેલ વિવાદના નિર્ણય સાથે આ પ્રસ્તાવ સમાપ્ત કરવામાં આવ્યો છે. પત્ર ૧ થી ૯

પ્રસ્તાવ ૧૦ મા માં જન્મકલ્યાણક વર્ણન—૫૬ દિક્કુમારિકાઓએ કરેલ સૂતિકા કર્મ, ૬૪ ઇંદ્રોએ મેરૂ ગિરિ ઉપર કરેલ જન્માભિષેક વિસ્તાર પૂર્વક વર્ણવ્યું છે. પ્રાંતે નંદીશ્વર દ્વીપમાં જઈને કયા દેવો કયા પર્વત ઉપરના જિનાલયમાં અહ્નાઈ મહોત્સવ કરે છે તે દર્શાવ્યું છે.

પ્રસ્તાવ ૧૧ મા માં મેઘરાજાએ કરેલ પુત્ર જન્મ-મહોત્સવ, પ્રભુજીનું બાલ્યજીવન, યૌવનાવસ્થામાં પ્રભુના દેહની રમણીયતા અને ૧૦૦૮ લક્ષણ યુક્તતા. માત-પિતાના આગ્રહથી પાણિગ્રહણ, રાજ્યાભિષેક, વિશાળ સામ્રાજ્ય, સ્વયં સંબુદ્ધ શ્રી જિનેશ્વર પ્રભુની વૈરાગ્યભાવના ખાસ વાંચવા જેવી છે. લોકાંતિક દેવોનું આગમન, પ્રભુને તીર્થ પ્રવર્ત્તાવવા વિનંતિ, સાંવત્સરિક દાન, રોજનું ૧,૦૮,૦૦,૦૦૦ સુવર્ણ, વર્ષ પર્યંતમાં ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ સુવર્ણનું દાન દીક્ષા-કલ્યાણક વર્ણન. ૬૪ ઇંદ્રોનું આગમન, અનુક્રમે સહસ્રામ્રવનમાં જઈ પંચમુષ્ટિ લોચ સાથે સર્વવિરતિ સામાયિક સ્વીકાર, મનઃપર્યવજ્ઞાન, વિહાર, પ્રથમ પારણું, પાંચ દિવ્ય, છદ્મસ્થ અવસ્થામાં પ્રભુ જે રીતે વિચરે છે તેનું વર્ણન સાધુઓએ ખાસ વાંચવા જેવું છે. આ પ્રસ્તાવ પૂર્ણ થયા પછી શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના ૧ થી ૪૫ બોલ આપ્યા છે તે પણ મોહ નિદ્રામાં સૂતેલા આત્માને જગાડવામાં ખૂબ જ ઉપયોગી છે.

પ્રસ્તાવ ૧૨ મા માં કેવલજ્ઞાનકલ્યાણક, દેવોનું આગમન, સમવસરણની રચના, અષ્ટપ્રાતિહાર્ય, બાર પર્ષદા, સૌધર્મેન્દ્રે કરેલ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુની સ્તુતિ ખાસ વાંચવા જેવી છે. ત્યાર બાદ જિનેશ્વર પ્રભુએ આપેલી ધર્મદેશના, ચતુર્વિધ સંઘની સ્થાપના, ત્રિપદી, ચમર વિગેરે ૧૦૦ ગણધર, બલિબાકળા વિધિ અને મહિમા સાથે આ પ્રસ્તાવ પૂર્ણ થાય છે. છેલ્લે શ્રી સુમતિનાથ પ્રભુની સ્તુતિ = થોય લખી છે.

પ્રસ્તાવ ૧૩ મા માં જિનેશ્વર પ્રભુની દેશના પૂર્ણ થયા પછી બીજા પ્રહરમાં ગણધર પ્રભુ દેશના આપે છે તે યુક્તિ યુક્ત જ છે. એમ જણાવી પ્રથમ ગણધર શ્રી ચમરસ્વામીએ ૧૮ ઉપદેશ પદ સ્વરૂપ જે ધર્મદેશના આપી છે તે ઉપદેશ પદનો સંગ્રાહક શ્લોક કંઠસ્થ કરવા જેવો છે.

અહીંથી માંડીને ૩૦ મા પ્રસ્તાવ સુધીમાં ક્રમસર જિનેન્દ્રભક્તિ, દાન, શીલ, તપ, ભાવના અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, આગમ, સત્સંગ, ગુરુભક્તિ, ક્રોધ, માન, માયા, લોભ અને નમસ્કાર મહામંત્ર વિષે સુંદર ઉપદેશ આપી, તે તે

વિષયનું સ્પષ્ટ ખ્યાલ આપનારી કથાઓ કહી શ્રોતાગણને હેયોપાદેયનો વિભાગ સરળતાથી સમજાય તે રીતે અનુગ્રહબુદ્ધિથી વર્ણવ્યો છે.

આ અઢાર પદના ઉપદેશમાં તે તે વિષય ઉપર જે જે કથાઓ આપી છે તે લગભગ આપણને અપરિચિત જેવી છે અર્થાત્ આપણે આજ સુધીમાં કયારેય પણ ન સાંભળી હોય તેવી અદ્‌ભુત કથાઓ પૂર્વ ભવના રોમાંચકારી વર્ણન સાથે સંકળાયેલી છે. તેમાં પણ ખાસ-તપ વિશે આપેલી નિર્ભાગની કથા ઘણા જ વિસ્તારવાળી હોવા સાથે વૈરાગ્ય રસ ઉપજાવીને તપશ્ચર્યા પ્રત્યે આદર ભાવ ઉત્પન્ન કરાવે તેવી છે. તથા ક્રોધ પદ ઉપર આપેલ કપિલ અને કેશવની કથા વાચક ગણને સમરાદિત્યચરિત્રની સ્મૃતિ કરાવે તેવી છે. આ કથા પણ ઘણા જ વિસ્તારવાળી હોવા સાથે શાંતરસને પ્રસરાવે છે. અને છેલ્લે નમસ્કાર મહામંત્ર વિષે આપેલ ભીલ અને ભીલડીની કથા જોકે વાચક ગણને શ્રવણપથમાં આવેલી હશે તોપણ તે કથાના બહુ પ્રાંત ભાગે આપેલ રાજસિંહ રાજાની અંતિમ આરાધના પુણ્યપ્રકાશના સ્તવનનું સ્મરણ કરાવે તેવી છે.

આ તો બે-ચાર કથાની વિશેષતા બતાવી, પણ પ્રત્યેક કથાઓ સાદ્યન્ત વાચવા માટેની વાચકવર્ગને ખાસ ભલામણ છે. વચ્ચે વચ્ચે ખાલી જગ્યામાં મૂકેલા પ્રાચીન સ્તવનો કંઠસ્થ કરવાથી પ્રભુ સાથે તન્મય થવામાં વિશેષ અનુકૂળતા રહેશે.

પત્ર ૪૦૬ ઉપર ૪૬ થી ૬૮ બોલનો કોષ્ટક પ્રભુનું સંક્ષેપમાં પરિચય પ્રદર્શક હોવાથી પુનઃ પુનઃ વાંચવા ખાસ ભલામણ છે.

(૧ થી ૪૫ બોલનો કોષ્ટક ૨૬ મા પેઈજ ઉપર છે.)

પ્રસ્તાવ ૩૨ મા માં શ્રી સુમતિનાથ પ્રભુનો વિહાર, સાકેતનગરમાં નિધિકુંડલ રાજા. પ્રભુનું સાકેતનગરે આગમન, સમવસરણ, દેશના, નિધિકુંડલ રાજાના પ્રશ્નના ઉત્તરમાં જિનેશ્વર પ્રભુએ વર્ણવેલ ભૂતકાળ અને ભવિષ્યત્કાળ. આશ્ચર્ય ઉપજાવે તેવું આ પ્રભુ વચન વાંચવું ભૂલશો નહિં. પ્રસ્તાવના અંતે શ્રી ઉદયરત્નજીએ રચેલું નાનું પણ ભાવવાહી સ્તવન આપ્યું છે.

પ્રસ્તાવ ૩૨ મા માં પ્રભુનો વિહાર. પ્રભુના પરિવારનું વર્ણન, નિર્વાણ સમય નિકટ જાણી પ્રભુ સમેતશિખર ગિરિ ઉપર પધાર્યા. પ્રભુના આગમનથી ગિરિને ઉલ્લાસ, દેવોનું આગમન, સમવસરણ, ધર્મદેશના, ૧૦૦૦ મુનિવર સાથે જિનેશ્વર પ્રભુ સમેતશિખરગિરિના ઊંચા શિખર ઉપર આરોહણ કરી પદ્માસનસ્થ મુદ્રામાં અનશન સ્વીકારે છે.

૩૨ ઇંદ્રોનું સમેતશિખરગિરિ ઉપર આગમન, શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ શૈલેશીકરણ કરી શુક્લધ્યાનના ચોથા પાયાને આદરીને પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર કાળ પર્યંત ૧૪ મા ગુણઠાણે રહે છે. નિર્વાણ સમયે એક જ સમયમાં ઋજુગતિએ લોકાગ્રે ગમન-સિદ્ધશિલાવર્ણન, પ્રભુનું નિર્વાણ થયું જાણી દેવ-દેવીઓથી પરિવરેલા ૩૨ ઇંદ્રો અને નર-નારીઓએ કરેલ કલ્પાંત રૂદન, અને પ્રભુને કરેલ વિનંતિ, પ્રાંતે અંતિમ અગ્નિસંસ્કાર વિધિ. ઇંદ્રોએ ગ્રહણ કરેલ દાઢાઓનું વર્ણન, અન્ય દેવ-મનુષ્યોએ ગ્રહણ કરેલ અસ્થિ અને રક્ષા.

પ્રભુની કુમાર આદિ અવસ્થાઓનું કાળ પ્રદર્શન, પ્રથમ ગણધર શ્રી ચમર-સ્વામીએ ચતુર્વિધ સંઘને આપેલ હિતશિક્ષા, સિદ્ધાત્માઓનું સુખ અનુપમેય છે તે વિષે ભીલનું દૃષ્ટાંત—

અંતે ગ્રંથકારની પ્રશસ્તિ—

આ રીતે સંક્ષેપમાં દર્શાવેલું આ જિનેશ્વર પ્રભુનું ચરિત્ર અક્ષરશઃ સંપૂર્ણ વાંચવા માટે વાચકવર્ગને ખાસ ભલામણ છે.

પ્રાકૃત ભાષામય વિદ્વદ્ ભોગ્ય આ ગ્રંથનું ભાષાંતર કરવા હું અસમર્થ હોવા છતાં દેવ-ગુરુ પસાયે સમર્થ થયો છું તો પણ આ ગ્રંથમાં મતિમંદતાથી જિનાજ્ઞા વિરૂદ્ધ કે—ગ્રંથકારના આશય વિરુદ્ધ જે કંઈ લખ્યું હોય તો ત્રિવિધ ત્રિવિધે **मिच्छामि दुक्कडं ।**

शुभं भूयाच्छ्री श्रमणसङ्घस्य ।।

વીર સં. ૨૫૦૯		લી.
વિ. સં. ૨૦૩૯	સાંડેરાવ જિનેન્દ્ર ભવન	પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી
મહા સુદ ૨, રવિવાર,	તળેટી રોડ	શ્રી અભયસાગરજી મ. સા.ના
તા. ૧૬-૨-૧૯૮૩	પાલીતાણા-૩૬૪૨૭૦	ચરણોપાસક મુનિ રવીન્દ્રસાગર

卐

શ્રુતકેવલીનું વચન

"उवसम-सारं खु सामण्णं" કલ્પસૂત્ર—

ઉપશમ ભાવ છે સાર જેમાં, એવા જે શુભ અધ્યવસાયો, જે પુણ્યાત્માના હૃદયમાં અહોનિશ સ્ફૂરાયમાન થાય છે, તે આત્મા શ્રમણ કહેવાય, તથા શ્રમણત્વના હેતુભૂત જે શુભ અધ્યવસાયો, તે શ્રામણ્ય = સાધુપણું કહેવાય છે.

યશોભારતી જૈન પ્રકાશન સમિતિ તરફથી બહાર પડેલ વૈરાગ્યરતિઃ નામના ગ્રંથમાં છાપેલી પ્રસ્તાવનામાંથી આભાર સહ ઉદ્ધૃત કરેલ કથાને લગતો ઉપયોગી ભાગ—

લે. પૂ. મુનિ શ્રી યશોવિજયજી મ.

[નોંધ—વૈક્રમીય સત્તરમી-અઢારમી સદીમાં વિવિધ વિષયો ઉપર વિપુલ સાહિત્ય સર્જન કરનાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીએ વૈરાગ્યરતિઃ નામની સંસ્કૃત ભાષામાં પદ્યમય કથા રચી હતી. આ કૃતિ મહોપાધ્યાયજીના ગ્રંથોના પ્રકાશન માટે સ્થપાયેલી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ તરફથી વિ. સં. ૨૦૨૬ માં પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથની વિસ્તૃત પ્રસ્તાવના યશોભારતી જૈન સંસ્થાના સ્થાપક અને "વૈરાગ્યરતિઃ" ગ્રંથના સંપાદક પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ (હાલ પૂ. આ. દેવશ્રી વિજય યશોદેવસૂરિજીએ) લખી હતી. એ પ્રસ્તાવનામાં લખેલ કથાનુયોગ ઉપરનો જે વિસ્તૃત વિવેચન, તે વાંચકોને ઉપયોગી બનશે, એમ જાણી અમોએ કથાને લગતો ભાગ આભાર સાથે અહીં પ્રકાશિત કર્યો છે.] —પ્રકાશક

એક વાત એ ધ્યાનમાં રાખવી ઘટે કે જૈન સાધુઓની કથા વિવિધ રસો કે નવરસોથી પૂર્ણ હોય. અરે ! શૃંગારપ્રધાન કથા હોય એમ છતાં એનો અન્ત વૈરાગ્યરસ કે શાંતરસમાં જ વિરામ પામવાનો.

આનું પ્રધાન કારણ એ છે કે—માનવી એક દિવસ મૃત્યુને આધીન થવાનો જ છે. પણ એનું 'મૃત્યુ' તેના ભાવી જન્મોને સુધારી શકે, એ માટે તેણે વર્તમાન માનવજીવનને ઉજ્જવલ બનાવવું જ જોઈએ; રખે ! જડવાદના પ્રબળ આકર્ષક પ્રલોભનો, વિષયની વાસનાઓ, વૈભવ અને વિલાસોની મોહિનીમાં મોહાંધ અને મસ્ત બની, વિશ્વભરના લગભગ તમામ દાર્શનિકો, વિદ્વાનો, અવતારી વ્યક્તિઓ અને બુદ્ધિમાનોએ જે જન્મને એકી અવાજે વખાણ્યો છે તે મહાન માનવ જન્મને નિષ્ફળ ગુમાવી ન બેસે ! ઊલટું તે માનવતાના શ્રેષ્ઠત્તમ ગુણોને તેની પૂર્ણતામાં વિકસાવે એટલે કે આત્મારસ્થ કરી રાજસી, તામસી વૃત્તિઓનું દહન કરી સાત્ત્વિકતાને સોળે કલાએ પ્રગટ કરે, વળી સદાચારી અને સંસ્કારી બને, તેમજ ત્યાગ-વૈરાગ્યમય જીવન જીવે અને ધર્માત્મા બની આત્મહિત સાધે.

અન્તે તો આ વૈરાગ્ય-શાંત રસ જ માનવજીવનમાં મુખ્ય કર્તવ્યરૂપ રસ છે. આ રસ જ ઉપાદેય છે. પ્રસ્તુત આ શ્રી સુમતિનાથ ચરિત્ર-કથામાં એ જ વૈરાગ્ય-શાંત રસને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રજામાં કથા-વાર્તાનું સ્થાન કેવું છે?

આજે વર્તમાનકાળમાં વિખ્યાત સમગ્ર વિશ્વની વસતી વધીને લગભગ ચારથી પાંચ અબજે પહોંચ્યાનું સંભળાય છે. આમાં દર્શન, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, ધાર્મિક ચરિત્ર, આચારજ્ઞાન વગેરે વિષયો તરફ રસ ધરાવનારી સંખ્યા કેટલી? એવો પ્રશ્ન થાય તો તેનો જવાબ એ અપાય કે કરોડો નહીં, પણ લાખોની. જ્યારે કથા-વાર્તાઓ તરફ રસ ધરાવનારની સંખ્યા કેટલી? એવો પ્રશ્ન થાય તો તેનો નિર્વિવાદ જવાબ એ છે કે એની સંખ્યા કરોડોની છે. બીજી રીતે કહીએ તો સેંકડે ૯૦ ટકા પ્રજા કથા પ્રેમીજ હશે, જ્યારે બાકીના દશ ટકા પ્રજા તમામ વિષયોમાં રસ ધરાવનારી હશે.

કથા એ અમર સાહિત્ય છે

આ સૂચવે છે કે ગરીબ કે અમીર, દરિદ્ર કે શ્રીમંત, બાલ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ, સંસારી કે ત્યાગી, ચોર કે શાહુકાર, મૂર્ખ કે વિદ્વાન, શિક્ષિત કે અશિક્ષિત, એમ આબાલગોપાલ પ્રજાને મન, કથા એક રસનો વિષય નહીં પણ આનંદનો-તાજગીનો વિષય છે. ફુરસદનો સમય પસાર કરવાનું એક પ્રબળ સાધન છે. આ કથા-પ્રેમ કંઈ આ જમાનાની પેદાશ નથી, પણ અબજો વરસ પહેલાં હતો. આજે છે અને ભાવિષ્યમાં પણ રહેશે. એના વજનમાં ફરક પડવાની કોઈ શકયતા દેખાતી નથી. તાત્પર્ય એ કે કથા એ સહુ કોઈને ખેંચનારૂં પ્રબળ લોહચુંબક છે અને એ સહુનું ધન છે. એ સદાય અમર છે એ નિર્વિવાદ-શાશ્વત સત્ય છે.

કથાનું એકધારું આકર્ષણ શાથી છે?

કથાનું આટલું બધું એકધારું સ્વયંભૂ સ્થાઈ આકર્ષણ માનવ મનને કેમ રહેતું હશે એનો વિચાર કરીએ તો એનાં બે ત્રણ કારણો સમજાય છે. એક તો કથાની ભાષા સરલ, તેનો વિષય સુગમ એટલે ઝાઝી બુદ્ધિની જરૂર નહીં, મગજને કસવાની જરૂર નહીં, વળી કથા માથાનો બોમ (દવા) બન્યા વિના સુખપૂર્વક વાંચી અને સાંભળી શકાય.

બીજું કારણ એ છે કે—કથાઓ-વાર્તાઓ પછી તે ચરિત્રો રૂપે હોય, નવલકથા કે નવલિકારૂપે હોય પણ તે બહુધા બાહ્ય માનવજીવને જ માત્ર નહીં, તેના અંતરને જ નહિં પણ તે ટકરાતી ટકરાતી અંતરના ઊંડામાં ઊંડા અન્તસ્તલને પણ સ્પર્શી જતી હોય છે. કથામાં માનવજીવનમાં બનતી સુખદુઃખની સારા-નરસાની અનેક ઘટનાઓને લગતી બાબતો આવતી હોય છે. સાંભળનાર કે વાંચનાર વર્ગને એમાંની કોઈ ને કોઈ બાબત બહુધા ઓછેવત્તે અંશે સ્થૂલ કે સૂક્ષ્મરૂપે સ્પર્શતી હોય છે.

એટલે શ્રોતા કે વાચક એમાં પોતાની જાતને પ્રતિબિંબિત કરી કથા સાથે તાદાત્મ્ય સાધી એક પ્રકારનું સ્વસંવેદન અનુભવે છે તેથી આ સંવેદન જ કથાકર્ષણનું મૂલભૂત તત્ત્વ છે.

કથા દ્વારા બીજી અનેક બાબતો એવી રજૂ થતી હોય છે કે એનાથી અવનવા જ્ઞાનનો, સમજણનો, અનુભવનો વધારો તો થાય છે પણ સાથે સાથે વાંચનાર કે સાંભળનારના જીવનનું સુંદર-ઘડતર કરવામાં કે જીવનયાત્રાના પથપ્રદર્શનમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. ટૂંકમાં કથા એ સહુ કોઈ માટેનો એક મૂક સહચર છે.

ત્રીજું કારણ એ છે કે કેટલાક વિષયો શુષ્ક હોય છે—નિરસ હોય છે, જ્યારે કથા માટે એવું નથી. કથા સરસ હોય છે—મૃદુ હોય છે. એટલું જ નહીં અનેક રસો યાવત્ નવેય રસોથી ભરપૂર પણ હોય છે. સામાન્ય મનુષ્ય બહુધા બધાય રસોનો પિપાસુ હોય છે. એટલે એને નવરસપૂર્ણ કથાથી પોતાના મનને આનંદ ઉલ્લાસ-ઉત્સાહ અને આશ્ચર્યથી ભરી દેવાની સુલભ તક પણ મળે છે.

૮૦ ટકા સાહિત્ય કથાનું પ્રગટ થાય છે.

સામાન્ય જનતાની અભિરુચિ કથા પરત્વે સાહજિક રીતે જ વધુ હોય છે. એ એક સનાતન સત્ય જેવી બાબત છે. એટલે જ આજે કથા દ્વારા અપાતો બોધ કે જ્ઞાન માનસ ઉપર સીધી, ઊંડી માર્મિક અસર ઉત્પન્ન કરે છે. એથી જ એવા કથાકારની પણ બોલબાલા સ્વાભાવિક રીતે જ થવા પામે છે.

વિશ્વભરના પ્રકાશનખાતાના આંકડા પણ એ જ બોલે છે કે પ્રતિ વર્ષે છપાતાં પુસ્તકોમાં સેંકડે ૮૦ થી વધુ ટકા પુસ્તકો વિવિધ પ્રકારની કથાઓ વાર્તાઓ અને નાટકોનાં છે.

ઉપાશ્રયના અનુભવો

હવે આપણા સહુના રોજિંદા જીવનમાં થતા પ્રત્યક્ષ અનુભવની વાત કરું કે ઉપાશ્રયાદિ સ્થળે થતા પ્રવચનોના તાત્ત્વિક વાર્તાલાપોના પ્રસંગોમાં, જ્યાં સુધી તાત્ત્વિક કે દાર્શનિક, અથવા આચારાદિના પાલના બાબતનો બોધ ઉપદેશ કે શિખામણ ચાલતી હોય ત્યાં સુધી શ્રોતા વર્ગના ચહેરાઓ બહુધા અતિ ઉત્સાહી નહીં લાગે, પણ જ્યારે પોતાના વિષયને પુષ્ટ કરવા, સભામાં જાગૃતિ લાવવા કે આવેલી ઠંડાઈને ગરમીમાં ફેરવી નાંખવા, વક્તાના મુખમાંથી—'હવે હું પ્રસ્તુત વિષય ઉપર એક સુંદર બોધક અને પ્રેરક દૃષ્ટાંત કહું છું; આ શબ્દો સરી પડતાંની સાથે જ ઠંડાગાર બની ભાંગેલી કેડે બેઠેલા, ઝોકા ખાતા, ઉંઘતા, એવા લોકો, અને રોજિંદાના તત્ત્વપ્રેમી ગણાતા શ્રોતાઓ પણ જાણે વિદ્યુત્ સંચાર થયો હોય એમ તેઓ એકદમ આનંદ

ઉત્સાહમાં આવી જશે, ચહેરા ઉપર અને આંખમાં તાજગી દેખાવા માંડશે, કેડથી ટટ્ટાર થઈ જશે, ઝોકાં ઊંઘ બધું ચાલી જશે. આ સૂચવે છે કે માનવહૃદયને કે માનવીની બુદ્ધિને કથા વાર્તામાં જેવો અને જેટલો રસ છે તેવો અને તેટલો બીજામાં ભાગ્યે જ હોય છે તેનો આ પ્રત્યક્ષ જાહેર પુરાવો છે.

સ્થળે સ્થળે ચાતુર્માસસ્થિત જૈન સાધુઓનાં ચાતુર્માસિક પ્રવચનોનો પ્રારંભ કરવાનો હોય છે ત્યારે સામાન્ય રીતે એક એવો રીવાજ છે કે શ્રી સંઘના મુખ્ય સુજ્ઞ શ્રાવકો અને વક્તા સાધુ બંને મળીને કયું સૂત્ર કે કયો ગ્રન્થ વાંચવો તે નક્કી કરે છે, કારણ કે ચાતુર્માસમાં તીર્થંકરદેવપ્રણીત આગમ સૂત્રનું અથવા પૂર્વાચાર્ય મહર્ષિપ્રણીત કોઈ ઉત્તમ ઉપદેશક કે બોધક ગ્રન્થનું વાચન કરવા પૂ. સાધુ મુનિરાજો ઇચ્છતા હોય છે. શ્રી સંઘને પણ નવું નવું જાણવાની જિજ્ઞાસા અને શ્રુતગ્રન્થનું બહુમાન-ભક્તિ કરવાનો પણ અભિલાષ હોય છે. ગ્રન્થનું નક્કી કરતી વખતે દેશ કાળની દૃષ્ટિએ શ્રોતાઓની કક્ષા, વક્તાની વિદ્વત્તા વગેરે બાબતોને ધ્યાનમાં રાખી ગ્રન્થની પસંદગી થાય છે. પસંદગી સાથે જ તુરત જ ચરિત્રગ્રન્થ કયો વાંચવો એ પ્રશ્ન ઊઠે છે અને એ વખતે કોઈ સુંદર, રસિક આકર્ષક ગ્રન્થની પસંદગી કરવામાં આવે છે. પછી ધામધૂમથી રિવાજ અને વિધિનું પાલન કરીને બહુમાનપૂર્વક ગ્રન્થવાચન પ્રારંભાય છે. હંમેશા સામાન્ય રીતે પ્રાયઃ રોજના દોઢ કલાકના પ્રવચનસમયમાં લગભગ બે ભાગનો સમય સૂત્ર-શાસ્ત્ર કે બોધક ગ્રન્થ વાચન માટે જાય છે. અને લગભગ ત્રીજો ભાગ કથા-ચરિત્ર વાંચવા માટે વપરાય છે. આ રિવાજ સેંકડો વરસોથી ચાલ્યો આવે છે અને જૈન સાધુના ચાતુર્માસિક પ્રવચનોમાં તેનું બહુધા પાલન થાય છે. પ્રથમ વાંચન તાત્ત્વિક, આધ્યાત્મિક, ઉપદેશક કે આચારપાલન વગેરે ઉપર કહેવાય અને બીજું વાંચન માત્ર કોઈપણ ચરિત્ર કે કથાનું જ રાખવાનો અટલ રિવાજ છે અને જનતા પણ કથા કે ચરિત્રગ્રન્થને આગ્રહપૂર્વક રખાવે જ છે.

પહેલા વાંચનને 'સૂત્રવાચના' શબ્દથી ઓળખાવાની રૂઢ પ્રથા પ્રસિદ્ધ છે અને બીજા વાચનને 'ભાવનાધિકાર' શબ્દથી ઓળખાવાનો રિવાજ છે. ભાવનાધિકારમાં બહુધા સર્વજનવલ્લભ કથા—ચરિત્ર જ વાંચવાનું હોય છે. ચાતુર્માસમાં સેંકડો સ્થળે ચાતુર્માસ રહેનારા સાધુઓ આ જ વાંચતા હોય છે. ખુદ જૈન સાધ્વીજીઓ પણ બપોરે બહેનો માટે સ્વતંત્ર વ્યાખ્યાન રાખતા હોય છે ત્યારે તેઓ કોઈને કોઈ વ્યક્તિનો (જીવનચરિત્રને લગતો) રાસ કે ચરિત્ર જ વાંચે છે. રાસ એટલે સર્વરસ સ્પૃષ્ટ કથા-વાર્તા.

કેટલાક મહાનુભાવો એવા હોય છે કે, જેઓને પહેલા વ્યાખ્યાનમાં ખાસ રસ

પડતો જ નથી. તેવાઓ સવારના દસ કે સવાદસ વાગે ચરિત્રવાંચન થવાનું હોય તે જ વખતે ખાસ સમયસર પહોંચી જાય છે. આ ભાવનાધિકાર બહુધા પંદરથી ત્રીસ મિનિટનો હોય છે પણ એટલા સમયમાં કથાકાર જો કુશળ હોય તો શ્રોતા એક તાજગી અનુભવીને જાય છે.

છેવટે પ્રજા ઘરે કથાનાં જ સંસ્મરણો લઈને જાય છે.

બીજો એક આપણા સહુનો અનુભવ લખું કે–વ્યાખ્યાન ઊઠતાંની સાથે જ શ્રોતાઓના મુખમાંથી બહુધા ૪૦-૫૦ મિનિટ સુધી ચાલેલા પ્રથમ વ્યાખ્યાનના ઉપદેશમાંથી કોઈ ચર્ચા કે અનુમોદના (પ્રાયઃ) એ વખતે ભાગ્યે જ હોય, પણ ભાવનાધિકારના વાર્તાના રસથી સભર થઈ ગયેલા હૈયામાંથી ઝટ ઉદ્‌ગાર એવા નીકળી પડશે કે—વાહ ! કેવી સુંદર વાર્તા, દૃષ્ટાંત બહુ જ સરસ આપ્યું, કેમ બરૂં ને ! કમાલ કરી ! શ્રોતાઓમાં પરસ્પર આ રીતે વાર્તાનો આનંદ લૂંટાતો હોય છે અને આલોચનાની ધરખમ લેવડદેવડો થતી હોય છે. વળી જે અનિયમિત આવનાર હોય, તે લોકોને કથારસિયાઓ "કાલે પાછા વખતસર જરૂર આવજો, જો જો ભૂલતા નહિ વગેરે." આવું ભાવભીનું આમંત્રણ પણ પાઠવતા હોય છે વળી ઘરે જશે ત્યારે પણ એ જ વાર્તા-કથાની બાબતોને વાગોળતા કે સ્મરણ કરતા જ હોય છે. જેટલું યાદ કહ્યું હોય તેટલું ઘરે જઈને પણ સંભળાવશે, કદાચ રાતના પણ કુટુંબ આગળ કહેશે. જરૂર પડે બીજે પણ કહેશે. આમ વાર્તાદેવીનો જયજયકાર ગવાશે. તે ઉપરાંત 'વાહ મહારાજ સાહેબ વાહ ! સચોટ દૃષ્ટાંત ! આરપાર ઉતરી જાય તેવું'...આમ મુનિવક્તાની પણ વાહ વાહ બોલાશે. ઘણીવાર તાત્ત્વિક મુનિ વક્તાઓ કરતાં, પોતાની યોગ્યતા, મર્યાદા અને મોભો જાળવીને, વાર્તા-કથાને રસસભર બનાવી, વાણી-ભાષાનો સંયમ જાળવવાપૂર્વક જાત-જાતના મસાલાઓ ભભરાવીને સુંદર રીતે ઘટાવનારા મુનિરાજો મેદાન મારી જાય છે. અને તેમના પ્રવચનોમાં ચીકાર હાજરી હોય છે. સામાન્ય જનતાના રસનો વિષય શો છે તેનો આ એક પ્રગટ પુરાવો છે.

બાળકોનો કથા પ્રેમ

અનેકોનો જાણીતો એક અનુભવ કહું—શહેરો હોય કે ગામડાં હોય, પણ બાળકોની એક રુચિમાં તો લગભગ સમાનતા જોવા મળી છે અને એ રુચિ છે કથા-વાર્તાની. જ્યાં જુઓ ત્યાં બાળકો એક જ માગણી કરશે : 'મહારાજ સાહેબ વાર્તા કહોને, એક વાર્તા કહો ને !' એમ બોલે છે. એમની આ માંગ સર્વત્ર હોય છે. જોરદાર હોય છે અને તે રોજ થતી હોય છે. અને બાળકો વાર્તા કહેવડાવે જ છૂટકો કરતા હોય છે. જે સાધુસાધ્વી સુંદર વાર્તા કથાકાર હોય તેમને, મધને જેમ માખીઓ

તેમ છોકરાં-છોકરીઓ ટોળે મળીને વળગતા હોય છે. આ ઉપકાર કરનારા મુનિઓ તેમના માતા-પિતાની વિશેષ ચાહના મેળવતા હોય છે. યદ્યપિ મેં અગાઉ જણાવ્યું તેમ કથાની રુચિ, રસ, સહાનુભૂતિ અને તે પ્રત્યેના શ્રવણ અને શ્રાવણનું વલણ માત્ર બાળકોને જ નહિ, કિન્તુ બાળકોથી માંડીને વૃદ્ધ સુધીના ગૃહસ્થો અને સાધુ-સંતો સહુને હોય છે એ નિર્વિવાદ સત્ય હકીકત છે.

આમ સુલભ, સુબોધ અને વિવિધ રસોથી મિશ્રિત કથાઓ એ આમ જનતાના મનનું, બુદ્ધિનું કે હૃદયનું અતિપ્રિય ભોજન છે. સ્ફૂર્તિ અને આનંદથી સમય વિતાવાનું એક અજોડ સાધન છે. દેશ-કાળના ભેદ વિનાં, આ સ્વાનુભવનાં નિર્વિવાદ સત્યો છે.

તમામ ધર્મોમાં કથાનો થયેલો સમાન આદર

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દુનિયાના લગભગ તમામ દેશોના તમામ ધર્મનાયકોએ, લેખકોએ-કમલજીવીઓએ પોતપોતાની રીતે કથાસાહિત્ય સર્જ્યું છે અને આજે સર્જાઈ રહ્યું છે અને આ સાહિત્યને કથા ઉપરાંત ઉપકથા, આખ્યાન, આખ્યાયિકા ઐતિહાસિક ચરિત્રો, અને જીવંત ઘટનાઓ વગેરે પ્રકારો દ્વારા પુષ્ટ બનાવ્યું છે.

કથા સાથે ધાર્મિકતાનો સમન્વય

કથાની અમાપ, અફાટ અને સર્વદિગ્ગામી વ્યાપક તાકાતને જોઈને, ત્યાગી-વૈરાગી, આધ્યાત્મિક પંથના પ્રવાસી ધર્મનાયકો, સાધુસંતો, જ્ઞાનીઓ અને લેખકોએ, એ કથાઓમાં તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન યોગઅધ્યાત્મ, ત્યાગ, વૈરાગ્ય, નીતિ, પ્રામાણિકતા, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સંતોષવૃત્તિ, ક્ષમા, નમ્રતા, સરલતા, વિનય, વિવેક, સંયમ, દયા, કરુણા, મૈત્રીભાવ, ઉદારતા વગેરે વિષયોને લગતો બોધ તેમ જ ઈશ્વર-પરમાત્મા, પુસ્તક-જ્ઞાન, શિક્ષણ, દેવ, ગુરુને ધર્મની ઉપાસના કેમ કરવી અને બીજાઓની સેવા કેમ કરવી તે, અને તેના લાભો શા? અને એ ગુણોથી પ્રતિપક્ષી દુર્ગુણોનું સેવન કરે તો ગેર લાભો શા? વગેરે અનેકાનેક બાબતોને ગૂંથી લીધી છે. આ રીતે ધર્મકથાઓ તર્ક, દલીલ, દાખલા-દૃષ્ટાંતો યુક્ત હોવાથી રસપૂર્ણ અને રસિક હોય છે તે ઉપરાંત ધર્મકથાઓમાં એમાં દેવ, નરક, તિર્યંચ, મનુષ્ય અને મોક્ષગતિને લગતી પણ હકીકતો હોય છે.

તે ઉપરાંત કથાના વચગાળે વચગાળે ગણિત, ખગોળ, ભૂગોળ, વૈદ્યક, જ્યોતિષ, શુકન, સામુદ્રિક, સમસ્યા, પ્રહેલિકા, સ્ત્રી-પુરુષની ૬૪-૭૨ કળાઓ, પ્રાણીશાસ્ત્ર, અષ્ટાંગનિમિત્ત જ્ઞાન, શૃંગાર, કામ, મંત્ર, દેશાચાર, રીતિરિવાજ, રહેણી, કહેણી, ભાષાવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, વિવિધ કલા-શિલ્પો, ચિત્ર, નૃત્ય, વાદ્યની કલા, ગૃહ-સ્થાશ્રમ, દીક્ષાશ્રમ, આ લોક ને પરલોક વગેરે વગેરે બાબતોની છૂટી છવાઈ છાંટ પણ હોય છે.

જીવનનું ઘડતર કરનાર કથા છે :

આ રીતે આપણી આર્યભૂમિના આત્મહિતલક્ષી અને હિતેચ્છુ કથાકારોએ કથાના સર્વ સુગમ માધ્યમ દ્વારા, માનવીનું બાહ્ય અને આભ્યન્તર ઘડતર કેમ થાય? સ્વસંસાર કેમ ચલાવવો? અને અન્યના સંસારમાં ઉપયોગી કેમ બનવું? પરસ્પર કેવા સુહૃદ્-મિત્રભાવ, સંપ અને સહિષ્ણુતાથી જીવન જીવવું, માનવતાની જ્યોતને કેમ જલતી રાખવી? ધર્મ અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થની યથાયોગ્ય સમયે યથાયોગ્ય કેવી રીતે ઉપાસના કરી આત્મહિત સાધવું, આ બધી બાબતોને શાક દાળમાં નંખાતા સંભાર કે દૂધમાં સાકરની જેમ સરસ રીતે મેળવી લીધી છે.

વાર્તા ધર્મકથારૂપે હોય કે ધર્મના રંગથી રંગાએલી સંસારકથા હોય, પણ એ માધ્યમ દ્વારા માનવીને, ઉત્તમ અને ઊંચા તત્ત્વોથી પુષ્પિત સન્માર્ગ તરફ દોરી* શકાય છે. કથાઓ માનવીના મન અને આત્માનું સુંદર ઘડતર કરનાર શિલ્પી છે. માનવીને સાચો માનવી બનાવનાર કુશળ શિક્ષક છે. એવી જવલંત તાકાતે લાખો માણસોને ધર્માભિમુખ-મોક્ષાભિમુખ બનાવ્યા છે અને હજારોને ચારિત્રાભિમુખ સંયમાભિમુખ-દીક્ષાભિમુખ પણ બનાવ્યા છે.

કથાની આ વજ્ર જેવી અભેદ્ય તાકાતને કારણે ભારતીય સંસ્કૃતિની પ્રધાન ગણાતી જૈન વૈદિક અને બૌદ્ધ આ ત્રણેય ધારાઓને કથાસાહિત્યનો સમાદર કર્યો છે.

જૈનદર્શનમાં ચાર અનુયોગોનું સ્થાન અને તેની વ્યાખ્યા

જૈન આગમશાસ્ત્રોમાં જે વર્ણન આવે છે તે તમામનો સમાવેશ ચાર પ્રકારના અનુયોગમાં કરવામાં આવે છે : ૧. દ્રવ્ય ૨. ગણિત ૩. ચરણ-કરણ અને ૪. ધર્મકથા. અનુયોગની દૃષ્ટિએ દૃષ્ટિવાદ ને દ્રવ્યાનુયોગમાં, સૂર્યપ્રજ્ઞપ્તિને ગણિતાનુયોગમાં, આચારાંગ વગેરે ૧૧ અંગો અને છેદસૂત્રો વગરે ને ચરણાનુયોગમાં અને ઋષિભાષિત વગેરેને ધર્મ કથાનુયોગમાં સ્થાન આપવામાં આવ્યુ છે. આ એક સ્થૂલ દૃષ્ટિએ પડાતો વિભાગ છે.

૧. દ્રવ્યાનુયોગમાં = તાત્ત્વિક પદાર્થોની વ્યાખ્યા અર્થાત્ આત્મા, કર્મ-જીવ-અજીવાદિ નવે તત્ત્વોનું ચૌદરાજલોક સ્વરૂપ વિશ્વનું વર્ણન હોય છે.

---

* ધર્મકથાનું ફળ શું? આનો જવાબ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અ૦માં જણાવ્યું છે કે धम्मकहाए णं भंते किं जणयई? धम्मकहाए णं निज्जरं जणयई, आगामिस्स भद्दत्ताइ कम्मं निबंधइ એટલે કે ધર્મકથાથી કર્મની નિર્જરા અને ભાવિ કલ્યાણ થાય એવું શુભ કર્મ બંધાય છે. વળી મહા૦ ૩-અ૦માં પણ જણાવ્યું છે કે—

णयरागदोसमोहा धम्मकहं जे करंति समयन्नू।
अणुदियहमवीसंता सव्वपावाण मुच्चंति ॥ १ ॥

—અર્થાત્ વીતરાગીઓની ધર્મકથા કરનારો પુણ્યાત્મા સર્વ પાપથી મુક્ત બને છે.

૨. ગણિતાનુયોગમાં = ગણિતશાસ્ત્રને લગતી પ્રક્રિયાઓ હકીકતો' –ખગોળ ભૂગોળને લગતા વિષયો.

૩. ચરણ કરણાનુયોગમાં = ચરણ એટલે ચારિત્ર, કરણ એટલે પાલન, ચરણ એટલે શ્રેષ્ઠ જીવન જીવવાના મહાવ્રતો, અણુવ્રતો, નિયમો–જેને ચારિત્ર સદાચરણ કહેવામાં આવે છે તે. અને કરણ એટલે ચરણ–આચરણનું પાલન કેવી રીતે થઈ શકે? તે અંગેની જુદી જુદી કક્ષાના જીવો, સાધકોને અનુલક્ષીને યોજાયેલી આચરણની વિવિધ પ્રક્રિયાઓ. આ રીતે પવિત્ર ચરિત્રમય જીવન શું છે? અને એવા જીવનનું પાલન કેમ કરવું? વગેરેનો સમાવેશ આમાં થાય છે.

૪. કથાનુયોગમાં = ચરણકરણાનુયોગનું કોણે, કેવી રીતે પાલન કર્યું? કોણ કોણ કેવી મુશ્કેલીઓ તથા આવેલા પરીષહો–ઉપસર્ગોના કષ્ટોને સહન કરીને સાધનાનો પાર પામી ગયા, એ બધાયના જીવનચરિત્રો અને સાધના કરતાં કરતાં કયા કારણે કેવી રીતે પતન થયાં એનાં વર્ણનો પણ હોય છે.

આ ચારેય અનુયોગમાં પ્રથમના બે જ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. જ્યારે વર્તન–આચરણ સાથે સંબંધ ધરાવતો યોગ ચરણ–કરણ જ છે અને મોક્ષકાંક્ષી આત્માને એની જ આરાધના કરવાની છે અને એ આરાધનાની સમજણ અને તેની પુષ્ટિ માટે, એને લગતું અનુયોગ–સાહિત્યનું સેવન કરવાનું છે. આ ચરણકરણની સાધના, ધર્મકથા એટલે સાધકાત્માઓના પ્રેરક દૃષ્ટાંતોની જાણ વિના મુશ્કેલી ભરી બની જવા સંભવ છે. એટલે ત્રીજા યોગને સારી રીતે આચરવો હોય, અરે! એ તરફ પ્રજાને ખેંચવી હોય તો તે માટે પણ ચોથા કથાનુયોગને જ નોતરવો પડશે. એના વિના હરગીઝ નહિ ચાલે એટલે શાસ્ત્રકારોએ સાપેક્ષ દૃષ્ટિએ ચારેય યોગમાં કથાનુયોગને સહુથી પ્રાધાન્ય આપ્યું છે તે આ જ કારણે છે. અરે! વધુ કહીએ તો બાકીના ત્રણેય અનુયોગને ખેંચી લાવનારો આ અનુયોગ છે. એટલે આ અનુયોગ એ કંઈ જેવી તેવી તાકાત ધરાવનારો અનુયોગ નથી. બહારથી સાદો સામાન્ય લાગતો અનુયોગ પણ આંતરિક રીતે ઊંડો, મર્મભેદી, ભલભલા કઠોર કાળજાને પણ કંપાવનારો, ભલભલા લોખંડી હૈયાને પણ મીણની માફક પિગળાવી નાંખનારો, પ્રજાનું અદ્‌ભુત વશીકરણ કરાવનારો, અનેરી તાજગી આપનારો અને પચણ્ડ તાકાત ધરાવનારો છે, મારાં પ્રસ્તુત વિધાનો મેં શ્રોતા–વક્તા બંનેના અનુભવના આધારે ટાંકયા છે.

કથાશ્રવણનો રસ હવા અને પ્રકાશની માફક દુનિયાના ખૂણે ખૂણે સર્વત્ર વ્યાપ્ત છે. આમ સર્વ સામાન્ય જનતાના રસનો વિષય કથાવાર્તા જ છે. હવે આ કથાઓના વિવિધ પ્રકારો આગમશાસ્ત્ર અને આગમેતર ગ્રંથોમાં જે જોવા મળે છે તેને અંગે વિચારી લઈએ.

કથાના વિવિધ પ્રકારો :

ત્રીજો આગમ 'ઠાણાંગ' છે. એમાં ક્રમ વ્યત્યય કરીને કથાના ત્રણ પ્રકારો બતાવ્યા છે. ૧. અર્થકથા ૨. ધર્મકથા અને ૩. કામકથા.

૧૪૪૪ ગ્રન્થોના કર્તા મહાન અને અજોડ ભારતીય ગ્રન્થકાર શ્રી હરિભદ્રસૂરિજીએ 'સમરાઈચ્ચકહા' નામના ગ્રન્થમાં ચાર પ્રકારો નોંધ્યા છે. આગમોક્ત ઉપર કહ્યા તે ત્રણ અને ચોથા પ્રકારમાં 'સંકીર્ણકથા'ને ગણી છે.

સિદ્ધહસ્ત અદ્‌ભુત કલ્પનાકાર શ્રી સિદ્ધર્ષિજીએ 'ઉપમિતિભવપ્રપંચકથા' માં શ્રી હરિભદ્રસૂરિજી કથિત ચાર પ્રકારોને જ સ્વીકાર્યા છે.

દાક્ષિણ્યાંકચિહ્ન, રસપૂર્ણ સંકીર્ણકથાને કહેનારા ઉદ્‌દ્યોતનસૂરિજીએ પણ કુવલયમાલાની પીઠિકામાં હરિભદ્રોકત ચારેય પ્રકારને માન્ય રાખ્યા છે. એમ છતાં એમણે બીજી રીતે પાંચ પ્રકારો પણ વર્ણવ્યા છે. ૧. સંપૂર્ણકથા, ૨. ખંડકથા, ૩ ઉલ્લાપકથા, ૪. પરિહાસકથા અને ૫. વશકથા. આમ કહીને તેઓશ્રી નોંધે છે કે આ પાંચેય પ્રકારોને જે વાર્તામાં સ્થાન મળ્યું હોય તેવી વાર્તાને 'સંકીર્ણકથા' કહેવાય છે. બીજી રીતે એમણે એમ પણ કહ્યું કે, ધર્મકથા માત્ર ધર્મકથારૂપે ન રહેતાં, વચ્ચમાં અર્થ અને કામ અંગેના વિષયને લગતી વાર્તા-વિચારણા યુક્ત હોય ત્યારે તે ધર્મકથા પણ 'સંકીર્ણકથા' બની જાય છે.

વધારામાં કુવલયમાલામાં ધર્મકથાના ચાર પ્રતિપ્રકારો બતાવ્યા છે. ૧. આક્ષેપિણી ૨. વિક્ષેપિણી ૩. સંવેગજનની ૪. નિર્વેદજનની. આનાં ૧૬ પ્રપ્રતિપ્રકારો પણ ઠાણાંગમાં નોંધ્યા છે. આખરે તો સોળે પ્રપ્રતિપ્રકારોના વિષયો દ્વારા જ ધર્મકથાઓ વર્ણવી શકાય છે. છતાં વિશેષ બોધ માટે ઉપપ્રકારો, ઉપપ્રકારો વર્ણવાની એક પ્રથા છે.

ઉપર જાણી આવ્યા કે મુખ્યત્વે કથાના ચાર પ્રકારો છે અને તે સહુને માન્ય રહ્યા છે. એટલે હવે ચારેય કથાઓનો વિષય શો? એ જરા વિસ્તારથી સમજી લઈએ.

મુખ્યત્વે કથાના પ્રકાર ચાર છે.

અર્થકથા—જેમાં મુખ્યત્વે ધનોપાર્જન શી રીતે થઈ શકે? તે અંગેના ધંધા-વ્યાપારો કયા કયા છે? ધંધો ધીકતો કઈ રીતિ નીતિથી ચાલે, ધનપ્રાપ્તિના માર્ગો કયા કયા? વ્યાપારમાં કલાકૌશલ્ય કેવું કેવું જોઈએ. આવનાર ગ્રાહકોને કઈ રીતે આકર્ષવા અને જીતવા, યુદ્ધો ઝગડાઓ, ધાતુઓ, ઝવેરાતની બાબતો તથા સુવર્ણસિદ્ધિ વગેરેના પ્રયોગો, વિવિધ વિદ્યાકલા, શિલ્પો, ઉદ્યોગો અંગેનું જ્ઞાન, સામ દામ દંડ અને ભેદ આદિ નીતિઓની સમજ, વગેરે વગેરે સેંકડો બાબતો જેમાં હોય તે અર્થકથા. કૌટિલ્ય અર્થશાસ્ત્ર વગેરે ગ્રન્થો અર્થશાસ્ત્રને લગતા છે.

૨. કામકથા—જેમાં મુખ્યત્વે કામશાસ્ત્રને લગતો વિષય હોય, તેમજ તે અંગેની તમામ બાબતો જેમાં વર્ણવી હોય. રસ તરીકે જેમાં શૃંગારરસની પ્રધાનતા હોય. વળી સ્ત્રીના રૂપ રંગ, વેશભૂષા અને તેનાં અવયવોનાં વર્ણનો, સ્ત્રીઓના અને પુરુષોના વિવિધ પ્રકારો, પ્રેમપત્રો કેમ લખવા, સ્ત્રીઓનું આકર્ષણ અને વશીકરણ કેમ થાય? તેનું વ્યાપક દૃષ્ટિએ વર્ણન, લલિત કળાઓ, સૌન્દર્યવર્ધક ઉપાયો અને પ્રસાધનો, સ્ત્રીના શણગારો, સ્ત્રીની ૬૪ અને પુરુષની ૭૨ કલાઓનું વર્ણન, સ્ત્રી જાતિની દેશાચાર પરત્વેની ખાસીયતો, નારીમહિમા વગેરે વગેરે હૃદયંગમ રીતે જેમાં વર્ણનો થતાં હોય તે કામકથા કહેવાય છે. આને લગતા ગ્રંથો ભારતીય વિદ્વાનોએ પ્રાચીન કાળમાં કરીબંધ બનાવ્યા છે અને આજે પણ નવનવા પ્રકાશિત થતા રહે છે. મુખ્યત્વે આ જાતના ગ્રંથોને કામશાસ્ત્રથી ઓળખાવાય છે.

આ કામકથા કર્મબંધનું કારણ બની સંસારને વધારનારી હોવાથી આત્માના હિતને ઇચ્છનારા પુણ્યાત્માઓએ દૂરથી જ તજી દેવી જોઈએ.

૩. ધર્મકથા—જેમાં મુખ્યત્વે ધર્મ કોને કહેવાય અને ધર્મની પ્રાપ્તિ કેમ થાય, અને તે કોને કેવી રીતે થઈ? તેનું દૃષ્ટાંત વગેરે હોય તે. માનવ જાતને દુર્ગતિમાં જતાં બચાવી સદ્ગતિએ મૂકે, ધારણ-પોષણ કરે તે ધર્મ. ધર્મના પ્રકારો, વળી જેમાં ક્ષમા, માર્દવ આદિ દશ પ્રકારના ધર્મો, અનુકંપા, સુપાત્રદાન, વિગેરે દાન, શીલ, તપ અને ભાવની તેમજ અહિંસા, સત્ય અસ્તેય બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ વગેરે પાંચ મહાવ્રતો તથા પાંચ અણુવ્રતોની અર્થાત્ સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મની વાતો હોય, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે તત્ત્વોની વિગતો હોય, મોક્ષ સહિત પાંચ ગતિનું વર્ણન હોય, સમ્યક્ત્વ, પૌષધ, પ્રતિક્રમણ, દેવગુરુની ઉપાસનાને તથા સાત ક્ષેત્રોની લગતી વાતો હોય. આત્મા શું, કર્મ શું, બંને વચ્ચેનો સંબંધ શો, સંબંધ થવાથી શું થાય, તે છૂટે કયારે? રાગ દ્વેષ કેમ ઘટે, વિષયકષાયો શું છે, અને તેનો ઉપશમ કેમ થાય તેવી વાતો હોય, ટૂંકમાં વીતરાગ દશા તથા સર્વજ્ઞ પદ અપાવે, આત્માને નિર્મળ કરે, સન્માર્ગે ચઢાવે અને યાવત્ નીતિમય પ્રામાણિક જીવન કેમ જીવાય, તપ, ત્યાગ, સંયમની અનેકાંતદૃષ્ટિની, ગુણસ્થાનકની આઠેય કર્મોની, હકીકતો હોય, સામાન્ય આત્મામાંથી પરમાત્મા કેમ બનાય તેની પ્રક્રિયા, આ બધું જણાવ્યું હોય. આમ અનેક પ્રકારની મુક્તિપ્રદ ધાર્મિક આધ્યાત્મિક, બાબતોનું વિવિધ રીતે વર્ણન હોય.

આ ધર્મકથાનાં જૈન આગમોની દૃષ્ટિએ વિચારીએ તો સામાન્ય રીતે (કથાનુયોગમાં) જ્ઞાતાધર્મકથા ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા અને વિપાક આટલા અંગોને સૂચવી શકાય. આ ગ્રંથોમાં ધર્મકથાનું પ્રાધાન્ય છે.

જરા ઊંડાણથી ગંભીર ભાવે સમજવા જેવી બાબત એ છે કે, અધ્યાત્મપ્રધાન, કે તાત્ત્વિકજ્ઞાન પ્રધાન જૈનધર્મના આગમશાસ્ત્રો પૈકીના મુખ્ય અંગભૂત ગણાતા અત્યારે વિદ્યમાન ૧૧ અંગ પૈકી અંગભૂત પાંચ આગમો તો કથાનુયોગના જ છે.

કથા દ્વારા અપાતા બોધની અસરો :

સુજ્ઞ શાસ્ત્રસર્જકો સમજતા હતા કે ધાર્મિક, આધ્યાત્મિક કે તાત્ત્વિક જ્ઞાન પણ કથા દ્વારા સરલતાથી પીરસી શકાય છે. કથા દ્વારા તેની અસર પણ સુંદર થાય છે. ભારેખમ જેવું જ્ઞાન પણ કથાના માધ્યમ દ્વારા સરલ અને હળવું બની જાય છે. લેનારા ઉમળકાથી-હોંશથી તે મેળવી શકે છે. એથી જ આ રીતે અપાતો બોધ આજની ઉક્તિમાં નોંધીએ તો ગમ્મત સાથે જ્ઞાન જેવો છે.

કથા એ સુપાચ્ય ખાદ્ય છે.

તાત્ત્વિક જ્ઞાન સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રાહ્ય છે. આધ્યાત્મિક જ્ઞાન આત્મિક વિકાસમાં આગળ વધેલાઓથી ગ્રાહ્ય છે, તેથી તાત્ત્વિક અને આધ્યાત્મિક જ્ઞાન મિષ્ટાન્ન-દૂધપાક જેવું છે, એથી તે ભારે છે. પરિણમન થતાં અર્થાત્ પચતાં વાર લાગે તેવાં છે. વળી આ ભારે જ્ઞાન સહુ ખાઈ શકે તેમ હોતું નથી. જે ખાય તે બધા જ પચાવી શકે છે તેમ પણ હોતું નથી.

જેમ ગરિષ્ઠ—ભારે ખોરાક બધા જ ખાઈ શકે છે તેવું નથી હોતું. તેમ ખાનારા બધા જ પચાવી જાણે છે એમ પણ નથી હોતું. એટલે પ્રસ્તુત ખોરાક જોડે, પાચન થાય તેવાં દ્રવ્યો-મસાલાઓવાળી ખાદ્ય વાનગીઓ બનાવાય છે. અને તે ઉપરાંત ખાધા પછી નાગરવેલનાં પાન, સોપારી વિવિધ મુખવાસો, પાચનચૂર્ણો આદિ સ્વાદિમ દ્રવ્યોનો ઉપયોગ કરાય છે. ત્યારે ખાધેલો ખોરાક હજમ થઈને આરોગ્ય કે પુષ્ટિપ્રદ બને છે. એ જ રીતે જનહૈયાંની વાસ્તવિક પરિસ્થિતિના જ્ઞાતા શાસ્ત્રકારોએ મિષ્ટાન્નાદિ જેવાં દ્રવ્યાદિ ત્રણેય અનુયોગના જ્ઞાનાભ્યાસમાં જીવ જોડાઈ જાય અને જોડાએલા હોય તે કંટાળી ન જાય, તથા અપચો-અજીર્ણ કે અરુચિ ન થાય એટલા માટે પણ કથાનુયોગને સામેલ કર્યો છે જેથી તત્ત્વજ્ઞાન ભારે ન પડે. તે જલદી પચી જાય એટલે કે સમજાય જાય અને એની ભૂખ સદાયને માટે રહ્યા જ કરે.

ખરેખર કથાનું માધ્યમ મોટા ભાગના ખાદ્યોમાં ઉપયોગી સખરસ-નિમક (મીઠા) ની જેમ બાકીના ત્રણેય અનુયોગમાં અનેક ક્ષેત્રમાં, અતિશ્રેષ્ઠ અને સુંદર કામગીરી બજાવનારું છે અને સ્વતંત્રપણે સાચા અર્થે માનવીને માનવી બનાવનારું છે.

ધર્મકથાનુયોગમાં આગમેતર અનેક જૈન ગ્રન્થો છે. જે સંકીર્ણ કથાના પ્રકારને અંતે નોંધીશું.

૪. સંકીર્ણકથા:—સંકીર્ણ એટલે મિશ્ર કથા. ધર્મ, અર્થ, કામ આ ત્રણેય વિષયોથી યુક્ત હોય તે. આવી કથાઓમાં અવાનવાર ત્રણેયનું લગતું જ્ઞાન, ત્રણેયને પરસ્પર અવિરોધીપણે કેમ સ્થાન આપવું, તેને વહેવારૂ કેમ બનાવવા ? એની સમજણ આપેલી હોય છે. વળી જેમાં જૈન-અજૈન શાસ્ત્રના આધારે તેનાં કારણો, તર્કો દલીલો દૃષ્ટાન્તો દ્વારા ત્રણેયની કુશળતા પૂર્વક પુષ્ટિ કરવામાં આવી હોય છે.

સંકીર્ણ કથાના ગ્રન્થો તરીકે અનેક નામો રજૂ કરી શકાય બહુધા બૃહત્કથાઓ સંકીર્ણ પ્રકારની હોય છે. વળી પ્રથમાનુયોગ, વસુદેવહિણ્ડી, તરંગવઈ, પઉમચરિયં, ચઉપન્નમહાપુરિસચરિયં, સમરાદિત્ય કથા, ઉપમિતિભવપ્રપંચા, તિલકમંજરી, કુવલયમાલા, મર્યાદિત માનવાળી કથાઓ, જીવનચરિત્રો, આ ગ્રન્થો ખાસ કરી ધર્મકથાનું સ્થાન લઈ શકે કારણ કે એમાં અર્થ અને કામની વાતનું સ્થાન ? પ્રાયઃ નથી હોતું, હોય તો નહીંવત્, મુખ્યધ્વનિ કે મુખ્ય પ્રવાહ ધર્મકથાને લગતો જ હોય છે. જૈનેતરોમાં કથાના ગ્રન્થો તરીકે મુખ્યત્વે રામાયણ, મહાભારત, પુરાણો વગેરેને અને બૌદ્ધોમાં સુત્તપિટક તથા જાતુક વિગેરે કથાઓને નિર્દેશી શકાય.

અહીં આ પ્રાચીન કાળના આ આર્ય ધરતીના વિદ્વાનો અને લેખકોના ચિત્તમાં કઈ વસ્તુ કેન્દ્રસ્થાને હતી, તેમજ એમનો આદર્શ કેવો મહાન અને સમાન હતો એ તરફ વાચકોનું ધ્યાન ખેંચવા માગું છું.

પ્રાચીન ગ્રન્થકારોનું મુખ્ય ધ્યેય શું રહેતું હતું ?

આસ્તિકય ગણાતા ભારતીય દર્શનનાં વિવિધ વિષયોનાં પુસ્તકો—જેમકે વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, અલંકાર, આયુર્વેદ શિલ્પ, જ્યોતિષ, અર્થશાસ્ત્ર યાવત્ કામશાસ્ત્રો. રચનારા ગ્રન્થકારોએ પોતાના ગ્રન્થની રચનાનો ઉદ્દેશ શો છે ? તેનો ગ્રન્થારમ્ભમાં જ ખ્યાલ આપતા બહુધા '**धर्मार्थकामाय**' આ કે આના ભાવને વ્યક્ત કરતું જ કોઈ વાકય નોંધ્યું હોય છે. એમાં તેઓ **धर्म** શબ્દને જ અગ્ર સ્થાન આપે છે. આથી આ દેશમાં ધર્મ પ્રત્યે કેવું બહુમાન, આદર અને અહોભાવ હતો તેનું સ્પષ્ટ દર્શન થાય છે. પ્રાચીન કાળના એટલે હું પ્રાચીન કાળના નહીં; નજીકના કાળના વિદ્વાનો લેખકો, અધિકારીઓ રાજા-મહારાજાઓ અને સામાન્ય રીતે કહીએ તો અસંખ્ય પ્રજાજનોના હૃદયમાં કેન્દ્રસ્થાને 'ધર્મ' રહેતો હતો અને 'અર્થ-કામ' તેને ફરતા હતા. કેન્દ્રની રક્ષ-મહત્તા અને આદર જાળવીને જ ફરતા અર્થ-કામની પ્રાપ્તિ રક્ષા કે ઉપભોગ વગેરે થતું. હતું.

ધર્મકથાનું મહત્ત્વ

ગ્રન્થકાર 'ધર્મ' શબ્દ મૂકીને, બે વસ્તુ ધ્વનિત કરવા માગે છે. પ્રથમ એ

કે અર્થ કામની પ્રાપ્તિનું મૂળ ધર્મ છે. ધર્મ એ જ અર્થાદિનું કારણ છે. માટે મૂલ વિના શાખા-પ્રશાખા કયાંથી ? मूलं बिना कुतः शाखा એ વાતને સૂચિત કરે છે. બીજું એ કે તમારી અર્થ-કામને લગતી કોઈ પણ પ્રવૃત્તિને ધર્મના પુટથી પુટિત કરતા રહેજો-ધર્મના રંગથી રંગતા રહેજો-ધર્મભાવનાના મસાલાથી મિશ્રિત કરતા રહેજો. જેથી અહિંસા, સત્ય, દયા, નીતિમત્તા, પ્રામાણિકતા અને માનવતાના સદ્‌ગુણો ટકી રહેશે.

તમારું મન કે તમારો આત્મા, ક્રૂરતા, અનીતિ, અપ્રમાણિકતા અને દાનવતા જેવો દુર્ગુણોનો શિકાર નહીં બને, પરિણામે બીનજરૂરી પાપપ્રવૃત્તિઓથી બચી જવાશે, સુંદર જીવન જીવાશે અને પરસ્પર પ્રેમ, સંપ ભાઈચારો અને વિશ્વબંધુત્વની ભાવનામાં વધારો થતો રહેશે.

ગ્રન્થકારોનો ઉદ્દેશ-માનવ જાતને ત્રણેય પુરુષાર્થનું પરિજ્ઞાન કરાવાનો અને ગૃહસ્થાશ્રમીઓને ત્રણેય માટે પુરુષાર્થ કરવાનું જણાવવાનો હોય છે પણ મુખ્યત્વે તમે ધર્મની પ્રધાનતા જાળવીને કરજો એ વાતને ખાસ ધ્વનિત કરવાનો છે.

કોઈ કોઈ ગ્રન્થમાં તો निःश्रेयसाभ्युदय વગેરે શબ્દો ઉમેરીને જીવનનું અંતિમ ધ્યેય સાફસાફ શબ્દોમાં સૂચવી દીધું છે. ધર્મ કરી શકવાના કારણે જ મહામૂલા ઉચ્ચ ગણાતા માનવ જીવનનું ધ્યેય ટૂંકું નથી પણ ઉદાત્ત અને મહાન છે. અર્થાત્ ૮૪ લાખના પરિભ્રમણનો અંત લાવી સંપૂર્ણ, અને શાશ્વત સુખ-આનંદ અને શાંતિના ધામરૂપ મુક્તિ-મોક્ષપદ પ્રાપ્ત કરવો આત્માનો કરવો જ પડશે. જો સુખ અને શાંતિ ખપતી હશે તો !

કથાઓ ધર્મના રંગથી રંગાએલી રચાતી

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી કથા-વાર્તાઓ ભલે અર્થની હોય કે ભલે કામની હોય પણ તે ધર્મ ભાવનાની ઝલક કે રંગથી ઓછે-વત્તે અંશે રંગાએલી આપણને જોવા મળશે. એ રીતે ધર્મકથાઓ હોય તો તે પણ અલ્પાધિકપણે પણ અર્થ-કામની છાંટવાળી હશે અને એવી કથાઓનો અંત ત્યાગ-વૈરાગ્ય ધર્મતત્ત્વમાં જ થતો હશે. વાર્તાને અંતે, માનવ હૈયું ત્યાગ, વૈરાગ્ય, દયા, કરુણા અને આત્મહિતના વિચારોથી સભર બની રહે, એના ભણકારા વાગ્યા કરે, એની ચિંતામાં ગરકાવ બને તો સમજવું કે એ જ સાચી હિત વાર્તા છે. આત્મ-ચૈતન્યના સર્વોચ્ચ હિતમાં એ જ સહાયક બની શકે છે.

માનવકલ્યાણ માટે રચાતી કથાઓ

આ પવિત્ર ભૂમિના આસ્તિકતા ધરાવતા, પ્રાચીન આદર્શોની પરંપરાને જીવંત રાખનારા, આત્મપ્રધાનલક્ષી વિદ્વાનો-કથાકારોને મન, એક વાત બરાબર જડબે-

સલાક બેઠેલી હતી કે, આ ધરતીના માનવો જેઓ પરલોકને માને છે, અનેક જન્મોને માને છે સાથે આત્મિક કે આધ્યાત્મિક વિકાસની સર્વોચ્ચ પરાકાષ્ઠાને પણ સ્વીકારે છે તે માનવો, આ સંસારની અનેકવિધ પ્રવૃત્તિઓ કરતાં, મોહ-માયાની જાળમાં ફસાઈ ને રખે! પોતાના જીવનનું ચરમ લક્ષ્ય ભૂલી ન જાય, રખે! ભાવિ જીવનની ઉત્તરોત્તર થનારી ઊર્ધ્વગામી પ્રગતિના વિચારમાં સુષુપ્ત બની ન જાય, માટે ધર્મપ્રધાન કથાઓ સર્જી, અને એ દ્વારા માનવ જાતને ખ્યાલ આપ્યો કે સંસારી જીવો યથાયોગ્ય રીતે કાલે યથાયોગ્ય રીતે એટલે ન્યાય, નીતિ અને પ્રામાણિકતાનો પૂર્ણ આદર કરીને ભલે અર્થ મેળવે, પૈસો કમાય અને કામને ભોગવે, પણ એનાથી, વધુ ઉત્તમ, વધુ આદરપાત્ર, વધુ સુખશાંતિને બક્ષનાર, જીવનનું ઉત્થાન કરનાર, અર્થના અનર્થનો અને કામની કુટિલતાઓનો જ્યાં હ્રાસ થવાનો છે એવા ધર્મ કે મોક્ષ પુરુષાર્થનો અવિરત પ્રયત્ન કરવામાં શિથિલતા ન દાખવે.

માનવજીવન કેવળ ભૌતિક સુખ ભોગવવા માટે નથી.

કેવળ ભૌતિક સુખો, વિષયજન્યસુખો, ઇન્દ્રિયજન્ય આનંદો, દૈનિક સુખો, આ શરીર, ધન, કુટુંબ, કબીલો, સ્થાવર અને જંગમ દોલત, પરિવાર, વૈભવ, વિલાસ, મિત્રો-સ્નેહીઓ, યશ, કીર્તિ, વાહવાહ, પ્રશંસા, મોટાઈ સત્તા, તેમજ અધિકાર એ બધું જ ક્ષણિક છે, ક્ષણસ્થાયી છે, વિનશ્વર છે અને દુઃખગર્ભિત ક્ષણિક સુખ કે આનંદને ચખાડનારું છે. ખરી રીતે તે સુખાભાસી પદાર્થો છે. સમગ્ર સંસાર અસાર છે અને સંસારના જડ ચૈતન્ય પદાર્થો અનિત્ય-ક્ષણિક છે. અજ્ઞાન, અત્યાગ, અવિદ્યા, કર્મ, પ્રકૃતિ, સંસારનું મૂળ છે. મોક્ષમાર્ગની કે મોક્ષપ્રાપ્તિની એ વિરોધી બાબતો છે. પ્રાપ્ત સત્પદાર્થોનો, પોતાના આત્માના હિતમાં, જીવન સુધારણામાં સદુપયોગ કર્યો અથવા બીજા જીવોની રક્ષા સેવા, પરોપકાર કે ઉદ્ધારમાં અને એમાંય સામાની (માત્ર દ્રવ્યદયા જ નહિ પણ) ભાવદયા એટલે વિષય કષાયોની વાસના ઘટાડવામાં, રાગદ્વેષની હાનિ માટે જો ઉપયોગ કરીયે તો આત્માનું ઇહલૌકિક, અને પારલૌકિક કલ્યાણ (સદ્ગતિ, શ્રેષ્ઠ સ્થાન વિગેરે) નિશ્ચિત છે નહીંતર અનંત સંસારની દીર્ઘ અને દુઃખદ રખડપટ્ટી ઊભી જ છે.

એક વાત દીવા જેવી સ્પષ્ટ સમજી રાખવી જોઈએ કે માનવી માત્ર, ઐહિક ભૌતિક સુખનો જ આનંદ માણવા કે લૂંટવા નથી આવ્યો. આ મહાન કિંમતી અતિદુર્લભ જન્મનું ધ્યેય, માત્ર ઉંમરમાં વધે જવું, સ્કૂલ, કોલેજોમાં, વ્યાવહારિક શિક્ષણ મેળવે જવું, ઉપાધિઓ મેળવવી, વિશ્વના પ્રવાસો ખેડવા, વેપારો ખીલવવા, સંસાર માંડવો, ઘર, બંગલા ઊભા કરવા. ભવ્ય ઇમારતો બાંધવી, કીંમતી વાહનોની

મોજ માણવી, બગીચા ગાડી, વાડી, લાડીના ભોગો ભોગવવા, નામનાઓ કાઢવી, ઉદ્યોગ પતિ કે મોટા વહેપારી કહેવડાવવું, સ્વાભિમાનને પોષવું કૂડ કપટો કરવા, લાંચરૂશ્વતો દ્વારા ભારોભાર અસત્યનો આશ્રય લઈ હોદ્દાઓ મેળવવા અને એ બધાયને અન્તે (છેવટે) મૃત્યુને ભેટવું. આટલું જ નાનકડું ધ્યેય લઈને જ મનુષ્ય આવ્યો નથી, પણ તે મહાન ધ્યેય લઈને આવ્યો છે. એ ધ્યેયની યથાશક્તિ સફળતા મેળવી શકે અને મહાન જન્મને સાર્થક બનાવી શકે માટે કથાકારોએ ધર્મકથાઓ યોજી છે અને એટલા માટે જ કથા ગ્રન્થના પ્રારંભમાં એ જ ઉદ્દેશ, પ્રતિજ્ઞા વગેરે જણાવવામાં આવે છે.

કોઈને શંકા થાય કે ધર્મકથાની સાથે બીજી અનેક બાબતો શા માટે કહેવામાં આવે છે ?

એકલી કથા તો નીરસ બની જાય, વિવિધ વિષયોના જિજ્ઞાસુ, વિવિધ-રસના પીપાસુ, આત્માઓને માટે વિવિધ વિષયો અને રસોનું નિરૂપણ કરવા અને વાર્તાને રસમય તેમ જ આકર્ષક બનાવવા બધી જાતના મસાલાની જરૂર પડે છે અને સુસ્વાદુ બનેલી વાર્તા જ વાચક કે શ્રોતાને ગળે ઝટ ઊતરે છે તેથી જ ધર્મકથા સુપાચ્ય બની સુસ્વાસ્થ્ય આપનારી બને છે.

થોડા ફેરફાર સાથે સાભાર

પ્રકાશક

સંસાર અને મોક્ષ

अयमात्मैव संसारः, कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ।।

કષાય અને ઇન્દ્રિયોને પરાધીન એવો આ આત્મા જ **સંસાર** છે અને તે વિષય અને કષાયોને જીતે તે જ મોક્ષ છે એમ જ્ઞાની પુરુષો કહે છે.

— પ્રાસંગિક —

માનવીના આધ્યાત્મિક વિકાશની મહાગાથા અને આત્મિક ઉત્ક્રાંતિની આછી ઝલક—

—લે. પૂ. આ. દેવશ્રી વિજય યશોદેવસૂરિજી મ.

અનાદિકાળથી લઈને હવે પછીના અનંતકાળ સુધી અખિલ વિશ્વમાં (બ્રહ્માંડમાં) સર્વોત્તમકોટિની કોઈ વ્યક્તિ જન્મ લેતી હોય તો તે તીર્થંકર શબ્દથી ઓળખાતી વ્યક્તિ છે. મનુષ્યોની દૃશ્યપૃથ્વીના અબજો માણસોમાં, અબજો માણસોથી લાખો ગુણી ઉત્તમ વ્યક્તિ જો કોઈને પણ કહેવી હોય તો તીર્થંકરદેવને જ કહી શકાય. કેમકે ગતજન્મમાં માત્ર માનવજાત નહિં પણ માનવેતર પશુ-પક્ષી અને સૂક્ષ્મજીવાયોનિગત જંતુઓ, એ બધાયને પરમ સુખ શાંતિ અને કલ્યાણની પ્રાપ્તિ થાય એ માટે પોતે જ ઉત્તમ કોટિના તત્ત્વોની ઉચ્ચકોટિની પરમ સાધના-આરાધના કરે છે અને એ દ્વારા વિશ્વના પ્રાણિમાત્રનું યથાયોગ્ય કલ્યાણ કરી શકાય તેવી પ્રબળ શક્તિ (તીર્થંકરકર્મની નિકાચના) પ્રાપ્ત કરે છે. અને મોક્ષે જવાના છેલ્લા તીર્થંકર તરીકેના ઇશ્વરીય ભવમાં સંચિત કરેલી આ શક્તિ (એટલે નિકાચિત કરેલા તીર્થંકર નામકર્મ) ના ઉઘાડ થાય છે. અને કેવલજ્ઞાન-ત્રિકાળજ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થતાં આ શક્તિ ટોંચે પહોંચે છે. પરમાત્મા સ્વરૂપે પહોંચેલા અને સર્વથા વીતરાગભાવને ભજતો એવો આત્મા પોતાના શેષ કર્મક્ષય માટે કારણરૂપ બનનાર દેશના = પ્રવચનો આપે છે. અને એ દ્વારા સ્વનું અને પરનું આત્યન્તિક (મોક્ષ) કલ્યાણ કરે છે.

કેવળજ્ઞાન-ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવાનની જ્ઞાનદૃષ્ટિ અખિલ લોકવ્યાપ્ત બની ગઈ. જ્ઞાનનો નિરાવરણ પૂર્ણ પ્રકાશ મેળવ્યો. પછી વિશ્વ (ચાલુ ચર્મ-ચામડાના ચક્ષુથી નહિં પણ) જ્ઞાનચક્ષુથી આત્મપ્રત્યક્ષ થઈ ગયું. હવે જોવા માટે વિચાર કરવાનો રહ્યો નહિં. એમના માટે હવે વિશ્વવર્તી રહેલા સ્વર્ગ મૃત્યુ પાતાળ અને મોક્ષસ્થાન વગેરે તમામ સ્થાનો હસ્તામલકવત્ આત્મપ્રત્યક્ષ જ છે. તેથી જ પ્રાણી માત્રના ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન જન્મો અને એ જન્મોમાં તેઓની બનેલી બનતી અને બનનારી, ઘટનાઓને યુગપદ્ જોનારા અને જાણનારા બની ગયા.

જ્ઞાનદૃષ્ટિથી ભગવાને શું જોયું? ભગવાને જોયું કે-મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક આ ચાર ગતિમાં સમાવિષ્ટ થયેલા આ સંસારમાં રહેલા સહુ કોઈ એક યા બીજી રીતે, ઓછાવત્તા રૂપે કે સહુથી વધુ પ્રમાણમાં દુઃખમાં જ સબડી રહ્યા છે. સુખ

અલ્પ છે અને એ અલ્પ પણ નિશ્ચિંત, નિર્ભયપણે અનુકૂલતા = ઇચ્છા પ્રમાણે પ્રાયઃ જીવને પ્રાપ્ત થતું નથી. સુખ ભોગવતાં પણ ન્યૂનાધિકરૂપે દુઃખનો-ચિંતાઓનો અનુભવ થતો જ હોય છે.

જીવનને જે સુખ જોઈએ છે તે પૂરેપૂરું જોઈએ છે, અધૂરું નહીં, જે જે ઇચ્છા થાય તે તે પૂરી થવી જ જોઈએ, એટલે સંસારી જીવોએ જેને જેને સુખનું લેબલ લગાડયું છે તે બધાં જ સુખોની ઝંખના તેના હૈયામાં બેઠેલી હોય છે. વળી આ સુખ આવ્યા પછી ચાલ્યું ન જાય તેની સતત ચિંતા અને ભયમાં સંસારી જીવ જીવતો હોય છે. પણ વિચારવા જેવું એ છે કે આવું સુખ મેળવવું આ સંસારના ભૌતિકપદાર્થથી શકય છે ખરૂં? ભગવાને જ્ઞાન દૃષ્ટિથી આ વિશ્વના ખૂણે ખૂણા, ઉપર નીચેના ભાગો, બધું જ જોયું, તોપણ કયાંય તેમણે સાચું સુખ ન ભાળયું, માત્ર સુખાભાસ કે કાલ્પનિક, ક્ષણ—સ્થાઈ સુખ જ દેખાયું.

અરે! ઘડીભર માનો કે જીવને યૌવન અવસ્થામાં સુખની કલ્પના કરીએ તો પણ છેવટે ગમે ત્યારે મૃત્યુને તો ભેટવાનું જ છે. તો મૃત્યુનું દુઃખ કોને ગમે છે? કોઈનેય નહીં. એમાં પ્રાયઃ ૫૦ ટકા લોકો તો બડપણ-જરા-વૃદ્ધાવસ્થા મેળવ્યા પછી જ મરનારા હોય છે. અને જન્મપ્રસંગની પ્રસૂતિ સમયની ભયંકર વેદના, બાલ્યાવસ્થા-કિશોરાવસ્થા-યુવાવસ્થા આ તમામ અવસ્થામાં એક યા બીજી રીતે જીવ દુઃખની કડાઈમાં સેકાતો જ હોય છે. આધિ-વ્યાધિ-ઉપાધિનાં દુઃખો તો ભોગવવાં જ પડે છે. કંઈ નહિં તો છેવટે જન્મ-જરા-મરણના તો ખરા જ!!!

આ દુઃખથી છૂટવાનો ઉપાય શું? એવું કયું સ્થળ છે કે જ્યાં જવાથી આ જીવ પરમ શાંતિ અને સુખને અનુભવે? ઉત્તર—સંસારનો મોહ, આસક્તિ, હિંસા, અસત્ય, ક્રોધ, માન, માયા, લોભ, કષાયો, ઇન્દ્રિયોના વિષયો, આ બધાય દૂષણ-પ્રદૂષણનો ત્યાગ કરવા પૂર્વક, ત્યાગ વૈરાગ્યના સહારે ધાર્મિક, આધ્યાત્મિક સાધના કરવી વગેરે એના ઉપાયો છે. ઉક્ત દોષોનો ક્ષય થતાં તેમાંથી પ્રતિપક્ષી વસ્તુનો પ્રાદુર્ભાવ સ્વતઃ થઈ જશે. અનાદિનિધન આ વિશ્વ અનેક દ્વંદ્વોથી ભરેલું જ છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આ દોષો છે. મહાદોષો છે. જે આત્માના ધાર્મિક આધ્યાત્મિક વિકાસને સતત રોકી રાખનારા છે. પણ આત્મા પુરુષાર્થથી એ દોષોને હઠાવતો જાય તો હિંસાનું સ્થાન અહિંસા, અસત્યનું સ્થાન સત્ય ચૌર્યનું સ્થાન, અચૌર્ય, મૈથુનનું સ્થાન બ્રહ્મચર્ય અને પરિગ્રહનું સ્થાન અપરિગ્રહ (સંગ્રહ બુદ્ધિનો અભાવ) લેશે. અને આ બધા આત્માના જ ગુણો છે. દોષો જતાં ગુણો સ્વતઃ પ્રગટ થઈ જશે. ક્રોધનું સ્થાન ક્ષમા, માનનું સ્થાન નમ્રતા,

માયાનું સ્થાન સરળતા અને લોભનું સ્થાન સંતોષવૃત્તિ લઈ લેશે. આમ કર્મજન્ય જે જે અસંખ્ય દોષો જીવે ઊભા કર્યા છે તે સત્ આચરણ, સત્ સાધના તથા રાગ દ્વેષ રહિતની પરિણતિથી વિલય થઈ જશે, તેમ થતાં તે પુણ્યાત્મા તત્ક્ષણ વીતરાગ-સર્વજ્ઞ બની જશે. તે પછી પણ અવશેષ સાધના દ્વારા મુક્તિ મહેલમાં પોતાની આત્માની ગાડીને હંકારી જશે.

મોક્ષ એટલે અનંતકાળથી જીવે પોતે જ પોતાના અવળા-ખોટા પુરુષાર્થ અને પ્રયત્નથી ઊભા કરેલા માત્ર અશુભ જ નહીં પણ શુભ કર્મો એટલે કે—પાપ-પુણ્ય બન્ને કર્મોનો ક્ષય કરવો, એનું નામ મોક્ષ. જીવનો મોક્ષ થાય એટલે આ દુઃખમય સંસારમાં એ જીવને રહેવાનું ન હોય, પછી તો અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તચારિત્ર, અને અનન્તવીર્ય-શક્તિની, મહાન ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થતાં નિર્મલ સ્થાનરૂપ મુક્તિ-મહેલમાં જીવ પહોંચી જાય છે.

આ સ્થળ આપણા મનુષ્યલોકથી ઉર્ધ્વાકાશમાં રહેલ જ્યોતિષ્ક ચક્ર, તે પછી રહેલા દેવલોકના વિમાનો, એ બધું પસાર થયા બાદ લોકના અગ્રભાગે અર્ધચન્દ્રાકાર જેવી સ્ફટિક રત્નમય સિદ્ધશિલા છે. કર્મ મુક્ત થયેલા સિદ્ધાત્માઓ તે સિદ્ધશિલા ઉપર અલોકને અડીને રહેલા હોય છે. ત્યાં જન્મ-મરણના કારણરૂપ કોઈ કર્મ ન હોવાથી જીવને હવે આ સંસારમાં ફરીને જન્મ લેવાપણું રહેતું જ નથી. અનન્ત કાળ સુધી ત્યાં જ દૃષ્ટારૂપે જ રહેવાનું, જડ નહિં પણ પૂર્ણજ્ઞાનમય સ્વરૂપે રહેવાનું હોય છે. જીવ મોક્ષે જાય ત્યારે અહીંથી જ અશરીરી બનીને જ જાય છે. ત્યાં આ ભૌતિક પદાર્થો કે સુખોની દુનિયા નથી. ત્યાં જીવો આત્મિક આનંદમાં, અનિર્વચનીય અનન્ત આનંદનો અનુભવ કરતા હોય છે.

પણ જ્યાં સુધી સંસારનું કારણ કર્મ છે, ત્યાં સુધી જીવને ચાર ગતિ સ્વરૂપ આ સંસારમાં જન્મ-મરણ કરવાની ઘટમાળ ચાલુ જ રહેવાની છે તેથી જ્યાં સુધી કર્મસત્તાની બોલબાલા છે, ત્યાં સુધી અશાંતિ-દુઃખ-હિંસા, ત્રાસ, ચિંતા, ભય, ઉકળાટ, બેચેની, અજંપો, તાડન, તર્જન, મારણ, કૂટન, ભેદન, છેદન આ બધું ચાલવાનું જ. છેવટે કાંઈ નહિં તો જનમ-મરણ તો પ્રાપ્ત થવાનું જ છે. પણ જીવને આ બધું (દુઃખ, અશાંતિ, વ્યથા) ગમતું જ નથી જ, તેથી બિચારો "ત્રાહિ માં ત્રાહિ માં" પોકારતો હોય છે.

જો આ બધાયથી મુક્તિ મેળવવી હોય તો, સર્વ કર્મથી મુક્ત બની, સિદ્ધશિલા ઉપર બિરાજમાન અનંતાનંત જીવોની જ્યોતિમાં ભળી જવું જોઈએ. જૈન સિદ્ધાંત

પ્રમાણે સ્વતંત્ર વ્યક્તિત્વ સલામત અને સુરક્ષિત રાખીને જ જ્યોતિમાં ભળવાનું હોય છે. ઇતર દર્શનકારોની માન્યતા પ્રમાણે નહિ, જોકે ઇતરોનો મોક્ષ જૈન મોક્ષથી જુદી રીતનો છે, ને એમનું સ્થાન પણ બીજી રીતનું છે.

હવે એ મુક્તિ-મોક્ષ મેળવવાના બે ચાર નહિં પણ હજારો-લાખો ઉપાયો છે. પણ પ્રાથમિક અને સહેલો ઉપાય છે શ્રી વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર પરમાત્માઓનું દર્શન પૂજન અને નામસ્મરણ તથા તેમના જીવન કવનનું સંસ્મરણ. આત્માને જો વીતરાગી બનાવવો હોય, સર્વગુણસંપન્ન બનાવવો હોય, પૂર્ણ સમતાવાળો અને પૂર્ણજ્ઞાની બનાવવો હોય તો સાધના-ઉપાસનાની આખરી ઈષ્ટસિદ્ધિનો આદર્શ જો કોઈપણ હોય તો તીર્થંકર-વીતરાગ દેવો જ હોવા જોઈએ. કેમકે તેઓમાં રાગ નથી, દ્વેષ નથી, અને અજ્ઞાન પણ નથી. જો આરાધનાના માર્ગમાં સ્ત્રીધારી, શસ્ત્રધારી કે ભોગધારી વ્યક્તિનો આલંબન રાખ્યો તો ઠગાયા સમજજો. તમારી સામે જેવો આદર્શ હશે તેવા જ તમે બનશો. આજના વિજ્ઞાનનો નિયમ છે કે તમારી સામે રહેલી ચીજનું વારંવાર દર્શન, સ્મરણ, ચિંતન જેવું કરશો તેવા તમો બની જશો. પેલું પ્રખ્યાત દૃષ્ટાંત છે કે ભ્રમરીનું ધ્યાન કરતી કરતી (જે ધ્યાન કરે છે તે) ઈયળ ભ્રમરી સ્વરૂપ બની જાય છે. અત્યારે અહીં આ એક જ ઉદાહરણ કાફી છે.

જ્ઞાની મહર્ષિઓએ આપણને આરાધનાના માર્ગમાં વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માનો આદર્શ અપનાવવાનું કહ્યું છે. તો એ આદર્શને વરેલા પુણ્યાત્માઓ કોણ છે? એ શોધ વ્યક્તિનાં જીવનચરિત્રો કે તેમની સાધના તપાસતાં થઈ શકે. હર કોઈ વ્યક્તિ તટસ્થ રીતે આ બંને બાબતો વાંચે, વિચારે, મનન કરે તો આવી વ્યક્તિઓ તરીકે વિશ્વમાં માત્ર તીર્થંકરદેવો જ છે એવું નક્કી કરી શકશે. વાસ્તવમાં આ વિશ્વની સર્વગુણસંપન્ન સર્વોચ્ચ કોટિની કોઈ પણ વ્યક્તિ હોય, તો તે જિનેશ્વર પરમાત્મા તીર્થંકર દેવાધિદેવ જ છે.

આવા તીર્થંકરદેવો જૈન શાસ્ત્રોની કાળગણનાના આધારે નિશ્ચિત કરેલા ઉત્સર્પિણી કે અવસર્પિણી સ્વરૂપ મહાતિમહાયુગમાં માત્ર ૨૪ જ થાય છે, ૨૩ નહિં અને ૨૫ પણ નહિં. આ અનાદિ કાલીન શાશ્વત પ્રાકૃતિક વ્યવસ્થા છે.

આ અવસર્પિણી કાળમાં ઋષભદેવ આદિ જે ૨૪ તીર્થંકરો થયા છે, એમાં અહીં જેઓશ્રીનું જીવન પ્રગટ થઈ રહ્યું છે, તે પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ છે. એમની પહેલાં ઋષભદેવ-અજિતનાથ આદિ ચાર જિનેશ્વર ભગવાન થયા છે, ત્યાર પછી પ્રસ્તુત જીવન ચરિત્રના કથા નાયક તીર્થંકર દેવ શ્રી સુમતિનાથ જિનેશ્વર પરમાત્મા. તદનંતર છઠ્ઠા શ્રી પદ્મપ્રભ સ્વામીજી જિનેશ્વર,

એમ કરતાં અનુક્રમે આ ભરત ક્ષેત્રમાં વર્ત્તમાન ચોવીશીમાં છેલ્લા શ્રી વર્ધમાન (મહાવીર) સ્વામીજી જિનેશ્વર પ્રભુ થયા છે.

અહીં પ્રગટ થતાં પ્રસ્તુત પુસ્તકમાં પાંચમાં તીર્થંકરના ચરમ ભવનું જીવન આલેખવામાં આવ્યું છે. પૂર્વભવ વર્ણન સ્વરૂપ પહેલો ભાગ આ સભા દ્વારા અગાઉ પ્રગટ થઈ ગયો છે. તે પ્રગટ થઈ ગયા પછી આજે તેનો બીજો ભાગ પ્રગટ થઈ રહ્યો છે. અને એ પ્રગટ થતાં આ ચરિત્ર બે ભાગમાં સંપૂર્ણ રીતે બહાર પડી જતાં વાંચકોને એક સર્વોત્તમ કોટિના જીવન ચરિત્રની ભેટ પ્રાપ્ત થઈ જશે.

પ્રસ્તુત આ ગ્રંથમાં નાના નાના ફકરાઓ રાખવાનું જે ધોરણ મુનિરાજશ્રી રવીન્દ્રસાગરજીએ સ્વીકાર્યું છે, તે ખૂબ જ ઉચિત જ છે. ફકરાઓ નાના અને વાકય રચના પણ નાની રાખવાના કારણે વાચકવર્ગને અર્થ સુગમ થશે. કંટાળો નહિ આવે અને કથાના રસનું આકર્ષણ વધવાથી આ ગ્રંથ સાદ્યંત વાંચવા માટે આબાલ-વૃદ્ધ વાચકવર્ગ પ્રેરાશે.

અર્ધમાગધી-પ્રાકૃત ભાષાના ગ્રંથોનું ભાષાંતર કરવાનું કામ થોડું કપરું હોવા છતાં આગમજ્ઞ વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ. ના શિષ્ય સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણના અભ્યાસી મુનિવર્યશ્રી રવીન્દ્રસાગરજી મ. શ્રીએ પૂ. આચાર્યદેવશ્રી સોમપ્રભસૂરીશ્વરજી મ. વિરચિત પ્રાકૃતભાષાનિબદ્ધ ૯૮૨૧ શ્લોક પ્રમાણ શ્રી સુમતિનાથ જિનેશ્વર પરમાત્માના ચરિત્રમાં ચરમ ભવ વર્ણન સ્વરૂપ આ બીજા ભાગનું બહુ જ સુંદર રીતે ભાષાંતર કરીને પોતાની જ્ઞાનશક્તિ વિકસાવી છે. એટલું જ નહિ પણ જ્ઞાનાવરણીય કર્મનો પ્રશંસનીય ક્ષયોપશમ વાચકવર્ગને પણ લાભદાઈ નિવડયો છે. કેમકે—મોહનીય કર્મના ક્ષયોપશમ પૂર્વકનો જ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય ત્યારે જ કયાંય પણ વિસંવાદ ન આવે તેવું લખાણ લખી શકાય. પ્રસ્તુત ગ્રંથમાં સાપેક્ષ રીતે જોઈએ તો, કયાંય પણ પરસ્પર બાધા આવે તેવું લખાણ નથી. વળી મૂળ ગ્રંથકારના આશયને પણ પૂર્ણ રીતે જાળવી રાખ્યો છે. તેમજ ઉત્તરોત્તર જિજ્ઞાસા વધે તેવી અદ્‌ભુત શૈલી સાદ્યંત સચવાયેલી છે.

અતઃ મુનિરાજશ્રી રવીન્દ્રસાગરજી મ., જો આ રીતે બાલ જીવોને ઉપયોગી થાય તે માટે શ્રુતજ્ઞાનની ભક્તિ સ્વરૂપ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોના ભાષાંતરનું કાર્ય ચાલુ રાખે, તો તે પ્રશંસનીય અને અભિનંદનીય છે.

વર્ષો જૂની શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) એ આજ સુધીમાં ઘણા ગ્રંથોને મુદ્રિત કરીને પ્રકાશિત કર્યા છે કે જે શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘને મોક્ષમાર્ગની આરાધનામાં ઘણા જ ઉપયોગી થયા છે.

વિશેષમાં આ સભાના કાર્યવાહકોની એવી અભિલાષા છે કે પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામીજી પર્યંતના ૨૪ જિનેશ્વર પ્રભુના જીવન ચરિત્રો ગુજરાતી ભાષામાં મુદ્રિત કરી સંઘ સમક્ષ રજુ કરવા.

તાદેશ પ્રયત્નાનુસાર આજ સુધીમાં આ સભા દ્વારા અનાનુપૂર્વીના ક્રમે પ્રકાશિત થયેલા નવ (૯) ચરિત્રો બાદ આ દશમું શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું ચરિત્ર સંઘ સમક્ષ પ્રકાશિત કરતી શ્રી જૈન આત્માનંદ સભા વાસ્તવમાં ધન્યવાદને પાત્ર છે.

અંતે આ પ્રસ્તુત પ્રકાશનમાં મને પ્રાસંગિક બે શબ્દ લખવાનો લાભ આપ્યો તે બદલ ઉભયને મારા ખૂબ ખૂબ અભિનંદન !!!

વળી પણ આ સભા આવા આપ્તપ્રણીત ગ્રન્થોના પ્રકાશનના કાર્યો કરી, સંઘને લાભ આપે એવી આશા સાથે વિરમું છું.

લી.

વિ. સં. ૨૦૩૯	સાહિત્યમંદિર	પૂ. આ. દેવશ્રી વિજયધર્મ
મહા સુ. ૬ ગુરુવાર	પાલીતાણા	સૂરીશ્વરપાદપદ્મરેણુ
તા. ૨૦-૨-૧૯૮૩	૩૬૪૨૭૦	વિજયયશોદેવસૂરિ

ભૂગોળ—ખગોળ

હે જિજ્ઞાસુ પુણ્યાત્મન્!

જો તમારે તત્ત્વજ્ઞાન મેળવવું હોય તો—

* શું પૃથ્વી નારંગી જેવી ગોળ છે?
* શું પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે?
* શું એપોલો યાન ચંદ્ર ઉપર પહોંચ્યું છે?

ઇત્યાદિ અનેક પ્રશ્નોના નિર્ણય માટે **શ્રી સિદ્ધાચલ મહાતીર્થ**ની તળેટીમાં **શ્રી વર્ધમાન જિનાગમમંદિર**ની પાછળ પૂ. ઉપાધ્યાય **શ્રી સૂર્યોદયસાગરજી** મ. સા. તથા પંન્યાસ પ્રવર પૂ. ગુરુદેવશ્રી **અભય સાગરજી** મ. સા.ના માર્ગદર્શનાનુસાર આકાર લઈ રહેલ "**શ્રી જંબૂદ્વીપ નિર્માણ યોજના**"નો સંપર્ક સાધો!!!

કલ્યાણક આરાધના

नारका अपि मोदन्ते यस्य कल्याण–पर्वसु ।
पवित्रं तस्य चारित्रं को वा वर्णयितुं क्षमः ? ।।

॥ वीतरागस्तोत्र १०–७ ॥

જેઓના કલ્યાણકોના પર્વ–દિવસોમાં નારકો પણ હર્ષાયમાન થાય છે, તે જિનેશ્વર પ્રભુના પવિત્ર ચરિત્રને વર્ણવવા કોણ સમર્થ થઈ શકે ?

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના

કલ્યાણક દિવસ–જાપનો મંત્ર અને વિધિ.

ચ્યવન શ્રાવણ સુ. ૨ શ્રી સુમતિનાથ પરમેષ્ઠિને નમઃ ॥
જન્મ વૈશાખ સુ. ૮ શ્રી સુમતિનાથ અર્હતે નમઃ ॥
દીક્ષા વૈશાખ સુ. ૯ શ્રી સુમતિનાથ નાથાય નમઃ ॥
કેવલજ્ઞાન ચૈત્ર સુ. ૧૧ શ્રી સુમતિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
નિર્વાણ–મોક્ષ ચૈત્ર સુ. ૯ શ્રી સુમતિનાથ પારગતાય નમઃ ॥

ઇરિયાવહી. કરી ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી સુમતિનાથ જિન ચ્યવન કલ્યાણક આરાધનાર્થે કાઉ. કરૂં ? ઇચ્છં, શ્રી સુમતિનાથ જિન ચ્યવનકલ્યાણક આરાધનાર્થે કરેમિ કાઉ. વંદણવત્તિયાએ. તસ્સ ઉત્તરી. અન્નત્થ.

૧૨ લોગસ્સ (સંપૂર્ણ) નો કાઉસ્સગ્ગ.

૧૨ પ્રદક્ષિણા–ખમાસમણા.

૧૨ સાથિયા–નૈવેદ્ય–ફળ

શ્રી જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્ર, ત્રિકાળ દેવવંદન, ઉભય ટંક પ્રતિક્રમણ–પડિલેહણ. ૨૦ નવકારવાળી = ૨૦૮૦ મંત્ર જાપ.

શ્રી જિનેશ્વર પરમાત્માના કલ્યાણકોની આરાધના કરનારો પુણ્યાત્મા પાપ કર્મોથી મુક્ત થઈ અનુક્રમે કલ્યાણ = મંગળમાળાને વરે છે.

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

જેઓના
માંગલિક નામસ્મરણ માત્રથી જ,
ચિરકાળથી
સંચિત કરેલા પાપ કર્મો,
જેમ
સૂર્યથી અંધકાર,
તેમ
ક્ષણ વારમાં જ
વિલીન થઈ જાય છે!!!
તેવા

હે પરમપૂજ્ય! પરમોપકારિન્! પુણ્યાત્મન્!
લોકોત્તર-મહાપુરુષ!
પંચમ-તીર્થપતિ-શ્રી સુમતિનાથ-જિનેશ્વર-પરમાત્મન્!
આપશ્રીના જ
ચરમ ભવના જીવન કવનને
વ્યક્ત કરતી

આ
કૃતિ,
આપશ્રીને જ
સમર્પણ
કરું
છું!!!

પૂજ્ય પંન્યાસ પ્રવર
ગુરુદેવશ્રી અભયસાગર ગણિવર
પાદપદ્મરેણુ
રવીન્દ્ર

।। श्री मेघभूपकुलाम्बरदिनमणि–श्री–सुमतिनाथ–जिनेश्वर–भगवान् ।।



द्युसत्किरीटशाणाग्रोत्तेजिताङ्घ्रिनखावलिः ।
भगवान् सुमतिस्वामी तनोत्वभिमतानिवः ।।

પૂ. મુનિરાજ શ્રી રવીન્દ્રસાગરજી મ. સા.ની પ્રેરણાથી—
શ્રાદ્ધવર્ય ઝવેરી મગનલાલ નગીનભાઈના શ્રેયોઽર્થે—હ. કુમુદબેન

જૈન આત્માનંદ સભા—ભાવનગર

સંક્ષિપ્ત–વિષયાનુક્રમણિકા

પ્રસ્તાવ	શું ?	ક્યાં–?	
૧ થી ૮	પૂર્વ ભવનું વર્ણન	પ્રથમ ભાગ. પત્ર	૧ થી ૨૨૪
૯ મો	ચ્યવનકલ્યાણક	પ્રસ્તુત ગ્રંથના પત્ર	૧ થી ૯
૧૦ મો	જન્મકલ્યાણક	,,	૧૦ થી ૧૮
૧૧ મો	દીક્ષાકલ્યાણક	,,	૧૯ થી ૨૬
૧૨ મો	કેવલજ્ઞાનકલ્યાણક	,,	૨૭ થી ૪૨
૧૩ મો	જિનેન્દ્ર ભક્તિ–સુંદર-કથા	,,	૪૩ થી ૪૭
૧૪ મો	દાનધર્મ—સુદત્ત–કથા	,,	૪૮ થી ૬૧
૧૫ મો	શીલધર્મ—શીલવંતી–કથા	,,	૬૨ થી ૮૧
૧૬ મો	તપોધર્મ—નિર્ભગની કથા	,,	૮૨ થી ૧૩૬
૧૭ મો	ભાવધર્મ—ક્ષુલ્લક મુનિ કથા	,,	૧૩૭ થી ૧૫૦
૧૮ મો	પ્રાણાતિપાત વિરમણ દેવપ્રસાદ–કથા	,,	૧૫૧ થી ૧૭૨
૧૯ મો	મૃષાવાદ વિરમણ–કુંભારની કથા	,,	૧૭૩ થી ૧૮૫
૨૦ મો	અદત્તાદાન વિરમણ—નાગદત્ત કથા	,,	૧૮૬ થી ૧૯૬
૨૧ મો	મૈથુન વિરમણ—રણવીર–કથા	,,	૧૯૭ થી ૨૧૬
૨૨ મો	પરિગ્રહવિરમણ—દેવદત્ત–કથા	,,	૨૧૭ થી ૨૩૯
૨૩ મો	જિનઆગમ શ્રવણ નરસુંદર–કથા	,,	૨૪૦ થી ૨૫૪
૨૪ મો	ગુણિજન સંસર્ગ—દિવાકર–કથા	,,	૨૫૫ થી ૨૬૩
૨૫ મો	ગુરુભક્તિ–વિમલમતી કથા	,,	૨૬૪ થી ૨૭૯
૨૬ મો	ક્રોધ નિગ્રહ—કપિલ–કેશવ કથા	,,	૨૮૦ થી ૩૩૫
૨૭ મો	માન નિગ્રહ—લીલાવતી–કથા	,,	૩૩૬ થી ૩૪૭
૨૮ મો	માયા નિગ્રહ—શંખ–કથા	,,	૩૪૮ થી ૩૫૬
૨૯ મો	લોભ નિગ્રહ—સુર–અસુરની કથા	,,	૩૫૭ થી ૩૭૦
૩૦ મો	નમસ્કાર મહામંત્ર—ભીલ–ભીલડીની કથા	,,	૩૭૧ થા ૪૦૫
૩૧ મો	જિનેશ્વર પ્રભુનો વિહાર–નિધિકુંડલની કથા	,,	૪૦૭ થી ૪૨૪
૩૨ મો	નિર્વાણકલ્યાણક	,,	૪૨૫ થી ૪૩૬
	પ્રશસ્તિ	,,	૪૩૭ થી ૪૪૦

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના સ્તવનાદિની

વિષયાનુક્રમણિકા

સ્તવન	પ્રથમ પદ	કર્ત્તા	પત્ર
૧	સેવો સુમતિ જિનેશ્વર સાહિબો...	પં. પદ્મવિજયજી મ.	૯
૨	હાં રે વાલ્હો ! સુમતિ જિણંદ...	પં. ચતુરવિજયજી મ.	૪૭
૩	નયરી અયોધ્યા રે માતા મંગલા...	ઉપા. યશોવિજયજી મ.	૧૩૬
૪	તુમ્હ હા પર ઉપગારી સુમતિજિન...	પં. જિનવિજયજી મ.	૧૮૫
૫	પંચમ જિનપતિ વંદીયે સાહેલડીયાં...	પં. પદ્મવિજયજી મ.	૧૯૬
૬	સમકિત ત્હારૂં સોહામણું...	પં. લક્ષ્મીવિમલજી મ.	૨૩૯
૭	રૂપ અનૂપ નિહાળી સુમતિજિન !...	પં. માનવિજયજી મ.	૨૭૯
૮	સુમતિનાથ ગુણ શું મિલિજી...	ઉપા. યશોવિજયજી મ.	૩૩૫
૯	સુમતિ ચરણ કજ આતમ અરપણા...	પં. આનંદઘનજી મ.	૩૫૬
૧૦	સુમતિકારી સુમતિ વારૂ...	પં. ઉદયરત્નજી મ.	૪૨૪

સ્તુતિ = થોય	પ્રથમ પદ	કર્ત્તા	
૧	સુમતિ સુમતિદાઈ...	પં. પદ્મવિજયજી મ.	૪૧
૨	સુમતિ સ્વર્ગ દીયે અસુમંતને...	પં. વીરવિજયજી મ.	૬૧

૬૮ બોલ કોષ્ટક

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના	૧ થી ૪૫ બોલનો કોષ્ટક		૨૫
,,	,,	૪૬ થી ૬૮ ,, સંપૂર્ણ	૪૦૬

આગમ સારાંશ.

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ।।

દશવૈ. ૪-૮ ગાથા.

" छंदं निरोहेण उवेइ मुक्खं "

ઉત્તરાધ્યયન. ૪-૮ ગાથા.

॥ શ્રેયસ્કર–વિઘ્નહર–શ્રીશઙ્ખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ ગણાધીશશ્રીગૌતમસ્વામિને નમઃ ॥

॥ પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય નમો નમઃ ॥

શ્રી સોમપ્રભ સૂરીશ્વર વિરચિત

પ્રાકૃત ભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રનું ભાષાંતર

ભાગ–૨

જંબૂદ્વીપ વર્ણન—ધર્મ પુરુષાર્થ રૂપ રાજાના નગરની જેમ લવણ સમુદ્ર રૂપ પરિખા (ખાઈ)થી યુક્ત જગતીરૂપ કિલ્લાવાળો જંબૂદ્વીપ નામનો દ્વીપ ચૌદ રાજલોકરૂપ વિશ્વના મધ્ય કેંદ્રમાં છે.

ભરતક્ષેત્ર—તે જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાએ અર્ધચંદ્રના આકાર જેવું સુંદર લલાટ તુલ્ય ભરત નામનું ક્ષેત્ર છે કે જે ભરતક્ષેત્રરૂપ ભાલ સ્થળે ચાંદીના પટ્ટાની જેમ વૈતાઢ્યગિરિ શોભે છે. વળી ગંગા તથા સિંધુ નદી રૂપ મુક્તાફળની માળાથી રમણીય અને ગાઢ વનરાજી રૂપ વાળની શોભાથી શોભાયમાન છે બહારનો ઘેરાવો જેનો એવો જંબૂદ્વીપ રૂપ વધૂના લલાટ તુલ્ય ભરતક્ષેત્ર છે.

અયોધ્યાનગરી—તે ભરત ક્ષેત્રમાં સુવર્ણના તિલક સમાન સુવર્ણમયી અયોધ્યા નામની નગરી છે તેને ફરતા ચારેબાજુ મોતીની માળા જેવો સ્ફટિકરત્નનો કિલ્લો છે.

તે અયોધ્યા નગરી જિનેશ્વરની જન્મભૂમિ છે તેથી ભક્તિથી બધા દ્વીપ–સમુદ્રોથી જાણે કે સૂર્યો આવ્યા હોય, તેમ કિલ્લો સોનાના કાંગરાથી શોભે છે.

જે નગરીના જિનાલયમાં સળગી રહેલા અગરૂ ધૂપના ધૂમાડા રૂપ આકાશ તલમાં રહેલ શ્યામ વાદળોમાં સુવર્ણમય જિનાલયોની સ્ફુરાયમાન કાંતિ વિજળીની શોભાને પામે છે.

તથા ઊંચા ઘરોના રત્નમય ભૂમિતલમાં પ્રતિબિંબિત થયેલ ચિત્રમય હરણની આંખોને રમણીઓ વિભ્રમ પૂર્વક જોઈ રહી છે.

જે નગરીમાં રત્નથી બનાવેલા પ્રાસાદ=ઘરની કાંતિથી રાત્રે અંધકાર તો દેખાતો જ નથી તેથી ત્યાંના લોકો ચંદ્રવિકાશી કુવલય ખીલે ત્યારે રાત્રિ થઈ છે એમ જાણે અને સૂર્ય વિકાશી કમળ ખીલે ત્યારે દિવસ ઊગ્યો છે એમ જાણે છે.

મેઘરાજા—તે નગરીમાં સામાન્ય જનને આપ્યો છે હર્ષ જેણે તથા રાજહંસોને આપ્યો છે સંતોષ જેણે એવા ઉન્નત મેઘના જેવા મેઘ નામના રાજા રાજ્ય કરે છે.

જે રાજાએ પ્રતિપક્ષ રાજા રૂપ પર્વતના કુલ-વંશ રૂપ શિખર ઉપર દેદીપ્યમાન સળગતા પ્રબલ પ્રતાપ રૂપ દાવાગ્નિને ખડ્ગ=તલવાર રૂપ મેઘની ધારાથી અત્યંત બુઝવી દીધો છે તથા પ્રખર ઉષ્માના બળે પોતાના વ્યવસાય રૂપ વૃક્ષને ચારે બાજુથી નવ પલ્લવિત-કર્યો છે તે વૃક્ષ ઉપર યશઃકીર્તિ રૂપ પુષ્પો ખીલ્યા અને વિપુલ લક્ષ્મી-ઐશ્વર્ય રૂપ ફળો થયા છે.

જેમ માળી વૃક્ષોનું રક્ષણ કરે તેમ રાજા પ્રજાનું રક્ષણ કરે છે અને ન્યાય-નીતિ રૂપ નીકમાં વહેતા ધર્મ રૂપ પાણીથી વૃક્ષ રૂપ પ્રજાનું પોષણ કરે છે.

પટ્ટરાણી મંગલાદેવી—તે મેઘ રાજાને મંગલાદેવી નામની પટ્ટરાણી છે. લક્ષ્મી જેમ ન્યાયને અનુસરે છે અને દયા જેમ ધર્મને અનુસરે છે તેમ ઉલ્લસિત કર્યા છે. લોકના સઘળા મંગલોને જેણે એવી મંગલાદેવી નામની પટ્ટરાણી છે. જેના શીલ રૂપ વિભૂષણથી રૂપ-ગુણ સુગુણ થયો છે. વિનય રૂપ વિભૂષણથી ઐશ્વર્યગુણ સુગુણ થયો છે સમતા રૂપ વિભૂષણથી બુદ્ધિ-ગુણ સુગુણ થયો છે. પ્રેમ રૂપ વિભૂષણથી દાનગુણ સુગુણ બન્યો છે. સૌભાગ્યથી જે હિમાલયપર્વતની પુત્રી પાર્વતી જેવી ગણાય છે અને જેના રૂપની આગળ સમુદ્રની પુત્રી લક્ષ્મીદેવી ધૂળ જેવી ફીક્કી લાગે છે અને જેના લાવણ્યથી કામદેવની પ્રિયા રતિ તૃણની જેમ લઘુત્વ પામી છે.

કોઈ પણ ઉપમા આપી ન શકાય એવી તે પટ્ટરાણીના ચિત્તમાં મેઘરાજાનો વાસ છે અને મેઘરાજાના ચિત્તમાં મંગલાદેવી પટ્ટરાણી વસે છે.

રતિ અને કામદેવ તથા ઇંદ્રાણી અને ઇંદ્રની જેમ તેઓનો કયારેય પણ વિયોગ થતો નહિ.

તે પટ્ટરાણી સાથે રતિસાગરમાં અવગાહીને રમતા-પ્રમોદ કરતા તે મેઘરાજાનો કેટલોક કાળ વ્યતીત થયો.

સુમતિનાથ જિન ચ્યવન—હવે આ બાજુ પુરૂષસિંહ રાજર્ષિનો જીવ વૈજયંત નામના અનુત્તર વિમાનમાંથી ચવીને શ્રાવણ સુદ બીજના દિવસે માઘ નક્ષત્રમાં ચંદ્રમાનો શુભ યોગ પ્રાપ્ત થયો ત્યારે મંગલાદેવી રૂપ વિશ્રામના સ્થાનરૂપ વિમલ સરોવરના કુક્ષિ રૂપ કમળમાં અત્યંત વિશુદ્ધ-નિર્મળ છે બે પાંખો જેની એવા રાજહંસ જેવા માતા અને પિતા રૂપ ઉભય પક્ષ જેમના વિશુદ્ધ છે એવા સુમતિનાથ પ્રભુનો આત્મા અવતર્યો.

તે સમયે ત્રણે ભુવનમાં ક્ષણ વાર ઉદ્યોત થયો અને નારકોને દુઃખના ક્ષયથી ક્ષણ વાર સુખ થયું.

૧૪ સ્વપ્નદર્શન—તે જ રાત્રિને વિષે મહાઋદ્ધિ-શોભા યુક્ત શય્યામાં સુખે સુઈ રહેલા મંગલાદેવી મંગલકારી ચૌદ મહા સ્વપ્નોને જુએ છે.

પ્રથમ સ્વપ્નમાં—મંગલાદેવી પટ્ટરાણી મનોહર દાંતવાળો, ઝરતા મદવાળો, ઉજ્જવળ વર્ણનો, ઉંચા કુંભસ્થળ રૂપ શિખરવાળો, જાણે કે જંગમ કૈલાશ-હિમાલય ન હોય! તેવા દર્શનીય ગજરાજને જુએ છે.

બીજા સ્વપ્નમાં—પુષ્ટ ખુંધવાળો, ઉજ્જવલ વર્ણવાળો, ગળામાં પહેરી છે સોનાની ઘુઘરી યુક્ત માળા જેણે એવો, તથા ચમકી રહેલ વિજળીની રેખાથી યુક્ત શરદ ઋતુના મેઘ જેવા, વૃષભને મંગલાદેવી નિરખે છે.

ત્રીજા સ્વપ્નમાં—લપલપ થતી જિહ્વાવાળો, પિંગળવર્ણની કેશરાની કાંતિથી શોભતો, ઊંચી કરી છે પૂંછડી જેણે એવા શૂરવીર છતાં સૌમ્યાકારવાળા મનોહર સિંહને મંગલાદેવી નિહાળે છે.

ચોથા સ્વપ્નમાં—મંગલાદેવી કમળ ઉપર નિવાસ છે જેનો એવી તથા પ્રસન્ન મુખવાળી અને પદ્મની પાંખડી જેવી આંખોવાળી, અને ઐરાવણ હાથીની સૂંઢથી પકડાયેલા સોનાના કળશમાંથી ધારાબદ્ધ વહી રહેલા સુગંધિ જલથી અભિષેક કરાતી લક્ષ્મીદેવીને જુએ છે.

પાંચમા સ્વપ્નમાં—કલ્પવૃક્ષના પાંચે વર્ણોના સુગંધિ પુષ્પોથી બનેલી, પરાગમાં લુબ્ધ બનેલા ગૂંજારવ કરતા ભમરાઓની શ્રેણીથી વ્યાપ્ત એવી સુંદર પુષ્પમાળાને જુએ છે.

છઠ્ઠા સ્વપ્નમાં—મંગલાદેવી પોતાના મુખ જેવા સૌમ્ય અને દર્શનીય તથા હરણના લંછનવાળા તથા નિર્મલ કચ્ચોલા જેવા ચંદ્રને જુએ છે કે જે પોતાના જ્યોત્સ્નાના સમૂહથી ચારેબાજુ દિશાઓને દીપાવે છે.

સાતમા સ્વપ્નમાં—ફેલાઈ રહેલા કિરણોના સમૂહથી દૂર કર્યો છે સંપૂર્ણ અંધકારના સમૂહને જેણે એવા તથા રાત્રિનો વિનાશ કરી દિવસને કરતા એવા સહસ્રકિરણવાળા સૂર્યને મંગલાદેવી જુએ છે.

આઠમા સ્વપ્નમાં—પવનથી પ્રેરાયેલ પતાકાવાળો મંદિરના શિખર ઉપર

આકાશમાં રહેલ અને ચંચલ તથા વાગી રહેલ ઘુઘરીઓના રણકારથી ત્રણેલોકની લક્ષ્મીને પડકાર કરતા એવા ધ્વજને મંગલાદેવી જુએ છે.

નવમા સ્વપ્નમાં—સમુદ્રનો મંથન કરતા નિકળેલ અમૃતકુંભ જેવા સુવર્ણમય, અને કમળથી વિભૂષિત એવા તીર્થજલથી ભરેલા પૂર્ણ કળશને મંગલાદેવી જુએ છે.

દશમા સ્વપ્નમાં—જિનેશ્વરના ગુણસમૂહની સ્તુતિ કરવા માટે ભેગા થયેલા મદોન્મત્ત ભમરીઓના સમૂહથી મુખરિત થયેલા પદ્મ-કમળો યુક્ત એવા પદ્મસરોવરને મંગલાદેવી જુએ છે.

અગિયારમા સ્વપ્નમાં—વિલાસ કરતી અને આકાશને સ્પર્શે તેવી લહેરોની મંડળોથી સ્વચ્છ કર્યો છે આકાશના વિસ્તારને જેણે એવા તથા શરદ ઋતુના વાદળોનો ભ્રમ કરાવે તેવા ઉલ્લાસને પામતા ક્ષીરસમુદ્રને મંગલાદેવી જુએ છે.

બારમા સ્વપ્નમાં—દેવત્વની અવસ્થામાં પૂર્વે જે વૈજયંત વિમાનમાં પ્રભુએ નિવાસ કરેલ તે રત્ન-મણિમય વિમાન પ્રભુના સ્નેહથી જાણે આવ્યો ન હોય! એવા દિવ્યવિમાનને મંગલાદેવી બારમા સ્વપ્નમાં જુએ છે.

તેરમા સ્વપ્નમાં—કિરણોની કાંતિના વિસ્તારથી ઇન્દ્રધનુષ જેવા અને જિનેશ્વરના મુખ રૂપ ચંદ્રની સેવા માટે આવેલા તારાઓના સમૂહ જેવા રત્નના રાશિને મંગલા દેવી તેરમા સ્વપ્નમાં નિહાળે છે.

ચૌદમા સ્વપ્નમાં—તેજઃ=કાંતિવાળી વસ્તુઓની દીપ્તિ લઈને જાણે કે અન્યો ન હોય તેવો દેદીપ્યમાન, ધૂમાડા વિનાના અગ્નિને મંગલાદેવી પટ્ટરાણી મુખમાં પ્રવેશતા જુએ છે.

ઉપરોક્ત ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગેલા અને હર્ષથી આનંદ પામતા પટ્ટરાણી પોતાના પલ્યંક પરથી ઉઠીને મેઘરાજાની પાસે આવ્યા. અને જાણે કે અમૃતના જ ઉદ્‌ગાર ન હોય તેવા કોયલના અવાજ જેવા મનોજ્ઞ વચનોથી મસ્તકે અંજલિ જોડીને રાજાને સ્વપ્નોની વિગત કહે છે.

સ્વપ્ન ફલ—રાજાએ પણ સ્વપ્ન સાંભળી હૃદયમાં ધારી ને આનંદ વ્યક્ત કરતાં કહે છે કે—હે પ્રિયે! દાન (મદ)ને અનુસરનારા હાથી જેવા, ધર્મની ધુરાને વહન કરવામાં વૃષભ જેવા, શૂરવીરપણાની મેળવી છે રેખા=મર્યાદા રૂપ જ્યાતિ જેણે એવા સિંહ જેવા, લક્ષ્મીની જેમ ત્રણે લોકને વહાલા, પુષ્પમાળાની જેમ દેવ-દાનવ-માનવોએ મસ્તક ઉપર ધારણ કર્યું છે શાસન જેનું એવા, ચંદ્રની જેમ આનંદ

આપનારા, સૂર્યની જેમ અપ્રતિમ પ્રતાપવાળા, ધ્વજની જેમ વિશ્વરૂપ ભવનને ભૂષિત કરનારા, પૂર્ણ કળશની જેમ સકલમંગલના સ્થાન રૂપ, પદ્મસરોવરની જેમ તાપ-સંતાપને દૂર કરનારા, સમુદ્રની જેમ ગુણરત્નભંડાર, વિમાનની જેમ દેવોને સેવવાયોગ્ય, રત્નની રાશિની જેમ અમૂલ્ય=મૂલ્ય આંકી ન શકાય તેવા અને અગ્નિની જેમ પ્રતિપક્ષ રૂપ પતંગીયાને બાળનારા ઈત્યાદિ ગુણગણયુક્ત પુત્રરત્નની આપણને પ્રાપ્તિ થશે.

રાજાના હર્ષ દાયક વચન સાંભળીને પુલકિત થતા પટ્ટરાણી "દેવ-ગુરુ પસાયે તેમ જ થાઓ" એમ બોલીને પોતાની સાડીના (ઉત્તરીયવસ્ત્રના) છેડે શુકનની ગાંઠ બાંધીને હર્ષ પામતા પોતાના આવાસ ભવનમાં ગયા.

ઇંદ્ર આગમન—સુમતિનાથ પ્રભુના ચ્યવન કલ્યાણકના સમયે ચલાયમાન થયા છે સિંહાસન જેઓના એવા બત્રીસ ઇંદ્રો મેઘરાજાના મહેલમાં આવી પ્રભુની માતા મંગલાદેવીને પ્રણામ કરીને આ પ્રમાણે સ્તુતિ-પ્રશંસા કરવા લાગ્યા કે-તમે ધન્ય છો, શુભ લક્ષણયુક્ત છો, તમારો આ મનુષ્ય જન્મ સફળ છે, તમારી જીવનચર્યા પ્રશંસા કરવા યોગ્ય છે. તેમાં જરાપણ સંશય નથી કેમકે-જેઓની કુક્ષિરૂપ શુક્તિપુટમાં સર્વજ્ઞરૂપ મુક્તામણી કે જે દોષ વિનાના વિમલ અને ત્રણેલોકની લક્ષ્મીને શોભાવનાર એવા જિનેશ્વર પ્રભુ પધાર્યા છે.

હે માતા! તમોએ આ જગતને ઉદ્ધર્યો છે. સંસારરૂપ અંધકારવાળા કેદખાનામાં રહેલા લોકોને મોહાંધકારનો નાશ કરનારા જિનેશ્વરરૂપ દીપક આપ્યો છે. અમે તમારા ચરણકમલોમાં નમીએ છીએ કે જેણીના ગર્ભરૂપ ગુફામાં જિનેશ્વરરૂપ સિંહે નિવાસ કરેલ છે.

આ પ્રમાણે સુમતિનાથ જિનેશ્વર પ્રભુની માતા મંગલાદેવીની સ્તુતિ કરીને અને "રત્નનિધાન તુલ્ય જિનેશ્વર પ્રભુની ઉત્પત્તિ આપને ત્યાં થઈ છે" એમ કહીને અને મેઘરાજાના ઘરને રત્ન-મણિ-સુવર્ણથી ભરીને તે બધા ઇંદ્રો નંદીશ્વર દ્વીપમાં શાશ્વત જિનમંદિરોમાં જિનેશ્વર પ્રભુ સન્મુખ અઠ્ઠાઈ મહોત્સવ કરીને પોત-પોતાના વિમાનોમાં પહોંચ્યા.

સ્વપ્ન ફલાદેશ—પ્રાતઃકાળે મેઘરાજા તારાઓથી જેમ ચંદ્ર, તેમ અનેક મંત્રી સામંત આદિ નગરલોકોથી પરિવરેલા આસ્થાન-સભામાં બેઠા અને સત્કાર પૂર્વક સ્વપ્ન લક્ષણ પાઠકોને સેવકો દ્વારા બોલાવરાવીને સ્વપ્નફળ પૂછે છે. સ્વપ્નલક્ષણ પાઠકો પણ પરસ્પર પૂછીને સ્વપ્નફળનો નિર્ણય કરીને કહે છે કે—હે રાજન્! અંગ, સ્વપ્ન, સ્વર, ઉત્પાત, ભૂમિ, આકાશ, વ્યંજન, અને લક્ષણ એમ આઠ પ્રકારના નિમિત્ત

શાસ્ત્રો છે તેમાં સ્વપ્ન નિમિત્ત શાસ્ત્રમાં શુભ અને અશુભ ફળ આપનારા બહોંતેર સ્વપ્નોનું વર્ણન કર્યું છે તેમાં ત્રીશ અપ્રશસ્ત-અશુભ છે અને બેતાલીશ પ્રશસ્ત-શુભફળદાયક સ્વપ્નો છે અને તે બેતાલીશમાં પણ ત્રીશ મહાસ્વપ્નો કહ્યા છે. તે ત્રીશ મહા સ્વપ્નોમાંથી તીર્થંકરની માતા અને ચક્રવર્તીની માતા તીર્થંકર અને ચક્રવર્તીનો આત્મા જ્યારે ગર્ભમાં પધારે ત્યારે ચૌદ મહાસ્વપ્નો જુએ છે. ફરક એટલો કે-તીર્થંકરની માતા સ્પષ્ટ જુએ છે અને ચક્રવર્તીની માતા સહેજ ઝાંખા જુએ છે. તથા વાસુદેવની માતા સાત મહાસ્વપ્નોને જુએ છે. બળદેવની માતા ચાર મહાસ્વપ્નોને જુએ છે અને માંડલિકની માતા એક મહાસ્વપ્નને અને ચરમશરીરી જીવોની માતા પણ એક અથવા બે સ્વપ્ન જુએ છે.

તેથી જે આ પટ્ટરાણીએ ચૌદ મહાસ્વપ્ન જોયા છે તેથી તથા બીજા પણ શુભ નિમિત્તોથી અમે એમ જાણીએ છીએ કે—તમારો પુત્ર તીર્થંકર થશે.

આ પ્રમાણે સ્વપ્ન લક્ષણ પાઠકોના મુખથી સાંભળીને મેઘ રાજાએ ઘણા જ હર્ષથી પુલકિત થઈને સ્વપ્નલક્ષણપાઠકોનો વિશેષે કરીને સત્કાર-સન્માન કરીને તેઓને વિસર્જિત કર્યા અને ખુશ થયેલા તેઓ પણ પોત-પોતાને ઘેર ગયા.

ઇંદ્રના આદેશથી દેવાંગનાઓ મંગલાદેવીની સેવા-સુશ્રુષા કરે છે. વાયુકુમાર દેવોની દેવીઓ મંગલાદેવીના નિવાસ ગૃહને સાફ કરે છે. ત્યાર પછી મેઘકુમારદેવની દેવીઓ સુગંધિ જલનો છંટકાવ કરે છે અને ઋતુકુમાર દેવોની દેવીઓ પંચવર્ણા સુગંધિ પુષ્પોની વૃષ્ટિ કરે છે. જ્યોતિષ્ક દેવોની દેવીઓ દર્પણ હાથમાં લઈને ઉભી રહે છે અને કિન્નરીઓ પ્રભુના તથા પ્રભુની માતાના ગુણ ગાય છે તથા વૈમાનિક દેવીઓ પ્રભુની માતાને સ્નાન અને વિલેપન કરાવે છે.

તે સમયે તે દેશમાં પરચક્રનું આક્રમણ, મારિ-મરકી દુર્ભિક્ષ = દુકાળ, રોગ આદિ ઉપદ્રવો શાંત થયા તથા ઋદ્ધિ અને સમૃદ્ધિ પૃથ્વી પર પ્રગટ થયા તથા તીર્થંકરના અદૃશ્ય પ્રભાવથી સીમાડાના રાજાઓ હાથી ઘોડા રત્ન સુવર્ણ આદિ ઉત્તમ વસ્તુઓના ભેટણાઓ મેઘરાજાને અર્પણ કરી પ્રણામ કરે છે અને મેઘરાજા પણ આવેલા તે રાજાઓનો સત્કાર-સન્માન કરે છે.

હવે આ બાજુ—પ્રાતઃકાળે જેમ કવિની બુદ્ધિ વૃદ્ધિ પામે, ગ્રીષ્મઋતુમાં જેમ સમુદ્રની વેલા વૃદ્ધિ પામે તેમ તે ગર્ભના પ્રભાવથી મંગલાદેવી લાવણ્ય અને ઐશ્વર્યથી વિશેષે વૃદ્ધિ પામ્યા.

તે સમયે સૂર્ય જેવા તેજસ્વી ગર્ભના પ્રભાવથી શરદ ઋતુની મેઘમાળાની જેમ મંગલાદેવી ઉજ્જ્વળ કાંતિવાળા થયા.

જિનપુંગવ અમારા સ્તનનું પાન કરશે એ પ્રમાણેના ગૌરવથી હર્ષિત થયા ન હોય! તેમ પયોધર = સ્તનયુગલ પુષ્ટ થયા. તથા જિનેશ્વરના મુખકમલ જોવા માટે તેણીની આંખો સવિશેષ વિકશિત થવાથી મનોહર = સુંદર અને નિર્મળ થઈ.

ગર્ભાનુભાવથી વિવાદ નિર્ણય—હવે આ બાજુ-તે નગરમાં નિવાસ કરનાર ચંદ્ર નામનો વણિક છે તેને બે ભાર્યા છે. એક વખત બન્ને સ્ત્રીઓ સાથે ધન મેળવવા પરદેશ ગયો. ત્યાં એક સ્ત્રીએ પુત્રનો જન્મ આપ્યો. બન્ને સ્ત્રીઓ તે બાળકનું પાલન-પોષણ કરે છે. હવે તે ચંદ્ર વણિક ઘણું ધન કમાઈને પોતાના દેશ તરફ પાછો આવે છે ત્યાં રસ્તામાં દૈવ-ભાગ્યના કર્મના દુર્વાર અશુભ વિલાસથી મરણ પામ્યો. હવે પિતાની સંપત્તિનો સ્વામી પુત્ર થાય એ નીતિ અનુસાર તે બાળકની અપરમાતા "પુત્ર અને ધન મારું છે" એ પ્રમાણે બોલતી પુત્રની સાચી મા સાથે કલહ = ઝગડો કરવા લાગી. ઝગડો શાંત થયો નહિ. અનુક્રમે અયોધ્યાનગરી આવ્યા પોતાના કુટુંબીજનો તથા પરિચિત પાડોશી લોકોથી પણ વિવાદ શમ્યો નહિ ત્યારે ધર્મસ્થાને ધર્મગુરુ પાસે ગયા ત્યાં પણ કલહનો અંત ન આવ્યો ત્યારે રાજા પાસે આવ્યા. રાજાએ વિવાદનું કારણ પૂછયું ત્યારે અપરમાતાએ માયા પૂર્વક બધી ખોટી હકીકત કહી અને કહ્યું કે-કોઈ પણ ઠેકાણે અમારા આ વિવાદનો છેડો ન આવ્યો. તેથી પરદુઃખે દુઃખી થનારા ધર્મરાજા એવા તમોને જોઈને અમે આપની પાસે આવ્યા છીએ. "આ પુત્ર મારી કુખે જનમ્યો છે અને રૂપ-રંગે મારા જેવો જ છે, મેં તેને ઉછેરીને મોટો કર્યો છે તેથી આ ધન પણ મારું છે. ત્યાર પછી સાચી માતા બોલી-" આ પુત્ર મારો છે અને ધન પણ મારું છે અને આ મારી શોકય છે. લોભથી આકુળ-વ્યાકુળ થયેલી મારી સાથે ઝગડો કરે છે. સરળ હૃદયવાળી એવી મેં પુત્રનું પાલન-પોષણ કરતી એવી તેણીને અટકાવી નહિ તેથી હમણા તે પણ બાળકને સ્તનપાન કરાવે છે."

આ પ્રમાણે બન્ને સ્ત્રીઓની અનુક્રમે વાત સાંભળી ને સભાજન સમક્ષ રાજા બોલ્યા કે—આ બન્ને સ્ત્રીઓ એક જ બીંટમાં થયેલા ફૂલ યુગલની જેમ સમાન વયઃ-રૂપવાળી છે. જો કદાચ આ બન્નેમાં વિષમતા હોત તો જેના સદૃશ આ બાળક દેખાય તેનો આ બાળક છે એમ અનુમાન કરી શકાય પણ આ બાળક બન્ને સ્ત્રીઓના સદૃશ જણાય છે કહી શકાતું નથી કે—સાચી મા કઈ અને અપર મા કઈ!!!

"ખોટો નિર્ણય ન થાઓ" એ પ્રમાણેના વિચારવાળા પાપભીરૂ રાજાને વિચાર કરતાં મધ્યાહ્ન થયો, તે વખતે મંત્રીઓએ કહ્યું કે—"હે દેવ! વજ્રગાંઠની જેમ દુર્ભેદ્ય એવો આ વિવાદ છ મહિને પણ અમારાથી ઉકેલાશે નહીં તેથી હમણાં સમયોચિત આવશ્યક કાર્ય કરો, સમયાંતરે આપણે પુનઃ વિચાર કરશું—" "એવં ભવતુ" એમ કહેતા રાજાએ સભાને વિસર્જિત કરી અને સમયોચિત કાર્ય કરવા રાજા અંતઃપુરમાં ગયા.

તે સમયે રાજાને વેળાંતરે રાજમહેલમાં આવેલા જોઈ મંગલાદેવી પટ્ટરાણી વિનય પૂર્વક મસ્તકે અંજલિ કરી ને પૂછ્યું કે—હે સ્વામિન્! આજે સ્નાનાદિ નિત્ય કૃત્યમાં શા કારણે અતિક્રમ થયો? ત્યારે રાજાએ વિવાદનું સ્વરૂપ કહ્યું તે સાંભળીને ગર્ભના પ્રભાવથી ઉલ્લસાયમાન થઈ છે મતિ=બુદ્ધિ જેઓની એવી પટ્ટરાણીએ કહ્યું કે—સ્ત્રીઓના વિવાદનો તેઓની રૂબરૂમાં જ હું નિર્ણય કરી છેદ કરીશ."

દેવીની વાત સાંભળી વિસ્મય પામેલા રાજા દેવીની સાથે સભામાં જઈને તે બન્ને સ્ત્રીઓને બોલાવી પૂર્વની જેમ ફરીથી વિવાદનું કારણ પૂછ્યું. ત્યારે બન્ને સ્ત્રીઓએ પોત-પોતાની વાત કહી. તે સાંભળીને વિવાદનો નિર્ણય કરીને દેવી બોલ્યા કે—મારી કુક્ષિમાં ત્રણ જ્ઞાનવાળા તીર્થંકર છે. જન્મ થયા પછી તેઓ અશોકવૃક્ષ નીચે બારે પર્ષદાની વચ્ચે આ વિવાદનો નિર્ણય આપશે તેથી તમે બન્ને જણીઓ એટલા સમય સુધી રાહ જુઓ.

આ વાત સાંભળીને અપર માતા બોલી કે—"એમ થાઓ" ત્યાર પછી સાચી મા બોલી કે—તમે સર્વજ્ઞ પ્રભુના મા છો તેથી તમે આજે જ નિર્ણય કરો, કેમકે-હું એટલા સમય પર્યંત પુત્રને તથા ધનને શોકયને આધીન કરીશ નહીં.

બન્ને સ્ત્રીઓની વાત સાંભળી, વિચારીને દેવી બોલ્યા કે-કાળ ક્ષેપ નહિ સહન કરવાથી નિશ્ચે આ સ્ત્રીનો જ આ બાળક હોવો જોઈએ. અને અપર માતા ન્યાય ન મળે તેટલો સમય ધન તો ભોગવાય ને એ અપેક્ષાએ અને કદાચ ખોટો ન્યાય થાય તો પુત્ર પણ મળે માટે કાળક્ષેપ સ્વીકાર્યો.

અને સાચી મા પુત્ર અને ધનને બન્નેને પરવશ થતું કેમ સહન કરે તેથી તે કાળક્ષેપ સહન કરતી નથી.

તેથી હે ભદ્રે! ખરેખર તમે કાળક્ષેપ સહન નથી કરતા તેથી અમે જાણીએ છીએ કે—નિશ્ચે આ પુત્ર તમારો છે માટે તમે આ પુત્રને તથા ધનને ગ્રહણ કરો-અપર માતાએ ભલે પુત્રનું લાલન-પાલન-પોષણ કર્યું પણ તે પુત્ર તો તમારો જ છે

જેમ ધાવમાતાથી લાલન-પાલન કરતો રાજકુમાર તે પટ્ટરાણીનો જ પુત્ર કહેવાય છે, ધાવમાતાનો નહીં, તેમ આ પુત્ર તમારો છે.

આ પ્રમાણે ગર્ભના પ્રભાવથી મંગલાદેવીએ વિવાદનો નિર્ણય કર્યો ત્યારે રાજા તથા સભાલોક વિસ્મય પામ્યા અને તે સમયે બાળકની સાચી માતા અને અપર માતા પ્રાતઃકાળે ખીલેલા કમળ જેવા વિકશિત મુખવાળી અને સંકોચાયેલા કુમુદ જેવા મ્લાન મુખવાળી અનુક્રમે થઈ છતી પોત-પોતાને ઘેર ગઈ, રાજાની અનુજ્ઞાથી સભા વિસર્જન થઈ સર્વે પોત-પોતાના સ્થાને પહોંચ્યા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં શ્રી સુમતિનાથજિન-ચ્યવનકલ્યાણક તથા વિવાદ-નિર્ણય વર્ણન સ્વરૂપ નવમો પ્રસ્તાવ સમાપ્ત.

શ્રી સુમતિનાથ-જિનસ્તવન

સેવો સુમતિ-જિનેસર સાહિબો, પ્રભુ અભિનંદનથી એહ રે;
નવ લાખ કોડી સાગર તણો, અંતર ગુણગણમણિ-ગેહ રે.—સેવો૦ (૧)
ચવ્યા શ્રાવણ સુદિ બીજને દિને, સૂચિત ચૌદ સુપને જેહ રે,
વૈશાખ સુદિ આઠમે જનમીયા, ત્રણજ્ઞાન સહિત વર દેહ રે.—સેવો૦ (૨)
ઊંચી કાયા ત્રણસે ધનુષની, સોવન વન્ન અતિ અવદાત રે,
સુદિ વૈશાખ નવમીયે વ્રત લીયેં, દેઈ દાન સંવચ્છરી ખ્યાત રે.—સેવો૦ (૩)
ચૈતર સુદિ અગિયારસ દિને, લહ્યું પ્રભુજી પંચમનાણ રે,
ચૈતર સુદિ નવમીયેં શિવ વર્યા, પૂર્વ લાખ ચ્યાલીશ આયુ જાણ રે.—સેવો૦ (૪)
એ તો જિનવર જયગુરુ મીઠડો, માહરા આતમયો આધાર રે,
ભવભવ પ્રભુ શરણે રાખજ્યો, કહે 'પદ્મવિજય' ધરી પ્યાર રે.—સેવો૦ (૫)

*

પ્રસ્તાવ ૧૦ મો

સુમતિનાથ જિન જન્મકલ્યાણક – જેમ પૃથ્વીમાં કંદ વૃદ્ધિ પામે તેમ ગર્ભ માતાને પીડા ન થાય તેમ અનુક્રમે વૃદ્ધિ પામ્યો અને જ્યારે નવ મહિના અને છ દિવસ થયા ત્યારે મઘા નક્ષત્રમાં ચંદ્રમાનો શુભ યોગ પ્રાપ્ત થયો ત્યારે વૈશાખ સુદ આઠમની મધ્યરાત્રીએ મંગલાદેવી માતાએ જાત્યવંત સુવર્ણ તુલ્ય કાંતિવાળા પુત્રનો જન્મ આપ્યો જેમ પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે.

તે સમયે ત્રણે જગતમાં ક્ષણવાર ઉદ્યોત થયો, નરકમાં રહેલા નારકોને પણ ક્ષણવાર સુખ થયું.

અથવા સત્પુરુષના જન્મથી કોને હર્ષ ન થાય? અર્થાત્ બધાને હર્ષ થાય.

દિક્કુમારિકા જન્મમહોત્સવ—હવે અધોલોકમાં વસનારી આઠ દિક્કુમારીઓ અવધિજ્ઞાનથી પ્રભુના જન્મને જાણીને જિનજન્મઘરમાં આવ્યા તેમના નામ—ભોગંકરા ભોગવતી સુભોગા ભોગમાલિની સુવત્સા વત્સમિત્રા પુષ્પમાલા અને અનિંદિતા આવીને પુત્ર સહિત માતાને ત્રણ પ્રદક્ષિણા દઈને તથા વંદન કરીને એમ ભણે છે— કે "દીપકને આપનારી હે દેવી! તમે જય પામો જય પામો! અમે તમોને નમસ્કાર કરીએ છીએ અમે જિનેશ્વરના જન્મનો મહોત્સવ કરવા અધોલોકમાંથી આવ્યા છીએ માટે તમે અમારાથી ભય પામતા નહિ." એમ કહીને મણિ જડેલા હજાર થાંભલા-વાળું સૂતિકાઘર બનાવ્યું, અને સંવર્ત્તક વાયુ વિકુર્વીને યોજન પર્યંતની ભૂમિને સાફ કરી પ્રભુના ગુણ ગાતી ઉભી રહે છે. એ પ્રમાણે મેરૂ પર્વતની ચૂલિકામાં રહેનારી ઊર્ધ્વલોક નિવાસિની મેઘંકરા મેઘવતી સુમેઘા મેઘમાલિની તોયધરા વિચિત્રા વારિષેણા અને બલાહકા નામની આઠ દિક્કુમારિકાઓ યોજનપર્યંત ભૂમિ ઉપર સુગંધિ જલ છાંટીને પાંચે વર્ણોના સુગંધિ પુષ્પોની વૃષ્ટિ કરે છે.

એ જ પ્રમાણે—પૂર્વ રૂચક પર્વત પર રહેનારી નંદા ઉત્તરાનંદા આનંદા નંદિવર્ધના વિજયા વૈજયંતી જયંતી અને અપરાજિતા નામની આઠ દિક્કુમારિકાઓ હાથમાં દર્પણ લઈને પ્રભુગુણ ગાતી ઊભી રહે છે.

એ પ્રમાણે દક્ષિણ રૂચકપર્વત પર રહેનારી સમાહારા સુપ્રદત્તા સુપ્રબુદ્ધા યશોધરા લક્ષ્મીવતી શેષવતી ચિત્રગુપ્તા અને વસુંધરા નામની આઠ દિક્કુમારિકાઓ તીર્થજલ ભરેલા પૂર્ણ કળશ હાથમાં લઈ પ્રભુ ગુણ ગાતી ઉભી રહે છે.

એ જ રીતે પશ્ચિમ રૂચક પર્વત પર રહેનારી ઈલાદેવી સુરાદેવી પૃથિવી પદ્માવતી એકનાશા નવમિકા ભદ્રા અને સીતા નામની આઠ દિક્કુમારિકાઓ હાથમાં વીંજણું લઈને પ્રભુ ગુણ ગાતી ઊભી રહે છે.

એ જ રીતે ઉત્તર રૂચક ગિરિ પર રહેનારી અલંબુસા મિતકેશી પુંડરિકા વારૂણી હાસા સર્વપ્રભા હ્રી અને શ્રી નામની આઠ દિક્કુમારિકાઓ હાથમાં ચામર લઈ પ્રભુ ગુણગાન કરતી ઉભી રહે છે.

એ પ્રમાણે મધ્ય રૂચક પર્વત પર રહેનારી રૂપા રૂપાસિકા સુરૂપા અને રૂપકાવતી નામની ચાર દિક્કુમારિકાઓ જિનજન્મઘરમાં આવીને ચાર અંગુલ પ્રમાણ નાલને છેદીને ભૂમિ ખોદી નાળ મૂકી તે ઉપર વૈડૂર્ય રત્નમયપીઠિકા બનાવે છે. અને જન્મઘરથી પૂર્વ–દક્ષિણ અને ઉત્તર દિશામાં એકએક એમ ત્રણ કેળઘર બનાવે છે અને પ્રત્યેક કેળઘરમાં એક એક સિંહાસન પથરાવે છે ત્યાર પછી તીર્થંકર પ્રભુને કરયુગલમાં અને જિનમાતાને બાહુના સહારે દક્ષિણદિશાના કેળઘરમાં લઈ જાય છે અને સિંહાસન ઉપર બેસાડે છે તદનંતર શતપાક–સહસ્રપાક તેલ વડે અભ્યંગન કરે છે અને સુગંધિ ઉદ્વર્ત્તનથી શરીરની મલિનતાને દૂર કરે છે ત્યાર પછી પૂર્વોક્ત વિધિએ પૂર્વદિશાના કેળઘરમાં લઈ જઈ સિંહાસન ઉપર બેસાડી સુગંધિ જલથી સ્નાન કરાવે છે અને સર્વ અલંકારથી વિભૂષિત કરીને પૂર્વોક્ત વિધિએ જિનેશ્વરને તથા જિનમાતાને ઉત્તર દિશાના કદલીગૃહમાં લઈ જઈ સિંહાસન ઉપર બેસાડે છે, ત્યારપછી હિમવંત પર્વત ઉપરથી લાવેલા ગોશીર્ષ ચંદનથી અગ્નિ સળગાવી–હોમહવનની વિધિ કરીને જિનેશ્વર તથા જિનમાતાના હાથમાં રક્ષા પોટલી બાંધે છે અને બે રત્નના ગોળા હાથમાં લઈ હે પ્રભુ! મેરૂગિરિ તુલ્ય દીર્ઘાયુ થાઓ એમ બોલતી જિનેશ્વરના કર્ણ પાસે પરસ્પર અથડાવે છે.

ત્યાર પછી પૂર્વોક્ત રીતે જિનેન્દ્ર તથા જિનેન્દ્રજનનીને જન્મગૃહમાં લઈ જઈ શય્યામાં સુવડાવે છે અને પ્રભુ તથા પ્રભુમાતાના ગુણ ગાતી પોત–પોતાના સ્થાને જાય છે.

ઇંદ્રે કરેલ જિનજન્મમહોત્સવ—પ્રભુના જન્મ સમયે પ્રકૃષ્ટ પુણ્યના પ્રભાવથી પ્રકંપિત થયેલા સિંહાસનથી જાણ્યો છે તીર્થંકરનો જન્મ જેમણે એવો હર્ષિત મનવાળો સૌધર્મેન્દ્ર જિનેશ્વર સન્મુખ સાત-આઠ ડગલા જઈને પંચાંગ પ્રણિપાત કરી શક્રસ્તવ સ્તોત્ર ભણે છે. ત્યાર પછી સિંહાસન ઉપર બેસીને હરિણૈગમેષી દેવને આજ્ઞા કરે છે કે—" જંબૂદ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ મધ્યખંડમાં અયોધ્યાનગરીમાં મેઘરાજાની મંગલાદેવી પટ્ટરાણીની કૂખે પાંચમા તીર્થંકરનો જન્મ થયો છે તેથી તેઓના જન્મ-મહોત્સવ કરવા માટે બધા દેવોને પરિવાર સાથે બોલાવો ". આ પ્રમાણે ઇન્દ્રની આજ્ઞા સાંભળી હરિણૈગમેષી દેવ સુધર્મા સભામાં સુઘોષા ઘંટ વગાડે છે તે જ સમયે બાકીના ૩૨૯૯૯૯૯૯ વિમાનોમાં રહેલા ઘંટ મધુર ધ્વનિએ વાગ્યા અને તેઓના પડઘાથી જીવલોક શબ્દમય બન્યો.

બધા દેવો પોત પોતાના પરિવાર સાથે પોત પોતાને યોગ્ય વિમાનમાં આરૂઢ થયા તે સમયે સૌધર્મેન્દ્ર પણ પાલક નામના આભિયોગિક દેવને આજ્ઞા કરી કે—" જંબૂદ્વીપ પ્રમાણવાળા મણી-રત્નમય સુંદર વિમાન બનાવો " તે દેવે પણ નિમેષ માત્રમાં એક લાખ યોજનના વિસ્તારવાળો અને ૫૦૦ યોજન ઊંચો એવો સુંદર રમણીય અને દેદીપ્યમાન સર્વલક્ષણસંપન્ન વિમાન બનાવીને ઇંદ્ર મહારાજાને કાર્ય આપની આજ્ઞા મુજબ કર્યું એમ જણાવે છે. ઇંદ્ર પણ આઠ અગ્રમહિષી (ઇંદ્રાણી) ૮૪૦૦૦ સામાનિક દેવ, તથા ૩ લાખ ૩૬ હજાર અંગરક્ષક દેવ, ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવ, ૩ પર્ષદા, ૭ સેના, ૭ સેનાપતિ, ૪ લોકપાલ થી પરિવરેલ તે વિમાનમાં બેસે છે.

તદનંતર મંગલ તૂર્ય-વાજિંત્રોના નાદ સાથે બીજા ઘણા દેવોના વિમાનોથી પરિવરેલ પાલક વિમાન સુધર્મદેવલોકના મધ્યમાંથી ઉત્તર દિશામાં તીર્છું ઉતરતું અસંખ્ય દ્વીપ-સમુદ્રોને ઓળંગીને નંદીશ્વર દ્વીપમાં આવ્યું, ત્યાં દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચે આવેલ રતિકર પર્વત ઉપર વિમાનને સંક્ષેપીને થોડા પરિકર સાથે પ્રભુની જન્મભૂમિએ આવ્યો, અને બાકીના દેવો મેરૂ પર્વત ઉપર ગયા.

ઇંદ્ર અયોધ્યામાં પ્રભુના જન્મભવનમાં આવી પ્રદક્ષિણા દઈ હાથ જોડી પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યો—તે આ પ્રમાણે—હે પ્રભુ! સર્વોત્તમ સ્વર્ગલોકને છોડીને ભવ રૂપ મહા સમુદ્રમાં ડૂબી રહેલા જીવને તમારા વિના બીજો કોણ ઉદ્ધરવા સમર્થ છે? કોઈ જ નથી. કેવળ સજ્જન મહાપુરુષો જ પોતાના કાર્યને ગૌણ કરી પરોપકાર કરવામાં સર્વદા તત્પર હોય છે.

હે પ્રભુ! આજે મારી હજાર આંખો સફળ થઈ છે કેમકે—સર્વ સ્વાભાવિક સુખના સંકેતને કરનાર એવું પરમ પાવનકારી સૌમ્ય આલ્હાદકારી લાવણ્યમય આપનું રૂપ જોઉં છું તથા પૂર્ણિમાના ચંદ્રની જ્યોત્સ્ના જેવા અભિરામ ગુણોના સમૂહને ગાતી જિહ્વાથી હે પ્રભુ! આજે મારું સહસ્રજિહ્વ નામ સાર્થક થયું છે.” એમ સ્તુતિ કરી પ્રભુ માતાને કહે છે કે—હે દેવી! હું સુધર્મપતિ સૌધર્મેન્દ્ર છું આપના પુત્રનો જન્મ મહોત્સવ કરવા આવ્યો છું તેથી તમે ડરતા નહિ. એમ બોલતો સપરિવાર-પ્રભુમાતાને અવસ્વાપિની નિદ્રા આપી જિનમાતા પાસે પ્રભુ તુલ્ય પ્રતિરૂપ સ્થાપીને ઇંદ્ર સ્વયં પાંચ રૂપ વિકુર્વે છે. એક રૂપે જિનેશ્વરને કર સંપુટમાં ગ્રહણ કરે છે એક રૂપે પીઠ પાસે છત્ર ધારણ કરે છે બે પડખે બે રૂપે ચામર ઢાળે છે અને એક રૂપે આગળ વજ્ર ઉલાળતો ચાલે છે એમ પ્રભુને લઈ તૂર્યના ગંભીર ધ્વનિથી ગગનમંડળને પૂરતો નાચી રહેલા ગાઈ રહેલા દેવ-દેવીઓથી પરિવરેલ ઇંદ્ર અનુક્રમે મેરૂ પર્વત ઉપર પાંડુક વનમાં આવે છે. ત્યાં દક્ષિણ દિશાએ રહેલ અતિપાંડુકંબલ શિલા ઉપર રહેલા સિંહાસન ઉપર પ્રભુને ખોળામાં લઈને બેસે છે.

હવે મહાઘોષ નામના ઘંટના અવાજથી જણાવી છે જિન-જન્મવેળા જેમણે એવા ઇશાનેન્દ્ર પુષ્પક નામના આભિયોગિક દેવે બનાવેલ પુષ્પક વિમાનમાં બેસીને અઠ્ઠાવીસ લાખ વિમાનવાસી દેવો-દેવીઓથી પરિવરેલા ઈશાન દેવલોકના મધ્ય-મધ્યમાંથી દક્ષિણાભિમુખે નીચે ઉતરતાં નંદીશ્વર દ્વીપમાં ઉત્તર-પૂર્વ વચ્ચેના રતિકર પર્વત ઉપર વિમાનને સંક્ષેપીને સપરિવાર મેરૂ મહિધર પર આવ્યા.

એ જ પ્રમાણે બાકીના ઇંદ્રો પણ સપરિવાર મેરૂ ઉપર આવી પહોંચ્યા.

પરંતુ એટલી વિવિધતા પરસ્પર વિશેષ જાણવી તે આ પ્રમાણે—સૌધર્મ-સાનત્કુમાર-બ્રહ્મલોક-મહાશુક્ર અને પ્રાણત દેવલોકના ઇંદ્રોને સુઘોષા ઘંટા અને હરિણૈગમેષી પદાતિસેનાપતિ ઉત્તર દિશા તરફ ક્રમશઃ ઉતરાણ અને દક્ષિણ-પૂર્વના રતિકર પર્વત ઉપર વિમાનને સંક્ષેપવું.

અને ઈશાન-માહેન્દ્ર-લાંતક-સહસ્રાર અને અચ્યુતના ઇંદ્રોને મહાઘોષા ઘંટા લઘુપરાક્રમ નામનો પદાતિસેનાપતિ-દક્ષિણ દિશા તરફ અનુક્રમે ઉતરવું. ઉત્તર-પશ્ચિમ વચ્ચેના રતિકર પર્વત ઉપર વિમાનને સંક્ષેપવું.

	વિમાન	સામાનિકદેવ	આત્મરક્ષક દેવ	વિમાન તથા વિમાન બનાવનાર દેવના નામ
સુધર્મ	૩૨ લાખ	૮૪૦૦૦	૩૩૬૦૦૦	પાલક
ઈશાન	૨૮ લાખ	૮૦૦૦૦	૩૨૦૦૦૦	પુષ્પક
સાનત્કુમાર	૧૨ લાખ	૭૨૦૦૦	૨૮૮૦૦૦	સુમનઃ
માહેન્દ્ર	૮ લાખ	૭૦૦૦૦	૨૮૦૦૦૦	શ્રીવત્સ
બ્રહ્મલોક	૪ લાખ	૬૦૦૦૦	૨૪૦૦૦૦	નંદ્યાવર્ત્ત
લાંતક	૫૦ હજાર	૫૦૦૦૦	૨૦૦૦૦૦	કામગમ
મહાશુક્ર	૪૦ હજાર	૪૦૦૦૦	૧૬૦૦૦૦	પ્રીતિગમ
સહસ્રાર	૬ હજાર	૩૦૦૦૦	૧૨૦૦૦૦	મનોરમ
આનત પ્રાણત	૪૦૦	૨૦૦૦૦	૮૦૦૦૦	વિમલ
આરણ અચ્યુત	૩૦૦	૧૦૦૦૦	૪૦૦૦૦	સર્વતોભદ્ર

એ જ પ્રમાણે ભવનપતિ નિકાયના ચમરેન્દ્ર આદિ ૨૦ ઇંદ્રો મેરૂગિરિ ઉપર સપરિવારે આવ્યા.

વિશેષતા આ પ્રમાણે—

નિકાય	ઇન્દ્ર	નામ	રાજધાની	સામાનિક દેવ	પદાતિ વિકુર્વેલા સેનાપતિ વિમાન	પ્રમાણ યોજન	આત્મરક્ષક દેવ	ઘંટા નામ
૧ અસુર	૧	ચમરેન્દ્ર	ચમરચંચા	૬૪૦૦૦	દ્રુમ	૫૦,૦૦૦	૨૫૬૦૦૦	ઓઘસ્વરા
	૨	બલીન્દ્ર	બલિચંચા	૬૦૦૦૦	મહાદ્રુમ	૫૦,૦૦૦	૨૪૦૦૦૦	મહૌઘસ્વરા
૨ નાગ	૩	ધરણેન્દ્ર		૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	મેઘસ્વરા
	૪	ભૂતાનંદેન્દ્ર		૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૩ સુવર્ણ	૫	વેણુદેવેન્દ્ર		૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	હંસસ્વરા
	૬	વેણુદાલીન્દ્ર		૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,

૪ વિદ્યુત	૭ હરિકાંતેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	ક્રૌંચસ્વરા
	૮ હરિસહેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૫ અગ્નિ	૯ અગ્નિશિખેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	મંજુસ્વરા
	૧૦ અગ્નિમાનવેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૬	૧૧ પૂર્ણેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	મધુરસ્વરા
દ્વીપ	૧૨ વિશિષ્ટેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૭	૧૩ જલકાંતેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	ભૂસ્વરા
ઉદધિ	૧૪ જલપ્રભેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૮	૧૫ અમિતગતીન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	મંજુઘોષા
દિગ્	૧૬ અમિતવાહનેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૯	૧૭ વેલંબેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	નંદિસ્વરા
પવન	૧૮ પ્રભંજનેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,
૧૦	૧૯ ઘોષેન્દ્ર	૬૦૦૦	ભદ્રસેન	૨૫,૦૦૦	૨૪૦૦૦	નંદિઘોષા
સ્તનિત	૨૦ મહાઘોષેન્દ્ર	૬૦૦૦	દક્ષ	૨૫,૦૦૦	૨૪૦૦૦	,,

એ જ રીતે વ્યંતર અને જ્યોતિષ્ક ઇંદ્રો મેરૂ ગિરિ ઉપર સપરિવાર આવે છે.

પરંતુ પ્રત્યેક ઇંદ્રને ૪૦૦૦ સામાનિક દેવ, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવ, વિકુર્વેલ વિમાન ૧૦૦૦ યોજનપ્રમાણનું દક્ષિણદિશાના વ્યંતરેન્દ્રોને મંજુસ્વરા નામનું ઘંટા છે. ઉત્તરદિશાના વ્યંતરેન્દ્રોને મંજુઘોષા નામનું ઘંટા ત્યાં અને ચંદ્રાદિત્યાદિજ્યોતિષ્કોને સુસ્વર નામનો ઘંટ વાગે છે.

એ રીતે ૬૪ ઇંદ્ર સપરિવારે પ્રભુજન્મમહોત્સવ કરવા મેરૂ ઉપર આવ્યા.

સપરિવાર ૬૪ ઇંદ્રો મેરૂ મહિધર ઉપર એકત્રિત થયા ત્યારે અચ્યુતેન્દ્રે અભિયોગિક દેવોને આજ્ઞા કરી કે—"જિનજન્મ–અભિષેકના ઉપકરણો લાવો." તે દેવો પણ તત્કાલ સુવર્ણમય રૌપ્યમય રત્નમય સુવર્ણરૌપ્યમય સુવર્ણરત્નમય રૌપ્ય-રત્નમય સુવર્ણ-રૌપ્ય-રત્નમય અને મૃન્મય એમ પ્રત્યેક જાતિના ૧૦૦૮, ૧૦૦૮ કલશ, ૧૦૦૮ ભૃંગાર, ૧૦૦૮ દર્પણ, ૧૦૦૮ રત્નકરંડીયા, ૧૦૦૮ થાળ, ૧૦૦૮ પુષ્પચંગેરી દિવ્ય શક્તિથી વિકુર્વી હાજર કરી.

તદનંતર પુનઃ ઇંદ્રના આદેશથી કળશ અને ભૃંગાર લઈને ક્ષીરસમુદ્રમાં જાય છે ત્યાંથી ક્ષીરસમુદ્રનું જલ તથા પંચવર્ણા સુગંધિ કમળો લે છે તથા પુષ્કરસમુદ્ર

માગધાદિ તીર્થ ગંગાદિ મહાનદી અને પદ્માદિ દ્રહોમાંથી સુગંધિ જલ પવિત્ર મૃત્તિકા અને પદ્માદિ કમળો લે છે. લઘુ હિમવંત પર્વતાદિ વર્ષધર પર્વતો તથા નંદનાદિ વનોમાંથી સર્વૌષધિ, પુષ્પ, ગંધ, અને સિદ્ધાર્થ (ધ્રો) ને લે છે. લઈને મેરૂના મસ્તક પર આવેલ પાંડુકવનમાં આવે છે.

ત્યાર પછી ૧૦ હજાર સામાનિક દેવ, ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવ, ચાર લોકપાલ ત્રણ પર્ષદા, સાત સેનાધિપતિ, ૪૦ હજાર આત્મરક્ષક દેવોથી પરિવરેલા અચ્યુતેન્દ્ર પરિમલથી ખેંચાઈને એકત્રિત થયેલા મદોન્મત્ત ભમરાઓની શ્રેણિના સમૂહથી વ્યાપ્ત થયેલા મંદાર પારિજાત વિગેરે કલ્પવૃક્ષોની કુસુમાંજલિ મૂકીને ચંદન ચર્ચિત મંદાર-કલ્પવૃક્ષોના પુષ્પો યુક્ત સુગંધિ જલથી પરિપૂર્ણ પૂર્વોક્ત કળશ અને ભૃંગાર વડે તીર્થંકર પ્રભુનો જન્માભિષેક કરે છે.

તે જન્માભિષેક સમયે કેટલાક દેવો હાથમાં ભૃંગાર (મોટા કળશોને) લઈ ઊભા છે કેટલાક દેવો દર્પણ લઈ ઊભા છે તથા કેટલાક દેવો ચામર વીંજે છે કેટલાક મણિમંડિત ધૂપધાણું લઈ ઊભા રહે છે. કેટલાક કિન્નર સ્વરે ગીત ગાય છે, કેટલાક વાજિંત્રો વગાડે છે અને કેટલાક દેવો આડંબર પૂર્વક નૃત્ય કરે છે કે જેનાથી સુરગિરિનું શિખર કંપાયમાન થાય છે. કેટલાક દેવો જિનગુણગણની કીર્ત્તના કરે છે, કેટલાક જિનેશ્વરના મસ્તક ઉપર છત્ર ધારણ કરી ઊભા છે, કેટલાક દેવો મણિ-સુવર્ણ અને પુષ્પોની વૃષ્ટિ કરે છે, કેટલાક દેવો કુસુમાંજલિ હાથમાં લઈ ઊભા છે, કેટલાક દેવો ન્હવણજલને મસ્તક નમાવી સબહુમાન વાંદે છે, કેટલાક દેવો ઘોડાની જેમ હૈષારવ કરતા દેખાય છે, કેટલાક દેવો હાથીની જેમ ગર્જના કરે છે કેટલાક દેવો સિંહની જેમ નાદ કરે છે અને કેટલાક દેવો વિજળીના ચમકારાની જેમ આમ તેમ દોડે છે.

હવે પ્રભુના મસ્તક ઉપર ક્ષીરસમુદ્રનાં જલનો અભિષેક કરતાં નવા સુકૃત-કંદના અંકૂરની જેમ જલબિંદુઓ ચારે તરફ ઊછળે છે.

પ્રભુના મસ્તક ઉપર પડીને વિસ્તાર પામતું ન્હવણ જલ શ્વેત છત્રની શોભાને અને લલાટ પાસે વળી વંદનમાલા (આસોપાલવના તોરણ)ની શોભાને વહન કરે છે. કર્ણમાં મુક્તાફળ જડિત કુંડળની તુલ્યતા કરે છે. કપોલ=ગાલ ઉપર કર્પૂરની બનાવેલ પત્રવલ્લી તુલ્ય શોભે છે. ઓષ્ઠ યુગલ ઉપર ફેલાતા દાંતના કિરણોથી ઉત્કર્ષ સૌભાગ્યને ધારણ કરે છે. કંઠ અને વક્ષઃસ્થલ ઉપર હારાવલિના વિલાસને વહન કરે છે. બાહા ઉપર હરિચંદનની નિરંતર વૃષ્ટિ સમાન જણાય છે, બાહુ ઉદર અને પૃષ્ઠ ભાગે શ્વેત દિવ્ય વસ્ત્ર જેવું ન્હવણ જલ શોભે છે.

આ પ્રમાણે આડંબરપૂર્વક અચ્યુતેન્દ્રે કરેલ જિનેશ્વરના અભિષેકને નિહાળી આત્મા પવિત્ર થયો એવું અનુભવતા બધા દેવો મહાન આશ્ચર્યને પામ્યા.

ત્યાર પછી સુગંધિ કાષાયવર્ણવાળા સુંવાળા રૂમાલથી જિનેશ્વરના પુણ્યદેહને અચ્યુતેન્દ્ર લુંછે છે. ત્યાર પછી હરિચંદનથી વિલેપન કરે છે, દિવ્ય પુષ્પોથી પૂજા કરે છે, પ્રભુના ચરણ પાસે પુષ્પનો સમૂહ મૂકીને ધૂપ ઉખેવીને સાત-આઠ ડગલા પાછા ખસીને હાથ જોડીને એક તરફ ઊભા રહે છે.

એ પ્રમાણે બાકીના બધા ઇંદ્રો પોત પોતાના પરિવાર સાથે જિનજન્માભિષેકાદિ સર્વ વિધિ ક્રમશઃ કરે છે. ત્યાર પછી—

સૌધર્મેન્દ્રની જેમ ઇશાનેન્દ્ર પાંચ રૂપ વિકુર્વીને એક રૂપે જિનેશ્વરને ખોળામાં લઈને સિંહાસન ઉપર બેસે છે બીજા રૂપે છત્ર ધારણ કરે છે, બે પડખે બે રૂપે ચામર ઢાળે છે અને પાંચમા રૂપે આગળ હાથમાં શૂલ ધારણ કરી ઊભો રહે છે.

ત્યાર પછી સૌધર્મેન્દ્ર પ્રભુની ચારે તરફ એક એક એમ ચાર સ્ફટિકમણીમય વૃષભના રૂપ વિકુર્વે છે અને તે વૃષભના શૃંગોમાંથી ઊછળતી જલની ધારાઓ આકાશમાં ભેગી થઈ જિનેશ્વરના મસ્તક ઉપર પડે છે.

એ રીતે અતિ આનંદ પૂર્વક વિસ્તૃત વિધએ પ્રભુને ન્હવરાવીને ગોશીર્ષચંદનથી પ્રભુના શરીરનું વિલેપન કરે છે, ત્યાર પછી રત્નજડિત આભૂષણો પહેરાવીને દિવ્ય પુષ્પોથી પૂજા કરે છે, ત્યાર પછી પ્રભુની આગળ રૂપ્યમય તંદુલથી અષ્ટ મંગલિકનું આલેખન કરીને આરતિ ઉતારે છે. ત્યાર પછી ગંભીર સ્વરે ગુણ ગર્ભિત જિનસ્તુતિ કરે છે. વળી પુનઃ પુનઃ નમસ્કાર કરીને સૌધર્મેન્દ્ર પુનઃ પાંચ રૂપ વિકુર્વી પ્રભુજીને જન્મભવનમાં લાવે છે. પૂર્વે સ્થાપેલ પ્રતિરૂપને સંહરી તથા અવસ્વાપિની નિદ્રાને પણ સંહરી સૌધર્મેન્દ્ર પ્રભુમાતા પાસે પ્રભુજીને સુવડાવે છે, તથા પ્રભુને પહેરાવવા માટે દિવ્ય વસ્ત્ર યુગલ મસ્તક પાસે મૂકે છે તથા પ્રભુજીને શણગારવા માટે મણિમંડિત કુંડલ ત્યાં મૂકે છે અને ઉપરના ચંદરવામાં લટકતો વિવિધ મણિથી ચમકતો સુગંધિ પુષ્પનો બનેલો એક પુષ્પગુચ્છ બાંધે છે કે જે પ્રભુની દૃષ્ટિને વિનોદ કરાવવા પૂર્વક અતિશય સુખ-હર્ષ આપનારો છે.

તથા રાજમહેલમાં ૩૨ ક્રોડ મણિ-સુવર્ણ-હિરણ્યની વૃષ્ટિ તિર્યગ્જૃભક દેવો દ્વારા કરાવે છે તથા મનોજ્ઞ એવા નંદાસન ભદ્રાસન આદિ સુંદરાતિસુંદર વસ્તુઓ રાજમહેલમાં ઇન્દ્ર મુકાવરાવે છે.

ત્યાર પછી સૌધર્મેન્દ્ર આભિયોગિક દેવોને આજ્ઞા કરે છે કે—આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરો કે—હે દેવો તથા દેવીઓ તમે બધા સાંભળો કે—તીર્થંકર ભગવાન્ તથા તીર્થંકરની માતાનું જે કોઈ મનથી પણ અશુભ ચિંતવશે તેનું માથું અર્જક નામના વૃક્ષની મંજરીની જેમ સાત વાર ફૂટશે (સાત ટુકડા થશે) ઉપરોક્ત ઇન્દ્રની આજ્ઞા સાંભળી આભિયોગિક દેવ તે પ્રમાણેની ઉદ્‌ઘોષણા કરે છે.

જિનેશ્વરને ભૂખ લાગે તોપણ કયારેય પણ સ્તનપાન ન કરે. તેથી ઇન્દ્ર પ્રભુના અંગુષ્ઠમાં અમૃતનો સંચાર કરે છે.

આ પ્રમાણે જેનું કર્ત્તવ્ય સંપન્ન થયું છે એવા સૌધર્મેન્દ્ર પુનઃ જિનેશ્વર તથા જિનજનનીને પ્રણામ કરી નંદીશ્વર દ્વીપ જાય છે બાકીના ઇન્દ્રો મેરૂ પર્વત પરથી સપરિવારે નંદીશ્વર દ્વીપ આવે છે ત્યાં બધા ભેગા મળીને શાશ્વત જિન ચૈત્યોમાં શાશ્વતજિનપ્રતિમા સન્મુખ અષ્ટાહ્નિકા મહોત્સવ કરવા પૂર્વક જિનેશ્વરોની અષ્ટપ્રકારી પૂજાવિધિ કરે છે.

સૌધર્મેન્દ્ર પૂર્વ દિશાના અંજનગિરિ ઉપર જિનપૂજા કરે છે.

ઇશાનેન્દ્ર ઉત્તર ,, ,, ,, ,,

ચમરેન્દ્ર દક્ષિણ ,, ,, ,, ,,

બલીન્દ્ર પશ્ચિમ ,, ,, ,, ,,

તેઓના ચાર ચાર લોકપાલ દેવો તે તે અંજનગિરિની ચારે દિશામાં રહેલા ૪-૪ દધિમુખ પર્વત ઉપર જિનપૂજાવિધિ કરે છે.

આ પ્રમાણે વૈમાનિક-જ્યોતિષ્ક-ભવનવાસી અને વ્યંતર ઇન્દ્રો પરિવાર સહિત જિનપૂજા-અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને પોત-પોતાના સ્થાને જાય છે.

ઇતિ ઇંદ્રકૃત જિનજન્માભિષેકોત્સવ

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથચરિત્રમાં શ્રી સુમતિનાથજિનજન્મકલ્યાણક
તથા ૫૬ દિક્કુમારિકા કૃત સૂતિકા કર્મ અને ૬૪ ઇંદ્રોએ
કરેલ જિનજન્માભિષેક વર્ણન સ્વરૂપ દશમો પ્રસ્તાવ
સમાપ્ત

પ્રસ્તાવ ૧૧ મો

द्युसत्किरीटशाणाग्रो-त्तेजिताङ्घ्रिनखावणिः ।
भगवान् सुमतिस्वामी तनोत्त्वभिमतानि वः ॥

મેઘરાજા કૃત જિનજન્મોત્સવ—નિશાવિરામે પ્રાતઃકાળે મેઘરાજાએ પોતાની નગરીમાં હર્ષથી નાચતી સ્ત્રીઓના સમૂહ દ્વારા પુત્રજન્મની રમ્ય વધામણી કરી. બંદિજન મુક્ત કર્યા, દીન-દરિદ્રોને ઇચ્છિત દાન આપ્યું-બધે તોરણ બંધાયા, આખા નગરમાં રાજપુત્રના જન્મથી આનંદ આનંદ પ્રવર્ત્યું.

જ્યારે પ્રભુ માતાના ગર્ભમાં હતા, ત્યારે મંગલાદેવી માતાને સુંદર મતિ થયેલ તેથી મેઘરાજાએ જ્ઞાતિજન સન્મુખ પુત્રનું સુમતિ એવું અભિધાન સ્થાપ્યું. વારંવાર બાળકને જોતા મેઘરાજા અમૃતના મોટા કુંડમાં પોતે નિમગ્ન હોય તેમ અનુભવતા.

રાજા કયારેક પુત્રને કંઠે લગાડે કયારેક ખોળામાં બેસાડે કયારેક મહાન કિંમતી મણીની જેમ (જિનેશ્વર પ્રભુ) પુત્રને માથા ઉપર ચઢાવે છે.

ઇંદ્રની આજ્ઞાથી કાંતિ રૂપ જલની વાવડી જેવી સુરાંગનાઓ ધાવમાતાઓ શરીરની છાયાની જેમ પ્રભુના પડખાને કયારેય છોડતી નહિ.

કેસરી સિંહના બાલ સિંહની જેમ ધાવમાતાના ખોળામાંથી ઉઠીને બાલપ્રભુ હર્ષ-આનંદથી વિવિધ ક્રીડા કરે છે.

જ્યારે ક્રીડા કરતા પ્રભુ દોડે ત્યારે આગળ દેવકુમારો હાથીના બચ્ચાઓની જેમ ગ્રીવા વાંકો કરી પાછળ જોતા જોતા આગળ દોડતા જાય છે.

દોડની રમતમાં રમતા રમતા તે દેવકુમારો જ્યારે પકડાવાની તૈયારીમાં હોય ત્યારે હે નરકુંજરેન્દ્ર! તમે કરુણાલુ છો, જિનેશ્વરો હંમેશા દયાળુ હોય છે, તેથી બચાવો બચાવો એમ બોલતા તે દેવકુમારોને પ્રભુ લીલા માત્રમાં પકડી પાડે છે.

પ્રભુનું શરીર દર્પણમાં પડેલા પ્રતિબિંબ જેવું રજ મળ અને પરસેવાથી રહિત હોય છે અને કોઈ સુગંધિ પુષ્પાદિની વાસના આપ્યા વિના પણ પ્રભુનું શરીર સુગંધમય હોય છે.

રાગ વિનાના પ્રભુના મનનો પરિચય પામીને શરીરમાં રહેલું લોહી અને માંસ ગાયના દૂધ જેવા ઉજ્જવળ વર્ણના થયા છે. તથા

પ્રભુનો આહાર અને નિહાર ચર્મચક્ષુ જીવો જોઈ શકે નહિ. અહો! લોકોત્તર ચરિત્રવાળા પ્રભુના કેટલા ગુણ ગાઉં?

અરે! પ્રભુના ઉચ્છ્વાસ-વાયુથી સુગંધમય બનેલ આકાશ તલમાં કલ્પવૃક્ષના ફૂલોના પરિમલની ભ્રાંતિથી ભ્રમરાઓના ટોળા ગૂંજારવ કરતા આમ તેમ ભમે છે.

અનુક્રમે સ્વામી જ્યારે શિશુત્વનો ત્યાગ કરી પ્રભાત સમયે જેમ સૂર્ય અનુક્રમે સ્ફૂરાયમાન તેજવાળો થાય તેમ પ્રભુ યૌવન સન્મુખ થયા.

યૌવનવયઃ—યૌવનારૂઢ પ્રભુના શરીરની ઊંચાઈ ૩૦૦ ધનુષ પ્રમાણ હતી. શરીર રૂપ પુષ્ટ સ્કંધમાં બાહુ રૂપ શાખાવાળો જાણે કે—ભવ-વનમાં જંગમ કલ્પવૃક્ષ ન હોય! તેમ પ્રભુનું સુવર્ણ કાંતિમય દેહ શોભી રહ્યો છે.

જિનદેહ વર્ણન—પ્રભુએ રાગને હૃદયમાંથી કાઢી મૂકયો—હવે નિરાધાર એવો તે રાગ ફરીથી પ્રભુના શરીરમાં પ્રવેશની પ્રાર્થના કરતો હોય ને! તેમ પ્રભુના ચરણતલમાં જઈને રહ્યો.

દશે દિશાઓમાં ફેલાએલા મોહ રૂપ અંધકારને દૂર કરવા માટે ઉદ્યત થયા ન હોય! તેવા જગત્પ્રભુના પગની દશે આંગળીઓના ઉંચે ફેલાતી કાંતિવાળા નખ દશ દીપકની જેમ દીપે છે.

પ્રભુના ચરણની વિદ્રુમવર્ણમયી આંગળીઓ દશ પ્રકારના સાધુધર્મની શોભાના વિલાસને બતાવનારી છે.

પ્રભુ સાધુ અને શ્રાવક ધર્મ રૂપ બે ઘર ઘણા ઉંચા બનાવવાના છે તેથી તે ઘરમાં પ્રવેશવા માટે જાણે કે કરુણા વડે જ ન હોય! તેમ પ્રભુના ચરણો કાચબાની જેમ ઉન્નત્ત છે.

પ્રભુના કંદોરામાં જડેલા મણિઓના કિરણરૂપ તોરણથી યુક્ત ઉરૂ યુગલરૂપ બે સ્તંભ—મોક્ષનગરના પ્રવેશ દ્વારે કેળના બે થાંભલા હોય તેમ શોભે છે.

પ્રભુની નાભિ કરુણારૂપ સુધારસની વાવડીની જેમ શોભે છે તથા દુષ્કર્મરૂપ

ગિરિને ચૂરવા માટે વજ્રની જેમ શરીરનો મધ્યભાગ (ઉદરભાગ) અતિશય રમણીય લાગે છે.

કંચનની શિલા તુલ્ય પ્રભુના વક્ષઃસ્થલમાં કેવલ લક્ષ્મીરૂપ નિધાનની મુદ્રાનો નિવેશ હોય તેમ શ્રીવત્સ શોભે છે.

કેવલ લક્ષ્મી નિધાનની રક્ષા માટે જ ન હોય! તેમ સર્પ જેવા લાંબા હાથ અને ફણા જેવી હથેલીની આંગળીઓના નખો નાગમણીની જેમ ચમકી રહ્યા છે.

અને નરક અને તિર્યંગ્ગતિ રૂપ બે નગરના દ્વાર બંધ કરવામાં સરલ ભુંગળ તુલ્ય બે ભુજા શોભે છે.

શંખના ગંભીર નિર્ઘોષ જેવો પ્રભુનો મધુર કંઠ અતિ પ્યારો લાગે છે અને વિદ્રુમમણિ જેવા રક્તવર્ણના ઓષ્ઠ યુગલ તથા પૂર્ણિમાના ચંદ્ર જેવું મુખ ખૂબ જ દર્શનીય અને આલ્હાદકારી છે.

પ્રભુના શરીરની કાંતિરૂપ નદીમાં ભૂકુટી સેવાળની વલ્લરીની જેમ શોભે છે અને નાશિકારૂપ કમલનાળના અગ્રભાગે ખીલેલા કમળ તુલ્ય નયન શોભી રહ્યા છે.

પ્રભુના કર્ણ સરસ્વતી દેવીના હિંચકાની જેમ અતિશય શોભે છે. મુખરૂપ કમળને ચારે બાજુ જિનગુણગાનરૂપ ગુંજન કરતા ભવ્યજીવરૂપ ભમરાઓ મુખના લાવણ્યરૂપ પરિમલને ચૂંસવા આકુળ-વ્યાકુળ થયા થકા પ્રદક્ષિણા દે છે.

આ પ્રમાણે પ્રભુના શરીરની કાંતિ-લાવણિમારૂપ નદી-તરંગિણીમાં વિલાસ કરતી મૃગાક્ષી = સ્ત્રીઓના મગરમચ્છના સમૂહ સમાન આંખોના વિક્ષોભો = કટાક્ષો લજ્જા પામે છે, સ્ખલના પામે છે નિરાશ થાય છે.

પાણિગ્રહણ—માતા-પિતાના આગ્રહથી સુમતિનાથ પ્રભુ સમુદ્રમાં જેમ નદીઓ તેમ સ્વયંવરા અનેક રાજકુમારિકાઓના પાણિગ્રહણ કરે છે કેમકે—માતા-પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન મહાપુરુષો કયારે ય પણ કરતા નથી.

પૂર્વે બાંધેલા ભોગોપભોગ કર્મને ખપાવવા માટે જ પ્રભુ તેઓની સાથે વિનોદ-વિલાસ કરે છે કારણ કે-જિનેશ્વરો છેલ્લા ભવમાં પૂર્વે બાંધેલા કર્મોને ખપાવવા માટે જ સદા ઉદ્યત હોય છે.

રાજ્યાભિષેક—જ્યારે સુમતિનાથ પ્રભુની ઉમર દસ લાખ પૂર્વ વર્ષની થઈ ત્યારે મેઘરાજાએ અનિચ્છતા એવા પ્રભુનો ઘણો આગ્રહ કરીને રાજ્યાભિષેક કર્યો. રાજગાદી સોંપીને મેઘરાજાએ ગુરુચરણોમાં દીક્ષા લઈને તીવ્ર તપ અને નિરતિચાર ચારિત્રની આરાધના કરી સદ્ગતિગામી થયા.

પ્રભુ રાજ્યાધિરૂઢ થયા પછી બધા રાજાઓ વિનમ્ર બનીને સેવકની જેમ પ્રભુની સેવા કરવા પૂર્વક આજ્ઞા માથે ચઢાવે છે. રાજ્યકાળ દરમ્યાન પ્રભુએ કોઈની પણ ઉપર કોપથી ભૃકુટી પણ ચડાવી નથી તો પછી ધનુષમાં બાણ ચડાવવાની તો વાત જ કયાંથી હોય?

સુમતિનાથ પ્રભુ જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે લોકો પરચક્ર-શત્રુરાજાના ભયથી મુક્ત હતા, રોગાદિ પીડા રહિત હતા, દુકાળ તો કયારેય જોયો ન હતો અને સઘળા સુખો પામ્યા હતા.

પરંતુ પ્રભુના પ્રતાપથી સકલ પૃથ્વી તલ ઉપર રાજ્ય ફેલાયું ત્યારે ભિક્ષા ને મજુરી ન મળવાના કારણે બહુ કલેશ પામતી હતી અર્થાત્ તે સમયે કોઈ ભિક્ષુક ન હતો-કોઈ ભીખ નો'તા માગતા. બધા જ ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતા.

આ પ્રમાણે ૨૯ લાખ પૂર્વ વર્ષ અને ૧૨ પૂર્વાંગ વર્ષ પર્યંત પ્રભુએ સુખપૂર્વક રાજ્યશાસન કર્યું.

ભવ વૈરાગ્યભાવના—જિનેશ્વર માતાની કુક્ષિમાં પધાર્યા ત્યારથી જ ત્રણ જ્ઞાન યુક્ત હતા અને સ્વયંસંબુદ્ધ હોવાના કારણે સંસારનું સ્વરૂપ મનમાં આ પ્રમાણે ભાવે છે કે—"આ સંસારમાં જે સુખ દેખાય છે તે વિષ=ઝેર મિશ્રિત ભોજન જેવું છે કે જે મુખમાં મુકતાં મધુર લાગે અને પરિણામે કાળાન્તરે રીબાવી રીબાવીને મારે તેથી આવા સુખને સમજુ કયો આત્મા ત્યાગે નહિ?

ચોરાશી લાખ જીવાયોનિમાં ભટકતા જીવોને મનુષ્ય ભવ અતિ દુર્લભ છે જેમ ખારી ભૂમિમાં અનાજ અને જલ અતિ દુર્લભ હોય તેમ.

અતિ દુર્લભ મનુષ્યભવને મેળવીને પણ વિષયાદિ સુખોને ભોગવવામાં તત્પર એવા મતિમૂઢ જીવો અમૃતથી પગ ધોવાની જેમ મનુષ્યજન્મને નિરર્થક ગુમાવે છે."

આ પ્રમાણે ભાવના ભાવી રહેલ સ્વામીને લોકાંતિક દેવોએ પોતાના કલ્પાનુસારે હાથ જોડીને માથુ નમાવીને વિનંતી કરી કે—હે ભયવં! તિત્થં પવત્તેહ ।। હે ભગવન્ તીર્થને પ્રવર્તાવો. તે દેવોના નામ—સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરૂત, અને અરિષ્ટ.

નામના નવ લોકાંતિક દેવો પ્રભુને કહે છે કે—"સર્વ જગતના જીવને હિતકારી ધર્મતીર્થ પ્રવર્ત્તાવો." એમ વિનંતિ કરીને લોકાંતિક દેવો પોતાના સ્થાને ગયા.

સાંવત્સરિકદાન—ત્યારથી માંડીને પ્રભુએ સાંવત્સરિક દાન આપવું શરૂ કર્યું,

ઇન્દ્રની આજ્ઞાથી કુબેર ભંડારીએ તિર્યગ્ જૃંભકદેવોને કહ્યું કે—જે ધનના સ્વામી નષ્ટ થયા હોય તથા જે ધનના સ્વામી સ્થાનભ્રષ્ટ થયા હોય તથા જે ધનના સ્વામી ક્ષીણ થયા હોય તથા જે ધનનું સિંચન કરનારા નષ્ટ થયા હોય એવું જે ધન પર્વતોની ગુફામાં રહેલું, સ્મશાન ભૂમિમાં દાટેલું હોય અથવા ઘરમાં દાટેલું હોય તે હિરણ્ય-સુવર્ણ-રત્નના નિધાનોને લાવીને પ્રભુની દાનશાળામાં સ્થાપે છે તથા અયોધ્યાનગરીના સિંગોડાના આકાર જેવા છૂટા પડતા ઘણા રસ્તાવાળા સ્થાનમાં ત્રણ રસ્તા છૂટા પડે તેવા સ્થાનમાં ચાર રસ્તા છૂટા પડે છે તેવા સ્થાને તથા ચોરાયાના સ્થાને અને મોટા માર્ગે તથા નગરમાં આવવા અને જવાના રસ્તાના સ્થાનોમાં એકત્રિત= ઢગલો કરે છે બીજા પણ રસોડાઓ અને ઇષ્ટ પ્રાપ્ત થાય તેવી દાનશાળાઓ શરૂ કરે છે વધારે શું કહું—જે વ્યક્તિ જે કંઈ પણ માગે તે વસ્તુ તેને આપવામાં આવે છે.

જિનેશ્વરો જ્યારે દીક્ષા લે છે તે દિવસથી એક વર્ષ પૂર્વે જ પ્રભુ દાન આપવાનું શરૂ કરે છે. સવારના સૂર્યોદયથી માંડીને સિરામણના સમય સુધીમાં (પ્રાય: ૧૧। પ્રહર પર્યંત) એક ક્રોડ અને આઠ લાખ હિરણ્યનું દાન પ્રતિદિન આપે છે.

તે સમયે સંઘાટક ત્રિક ચતુષ્ક ચત્વર ચાર મુખવાળા મંદિર મહાપથ તથા નગરના દરવાજા પાસે તથા શેરીના આદિ અને મધ્યસ્થાને માગો માગો શું જોઈએ છે જે જોઈએ તે મળે છે એવી ઉદ્ઘોષણા કરવામાં આવે છે. આ પ્રમાણે એક વર્ષમાં ૩૮૮ ક્રોડ ૮૦ લાખ સુવર્ણનું દાન જિનેશ્વર પ્રભુ આપે છે.

તે કાલના પ્રભાવથી અને તીર્થંકર પ્રભુના અતિશયના પ્રભાવથી શું જોઈએ છે? જોઈએ તે લ્યો એમ કહીને આપવા છતાં તે સમયના લોકો જરૂરીયાતથી વધુ ધન લેતા નહિ.

દીક્ષા કલ્યાણક—આ પ્રમાણે અવિચ્છિન રીતે એક વર્ષ પર્યંત સુવર્ણના દાનથી કૃતાર્થ કર્યા છે પૃથ્વીના લોકોને જેમણે તથા દુર્ગતિને ઢાંકી દીધી છે જેમણે એવા જિનેશ્વર પ્રભુએ પોતાના પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા લેવા તત્પર થયા.

તે સમયે ચલાયમાન થયા છે સિંહાસનો જેમના એવા ૬૪ ઇન્દ્રો સપરિવારે આવ્યા. ત્યાં વિમાનમાં જ બેઠા બેઠા ભગવંતને પ્રદક્ષિણા દઈને પછી વિમાનમાંથી ઉતરીને રાજમહેલમાં આવ્યા ત્યાં ફરીથી પ્રભુને પ્રદક્ષિણા કરીને ભગવંતને પ્રણામ કરે છે.

ત્યારપછી જન્મ-મહોત્સવની જેમ તે બધા દેવેન્દ્રો અને નરેન્દ્રો પ્રભુનો સુગંધિજલથી અભિષેક કરે છે. સુગંધિ કાષાયિવસ્ત્રથી શરીરને લુંછે છે, ગોશીર્ષ ચંદનથી વિલેપન કરે છે. દેવદુષ્ય=દિવ્યવસ્ત્રથી અલંકૃત કરે છે, મણિ-રત્ન જડિત

સુવર્ણમય મુકુટાદિ અલંકારોથી વિભૂષિત કરે છે તથા સંતાનક કલ્પવૃક્ષ આદિની પુષ્પમાળાથી શોભાવે છે.

તે સમયે રાજાઓએ બનાવેલી સુવર્ણમયી અભયંકરા નામની શિબિકામાં દેવેન્દ્રોએ બનાવેલી શિબિકા જેમ ચંદનના ધૂપમાં કાલાગરૂનો ધૂપ અંતર્ગત થાય છે તેમ અંતર્ગત થઈ ગઈ.

તે શિબિકામાં ચઢતી વેળાએ અચ્યુતેન્દ્રે પ્રભુને હાથનો ટેકો આપ્યો. ઈશાનેન્દ્ર ચામર વિંજે છે, ચમરેન્દ્રે શ્વેત છત્ર ધારણ કર્યો, બલીન્દ્ર દ્વારપાલ બન્યો અને બાકીના દેવ–દેવેન્દ્રો જય જયકાર બોલે છે તે સમયે પ્રભુ શિબિકામાં ચઢયા અને સિંહાસન ઉપર બેઠા.

જેમના ૩૩ ક્રોડ રોમરાજી વિકસિત થયા છે એવા મનુષ્યોએ સર્વ પ્રથમ શિબિકાને ઉપાડી ત્યાર પછી અસુરેન્દ્ર સુરેન્દ્ર અને નાગેન્દ્રોએ શિબિકાને વહન કરી. તે સમયે ગોત્રીય વૃદ્ધ સ્ત્રીઓ મંગલ ગીત ગાય છે, ચારે તરફ દિવ્ય વાજિંત્ર વાગે છે. આ પ્રમાણે રાજમહેલમાંથી પ્રયાણ કરીને પ્રભુ જ્યારે દીક્ષા લેવાના ઉદ્યાન તરફ પધારતા હતા તે સમયે નગરના લોકો વિસ્ફારિત આંખોથી પ્રભુને જોતા હતા અને તેઓએ કરેલા મંગલને પ્રભુ સ્વીકારતા હતા અને અમૃતની વૃષ્ટિની જેમ પ્રભુ દૃષ્ટિ મૂકીને તે તે લોકોને આનંદિત કરતા હતા. આ પ્રમાણે નગરના મુખ્ય મુખ્ય માર્ગો પરથી પસાર થતા પ્રભુ અનુક્રમે સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા. શિબિકામાંથી નીચે ઉતર્યા ત્યાર પછી પુષ્પાદિની માળાઓ અને સુવર્ણાદિ અલંકારો તથા વસ્ત્રો શરીર પરથી જે સમયે ઉતારે છે તે જ સમયે સુરેન્દ્ર પ્રભુના ખભા ઉપર દેવદુષ્ય મૂકે છે તે સમય હતો વૈશાખ સુદ નવમીનો પૂર્વાહ્ન, મઘા નક્ષત્રમાં ચંદ્રમાનો શુભ યોગ એતાદૃશ અતિપવિત્ર લગ્ન વેળાએ જેમણે એકાસણું કર્યું છે એવા સુમતિનાથ પ્રભુએ એક હજાર રાજાઓની સાથે પંચમુષ્ટિ લોચ કરે છે. તે સમયે ઇંદ્ર પોતાના ઉત્તરાસંગમાં વાળ ગ્રહણ કરી, સ્વયં તત્ક્ષણ અકલ્પનીય ગતિ દ્વારા ક્ષીર સમુદ્રમાં પ્રભુના વાળ પધરાવીને તત્ક્ષણ પાછા આવી હાથના ઈસારાથી સુર અસુર મનુષ્યોને સાવધાન કરી કહ્યું કે પ્રભુની દીક્ષાનો સમય થવા આવ્યો છે. તે સમયે બધાની નજર પ્રભુ ઉપર હતી, સુમતિનાથ પ્રભુ પણ करेमि सामाइयं—પાઠ બોલવા પૂર્વક અણગાર થયા. તે સમયે પ્રભુને ચોથુ મનઃપર્યવ જ્ઞાન થયું તથા ત્રણે ભુવનમાં ઉદ્યોત થયો, નિત્ય દુઃખી એવા નારકીઓ પણ ક્ષણ વાર સુખી થયા.

સુમતિનાથ પ્રભુએ સપરિવાર અપ્રતિબદ્ધ રીતે અન્યત્ર વિહાર કર્યો—

રાજા તથા પ્રજા પ્રભુના દર્શન થયા ત્યાં સુધી અમૃતપાન તુલ્ય પ્રભુદર્શનં

નયનપુટથી કરતા રહ્યા. પ્રભુ જ્યારે દૃષ્ટિથી અગોચર થયા ત્યારે દુઃખિત હૃદયે સહુ પોત-પોતાને સ્થાને ગયા.

દેવેન્દ્ર દાનવેન્દ્રાદિ દેવ-દેવીઓ નંદીશ્વર દ્વીપમાં શાશ્વત જિનાલયોમાં, બિરાજમાન સ્ફટિક-પદ્મરાગાદિ રત્નમય શાશ્વતી જિન-પ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા સ્વરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવ કરી દેવલોકમાં ગયા.

પ્રભુનું પ્રથમ પારણું—સુમતિનાથ જિનેશ્વર વિહાર કરતા કરતા વિજયપુર નગર બહાર ઉદ્યાનમાં પધાર્યા. મધ્યાહ્નકાળે ગોચરીએ વિચરતા પ્રભુએ પદ્મ રાજાના મહેલમાં પરમાન્ન (ખીર)થી પારણું કર્યું તે સમયે પાંચ દિવ્ય થયા તે આ પ્રમાણે (૧) આકાશમાંથી સાડાબાર ક્રોડ સુવર્ણની વૃષ્ટિ, (૨) સુગંધિ જલ વૃષ્ટિ, (૩) સુગંધિ પંચવર્ણીય પુષ્પવૃષ્ટિ, (૪) દેવદુંદુભિનો નાદ અને (૫) " અહો ! દાનં, અહો ! દાનં " એવી ઉદ્‌ઘોષણા.

પ્રભુએ જે સ્થાને ઊભા રહીને પારણું કરેલ તે સ્થાનની કોઈ આશાતના ન કરે તે માટે પદ્મ રાજા ત્યાં રત્નપીઠ બનાવરાવીને ત્રિસંધ્યાએ પ્રભુ ચરણ પાદુકાની અર્ચના (પૂજા) કરે છે.

પરિવાર સહિત પ્રભુએ ત્યાંથી પવનની જેમ અપ્રતિબદ્ધપણે પૃથ્વી ઉપર વિહાર પ્રારંભ્યો.

છદ્મસ્થાવસ્થા—છદ્મસ્થ અવસ્થામાં પ્રભુ વિવિધ અભિગ્રહો ધારણ કરતા, વિવિધ ઉપસર્ગોને સમભાવે સહન કરતા, વિવિધ તપશ્ચર્યામાં તત્પર, વિવિધ આસન દ્વારા ધર્મધ્યાન-શુકલધ્યાનને ધ્યાવતા, જીત્યા છે રાગ અને દ્વેષના વિશાળ પરિવારને જેમણે એવા શ્રી સુમતિનાથ પ્રભુ હતા. વળી ઇંદ્રિયોને જીતનારા, પરિષહોને જીતનારા, ક્રોધ-માન-માયા-લોભરૂપ કષાયને જીતનારા, તથા મોહ ભય અને નિદ્રાને જીતનારા.

વળી, સમાન છે શત્રુવર્ગ અને મિત્રવર્ગ જેમને તથા સમાન છે તૃણ મણિ લેષ્ટુ (ઢેફું) સોનું જેમને તથા, સમાન છે સુખ અને દુઃખ જેમને તથા, સમાન છે નિંદા અને પ્રશંસા જેમને એવા શ્રી સુમતિનાથ પ્રભુ જાણે કે—મૂર્તિમંત ધર્મ જ જંગમ ભાવને પામેલ ન હોય ! એવા શ્રી સુમતિનાથ પ્રભુ હતા.

વળી, જાણે કે પ્રશમરસ જ પ્રત્યક્ષ શરીરધારી ન હોય ! તથા જાણે કે પુણ્યરાશિ જ પ્રત્યક્ષ શરીરધારી ન હોય ! એવા અવર્ણનીય સ્વરૂપ વાળા દર્શન કરનાર જીવના મન અને નયનને આનંદિત કરનારા શ્રી સુમતિનાથ પ્રભુ હતા—

—આ પ્રમાણે અપ્રમત્ત રીતે ગ્રામાનુગ્રામ વિચરતા પ્રભુ વીશ વર્ષે પુનઃ અયોધ્યાનગરીની બહાર સહસ્રામ્રવનમાં પધાર્યા કે જ્યાં પ્રભુએ દીક્ષા લીધેલી.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં શ્રી સુમતિનાથ પ્રભુનો બાલ્યકાળ યૌવનાવસ્થા રાજ્યાભિષેક વૈરાગ્ય સાંવત્સરિકદાન અને દીક્ષાકલ્યાણક વર્ણન સ્વરૂપ અગીયારમો પ્રસ્તાવ સમાપ્ત.

શ્રી સુમતિનાથ જિનેશ્વરના દીક્ષા–છદ્મસ્થ કાળ પર્યંતના ૪૫ બોલ....

૧	ભવ.	૩	૨૫	રાજ્યકાળ	૧૨ પૂર્વાંગ સહિત ૨૯ લાખ પૂર્વ
૨	પૂર્વભવ ક્ષેત્ર	ધાતકીખંડ પૂર્વવિદેહ			
૩	,, વિજય	પુષ્કલાવતી	૨૬	સાંવત્સરિકદાન	૩,૮૮,૮૦,૦૦,૦૦૦ સુવર્ણ
૪	,, નગરી	પુંડરીકિણી			
૫	,, નામ	અતિબલ રાજા	૨૭	દીક્ષાકલ્યાણક	વૈશાખ સુદ ૯
૬	,, ગુરુ	શ્રી સીમંધર સૂરીશ્વર	૨૮	,, તપઃ	એકાસણું
૭	,, શ્રુતજ્ઞાન	૧૧ અંગ	૨૯	,, શિબિકા	અભયંકરા
૮	,, દેવલોક	જયંત અનુત્તર વિમાન	૩૦	,, પરિવાર	૧૦૦૦ રાજા સાથે દીક્ષા
૯	,, આયુષ્ય	૩૩ સાગરોપમ	૩૧	,, નગર	અયોધ્યા
૧૦	ચ્યવનકલ્યાણક	શ્રાવણ સુદ ૨	૩૨	,, ઉદ્યાન	સહસ્રામ્રવન
૧૧	સ્વપ્ન	૧૪ સ્વપ્ન	૩૩	,, વૃક્ષ	અશોકવૃક્ષ
૧૨	ગર્ભકાળ	૯ માસ ૬ દિવસ	૩૪	,, લોચ	પંચમુષ્ટિ
૧૩	જન્મકલ્યાણક	વૈશાખ સુદ ૮	૩૫	,, વેળા	પૂર્વાહ્ને = સવારે
૧૪	,, દેશ	કોશલા	૩૬	,, જ્ઞાન	મનઃપર્યવજ્ઞાન
૧૫	,, નગરી	અયોધ્યા	૩૭	દેવદૂષ્ય	જીવનપર્યંત રહ્યું
૧૬	,, માતા	મંગલાદેવી	૩૮	પ્રથમ પારણું	પરમાન્ન
૧૭	,, પિતા	મેઘ રાજા	૩૯	નગર	વિજયપુર
૧૮	,, ગોત્ર	કાશ્યપ	૪૦	દાતા	પદ્મ રાજા
૧૯	,, વંશ	ઇક્ષ્વાકુ	૪૧	દિવ્ય	પાંચ દિવ્ય
૨૦	,, નામ	સુમતિનાથ	૪૨	વસુધારા	૧૨॥ ક્રોડ સોનામહોર
૨૧	,, લંછન	ક્રૌંચ પક્ષી	૪૩	વિહારભૂમિ	આર્યદેશ
૨૨	શરીર વર્ણ	કંચન વર્ણ	૪૪	છદ્મસ્થકાળ	૨૦ વર્ષ
૨૩	શરીર માન	૩૦૦ ધનુષ્ય	૪૫	પ્રમાદ = નિદ્રા	નથી (અપ્રમત્તતા)
૨૪	રાજકુમારાવસ્થા	૧૦ લાખ પૂર્વ વર્ષ			

—×—



પ્રસ્તાવ ૧૨ મો

કેવલજ્ઞાનકલ્યાણક—તે સહસ્રામ્રવનમાં પ્રિયંગુ વૃક્ષ નીચે ધ્યાનમાં રહેલા તથા અપૂર્વકરણ દ્વારા ક્ષપકક્ષેણિ પર આરૂઢ થયેલા પ્રભુના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય સ્વરૂપ ઘાતિ કર્મો તૂટ્યા.

તે સમય હતો—ચૈત્ર સુદ એકાદશી મઘા નક્ષત્રમાં ચંદ્રનો યોગ.

આ વિશ્વપાવનકારી સમયે શ્રી સુમતિનાથ જિનેશ્વરને કેવલજ્ઞાન—કેવલદર્શન પ્રગટ થયા.

કેવલજ્ઞાન પ્રાપ્તિ સમયે શ્રી સુમતિનાથ પ્રભુને છઠ્ઠ ભક્ત તપ હતો.

તે સમયે અતિશય દુઃખથી પીડાતા નારકોને પણ ક્ષણવાર સુખ થયું.

ત્રણે ભુવનમાં ઉદ્યોત થયો.

તે સમયે ચલાયમાન થયા છે સિંહાસનો જેમના એવા ૬૪ ઇન્દ્રો કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા માટે પરિવાર સાથે તત્ક્ષણ આવી પહોંચ્યા.

સમવસરણની રચના—સહુ પ્રથમ વાયુકુમાર યોજન પ્રમાણની ભૂમિને સાફ કરે છે. ત્યાર પછી મેઘકુમાર સુગંધિ જલની વૃષ્ટિ કરી તે ભૂમિને કોમળ અને સુગંધિ બનાવે છે. તદનન્તર વ્યંતર દેવો સુવર્ણ-મણિ અને રત્નની શિલાઓથી પૃથ્વીપીઠ બાંધે છે. જેના ફળ રૂપે ગાઢ કર્મોના બંધનોથી પોતાના આત્માને મુક્ત કરે છે તથા જાણે કે પૃથ્વીતલમાંથી જ ઊગ્યા ન હોય! તેમ અધોમુખ બીંટ (વૃંત) વાળા પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ ઋતુકુમાર દેવોની દેવીઓ કરે છે.

તથા ચારે દિશાઓમાં મણિ-માણિક્યરત્ન જડેલા તોરણો બનાવ્યા, કે જે તોરણો એક બીજાના કિરણો પરસ્પર મળવાથી સપ્તવર્ણા ઈન્દ્રધનુષ જેવા લાગે છે.

તથા તે તોરણોના પ્રત્યેક થાંભલાઓમાં મણિરત્નની બનાવેલી અપ્સરાઓના મણિરત્નના કિરણો પરસ્પર સંક્રમિત થવાથી જાણે કે દેવીઓ પરસ્પર સખીને ભેટી રહેલી હોય તેમ શોભે છે તથા તે તોરણોમાં દોડતા હાથીઓ કોતરેલા છે તથા અંદરના ભાગમાં ઉજ્જવલ વર્ણની પતાકાઓ ફરકે છે તથા તોરણ ઉપર દશ દિશા રૂપ સુંદરીના હાસ્યની જેમ શ્વેતવર્ણના છત્ર શોભે છે અને તે સમવસરણના મુકુટ સમાન છત્ર ઉપર પોતાને સ્થાન મળ્યું છે તેથી ખુશ થઈ ન હોય તેમ ધ્વજા અતિશય શોભે છે.

અથ—તે સમવસરણની રચનામાં પ્રથમ (બહારનો) ગઢ ભવનપતિ દેવો બનાવે છે તે ગઢ રજત=ચાંદીનો છે અને કાંગરા સોનાના છે.

બીજો વચ્ચેનો ગઢ જ્યોતિષ્ક દેવો બનાવે છે તે ગઢ સુવર્ણમય છે તથા ઉપર મણિના જડેલા કાંગરા હોય.

ત્રીજો અંદરનો ગઢ વૈમાનિક દેવો બનાવે છે તે ગઢ મણિનો બનેલો છે અને કાંગરા માણિકયના છે.

દરેક ગઢમાં ચારે દિશામાં એક એક પ્રવેશ દ્વાર હોય છે તે જાણે કે ચાર રૂપધારી ધર્મરાજાના ક્રીડા કરવાના ગવાક્ષ ન હોય! તેવા શોભે છે.

પ્રત્યેક દરવાજે સુવર્ણમય ધૂપ ઘટિકાઓ વ્યંતર દેવોએ મૂકી છે તેમાં સળગી રહેલા કર્પૂર અગરૂ આદિ ધૂપના ધૂમાડાથી શ્યામ વાદળ જેવો આભાસ થતો, તથા તે જ વ્યંતર દેવોએ રત્નમય પગથીયાવાળી તથા સુવર્ણમય કમળ યુક્ત વાવડીઓ બનાવી.

તથા બીજા સુવર્ણમય ગઢમાં પૂર્વ અને ઉત્તર દિશાના મધ્યભાગે પ્રભુને વિશ્રામ કરવા માટે જ્યોતિષ્ક દેવો દેવછંદા બનાવે છે.

મણિમય અંદરના ગઢના પૂર્વ દ્વારે સુવર્ણવર્ણની દેહકાંતિવાળા બે વૈમાનિક દેવો રક્ષા કરતા ઉભા રહે છે, દક્ષિણ દ્વારે પદ્મરાગવર્ણીય દેહ દ્યુતિવાળા બે વ્યંતર દેવો પહેરો ભરે છે. પશ્ચિમ દ્વારે રત્નવર્ણતુલ્યકાંતિવાળા બે જ્યોતિષ્ક દેવો ઉભા રહે છે અને ઉત્તર દ્વારે અંજનરત્નસમપ્રભાવાળા બે ભવનપતિદેવો રક્ષણ કરી રહ્યા છે.

સુવર્ણમય વચ્ચેના ગઢના પૂર્વદિશાના દરવાજે શ્વેતવર્ણા જયાદેવી, દક્ષિણ દ્વારે રક્તવર્ણા વિજયાદેવી, પશ્ચિમ દ્વારે પીતવર્ણા અજિતાદેવી અને ઉત્તર દ્વારે નીલવર્ણા અપરાજિતા દેવી ઉભા રહે છે. તે પ્રત્યેક દેવીને ૪–૪ હાથ હોય છે તેથી પ્રત્યેક દેવીઓ પ્રત્યેક હાથમાં અનુક્રમે અભય, પાસ, અંકુશ અને મુદ્દગર લઈને ઊભેલા છે.

તથા બહારના રૂપ્યમય=ચાંદીના ગઢના પ્રત્યેક દરવાજે તુંબરૂ નામના વ્યંતર દેવો ઊભા રહે છે કે જે જટા રૂપ મુકુટધારી તથા ખટ્વાંગ ચિહ્નવાળા છે.

અષ્ટપ્રાતિહાર્ય—સમવસરણના અંદરના ગઢની ભૂમિ એક ગાઉ ૧૬૦૦ ધનુષ લાંબી–પહોળી છે, મધ્ય ભાગે વ્યંતર દેવોએ બનાવેલો અશોક વૃક્ષ તથા વિશાળ શાખા પ્રશાખાઓ અને પાંદડાની નિબિડતાના કારણે મનોહર લાગે છે.

તે અશોક વૃક્ષની નીચે સુવર્ણમય પાદપીઠ સહિત મણિમય સિંહાસનની પૂર્વાદિ ચારે દિશાઓમાં સ્થાપના કરે છે અને તે પ્રત્યેક સિંહાસન ઉપર પ્રભુનું ત્રિભુવન-સ્વામિત્વ બતાવવા જ ન હોય તેમ ચંદ્ર જેવા દેદીપ્યમાન ઉપરા ઉપરી ત્રણ ત્રણ છત્ર સ્થાપ્યા. ત્રણે ભુવનના અજ્ઞાનાંધકારનો કોળીયો કરવાની ઈચ્છાવાળા સૂર્યરૂપ જિનેશ્વરની આગળ કેવળજ્ઞાનરૂપ રથના ચક્ર જેવા સુવર્ણમય નવ કમળો વ્યંતર દેવો પ્રભુ વિહાર કરે ત્યારે વિકુર્વે છે. તથા ચંદ્રની જ્યોત્સ્ના જેવા શ્વેતવર્ણના ચામર લઈને વ્યંતરદેવો પ્રભુના બન્ને પડખે ઊભા રહી ઢોળે છે તથા સમવસરણના યોજન પ્રમાણના વિસ્તારમાં અધોમુખ ડીંટવાળા જલ-સ્થલમાં ઉગેલા પંચવર્ણા પુષ્પોની વૃષ્ટિ કરે છે.

પ્રભુના દર્શન લોકો સુખપૂર્વક કરી શકે તે માટે પ્રભુના મસ્તકની પાછળ ૧૨ સૂર્યના તેજ જેવો તેજસ્વી ભામંડલ વ્યંતર દેવો વિકુર્વે છે.

સમવસરણ ભૂમિના ઉપરના આકાશમાં દેવો દિવ્યધ્વનિ અને દેવદુંદુભિ વગાડે છે.

આ પ્રમાણે કરવા યોગ્ય સર્વ કાર્ય પૂર્ણ થયું ત્યારે—

સંસાર-ભવ રૂપ મહાન્ શત્રુને સ્ખલના કરનાર ત્રણે જગત રૂપ નગરનું રક્ષણ કરનાર કિલ્લા જેવા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ દેવોએ વિકુર્વેલા સુવર્ણના કમલ પર ચરણ સ્થાપતા કરોડો દેવોથી પરિવરેલા અનુક્રમે પૂર્વ દિશાના પ્રવેશ દ્વારથી સમવસરણમાં પધાર્યા, ચૈત્યવૃક્ષ = અશોકવૃક્ષને પ્રદક્ષિણા દઈ " णमो तित्थस्स " " તીર્થને નમસ્કાર થાઓ " એમ બોલીને પૂર્વદિશાભિમુખ સિંહાસન ઉપર શ્રી સુમતિનાથ જિનેશ્વર બિરાજમાન થાય છે, વ્યંતર દેવો શેષ ત્રણ દિશાના સિંહાસન ઉપર પ્રભુ જેવા જ પ્રભુના પ્રતિરૂપ = સ્ફટિકાદિરત્નમય પ્રતિમા પધરાવે છે. જિનેશ્વરના અચિંત્ય પુણ્ય પ્રભાવથી તે ત્રણે પ્રતિમાઓ સંપૂર્ણતયા સાક્ષાત્ ભગવાન જેવા જ લાગે છે અર્થાત્ શ્રી સુમતિનાથ પ્રભુ જે જે દેશનાદિની ક્રિયા કરે તે તે ક્રિયા ત્રણે દિશાના પ્રતિબિંબો પણ કરે જ છે અર્થાત્ પર્ષદાના બધા જ જીવો એમ સમજે કે—આ સાક્ષાત્ ભગવાન્ જ છે.

ભવ એ સમુદ્ર

સમવસરણ એ જહાજ

વિવિધ પતાકાઓ એ જહાજની ફરકી રહેલી ધજાઓ

સંસારી જીવો એ મુસાફર

દેશના એ માર્ગદર્શન

ચારિત્રારાધના એ પ્રયાણ

મોક્ષનગર એ ઇષ્ટ પ્રાપ્તિસ્થાન—

આ પ્રમાણે સમવસરણ ઉપર ફરકી રહેલી ધ્વજા-પતાકાઓ જાણે કે-ભવસમુદ્રમાં ડૂબી રહેલા જીવોને બોલાવતી ન હોય તે આ પ્રમાણે—હે લોકો! ભવસમુદ્રને તારનાર જિનેશ્વરરૂપી નિર્યામક યુક્ત એવા આ સમવસરણરૂપ જહાજમાં જલ્દી જલ્દી આવો ...આવો...આવો...

૧૨ પર્ષદા ગણધરો-મુનિવરો વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ એમ ત્રણ પર્ષદા પૂર્વના દ્વારે પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણા દઈ પૂર્વ-દક્ષિણ વચ્ચેના અગ્નિ ખૂણામાં બેસે છે.

ભવનપતિની દેવીઓ, વ્યંતરની દેવીઓ અને જ્યોતિષની દેવીઓ દક્ષિણ દ્વારેથી પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણા દઈ નૈઋત્ય ખૂણે બેસે છે.

ભવનપતિદેવ, વ્યંતરદેવ અને જ્યોતિષ્કદેવ પશ્ચિમ દ્વારે પ્રવેશીને પ્રભુને પ્રદક્ષિણા દઈ વાયવ્ય ખૂણે બેસે છે.

વૈમાનિક દેવ મનુષ્ય અને સ્ત્રીઓ ઉત્તર દ્વારેથી પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણા દઈ ઈશાન ખૂણે બેસે છે.

આવી રહેલા મહર્દ્ધિક દેવને પૂર્વ આવેલા દેવો પ્રણામ કરી આગળ બોલાવે છે, અને તે આવેલા મહાર્દ્ધિક દેવો પણ પૂર્વે આવેલા દેવોને પ્રણામ કરવા પૂર્વક આગળ પધારે છે.

વચ્ચેના ગઢમાં તિર્યંચો બેસે છે-પરસ્પર જન્મ વૈરવાળા જેવા કે-સાપ અને નોળીયો, ઉંદર અને બિલાડો, વાઘ અને બકરી, હાથી અને સિંહ આવા હિંસક પ્રાણીઓ પણ પ્રભુના અતિશયથી વૈરભાવ ભૂલી જઈ એક બીજાને મિત્રની જેમ ભેટે છે, ક્રીડા કરે છે. અને પ્રભુ દેશના સાંભળી સમજી પુલકિત થાય છે. ત્રીજા ગઢમાં દેવો અને મનુષ્યોના વાહનો મુકવામાં આવે છે.

આ પ્રમાણે જ્યારે ક્રોટિશ: દેવો મનુષ્યો અને તિર્યંચો પોત-પોતાના યથાસ્થાને બેસી ગયા ત્યારે સૌધર્મેન્દ્ર ઊભા થઈ પ્રભુને પ્રણામ કરી રોમાંચિત થઈ અંજલી જોડી પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા—

જિનેન્દ્ર સ્તુતિ તથા—

जय सिवपुरपहसंदण ! नंदण ! नीसेसगुणसुरतरूणं ।
मेहनरनाहनंदण ! जणनयणानंद ! नमो ते ॥ ३ ॥

ઇત્યાદિ ૧૦ ગાથા બોલી સૌધર્મેન્દ્ર પ્રભુની સ્તુતિ કરે છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે—

હે ! શિવપુરના માર્ગે રથતુલ્ય હે સુમતિનાથ પ્રભુ !
હે ! સઘળા ગુણ રૂપ કલ્પવૃક્ષના આધાર નંદનવન જેવા તથા
હે ! મેઘ નરપતિના પુત્ર એવા શ્રી સુમતિનાથ જિનેન્દ્ર !
અને જીવોની ચક્ષુઓને આનંદ આપનારા એવા
હે ! શ્રી સુમતિનાથ જિનેન્દ્ર પ્રભુ ! આપને અમારા નમસ્કાર થાઓ.

હે સ્વામિન્ ! આપના ચરણ-કમળને પ્રણમું છું. કેમકે—આપના ચરણોમાં મસ્તક મૂકતાવેંત સિદ્ધિતરૂણી પ્રણામ કરનારને સેંકડો કટાક્ષો દ્વારા પોતાને વશ કરે છે અર્થાત્ તે પુણ્યાત્મા થોડા કાળમાં નિર્વાણપદ પામે છે.

વિશ્વમાં અદ્વિતીય વીર એવા હે સુમતિનાથ જિનેશ્વર ! આપે શરીર રૂપ કિલ્લામાંથી કામ-ક્રોધાદિ ભાવ શત્રુવર્ગને લાંબા કાળ સુધી અન્ન-પાનનો ત્યાગ કરી અર્થાત્ ઉપવાસાદિ તપશ્ચર્યા કરી સર્વથા કાઢી મૂકયો છે.

હે સ્વામિન્ ! અન્યોઽન્ય ધન-રત્ન-ભૂમિ-સ્ત્રી-કન્યા આદિ માટે કર્યા છે મોટા મોટા યુદ્ધ જેમણે એવા રાજાઓ પણ આપની સન્મુખ પર્ષદામાં સ્નેહાલ બંધુની જેમ પ્રેમાલાપ કરતા બેસે છે.

હે નાથ ! સમવસરણના દ્વિતીય ગઢમાં બેઠેલો હાથી ગંડસ્થલ = કપોલમાં ખજવાળ આવવાથી પાસે બેઠેલા સિંહના હાથને = આગલા પગને નિઃશંક પણે પોતાની સૂંઢથી લઈને તે સિંહના પંજા દ્વારા ખજવાળને શાંત પમાડે છે. આ આપના લોકોત્તર અતિશયનો જ મહિમા છે.

હે પ્રભો ! આપની અનુપમ કૃપાના અનુભાવથી મહિષ = ભેંસ સ્નેહથી મહિષને વારંવાર જિહ્વાથી ચાટે છે તથા બળદ પણ ઘોડાને પુનઃ પુનઃ રસનાથી પંપાળે છે.

હે નાથ ! આ તરફ તો જુઓ આ યુવાન કૃષ્ણ હરણ જે અતિ ચંચલ તથા કોઈનો વિશ્વાસ ન કરનાર એવો પણ આજે આપના સાન્નિધ્ય પામીને ઉષ્ટ્રના

મુખને ખોલીને લીલાથી ચંચલ પૂંછડી વાળો થઈ ક્રીડા કરે છે અને પાસે રહેલા વાઘ પાસે પાસે જઈ પ્રેમથી સ્પર્શ કરવા પૂર્વક ગેલ કરતો તેની નાસિકાને સૂંઘે છે.

હે જિનેશ્વર! આ જંગલી બિલાડો તો જુઓ! આપના અપ્રતિમ કરુણાના પ્રભાવથી નાના નાના ઉંદરના બચ્ચાઓને પોતાના બાળકની જેમ સ્નેહથી ગેલ કરાવવા પૂર્વક ક્રીડા વિનોદ કરાવે છે.

વળી, હે જિનેન્દ્ર! આ અદ્‌ભુત દૃશ્ય તો જુઓ! આપની નિરૂપમ મૈત્રી ભાવનાની વાસનાથી વાસિત થયેલો આ સર્પ પોતાની વિશાલ ફણાને ફેલાવી ચારે તરફ હરતો-ફરતો વધતા હર્ષ પૂર્વક નકુલ = નોળીયા સાથે વિધવિધ ક્રીડા કરી જીવનને કૃતાર્થ કરી રહ્યો છે.

તથા બીજા પણ જે કોઈ નિત્ય વૈરવૃત્તિ વાળા જીવો વૈર ભાવનો ત્યાગ કરી મૈત્રીભાવ સ્વીકારી પરસ્પર આનંદ-પ્રમોદ કરે છે તે ખરેખર આપશ્રીએ વિવિધ તપશ્ચર્યા-પરિષહ-ઉપસર્ગાદિ સહન કરી જે ઉપશમ અમૃતરસ પ્રાપ્ત કર્યો છે તેનું આ બધા જીવોને આપે સંવિભાગ કર્યું હોય તેમ મને લાગે છે.

આ પ્રમાણે સૌધર્મેન્દ્ર શ્રી સુમતિનાથ પ્રભુની સ્તુતિ કરી પોતાને ઉચિત સ્થાને જઈ અંજલિ મસ્તક ઉપર ધારણ કરી વિનય મુદ્રાએ બેઠા.

(આ પ્રમાણે યોજનપ્રમાણના સમવસરણની ભૂમિમાં કોટાકોટિ દેવો મનુષ્યો અને તિર્યંચો નિરાબાધ પણે સમાયા એ પણ શ્રી જિનેશ્વર પ્રભુની અક્ષીણમહાલયા નામની લબ્ધિનો જ પ્રભાવ છે.)

તદનંતર શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ ભવ્ય જીવો ઉપર કરુણા લાવી યોજનગામિની તથા સર્વભાષાનુગામિની વાણી કે જે ૩૫ વાણીના ગુણથી યુક્ત એવી અમૃત તુલ્ય વાણીથી ગંભીર ધ્વનિએ ધર્મકથા કહે છે—

ધર્મદેશના:—જન્મ જરા રોગ પ્રિયનો વિયોગ, વહાલાનું મરણ આદિ દુઃખ રૂપ જલના સમૂહ વાળા ભવ-સંસાર રૂપ સમુદ્રમાં ડૂબી રહેલા જીવને જહજ તુલ્ય જિનધર્મ મળવો ઘણો જ દુર્લભ છે.

આ સંસારમાં જીવો અનાદિ કાળથી છે અને તે જીવો મૂળ સ્વરૂપે અનંતકાળ પર્યંત અખંડિત રીતે રહેશે. સંસારી જીવોને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે અને તે કર્મ બંધના હેતુ—કારણો છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

જીવો અજ્ઞાનમૂલક બાલ તપશ્ચર્યા આદિથી અકામનિર્જરા દ્વારા જૂના કર્મોને

નિર્જરે છે તોપણ નવા કર્મ આવતા બંધ ન હોવાના કારણે નદીના પ્રવાહની જેમ તે કર્મો કયારેય પણ ખૂટે નહિ.

આવા અનાદિના કર્મબંધના પરિણામે અનંત પુદ્ગલપરાવર્ત્ત કાળ પર્યંત આત્મા સૂક્ષ્મ નિગોદ વનસ્પતિમાં રહે છે ત્યાં અસંખ્ય નિગોદો છે. પ્રત્યેક નિગોદમાં અસંખ્ય ગોળા છે, પ્રત્યેક ગોળામાં અસંખ્ય શરીરો છે, પ્રત્યેક શરીરમાં અનંતાનંત જીવો રહે છે. તે બધા થીણદ્ધિ મહાનિદ્રા તથા તીવ્ર જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી પરવશ થયેલા અનંત શક્તિવાળા એવા પણ તે જીવો મતિમૂઢ થયેલા કંઈ પણ જાણી-સમજી શકતા નથી અને નિરંતર અવ્યક્ત દુઃખને સહન કરતા સમય પૂર્ણ કરે છે.

ભવિતવ્યતાના યોગથી જેના ગાઢ કર્મબંધનો દૂર થયા છે એવા કેટલાક જીવો સૂક્ષ્મ નિગોદ શરીરમાંથી નિકળી બાદર નિગોદ શરીરમાં આવે છે. તે શરીરોને વ્યવહારમાં નિમ્નોક્ત સંકેતથી ઓળખવામાં આવે છે. લીલી હળદર, લીલી સૂંઠ (આદુ), લીલો કચુરો, સૂરણ, કંદ, ગાજર, બટેટા ઇત્યાદિ અનેક પ્રકારના શરીર રૂપે પરિણામ પામેલા તે જીવો ત્યાં પણ છેદન ભેદન દહન રંધન ચૂર્ણન-પચન આદિ અનેક દુઃખોને અનિચ્છાએ પણ સહે છે. તેમ કષ્ટ સહન કરતાં કરતાં તેઓનો અનંત ઉત્સર્પિણી -અવસર્પિણી જેટલો કાળ પસાર થાય છે. અનુક્રમે કર્મની લઘુતા થતા તથા પુણ્યોદય વધતાં તે જીવો પૃથ્વીકાય અપ્કાય તેઉકાય વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાય પણાને પામે છે. ત્યાં પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પર્યંત વિવિધ પ્રકારના છેદન-ભેદન-દહન-ભક્ષણ આદિ અવર્ણ્ય અસહ્ય એવી અનેક યાતનાઓ ઘણા કષ્ટ પૂર્વક સહન કરે છે.

આમ અકામ નિર્જરા કરતા કરતા પાપ કર્મો કંઈ ઓછા થાય અને પુણ્ય કર્મની વૃદ્ધિ પામે છે.

ભવિતવ્યતા યોગે કેટલાક જીવો વિકલેન્દ્રિયપણું પામે છે (બે-ત્રણ-ચાર ઇન્દ્રિયપણું) પામે છે. ત્યાં પણ શીત-ઉષ્ણ તથા મર્દન-પરિતાપના આદિ ક્લેશોને પામે છે. અકામનિર્જરા કરતાં તેઓ સંખ્યાતો કાળ પસાર કરે છે.

ઘણા પુણ્યના યોગે તે જીવો અનુક્રમે પંચેન્દ્રિયપણું પામે છે. તેમાં અસંજ્ઞિ પંચેન્દ્રિયો જલચર, સ્થલચર તથા ખેચર રૂપે જન્મ લે છે, ત્યાં પણ જલચર જીવો પરસ્પર એક બીજાને ગળે છે તથા માછીમારો જાળ નાખીને માછલા આદિ જીવોને પકડે છે, અગ્નિમાં સેકીને શસ્ત્રોથી છેદે છે ત્યાર પછી થાળીમાં નાખી રાંધીને ખાય છે.

શિકારમાં લુબ્ધ થયેલા રાજાઓ તથા શિકારીઓ નિરપરાધિ એવા સ્થલચર જીવોને બાણ-તરવાર આદિ તીક્ષ્ણ શસ્ત્રોથી હણે છે.

તથા હાથી ઘોડા બળદ ગધેડા આદિ જીવોને પકડી તેને અતિશય ભાર ઉપડાવે છે. તથા ભૂખ તરસ ઠંડી ગરમી લાકડીઓના મારને પરાધીન અને મૂંગા પણાના કારણે મૂંગે મોઢે સહન કરે છે.

ખેચરમાં ચકલી-ચકલા વિગેરે ક્ષુદ્ર પક્ષિઓને ગીધ શ્યેન અને સીંચાણા વિગેરે ખેચરો ખાઈ જાય છે તથા તેતર મોર વિગેરે પણ વિવિધ ઉપાયોથી પોતાથી નબળા જીવોને ઘણી ઘણી વિડંબનાઓથી હેરાન કરી મારીને ખાય જાય છે.

વળી તે જીવો મીનત્વ સર્પત્વ ચિત્તા તથા સિંહપણું પામીને ક્રૂર મનવાળા જંતુઓને મારીને તેમના માંસનું ભક્ષણ કરે છે.

અને રૌદ્રધ્યાનારૂઢ એવા તેઓ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રથમની ત્રણ નરકમાં ગરમી છેલ્લી ત્રણ નરકમાં ઠંડી અને વચ્ચેની ચોથી નરકમાં ઠંડી -ગરમી બંનેની પીડા હોય છે.

તથા પ્રથમની ત્રણ નરકભૂમિ સુધી પરમાધામી દેવો નારકીના જીવોની વિવિધ પ્રકારે કદર્થના કરી દુઃખ આપે છે. તથા ૪-૫-૬ નરકમાં નારકો પરસ્પર શસ્ત્રાદિ વિકુર્વી એકબીજાને પીડા ઉપજાવે અને સાતમી નરકમાં જીવો ક્ષેત્રની તીવ્ર ઠંડીની વેદના સહન કરે છે અને પરસ્પર કંઠે વળગીને એક બીજાને કદર્થના કરે છે.

આ પ્રમાણે ક્ષેત્રજ વેદના અન્યોઽન્યકૃત વેદના અને પરમાધામી દેવ કૃત વેદનાને સહન કરતા નારકો ચિરકાલ પર્યંત નરકમાં વસે છે.

નારકો કુંભીમાં ઉત્પન્ન થાય છે. તે કુંભીના મોઢા નાના હોય પેટ મોટું હોય તેથી જ્યારે ઉત્પન્ન થઈ પર્યાપ્તા થાય અને બહાર નિકળવા પ્રયત્ન કરે તોપણ બહાર નિકળી શકે નહિ ત્યારે કુતુહલ પ્રિય એવા પરમાધામી દેવો આવી તેમને ખેંચીને બહાર કાઢવા યત્ન કરે છે એમ કરતાં તેમના હાથ મોઢું પગ અંગોપાંગ છૂટા થઈ જાય છે પરંતુ મહાદુઃખી એવા તેઓ નિરૂપક્રમી આયુષ્યવાળા હોવાથી મરતા નથી પણ પારાની જેમ તેમનું વૈક્રિય શરીર પાછું જોડાય જાય છે.

વળી કોઈ દેવ કોઈ નારકને હાથથી કે પગથી પકડી શિલા ઉપર જેમ ધોબી કપડાને અફળાવે તેમ અફળાવે છે. લોહીલુહાણ થઈ ખૂબ જ પીડા અનુભવે છે.

કોઈક દેવ વળી નારકીને યંત્રમાં શેરડીની જેમ પીલે છે. તથા કોઈક દેવ કરવતથી લાકડાની જેમ નારકીને કાપે છે.

ગયા ભવમાં પરસ્ત્રીનો સંગ કરેલો હતો ને! તથા સ્વસ્ત્રીમાં ઘણો આસક્ત હતો ને! એમ યાદ દેવડાવી કોઈક નારકને વજ્ર જેવા કાંટાવાળા થાંભલા સાથે કોઈકને શાલ્મલિ વૃક્ષ સાથે તો કોઈકને તપાવેલા લોખંડની પુતળી સાથે આલિંગન કરાવે છે. તથા મુદ્ગરોથી મારે છે.

તથા તને ગયા ભવમાં બીજાનું માંસ બહુ ભાવતું હતું ને! એમ સ્મરણ કરાવી તેમના પોતાના શરીરમાંથી માંસ કાઢીને તેમને પોતાને જ ખવડાવે છે.

ગયા ભવમાં સુખાર્થી એવો તું-વિવિધ પીણા અભક્ષ્ય બરફ આદિનો ઠંડક માટે ઉપયોગ કરતો હતો ને! એમ યાદ દેવરાવી તેમને બલાત્કારે સાડસાથી મોઢું ખોલીને ઉકળતું સીસું પીવડાવે છે.

ગયા ભવમાં ઘાણી ચણા ખૂબ સેકેલા ને! એમ યાદ દેવડાવી તેમને મોટા કડાયામાં નાખી શેકે છે.

તલ જેવા નાના નાના સૈંકડો ટુકડા થયા પછી પણ પારાની જેમ તે બધા ટુકડા ભેગા થઈને નારકીનો જીવ પાછો તેવો હતો તેવો થઈ જાય છે.

વળી કોઈ નારકને ઉકળતા તેલની કડાઈમાં પાપડની જેમ તલે છે.

વળી કોઈક દેવ ગંધાતા તથા ઉકળતા લોહી અને ચરબીથી ભરેલી વૈતરણી નદીમાં નારકોને ફેંકે છે. ડુબાડે છે.

તે નદીમાં ઘાસના પૂળાની જેમ ખેંચાતા વજ્રાનલથી સળગતા તેમના શરીર ફુટે છે, કથમપિ કિનારે આવે તો ત્યાં વજ્રાનલ જેવા તાપથી તપી રહેલ રેતીમાં પગ મૂકતાં જ તેમનું શરીર બળવા માંડે છે પગે મોટા ફોલ્લા થઈ આવે છે.

છાયાની શોધ કરતાં અસિપત્ર વનમાં આવે છે અને વૃક્ષ નીચે આરામ લેવા બેસે છે એટલી વારમાં ઊપરથી તલવાર જેવા તીક્ષ્ણ ધારવાળા પાંદડાઓ તેમના પર પડે છે અને તે નારકોના શરીરના ટુકડે ટુકડા થઈ જાય છે.

વધારે શું કહું? સાતે નારકોમાં જે તીક્ષ્ણ અસહ્ય ભયંકર દુઃખ છે તે દુઃખનું સંપૂર્ણ વર્ણન કોઇ જીહ્વાવાળો ઇંદ્ર પણ કરી શકે નહિ.

આ પ્રમાણે નરક ભૂમિમાં વિવિધ વેદના અનુભવી પાપ કર્મથી હળવા થઈ આયુઃ પૂર્ણ કરી તીર્ચ્છાલોકમાં સિંહ સર્પ આદિ રૂપે જન્મ ધારણ કરે, વળી ત્યાં

પણ જીવવધ આદિ પાપો કરી પુનઃ નરકમાં જાય વળી તંદુલીયા મત્સ્ય રૂપે જન્મ લઈ પુનઃ નરકમાં ઉત્પન્ન થાય.

આમ ઘણા કાળ પર્યંત અવર્ણનીય અસહ્ય દુઃખોને સહન કરી કેટલેક કાળે તે આત્માઓ મનુષ્ય ગતિમાં આવે છે પણ પૂર્વ બાંધેલા અશુભ કર્માનુસારે અનાર્ય દેશમાં ઉત્પન્ન થાય છે અથવા આર્ય દેશમાં ઉત્પન્ન થાય તો પણ માતંગ-ચંડાલ આદિ હલકા કુલમાં જન્મ લ્યે છે, ત્યાં પણ નિરપરાધિ અનેક પશુઓનો વધ કરવા દ્વારા તથા બીજા પણ વ્યસનાસક્તિથી પાપ કર્મો ઉપાર્જન કરી પુનઃ નરકમાં જાય છે. આમ અનંતો કાળ વ્યવહાર રાશિમાં આવ્યા પછી પણ પૂર્વ બાંધેલા અને નવા બંધાતા પાપકર્માનુસારે અવર્ણનીય દુઃખોને ભોગવતા સમય પસાર કરે છે.

અનુક્રમે કંઈ જીવદયાદિ ધર્મની લાગણી થઈ પુણ્યનો ઉદય થયો અને આત્મા ઉત્તમ કુલ અને જાતિ વાળા વંશમાં ઉત્પન્ન થાય તોપણ તે આત્મા જે દુઃખ અનુભવે છે તે સાંભળતા હૈયું કંપી ઊઠે છે. તે દુઃખ આ પ્રમાણે—

કોઈ દેવ નિરોગી યુવાન પુરુષને પ્રત્યેક રોમરાજીમાં યુગપદ્ ૩॥ ક્રોડ લોખંડની તપાવેલી સોય ઘોંચે અને જેટલી વેદના–દુઃખ થાય તેનાથી આઠગણું દુઃખ ગર્ભાવાસમાં જીવને હોય છે.

અને ગર્ભકાલ પૂર્ણ થયે જ્યારે યોનિમાર્ગે જન્મ થાય ત્યારે તો ગર્ભાવાસથી પણ અનંતગુણ દુઃખ હોય છે.

જન્મ પછી બાલ્યકાળમાં મલ-મૂત્ર વાળા કપડા થાય, શરીર પણ મલ મૂત્રથી ખરડાય પણ બોલી શકાતું નથી. રમતાં રમતાં સર્પ આવે તો તેને પકડવા ઇચ્છે અને અગ્નિના લાલ અંગારા જોઈ હાથમાં લેવા પ્રયત્ન કરે (અજ્ઞાનતાથી).

જ્યારે યૌવન વય પામે ત્યારે યૌવનવયરૂપ મેઘની વૃષ્ટિ થવાથી જીવન રૂપ નદીમાં ધનની ઇચ્છા રૂપ પિશાચ અને સ્ત્રીની અભિલાષા રૂપ રાક્ષસી જેવા મોટા મોટા મોજા ઊછળતા પૂર આવે છે. એ પૂરમાં ખેંચાયેલો આ જીવ પોતાના કર્ત્તવ્યને ભૂલી જઈ વિષય-કષાયાધીન બની મોટા મોટા આરંભ-સમારંભ-પરિગ્રહાદિ પાપો કરે છે તે આ પ્રમાણે—

ધાન્યાર્થી—ખેતર ખેડી ખેતીવાડી કરે છે.

મણિ-મોતી માટે મોટા મોટા સમુદ્રોને અવગાહે છે.

ધનાર્થી—દૂર દૂરના દેશાંતરોમાં ભમે છે.

સુવર્ણરસાર્થી—ગુફાઓમાં તથા રસકૂંપિકાઓમાં પ્રવેશે છે.

રત્નાર્થી—રોહણાચલાદિ ગિરિઓ ખોદે છે. રાજાની સેવા કરે છે. નીચ જનની પણ સેવા કરે છે. પારકું ધન લૂંટે છે. ધન માટે પ્રાણને પણ હોડમાં મૂકે છે—આમ લોભ પિશાચને વશ થયેલો તથા ધન માટે વિવિધ કદર્થના સહન કરતા જીવને મારા ઉત્તમ કુલને કલંક લાગશે એવો વિચાર પણ તેને આવતો નથી.

સ્વજન સંબંધી અકાર્ય કરતા અટકાવે તોપણ માને નહિ, આવતો ભવ બગડશે તેની પણ ચિંતા કરે નહિ. કેવલ વિષય સુખમાં આસક્ત થયેલો જીવ દિઙ્મૂઢ બની જાય છે.

પુણ્યકર્મની અનુકૂળતા હોય તો ધન મળે નહિ તો કેવલ ક્લેશને અનુભવતો અન્યથી પરાભવ-તિરસ્કાર પામતો બીજાના હુકમને ઉઠાવતો કાળ વીતાવે છે. તેમાં પણ દુર્ભગતા-રોગ-શોક આદિ મન-શરીરને પીડે છે. ચોરી આદિ પાપ કરતાં પકડાય ત્યારે રાજા કેદખાનામાં પૂરે છે ત્યાં વર્ષો સુધી બંધનમાં રહેલો અકથ્ય દુઃખ સહન કરે છે.

એમ કરતાં કરતાં વૃદ્ધાવસ્થા આવે છે. ચાલવા માટે લાકડીને ટેકો જોઈએ. દાંત પડી ગયા હોય છે તેથી આહાર ચવાય નહીં અને ખોરાક પચે નહિ તેથી અનેક રોગ થાય, આંખ કાન વિગેરે શિથિલ થાય અર્થાત્—આંખે ઓછું દેખાય, કાને ઓછું સંભળાય, શરીર ઉપર ચામડીમાં કરચલીઓ પડે, વાળ સફેદ થાય, મોઢામાંથી નાના બાળકની જેમ લાળો ટપકે છે.

આ પ્રમાણે ઉત્તમ કુલ પામેલો પણ જીવ અર્થ-કામના વિકારોથી યૌવનવય પૂરી કરે છે અને પછી વિધવિધ અભિલાષાની પૂર્તિના અભાવે દીનતાના પ્રચારથી આકુળ-વ્યાકુળ થયેલો તે જીવ આર્ત્તધ્યાન કરે છે. આમ પોતાના જીવનને નિરર્થક પસાર કરે છે પણ જીવ ધર્મ કર્મમાં ઉદ્યમ કરતો નથી.

જે મનુષ્ય ભવ સર્વ કર્મ મલનો ક્ષય કરવા સમર્થ છે તે જ મનુષ્ય દેહને પામીને જીવ વિવિધ પાપ કર્મો કરી, કર્મોથી ભારે થઈ મનુષ્યભવને વિફળ કરે છે.

જેમ ઐરાવણ હાથી ને ગધેડાના બદલામાં વેંચવો અને સુવર્ણને કાણી કોડીને માટે આપી દેવો અને ચળકતા પત્થરને માટે સાચા મણિનો ત્યાગ કરવાની જેમ વિષયાસક્ત જીવ વિષય સુખને માટે મનુષ્ય ભવને વેંચી નાખે છે.

અહો ! આ મનુષ્ય શરીર જીવને સ્વર્ગ અને અપવર્ગ પામવા માટે મળેલો છે પણ આશ્ચર્યની વાત છે કે—મોહમૂઢ એવો જીવ નરકગતિમાં લઈ જનારા પાપ કરવામાં જ તલ્લીન બન્યો છે, કેવી દુઃખદ વાત છે.

ચારિત્ર જ્ઞાન અને દર્શનરૂપ રત્નત્રયના ભાજન તુલ્ય મનુષ્ય જન્મમાં જે પાપ કરવું તે રત્નના થાળમાં ધૂળ નાખવા જેવું છે.

આવા ઇંદ્રિયના વિષયોમાં લુબ્ધ થયેલા અને તેથી જ કષાયો દ્વારા બાંધનમાં બંધાયેલા અને શરીરના સુખના અર્થી એવા તે જીવો મરીને નરકમાં જાય છે અને ત્યાંથી નિકળી તિર્યંચાદિ ચારે ગતિમાં રખડતા અનંતો કાળ પસાર કરે છે.

કથંચિત્ દેવગતિયોગ્ય શુભ કર્મોદયે જ્યારે આત્મા દેવગતિમાં ઉત્પન્ન થાય છે તો ત્યાં પણ મહર્દ્ધિક દેવો તેના ઉપર હુકમ ચલાવે છે અને પોતાની અલ્પઋદ્ધિ જોઈ મનમાં મુંઝાતા ગ્લાનિ અનુભવે છે.

બીજા દેવની અધિક ઋદ્ધિ જોઈને ઈર્ષ્યાના અગ્નિથી બળતા એવા તે દેવો મનમાં શોક કરે છે અને વિચારે છે કે—ગયા ભવમાં આપણે સંયોગ હોવા છતાં સુકૃત ન કર્યું તેથી અલ્પઋદ્ધિ મળી અને આ પુણ્યાત્માએ અધિક સુકૃત કર્યું તેથી અધિક ઋદ્ધિવાળો છે.

એમ કરતા કયારેક પ્રિયતમા એવી દેવી આયુષ્ય પૂર્ણ થયે ચવી જાય ત્યારે તેના વિરહમાં કલ્પાંત વિલાપ કરતો અવર્ણનીય દુઃખ અનુભવે છે.

અથવા કયારેક કોપાયેલી દેવીને સમજાવવામાં ઘણો કલેશ અનુભવવો પડે છે.

કયારેક કામાગ્નિની તીવ્રતાના કારણે બીજા દેવની રૂપાળી દેવીને ઉપાડીને કયાંય દૂર સુદૂર લઈ જાય છે. જ્યારે મહર્દ્ધિક દેવને ખબર પડે ત્યારે વજ્ર લઈને આવી જોરથી મારે છે કે જેના પરિણામે મૂર્છિત થઈ પડે છે તે મૂર્છા છ મહિના સુધી રહે છે ત્યાર પછી કંઈક સ્વસ્થતા પામે છે.

આ પ્રમાણે ઈર્ષ્યા વિષાદ મદ ક્રોધ લોભ માયા આદિ અંતરંગ શત્રુઓના સમૂહો દેવોની પણ પીઠ છોડતા નથી.

તથા આયુષ્યના અંતિમ ભાગે જ્યારે છ મહિના આયુષ્ય શેષ રહે ત્યારે તે દેવો "અરે ! આવી સુંદર દેવીઓ, આવો !મનોહર વિમાન અને આવા દેદીપ્યમાન રત્નો છોડીને મારે અહીંથી જવાનું છે ? આવા વિચારમાં આર્ત્તધ્યાનારૂઢ એવા તે દેવો ચવીને બાંધેલ કર્માનુસાર એકેન્દ્રિયાદિ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે મિથ્યાત્વ મોહનીયથી ઢંકાયેલા છે સમ્યગ્દર્શન રૂપ લોચન જેના એવો જીવ અનંત પુદ્ગલ પરાવર્ત્ત કાળ પર્યંત સંસારમાં ભમે છે.

ચૌદ રાજલોકમાં એવો કોઈ વાલાગ્ર માત્ર પણ સ્થાન નથી કે જ્યાં પ્રત્યેક જીવે અનંતી વાર જન્મ મરણ કર્યા ન હોય.

સંસારમાં તેવું કોઈ વિષય સુખ નથી અને તે વિષય સુખ જનિત એવું કોઈ દુઃખ નથી કે જેને પ્રત્યેક જીવ પામ્યા ન હોય. પરંતુ એક દુર્લભ જિનધર્મ જ જીવ પામી શકયો નથી.

સંસારમાં પરિભ્રમણ કરતા જીવને દેવલોક સુલભ છે, સમુદ્ર પર્યંતની પૃથ્વીનું રાજ્ય સુલભ છે પરંતુ વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ કહેલો ધર્મ જ અતિ દુર્લભ છે.

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે અને વેદનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયની ૩૦ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. નામ અને ગોત્ર કર્મની ૨૦ કોડાકોડી ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

હવે જ્યારે આત્મા ઉત્તમ આલંબનોનો આદર કરે છે ત્યારે પ્રશસ્ત વીર્ય સ્ફુરાયમાન થાય છે અને યથાપ્રવૃત્તિકરણ દ્વારા ઉપરોક્ત સાતે કર્મોની અંતઃકોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિ રહેવા દઈ બાકીની બધી જ સ્થિતિનો ક્ષય કરે છે અને એમ કરતાં ઘન રાગ અને દ્વેષરૂપ ગ્રંથિ પ્રદેશ પાસે જીવ આવે છે.

પરંતુ આટલે સુધી તો ભવમાં ભમતા બધા જીવો અનંતીવાર આવ્યા છે અને પાછા સંસારમાં જઈ સંક્લિષ્ટ ચિત્તવાળા એવા તેઓ પુનઃ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અભવિની જેમ દીર્ઘકાળ પર્યંત ભવમાં રખડે છે.

હવે જે આસન્ન ભવિ જીવો છે તેઓ અપૂર્વ વીર્ય સ્ફોરીને તે ગ્રંથિરૂપગિરિને અપૂર્વકરણરૂપ વજ્રથી ભેદી નાખે છે. ત્યાર પછી અનિવૃત્તિકરણ કરી ત્રણ પુંજ કરે છે, શુદ્ધ અર્ધશુદ્ધ અને અશુદ્ધ—હવે ક્રમ પ્રાપ્ત અશુદ્ધ દલને અંતર્મુહૂર્ત્તમાં વેદીને તે પુણ્યાત્મા મોક્ષવૃક્ષના મૂળ તુલ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

તે સમ્યગ્દર્શન અનંત સુખનું કારણ છે, લાખો દુઃસહ્ય દુઃખોને નિવારનારું છે. આવા સમ્યક્ત્વને રત્નમહાનિધિને જેમ દરિદ્ર તેમ કોઈક જ કૃતપુણ્ય આત્મા પામી શકે છે.

સમ્યક્ત્વ પામ્યા પછી પણ તે અંતઃકોડાકોડી સાગરોપમમાંથી પલ્યોપમ પૃથક્ત્વ પ્રમાણસ્થિતિ ઓછી થાય ત્યારે જીવ દેશવિરતિરૂપ પાંચમું ગુણઠાણું પામે છે.

અને તેનાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઘટે ત્યારે આત્મા સર્વવિરતિ ચારિત્ર પામે છે.

તથા ત્યાર પછી પણ સંખ્યાત સાગરોપમ જેટલી સ્થિતિ ઘટાવે ત્યારે ઉપશમ-શ્રેણિ અને પુનઃ તેટલી સ્થિતિ ખપાવે ત્યારે ક્ષપકશ્રેણિ જીવ પામે છે.

આ પ્રમાણે જિનધર્મને અતિ દુર્લભ જાણીને હે ભવ્ય જીવો જિનધર્મની આરાધનામાં ઉદ્યમ કરો અને પ્રમાદ વશ થઈ એકેન્દ્રિયાદિ દુર્ગતિમાં મ જાઓ...

જિનધર્મને પામીને પણ જે મૂઢ જીવો વિષય પરવશ થાય છે તેઓ અરેખર ભવસમુદ્રમાં જઈને ખીલી માટે નૌકાને ભાંગવા જેવું કરે છે.

આ પ્રમાણે ધર્મકથા સાંભળીને ચમર વિગેરે રાજાઓ બોધ પામ્યા અને બોલ્યા કે—" હે જિનેન્દ્ર! આપે સાચે સાચું કહ્યું છે, તેથી હે સ્વામિન્! દુઃખની લહેરોથી અતિ રૌદ્ર એવા ભવસમુદ્રમાંથી દીક્ષા રૂપ હસ્તાવલંબનના દાનથી આપશ્રી અમોને તારો તારો તારો.....

ત્યારે શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુએ તે બધા મુમુક્ષુઓને દીક્ષા આપી ચમર વિગેરે મહામુનિઓ થયા, વિમલમતિ વિગેરે સાધ્વીઓ થઈ સર્વવીર્ય મહારાજ વિગેરે મનુષ્યો શ્રાવક થયા, મહારાણી ગુણવતી વિગેરે સ્ત્રીઓ શ્રાવિકા થઈ બીજા પણ મનુષ્યો તથા તિર્યંચોએ દેશવિરતિ સ્વીકારી.

અને દેવો તથા દેવીઓ સમ્યગ્દર્શન પામ્યા. મનુષ્ય તથા તિર્યંચો પણ ભદ્રકત્વાદિ તથા માર્ગાનુસારિત્વાદિ ગુણવાળા થયા.

ત્રિપદીઃ—ત્યાર પછી શ્રી સુમતિનાથ પ્રભુએ પૂર્વે ઉપાર્જિત કર્યું છે ગણધરયોગ્ય કર્મ જેમણે એવા તે ચમર વિગેરે ૧૦૦ મુનિવરોને ગણધર પદ યોગ્ય જાણીને સકલ શ્રુતસમુદ્રના સાર રૂપ " उप्पन्नेइ वा, विगमेइ वा धुवेइ वा " ત્રિપદી આપી. ચમરાદિ તે મહામુનિવરોએ પણ તત્કાલ ક્ષયોપશમાનુસારેણ દ્વાદશાંગીની રચના કરી.

ચતુર્વિધ દેવથી પરિવરેલા ઈંદ્ર ઉઠીને દિવ્ય સુગંધિ ચંદનના ચૂર્ણથી ભરેલ થાલ લઈને પ્રભુ પાસે આવ્યા. ત્યારે પ્રભુ પણ સિંહાસન ઉપરથી ઊઠીને વિનયાવનત એવા ચમરાદિ ગણધરોના મસ્તક ઉપર વાસચૂર્ણના મુઠો ભરીને પ્રક્ષેપ કરતાં બોલ્યા કે—સૂત્ર અર્થ અને તદુભયથી તથા દ્રવ્ય-ગુણ અને પર્યાયથી તમોને દ્વાદશાંગીના અનુયોગની અનુજ્ઞા અને ગણની અનુજ્ઞા આપું છું. તે જ સમયે દેવોએ વગાડેલ દુંદુભિના ગંભીર નાદ પૂર્વક દેવ-દેવી નર-નારીઓએ પણ ગણધરોના મસ્તક ઉપર વાસચૂર્ણ ઊછાળ્યો.

તે ગણધરો પણ અંજલી જોડી મસ્તક નમાવી પ્રભુના તે વચનને

"તહત્તિ" કહી સ્વીકારે છે. પુનઃ પ્રભુજી પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બેસીને હિતશિક્ષા ગર્ભિત ધર્મદેશના આપે છે.

એટલામાં પોરિસિ પૂર્ણ થઈ.

બલિબાકળા—આઢક પ્રમાણ અખંડ શાલિ ચોખા ભરેલ મણિમય થાળ મંગાવી ઇંદ્રે તથા દિશાઓને સુવાસિત કરી છે જેણે એવો સુગંધિ વાસચૂર્ણ તે ચોખાના થાળમાં ઇંદ્રે નાખ્યો. પછી એક યુવાન પુરુષ તે થાળને ઉપાડે છે. તે સમયે દેવદુંદુભિના નાદથી આકાશ મંડલ શબ્દમય બની ગયું, મહિલાઓ મંગલ ગીતો ગાય છે. આ પ્રમાણે ઇંદ્ર દેવ દેવી પુરુષ અને સ્ત્રીઓ અનુક્રમે મંગલ ગીત ગાતા ગાતા પૂર્વાદિ ચારે દિશાએ બલિ બાકળા ઊછાળ્યા—તો તેમાંથી અડધા તો ગગનમાં જ વાદળ રૂપ જલદેવોએ તથા ભૂતપિશાચ અને યક્ષોએ ગ્રહણ કર્યા. જે નીચે પડયા તેમાંથી સર્વવીર્યરાજા તથા પ્રાકૃત—સર્વલોકોએ શેષ બલી લીધા. તે બલિબકળાના મહિમાથી પૂર્વોત્પન્ન રોગો નાશ પામે છે અને છ મહિના સુધી નવા રોગો ઉત્પન્ન ન થાય.

ત્યાર પછી ભમરાઓથી પરિવરેલ કમલાકરની જેમ ચતુર્વિધ દેવોથી પરિવરેલા શ્રી સુમતિનાથ જિનેશ્વર સિંહાસન પરથી ઊઠીને સુવર્ણમય બીજા ગઢમાં ઈશાન ખૂણે દેવનિર્મિત દેવચ્છંદામાં પધાર્યા અને મણિમય શિલા પટ્ટ ઉપર પ્રભુ વિશ્રામાર્થે બિરાજમાન થયા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં શ્રી સુમતિનાથ જિન
કેવલજ્ઞાન-કલ્યાણક-સમવસરણની રચના-
ધર્મદેશના-ચતુર્વિધ સંઘની સ્થાપના
વર્ણન સ્વરૂપ બારમો
પ્રસ્તાવ સમાપ્ત.

—: શ્રી સુમતિનાથ જિનસ્તુતિ :—

સુમતિ સુમતિ દાયો મંગલા જાસ માઈ
મેરૂ ને વલી રાઈ ઓર એહને તુલાઈ
ક્ષય કીધા ઘાઈ કેવલજ્ઞાન પાઈ
નહિ ઉણિમ કાંઈ સેવીએ તે સદાઈ.

પ્રસ્તાવ ૧૩ મો

ગણધરદેશના—હવે બીજી પોરિસીમાં પ્રભુના પાદપીઠ ઉપર શ્રી ચમર નામના પ્રથમ ગણધર બિરાજમાન થઈને નવા મેઘની ધ્વનિ જેવી ગંભીર વાણીએ ધર્મદેશના આપવા લાગ્યા. યતઃ અન્યત્ર પણ કહ્યું છે કે—જિનેશ્વરો પ્રથમ અને ચરમ પોરિસીએ ધર્મદેશના આપે અને બીજી પોરિસીએ ગણધર દેશના આપે, કારણ કે—તેથી પ્રથમ પોરિસીએ અગોલ ધર્મદેશનાનો શ્રમ-ખેદ દૂર થાય અને શિષ્યમાં રહેલા ગુણો પ્રગટ થાય અને ઉભયનો સંબંધ થાય તથા આ પ્રમાણે શિષ્ય અને આચાર્યનો કલ્પ છે એનું બધાને જ્ઞાન થાય ઇત્યાદિ ગણધર દેશના આવે તેમાં લાભ જ છે. રાજાએ લાવેલ સિંહાસન ઉપર કે પ્રભુની પાદપીઠ ઉપર બેસી પ્રથમ ગણધર અથવા કોઈ પણ ગણધર બીજી પોરિસીમાં ધર્મદેશના આપે છે. શ્રુતજ્ઞાનના આધારે પર્ષદાએ પૂછેલ પ્રશ્નના જવાબમાં સંખ્યાત-અસંખ્યાત ભવનું સ્વરૂપ બતાવી શકે છે. એટલે

ગણધરદેશના—પ્રથમ ગણધર શ્રી ચમરસ્વામીએ સુર અસુર કિન્નર અને મનુષ્યથી સંકીર્ણ પર્ષદામાં કહ્યું કે—હે ભવ્ય જીવો! તમે ભવ-સમુદ્ર પાર ઊતરવા માટે નૌકા સમાન આ ઉપદેશ પદોને સેવો-આરાધો. તે ઉપદેશ પદો આ પ્રમાણે—

भत्ती तित्थयराण दाणममलं सीलं तवो भावणा
हिंसालीय-अदत्त-मेहुण-महारंभाण संरुंभणं ।
सिद्धांतामयपाणमुत्तमजणासंगो गुरूवासणं
कोहाईण विणिग्गहो तह णमुक्कारस्स आराहणा ॥ १ ॥

તીર્થંકરોની ભક્તિ, દાન, નિર્મળ શીલ, તપઃ, ભાવનાની ઉપાસના, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને મહાઆરંભ-પરિગ્રહનો પરિહાર સિદ્ધાંતનું અમૃતપાન, ઉત્તમ જીવનો સંગ, ગુરુની ઉપાસના, ક્રોધ-માન-માયા-લોભનો નિગ્રહ અને નમસ્કાર મહામંત્રની આરાધના ધર્માર્થીએ અવશ્ય કરવી જોઈએ.

તત્ર. તીર્થંકરની ભક્તિ—

જેમ એક પણ જલનો બિંદુ ક્ષીરસમુદ્રમાં ભળે તો તે અક્ષય બને છે તેમ

જિનેન્દ્રોની ભક્તિ થોડી પણ ઘણા ફલને આપનારી થાય છે. જેમ સારા ખેડેલા કાળી માટીવાળા ખેતરમાં વાવેલું બીજ ઘણા ફળને આપે છે તેમ જિનેશ્વરરૂપ ખેતરમાં ભક્તિરૂપ બીજ વાવીએ અને શ્રદ્ધારૂપ જલ સીંચીએ તો તે ભક્તિ વિધવિધ ફલો આપે છે.

આ વિશ્વમાં જે કંઈ રમણીય પ્રકૃતિ સુંદર દેખાય છે તે બધુ જિનભક્તિના ફળ રૂપે જ છે તેમાં જરા પણ સંદેહ નથી.

જિનેશ્વરની ભક્તિથી પૂર્વના અશુભ કર્મો નિર્જરે છે અને પુણ્યાનુબંધિ પુણ્યનું ઉપાર્જન કરી તે પુણ્યાત્મા સ્વર્ગ સુખનો ભાજન થાય છે અને અનુક્રમે મોક્ષ સુખ પામે છે.

અરે! જિનેશ્વરની અંગરચના આદિ અષ્ટપ્રકારી પૂજા તો દૂર રહો પણ જિનેશ્વર પ્રભુને કરેલો પ્રણામ પણ કલ્યાણની પરંપરાનું કારણ બને છે. જિનેન્દ્રભક્તિ વિષે સુંદરનો દૃષ્ટાંત આ પ્રમાણે છે—

મણિવઈ નામના દેશમાં મણિવઈ નામની નગરી છે. તે નગરીમાં જિનેશ્વરોના મોટા મોટા શિખરવાળા મંદિરો છે. નગરીને ફરતો પરિખા યુક્ત વિશાળ કિલ્લો છે.

તે નગરીમાં સુસ્થિત નામના જિનધર્મારાધક શ્રેષ્ઠી રહે છે તેમને જિનભક્તિમાં પરાયણ એવી ધારિણી નામની ભાર્યા છે. અને સુંદર નામનો ચાકર = સેવક છે.

એક દિવસ શેઠ સાથે સુંદર ઉપાશ્રયે ગયો, ગુરુદર્શન કરી વિનય પૂર્વક બેસે છે. મુનિરાજ પણ અવસરોચિત જિનેન્દ્રભક્તિ, પ્રભુદર્શન, પ્રભુપૂજનનો ઉપદેશ આપે છે.

સુંદર હાથ જોડીને બોલ્યો કે—હે મુનિરાજ! આજથી દરરોજ જિનેશ્વર પ્રભુના દર્શન કરીને જ ભોજન કરીશ.

પૂજ્ય મુનિભગવંતે પણ તેને યોગ્ય જાણી નિયમ આપ્યો. હવે તે સુંદર પોતાના નિયમને દૃઢતા પૂર્વક પાળે છે, વિષય-કષાયથી પરાઙ્મુખ એવો તે સુંદર જિનેશ્વરમાં દૃઢ પ્રીતિવાળો થયેલો શેષ જીવન જીવે છે.

હવે, આ બાજુ તક્ષશિલા નામની નગરીમાં ત્રણે લોકમાં ખ્યાત યશઃકીર્તિવાળો ત્રિવિક્રમ નામનો મહા પરાક્રમી રાજા છે તે રાજાને રૂપથી રતિ જેવી સુવર્ણ કાંતિવાળી કમળની પાંખડી જેવી વિકસિત લોચન વાળી સુમંગલાદેવી નામની પટ્ટરાણી છે.

હવે તે સુંદરનો જીવ શુભધ્યાને આયુઃ પૂર્ણ કરી સુમંગલા પટ્ટરાણીની કૃક્ષિ રૂપ સરોવરમાં હંસની જેમ આવ્યો. તે સમયે સુમંગલાએ સ્વપ્નમાં મુખમાં પ્રવેશ કરતો પૂર્ણ કળશ જોયો.

પ્રાતઃકાળે પોતાના સ્વામિનાથને સ્વપ્નની વાત કરી ત્યારે આનંદિત થયેલ ત્રિવિક્રમ રાજા કહે છે કે—આપણને સુખના આવાસ રૂપ એવા પુત્રનો લાભ થશે. તે વાત સાંભળી ખુશ થયેલી રાણી "એવં ભવતુ" એમ બોલી.

હવે જ્યારે તે ગર્ભ ત્રણ મહિનાનો થયો ત્યારે ગર્ભાનુભાવથી રાણીને દોહદ થયો કે—હાથીની અંબાડીમાં બેસું, રાજા શ્વેત છત્ર ધારણ કરે અને પૂર્ણ સમગ્ર મનોરથ વાળી રતિની જેમ સુંદર વસ્ત્રાલંકારવાળી હું ઉદ્યાનમાં વિચરતી વિધવિધ રમણીય દૃશ્યો જોઉં. રાજાએ પણ ઘણા સ્નેહ પૂર્વક તેના દોહદને પૂર્ણ કર્યો. આમ પૂર્ણ દોહદવાળી સુમંગલા રાણી પૂર્ણ દિવસે પૂર્વ દિશા જેમ ઝળહળતા સૂર્યનો જન્મ આપે તેમ તેજસ્વી પુત્રરત્નનો જન્મ આપ્યો.

પુત્રના જન્મની વધામણી દાસી લાવી. રાજાએ તેને પ્રીતિદાન આપ્યું.

આખું રાજમંદિર શણગારવામાં આવ્યું. મંગલગીતો ગવાય છે, મંગલ તૂર્ય-વાજિંત્રો વાગે છે-ચારે તરફ મંગલ મંગલ વર્ત્તાય છે. નગરના લોકોને પણ રાજપુત્રના જન્મથી ઘણો આનંદ છે. ઘેર ઘેર વંદનમાલા-તોરણો બાંધે છે. આંગણામાં મોતિના સાથિયા પૂરે છે. ધૂપઘટિમાં અગરૂ કિંદરૂક વિ. ધૂપ સળગાવે છે. રાજમાર્ગમાં તથા બજારમાં સર્વત્ર ધ્વજા-પતાકાઓ બાંધવામાં આવે છે. રાજમાર્ગ પર કુંકુમ રસવાળા ચરણવાળી, પીનપયોધરથી ભવ્ય લાગતી કામિનીઓ વાજિંત્રોના ગંભીર નાદ સાથે મંગલ ગીતો ગાતી રાજમંદિરે જાય છે. પંડિત પાસે ભણતા છાત્રોને અને ઉપાધ્યાયને રાજા તરફથી બહુમાન-દાન મળે છે. બંદિજનોને મુક્ત કરવામાં આવે છે, દીન-દુઃખિઓને દાન આપવામાં આવે છે. આગંતુક મહેમાનોનું અશન-વસ્ત્ર તંબોલ આદિથી આદર પૂર્ણ સત્કાર-સન્માન થાય છે. આ પ્રમાણે તે નગરીમાં પુત્રજન્મ મહોત્સવ થયો આ બધો જિનભક્તિનો જ અદૃશ્ય પ્રભાવ જાણવો.

ગર્ભના પ્રભાવથી દેવીને નગર-ઉદ્યાનમાં વિચરવાની ઇચ્છા થયેલ તેથી તે દોહદાનુસાર તે બાળકનું નિર્ગયસુહિય એવું નામ માત-પિતાએ શુભ દિવસે રાખ્યું.

હવે તે બાળક બીજના ચંદ્રની જેમ પ્રતિદિન ચઢતી કળા સાથે વૃદ્ધિ પામતા યૌવનવય પામ્યો.

ઘણા રાજાઓ પોતાની કન્યા પરણાવવા વિનંતી કરે છે પણ નિર્ગયસુહિય ઇચ્છતો નથી. માત-પિતાના આગ્રહથી યોગ્ય કન્યા સાથે પાણિગ્રહણ કરવા સ્વીકાર્યું. કેમકે-ભોજન બગડે તો દિવસ બગડે. સ્ત્રી બગડે તો જન્મ બગડે અને ધર્મ બગડે તો ભવોભવ દુઃખી થવું પડે.

હવે આ બાજુ શાલિપુર નગરમાં કામકીર્ત્તિ રાજાની કામકળા નામની પુત્રીનું સ્વયંવર મંડપ છે. એવા સમાચાર મળ્યા. રાજાએ પોતાના પુત્રને મિત્ર સાથે મોકલ્યો. રાજકુમારી નિગ્ગયસુહિય કુમારને જોઈ મોહિત થઈને સ્વયંવર વરમાળા તેના કંઠમાં પહેરાવી. પિતાના વચનથી કુમારે તે કન્યા સાથે વિધિપૂર્વક પાણિગ્રહણ કર્યાં. અને પરસ્પર પ્રીતિવાળા એવા તેઓના દિવસો સુખપૂર્વક પસાર થવા લાગ્યા.

આ વાત રણસુર નામના રાજાને ન ગમી, તે લડાઈ કરવા તૈયાર થયો પણ કુમારે થોડી વારમાં જેમ ઉપશમગુણથી ક્રોધ જિતાય તેમ તે રાજાને જીતી લીધો. અને આ ત્રિવિક્રમ રાજાનો પુત્ર નિગ્ગયસુહિય છે એવું જાહેર થતાં રણશુર રાજા ખુશ થઈ પોતાનું રાજ્ય તેને સોંપી દીક્ષા લઈ તપઃ પ્રારંભ્યો.

હવે ત્રિવિક્રમ રાજા પોતાના પુત્રને રાજ્યનો ભાર વહન કરવા સમર્થ જાણી અને પોતાને પરલોકની સાધના કરવી આવશ્યક છે એવો નિર્ણય કરી શુભ દિવસે ત્રિવિક્રમ રાજાએ પોતાના નિગ્ગયસુહિય કુમારનો રાજ્યાભિષેક કર્યો.

ત્રિવિક્રમ રાજા ગુરુના ચરણોમાં જઈ દીક્ષા લઈ જે પુરુષાર્થ–પરાક્રમથી સંસાર રાજ્ય ચલાવ્યું તેવા જ પુરુષાર્થથી સંયમસામ્રાજ્યને સાધીને મોક્ષમાર્ગાધિરૂઢ બન્યા.

નિગ્ગયસુહિય રાજા પણ સુખ પૂર્વક રાજ્યનું સંચાલન કરતાં સુખમય સમય વીતાવે છે.

એક દિવસ રાજા સભામાં વિચાર–ગોષ્ઠી કરતાં હતા ત્યારે ગુણગર્વિત નામનો દૂત આવીને કહે છે કે—અમારા રાજાની મહેરબાનીથી તમે રાજ્યસુખ ભોગવો છો. તેથી અમારા રાજાની આજ્ઞા સ્વીકારો કેમકે–અગ્નિ પાસે ઘાસની ગંજી કેટલો સમય ટકે? તેમ અમારા રાજા તેજસ્વી અગ્નિ જેવા પ્રતાપવાળા છે તેથી તમે ભેટણું લઈ શરણે આવો.

આ પ્રમાણે દૂત વચન સાંભળી નિગ્ગયસુહિય રાજા ભૃકુટી ચઢાવી હાથમાં ખડગ લઈ મંત્રીને કહે છે કે મારા પ્રતાપ માત્રથી જ વશ થયેલા શરણે આવેલા એવા આ શત્રુરાજાઓ ભલે જીવતા રહો! એમ કરીને જીવતા રાખેલા એવા તેઓ કંઈક બળ મેળવીને મારી સામે પડકાર કેમ કે છે?

ચાલો જલ્દી હાથી–રથ–ઘોડા–સેના તૈયાર કરો અને શુભ મુહૂર્ત્તે પ્રયાણ કરી વચ્ચે આવતા વન–ગિરિ સરોવર નદી ગામ–નગરોને જોતા અનુક્રમે દેશના સીમાડે પહોંચ્યા.

વિશાળ સેના લઈ આવેલ નિગ્ગયસુહિય રાજાને જોઈ સીમાડાનો રાજા ગભરાઈ ગયો અને ભેટણું લઈ શરણે આવ્યો અને રાજાને પોતાના રાજમહેલમાં લઈ ગયો સ્વાગત કરી પ્રણામ કરી પોતાની જયલક્ષ્મી નામની રાજકુમારી સાથે પાણિગ્રહણ કરવા વિનંતિ કરી. નિગ્ગયસુહિય રાજાએ પણ યોગ્ય જાણી અનુમતિ આપી-વિવાહોત્સવ થયો. સુખપૂર્વક રાજા ત્યાં રહે છે, બીજા પણ બધા જ રાજાઓ શરણે આવે છે અને વિવિધ ભેટણાઓ અર્પણ કરે છે. આ પ્રમાણે નિગ્ગથસુહિય રાજા ક્લેશ વિના ઘણા દેશોનો સ્વામી બન્યો.

બન્ને સ્ત્રીઓ સાથે વિધવિધ ભોગ સુખોને અનુભવે છે. તેમનાથી અનુક્રમે એક એક પુત્ર થયા. તેઓ પણ બીજના ચંદ્રની જેમ શરીર અને બુદ્ધિ વિજ્ઞાનથી વધતા યૌવનવયમાં સર્વકળાને જાણનારા થયા.

હવે એક દિવસ વિવેકના પ્રકાશથી રાજા આત્માવલોકન કરે છે અને ચિંતવે છે કે-પૂર્વ જન્મમાં કરેલ જિનધર્મની આરાધનાથી અહીં વિશાલ રાજ્યસુખ પામ્યો છું. તેથી હવે ભવાંતરમાં સદ્ગતિ થાય માટે મારે ધર્મ આરાધવો જોઈએ. જો કોઈ ગુરુભગવંત વિહાર કરતા પધારે તો સારું. એમ ચિંતવતાં નિદ્રા આવી.

પ્રાતઃકાળે ઉદ્યાનપાલ સમાચાર લાવ્યો કે—ચઉનાણી શ્રી ધર્મઘોષસૂરિજી મ. પરિવાર સાથે બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા છે. ગુરુના આગમનના સમાચાર જાણી રાજા મોટી ઋદ્ધિ સાથે ગુરુદેવને વાંદવા ચાલ્યો, નગરના લોકો પણ રાજા સાથે ગુરુવંદન કરવા આવ્યા. ઉદ્યાનમાં આવી ગુરુને પ્રદક્ષિણા દઈ વંદન કરી વિનયપૂર્વક અંજલી મસ્તકે જોડીને બધા ઉચિત સ્થાને બેઠા. ગુરુદેવે બધાને "ધર્મલાભ" આશીર્વાદ આપ્યો.

હાથ જોડીને રાજા બોલ્યા કે—હે ભગવંત! હું આટલા વિશાળ રાજ્યને ક્લેશ વિના પામ્યો છું, પ્રજા બધી સુખી અને આજ્ઞાનુવર્ત્તિની છે તો કહો કે—કોના પ્રતાપે આ બધું મળ્યું? ગુરુદેવ બોલ્યા—હે રાજન્! ગયા ભવમાં તમોએ જિનદર્શન કરવાનો અભિગ્રહ લીધેલ અને જીવનપર્યંત દૃઢતા પૂર્વક પાળેલ તેથી તમે આ ભવમાં ઋદ્ધિ સમૃદ્ધિ અઢળક પામ્યા. અને તે ઋદ્ધિને ધર્મસ્થાનોમાં વાપરી દાન-શીયળ-તપ અને ભાવના રૂપ ધર્મને આરાધી જિનપ્રતિમા, જિનમંદિર-આગમ સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ સાતે ક્ષેત્રનું પોષણ કરી તમે ભવાંતરમાં દેવલોકે જશો, ત્યાંથી મનુષ્ય જન્મ પામી, દીક્ષા લઈ મોક્ષના અનંત સુખને પામશો.

આ પ્રમાણે ગુરુવાણી સાંભળી રોમાંચિત દેહધારી નિગ્ગયસુહિય રાજા મોહની ગ્રંથિ ભેદીને સમ્યગ્દર્શન પામ્યો અને શ્રાવકધર્મ સ્વીકાર્યો.

ત્યાર પછી રાજાએ પોતાના દેશમાં ઘણા જિનમંદિરો બંધાવ્યા સાતે ક્ષેત્રની ભક્તિ કરી.

આ પ્રમાણે જિનભક્તિ વિષે સુંદરની કથા સમાપ્ત.

હે ભવ્ય જીવો! આ રીતે જિનભક્તિ કરવા સતત ઉદ્યમ કરવો.—એ પ્રત્યેક આત્મા માટે સુખદાયક છે.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષાનિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં શ્રી ચમર ગણધરે આપેલ ધર્મદેશના, જિનેન્દ્રભક્તિ વિષે સુંદરની કથાના વર્ણન સ્વરૂપ તેરમો પ્રસ્તાવ સમાપ્ત.

શ્રી સુમતિનાથ જિન સ્તવન

(દેશી—ગરબીની)

હાંરે! વાલ્હો! **સુમતિ**જિણંદ જુહારીરે,
વારીજાઉં લામણે[1] રે લો.
હાંરે! પ્રભુ! સુરતરુ ફળીઓ માહરે રે,
ગુણનિધિ આંગણે રે લો૦ ॥૧॥
હાંરે! મેં તો દેવનો દેવ નિહાળીરે,
જીવન જગધણી રે લો.
હાંરે! પ્રભુ તેજે ઝળામલ દીપે રે,
[2]ઓપી જેમ ઓપણી રે લો૦ ॥૨॥
હાંરે! વાહલા! નયણ રહ્યો લોભાઇ રે,
મોહ્યું મુજ મનડું રે લો.
હાંરે! પ્રભુ! વાણી સરસ રસ પીધે રે,
ભાંજે ભવ ભૂખડી રે લો૦ ॥૩॥
હાંરે! પ્રભુ જીવન જગદાધાર રે, વાહલા છો પતિરે લો.
હાંરે! પ્રભુ મહોદય પદવી આપો રે,
કાપો દુરગતિ રે લો૦ ॥૪॥
હાંરે! પ્રભુ નફર કરે અરદાસરે, આશ તે પૂરીયે રે લો.
હાંરે! વાલ્હા રસભર રસીઓ કહાવે રે,
ચતુર દુઃખ ચૂરીયે રે લો ॥૫॥

---

૧ ઓવારણાં ૨ ચકચકાટ કરેલ

પ્રસ્તાવ ૧૪ મો

ધર્મસિદ્ધિનું પ્રથમ બીજ ઉદારતા નામનું છે. કહ્યું છે કે—ઉદારતા દાક્ષિણ્યતા પાપજુગુપ્સા નિર્મલબોધ અને જનપ્રિયત્વ એ પાંચ ધર્મસિદ્ધિના લક્ષણો છે.

જે જીવો દાનધર્મમાં મતિને સ્થાપે છે તે મનુષ્યો સ્વર્ગાપવર્ગને ઝટ મેળવે છે.

દાન ત્રણ પ્રકારનો છે—જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપકરણદાન.

સ્વર્ગાપવર્ગસાધક રત્નત્રય સમ્યગ્જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે, સ્થિર થાય છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

જ્ઞાનના બે ભેદ—મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન. જીવ જે ભણીને પાપમય પ્રવૃત્તિ કરે તે મિથ્યાજ્ઞાન જેવા કે—વૈદ્યશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, રસશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર તથા કામશાસ્ત્ર-અર્થશાસ્ત્ર નાટકશાસ્ત્ર વિગેરે ઘણા શાસ્ત્રો પાપ પ્રવૃત્તિ વધારનારા છે. જીવ જે ભણીને ધર્મમય પ્રવૃત્તિ કરે તે સમ્યગ્જ્ઞાન. અને તે છે જીવદયાના મૂળ રૂપ, સમગ્ર સંસારના માર્ગને પ્રતિકૂલ રહેનારું, ભાવશુત્રને શલ્યરૂપ એવું દ્વાદશાંગી ગણિપિટકરૂપ સમ્યગ્જ્ઞાન છે કે જે વીતરાગ-સર્વજ્ઞ ભગવંતે ભાખેલું છે અને ગણધરોએ સૂત્રરૂપે ગૂંથેલું છે, મોક્ષ રૂપ વૃક્ષનું બીજ ધર્મ છે.

અને તે ધર્મ સમ્યગ્જ્ઞાનથી જ જન્મે છે, પુષ્ટ થઈ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

લોકોત્તર શ્રુતજ્ઞાન તે સમ્યગ્ શ્રુતજ્ઞાન
લૌકિક શ્રુતજ્ઞાન તે મિથ્યા શ્રુતજ્ઞાન.

શ્રોતાઓની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન. અરે! તે જ્ઞાન જ ન કહેવાય કે જે ભણીને પાપબુદ્ધિ વિસ્તાર પામે, શું સૂર્ય ઊગ્યા પછી રાત્રિનો અંધકાર ટકી શકે ખરા?

જ્ઞાન એ મોહાંધકાર રૂપ રાત્રિનો નાશ કરનાર સૂર્યોદય છે.

જ્ઞાન એ દૃષ્ટ અને અદૃષ્ટ સર્વ સંકલ્પોને પૂરનાર કલ્પવૃક્ષ છે.

જ્ઞાન એ દુર્જય કામ રૂપ કુંજરને વશ કરનાર પંચાનન સિંહ છે.

જ્ઞાન એ જીવાજીવ પદાર્થોને સૂક્ષ્મ રીતે જાણનાર દિવ્ય લોચન છે.

જ્ઞાન એ ધર્મથી વિરુદ્ધ એવી જે બુદ્ધિરૂપી કમલિની તેને સંકુચિત કરવા માટે ચાંદની સમાન છે. અર્થાત્ જેમ ચંદ્રોદય થાય ને કમલિની બીડાઈ જાય, તેમ જ્ઞાન પ્રગટે ત્યારે ધર્મ વિરુદ્ધની બુદ્ધિ નાશ પામે અર્થાત્ ધર્મબુદ્ધિ જ થાય. જ્ઞાન એ કલ્યાણની પરંપરારૂપ વનલતાની વૃદ્ધિ કરવા માટે મેઘ સમાન છે તથા જ્ઞાન એ જન્મ-જરા દુઃખના પડલરૂપ કાંતારને બાળવા દાવાનલ સમાન છે. અને જ્ઞાન એ ભયાનક ભવરૂપ અંધારીયા કૂવામાંથી બહાર નીકળવા માટે હસ્તાવલંબનરૂપ છે.

જ્ઞાનથી આત્મા પુણ્ય અને પાપના કારણો જાણે છે જેથી આત્મા પાપમાંથી પાછો ફરી પુણ્યમાર્ગે પ્રવૃત્તિ કરે છે.

પુણ્યમાર્ગે પ્રવર્તનારો જીવ સ્વર્ગ અને અપવર્ગના સુખો પામે છે અને પાપથી પાછો વળેલ હોવાથી નરક અને તિર્યંચના દુઃખોથી મુક્ત થાય છે.

જે અપૂર્વ શ્રુતજ્ઞાન ભણે છે તે બીજા ભવમાં તીર્થંકરત્વને પામે છે અને જે બીજાને શ્રુતજ્ઞાન ભણાવે છે તેના ફળનું તો કહેવું જ શું ! અર્થાત્ તેનું અપરંપાર ફળ છે.

ભણનારને જે ભોજન-પાણી-પુસ્તક આદિ દ્વારા સહાય કરે છે તે જ્ઞાનદાનનું મહાન્ લાભ મેળવે છે.

આ સમ્યગ્જ્ઞાનને લેનાર અને આપનાર બન્ને મોક્ષના અદ્વિતીય સુખ પામે છે. આવા જીવોના વક્ષસ્થલ ઉપર કેવલલક્ષ્મી સ્વયં આવીને વિલાસ કરે છે.

સમ્યગ્જ્ઞાન દ્વારા એકેન્દ્રિયાદિ જીવોને જાણી ઓળખી જે આત્મા તેઓનું રક્ષણ કરે છે, ત્રિવિધ-ત્રિવિધે જયણા કરે છે, તે પુણ્યાત્મા જ ખરેખર સર્વજીવોને અભયદાન આપનારો છે એમ જાણવું.

જે પુણ્યાત્મા દયા તત્પર એવો મનુષ્ય એકેન્દ્રિયાદિ જીવોને અભયદાન આપે છે તેને ક્યાંયથી પણ ભય ન હોય.

અભયદાન આપનારો જીવ દીર્ઘાયુષ્ય, આરોગ્ય, નિરૂપમ રૂપ, પ્રકૃષ્ટ બળ, ત્રણે જગતમાં ઉત્તમ સૌભાગ્ય, નિરૂપમ ભોગસામગ્રી અને નિર્મલ યશઃકીર્તિ પામે છે.

જે સર્વ જીવોને અભયદાન આપે છે તેને આજ્ઞાંકિત વિશાલ પરિવાર તથા સાનુબંધ લક્ષ્મીની આવક હોય છે.

જે ત્રિવિધ–ત્રિવિધ નવ કોટિએ પરિશુદ્ધ એવા આહારાદિ (ધર્મોપષ્ટંભદાયક) ધર્મોપકરણનું દાન, તે ધર્મોપષ્ટંભ દાન કહેવાય છે.

તે અશન–પાન–ઔષધ–શયન–આસન–વસતિ–વસ્ત્ર–પાત્ર આદિ ધર્મોપકરણો ભવ-સમુદ્રને તરવાની ઇચ્છાવાળા પ્રાજ્ઞ પુરુષે સુપાત્રમાં આપવા જોઈએ.

જે મુનિઓ સદૈવ સ્વાધ્યાય–ધ્યાનમાં રક્ત હોય, બાહ્ય–અભ્યંતર પરિગ્રહના ત્યાગી હોય એવા સુપાત્રમાં ધર્મોપકરણનું દાન અપાય તો તે ધર્મોપકરણથી તે મુનિઓ તપ–સંયમના ભારને સહેલાયથી વહન કરી સ્વપર કલ્યાણ કરે.

જે મુનિવર સ્વયં હળુ કર્મી હોય તો સંયમારાધના દ્વારા સ્વ–પરને તારવા સમર્થ બને, પણ જે સ્વયં ભારે કર્મી હોવાથી વિષયાધીન હોય તો તે સ્વયં જ ડૂબે છે તો શરણે આવનારને કેવી રીતે તારી શકે.

ધર્મોપકરણનું દાન–દાયક ગ્રાહક કાળ અને ભાવ એ ચારની શુદ્ધિ પૂર્વકનું હોય તો જ અનંતસુખ–મોક્ષનું કારણ બને.

જે નિર્જરાર્થી જ્ઞાની શ્રદ્ધાળુ નિસ્પૃહ અને મદ વિનાનો એવો જીવ યોગ્ય સુપાત્રમાં દાન આપે છે તે દાયક શુદ્ધ જાણવો.

જે અજ્ઞાની આત્મા સાધુઓને અકલ્પનીય એવા ગાય–ખેતર વાડી વિગેરે ધન–ધાન્ય આપે છે તે વિપરીત કારી સ્વયં ડૂબે અને ગ્રાહકને પણ સંસારમાં પાડે છે.

જે સાધુ વ્યક્ત સર્વસંગવાળો મનોવચનકાયગુપ્ત જિતેન્દ્રિય કષાયનો નિગ્રહ કરનાર અને સ્વાધ્યાય—ધ્યાનમાં રક્ત હોય તે સાધુ ગ્રાહક શુદ્ધ જાણવો.

ઉપરોક્ત ગુણ વિનાના કુપાત્રમાં જે ધન વાવે છે તે ખરેખર લોહીવાળા કપડાને લોહીથી ધોવા ઇચ્છે છે.

સુપાત્રમાં આપેલું દાન શુભ ફળ આપે અને કુપાત્રમાં આપેલું દાન અશુભ ફળ આપે—જેમ સર્પને પાયેલું દૂધ ઝેર રૂપે પરિણમે છે.

જે ધર્મોપકરણ જે સમયે આપવાથી સુપાત્રને વિશેષ ઉપકારી બને તે સમયે તે આહારાદિ ભક્તિપૂર્વક આપવા જોઈએ. તે જ શુદ્ધ ધર્મોપકરણદાન કહેવાય.

ઉચિતકાળે આપેલ ઉચિત દાનની કિંમત જ આંકી શકાતી નથી. જેમ અજાણ્યા જંગલમાં પ્રાણ કંઠે આવ્યા હોય તે સમયે એક પ્યાલા જલની કિંમત કેટલી અંકાય

જેમ ઉચિત કાળે ખેતીનું કામ કરીએ તો ઘણું ફળ પ્રાપ્ત થાય તેમ ઉચિત કાળે ઉચિત આહારાદિનું દાન બહુ ફળ આપનારું થાય છે.

જે મનુષ્ય નિરાસંસ ભાવે, નિર્જરા માટે જ અને દાન આપતાં પોતાના જન્મને કૃતાર્થ માનતો જે દાન આપે, તે ભાવ શુદ્ધ કહેવાય.

મોક્ષ માટે જે દાન કહ્યું છે તે ચતુર્વિધ શુદ્ધ હોવું જોઈએ પણ અનુકંપા દાનનું જિનેશ્વરોએ કયાંય પણ નિષેધ કર્યું નથી.

સુપાત્રમાં જો વિશુદ્ધ ભાવથી થોડું પણ દાન આપવામાં આવે તો સુદત્તની જેમ મહાન કલ્યાણ કરનારું થાય છે. તે સુદત્તની કથા આ પ્રમાણે છે—

સાકેત (અયોધ્યા) નામનું નગર છે. ત્યાં ધન જેવા લાખો ધનાઢય રહે છે. જેમાંનો એક જ ધનપતિ આખા શહેરને શણગારે તો અલકાપુરીથી પણ શોભામાં વધી જાય.

તે નગરીમાં સુદત્ત નામનો એક કર્મકર રહે છે જે પ્રકૃતિએ ભદ્રક છે અને દાન આપવાની રુચિવાળો છે પણ નિર્ધનતાને કારણે હંમેશા ચિત્તમાં ખેદ પામે છે.

ખરેખર દૈવનું એ દુર્વિલસિત જ છે કે–જેણે બન્નેને વિડંબના આપી છે.

જે કંજૂસ છે તેમને ધન ઘણું આપ્યું છે અને જે દાન રુચિવાળા છે તેમને નિર્ધન રાખ્યા છે.

સુદત્ત દરરોજ ભાથું લઈને લાકડા લાવવા જંગલમાં જાય છે ત્યાં મધ્યાહ્ન સમયે ભોજન કરવા બેસે ત્યારે દાન-રુચિને કારણે થોડામાં પણ થોડું કોઈને પણ આપીને પછી જ ભોજન કરે.

હવે એક દિવસે વનમાં ભમતા ભમતા પ્રતિમાધારી કોઈ ઋષિ જોયા, દર્શન કરી કૃતકૃત્ય થયેલ સાદર બહુમાનપૂર્વક વંદન કરી મુહુર્ત્ત પર્યંત હાથ જોડીને વિનય પૂર્વક મુનિ દર્શન કરતો બેસી રહ્યો.

પછી નજીકમાં જ પોતાનું બળતણનું કાર્ય પૂર્ણ કરી, મધ્યાહ્ન સમયે એક વિશાળ વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠો. તે સમયે તે મુનિ પારણા માટે પાત્રા લઈ ભિક્ષાએ ચાલ્યા. અનુક્રમે તે વૃક્ષ પાસે પધાર્યા, સુદત્ત પણ સન્મુખ જઈ પ્રણામ કરી આહારાદિ માટે વિનંતિ કરી, મુનિવરે પણ કલ્પનીય શુદ્ધ આહારાદિની ગવેસણા કરી ગોચરી વહોરી અને પોતાને સ્થાને આવ્યા.

આ બાજુ દાન આપવાથી થયો છે હર્ષ જેને એવો સુદત્ત પોતાને કૃતાર્થ માનતો સંધ્યા સમયે ઘેર આવી પોતાની સ્ત્રીને બધી વાત કરી.

સ્ત્રીએ પણ અનુમોદના કરવા પૂર્વક કહ્યું કે—તમોએ જીવનનું સાચું ફળ મેળવ્યું છે. આ પ્રમાણે શુભ ભાવનાવાળા એવા તે બન્નેનો કેટલોક કાળ વ્યતીત થયો.

હવે તે સુદત્ત આયુષ્ય સમાપ્તિ કાળે સમાધિ પૂર્વક મરણ પામી તે જ સાકેત નગરના રાજા કે જેમણે પોતાના પ્રતાપથી સૂર્યના તેજને જીત્યો છે, એવા તે શ્રીતેજ: રાજાની સ્વાભાવિક સૌભાગ્ય લાવણ્ય યુક્ત ભાનુમતિ રાણીની કુક્ષિરૂપ શુક્તિમાં મોતિની જેમ ઉત્પન્ન થયો. તે રાત્રિને વિષે ભાનુમતિ રાણીએ, પોતાના તેજ:ના ફેલાવાથી દૂર કર્યો છે અંધકારને જેણે એવા તેજસ્વી રત્નોની રાશિને સ્વપ્નમાં જોયો. પ્રાત:કાળે રાજા પાસે આવી વિનયાવનત મસ્તકે અંજલી જોડી રાણી સ્વપ્નની વાત કહે છે. રાજા પણ સ્વપ્ન સાંભળી પુલકિત દેહવાળો થઈ હર્ષપૂર્વક કહ્યું કે—હે સુંદરિ! આપણને તેજસ્વી પુત્રરત્નની પ્રાપ્તિ થશે. રાણી પણ હર્ષિત વદને સ્વપ્ન ફળ સાંભળી આનંદિત થતી વાસભવનમાં ગઈ.

તે દિવસે રાજ સભામાં જ્યારે રાજા વિવિધ પ્રકારની વિચાર ગોષ્ઠી કરતા હતા ત્યારે કોઈ પરદેશી રત્નોનો થાળ ભરીને ભેટણું આપવા આવ્યો. રાજાએ પણ આદર પૂર્વક તેનું પ્રિય એવું સન્માન-સત્કાર કર્યું.

જ્યારે ત્રણ મહિનાનો ગર્ભ કાળ થયો ત્યારે ગર્ભના અનુભાવથી રાણીને દોહદ ઉત્પન્ન થયો કે—પ્રસન્ન ચિત્તવાળી સખીઓથી પરિવરેલી એવી હું રાજા સાથે નદીના કિનારે વિવિધ ક્રીડા કરું.

રાજાએ પણ આદર પૂર્વક તે દોહદ પૂર્ણ કર્યો કેમકે પુણ્યશાળી જીવોને કોઈ વાત દૂર્લભ નથી.

પૂર્ણ સમયે સૂર્ય જેવા તેજસ્વી પુત્રને રાણીએ જન્મ આપ્યો. આખા રાજ્યમાં પુત્ર જન્મની વધામણી થઈ ઘેર ઘેર આનંદ પ્રવર્ત્યો.

સર્વ ઉચિત કાર્ય કર્યા બાદ તે પુત્રનું સ્વપ્ન-ગુણાનુસારે વસુતેજ: એવું નામ રાખ્યું.

અનુક્રમે બીજના ચંદ્રની જેમ શરીરથી અને બુદ્ધિ-વિજ્ઞાનથી વૃદ્ધિ પામતો સર્વકળા યુક્ત થયો થકો યૌવન વય પામ્યો.

તે ગયા ભવની તેની પ્રિયા પણ સમાધિપૂર્વક આયુ પૂર્ણ કરી કૌસાંબી નગરીના યુગબાહુ રાજાની વિમલવતી રાણીની કુખે પુત્રી રૂપે જન્મી. રાજાએ તેનું મદનમંજરી

એવું નામ રાખ્યું. તે પણ અનુક્રમે મોટી થતી સ્ત્રીયોગ્ય ૬૪ કળામાં નિપુણ થયેલી ક્રમશઃ યૌવનારૂઢ થઈ.

હવે રાજાધિરાજ શ્રી જયમંગલ નામના રાજાના રૂપવાન અને તેજસ્વી એવા મંગલ નામના રાજકુમારે એકવાર માગધ (ચારણ) ને પૂછયું કે દેશાંતરમાં ભમતા એવા તમે શું કયાંય પણ કોઈ કન્યારત્નને જોયું છે? રાજકુમારના પ્રશ્નના ઉત્તરમાં માગધ બોલ્યો કે—હે કુમાર! કૌસાંબી નગરીના યુગબાહુ રાજાને ત્યાં પુત્રીના મીષથી કોઈ દેવાંગના અવતરેલી છે કે જેણીના વિરહમાં તેને શોધવા માટે ઈંદ્રે હજાર આંખો કરી છે.

આ પ્રમાણે કન્યા સંબંધી વાત સાંભળીને જયમંગલ રાજાએ પોતાના અંગત પુરુષો સાથે પોતાના પુત્ર માટે તે કન્યારત્નનું માગું મોકલ્યું. પરંતુ રસ્તામાં અશુભ સૂચક અપશુકન થયા. અને યુગબાહુ રાજાએ પણ તે માગું સ્વીકાર્યું નહિ.

યોગ્ય વર પ્રાપ્તિના અભાવમાં તે મદનમંજરી રોહિણી દેવીની આરાધના કરે છે. દુષ્કર એવા ઉપવાસાદિ તપ-નિયમ સાથે ભૂમિએ સંથારો કરે છે અને પ્રતિદિન યોગ્યવરાપ્તિનું મંત્ર જપે છે.

એક દિવસમાં ઉદ્યાનમાં સખિઓ સાથે ક્રીડા કરતી સોપારીના વૃક્ષને નાગવલ્લી વીંટળાયેલી જોઈ અને શુભ શુકનની ગાંઠ વાળી કેટલાક દિવસો પસાર કર્યા.

હવે આ બાજુ સાકેત નગરમાં મંત્ર-તંત્રને જાણનારો માંત્રિક પુરુષ આવ્યો અને ઉદ્યાનમાં રહી બિલ્લ-ફળથી યજ્ઞ-હોમ આદિ કરી મંત્રની સાધના કરે છે.

વસુતેજઃ કુમાર મિત્રો સાથે અશ્વક્રીડા કરતો ઉદ્યાનમાં આવ્યો, માંત્રિકને જોઈ પોતાના સેવકોને કહ્યું કે એને જે જોઈએ તે બધી વસ્તુ આપાવો અને સેવકોએ તેને જોઈતી સર્વ સામગ્રી આપી.

એક વર્ષ થવા છતાં તેની મંત્ર સાધના પૂર્ણ થઈ નહિ. પુનઃ કુમાર અશ્વક્રીડા કરતા ત્યાં આવ્યો અને હજી સુધી શું મંત્ર સિદ્ધ થયું નથી તેથી કુતુહલ પૂર્વક તેની પાસે જઈ પ્રણામ કરી પૂછયું કે—હે ભદ્ર! તમે શું સાધો છો? સાધક બોલ્યો કે—હું પરમેશ્વરી યક્ષિણીની સાધના કરું છું. કુમારે કહ્યું કે—આટલા કાળ થયા હજી સિદ્ધિ થઈ નથી. સાધક બોલ્યો કે—ઉત્તમ એવી સિદ્ધિ જલ્દી કયાંથી સિદ્ધ થાય? કુમાર બોલ્યો કે—ત્રણ બિલ્લ-ફળ મને આપો. સાધકે ત્રણ ફળ આપ્યા. કુમારે વિચાર્યું કે આ સાધકને સાધનામાં ઘણો કલેશ થતો લાગે છે માટે હું એને સહાય કરું એમ

વિચારી એક ફળ યજ્ઞ કુંડમાં હોમ્યો. અને બીજો બિલ્લ ફળ યજ્ઞમાં હોમવા જાય છે તેટલામાં ઘણા તેજઃપ્રભા વાળી યક્ષિણી યજ્ઞકુંડમાંથી બહાર નિકળી અને કુમાર પ્રત્યે બોલી કે—બોલો તમારું શું કાર્ય કરું? કુમાર બોલ્યો કે—આ સાધક જે આદેશ કરે તે કાર્ય કરો. એમ કહી કુમાર મિત્રો સાથે અધ્યક્રીડા કરે છે—ખરેખર પરોપકાર કરીને પ્રત્યુપકાર સ્વીકારવામાં ભીરૂ એવા ઉત્તમ પુરુષો નિરીહ હોય છે, તે જ તેમનું ચરિત્ર આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

યક્ષિણી જ્યારે સાધકને કહે છે કે—આદેશ કરો! શું કાર્ય કરું? ત્યારે સાધક બોલ્યો. થોડી વાર ઊભા રહો. પણ હું તમને પૂછું છું કે—આટલા કાળથી હું મંત્ર જાપ કરું છું છતાં તમારું દર્શન કેમ ન થયું અને આ કુમારને જરાપણ ક્લેશ વિના તમે પ્રત્યક્ષ થયા. ત્યારે યક્ષિણી બોલી કે—જો હું પ્રત્યક્ષ ન થાત તો ત્રીજી વાર નિશ્ચે તે પોતાનું મસ્તક હોમી દેત.

તે વાત સાંભળી સાધક વિચારે છે કે—ખરેખર તે મહાનુભાવ મહાસત્ત્વશાળી મહાપુરુષ એવા રાજકુમારને મારા તરફથી કોઈ અપેક્ષા નથી તો પણ તેમની ભક્તિ મારે કરવી જોઈએ, એમ વિચારી સાધકે રૂપપરાવર્ત્તની મહાવિદ્યા કુમારને બોલાવીને આપી, કુમારે પણ વિદ્યાસિદ્ધનું વચન માનવું જોઈએ એમ વિચારી તે વિદ્યા સ્વીકારી લીધી.

હવે આ બાજુ મદનમંજરીને તે જ દિવસે રોહિણી વિદ્યા સિદ્ધ થઈ. તે રોહિણી દેવીએ મદનમંજરીને સ્વપ્નમાં વસુતેજઃ કુમારના દર્શન કરાવ્યા અને કહ્યું કે—હે ભદ્રે! આ તારો સ્વામી થશે. અને વસુતેજઃ કુમારને પણ સ્વપ્નમાં મદનમંજરીના દર્શન કરાવ્યા અને કહ્યું કે—આ તારી ગૃહિણી થશે, અને બંનેને એક બીજાના કુલ-વંશ આદિની વિગત કહી. અને આ તમારો વિવાહ મહોત્સવ કેટલાક દિવસોમાં થશે. એમ કહી દેવતાએ ઉજ્જ્વલ મોતીનો એકાવલી હાર મદનમંજરીને આપ્યો અને કહ્યું કે—એકવીશ વાર હારથી વાસિત થયેલ જલના સીંચનથી શસ્ત્રના પ્રહારો તત્ક્ષણ રૂઝાય છે અને આ હારનો પ્રયોગ તમારા બે સિવાય કોઈને પણ સફળ નહિ થાય એમ કહીને રોહિણી દેવી અંતર્ધાન થઈ.

પ્રાતઃકાળે જાગેલી મદનમંજરી પોતાના કંઠમાં તારા જેવા ચમકતા ઉજ્જ્વલ મોતીની માળા જોઈ હર્ષિત થઈ અને વસુતેજઃકુમારની સાથે પાણિગ્રહણ થશે તે વાતથી પોતાના જન્મને સફળ માનતી તે મદનમંજરીએ બધી જ વાત પોતાની સખીઓની આગળ સવિસ્તાર પૂર્વક કહી અને સખીઓએ પણ રાજા અને રાણીને જણાવ્યું. ત્યારે રાજા અને રાણી ખુશ થયા અને પોતાના પ્રધાન પુરુષોને શ્રીતેજઃ રાજા પાસે

મોકલ્યા અને કહેવડાવ્યું કે—તમારા વસુતેજ: પુત્ર માટે અમારી મદનમંજરી કન્યાનો સ્વીકાર કરો.—આ તરફ શ્રીતેજ: રાજાએ પણ પોતાના અંગત માણસોને યુગબાહુ રાજા પાસે કન્યાના માગા માટે મોકલ્યા.

યુગબાહુ રાજાએ બહુમાનપૂર્વક કન્યા આપી અને શ્રીતેજ: રાજાએ તે જ પ્રમાણે આદર સહિત સ્વીકારી.

આ વાત કામથી વ્યાકુળ એવા મંગલ રાજાએ જાણીને એક સિપાઈઓની ધાટી તૈયાર કરી અને નિર્ણય કર્યો કે પરણવાને જતી મદનમંજરીને રસ્તામાં જ ઉપાડી જવી.

હવે આ બાજુ શુભ મુહુર્ત્તે લગ્ન નિર્ધારી યુગબાહુ રાજા પરિજન સાથે રાજકુમારીને વિવાહાર્થે મોકલે છે અને ભાગ્યવશ રસ્તામાં તે મંગલ રાજાની ધાટી આવીને લડાઈ કરીને મંગલરાજાએ કાગડો જેમ રત્નમાળા ઉપાડી જાય તેમ મદનમંજરીનું હરણ કર્યું.

રસ્તામાં જતાં જંગલમાં કોઈ ઋષિનું આશ્રમ આવ્યું ત્યાં રાજાએ વિશામા માટે ઉતારો કર્યો ત્યાં વનમાં કોઈ તાપસીને જોઈ મદનમંજરી એકાંતમાં તે તાપસીને લઈ જઈને પ્રણામ કરીને પોતાનું વૃત્તાંત કહીને રડતાં રડતાં પ્રાર્થના પૂર્વક એકાવલી હાર તે તાપસીના હાથમાં આપીને કહ્યું કે—આ હારને ઉચિત જે હોય તેને આપજો એમ કહીને આગ્રહ કરી તે હાર તાપસીને આપ્યો. તાપસીએ પણ પ્રેમપૂર્વક હારનો સ્વીકાર કર્યો.

તે દિવસ પૂર્ણ થયો. બીજે દિવસે દૈવ યોગે ઘોડાથી હરણ કરાયેલો વસુતેજ: કુમાર તે આશ્રમમાં આવ્યો. તાપસીએ જોયો આ કોઈ મહાનુભાવ મહાપુરુષ છે એમ અનુમાન કરી તેની આગતા–સ્વાગતા કરી અને આ પુરુષ એકાવલી હારને યોગ્ય છે એમ જાણી તાપસીએ સબહુમાન હાર સમર્પિત કર્યો ત્યારે વસુતેજ: કુમારે પૂછયું કે–આ હાર કયાંથી આવ્યો? ત્યારે તે તાપસીએ બધી જ વાત માંડીને કહી, વાત સાંભળીને ચકિત થયેલ કુમારે વિચાર્યું કે અહો! અઘટિત આ શું બન્યું? ત્યાર પછી પુનઃ ચિંતવ્યું કે—તે રાજપુત્રીનું મન જોઉં પછી ઉચિત હશે તેમ કરીશ એમ નક્કી કરી રૂપ પરાવર્ત્તની વિદ્યાથી વામન રૂપ ધારણ કરી તે રાજકન્યા પાસે આવ્યો અને દાસીઓએ પણ આ કુબડો આવ્યો એમ કહી રાજકન્યાને બતાવ્યો. પરંતુ પૂર્વભવના સ્નેહના અભ્યાસથી વધી રહ્યો છે હર્ષ જેને એવી રાજકન્યાએ તેને પૂછયું કે–તમે કયાંથી આવો છો? ત્યારે આવેલ કુબડાએ કહ્યું કે—હું સાકેત નગરથી આવું છું.

સાસરાના નગરથી આવેલો જાણી મદનમંજરી ફરીથી પુલકિત શરીરવાળી થઈ પુનઃ પતિના વિરહથી સંતાપના કારણે વ્યાકુળ બની, ત્યારે તે વામન પુરુષે પૂછ્યું કે—હે રાજપુત્રી! તમે દુઃખી હો તેમ જણાવ છો, શું કારણ છે? આ પ્રશ્ન સાંભળી લાંબો નીસાસો નાખી રાજકન્યા બોલી—હે મહાભાગ! મંદભાગ્યવાળી એવી મારી દુઃખની કથાથી સર્યું એમ કહી આંખમાં આંસુના કારણે મ્લાન મુખવાળો એવી તે સગદ્‌ગદ કંઠવાળી થઈ ત્યારે વામને વિચાર્યું કે—આનો બધો જ વિષાદ—ખેદ મારા માટે જ છે કેમ કે કામ અતિ કુટિલ છે. તો પણ પુનઃ વામન બોલ્યો—હે રાજપુત્રી! ખેદ ન કર અને તારો બધો જ વ્યતિકર મને કહે અને જે તને તારા માત-પિતાએ વસુતેજઃ ને આપી છે અને વચ્ચે જ મંગલ રાજાએ તને અપહરી છે તો તે પણ યોગ્ય છે કેમકે મંગલ રાજા પણ સામાન્ય પુરુષ નથી અને આમાં કોઈ ઉપાય નથી અને આમ થવાનું હશે તેથી ફેરફાર કોણ કરી શકે? અને પુરાણ કથાઓમાં પણ આવી રીતે સ્ત્રીઓનું પરણવું સંભળાય છે અને બીજું મેં વસુતેજઃ કુમારને જોયો છે, તેના કરતાં આ મંગલરાજા અતિસુંદર છે તેથી અતિસુંદર લાભ વિવેકીઓને ખેદ કરનારો બનતો નથી. આ પ્રમાણે વિચારીને મંગલ રાજા સાથે આનંદથી જાઓ.

આ પ્રમાણે વામન બોલતો હતો ત્યારે સ્ફુરાયમાન રોષના કારણે જેના અધર કંપી રહ્યા છે એવી તે મદનમંજરી બોલવા લાગી કે—તું સાકેતથી આવેલ છે અને વામન શરીરને ધારણ કરનારો છે તેથી મેં કર્ણકટુક એવું તારું વચન સાંભળ્યું.

પરંતુ તેં કહ્યું કે—મંગલ રાજા સામાન્ય નથી પણ હું કહું છું કે—સામાન્ય મનુષ્ય પણ શું આવા અનાચારમાં પ્રવર્તે ખરા?

અને બીજું તેં ખરેખર વસુતેજઃ ને જોયો જ નથી અને તેથી જ મંગલરાજાને સુંદરતર કહે છે પણ વસુતેજઃકુમાર તો સાક્ષાત્ કામદેવ તુલ્ય મનોહર છે.

તું ખરેખર સોનાને અને લોખંડને સરખા ગણે છે. મદનમંજરીના ઉપરોક્ત વચન સાંભળી વામન બોલ્યો કે—હે સુંદરી! નિશ્ચે મેં તારા ચિત્તને ઓળખ્યો નથી. તારા દૃઢ નિશ્ચયથી હું કહું છું કે—તારા વાંછિત તત્કાલ સિદ્ધ થાઓ...

અથવા તમારી આકૃતિથી એમ લાગે છે કે—હમણાં જ વાંછિત સિદ્ધ થવું જોઈએ. અને એટલામાં લોકોનો મોટો કોલાહલ સંભળાયો અને થોડીવારમાં ઘણા રાજપુરુષો આવ્યા.

વામન બોલ્યો કે—હે રાજપુત્રી! ધીરજ રાખ! તમારા ધૃષ્ટ વસુતેજઃકુમાર

તમોને લેવા જ આવ્યા છે —એમ કહી આવેલ રાજપુરુષોની વચ્ચે જઈ રૂપ પરાવર્તન કરી પરસ્પર કુશલ સમાચાર પૂછે છે.

અહીં રાજકન્યા વિચારે છે —આર્યપુત્રનો આ સંબંધ હોવો જોઈએ.

તે વામન મૂળ રૂપમાં આવીને રાજસેવકોને બધી હકીકત કહી સંભળાવી અને અંતે કહ્યું કે—રાજનીતિને અનુસારે જો મંગલ રાજા સામ નીતિથી માની જાય તો સારૂં. એમ નિર્ણય કરી દૂત દ્વારા મંગલરાજાને સમાચાર કહેવરાવ્યા.

દૂત પણ મંગલરાજાની સભામાં જઈને પ્રણામ કરી મધુર વચને કહ્યું કે—વસુતેજ:કુમાર તમોને સ્નેહથી કહેવરાવે છે કે—

मलिणिज्जइ जेण कुलं कलुसिज्जइ कुंदसुंदरा कित्ती ।
कवलिज्जइ गुणनिवहो कुणंति सुवणे वि तं न बुहा ॥

જે કાર્ય કરવાથી કુલ મલિન થાય, ઉજ્જવલ યશ:કીર્ત્તિ કલંકિત થાય અને ગુણો બધા જ નાશ પામે તેવું કાર્ય ડાહ્યા પુરુષો સ્વપ્નને પણ ન કરે.

હે ભદ્ર! કદાચ લાંબો વિચાર કર્યા વિના ઉતાવળમાં તમોએ મદનમંજરીનું હરણ કર્યું હોય તો પણ હજી તમે તે કન્યા અમને સોંપી દો—એમાં તમોને દોષ નહિ લાગે—

વળી હે રાજન્! કમલિની જેમ સૂર્યને અનુસરે છે તેમ આ મદનમંજરી વસુતેજ:કુમારને જ ઇચ્છે છે અને ચંદ્રના દર્શનથી જેમ કમલિની કરમાય તેમ તમારા દર્શન—નામમાત્રથી જ મદનમંજરી ખેદ પામે છે.

ઉપરોક્ત દૂતના વચન સાંભળી મંગલરાજા ક્રોધથી ધમધમતો દૂતને કહે છે કે—તારા વસુતેજ: ને કહે કે યુદ્ધ કરવા તૈયાર થાય—પરસ્પર યુદ્ધ શરૂ થયો.

વસુતેજ:કુમાર પાસે થોડી સેના હોવા છતાં પણ ઘણા પરાક્રમવાળા વસુતેજ:કુમારે મંગલરાજાને વશ કર્યો અને સેવક દ્વારા બાંધી કેદ કર્યો—

કહ્યું છે કે—ગમે તેટલો બળવાન શત્રુ હોય તો પણ ધર્મિનો જ જય થાય છે, અને પાપી સર્વત્ર હારે છે.

હવે યુદ્ધમાં વસુતેજ:કુમારને પણ ઘણા ઘા લાગ્યા છે એમ જાણી મદનમંજરી હર્ષ અને ખેદ યુક્ત થઈ છતી પોતાના પ્રાણવલ્લભને આ પ્રમાણે કહે છે કે—અહીં

નજીકમાં જ તપોવનમાં એક તાપસ કન્યા રહે છે તેને મેં એકાવલી હાર આપ્યો છે અને તે દેવે કહેલ હારનો પ્રભાવ પણ કહ્યો છે.

રાજકન્યાની વાત સાંભળી કુમાર બોલ્યો કે—તે એકાવલી હાર તાપસીએ મને આપ્યો છે એમ કહી કંઠમાંથી હાર કાઢીને મદનમંજરીને આપ્યો—

મદનમંજરીએ ધાવ માતા દ્વારા જલ મંગાવી એકવીશ વાર હારને જલમાં સીંચીને તે જલ જેવામાં વસુતેજ:કુમાર ઉપર છાંટવા જાય છે તેટલામાં જ કુમાર બોલ્યા કે—પહેલાં મંગલ રાજા ઉપર અભિમંત્રિત જલ સીંચો...

કુમારના આવા પરોપકારમય વચન શ્રવણ કરી મદનમંજરીએ ચિંતવ્યું કે-ખરેખર આ કોઈ મહાન્ પુરુષ છે કે જે-અપકારી ઉપર પણ ઉપકાર કરવા તત્પર છે.

એમ ચિંતવી મદનમંજરીએ તે મંત્રિત જલ મંગલરાજા ઉપર છાંટ્યું અને તત્કાલ મંગલરાજા સ્વસ્થ શરીરવાળા થયા.

જેમ ચંદનવૃક્ષ પોતાને કાપનારા કુહાડાના મુખને પણ સુગંધિત કરે છે તેમ મહાપુરુષો પોતાને દુ:ખ દેનારા અપકારીઓ ઉપર પણ ઉપકાર જ કરે છે.

ત્યાર પછી બંન્ને પક્ષના જે જે સુભટો ઘાયલ થયેલા તે બધા ઉપર જલનું સીંચન કરીને બધાને સુંદર શરીરવાળા કર્યા. અને ત્યાર પછી છેલ્લે વસુતેજ:કુમાર ઉપર જળ છાંટીને વસુતેજ: કુમારને પણ સ્વસ્થ કર્યો.

ત્યાર પછી વસુતેજ:કુમારે મંગલરાજાને બહુમાન-સન્માન કરી વિસર્જિત કર્યો.

તથા વસુતેજ:કુમાર મદનમંજરીને લઈ સપરિવાર સસૈન્ય સાકેત નગરીએ આવ્યો.

અને મોટા આડંબર પૂર્વક માત-પિતાના શુભાશીર્વાદ સાથે મદનમંજરીનું પાણિગ્રહણ કર્યું.

દોગુંદક દેવની જેમ પાંચે ઇંદ્રિયોના ઉત્કૃષ્ટ પ્રકારના વિષય સુખને અનુભવતાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.

હવે શ્રીતેજ: રાજા પૌત્રના દર્શનથી પોતાને કૃતાર્થ માનતા અને સંસારના સુખથી વિરક્ત થઈને વસુતેજ:કુમારને રાજ્ય સોંપી તપોવનમાં જઈ તપ કરવા લાગ્યા.

પ્રણામ કરતા અનેક ખંડિયા રાજાઓના મુકુટ મણિઓના કિરણોથી ચિત્ર-વિચિત્ર થયા છે પાદપીઠ જેના એવા સૂર્ય જેવા પ્રતાપવાળા વસુતેજ:કુમાર હવે મહાનરેન્દ્ર થયા.

હવે એક દિવસ રાજમહેલના સુંદર-રમણીય ગવાક્ષમાં બેઠેલા રાજાના કેશ કલાપને રાણી મદનમંજરી સમારે છે. વાળને વ્યવસ્થિત કરતાં કરતાં એક પળીયું = સફેદ વાળ રાણીએ જોયો. અને રાજાને કહ્યું કે—હે સ્વામિનાથ! દૂત આવ્યો છે.

રાણીના વચન સાંભળી રાજા સંભ્રમ પૂર્વક ચારે તરફ નિહાળે છે પણ કોઈ મનુષ્ય-દૂત દેખાયો નહિ.

એટલામાં મદનમંજરી બોલી કે—ઘણી લડાઈઓમાં આપે વિજય મેળવ્યો છે આપ મહાપરાક્રમશાળી છો તો પછી દૂત શબ્દ સાંભળતાં જ આટલા બધા હાફળા-ફાફળા = આકુળ-વ્યાકુળ કેમ થાઓ છો?

રાણીના વચન સાંભળી રાજા સ્વસ્થ થઈ કંઈક હસીને બોલ્યા કે—હું ભયથી સંભ્રાંત થયો નથી પણ જે દૂતને તું જુએ છે તે દૂતને હું જોઈ શકતો નથી.

અને બીજું મારી રજા વિના એકાએક કોઈ મારી પાસે અંતઃપુરમાં આવી શકે પણ નહીં. અને મારી દૃષ્ટિ કરતાં તમારી દૃષ્ટિ વિશિષ્ટતર પણ નથી તેથી હે દેવી! કુતૂહલને વશ થઈ ચંચલ લોચનવાળો થયો છું.

ઉપરોક્ત રાજાના વચનો સાંભળી મદનમંજરી રાણી બોલ્યા કે—હે નાથ! હું મનુષ્યરૂપ દૂતની વાત નથી કરતી પણ આપના મસ્તકમાં પળીયું = સફેદવાળ જોઈને ધર્મદૂત આવ્યો છે એમ કહ્યું.

એમ કહીને ચંદ્રના કિરણ જેવા ઉજ્જ્વલ વર્ણના તે સફેદવાળને ઊખેડીને રાજાને બતાવ્યું.

વૃદ્ધત્વનો સૂચક સફેદવાળ જોઈને હિમ પડવાથી જેમ કમલ મ્લાન થાયે તેમ મ્લાન મુખવાળા રાજાની બંને આંખો અશ્રુ ભીની થઈ.

વસ્ત્રના છેડાથી આંસુને લૂંછતા રાજાને મદનમંજરી રાણીએ હસીને કહ્યું કે—હે સ્વામીનાથ! જો આપ વૃદ્ધત્વથી લજ્જા પામતા હો તો હું રાજ્યમાં પડહો વગડાવું કે—જે કોઈ રાજાને વૃદ્ધ = ઘરડો કહેશે તેને સૂડીની સજા થશે.

રાણીના વચન સાંભળી રાજા બોલ્યા કે—હે સુંદરી! આવું તો નિર્વિવેકીઓ કહે, કે જે મૂઢ નિર્વિવેકી જીવો વૃદ્ધત્વથી લજ્જા પામી ફરીથી તરુણત્વ પામવા માટે રસાયણ માટે ખેદ વહન કરે છે, અને સફેદવાળને કાળા વાળ કરવા વિવિધ તૈલ-ઔષધો વાપરે છે. અને શિથિલ થયેલ ત્વચાને પુષ્ટ કરવા વિવિધ તૈલ દ્વારા શરીર મર્દન કરાવે છે. અને તરુણીઓની આગળ તરુણની જેમ આવાગમન કરે છે.

પણ હે દેવિ! અમારા પૂર્વજો તો પળીયા સફેદવાળ આવ્યા પહેલાં જ રાજ્યનો ત્યાગ કરી પરલોકની સાધનામાં તત્પર થતાં હતા.

જ્યારે હું તે પૂર્વજોના ક્રમનો ઉલ્લંઘન કરી આજ દિવસ સુધી રાજ્ય સુખમાં લીન થયો છું તે મારા પ્રમાદથી હું આજે લજ્જા પામું છું.

તો હવે સકલ રાજ્યના સુખથી સર્યું હવે રાજ્યનો પરિત્યાગ કરી પરલોકહિત કરી એવા તપ:—નિયમો કરીશ.

રાજાના મુખથી ઉપરોક્ત વચન સાંભળી મંદનમંજરી રાણી પરશુથી કપાયેલ લત્તાની જેમ ધબ કરતાં પૃથ્વીતલ ઉપર મૂર્ચ્છિત થઈ પડયા.

શીતલ ઉપચારથી સ્વસ્થ થયેલા રાણી વિલાપ કરે છે કે–પળીયો=સફેદવાળ બતાવીને મેં અરેઅર રાજાનો ઉપહાસ કર્યો છે.

મેં મારા જ હાથે અંગારા ચાંપીને આગ લગાડી છે. મારો મોટો અપરાધ થયો છે.

હે સ્વામિન્! ક્ષમા કરો! અને કૃપા કરી આપ રાજ્યનો ત્યાગ ન કરો!!!

રાજા બોલ્યા કે—હે દેવી! આ જન્મ–જરા–મરણથી ભરેલા સંસારવનમાં લીંબડાના વૃક્ષ જેવા કટુ ફલ આપનારા રાજ્યાદિ સુખો છે. તેથી રાજ્યનો ત્યાગ કરી પરલોક સાધના અવશ્ય કરવી જોઈએ કે જેથી ઉભય–બન્ને ભવ સુધરે–સફળ થાય.

હવે જાણે કે રાજાને પ્રતિબોધનો સમય જ્ઞાનથી જાણીને જ આવ્યા ન હોય! તેમ ચાર જ્ઞાન વાળા અમરતેજ: નામના આચાર્ય મહારાજ તે નગરને વિષે સપરિવારે પધાર્યા. પુરોહિતે રાજાને આચાર્યના આગમનના સમાચાર આપ્યા.

આચાર્યદેવનું આગમન સાંભળી હર્ષથી પુલકિત અંગવાળા રાજા મદનમંજરી રાણી સાથે પરિકર પરિવરી આચાર્યદેવને વંદન કરવા ગયા.

ગુરુદેવને વંદન કરી સુખશાતા પૂછીને સપરિવાર રાજા હાથ જોડી વિનયપૂર્વક ગુરુ સન્મુખ બેઠા ત્યાં પૂજ્ય ગુરુદેવે ધર્મદેશના આપી.

ધર્મદેશના સાંભળી થયો છે દૃઢ વૈરાગ્ય જેને એવા વસુતેજ:રાજાએ અપૂર્વકરણ વડે ગ્રંથીનો ભેદ કરી, નિર્મળ સમ્યગ્દર્શન મેળવ્યું અને તે સમ્યગ્દર્શનના બળે જ અતિ તીવ્ર વૈરાગ્યવાળા તે રાજાને તત્કાલ ચારિત્રના પરિણામ થયા.

જિનભવનમાં અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રવર્ત્તાવી ચતુર્વિધ સંઘનું બહુમાન-ભક્તિ કરી પુત્રને રાજ્ય સોંપી મદનમંજરી રાણી સાથે વસુતેજ:રાજાએ પૂજ્ય આચાર્યદેવ પાસે દીક્ષા સ્વીકારી.

દીર્ઘકાળ સુધી નિર્મળ શ્રમણધર્મની પરિપાલના કરી પંચાચારની સમ્યક્ આરાધના કરી, વસુતેજ: રાજર્ષિ અને મદનમંજરી સાધ્વી સમાધિપૂર્વક કાળધર્મ પામી દેવલોકે ગયા.

દેવલોકમાં પણ વિધવિધ રીતે યથાશક્તિ સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી જિનેન્દ્રભક્તિ આદિ આરાધના કરી, મનુષ્ય ગતિમાં ઉત્તમ કુલમાં જન્મ પામી પુન: પ્રવજ્યા-આરાધના-એ રીતે ઉત્તરોત્તર ઉત્તમોત્તમ સંસારના સુખોને પણ વિરક્તભાવે ભોગવી સાતમે ભવે તે વસુતેજ:રાજર્ષિ અને મદનમંજરી સાધ્વીનો જીવ ઘનઘાતિ કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી નિર્વાણ પદ પામ્યા.

આ પ્રમાણે વિધિપૂર્વક કરેલ દાન ધર્મની આરાધનાથી સુદત્તનો આત્મા પરમાનંદ પામ્યો.

ઇતિ વિધિ દાને સુદત્ત કથા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં દાનધર્મના સ્વરૂપ વર્ણન
સાથે દાનધર્મારાધક સુદત્ત કથા વર્ણન સ્વરૂપ
ચૌદમો પ્રસ્તાવ સમાપ્ત.

—શ્રી સુમતિનાથ જિન સ્તુતિ—

સુમતિ સ્વર્ગ દીયે અસુમંતને,
મમત મોહ નહિ ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરે શિવબાલિકા,
તુંબરૂ વીર નમે મહાકાલિકા. ॥ ૧ ॥

પ્રસ્તાવ ૧૫ મો

શીલનો મહિમા

જે પુણ્યશાળી જીવ શીયલવંતને દાન આપતો પોતે પણ શીયલનું પાલન કરે છે, તેના સૌભાગ્ય-રૂપ આમ્રવૃક્ષ પર યશઃકીર્ત્તિરૂપ મનોહર મંજરી ખીલી ઊઠે છે.

નિર્મળ શીલ પાળનારા પુણ્યશાળીને અગ્નિ જલ જેવો થાય છે. સમુદ્ર ખાબોચીયા જેવો, પર્વત સપાટ ભૂમિ જેવો, સર્પ પુષ્પમાળા જેવો અને ઝેર અમૃત જેવો થાય છે.

ઇંદ્ર પણ શીલવાળા જીવને ભક્તિથી પ્રણામ કરીને પોતાના સિંહાસન ઉપર બેસે છે. અને શીલ વિનાના મોટા રાજાને પોતાના સેવકો પણ છોડી દે છે—

વિશુદ્ધ શીલવાળા જીવો દિવંગત થયા પછી પણ સદાકાળ લોકો દ્વારા પ્રશંસાય છે અને શીલ વિનાના જીવતા હોવા છતાં લોકો તેની ગર્હા-નિંદા કરે છે.

જેઓ શીલવંતીની જેમ ચંદ્રના કિરણ જેવું નિર્મળ શીલ પાળે છે. તેઓની કીર્ત્તિ દશે દિશામાં ફેલાય છે. અને સ્વર્ગ તથા મોક્ષના સુખો અનુક્રમે પામે છે.

શીયલ ઉપર શીલવતીની કથા—

જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રમાં અલકાપુરી જેવું રમણીય અને ઋદ્ધિ-સમૃદ્ધિથી ભરેલું નંદનપુર નામનું નગર છે.

તે નગરમાં અરિદમન નામનો રાજા છે કે જેણે અભિમાની શત્રુ રૂપ હાથીઓના કુંભસ્થલને સિંહની જેમ ભેદીને રણભૂમિને મોતીઓથી વ્યાપ્ત કરી છે.

તે નગરમાં દાન દયા દાક્ષિણ્ય આદિ ગુણ રત્નના ભંડાર તુલ્ય રત્નાકર નામના શ્રેષ્ઠી રહે છે. તે શ્રેષ્ઠીને પોતાના શરીરના સુંદરતાના ગુણ વડે કરીને જીતી છે લક્ષ્મીને જેણે એવી જયશ્રી નામની ભાર્યા છે.

પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલ પુણ્યના ઉદયથી જેમના સકલ સમીહિત પૂર્ણ થયા છે એવા, તથા પાંચે ઈંદ્રિયોના વિષય સુખને નિરાકુલ પણે ભોગવતા એવા તેમના દિવસો પસાર થાય છે.

પરંતુ સંતાન ન હોવાથી શ્રેષ્ઠીનું મન દુઃખને સ્પર્શે છે. એક દિવસ શ્રેષ્ઠીની બોલી કે—હે આર્યપુત્ર! આપણા નગરની બહાર ઉદ્યાનમાં શ્રી અજિતનાથ જિનેશ્વરનું દેરાસર છે, તે દેરાસરના દ્વાર પાસે શાસનાધિષ્ઠાયિકા અજિતબલા દેવતા છે. તે દેવતા અપુત્રોયાને પુત્ર આપે છે. નિર્ધનીયાને ધન આપે છે, રાજ્ય વિનાના ને રાજ્ય આપે છે, વિદ્યાના અભિલાષીને વિદ્યા આપે છે. દુઃખીઓને સુખ આપે છે, અને આંખ વિનાના ને આંખ આપે છે. વધારે શું કહું? પણ, જેને જે કંઈ પણ જોઈતું હોય, તેને તે ઈષ્ટ વસ્તુ તત્કાલ આપે છે.

તો તમે શા માટે ખેદ ધારણ કરો છો? તમે પણ તે દેવીની ઉપાસના કરો કે જેથી ચિંતિત કાર્ય સિદ્ધ થાય.

શ્રેષ્ઠીએ કહ્યું કે—હે પ્રિયે! તે ઠીક યાદ દેવરાવ્યું એમ કહી સ્નાનાદિ કરી પૂજા યોગ્ય ઉજ્જવલ શુદ્ધ વસ્ત્રો પહેરી પૂજાના ઉપકરણો લઈ પરિવાર સાથે જિનમંદિરે ગયા.

વિધિપૂર્વક દેરાસરમાં પ્રવેશ કરી શ્રી અજિતનાથ જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજા કરતાં પ્રથમ નિર્મળ શુદ્ધ પવિત્ર જલથી જલપૂજા અને પંચામૃતનો અભિષેક કર્યો તદનંતર અંગલૂછણા આદિ કરી બરાસ-કસ્તૂરી અને કેશર મિશ્રિત ચંદનથી પરમાત્માના નવ અંગે પૂજા કરી. ત્યારપછી સુગંધિ પુષ્પોથી પુષ્પપૂજા કરી ગભારાની બહાર આવી ગભારાના દ્વાર પાસે ઉભા રહી અગરૂ કુંદરુકક દશાંગ ધૂપ વડે પૂજા કરી ત્યાર બાદ દીપકપૂજા અક્ષતપૂજા નૈવેદ્યપૂજા અને ફળપૂજા કરી.

ત્યાર પછી ચૈત્યવંદન કરી પુલકિતાંગ થઈ, હર્ષાયમાન થઈ, શુભ અધ્યવસાયવાળા તે શ્રેષ્ઠીએ પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કર્યું.

ત્યાર પછી અજિતનાથ જિન શાસનાધિષ્ઠાયિકા અજિતબલા દેવી પાસે આવી યથોક્ત વિધિએ દેવીની અર્ચના કરી કહ્યું કે—હે ભગવતી! શાસનાધિષ્ઠાયિકા દેવી! જો તમારી મહેરબાનીથી મને પુત્રરત્નની પ્રાપ્તિ થશે તો હું જિનધર્મમાં વિશેષ તત્પર થઈ જિનેશ્વર પરમાત્માની મોટી ઋદ્ધિપૂર્વક પૂજા-ભક્તિ કરીશ અને તમારા સંબંધ વાળું નામ પુત્રનું સ્થાપીશ.

આ પ્રમાણે અજિતનાથ જિનેશ્વરનું સ્મરણ કરતો શ્રેષ્ઠી સપરિવારે ઘેર આવી જિનધર્મની આરાધનામાં તત્પર થયો.

એકદા મધ્યરાત્રીના સમયે શુભસ્વપ્ન સાથે કોઈક પુણ્યાત્મા જયશ્રી શેઠાણીની કુક્ષિને વિષે અવતર્યો.

પૂર્ણ માસે શેઠાણીએ પુત્રનો જન્મ આપ્યો. તત્કાલ સગાવહાલા આડોશી-પાડોશી અને સંપૂર્ણ નગરમાં જલમાં તેલની જેમ પુત્રજન્મના સમાચાર ફેલાયા.

જ્યારે બાળક એક મહિનાનો થયો, સર્વથા અશુચિ આદિનું નિવારણ થયું ત્યારે શ્રેષ્ઠિએ મોટા આડંબર તથા મોટી ઋદ્ધિપૂર્વક જિનેશ્વરના મંદિરમાં અઠ્ઠાઈ= અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો.

તે મહોત્સવના પવિત્ર દિવસોમાં રત્નાકર શ્રેષ્ઠી સપરિવારે દેરાસરે આવી પુત્રને શ્રી અજિતનાથ જિનેશ્વરના ચરણમાં મૂકયો-પરમાત્માના દર્શન કરાવ્યા. ત્યાર પછી શાસનાધિષ્ઠાયિકા શ્રી અજિતબલા દેવી પાસે પુત્ર લાવી દેવીને પ્રણામ કરી સર્વ સ્વજન સમક્ષ શ્રેષ્ઠીએ પુત્રનું અજિતસેન નામ સ્થાપ્યું.

પુત્રરત્નની પ્રાપ્તિ પછી રત્નાકર શેઠ સવિશેષ જિનધર્મમાં અનુરક્ત થયો. અને માત-પિતાના મનોરથોની સાથે અજિતસેન પણ બીજના ચંદ્રની જેમ વિવિધ કળા અભ્યાસ કરી યૌવનવય પામ્યા.

પુત્રના સકલજનથી અભ્યધિકરૂપ આદિ ગુણના સમૂહને જોઈ શ્રેષ્ઠીએ વિચાર્યું કે—જો આ મારો પુત્ર પોતાના ગુણના અનુરૂપ સ્ત્રી નહિ મેળવે તો આના રૂપ આદિ ગુણો નિરર્થક થશે.

કેમકે—મનુષ્યને ચાર મોટા દુઃખો હોય છે.

૧. અવિશેષજ્ઞ સ્વામી.
૨. અવિનીત પરિજન.
૩. પરવશપણું.
૪. વિરૂપ ભાર્યા.

આ પ્રમાણે ચિંતવતા શ્રેષ્ઠીની પાસે કોઈક વણિકપુત્ર આવ્યો પ્રણામ કરી રત્નાકર શેઠની પાસે બેઠો. શ્રેષ્ઠિએ વ્યાપારનું સ્વરૂપ પૂછયું. ત્યારે વણિકપુત્રે બધી વાત કરી અને કહ્યું કે—હે શ્રેષ્ઠિન્! તમારા આદેશથી હું કૃતંગલા નગરીએ વ્યાપાર માટે ગયેલ ત્યારે એક વખત જિનદત્ત શેઠ સાથે વ્યાપાર થયેલ—એક દિવસ તેમણે મને જમવા બોલાવ્યો, તેથી હું તેમને ઘેર ગયો તો ત્યાં એક કન્યકા=યૌવનવતી કુમારિકા જોઈ કે જેનું મુખ ચંદ્ર જેવું હતું તથા હાથ તથા પગ કમળ જેવા કોમલ

હતા. પ્રવાલ જેવા ઓષ્ઠ હતા, કટિપ્રદેશે સુવર્ણમય કંદોરો હતો અને રૂપ અને લાવણ્યથી જાણે કે કામદેવ રાજાનો ભંડાર ન હોય!!! તેવી સુંદર દેહવાળી મંદ મંદ ચાલનારી કુમારિકા જોઈ.

મેં શ્રેષ્ઠીને પૂછયું કે—આ કોણ છે? શ્રેષ્ઠીએ કહ્યું કે—હે ભદ્ર! આ મારી પુત્રીના બહાને મૂર્ત્તિમતી ચિંતા છે.

તે આ પ્રમાણે—શું આ પોતાના રૂપ-ગુણાનુસાગર યોગ્ય વર પામશે કે નહિ?

શું પોતાના ગુણ સમૂહથી સસરા આદિ પરિવારને પ્રસન્ન કરશે કે નહિ?

શું પતિવ્રતા રૂપ નિર્મળ શીલ પાળશે કે કેમ? શું સુંદર ગુણજ્ઞ પુત્રનો જન્મ આપશે કે નહિ?

ઇત્યાદિ ચિંતા જાણે કે મૂર્ત્તિમય ન થઈ હોય તેમ તે કન્યા અમારા ઘરમાં રહે છે.

આ કન્યાએ શરીરની સુંદરતાથી અપ્સરાઓના રૂપ ગર્વને પરાજિત કર્યો છે.

આ કન્યા સ્વભાવથી જ ગુણાનુરાગી છે, પ્રિય બોલનારી છે, હિત-અહિતના વિચારમાં કુશલ છે. પ્રશંસનીય શીલવાળી એવી આ કન્યાનું ગુણાનુરૂપ શીલવતી નામ છે.

બાલ્યકાળથી જ પૂર્વ કરેલ સુકૃતના કારણે પક્ષિઓના સ્વર પર્યંતની ૬૪ કળાઓમાં કુશલ છે.

આ પ્રમાણે ગુણગણવાળી આ કન્યાને યોગ્ય કોઈ વાર મળ્યો નથી એ જ મને મોટી ચિંતા છે. અને આ જ કારણથી આ કન્યાને હું મૂર્ત્તિમતી ચિંતા છે એમ કહું છું.

જિનદત્ત શ્રેષ્ઠીના ઉપરોક્ત વચન સાંભળી મેં કહ્યું કે—હે શ્રેષ્ઠિન્! સંતાપ ન કરો!

નંદનપુરમાં રત્નાકર નામના શ્રેષ્ઠીને વિશિષ્ટ રૂપ આદિ ગુણગણથી પ્રખ્યાત અજિતસેન નામનો પુત્ર છે, અને તે તમારી પુત્રીને યોગ્ય અનુરૂપ વર છે:

મારા આ વચનો સાંભળી જિનદત્ત શ્રેષ્ઠી બોલ્યા કે—હે ભદ્ર! તમોએ ચિંતા સમુદ્રમાં ડૂબેલા એવા મને શ્રેષ્ઠ વરની વાત રૂપ વહાણથી બચાવ્યો=ઉદ્ધર્યો છે. તેથી આ વાતમાં તમે જ મને પ્રમાણ છો. એમ કહી તે શ્રેષ્ઠીએ આપના પુત્ર અજિતસેનને

શીલમતી નામની પોતાની પુત્રી પરણાવવા માટે પોતાનો જિનશેખર નામનો પુત્ર મારી સાથે મોકલ્યો છે અને તે અહીં આવેલ છે તેથી જે યોગ્ય હોય તે આદેશ આપો.

ઉપરોક્ત વણિકપુત્રના મુખથી વચન સાંભળી રત્નાકર શ્રેષ્ઠી બોલ્યા કે—હે ભદ્ર! તમોએ જિનદત્ત શ્રેષ્ઠીની જેમ મને પણ ચિંતા સમુદ્રમાંથી તાર્યો છે.

તો હુવે જલ્દીથી જિનશેખરને બોલાવો. વણિકપુત્ર તુર્ત જિનશેખરને બોલાવી લાવ્યો. અને યોગ્ય પરસ્પર વાર્તા કુશલ સમાચાર પૃચ્છા કરી હાથજોડી જિનશેખર બોલ્યો કે—હે રત્નાકર શ્રેષ્ઠિન! મારી બહેન જે શીલવતી તે આપના પુત્ર અજિતસેનને પરણાવવી છે.

રત્નાકર શ્રેષ્ઠિએ વાત સ્વીકારી પોતાના પુત્ર અજિતસેનને પરિવાર યુક્ત જિનશેખરની સાથે મોકલે છે. અજિતસેન ત્યાં જઈ શીલવતીને પરણીને પાછો પોતાના નગરમાં આવે છે.

માત-પિતાથી આશીર્વાદ પામેલ દંપતી દ્વિગુંદક દેવની જેમ વિશિષ્ટ પ્રકારના પાંચે ઇંદ્રિયોના સુખો ભોગવે છે. એમ કરતાં કેટલોક કાળ પસાર થયો.

હુવે કોઈ એક મધ્ય રાત્રે ઘડો લઈને શીલવતી ઘરમાંથી બહાર નીકળી, અને કેટલીક વેળા પછી પાછી ઘેર આવી. સસરાએ જોઈને ચિંતવ્યું કે—નિશ્ચે આ સ્ત્રી ખરાબ શીલવાળી છે.

શ્રેષ્ઠિએ પ્રાતઃકાળે શ્રેષ્ઠિની સમક્ષ પુત્રને એકાંતમાં બોલાવીને કહ્યું કે—હે પુત્ર! તારી આ સ્ત્રી કુશીલ છે. કેમકે—આજ મધ્યરાત્રિએ ઘેરથી નિકળી કયાંક ગઈ અને કેટલીક વાર પછી પાછી આવી.

તેથી આને આપણે ઘેર રાખવી યોગ્ય નથી. કેમકે કુશીલ વહુ બન્ને કુળને કલંકિત કરે છે. તેથી વહુને પિયર મોકલવી યોગ્ય છે.

પિતાનાં વચન સાંભળી અજિતસેન બોલ્યો કે—હે પિતાજી! આપને જેમ ઉચિત લાગે તેમ કરો...

રત્નાકર શ્રેષ્ઠીએ પુત્રવધૂને બોલાવીને કહ્યું કે—હે ભદ્રે! તમારા પિતાજીનો સંદેશો આવ્યો છે કે—અમારી પુત્રીને થોડા દિવસ માટે પિયર મોકલો...તેથી તૈયાર થાઓ સવારમાં પ્રયાણ કરવાનું છે.

પુત્રવધૂ પણ મનમાં વિચારે છે કે—રાત્રિએ હું ઘરથી બહાર નીકળી હતી તેથી કુશીલની મારામાં શંકા કરીને સસરાજી ઉપરોક્ત આદેશ કરે છે તો હુવે હું એ પણ જોઈ લઉં છું એમ ચિંતવતી રથમાં બેસીને રત્નાકર શ્રેષ્ઠીની સાથે પિયર તરફ જાય છે.

રસ્તામાં નદી આવી શ્રેષ્ઠીએ કહ્યું—હે પુત્રિ ! હે દીકરી ! પગરખાં (ચંપલ) ઉતારીને નદી ઉતરો !!! પરંતુ પુત્રવધુએ પગમાંથી પગરખા કાઢયા નહિ તેથી શ્રેષ્ઠીએ વિચાર્યું કે—આ પુત્રવધૂ સ્વછંદ મતિવાળી છે. અવિનીત છે કે જે કહેવા છતાં પણ પગરખા પહેરીને જ નદી ઉતરી...

વળી ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં એક સુંદર રમણીય પાકની પ્રથમ અવસ્થાવાળા ખૂબ જ ફૂલ-ફળથી ભરેલા મગના ખેતરને જોઈ શ્રેષ્ઠી બોલ્યા—અહો ! આ ખેતરમાં મગના છોડવાઓ કેટલા બધા ફાલ્યા ફૂલ્યા છે. હવે આ ખેતરનો સ્વામી સર્વઋદ્ધિ સંપન્ન થશે—

સસરાની ઉપરોક્ત વાણી સાંભળીને પુત્રવધૂ બોલી—જો ખવાયેલું ન હોય તો !!!

શ્રેષ્ઠીએ ચિંતવ્યું કે ખેતર અક્ષત દેખાય છે તો પણ ખવાયેલું કેમ કહે છે ? માટે નિશ્ચે અવિનીતપણાથી અસંગત પ્રલાપ-બકવાદ કરે છે.

પુનઃ ત્યાંથી આગળ ચાલતાં ઋદ્ધિ સમૃદ્ધિથી સમૃદ્ધ એવા સુખી લોકાના નિવાસ સ્થાનરૂપ એક મોટા નગરમાં આવે છે. નગરને જોઈ શ્રેષ્ઠી બોલ્યા—અહો ! આ નગરની રમણીયતા કેટલી છે ?

સસરાના વચન સાંભળી પુત્રવધૂ બોલી કે—એમાં કોઈ રહેતું તો નથી !!!

વહુના વચન સાંભળી શ્રેષ્ઠીએ વિચાર્યું કે—આ સામે પ્રત્યક્ષ આટલા બધા સુખી લોકો રહે છે તો પણ આ આમ કેમ બોલે છે ? નિશ્ચે આ પુત્રવધૂ અવિવેકી હોવાથી જેમ તેમ બડબડ કરે છે.

વળી ત્યાંથી આગળ ચાલતાં રસ્તામાં કોઈ હથીયાર યુક્ત કુલપુત્રક મળ્યો.

કુલપુત્રકને જોઈ શ્રેષ્ઠી બોલ્યા કે—અહો ! આ કેવો શૂરવીર છે !!!

સસરાના વચન સાંભળી પુત્રવધૂ બોલી કે—અરે એ તો નમાલો છે ડરપોક છે !!!

વહુના વચન સાંભળી શ્રેષ્ઠીએ વિચાર્યું કે—તે કેમ શૂરવીર ન કહેવાય કે જે શસ્ત્રને ધારણ કરે છે ? પણ આ વધૂને તો કંઈ વળગાડ થયો લાગે છે કે—જેથી દરેક ઠેકાણે ઊલટું જ બોલે છે...

વળી ત્યાંથી આગળ ચાલ્યા...રસ્તામાં એક મોટો વડનો ઝાડ આવ્યો એટલે વિસામો લેવા શ્રેષ્ઠી ઝાડ નીચે બેઠા પણ પુત્રવધૂ દૂર તડકે બેઠી. વહુની આવી ચેષ્ટા જોઈ શ્રેષ્ઠીએ ચિંતવ્યું કે—આ અવળી બુદ્ધિવાળી છે તેથી મૂકોને માથાકૂટ...જ્યાં બેસવું હોય ત્યાં ભલે બેસે !!!

થોડી વારે ત્યાંથી પ્રયાણ કરી આગળ ચાલતાં એક ગામ આવ્યું એટલે પુત્રવધૂ બોલી કે—હે પિતાજી! અહીં મારા મામા રહે છે તેથી આપ અહીં બેસો હું હમણાં જ જોઈ આવું છું ઘેર છે કે નહીં? એમ કહી વધૂ ગામમાં ગઈ. મામાને ઘેર પહોંચી કે તુર્ત મામાએ ઓળખી લીધી ને સંભ્રમ પૂર્વક ઊભા થઈ પુછયું કે—હે વત્સ! તું કયાંથી આવી? સાથે કોણ છે?

શીલવતી બોલી કે—હે મામાજી! સાસરીએથી આવું છું. મારા સસરાજી સાથે છે.

મામા બોલ્યા—કે કયાં છે તારા સસરા! શીલવતી બોલી—ગામની બહાર બેઠા છે.

તુર્ત જ શીલવતીના મામા ગામ બહાર આવી આદર સહિત શ્રેષ્ઠીને ઘેર આવવા વિનંતિ કરે છે. પણ શ્રેષ્ઠી કષાયયુક્ત હોવાથી ગામમાં જવા ઇચ્છતા નથી.

ત્યારે ખૂબ જ આગ્રહ કરીને શીલવતીના મામા રત્નાકર શ્રેષ્ઠીને પોતાને ઘેર લઈ જાય છે. સ્નાન–ભોજન આદિ કરીને રત્નાકર શ્રેષ્ઠી પાછા ગામ બહાર આવે છે.

હમણાં મધ્યાહ્ન = બપોર છે તેથી થોડી વાર વિસામો લઈએ એમ વિચારી શેઠ રથમાં આરામ કરવા સૂતા છે. અને શીલવતી રથની છાયામાં રથ પડખે બેઠી છે.

એટલામાં પાસે રહેલા કેરડાના ઝાડ ઉપર એક કાગડો આવીને મોટેથી કા... ...કા...કા...એમ બોલે છે.

કાગડાના શબ્દ સાંભળી પુત્રવધૂ બોલી કે–અરે કાગડા! તું કા...કા... કરતા થાકતો નથી?

તું જાણે છે ને દુર્જય કે–એક વખત વિદ્યાનો દુરૂપયોગ કર્યો તો ઘરમાંથી નિકળવું પડયું. હવે જો બીજી વખત વિદ્યાનો દુરૂપયોગ કરું તો પિયર પણ નહિ પહોંચું...

ઉપરોક્ત પુત્રવધૂના વચન સાંભળી શ્રેષ્ઠી બોલ્યા કે—હે વત્સે! કેમ આમ બોલે છે?

વહુ બોલી—ના ના! કંઈ નથી!

શ્રેષ્ઠી બોલ્યા—કેમ કંઈ નહિ?

હમણાં જ કાગડાને ઉદ્દેશીને કંઈક કહ્યું હતું ને!! વહુ બોલી—કે હે સસરાજી! જો આપને જાણવું જ છે! તો સાંભળો—સુગંધિના ગુણને લઈને જ ચંદન છેદ અને ઘસાવાનું દુઃખ પામે છે. અને પાકા રંગના કારણે માંજિષ્ઠ ખંડન અને ઉકળતા પાણીમાં રંધાવાના ક્લેશને પામે છે.

અને રત્નાકર = સમુદ્ર રત્નનો ભંડાર છે એમ જાણીને તે રત્નોને મેળવવા દેવોએ સમુદ્રનું મંથન કરેલું તથા પોપટમાં મનુષ્યની જેમ બોલવાના ગુણને લઈને જ પોપટને પાંજરામાં પુરાઈ રહેવાનો કષ્ટ સહેવો પડે છે. તથા સુગંધ ગુણને લઈને જ કાળાગરુ ધૂપને અગ્નિમાં ક્ષેપનું દુઃખ ઉઠાવવું પડે છે. વળી રમળીયતા ગુણને લઈને જ મોતીઓને વીંધાવું પડે છે.

આ પ્રમાણે ઉપરોક્ત વસ્તુઓ જેમ તે તે ગુણને કારણે જ વિધવિધ કષ્ટને અનુભવે છે તેમ હું પણ સકલ કળાઓમાં શિરોમણી રૂપ શકૂનરુત=પશુ-પક્ષીઓની ભાષા જાણવા રૂપ વિદ્યા ગુણ વડે જ આવી વર્ત્તમાનકાલીન અવસ્થાને પામી છું.

તે આ પ્રમાણે—ગયા દિવસની મધ્ય રાત્રિએ અવાજ કરતી શીયલણીએ કહેલું કે—આ નદીના પૂરમાં તણાતા મડદાને કાઢીને તમે સ્વયં ઘરેણા લઈ લ્યો અને મને તે મડદું = શબ આપો.....

આ પ્રમાણે શીયાલણીના વચન = શબ્દોને સાંભળીને હું ઘડો લઈને ઘરમાંથી નિકળી નદીએ ગઈ અને તે ઘડાને હૃદય પાસે ધારણ કરીને નદીમાં પ્રવેશીને તરતી તરતી તે મડદાને કિનારે લાવી. મડદાના શરીરપર પહેરેલા ઘરેણા મેં લઈને ઘડામાં ભર્યા અને મડદું શીયાલણીને આપ્યું—અને તુર્ત ઘરેણા ભરેલો ઘડો લઈને હું ઘેર આવી અને ઘરના એક ખૂણામાં જમીન = ભૂમિમાં તે ઘડો દાટ્યો છે.

આ પ્રમાણે એક કાર્ય કરવાથી મારી આવી અવસ્થા થઈ છે.

અને આ કાગડો હમણાં એમ કહે છે કે—આ કેરડાના થડ પાસે દશ લાખ સોનામહોરોનો નિધાન = ભંડાર દાટેલો છે. તો તે નિધાન તમે લઈ લ્યો અને મને ઘડો ભરીને કરંબો આપો.

આ પ્રમાણે પુત્રવધૂના મુખથી સાંભળી શ્રેષ્ઠી તત્કાળ ઊભા થઈને બોલ્યા—કે હે વત્સે! આવું બધું ઘણું કહ્યું! પુત્રવધૂ બોલી—કે-પિતા તુલ્ય એવા આપની પાસે હું બોટું શા માટે બોલું!

અથવા તો હાથ કંકણને આરશીની શું જરૂર!!! એ ન્યાયે-આપ સાક્ષાત્ આપના હાથે જ જુઓ!!! શેઠ પણ તુર્ત કેરડાના થડ પાસે બોદ્દે છે અને નિધાનને મેળવે છે.

નિધાનને જોતાં જ શ્રેષ્ઠીએ ચિંતવ્યું કે—"અહો! આ વહુ તો મૂર્તિમંત લક્ષ્મી છે." તથા ઉત્પન્ન થયો છે આદર અને બહુમાન જેને એવો શ્રેષ્ઠી પુત્રવધૂને રથમાં બેસાડીને પાછો વળે છે.

અનુક્રમે ચાલતાં ચાલતાં રસ્તા પર રહેલ મોટા વડના ઝાડ પાસે આવ્યા.

ત્યારે શ્રેષ્ઠીએ પૂછ્યું કે—તમે તે વખતે કેમ છાયામાં બેઠા ન હતા ?

પુત્રવધૂ બોલી કે—ઝાડના થડ પાસે સર્પદંશનો ભય અને જો ઊંઘ આવી જાય તો ચોર આદિનો ભય અને ઝાડ નીચે બેસવાથી ઝાડ ઉપર બેઠેલા કાગડા આદિ પક્ષીઓની વિષ્ઠા પડવાનો ભય, તેથી ઝાડથી દૂર બેસવામાં કોઈ જાતનો ભય નથી.

ફરીથી શ્રેષ્ઠી બોલ્યા કે—જેને મેં શૂરવીર કહેલ તે પુરુષને તમે નમાલો કહેલ તેનો પરમાર્થ શું ?

પુત્રવધૂ બોલી—કે જો તે પ્રથમ પ્રહાર ન કરે તો શૂરવીર, નહિ તો હથીયાર લઈને જાય છે માટે નમાલો કહેલ.

પુનઃ આગળ ચાલતાં ચાલતાં શ્રેષ્ઠીએ પૂછ્યું કે-નગરને જોઈ તમોએ કહેલ કે-" આમાં કોઈ રહેતું નથી " તો તેનો સારાંશ શું છે ?

પુત્રવધૂ બોલી કે—જ્યાં આપણો કોઈ સ્વજન સંબંધિ રહેતો ન હોય તથા જ્યાં આગતા-સ્વાગતા કરનાર કોઈ ન હોય તે નગર નહિવત્ છે. શ્રેષ્ઠીએ પુનઃ પૂછ્યું કે—ખેતરને જોઈ તમોએ કહેલ કે-ખાધેલું છે તો તેનું રહસ્ય શું છે ?

પુત્રવધૂ બોલી—ખેતરના સ્વામીએ વ્યાપારી પાસેથી ધન વ્યાજે લઈને ખેતરમાં વાવેલું અડધું ધાન્ય વેપારીને આપી દીધેલ છે તેથી એમ કહેલ કે—અડધું ખવાયેલ છે.

એમ વાર્તાલાપ કરતાં કરતાં નદી પાસે પહોંચ્યા તે વખતે શ્રેષ્ઠીએ પૂછ્યું કે—મેં તમોને પગરખા કાઢીને નદી ઉતરવાનું કહેલ તો પણ પગરખા પહેરીને જ કેમ નદી ઉતર્યા હતા ?

પુત્રવધૂ બોલી કે—હે પિતાજી ! નદીમાં ખીલા કે કાંટાઓ કાંઈ દેખાય નહિ તેથી પગમાં વાગવાનો સંભવ છે તેથી પગરખા પહેરીને જ નદી પાર કરેલ.

—આ પ્રમાણેવાર્તાલાપ કરતાં કરતાં રત્નાકર શ્રેષ્ઠી પુત્રવધૂ સાથે પોતાના ઘેર આવી પહોંચ્યા.

પુત્રવધૂએ પણ ભૂમિમાં દાટેલ ઘરેણા સહિતનો ઘડો બહાર કાઢીને બતાવ્યો.

પુત્રવધૂની ચતુરાઈ જોઈ ખુશ થયેલા શ્રેષ્ઠીએ પોતાની ભાર્યાને તથા પુત્રને બધી જ વાત વિગતવાર કહી. સંભળાવીને પુત્રવધૂને ઘરનું સર્વસ્વ સોંપીને ગૃહકાર્યથી નિવૃત્ત થયા. અને ધર્મની આરાધનામાં લીન થયા.

હવે એક વખત—સર્વ પદાર્થોનું ક્ષણભંગુર પણું હોવાથી પ્રતિ સમય

આયુઃકર્મ ક્ષય થતું હોવાથી અને યમને કોઈ અટકાવી શકનાર ન હોવાથી કર્યું છે સર્વ કરવા યોગ્ય શુભ કર્મ જેમણે આવા તે શ્રેષ્ઠી નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા કરતા પંચત્વ = મરણ પામ્યા...

પતિના વિયોગથી થયેલા શોકથી વહી રહેલ અશ્રુથી વ્યાપ્ત આંખો છે જેણીની એવી જયશ્રી શેઠાણી, થોડા પાણીમાં જેમ માછલી રતિ ન પામે તેમ સંસાર સુખમાં રતિ નહિ પામતી છતી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ કઠિન તપશ્ચર્યા કરી સમાધિ પૂર્વક વિનશ્વર દેહનો ત્યાગ કરી સદ્ગતિગામી થયા.

પિતા તથા માતાના મરણથી કંઈક દુઃખિત મનવાળો થયેલો અજિતસેન સંસારના ભાવોની વિચિત્રતાથી વૈરાગ્ય વાસિત થઈ વિશેષે કરીને જિનધર્મની આરાધનામાં તત્પર બન્યો. કેમકે—જિનેશ્વરે કહેલ દાન-શીલ-તપ અને ભાવધર્મ સિવાય બીજો કોઈ જીવને શાશ્વત સુખ આપનાર નથી.

હવે આ તરફ તે નગરના અરિમર્દન રાજા સભા મંડપમાં સિંહાસન ઉપર બેઠા છે. ૪૯૯ મંત્રીઓ યથાયોગ્ય સ્થાને બિરાજમાન છે. અન્ય પણ સભ્યજનો સ્વોચિત સ્થાને બેઠા છે. તે સમયે રાજા ૪૯૯ મંત્રીઓના અગ્રેસર સર્વકળા કુશલ એવો ૫૦૦ મા મંત્રીની ચિંતા વ્યક્ત કરતાં પ્રત્યેક નાગરિકોને પૂછે છે કે—"જે મને પગથી લાત મારે તેને શું કરવું?"

તે નાગરિકો પણ પરમાર્થને નહિ જાણવાથી પોત પોતાની મતિ અનુસારે કહે છે કે—હે સ્વામિન્! એમાં પૂછવાનું શું? ફાંસીની સજા કરવી અથવા તલ જેવડા કુકડા કરવા.

ત્યાર પછી રાજાએ જ્યારે અજિતસેનને પૂછયું, ત્યારે અજિતસેન બોલ્યો કે—"વિચાર કરી કહીશ."

ઘેર આવીને રાજાએ પૂછેલો પ્રશ્ન શીલવતીને કહી સંભળાવ્યો, ત્યારે ઔત્પાતિકી વૈનયિકી કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિ સંપન્ન શીલવતી બોલી કે—"તેનો મહાન્ સત્કાર અને સન્માન કરવો જોઈએ."

અજિતસેને પૂછયું કે—કેવી રીતે? શીલવતી બોલી કે—રાજાને લાત કોણ મારે? રાજા જ્યારે પુત્રને ખોળામાં લઈને રમાડે, ત્યારે પુત્ર પગને ઉંચા નીચા કરવા પૂર્વક રાજાને લાત મારે અથવા રાણી સાહેબ રીસાય, ત્યારે મનાવવા આવેલ રાજાને લાત મારે, તે સિવાય બીજો કોઈ રાજાને લાત મારવાની હિંમત ન કરે તેથી પુત્ર

અને રાણી તો રાજાને મન પ્રાણથી પણ વહાલા છે, તેથી રાજાને લાત મારનારનો વિશેષે કરીને સત્કાર અને સન્માન કરવો જોઈએ.

આ પ્રમાણે રહસ્ય યુક્ત પ્રશ્નનો ઉત્તર સાંભળી અજિતસેન મનમાં ખૂબ જ આનંદ પામ્યો. અને બીજે દિવસે સભામાં રાજાને યથાવસ્થિત રહસ્ય યુક્ત જવાબ આપ્યો—

અજિતસેને આપેલ જવાબ સાંભળી રાજા ખુશ થયા, અને તત્ક્ષણ અજિતસેનને સર્વ મંત્રીઓના ઉપરી એવા મહામંત્રીની પદવી આપી.

પ્રતિદિન નવનવી યુક્તિ-પ્રયુક્તિથી અજિતસેન નરપતિના ચિત્તનું રંજન કરે છે. સભા લોક પણ વિશેષ હર્ષ પામી અજિતસેનની પ્રશંસા કરે છે.

હવે એક વખત અરિમર્દન રાજાનો પ્રતિપક્ષી સિંહરથ નામનો, સીમાડાનો રાજા ચડાઈ કરીને લડવા માટે આવે છે. એવા સમાચાર દૂત દ્વારા અરિમર્દન રાજાએ મેળવ્યા.

તે સિંહરથ રાજા હાથીઓના ગંડસ્થલમાંથી ઝરતા મદથી પૃથ્વીને આર્દ્ર= કાદવવાળી કરતો તથા ચંચલ ઘોડાઓની ખરીથી ઉડેલી ધૂળ દ્વારા આકાશમાં રજના વાદળની વિકુર્વણા કરતો તથા ચાલી રહેલા રથના શિખર પર ફરકી રહેલી શ્વેત ધ્વજાઓથી બગલાઓની શ્રેણીની કલ્પના કરાવતો તથા અનેક સુભટોથી પરિવરેલો સિંહરથ રાજા લડાઈ કરવા નિકટમાં જ આવી પહોંચ્યો છે.

તેથી અરિમર્દન રાજા પણ અજિતસેન મહામંત્રીની સલાહ લઈ તત્કાલ સૈન્યને સજ્જ કરી શત્રુનો પ્રતિકાર કરવા પ્રયાણની તૈયારી કરે છે.

અજિતસેન ઘેર આવીને રાજા સાથે જવાની તૈયારી કરે છે પણ ચિંતાના કારણે મુખ ઉદાસીન છે—

શીલવતીએ ચિંતાનું કારણ પૂછયું એટલે અજિતસેન બોલ્યો કે-મારે રાજાની સાથે યુદ્ધ મેદાનમાં જવાનું છે. અને જો તને સાથે લઈ જાઉં તો ઘર સૂનુ રહે અને તને અહીં ઘેર મૂકીને જાઉં તો વાંધો તો નથી, કેમકે તું શીયલને દૃઢતાથી પાળનારી છે, તો પણ તને એકલીને ઘેર મૂકીને જવાનું મારું મન માનતું નથી, આ કારણથી હું ચિંતાતુર છું—

પતિના મુખથી ઉપરોક્ત વાત સાંભળીને શીલવતી બોલી—કે હે સ્વામિનાથ!

અગ્નિ કદાચ શીતલ થાય.

સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગે.

મેરુ પર્વતનું શિખર કદાચ કંપી ઉઠે.

પૃથ્વી કદાચ ધ્રુજવા લાગે.

સમુદ્ર કદાચ પોતાની મર્યાદા મૂકે,

તો પણ મારા શીયલનો ભંગ ઇંદ્ર પણ ન કરી શકે,—

તો અન્ય સામાન્ય મનુષ્યની તો વાત જ શું કરવી.

તો પણ તમારા મનની શાંતિને માટે આ પુષ્પમાળા તમે ગ્રહણ કરો—

મારું શીલ જ્યાં સુધી અખંડિત હશે ત્યાં સુધી આ પુષ્પમાળા શીલના માહાત્મ્યથી કરમાશે નહિ.

અને જ્યારે આ પુષ્પમાળા કરમાયેલી દેખાય ત્યારે તમારે જાણવું કે—"મારું શીયલ ખંડિત થયેલ છે."

એમ કહી શીલવતી પોતાના હાથે પતિના કંઠમાં પુષ્પમાળા પહેરાવે છે.

અજિતસેન મહામંત્રી પણ નિશ્ચિંત પણે શીલવતીને ઘેર મૂકીને રાજા સાથે ચાલ્યો—કયાંય પણ અટકયા વિના, નિરંતર પ્રયાણ કરતાં કરતાં તેવા સ્થાને પહોંચ્યા કે જ્યાં કોઈ પણ જાતના પુષ્પ જોવા ન મળે.

તો પણ અજિતસેન મંત્રીના કંઠમાં તાજી પુષ્પમાળા છે. એમ જાણીને રાજાએ પૂછયું કે—તમે આ તાજી પુષ્પમાળા કયાંથી લાવ્યા ?

મોટું આશ્ચર્ય તો એ છે કે—મેં ચારે તરફ પુષ્પ લાવવા સેવકોને મોકલ્યા તો કોઈ પણ ઠેકાણે પુષ્પ મળ્યા નહિં અને તમારી પુષ્પમાળા કયાંથી આવી...

મંત્રી બોલ્યો—હે સ્વામિન્! પ્રયાણ સમયે મારી પ્રિયાએ આ પુષ્પમાળા મારા કંઠમાં પહેરાવી છે, અને તેના શીયલના પ્રભાવે આ માળા કરમાતી નથી.

અજિતસેન મંત્રીની વાત સાંભળી રાજા વિસ્મય પામી પ્રશંસા કરવા લાગ્યા. અજિતસેન અન્ય કાર્યાર્થે અન્યત્ર ગયો ત્યારે રાજા બાકીના મંત્રીઓને બોલાવીને અજિતસેને કહેલી વાત કહીને કહ્યું કે—"શું આ સંભવિત છે ?"

રાજાનું વચન સાંભળી કામાંકુર મંત્રી બોલ્યો—કે હે રાજન્! સ્ત્રીઓમાં શીયલ કયાંથી હોઈ શકે!!!

લલિતાંગ મંત્રી બોલ્યો કે—કામાંકુર મંત્રી સાચું જ કહે છે!!!

રતિકેલિ મંત્રી બોલ્યો કે—એમાં સંદેહ શું છે? અર્થાત્ કામાંકુર મંત્રીની વાત સાચી છે.

અશોક મંત્રી બોલ્યો કે—હે દેવ! આપ શ્રીમાન્ મને રજા આપો તો શીલવતીને વિચલિત શીલવાળી કરીને આપના સંદેહને દૂર કરું.

ઉપરોક્ત તે તે મંત્રીની વાતો સાંભળીને રાજાને શીલવતીની પરીક્ષા કરવાનું મન થયું અને અશોક મંત્રીને ઘણું ધન આપીને શીલવતીની પાસે મોકલ્યો.

તે અશોક મંત્રી પણ રાજાના આદેશને પામીને અનુક્રમે નંદપુરમાં આવી શીલવતીના ઘરની નજીકમાં ઘર લઈને રહ્યો.

પ્રતિદિન ઉજ્જવલ કપડા તથા વિવિધ ઘરેણા પહેરી ઘરના ગવાક્ષ = ઝરૂખામાં બેસી પંચમ સ્વરે કિન્નર ગીતોને ઊંચે સ્વરે ગાય છે. અને વિધવિધ ચેષ્ટાથી શીલવતીને આકર્ષવા યત્ન કરે છે.

આ પ્રમાણે કેટલાક દિવસો પસાર થયા ત્યારે શીલવતીએ ચિંતવ્યું કે-નિશ્ચે આ મારા શીલને ખંડિત કરવા પ્રયત્ન કરે છે, પણ આ કાર્ય શેષનાગના મસ્તક પર રહેલા મણી લેવા જેવું અતિશય કપરું છે. અથવા તો અગ્નિની જ્વાલાઓનો કોળીયો કરવાની ચેષ્ટા કરવા જેવું છે. અથવા કેશરીસિંહની કેશરાઓને ગ્રહણ કરવા જેવું છે, પણ આ જડ-મૂરખ વિચાર્યા વિના જ અનર્થકારી કાર્ય કરવા આવ્યો છે, તો હવે હું જોઉં તો ખરી કે—તેનામાં કેવી ચતુરાઈ છે!!! એમ કુતુહલથી શીલવતી ઝરૂખામાં બેઠેલા અશોક મંત્રીને જુએ છે.

શીલવતી પોતાને જુએ છે એમ જાણી અશોક મંત્રીએ વિચાર્યું કે—હવે મારું સમીહિત અવશ્ય સિદ્ધ થશે જ, એમ વિચારી દૂતીને શીલવતીની પાસે મોકલે છે.

દૂતી પણ શીલવતીની પાસે જઈને બોલી કે—હે ભદ્રે! કુસુમ = ફુલની જેમ થોડા કાળ ટકનારા યૌવનને નિરર્થક કેમ ગુમાવે છે? માટે વિષય સુખના સેવન કરવા દ્વારા યૌવન વયને સફળ કર.

તારો પતિ તો રાજાની સાથે ગયેલ છે. અને આ સામે રહેલ "सुहउ" સુહદ્ તમને ઇચ્છે છે.

દૂતીની વાત સાંભળી શીલવતીએ ચિંતવ્યું કે—આ વરાકડો કામાંધ "सुहउ त्ति सुट्ठु हउ" સારી રીતે અશુભ મતિથી હણાયેલો છે, કેમ કે તે આવા પાપના માર્ગે

પ્રવર્ત્તવા તત્પર બન્યો છે. ઇત્યાદિ શીલવતી વિચારે છે, તે સમયે પુનઃ દૂતી બોલી કે—મહેરબાની કરીને કામાગ્નિની જ્વાલાઓથી સંતપ્ત થયેલાને, પોતાના અંગના સમાગમ રૂપ અમૃતનું સીંચન કરીને સ્વસ્થ કરવો એ તમારા માટે ઉચિત છે.

દૂતીના વચન સાંભળી સંક્ષોભ પામ્યા વિના ગંભીરતા પૂર્વક શીલવતીએ કહ્યું કે—તે ઉચિત જ છે, પણ પરપુરુષનો સંગ કુલીન સ્ત્રીઓ માટે કલંક રૂપ છે, જેમ દ્રવ્યનો સંગ સાધુને કલંક આપનારો બને છે તેમ.

પરંતુ એવું પણ કરીએ જો માગીએ તેટલું ધન મળે તો.

દૂતી બોલી—બોલો કેટલું ધન જોઈએ? શીલવતી બોલી કે—અર્ધો લાખ સોનામહોર હુમણાં અને બાકીની અડધો લાખ સોનામહોર આજથી પાચમાં દિવસની રાત્રીએ આવે ત્યારે લેતા આવે. તો હું અપૂર્વ રતિસુખ તે સુહૃદને આપુ—

દૂતી પણ કાર્યની સફળતા સમજી, હર્ષ પામતી, જલ્દીથી અશોક મંત્રીની પાસે જઈ બધી જ હકીકત કહી સંભળાવી.

અશોક મંત્રીએ પણ તત્કાલ અડધો લાખ સોનામહોર શીલવતી પાસે મોકલાવી.

શીલવતીએ પણ પોતાના અંગત સેવકો દ્વારા ગુપ્ત રીતે ઘરમાં એક ખાડો ખોદાવરાવે છે. અને પછી તે ખાડા ઉપર ખાટલો–પલંગ મૂકાવી તેના ઉપર સુંદર ઓછાડ–ચાદર પથરાવીને શય્યા તૈયાર કરાવી.

આ બાજુ અશોક મંત્રી પણ મહા મુશ્કેલીએ પાંચ દિવસ પસાર કરી, રાત્રિએ અડધો લાખ સોનામહોર લઈ શીલવતી પાસે આવ્યો.

શીલવતી પણ સત્કાર કરી ઘરમાં તેડી ગઈ અને પૂર્વે તૈયાર ગોઠવેલ શય્યા પર બેસવા કહ્યું, ત્યારે કામાંધ અશોક મંત્રી તે શય્યા પર બેસે છે, કે તુર્ત નીચે ખાડામાં ધબ દઈને પડયો.

શીલવતી પણ અનુકંપાથી તેને પ્રતિદિન દ્વારાથી બાંધેલા સરાવડામાં ભોજન-પાણી આપે છે. એમ કરતાં મહિનો થવા આવ્યો.

હવે આ બાજુ અરિમર્દન રાજા મંત્રીઓને બોલાવીને કહે છે કે—મહિનો થવા આવ્યો પણ અશોક મંત્રી આવ્યા નથી કે કોઈ સમાચાર પણ નથી. રાજાના વચન સાંભળી મંત્રીઓ બોલ્યા—કે કારણ જણાતું નથી. ત્યારે રતિકેલિ મંત્રી બોલ્યો કે—હે રાજન્! મને રજા આપો તો હું કાર્ય સાધીને તુર્ત પાછો આવું.

અરિમર્દન રાજાએ પણ ઘણું ધન આપીને રતિકેલિને રવાનો કર્યો.

તે રતિકેલિ મંત્રી પણ અનુક્રમે નંદનપુરમાં આવ્યો, અને અશોક મંત્રીની જેમ લાખ સોનામહોર આપીને શીલવતીની ચતુરાઈથી ખાડામાં ગબડી પડયો—

એ જ પ્રમાણે લલિતાંગ મંત્રી અને કામાંકુર મંત્રી પણ લાખ-લાખ સોનામહોર આપીને શીલવતીએ ગુપ્ત કરાવેલ ખાડામાં જઈ પડયા.

આ પ્રમાણે ઈર્ષ્યાળુ ચારે મંત્રીઓ શોક પૂર્વક ખેદ પામતા નરક જેવા ગંદા ખાડામાં કાળ વીતાવે છે.

આ બાજુ અરિમર્દન રાજા અજિતસેન મહામંત્રીની ચતુરાઈથી દુર્જય એવા સિંહરથ રાજાને જીતીને નગરમાં મહોત્સવ પૂર્વક પ્રવેશ કરે છે—

રાજાનું આગમન જાણીને કામાંકુર આદિ ચારે જણાઓએ શીલવતીને કહ્યું કે—હે બહેન ! જે મૂઢ મનુષ્યો કામાંધ બની પાપ કરવા પ્રવર્તે છે. તેઓ અવશ્ય પરવશપણું પામે છે અને તે પરવશત્વ અમે પામ્યા છીએ.

હવે અમોએ તમારા શીયલનો મહિમા જાણ્યો છે, અને અમને અમારા અકાર્યની શિક્ષા પણ મળી ગઈ છે. માટે હવે મહેરબાની કરીને અમને નરક જેવા આ વિષમ ખાડામાંથી એકવાર બહાર કાઢો.

પશ્ચાત્તાપ પૂર્વકના તેઓના વચન સાંભળીને શીલવતીએ કહ્યું કે—જો મારું વચન કરશો તો તમારું કહ્યું કરીશ.

શીલવતીના આશ્વાસનના વચન સાંભળી તે ચારે જણા બોલ્યા કે—"તમે આજ્ઞા કરો કે—અમારે શું કરવું" શીલવતી બોલી કે—જ્યારે હું કહું કે—"એવં ભવતુ" ત્યારે તમે પણ કહેજો કે—"એવં ભવતુ".

શીલવતીના વચનને ચારે જણાએ સ્વીકારી લીધા.

આ બાજુ અજિતસેન મહામંત્રી ઘેર આવ્યા એટલે શીલવતીએ પ્રાણનાથનું સ્વાગત કર્યું, અને અવસરે વિનંતી કરી કે—"પરિવાર સહિત રાજાને ભોજન માટે આમંત્રણ આપો".

મંત્રીએ પણ રાજાને ભોજન માટે બધી વાત કરી, ત્યારે રાજાએ આમંત્રણ સ્વીકારી એક પવિત્ર દિવસ નક્કી કર્યો.

નક્કી કરેલા દિવસે રાજા પરિવાર સાથે અજિતસેન મહામંત્રીના ઘેર આવે છે.

મંત્રીએ પણ યથોચિત આદર-સત્કાર કર્યો. શીલવતીએ ગુપ્ત રીતે સર્વ ભોજનાદિ સામગ્રી તૈયાર કરાવેલ હતી પણ બહાર કંઈ જ તૈયારી દેખાતી ન હોવાથી

રાજાએ ચિંતવ્યું કે—મંત્રીએ આમંત્રણ તો આપ્યું છે પણ કંઈ તૈયારી તો દેખાતી નથી.

એટલામાં શીલવતી પુષ્પાદિ પૂજાના ઉપકરણ લઈને ખાડાની પાસે આવી અને રાજા આદિ સર્વ લોકની દેખતા જ તે ખાડાની પુષ્પ આદિ શુભ દ્રવ્યોથી પૂજા કરીને બોલી કે—"સર્વાડપિ રસવતી ભવતુ"

શીલવતીના પૂર્વોક્ત વચન યાદ કરીને અંદર રહેલા ચારે જણા બોલ્યા કે—"એવં ભવતુ" એટલામાં બધી જ રસોઈ બહાર આવી.

પરિવાર સહિત રાજાએ ભોજન કર્યું, ત્યાર પછી પૂર્વે જ તૈયાર કરીને રાખેલા તંબોલ પુષ્પ વિલેપન વસ્ત્ર અને આભરણાદિ તથા ચાર લાખ સોનામહોર બધું જ ક્રમશઃ શીલવતીના આદેશાનુસાર "એવં ભવતુ" બોલવા પૂર્વક ખાડામાંથી પ્રગટ થયું, અને પરિવાર સહિત રાજાની વિધવિધ આહારાદિ સામગ્રીથી ભક્તિ કરી.

રાજાએ પણ આવું અપૂર્વ આશ્ચર્ય જોઈ વિચાર્યું કે—અહો! કોઈ અપૂર્વ સિદ્ધિ છે, કે જે ખાડામાંથી બોલતાની સાથે જ સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. આથી વિસ્મય પૂર્વક શીલવતીને પૂછયું કે—હે ભદ્રે! શું આ ચમત્કાર છે? શીલવતી બોલી કે—હે રાજન્! વચનસિદ્ધ એવા ચાર યક્ષો આમાં રહેલા છે, કે જેઓ સર્વ ઈચ્છિત વસ્તુઓ આપે છે.

રાજાએ કહ્યું કે—મને આ યક્ષો આપો કે-જેથી તકલીફ વિના સર્વ રસોઈ આદિ સામગ્રી હું પણ મેળવીને તૃપ્ત થાઉં.

શીલવતી બોલી કે—હે દેવ! આ બધું જ આપનું જ છે. ખુશીથી જે ઇચ્છા હોય તે ગ્રહણ કરો.

શીલવતીના વચનથી ખુશ થયેલા રાજા પરિવાર સહિત રાજમહેલમાં આવ્યા.

આ બાજુ શીલવતીએ તે ચારે પુરુષોને સેવકો દ્વારા ખાડામાંથી બહાર કઢાવીને તથા સ્નાનાદિ કરાવી શરીરે ચંદનનું વિલેપન કરાવ્યું, તથા પંચવર્ણા પુષ્પોની માળા પહેરાવી, ચારે જણને અલગ અલગ પેટીમાં બેસાડી, પેટી બંધ કરી ચારે પેટીઓ ગાડામાં ચઢાવીને વાજિંત્રોના નાદ સાથે સંધ્યા સમયે રાજમહેલમાં પહોંચાડી.

હવે રાજાએ ચિંતવ્યું કે—પ્રાતઃકાળે આ યક્ષો ભોજનાદિ સામગ્રી આપશે તેથી રસોઈઓને રસોઈ બનાવવાનો નિષેધ કર્યો.

સવારે જ્યારે રાજાએ પુષ્પાદિ પૂજાના ઉપકરણો લઈ પેટીની પૂજા કરીને કહ્યું કે—"સર્વાડપિ રસવતી ભવતુ" પણ કંઈ પણ રસોઈ તૈયાર થઈને આવી નહિ.

ત્યારે વિલખો થયેલો રાજા સેવકો દ્વારા પેટીઓ ઉઘડાવીને જુએ છે તો

અંદર—ભૂખથી સુકાઈ ગયેલ શરીરવાળા હોવાથી માંસ અને લોહી વિનાના, કેવલ હાડકાઓના હાડપીંજર જેવા, ગિરિની કંદરા જેવા કર્ણવાળા, ઉંડા ઉતરી ગયેલ કપોલ=ગાલવાળા, મીંચાયેલી આંખોવાળા, અને ખેદ યુક્ત ચિત્તવાળા ચારે જણાને જોઈ રાજા બોલ્યા કે—અહો! આ યક્ષ નથી પણ સાક્ષાત્ રાક્ષસ છે.

રાજાના વચન સાંભળી તે ચારે જણા બોલ્યા કે—"હે રાજન્! અમે યક્ષ નથી, રાક્ષસ પણ નથી પરંતુ અમે તો કામાંકુર વિગેરે આપના મંત્રીઓ છીએ" એમ બોલતા રાજાના ચરણોમાં નમી પડે છે.

રાજાએ પણ ધારી ધારીને જોતાં તેઓને ઓળખી લીધાં. અને કહ્યું, કે "હે ભદ્રો! તમારી આવી અવસ્થા કેવી રીતે થઈ?"

તે કામાંકુર વિગેરે ચારે જણાએ યથાવસ્થિત બધી જ હકીકત રાજાને કહી સંભળાવી.

રાજા પણ શીલવતીની ચતુરાઈ સાંભળી તથા પ્રત્યક્ષ જોઈ આશ્ચર્ય પામી તુર્ત જ સેવક દ્વારા શીલવતીને રાજભવનમાં તેડાવે છે.

શીલવતી પણ સખિજનથી પરિવરેલી રાજમહેલમાં આવે છે.

શીલવતીને ઉદ્દેસીને રાજા બોલ્યા કે—અહો! શું તમારી બુદ્ધિ છે! અહો! શું તમારી કુશળતા છે! અહો! શું તમારી શીલપાળવાની દૃઢતા છે!

અહો! શું તમારો વિવેક!!! અહો! શું તમારી ઉભયલોક પ્રધાનતાવાળી આરાધના!

આ પ્રમાણે પ્રસન્નચિત્તે શીલવતીની પ્રશંસા કરીને રાજા બોલ્યા કે-અમ્લાન = કરમાયા વિનાની પુષ્પમાળાના દર્શનથી પ્રગટ એવા પણ તમારા શીયલના માહાત્મ્યને નહિ માનતા=શ્રદ્ધા નહિ કરતા એવા મેં આ ચારે જણાને મોકલાવેલ.

તો હવે તમો મારા પર કોપ ન કરતા એમ કહીને રાજાએ શીલવતીને ભાવપૂર્વક ખમાવી.

શીલવતી પણ તે બધાને જિનશાસનની આરાધનાનો માર્ગ બતાવે છે.

શીલવતીએ કહેલા ધર્મવચનોથી પ્રતિબોધ પામેલા તે રાજા અને કામાંકુર વિગેરે ચારે મંત્રીઓ પરદાર વિરમણ વ્રત લીધું, અને કામાંકુર વિગેરે ચારે મંત્રીઓએ પુનઃ પુનઃ શીલવતીને ખમાવી.

રાજાએ વિવિધ વસ્ત્ર અને અલંકારોથી શીલવતીનું બહુમાન પૂર્વક સન્માન કર્યું, ત્યાર પછી રાજાની અનુમતિથી સર્વ લોકો પોત પોતાને સ્થાનકે ગયા.

હવે એક દિવસ નાના-મોટા હાથીઓથી પરિવરેલ ગંધહસ્તિની જેમ, નક્ષત્રોથી પરિવરેલા પૂર્ણિમાના ચંદ્રની જેમ, કલહંસોથી પરિવરેલા રાજહંસની જેમ, શ્રેષ્ઠ મુનિવરોથી પરિવરેલા મનઃપર્યવજ્ઞાનથી મનુષ્યોના મનોભાવને જાણનારા, પ્રણામ કરનારા પ્રાણિઓને ઇચ્છિતાર્થ દાયક કલ્પવૃક્ષ જેવા, શ્રી દમઘોષ નામના આચાર્ય મહારાજ નગરની બહાર ઉદ્યાનમાં નિરવદ્ય સ્થાને પધાર્યા.

તત્કાલ નગરમાં વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા. રાજા-મંત્રી અને નગરલોક પરિવાર સાથે ગુરુવંદન કરવા તથા ધર્મદેશના સાંભળવા ઉદ્યાનમાં આવે છે, અજિતસેન મહામંત્રી પણ શીલવતીની સાથે ધર્મદેશના સાંભળવા આવેલ છે.

ગુરુ ભગવંતને વંદન કરી સુખશાતા પૂછી વિનય પૂર્વક હાથ જોડીને બધા લોકો યથાચિત્ત સ્થાને બેસી ગયા, ત્યારે શ્રી દમઘોષ આચાર્ય ભગવંતે ગંભીર સ્વરે ધર્મદેશના આપી. અને મનઃપર્યવ જ્ઞાનથી જાણ્યું છે શીલવતીનું જીવન જેમણે એવા પૂ. ગુરુભગવંતે શીલવતીને ઉદ્દેશીને કહ્યું કે "હે ભદ્રે! તમોને ધન્ય છે! કે જે તમોએ પૂર્વભવમાં કરેલા અભ્યાસથી શીયલ પાળવામાં દૃઢ રહ્યા અને શીયલને અખંડ રાખ્યું". ગુરુના વચન સાંભળી અજિતસેન મહામંત્રી બોલ્યા કે—હે ભગવંત! તે કેવી રીતે?

પૂ. આચાર્યદેવશ્રી દમઘોષ સૂરીશ્વરજીએ કહ્યું કે —કુસુમપુર નગરમાં કુશલ= સારા કાર્ય કરવામાં તત્પર અને પાપકર્મ કરવામાં આળશુ એવો સુલસ નામનો શ્રાવક રહે છે, તેને દયા દાન શીલ સત્ય અને વિનયાદિથી મેળવ્યું છે, સારૂં યશ જેણે એવી સુયશા નામની ભાર્યા છે. તેમને ઘેર સ્વભાવથી જ ભદ્રક પ્રકૃતિવાળો દુર્ગ નામનો કર્મકર=સેવક છે, તેને દુર્ગિલી નામની સ્ત્રી છે.

હવે એક દિવસ સુયશા શ્રાવિકા સાથે તે દુર્ગિલા સાધ્વીઓ પાસે ગઈ, ત્યાં ઉપાશ્રયે સુયશા શ્રાવિકાએ વિસ્તારપૂર્વક શ્રુતજ્ઞાન=પોથીની વાસચૂર્ણ તથા પુષ્પ આદિ પૂજોપકરણથી પૂજા કરી, અને પ્રવર્ત્તિની ચંદના સાધ્વીજી મ. ને વંદના કરી ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું.

સુયશા શ્રાવિકાએ કરેલ ઉપરોક્ત ધર્મક્રિયાને જોઈ ધર્માભિમુખ થયેલી દુર્ગિલા પૂ. સાધ્વીજી મ.ને પ્રણામ કરીને પૂછ્યું કે—"ભગવતિ! આજે કયું પર્વ છે? ચંદના સાધ્વીજી બોલ્યા કે—આજે અજવાળી પાંચમ છે. જિનાગમમાં શ્રુતજ્ઞાનની આરાધના માટે શુકલ પંચમી બતાવી છે.

સમ્યગ્જ્ઞાનની આરાધના કરનારાએ અજવાળી પાંચમ તિથિએ યથાશક્તિ સોનું-રૂપું આદિ દ્રવ્ય મૂકી જ્ઞાનપૂજા કરવી, અને યથાશક્તિ તપ: કરવો, તથા પોથી-

પુસ્તકની સુગંધિ ચૂર્ણથી તથા પુષ્પ વસ્ત્ર આદિથી પૂજા કરવી, તથા ધૂપ ઉખેવવો અને દીપક પ્રગટાવવો—

આ પ્રમાણે વિધિપૂર્વક પૂજા તથા યથાશક્તિ તપ જે કરે તે ભવાંતરમાં વિશુદ્ધ બુદ્ધિયુક્ત સૌભાગ્યાદિ ગુણગણયુક્ત થઈ અનુક્રમે સર્વજ્ઞત્વ અને મોક્ષ પદ પામે છે.

ગુરુણીના વચન સાંભળી દુર્ગિલા બોલી કે—" આ મારી સુયશા સ્વામિની ધન્ય છે કે જેઓ તપ કરી શકે છે. "

" પરંતુ અમારા જેવા લોકો તો અધન્ય છે કેમકે—તપ કરવાની શક્તિ જ નથી તો મંદભાગ્ય એવા અમે શું કરીએ ? "

ચંદના પ્રવર્ત્તિની સાધ્વીજી મ. બોલ્યા—કે હે બહેન ! તપ તો શક્તિને અનુસારે કરજે પણ પર પુરૂષની નિવૃત્તિ રૂપ શીલ તો જીવન પર્યંત પાળજે, અને અષ્ટમી ચતુર્દશી વિગેરે પર્વ દિવસોમાં તો પોતાના પતિથી પણ શીલ પાળવું.

હે બહેન ! જો તું આ પ્રમાણે કરીશ તો તું કલ્યાણ—મંગલમાળા પ્રાપ્ત કરીશ.

દુર્ગિલાએ ગુરૂણીનું વચન સ્વીકાર્યું અને પોતાને કૃતાર્થ માનતી ઘેર ગઈ. અને પોતાના પતિને બધી વાત કરી.

પત્નીના વચનો સાંભળી ખુશ થયેલો દુર્ગ બોલ્યો કે—હે પ્રિયે ! આજે તેં મનુષ્ય જન્મનું ફળ મેળવ્યું છે. ધન્ય છે તને ! એમ કહી વારંવાર અનુમોદના કરે છે, પ્રશંસા કરે છે. અને કહ્યું કે—હું પણ આજથી પરદારા વિરમણ કરું છું, અને પર્વ દિવસોમાં તો સર્વથા બ્રહ્મચર્ય પાળીશ.

આ પ્રમાણે કરેલા નિયમને અણીશુદ્ધ પાળતા, તથા ધર્મિજનના સહવાસથી અનુક્રમે ગ્રંથિભેદ કરી સમ્યગ્દર્શન પામ્યા. અને દૃઢતા પૂર્વક આરાધનામાં તત્પર બન્યા.

હવે દુર્ગિલા વિશેષે કરીને ઉલ્લાસ પામતી શ્રદ્ધાથી જ્ઞાનપંચમીની વિધિપૂર્વક તપશ્ચર્યા સાથે યથાશક્તિ આરાધના કરે છે.

કાળક્રમે આયુઃ પૂર્ણ થયે તે બન્ને જણા મરણ પામી સૌધર્મ દેવલોકમાં દેવ થયા—ત્યાં પણ સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી જિનેંદ્ર પૂજા, તથા ચતુર્વિધ સંઘની યથાવિધિ ભક્તિ અને તીર્થયાત્રા આદિ આરાધના કરી આયુષ્ય સમાપ્ત થતાં દેવલોકથી ચ્યવીને, હે અજિતસેન ! જે દુર્ગનો જીવ તે તું અજિતસેન થયો છે, અને જે દુર્ગિલાનો જીવ તે આ શીલવતી થઈ છે.

કરેલ જ્ઞાનારાધનના પરિણામે આ શીલવતી વિશેષે કરીને બુદ્ધિશાળી થઈ.

ગુરુના મુખથી પૂર્વ ભવ સંબંધથી વચનો સાંભળી ઉહાપોહ કરતાં થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેમને એવા અજિતસેન અને શીલવતી બોલ્યાં કે—હે ભગવંત! આપે જે પ્રમાણે કહ્યું તે બધું સત્ય છે, અમે આપના પસાયે પૂર્વભવ પ્રત્યક્ષ હોય તેમ જોઈ શકીએ છીએ.

હવે આચાર્યદેવશ્રી! વિશેષ આરાધના માટે ઉપદેશ આપતા કહે છે કે—તમોએ ગયા ભવમાં દેશથી શીલ પાળેલ તો તમને આટલું સુખ મળ્યું તો હવે સર્વથા શીયલ પાળવા ઉદ્યમવંત બનો કે જેથી અવ્યાબાધ = મોક્ષ સુખ મળે.

પરંતુ સર્વથા શીયલ પાળવા માટે સર્વ-સંગના પરિહાર રૂપ દીક્ષા લેવી જોઈએ—

ગુરુના હિતકારી વચન સાંભળીને અજિતસેન તથા શીલવતી બોલ્યા કે—હે ગુરુદેવ! મહેરબાની કરીને અમોને તે દીક્ષા આપો.

ગુરુદેવ બોલ્યા કે—શુભ કાર્યમાં વિલંબ ન કરવો!!!

પછી તત્કાલ જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કર્યો ને શુભ લગ્ન-મુહૂર્ત્તે ગુરુદેવે તે બન્નેને વિધિપૂર્વક દીક્ષા આપી.

દીક્ષિત થયા પછી યથાવિધિ ગ્રહણ અને આસેવન શિક્ષા પૂર્વક નિરતિચાર ચારિત્રની આરાધના કરે છે. યાવજ્જીવ પર્યંત નિષ્કલંક શીલ પાળ્યું. વિવિધ તપશ્ચર્યા કરી સમાધિપૂર્વક આયુ:પૂર્ણ થયે કાળધર્મ પામી બ્રહ્મદેવલોક નામના પાંચમાં દેવલોકમાં મિત્રદેવ રૂપે બન્ને જણા ઉત્પન્ન થઈ, સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી જિનેંદ્ર પૂજાદિ વિધવિધ આરાધના કરી, દેવાયુ:ક્ષયે ચવીને મનુષ્ય જન્મમાં યથાવિધિ ચારિત્ર પાળી, ઘાતીકર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામી ભવ્ય જીવોને પ્રતિબોધ કરી, નિર્વાણપદ પામ્યા. આ પ્રમાણે શીલ ધર્મ વિષે શીલવતીની કથા સમાપ્ત થઈ.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં શીલધર્મના માહાત્મ્ય
ગર્ભિત શીલવતીની કથાના વર્ણન
સ્વરૂપ પંદરમો પ્રસ્તાવ સમાપ્ત

પ્રસ્તાવ ૧૬ મો

જે પુણ્યાત્મા નિર્મળ શીયલ પાળવા પૂર્વક તપશ્ચર્યા કરે છે, તે અવશ્ય કર્મના મર્મને ભેદીને શુદ્ધ, બુદ્ધ, અજર, અમર બની મોક્ષમાં બિરાજમાન થાય છે. જેમ એક સ્વયં સિંહ અને બીજું વિકરેલો એટલે ગમે તેવા મદોન્મત્ત ગજેન્દ્રને ફાડી નાખે તેમ નિર્મળ શીયળ અને સાથે ૧૨ ભેદે તપશ્ચર્યા એટલે ગમે તેવા સ્પૃષ્ટ-બદ્ધ-નિદ્ધત્ત કે નિકાચિત્ત કર્મોને ભેદીને તથા તત્કાલ કર્મોનો ક્ષય કરી જીવ શિવસુખ પામે...

અથવા તો જેમ માટીમાં મળેલા સુવર્ણને અગ્નિ શુદ્ધ કરે છે તેમ કર્મથી વ્યાપ્ત થયેલા મલિન જીવને તપશ્ચર્યા નિર્મળ = વિશુદ્ધ કરે છે.

શું નિબિડ વનને સાફ કરવા દાવાનળ વિના બીજો કોઈ સમર્થ છે ? નહિ જ.

તે જ રીતે ભવોભવથી સંચિત કરેલા ગાઢ કર્મોને દૂર કરવા તપશ્ચર્યા વિના કોઈ જ સમર્થ નથી.

અને તેથી જ તદ્ભવ મોક્ષગામી એવા તીર્થંકરોએ પણ ક્ષુધાદિ પરીષહોને ગણકાર્યા વિના વિવિધ પ્રકારના તપનો આશ્રય લીધેલો. અને ઘાતિકર્મ ક્ષયે કેવલજ્ઞાન પામી જિનેશ્વર પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થઈને પ્રસંગે પ્રસંગે મોક્ષમાર્ગના અદ્વિતીય સાધન સ્વરૂપ બાર પ્રકારની તપશ્ચર્યાનો ઉપદેશ આપે છે.

તથા તે તપરૂપ કલ્પવૃક્ષના પુષ્પો છે તીર્થંકરપદવી ઇંદ્રપદવી ચક્રવર્તીપદવી રૂપ ઋદ્ધિ સમૃદ્ધિ—અને ફળ છે શિવસુખ = મોક્ષપદ.

તીર્થંકર પદવીનું મુખ્ય કારણ યથાવિધિ આરાધેલ દ્વાદશવિધ તપ: જ છે. તીર્થંકરોએ કહ્યું છે કે—તીર્થંકરપણાનું અનન્ય કારણ તપ જ છે તથા ઇંદ્રપણું, ચક્રવર્તીપણું, વાસુદેવપણું, દેવપણું વિગેરે તપ રૂપ કલ્પવૃક્ષોના પુષ્પો છે, તથા મોક્ષપદ એ ફળ છે.

તપ એ પાપ રૂપ પર્વતને ભેદવા વજ્ર સમાન છે.

તપ એ વિષયવાસના રૂપ દાવાનળને ઠારવા જલ સમાન છે.

તપ એ ઇંદ્રિયોના વિકાર રૂપ સર્પને વશ કરવા મંત્રાક્ષર સમાન છે.

તપ એ શત્રુ સમૂહરૂપ ઘનઘોર વાદળો ને ક્ષણવારમાં વિખેરનાર પવન સમાન છે.

તથા તપ એ સંભિન્નશ્રોતાદિ લબ્ધિરૂપ લત્તાના મૂળીયા છે.

આવા અનેકાનેક ગુણગણગરિષ્ઠ તપઃકર્મમાં યથાશક્તિ વીર્ય સ્ફૂરાયમાન કરવું જોઈએ.

નિર્મલ બુદ્ધિથી યથાશક્તિ વિધવિધ તપઃ કરનારા જીવે કદાચ ભૂતકાળમાં અશુભ પાપ કર્મો કરેલા હોય તો તે પાપ કર્મો વિધિપૂર્વક કરેલા તપથી ક્ષય થાય છે અને વિપુલ પ્રમાણમાં ઐશ્વર્યાદિ સંસારના સુખો અને અનુક્રમે મોક્ષસુખ જીવ પામે છે.

આ વિષયમાં નિર્ભગનું દૃષ્ટાંત જાણવા જેવું છે.

તપ ધર્મની આરાધના વિષે નિર્ભગનું દૃષ્ટાંત.....તે દૃષ્ટાંત આ પ્રમાણે.....

ધાતકી ખંડના પૂર્વ ભરતક્ષેત્રમાં અચલ નામનું ગામ છે.

સિંહ નામનો મનુષ્ય તે ગામનો નાયક છે તેને સિંહલા નામની સ્ત્રી છે.

એક સમયે સિંહલા ગર્ભવતી થઈ.

હવે આ બાજુ શત્રુઓ ગામ નાયક સિંહને મારીને તેના ઘરમાં રહેલી મિલકત ધન-સુવર્ણ વિગેરે તથા ગાય બળદ ઘોડા વિગેરે પશુધન લૂંટી ગયા.

હવે નિર્ધન બનેલી સિંહલા મહેનત-મજુરી કરી આજીવિકા ચલાવે છે= સમય પસાર કરે છે. પૂર્ણ માસે બાળકનો જન્મ આપ્યો.

જ્યારે આ જીવ ગર્ભમાં આવેલો ત્યારે શત્રુઓએ તેના પિતાને મારીને ધન મિલકત લૂંટી લીધેલ તેથી લોકોએ આ બાળકને "નિર્ભગ" એમ કહીને બોલાવ્યો. અને તેનું "નિર્ભગ" એવું નામ પ્રસિદ્ધિને પામ્યું. અનુક્રમે તે બાળક પ્રતિદિન ઉત્તરોત્તર વધતા દુઃખના સમુદાય સાથે આઠ વર્ષનો થયો ત્યારે તેની માતા સિંહલા મરણ પામી.

હવે એકલો નિરાધાર બનેલો તે નિર્ભગ ભિક્ષા માટે ગામમાં ભમે છે પણ પૂર્વે બાંધેલા અશુભ કર્મોના ઉદયના કારણે તેને કંઈ પણ ભિક્ષા મળતી નથી.

હવે એક દિવસે તે ગામમાંથી નિકળીને પાસેના દેવ નામના ગામમાં પહોંચ્યો.

તે ગામમાં રહેતા દત્તનામના પિતાના મિત્રે જોયો અને કહ્યું કે—બેટા! મારા ઘેર રહે અને ભેંસને સીમમાં ચરવા લઈ જજે.

તે નિર્ભગ પણ ત્યાં રહે છે અને પ્રતિદિન ગામના સીમાડે ભેંસોને ચરવા માટે લઈ જાય છે.

હવે એક દિવસે ગામના સીમાડે ભેંસોને ચારી રહેલા તે નિર્ભગને ચોરોએ જોયો અને યુક્તિથી ભેંસો સાથે તે નિર્ભગને દૂર દૂર લઈ ગયા.

નિર્જન જંગલમાં એક ખીજડાના = ધવનામના વૃક્ષ સાથે લીલા વાધર = ભીના ચામડાથી બાંધ્યો.

અરણ્યમાં એકલો નિરાધાર અશરણ એવો તે ભૂખ્યો અને તરસ્યો રડતો અને વિલાપ કરતો સમય વિતાવે છે.

એમ કરતાં સાત દિવસો પસાર થયા—હવે સાતમા દિવસની રાત્રે ભવિતવ્યતાના યોગે કોઈ શીયળ ત્યાં આવ્યો અને ચામડામાં લુબ્ધ બનેલો તે શિયાળ ચામડાને દાંતથી ચાવે છે એમ કરતાં બંધન તૂટ્યા એટલે કંઈક આશ્વાસન પામેલો તે નિર્ભગ સ્વસ્થ થઈ ધીમે ધીમે દેવગામમાં આવે છે અને પિતાના મિત્ર દત્તને ચોરની બધી જ હકીકત કહી દત્તે પણ તેને આશ્વાસન આપી ઘરે રાખ્યો.

કેટલાક દિવસ પછી શરીર સારું થયું ત્યારે એક દિવસે કપાસ = રૂ લાવવા માટે ગાડું લઈને બાજુના ગામમાં મોકલ્યો.

કપાસ લઈને પાછા આવતાં વચ્ચે વનમાં સળગેલા દાવાનળમાં ગાડા સાથે બધું જ કપાસ સળગી ગયું.

મહા મુશ્કેલીએ દાવાનળમાંથી બચેલો નિર્ભગ ભમતો ભમતો ખાલી હાથે દેવગામમાં આવ્યો અને બધી જ વિગત દત્તને કહી સંભળાવી.

દત્તે કહ્યું કે—"ભાઈ! જે બનવાનું હતું તે બન્યું" હવે ચિંતા કરવાથી શું?...એમ કહીને નિર્ભગને સ્વસ્થ કર્યો.

વળી કેટલાક દિવસ પછી પિતૃમિત્ર દત્તે ધન આપીને સમુદ્ર માર્ગે વહાણમાં કરીયાણું ભરીને દેશાંતરમાં વેપાર માટે મોકલ્યો.

સમુદ્રમાં જતા રસ્તામાં તોફાન શરૂ થયું પાણીના મોટા મોટા મોજાથી અથડાતો કુટાતો વહાણ પર્વત સાથે અથડાઈને ભાંગી ગયો.

ભાગ્ય યોગે નિર્ભગને એક પાટિયું મળ્યું લાકડાના ફલક = પાટીયાના આધારે

તરતો તરતો સાતમે દિવસે સમુદ્રને કિનારે પહોંચ્યો.

ત્યાંથી ભમતાં ભમતાં અનુક્રમે વ્યાઘ્રપુર નગરમાં પહોંચ્યો અને નગર બહાર દેવકુલિકામાં રાત્રે સૂતો—

હવે આ બાજુ તે વ્યાઘ્રપુર નગરના વ્યાઘ્રદમન રાજાને વિંધ્યપુરના રાજા સમરસેનની સાથે વિગ્રહ=લડાઈ થયેલી તેથી નગરની ચોકીદારી કરનારા તલારક્ષકો =કોટવાલોએ આ કોઈક ગુપ્તચર પુરુષ=જાસુસ છે એમ જાણીને પકડયો અને કેદખાનામાં નાખ્યો.

ત્યાં કેદખાનામાં ૧૫ દિવસે કે મહિને ભોજનને મેળવતો મહા કષ્ટને સહન કરતો એકવર્ષ સુધી રહ્યો. ભૂખથી ખૂબ જ પીડા પામતો મરણ પ્રાયઃ બનેલો તે મૂર્ચ્છિત થયો.

મરી ગયો છે એમ જાણીને રાજસેવકોએ સ્મશાનમાં જઈ મૂકયો.

હવે ત્યાં ઠંડા પવનથી મૂર્ચ્છા દૂર થઈ અને કંઈક ચેતનતા આવી ત્યારે સ્મશાનભૂમિમાં રહેલા કરંબાના સરાવડામાંથી કરંબો ખાઈને ત્યાંથી નાશી ગયો...

જતાં જતાં વિચારે છે કે—"હા ! હા ! એદની વાત એ છે કે—પૂર્વ ભવમાં મેં કેવું દુષ્કર્મ = પાપ કર્મ કર્યું હશે, કે—જે પાપના ફળ રૂપે ડગલે ને પગલે દુઃખમાં સંકટમાં પડું છું.

તે આ પ્રમાણે—હું જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે સર્વ પ્રથમ પિતાનું મરણ થયું. ધન-મિલકત લુંટાઈ ગઈ. તથા બાલ્યાવસ્થામાં માતા મરણ પામી તથા પિતાના મિત્રે કરુણાથી જે જે કાર્યમાં જોડયો ત્યાં ત્યાં નુકશાની થઈ, સંકટ પડયું, ધનનો વિનાશ થયો.

અરેરે ! આ વિશ્વમાં બધા મનુષ્યમાં જો કે મનુષ્યત્વ સમાન છે, તે આ પ્રમાણે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, નાશિકા, મુખ-મસ્તક આદિ બાહ્ય આકારની અપેક્ષાએ પરસ્પર તુલ્યતા હોવા છતાં કેટલાક મનુષ્યો વાંછિત ધન-ધાન્યાદિ સામગ્રી મેળવીને સુખે જીવન જીવે છે અને હું કરેલા પાપના ફળ રૂપે પૂર્ણ ભોજન પણ મેળવી શકતો નથી. નિરાધાર એવો હું ભૂખ્યો અને તરસ્યો અત્ર તત્ર અથડાઉં છું. પણ કયાંય સુખ-શાંતિ પામી શકતો નથી. ભોજનનો એક કોળીયો પણ ખાવા મળતો નથી તો હવે સઘળા દુઃખના સ્થાન ભૂત આ જીવનથી હું કંટાળ્યો છું, હવે કોઈક ઉપાય કરીને મરી જાઉં"

એમ ચિંતવીને, દુર્ભાગતાથી કંટાળીને કર્યો છે મરી જવાનો નિર્ણય જેણે એવો તે નિર્ભાગ એકશૃંગ નામના પર્વત ઉપર ચઢવા માટે ત્યાંથી ચાલ્યો અનુક્રમે પર્વત પાસે આવી ઉપર ચઢવા શરૂઆત કરે છે એટલામાં.....

સુગંધિ અને શીતલ વાયુ વાવા લાગ્યો. સુગંધિ જલની ધીમી ધીમી વૃષ્ટિ થઈ. પાંચે વર્ણના સુગંધિ પુષ્પોની વૃષ્ટિ થઈ. આકાશમાં દેવ દુંદુભિનો નાદ ગંભીર સ્વરે ગાજે છે. આવાગમન કરતા દેવ અને મનુષ્યોના શબ્દથી કોલાહલ થાય છે.

આવી રીતનું એકાએક અપૂર્વ વાતાવરણ નિહાળીને આશ્ચર્ય ચકિત થયેલો તે નિર્ભાગ જેટલામાં આગળ જાય છે તેટલામાં—

સુવર્ણ કમલ ઉપર બિરાજમાન થયેલા, ભવનપતિ વ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના સમૂહથી પરિવરેલા, ધર્મદેશના આપતા માનદેવ નામના કેવળી ભગવંતને જોયા.

તુર્ત કેવલી ભગવંત પાસે જઈ, વધતા હર્ષ સાથે પંચાંગ પ્રણિપાત પૂર્વક નમસ્કાર કરી બેઠો.

કેવલજ્ઞાનના આલોકમાં ધર્મોપદેશને યોગ્ય યોગ્યતા જોઈને કહ્યું કે—હે નિર્ભાગ! દૌર્ભાગ્યના દુઃખથી કંટાળી, તે દુઃખોથી છૂટવા માટે તું મરવાનું ઇચ્છે છે?

પણ ભાઈ! દુઃખો તો પૂર્વે કરેલા કર્મના ફળરૂપ છે.

અને તે કર્મો પરભવમાં ગયેલા જીવની પાછળ પાછળ આવે જ છે.

તમોએ પૂર્વભવમાં મુનિને દાન આપતાં અંતરાય કરેલ, તે વખતે લાભાંતરાય કર્મ બાંધ્યું, અને તે લાભાંતરાય કર્મના ઉદયથી કોળીયા જેટલું પણ ભોજન મેળવી શકતા નથી.

કેવલિ ભગવંતના વચન સાંભળી નિર્વેદ પામેલો અને કર્મની લઘુતાથી થઈ છે જિજ્ઞાસા બુદ્ધિ જેને એવો તે નિર્ભાગ બોલ્યો કે—હે ભગવન્! તે કેવી રીતે?

કેવલિ ભગવંત બોલ્યા કે—" હે ભદ્ર! પુષ્કરાર્ધ નામના દ્વીપના પૂર્વ ભરત ક્ષેત્રમાં રથપુર નામનું નગર છે. તે નગરમાં શત્રુ રાજાની રાણીઓના મુખ કમળને મ્લાન કરવામાં ચંદ્ર જેવો દ્રાવિડ નામનો રાજા છે.

તે રાજાને સર્વ અશુભ કાર્યની વાસનાથી વાસિત થયો છે આત્મા જેનો એવો તથા પાપ કર્મમાં આસક્ત, તથા તીવ્ર મિથ્યાત્વના ઉદયથી ઢંકાયેલો છે વિવેક જેનો, તથા વેદમાં કહેલ યજ્ઞક્રિયામાં રક્ત, નરકના માર્ગ સ્વરૂપ પશુવધમાં ઉદ્યત એવો જયધર નામનો મિત્ર છે.

તે એક દિવસ ઉદ્યાનમાં ગયો તો ત્યાં ૫૦૦ સાધુઓથી પરિવરેલા, અસ્ખલિત રીતે શ્રુતદાનમાં તત્પર, રૂપ અને લાવણ્યથી કામદેવને જીતનારા એવા આચાર્ય ભગવંતને જોયા.

કુતુહલથી ગુરુ ભગવંત પાસે જઈ મશ્કરી=ઉપહાસ ગર્ભિત પ્રણામ કરીને બેઠો અને કહ્યું કે—"હે મહારાજ! કંઈક કહો?

ગુરુ ભગવંત બોલ્યા કે—મુખમાં પ્રવેશતા ચંદ્રના સ્વપ્ન જેવા અતિ દુર્લભ મનુષ્ય જન્મને પામીને સુદેવ સુગુરુ અને સુધર્મની આરાધના કરી નરભવને સફળ કરવો જોઈએ.

સુદેવ— અજ્ઞાન-મિથ્યાત્વ-નિદ્રા-કામવાસના-અવિરતિ-રાગ-દ્વેષ-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા-દાનાંતરાય-લાભાંતરાય-ભોગાંતરાય-ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય રૂપ ૧૮ દોષોથી રહિત, કેવલજ્ઞાન-કેવલદર્શન-અનંત ચારિત્ર અને અનંતવીર્ય યુક્ત તથા દેવ દેવેન્દ્રથી પૂજિત અને યથાવસ્થિતવસ્તુના સ્વરૂપને કહેનારા જે હોય તે જ વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર દેવાધિદેવ જાણવા, એવા સુદેવને ભક્તિપૂર્વક પ્રણામ કરતા જીવો દેવપાલની જેમ કલ્યાણ = મંગલમાળા પામે છે.

દેવપાલની કથા—

જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં, પોતાની ઋદ્ધિ સમૃદ્ધિ અને રમણીયતાથી અલકાપુરીને પણ પરાજિત કરે તેવું હસ્તિનાગપુર નામનું નગર છે.

તે નગરમાં વસતા પુણ્યશાળી લોકોના શરીરો નંદનવન જેવા છે તથા અને તેમના મુખમાંથી નિકળતા હિતકારી એવા પ્રમાણસરના પથ્ય વચનો કલ્પવૃક્ષ તુલ્ય છે.

તે નગરમાં સિંહરથ નામનો રાજા છે, રણસંગ્રામ સમયે તે રાજાના તલવારરૂપ દંડથી ખંડિત થઈને રણભૂમિમાં પડેલા શત્રુ રાજાના હાથીઓના દાંતો યશઃકીર્ત્તિ રૂપ વૃક્ષના તૃણાંકુરની જેમ શોભે છે.

તે રાજાને માનનીય એવો જિનધર્મારાધક જિનદત્ત નામનો નગરશેઠ મિત્ર છે. તેને ઘેર દેવપાલ નામનો ચાકર છે તે દરરોજ નગરના સીમાડે ગાયોને ચરાવવા જાય છે.

તે દેવપાલ પોતાના સ્વામી જિનદત્ત શેઠને ધર્મમાં તત્પર જોઈને કર્મની લાઘવતાથી ભદ્રકત્વને પામ્યો, અને અધ્યવસાયની વિશુદ્ધિ સાથે મુનિરાજની પાસે પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર ભણે છે.

હવે વર્ષાકાળમાં એક વખત આકાશમાં ઘનઘોર વાદળા ફેલાઈ ગયા, ગંભીર

મેઘગર્જના થવા લાગી, વીજળીના ચમકારા સાથે મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો.

ગાયોને ચારવા માટે ગિરિ નિકુંજમાં ગયેલો દેવપાલ પાસે વહી રહેલી નદીના પૂરને કુતુહલથી જુએ છે.

એટલામાં પાણીના મોટા પ્રવાહથી કિનારાની ભેખડ તૂટી પડતાં, ફેલાઈ રહેલા કાંતિ = પ્રભાથી દેદીપ્યમાન પૂર્ણિમાના ચંદ્ર જેવું મનોહર અને રમણીય શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુનું મુખ જોઈ આશ્ચર્યથી ચકિત થયેલો તત્કાલ તે સ્થાને જઈ યત્નપૂર્વક પડખેની માટી દૂર કરી અખંડ અંગોપાંગવાળી જિનેન્દ્ર પ્રતિમા પ્રગટ કરીને ખૂબ જ હર્ષ = આનંદને અનુભવતો તે દેવપાલ તત્કાલ એક ઘાસની ઝુપડી બનાવી, અંદર પ્રભુને બિરાજમાન કરવા યોગ્ય પીઠિકા તૈયાર કરી શ્રી ઋષભદેવ જિનેશ્વરને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા પૂર્વક તે પીઠિકા ઉપર પધરાવે છે.

નદીના નિર્મળ જલથી પ્રભુની જલપૂજા કરી તથા ગિરિનિકુંજમાં ખીલેલા પંચવર્ણા સુગંધિ પુષ્પો લાવી પ્રભુની પુષ્પપૂજા કરીને પંચાંગપ્રણિપાત સ્વરૂપ ત્રણ ખમાસમણ દઈને પ્રભુની સન્મુખ વિનયાવનત મસ્તકે અંજલી જોડીને સ્તુતિ કરે છે.....

अद्य मे सफलं जन्म अद्य मे सफला क्रिया ।
अद्य मे सफलं गात्रं जिनेन्द्र ! तव दर्शनात् ॥

ઇત્યાદિ જિનગુણગર્ભિત સ્તુતિ કરીને ક્ષણવાર પ્રભુ પાસે બેસીને ચિંતવે છે કે—હે પ્રભુ ! હે દેવાધિદેવ ! આજે આપે સ્વયં પ્રગટ થઈને મને દર્શન આપ્યા છે, તેથી હું મારા આ જન્મને કૃતાર્થ માનું છું. અને હવે આજથી આપના દર્શન અને પૂજન કરીને જ મારે ભોજન કરવું એવો દૃઢ નિયમ કરું છું.

એમ સંકલ્પ કરી પુનઃ પંચાંગ પ્રણિપાત પૂર્વક નમસ્કાર કરી સંધ્યા સમયે ગાયોને લઈ ઘેર આવે છે.

હવે તે દેવપાલ પ્રતિદિન તે ગિરિનિકુંજમાં ગાયોને લઈને જાય છે અને પ્રભુ દર્શન-પૂજન કરી જન્મને કૃતાર્થ કરતો હર્ષ પામે છે.

એમ કરતાં કેટલાક વર્ષો વીતી ગયા.

કોઈ એક વખત વર્ષાકાળમાં સાત દિવસ સુધી નિરંતર વરસાદ પડયો નદીમાં મોટું પૂર આવ્યું.

ઋષભદેવ જિનેશ્વર પ્રભુના દર્શન-પૂજન ન થવાના કારણે દેવપાલ ભોજન કરતો નથી.

જિનદત્ત શેઠ કહે છે કે—" અહીં દેરાસરમાં ઋષભદેવ પ્રભુજીના દર્શન-પૂજન કરીને ભોજન કરો " પણ પોતાના નિયમમાં દૃઢતાવાળો દેવપાલ જ્યાં સુધી તે ગિરિનિકુંજમાં રહેલા પ્રભુના દર્શન અને પૂજન ન થાય ત્યાં સુધી ભોજન લેતો નથી.

જ્યારે આઠમે દિવસે વરસાદ બંધ રહ્યો અને ધીમે ધીમે નદીમાં પૂર પણ ઓછું થયું ત્યારે સાત દિવસના કરેલ છે ચોવિહારા ઉપવાસ જેણે એવો તે દેવપાલ નદી ઓળંગી ગિરિનિકુંજમાં બિરાજમાન કરેલ શ્રી ઋષભદેવ જિનેશ્વરના દર્શન-પૂજન કરી પંચાગ પ્રણિપાત સ્વરૂપ નમસ્કાર કરે છે એટલામાં—

આકાશમાં દિવ્યવાણી થઈ, હે વત્સ! તારા આ દૃઢ નિશ્ચયથી હું ખુશ થયો છું. પ્રસન્ન થયો છું તેથી વરદાન માગ.

દેવપાલ બોલ્યો—" મને રાજ્ય આપો ".

દિવ્યવાણી થઈ—" તને અવશ્ય રાજ્ય મળશે ".

ત્યાર પછી તે દેવપાલ પ્રતિદિન પ્રભુ દર્શન-પૂજન કરે છે.

હવે એક દિવસ તે નગરના રાજા અકસ્માત મરણ પામ્યા. રાજાને પુત્ર ન હોવાથી પ્રધાન-મંત્રીઓએ પંચ દિવ્ય કર્યા. તે આ પ્રમાણે—

સણગારેલ હાથણી પવિત્ર તીર્થ જલ ભરેલ પૂર્ણ કળશ જેના ઉપર ઢોળે તે રાજા થાય.

ઉપરોક્ત નિયમાનુસાર શુભ લગ્ન મુહૂર્ત્તે રાજભવનથી દિવ્ય પ્રગટ થયા અનુક્રમે સંપૂર્ણ શહેરના મુખ્ય માર્ગો પર થઈને નગર બહાર ગિરિનિકુંજ પાસે મધ્યાહ્ન સમયે પહોંચ્યા.

કે જ્યાં વિશાલ વડ વૃક્ષની છાયામાં ગાયોથી પરિવરેલો દેવપાલ આરામ કરતો હતો.

તે સમયે શુભ શુકનને સૂચિત કરનારા ઘોડાઓના હૈષારવ, હાથીઓની ગર્જારવ તથા મંગલ તૂર્ય-વાજિંત્રોના નાદ, ધવલ મંગલ ગીતો ઇત્યાદિ માંગલિક વાતાવરણમાં દિવ્યમાં સાથે આવેલા સર્વેને ક્ષણ વાર દિવ્ય આનંદ થયો તે જ શુભ ક્ષણે દેવપાલ ઉપર દિવ્ય પૂર્ણ કલશ ઢળ્યો—

બધા લોકો જય જય કાર કરે છે.

ઉંઘમાંથી ઉઠેલો દેવપાલ આ બધું જોઈને આશ્ચર્ય ચકિત થયો.

પ્રધાનમંત્રી વિગેરે હાથ જોડીને કહે છે કે—પધારો!!! રાજ્ય સિંહાસનને

શોભાવો!!! એમ કહી વિનય–બહુમાન સાથે રાજાને યોગ્ય વસ્ત્ર પહેરાવી મુકુટ કુંડલ હાર વિગેરે અલંકાર પહેરાવીને હાથી ઉપર અંબાડીમાં બેસાડે છે. બન્ને બાજુ ચામર વીંજે છે, મસ્તક ઉપર છત્ર ધરે છે.

વાંજિત્રના નાદ, ધવલમંગલ ગીતો તથા દેવપાલ મહારાજાની જય હો! દેવપાલ મહારાજાની જય હો! એમ ઉદ્‌ઘોષણા કરતા અનુક્રમે રાજમહેલમાં આવે છે.

શુભ લગ્નવેળાએ વિસ્તારથી રાજ્યાભિષેકની વિધિ થઈ. દેવપાલ મહારાજા બન્યા.

પરંતુ આ તો ગોવાળ છે, અભણ છે, શું આવો જડ કયારેય પણ રાજા બની શકે? આ વિકલ્પોથી આકુળ બનેલા પ્રધાન–મંત્રી સેનાપતિ નગરશેઠ અને પ્રજા દેવપાલ રાજાની આજ્ઞા સ્વીકારતા નથી, પ્રણામ કરતાં પણ સંકોચ અનુભવે છે.

મુંઝાયેલા દેવપાલ રાજા સેવક દ્વારા પોતાના જૂના શેઠ જિનદત્ત શ્રાવકને બોલાવે છે, પણ તે શેઠ અવજ્ઞા = ઉપેક્ષા કરી આવતા નથી. અને આ તો મારો નોકર, ગાયોને ચારનારો ગોવાળ છે, અને આજે ન જાણે કયાંથી રાજા બનીને હુકમ કરે છે? એમ ચિંતવીને તથા આ તો તુચ્છ અભણ ગોવાળ છે એમ બધા જાણે તે માટે કોઈ ન જાણે તેવી રીતે મધ્યરાત્રે રાજમહેલના પ્રવેશ દ્વારે = સિંહ દ્વારે તેની જૂની ઉનની કામળી, કરંબાનું વાસણ તથા દંડ વિગેરે બાંધીને લટકાવે છે.

સવારે જ્યારે દેવપાલ રાજાએ જાણ્યું, ત્યારે ક્ષણ વાર કિંકર્ત્તવ્યતા–મૂઢ થયો. પણ થોડી જ વારમાં વિચાર આવ્યો કે—"જે દેવે મને રાજ્ય આપ્યું તે જ દેવને વિનંતિ કરું."

ઉપરોક્ત નિર્ણય કરી, સ્નાન કરીને પૂજા યોગ્ય શુદ્ધ વસ્ત્ર પહેરી, પૂજાના ઉપકરણનો થાળ લઈ, ગિરિનિકુંજમાં ઝુપડીમાં પધરાવેલા શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુ પાસે આવી, યથાવિધિ જલ ચંદન પુષ્પ ધૂપ દીપક અક્ષત નૈવેદ્ય અને ફળપૂજા સ્વરૂપ અષ્ટપ્રકારી પૂજા કરી, ચૈત્યવંદન સ્તવન સ્તુતિ કરીને, ક્ષણવાર પ્રભુ સન્મુખ નિમીલિત–લોચને બેસી, હાથ જોડી મસ્તક નમાવીને વિનંતી કરી કે—"હે ઋષભદેવ જિનેશ્વર! જે પ્રમાણે આપે રાજ્ય આપ્યું તે પ્રમાણે આજ્ઞા–ઐશ્વર્ય પણ આપો કે જેથી રાજ્ય સ્થિર થાય."

દેવપાલ રાજા શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુને ઉપરોક્ત વિનંતિ કરીને અટક્યો, એટલામાં આકાશમાં દિવ્યવાણી થઈ—"હે દેવપાલ! માટીના બનાવેલા હાથી ઉપર બેસીને રથવાડીએ જાઓ, તે હાથી મારા પ્રભાવથી ચાલશે.

આવો અપૂર્વ આશ્ચર્યકારી દૃશ્ય જોઈને બધા જ લોકો તમારી આજ્ઞા માનશે.

ઉપરોક્ત દિવ્યવાણી સાંભળીને ખુશ થયેલો દેવપાલ પુનઃ શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરી રાજમહેલમાં આવે છે.

સેવક દ્વારા કુંભારને બોલાવીને કહ્યું કે—" રથવાડીએ જવા યોગ્ય મોટો હાથી જલ્દીથી બનાવો. "

રાજાની આજ્ઞા પામીને તે કુંભારે પણ થોડી જ વારમાં મોટો ગજરાજ બનાવ્યો.

આ વાત પવનવેગે આખા નગરમાં ફેલાઈ કે—" માટીના બનાવેલા હાથી ઉપર બેસીને રાજા રથવાડી કરશે. "

નગરમાં ઘેર ઘેર વાર્તાલાપ થવા લાગ્યો. સામંત, મંત્રી અને મંડલિક રાજા આ વાત સાંભળીને હસવા લાગ્યા અને બોલ્યા કે—માટીના બનાવેલા હાથી ઉપર બેસીને જો રાજા રથવાડી કરવા ઇચ્છે છે, તો નિશ્ચે એ ગોપાળ જ છે. મૂર્ખ જ છે.

પાણીમાં જેમ તેલ પ્રસરે તેમ આજુબાજુના ગામ–નગરોમાં વાત પહોંચી. અને રથવાડીના દિવસે કુતુહલ જોવા માટે ગામ–ગામાંતરથી ઘણા લોકો આવ્યા. અને દેવમંદિર, નગર પ્રવેશ દ્વાર તથા ઘરની ઉપર અગાશીમાં, ગવાક્ષમાં અને રસ્તા પરના વૃક્ષ ઉપર ચડીને રાજાની રથવાડી જોવા લાલાયિત થયા.

હવે આ બાજુ જ્યોતિષ્કવેત્તાએ બતાવેલા શુભ દિવસે રાજાએ સેવકો દ્વારા તે હાથીને પંચરંગી પુષ્પની માળાઓથી, મણિ–મોતી જડેલ સુવર્ણના અલંકારોથી શણગારીને તૈયાર કર્યો ત્યારે જાણે કે—જંગમ વિંધ્યાચલ પર્વત જ ન હોય! તેમ તે ગજરાજ શોભી રહ્યો છે.

બીજા પણ સામંત તથા મંડલિક રાજાઓના હાથીઓ પણ તૈયાર કરાવ્યા તથા પાખર યુક્ત ઘોડાઓ, સન્નદ્ધ સુભટો અને શણગારેલા રથો પણ તૈયાર થયા.

દેવપાલ રાજાએ સેવક દ્વારા જિનદત્ત શેઠને બોલાવી, પોતાના જેવો શણગાર કરાવીને શુભ લગ્ન મુહૂર્ત્તે દેવપાલ રાજા સ્વયં અંકુશ લઈને આગળના આસન ઉપર બેઠો અને પાછળના આસન ઉપર જિનદત્ત શેઠને બેસાડે છે.

તથા બધા લોકો પણ તૈયાર થઈને એકત્રિત થયા ત્યારે

દેવપાલ રાજા શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુનું સાત વાર સ્મરણ કરે છે.

એટલામાં જંગમ સુવર્ણગિરિ જેવો તે હાથી ધીમે ધીમે ચાલવા લાગ્યો.

આવા અદ્‌ભુત દૃશ્યને જોઈને થયો છે હર્ષ જેમને, એવા તે બધા લોકો—

" દેવપાલ રાજાની જય હો! દેવપાલ રાજાની જય હો! એમ મોટેથી બોલે છે, અને તે સમયે આકાશ શબ્દમય બની ગયો.

સમગ્ર સૈન્ય-પરિવારથી યુક્ત એવો તે રાજા રાજમહેલથી નિકળી મુખ્ય માર્ગે જતા રાજાના ઠેકાણે ઠેકાણે લોકો સત્કાર-સન્માન કરે છે, મંગલ કરે છે, અક્ષતથી વધાવે છે.

એમ કરતાં અનુક્રમે ગિરિનિકુંજમાં બિરાજમાન શ્રી ઋષભદેવ જિનેશ્વર પાસે આવે છે.

હાથી પરથી ઉતરીને તે દેવપાલ રાજા શ્રી યુગાદિજિનેશ્વર પ્રભુની યથાવિધિ પૂજા કરી, નરેન્દ્ર, મંત્રી અને સામંત યુક્ત શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુની સ્તુતિ-સ્તવના કરી, પુનઃ પ્રણામ કરીને તે દેવપાલ રાજા પુનઃ હાથી ઉપર બેસે છે અને બાજુ શ્વેત ચામર ઢોળાય છે, મસ્તક ઉપર છત્ર ધારણ કરેલ છે. સ્ત્રી વૃંદ મંગલ ગીત ગાય છે, નૃત્ય કરે છે.

આ પ્રમાણે મંગલ વાજિંત્રોના ગંભીર નાદ સાથે તે દેવપાલ રાજા અનુક્રમે રાજમહેલે આવે છે, હાથી પરથી ઉતરીને તે દેવપાલ રાજા જિનદત્ત શેઠને કહે છે કે —ગોપાલ એવા મેં, તમોને હાથી ઉપર બેસાડીને નગરમાં ભમાવ્યો, હવે તમે આ હાથીને આલાન સ્તંભમાં બાંધવા માટે હાથીશાળામાં લઈ જાઓ.

રાજાના આદેશને પામીને તે જિનદત્ત શેઠ અંકુસ લઈને હાથીને હાંકવા પ્રયત્ન કરે છે પણ હાથી એક પગલું પણ ચાલતો નથી.

વિલખો થયેલો જિનદત્ત શેઠ, દેવપાલ રાજાના ચરણોમાં નમીને કરેલ અપરાધોની ક્ષમા માગે છે. સામંત મંત્રી અને મંડલિક રાજાઓ તથા પ્રજા પણ દેવપાલ રાજાના ચરણોમાં નમીને કરેલ અપરાધની માફી માગે છે.

દેવપાલ રાજા પણ ઉદાર ભાવથી સર્વેને ક્ષમા આપે છે અને દરેકને પોત પોતાને યોગ્ય પદ ઉપર સ્થાપે છે.

જિનદત્ત શેઠને નગરશેઠની પદવી આપે છે. અને ન્યાયપૂર્વક પૂજાનું પાલન-પોષણ કરે છે.

શ્રી ઋષભદેવ જિનેશ્વરનું સુંદર મોટું દેરાસર બંધાવરાવીને તેમાં શુભ દિવસે પ્રભુની પ્રતિષ્ઠા કરે છે.

બીજા પણ ઘણા દેરાસરો, જિનબિંબો, તૈયાર કરાવે છે. જિનાગમો લખાવે છે, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘની ભક્તિ કરે છે.

ન્યાય નીતિ પૂર્વક ધર્મપરાયણ જીવન જીવતાં કાળક્રમે આયુઃ ક્ષયે તે દેવપાલ રાજા દેવલોકમાં ઉત્પન્ન થયા અને અનુક્રમે નિર્વાણ પદ પામશે.

ઇતિ દેવતત્ત્વ વિષે દેવપાલની કથા—

સુગુરુ સ્વરૂપ મહિમા

સદ્‌ગુરુ વિના ઉભયલોક = આ લોક અને પરલોકને હિતકારી એવું કાર્ય સારી રીતે જાણી શકાતું નથી. તેથી ગુરુનું આદર સહિત ભક્તિ-બહુમાન કરવું જોઈએ.

પોતાની બુદ્ધિથી ધર્મક્રિયા કરતો જીવ દુઃખોનું સ્થાન થાય છે, અને ગુરુની આજ્ઞા મુજબ ધર્મક્રિયા કરતો જીવ સુખોનું ભાજન બને છે.

શ્રેષ્ઠિપુત્ર શુદ્ધની કથા—

જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં ઋદ્ધિ સમૃદ્ધિથી સમૃદ્ધ એવું પદ્મપુર નામનું નગર છે.

તે નગરમાં પદ્મરથ નામે રાજા છે, કે જે રાજાની તલવાર = ખડ્ગથી ભેદાયેલા શત્રુના હાથીઓના કુંભસ્થળથી પડેલા મુક્તાફળોના સમૂહરૂપ બીજથી જાણી શકાતું કે—આ રણભૂમિ છે, અને તે બીજમાંથી ઉગેલી કીર્ત્તિલતા દેશ-દેશાંતરમાં ફેલાઈને રહેલી છે.

તે નગરમાં પદ્મ = કમળની જેમ પદ્મા = લક્ષ્મીના સ્થાનરૂપ પદ્મ નામનો શ્રેષ્ઠી રહે છે.

તે શેઠને રૂપ લાવણ્ય અને સૌભાગ્યથી લક્ષ્મીને પણ જીતી જાય તેવી પદ્મશ્રી નામે ભાર્યા છે.

ભવાંતરોપાર્જિત પુણ્ય-વૃક્ષના ફળ સ્વરૂપ પાંચે ઇંદ્રિયના વિષય સુખોને ભોગવતાં અનુક્રમે શુદ્ધ નામનો પુત્ર જનમ્યો.

આઠ વર્ષની ઉમરે કળાભ્યાસ કરવા ઉપાધ્યાય પાસે મૂકયો, થોડા વર્ષોમાં સર્વ કળા કુશળ થયો.

જ્યારે યૌવનવયઃ પામ્યો ત્યારે માત-પિતાએ રૂપે રતિ સમાન એવી નંદા નામની શ્રેષ્ઠિપુત્રી સાથે શુદ્ધને પરણાવીયો.

પુત્રવધૂએ પણ સેવા સુશ્રુષા અને ભક્તિ કરવા દ્વારા સાસુ સસરા અને પતિના મનને જીતી લીધો. બધાના દિવસો સુખ પૂર્વક પસાર થાય છે.

એક દિવસ પદ્મ શ્રેષ્ઠીએ પુત્રને બોલાવીને કહ્યું કે—હે વત્સ! હવે મારી છેલ્લી અવસ્થા છે. થોડા દિવસોમાં યમરાજાનું તેડું આવવાનું છે અને તેથી જ મેં ધર્મની આરાધના રૂપ ભાથું પણ બાંધી લીધું છે.

પણ જતાં જતાં તને છેલ્લી શીખામણ આપું છું તે તું સ્વસ્થ થઈ ને સાંભળ!!!

પિતાજીના વચન સાંભળી શુદ્ધ સાવધાન થઈ હાથ જોડીને વિનયપૂર્વક હિતશિક્ષા સાંભળવા ઉત્સુક થયો ત્યારે પદ્મ શ્રેષ્ઠીએ કહ્યું કે—

॥ ૧ ॥ મિટ્ઠું ભુંજિયવ્વં ॥૧॥ મીઠું ખાવું ॥

॥ ૨ ॥ સુહં સોઅવ્વં ॥૨॥ સુખે સૂવું ॥

॥ ૩ ॥ દિણ્ણં ન મગ્ગિઅવ્વં ॥૩॥ આપેલું માગવું નહિ ॥

॥ ૪ ॥ ભજ્જા બંધિઉણ પિટ્ટિઅવ્વો ॥૪॥ સ્ત્રીને બાંધીને મારવી ॥

॥ ૫ ॥ દંતેહિ ઘરસ્સ વાડી વિહેઅવ્વા ॥૫॥ દાંતથી ઘરને વાડ કરવી ॥

॥ ૬ ॥ ગામે ગામે ગિહં કાયવ્વં ॥૬॥ ગામો ગામ ઘર કરવા ॥

॥ ૭ ॥ ગંગાતલં ખણિઅવ્વં ॥૭॥ ગંગાનું તળીયું ખોદવું ॥

ઉપરોક્ત સાત શિખામણ આપીને છેલ્લે કહ્યું કે—સંકટ=આપત્તિ સમયે પાટલિપુત્રમાં રહેતા મારા મિત્ર પાસે જવું.

શુદ્ધે પણ ઉપરોક્ત મર્મ ગર્ભિત પિતાના વચનોને પત્રમાં લખી લીધા...

ગૃહસ્થ યોગ્ય સર્વ કાર્ય જેના પૂર્ણ થયા છે અને પરલોક ગમન યોગ્ય સંબલ=ભાથું પણ જેમણે તૈયાર કર્યું છે એવા તે પદ્મ શ્રેષ્ઠી દેવ-ગુરુ અને ધર્મને સ્મરણ કરતાં કરતાં વિનશ્વર એવા આ મનુષ્ય દેહનો ત્યાગ કરી દિવ્ય શરીર ધારી દેવ થયા.

શેઠાણી પદ્મશ્રી પણ પતિના વિયોગથી શોકાતુર થયેલી, ભૂમિ ઉપર રહેલો માછલીની જેમ કયાંય પણ સુખ=રતિ નહિ પામતી, અને તેથી જ ધર્મની આરાધના સ્વરૂપ વિવિધ તપ:ને કરતી આયુ: ક્ષયે લોહી, માંસ આદિ સાત ધાતુ તથા મલ-મૂત્રના સ્થાન રૂપ એવા આ અસ્થિર નરદેહનો ત્યાગ કરી દિવ્ય દેહ ધરી દેવત્વને પામ્યા.

માત-પિતાના વિયોગથી શોકાતુર થયેલ શુદ્ધ, કેટલેક દિવસે સ્વસ્થ થયો ધીમે ધીમે શોક ઓછો થયો, કેમકે—"દુ:ખનું ઓસડ દહાડા" એ કહેવતને અનુસારે કેટલાક દિવસો વીત્યા બાદ પુન: પૂર્વની જેમ વ્યાપારાદિ કાર્યોમાં પ્રવર્ત્યો.

પિતાજીએ કહેલી શિખામણ યાદ આવતાં, તેનું પાલન કરવા માટે સાવધાન થયો.

પ્રથમ શિખામણ—"મિટ્ઠું ભુંજિઅવ્વં" એમ કહ્યું છે, તો પિતાજીની આજ્ઞા પાળવી એ મારી ફરજ છે એમ નક્કી કરી તે શુદ્ધ.

જે ખાવો રુચિકર લાગે અને ખાવા માત્રથી ભૂખનું દુ:ખ દૂર થાય, શરીરમાં

પણ બળ-પુષ્ટતા વધે તેવી દ્રાક્ષ ખાવી શરૂ કરી. તથા સુખને આપનારી ખજૂર, ઘણા આનંદને આપનાર નાળીયેર=શ્રીફળ અમૃત કરતાંય અતિ સુમધુર આમ્રફળ, કર્યા છે હર્ષના તરંગો જેણે આવી નારંગી, ઇત્યાદિ વિધવિધ ફળ મેવા તથા મિઠાઈઓ, ઉત્તમ શાલિ કૂર ભાત તથા દાળ અને કેશર એલચી બદામ યુક્ત દૂધ, દૂધપાક તથા દહિ શ્રીખંડ ઇત્યાદિ જે જે કંઈ મિષ્ટ=મધૂર રસનેન્દ્રિય=જિહ્વાને ગમે તેવું ખાય -પીએ છે.

બીજી શિખામણી-" सुहं सोअव्वं " એ પિતાજીના ઉપદેશને કરવા તે શુદ્ધે મોટો સુંદર, સર્વ સગવડ વાળો હમ્ર્ય=હવેલી બનાવરાવ્યો, સુંદર સુવર્ણમય પલ્યંક=પલંગ તૈયાર કરાવ્યો. તેમાં પાથરવા માટે અત્યંત સુકોમલ સ્પર્શવાળા રૂના સાત ગાદલા =તળાઈ ઉત્તર પટ સાથે તૈયાર કરાવ્યા અને રાત-દિવસ સુખે સુએ છે, આરામ કરે છે.

ધન મેળવવા વ્યાપાર આદિની ચિંતા કરતો નથી ધન મેળવવા ઉદ્યમ પણ કરતો નથી.

ત્રીજી શિખામણ—" दिण्णं न मग्गिअव्वं " એ પિતાના વચનને પાળવા માટે તે શુદ્ધ આપેલું દ્રવ્ય, પાછું માગતો નથી, ઉધાર કરેલ વ્યાપારના પૈસા લેવા ઉઘરાણી પણ કરતો નથી એમ કરતાં દુકાનમાં વ્યાપાર-ધંધો તૂટવા લાગ્યો ધનનું નુકશાન થવા લાગ્યું.

ખર્ચ વધ્યું અને આવક ઘટી...આવક ન હોય અને એકલું ખર્ચ જ ચાલું હોય તો કુબેર ભંડારીનો ભંડાર પણ ખાલી થઈ જાય તો આ પદ્મ શેઠ મૂકી ગયેલા દ્રવ્યની તો વાત જ શી કરવી.

ચોથી શિખામણ—" मज्जा बंधिउण पिट्टिअव्वा " ને સાર્થક કરવા તે શુદ્ધ. એક દિવસ તેની સ્ત્રીએ કંઈ ભૂલ કરેલી તેથી ગુસ્સામાં આવીને દોરડાથી બાંધીને પોતાની સ્ત્રીને ખૂબ જ મારી.

પતિથી કંટાળેલી નંદા પિયર ગઈ.

ઘરને સંભાળનાર ગૃહિણી=સ્ત્રીના અભાવમાં નોકર-ચાકર સ્વચ્છંદી બન્યા અને ઘરનો વિનાશ થયો.

પાંચમી શિખામણ—" दंतेहिं घरस्स वाडी कायव्वा " ને અમલ કરવા માટે તેણે કિંમતી હાથી દાંત ખરીદીને ઘરની ચારે બાજુ મોટી=ઊંચી વાડ કરી, પણ રખેવાળના અભાવે થોડા દિવસોમાં આજુબાજુના લોકો હાથી દાંત ઉપાડી ગયા— ખર્ચ માથે પડયો.

છઠ્ઠી શિખામણ—"गामे गामे घरं कायव्वं" ને કરતાં તે શુદ્ધે આજુ બાજુના ઘણા ગામોમાં ઘર ખરીદ્યા = બાંધ્યા, એમ કરતાં ઘણું ધન ખર્ચાયું.

હવે થોડું પણ ધન જેની પાસે નથી એવો નિર્ધન પ્રાયઃ બનેલો તે શુદ્ધ–શ્રેષ્ઠિપુત્રે વિચાર્યું કે–કદાચ ગંગા નદીને કાંઠે પિતાજીએ ધન દાટયું હશે તેથી તે ગંગા નદીને કાંઠે જઈને ઘણી મહેનતે ગંગાના કિનારાને ખોદે છે પણ નિરાશતા સિવાય કંઈ જ હાથ ન આવ્યું. થાક લાગ્યો તે વધારામાં—

આમ પિતાની સાત શિખામણોને આદરતો શુદ્ધ નિર્ધન થતાં દુઃખી દુઃખી થઈ ગયો.

સહકાર માટે સ્વજન એવા કાકા–મામાને ઘેર જાય છે ત્યારે નિર્ધન એવા તે શુદ્ધને આવેલો જોઈ તે કાકા–મામા મોઢું ફેરવી દે છે. સદ્ભાવથી વાત પણ કરતા નથી તો પછી સત્કાર અને સન્માનની તો વાત જ શી કરવી ?

આ પ્રમાણે ડગલે ને પગલે પરાભવને પામતો તે શુદ્ધ કિંકર્ત્તવ્યમૂઢ થયો. તેની મતિ મુંઝાઈ ગઈ.

એકદા યાદ આવ્યું કે—મારા પિતાના મિત્ર પાટલિપુત્રમાં રહે છે. અને પિતાજીએ પણ કહેલું કે—સંકટ સમયે પાટલિપુત્રમાં મારા મિત્રની પાસે જજે.

એટલે હવે શુદ્ધ અનુક્રમે પાટલિપુત્ર પહોંચ્યો. ત્યાં પિતાના મિત્રને મળ્યો. પ્રણામ કરીને પોતાનો પરિચય = ઓળખાણ આપી.

પદ્મ મિત્રનો પુત્ર આવેલો જાણી તે શેઠ હર્ષાવેશમાં આવી પરસ્પર ભેટયા. અને સુખાસન ઉપર બેસાડીને પૂછયું કે—હે વત્સ! કેમ આવો દરિદ્રની જેમ દુઃખી દેખાય છે ?

ત્યારે શુદ્ધે બધી જ હકીકત કહી—પિતાએ આપેલી શિખામણને મેં અમલમાં લીધી અને મારી આવી અવસ્થા થઈ.

પિતાના મિત્ર સોમ શ્રેષ્ઠીએ તે શુદ્ધને આશ્વાસન આપી થોડા દિવસ પોતાને ઘેર રાખીને બન્ને જણા પદ્મપુર નગરમાં આવ્યા.

સોમ શેઠે કહ્યું કે—"હે શુદ્ધ! ખરેખર તું મુગ્ધ જ છે. તું તારા પિતાએ આપેલા ઉપદેશના પરમાર્થને જાણતો નથી.

તારા પિતાએ કહેલા ઉપદેશનો પરમાર્થ હું કહું છું તે તું સાવધાન થઈને સાંભળ!!!

સવારે વહેલા ઊઠી આવશ્યક શૌચ-સ્નાનાદિ ક્રિયા કરી દેવની પૂજા-ભક્તિ કરી, ગુરુ મહારાજ પાસે જઈ વંદન-ધર્મકથા શ્રવણ કરી, વહોરવા પધારવા વિનંતિ કરી, બજારમાં દુકાને જઈ વ્યાપાર કરવો, એમ કરતાં બે પ્રહર દિવસ થાય ત્યારે, ગઈ કાલે લીધેલો ખોરાક બરાબર પચી જાય ત્યારે, અને બરાબર સાચી ભૂખ લાગે ત્યારે, યોગ્ય ભક્ષ્ય આહાર ઘરના બધા લોકો ભેળા મળીને સાથે બેસીને વાપરવો, તે મિષ્ટ ભોજન કહેવાય.

અર્થાત્ સાચી ભૂખ લાગે ત્યારે છાસ અને બાજરીનો રોટલો ખાઈએ તો તે પણ મિષ્ટ ભોજન જ કહેવાય—

આ પહેલી શિખામણનો સારાંશ છે.

બીજી શિખામણનો સાર એ છે કે—આપણે આશ્રયે રહેલા બે પગવાળા નોકર ચાકર સેવકો દાસ-દાસીઓ તથા ચાર પગવાળા ગાય બળદ ઘોડા વિગેરેની યોગ્ય સારસંભાર કરીને, યોગ્ય પોષણ કરીને તથા દિવસની આવક અને ખર્ચનો વિચાર કરીને તથા દેવ અને ગુરુને યાદ કરવા પૂર્વક=સ્મરણ કરીને રાત્રિના બીજા પ્રહરે સૂવું, અને વળી વહેલી સવારે ઉઠીને પુનઃ યથાવિધિ દિનચર્યા કરવી.

ત્રીજી શિખામણમાં તારા પિતાજી એમ કહેવા માગે છે કે સોનું-ચાંદી વિગેરે મૂલ્યવાળી વસ્તુ લઈને પરિમિત—ધન આપવું, કે જેથી તે સ્વયં જ ધન પાછું આપીને પોતાની કિંમતી સોના-ચાંદીની વસ્તુ લઈ જાય. આ પ્રમાણે કરવાથી આપેલ ધન વગર માગ્યે પાછું મળે છે.

તારા પિતાજીએ ચોથી શિખામણમાં એમ કહ્યું છે કે—સ્ત્રીને કયારેય પણ મારવી નહિ પણ કદાચ કોપ વશાત્ મારવાનો પ્રસંગ આવે તો અપૂર્વ-બંધન અર્થાત્ પુત્રનો જન્મ થયા પછી જ કારણ પ્રસંગે શિક્ષા રૂપ માર મારવો, કે જેથી પુત્રને મૂકીને કયાંય પણ નહિ જાય, અર્થાત્ ઘેર જ રહેશે.

તથા પાંચમી શિખામણનો જે રહસ્ય છે તે—હે ભાઈ! તું એકાગ્રચિત્તે સાંભળ, કે—જે લોકો સાથે કાર્ય પ્રસંગે મળવાનું થાય તે સમયે હસીને=વિકસિત વદને વાત કરવી, જેથી બધા સાથે સ્નેહ વધે, પરસ્પર પ્રીતિ થાય.

એમ કરવાથી કદાચ કર્મવશ કોઈ સંકટ આપણી ઉપર આવી પડે ત્યારે તે સ્નેહી સ્વજન લોકો આપણું રક્ષણ કરે, દુઃખમાંથી બચાવે.

અને છઠ્ઠી શિખામણ તો સાવ સહેલી છે, પણ મુગ્ધતાને કારણે તું તેનો ભાવાર્થ સમજી શકયો નહિ, તો સાંભળ—વિનય, મધુર વચન દ્વારા આજુ બાજુના બધા ગામોમાં એક એક સ્વજન—સંબંધિ કરવો, મિત્ર કરવો.

તેમ કરવાથી કોઈક કાર્ય પ્રસંગે તે તે ગામમાં જઈએ ત્યારે ત્યાં સત્કાર-સન્માન અને આશ્રય મળે, આરોગ્ય જળવાય, તથા ગ્રામાંતરમાં જવાથી થનારા કષ્ટોમાંથી બચી જવાય. ત્યાર પછી સોમ શ્રેષ્ઠી બોલ્યા કે—હે શુદ્ધ! તારા પરિજનમાં કોઈ છે કે નહિ? ત્યારે શુદ્ધ બોલ્યો કે—હા, એક વૃદ્ધ સ્થવિરા છે.

સોમ શ્રેષ્ઠીએ તે સ્થવિરાને બોલાવીને પૂછયું કે—ગંગા નામની કોઈ હતી?

સ્થવિરા બોલી—હા! છે, શેઠને વહાલી એવી ઉજ્જવલ અને ચપળ ગંગાના તરંગ જેવી ગંગા નામની તુરંગી = ઘોડી હતી.

સોમ બોલ્યા—તેને બાંધવાનું સ્થાન કયું?

સ્થવિરાએ તે સ્થાન બતાવ્યું. એટલે સેવક દ્વારા તે સ્થાન = ભૂમિ ખોદતાં એક લાખ સોનામહોરનું નિધાન નિકળ્યું.

તે ધનથી શુદ્ધ પુનઃ ધનવાન થયો. રીસાઈને પિયર ગયેલી એવી પોતાની સ્ત્રીને તેડી લાવ્યો, પુનઃ ઘરમાં આનંદ-મંગલ પ્રવર્ત્યા. પિતાના મિત્ર સોમ શ્રેષ્ઠીનું બહુમાન પૂર્વક સન્માન કર્યું અને વિદાય આપી.

આ ભવના હિતને કહેનારા પણ જો મનુષ્યને સત્કાર-સન્માન દ્વારા પૂજનીય બને છે તો પછી જે ગુરુ ભગવંત પરભવમાં હિતકારી એવા ધર્મનો ઉપદેશ આપે છે, તથા જેઓ સર્વ સંગના ત્યાગી છે, પાંચ મહાવ્રતને પાળનારા છે તે પરમ પૂજ્ય ગુરુદેવની તો અવશ્ય સેવા-ભક્તિ કરવી જ જોઈએ.....

ઇતિ સુગુરુ તત્ત્વ પરમાર્થ

સુધર્મ તત્ત્વ સ્વરૂપ—

છ જીવ નિકાયની જયણા રૂપ ધર્મ જ મનુષ્યના સુખો, દેવગતિના સુખો અને મોક્ષના અવ્યાબાધ સુખોનું અદ્વિતીય કારણ છે. એમ જિનેશ્વરોએ સમવસરણમાં બેસીને બારે પર્ષદાની આગળ સ્વમુખે કહ્યું છે.

જિનાજ્ઞા ગર્ભિત જીવોની જયણા = રક્ષા સ્વરૂપ ધર્મની આરાધના કરનારો જીવ અમરસિંહની જેમ ઉત્તરોત્તર કલ્યાણ = મંગલમાળા પામે છે.

અમરસિંહની કથા—

જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં દેવલોક જેવું રળીયામણું અમરપુર નામનું નગર છે.

તે નગરમાં સુગ્રીવ નામનો રાજા છે. તે રાજાની જલયુક્ત શ્યામ મેઘની ઘટા રૂપ ખડ્ગને જોઈ ને રાજહંસની જેમ શત્રરાજાઓ માનસ સરોવરવાળા વનમાં પહોંચ્યા છે.

સુગ્રીવ રાજાને સુતારા નામની પટ્ટરાણીની કુક્ષિએ જન્મેલા સમરસિંહ અને અમરસિંહ નામના બે પુત્રો છે. કળા અભ્યાસ કરી અનુક્રમે યૌવન વય પામ્યા. સુગ્રીવ રાજાએ દેશ-દેશાંતરથી સ્વયંવરા આવેલા રાજકન્યાઓ સાથે બન્ને પુત્રોના પાણિગ્રહણ કરાવ્યા.

એકદા અચાનક સુગ્રીવ રાજાનું મરણ થયું, એટલે સામંત-મંત્રી વિગેરે બધા ભેગા મળીને મોટા પુત્ર સમરસિંહનો રાજ્યાભિષેક કરે છે.

શિકારના વ્યસની એવા સમરસિંહ રાજા પ્રતિદિન વનમાં જઈ નિરપરાધિ એવા હરણ શશલા વિગેરે પ્રાણીઓનો વધ કરે છે. વિષયોના ભોગમાં આસક્ત બનેલા એવા તે સમરસિંહ રાજા રાજ્યની જરા પણ ચિંતા કરતા નથી.

યુવરાજ અમરસિંહ કુમાર પૂર્વભવમાં કરેલ સુકૃતના અનુસારે જીવોની રક્ષા કરવા તત્પર છે, પરોપકાર કરવા રક્ત છે અને નરકના હેતુભૂત એવા પાપ કર્મોનો ત્યાગ કરે છે. ધર્મમય જીવન જીવવા પૂર્વક કાળ વિતાવે છે.

એક દિવસ અમરસિંહ કુમાર અશ્વક્રીડા કરવા નગર બહાર ગયો, વિસામો લેવા એક વૃક્ષ નીચે બેસે છે. ત્યાં એક બકરાને લઈ જતા પુરુષને રાજકુમારે જોયો : બકરો પણ પોતાની ભાષામાં બેં...બેં...બેં...એમ બોલે છે.

કરુણાલુ અમરસિંહ રાજકુમાર તે બકરાને તે પુરુષ પાસેથી છોડાવે છે.

મુક્ત થવા છતાં પણ તે બકરો બેં...બેં...બેં... કરવાનું બંધ નથી કરતો ત્યારે યુવરાજ શ્રી અમરસિંહે તે પુરુષને પૂછ્યું કે—આ બકરાને ક્યાં લઈ જાઓ છો ?

પુરુષ બોલ્યો—યજ્ઞમાં કરેલ પશુનો વધ = બલિદાન સ્વર્ગના ફળને આપનારો છે તેથી આ બકરાને હું યજ્ઞમાં લઈ જાઉં છું.

યવરાજ બોલ્યો કે— જો પશુવધથી સ્વર્ગ મળતો હોય, તો નરક શેનાથી મળે ?

માટે હે ભાઈ! હિંસા જેવું કોઈ મોટું પાપ નથી. જીવના વધ રૂપ પાપથી જ પ્રાણિવધ કરનારા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

એટલામાં દિવ્યજ્ઞાનને ધારણ કરનારા કોઈ મહામુનિરાજ ત્યાં આવ્યા, એટલે યુવરાજ બોલ્યો કે—હે ભાઈ! આ મુનિરાજ આપણા વિવાદનો નિર્ણય આપશે.

ત્યાર પછી યુવરાજે વિવાદનું સ્વરૂપ સંક્ષેપમાં મુનિરાજને કહી સંભળાવ્યું. અને કહ્યું કે—"હે ભગવંત! કૃપા કરી સાચો ન્યાય આપો.

તે સમયે દિવ્યજ્ઞાનથી જાણ્યું છે રહસ્ય જેમણે એવા તે મુનિરાજ બકરાને કહે છે કે—હે મૂર્ખ શિરોમણી! તેં જ આ તળાવ = સરોવર બોદાવ્યો છે, સરોવરની પાળે ઝાડ = વૃક્ષ વાવ્યા છે અને દર વર્ષે અહીં યજ્ઞ કરતો હતો, તે યજ્ઞમાં બકરાઓનો હોમ = બલિદાન આપતો હતો તેથી આ યજ્ઞનો માર્ગ તેં જ પ્રવર્ત્તાવ્યો છે તો હવે શા માટે બેં...બેં...કરીને વિલાપ કરે છે!

મુનિરાજના વચન સાંભળી તે બકરો મૌન રહ્યો..

બકરાને બોલતો બંધ થયો જોઈને વિસ્મય પામેલા યુવરાજે મુનિવરને પૂછ્યું કે—આ બકરો તમારા વચન સાંભળીને કેમ બોલતો બંધ થયો?

મુનિવર બોલ્યા—હે ભદ્ર! આ બકરાનો જીવ પૂર્વ ભવમાં રૂદ્રસોમ નામે આ જ પુરુષના પિતા હતા. તેમણે પોતે જ ધનનો વ્યય કરી આ વિશાળ તળાવ બોદાવરાવીને કિનારે વૃક્ષો રોપેલ અને દર વર્ષે પ્રતિ નિયત દિવસે યજ્ઞ કરીને તેમાં બકરાઓનો વધ કરતો હતો.

તે આયુ: ક્ષયે મરણ પામી બકરો થયો અને અહીં જ પ્રવર્ત્તતા યજ્ઞમાં હોમાયો, પુન: બકરા રૂપે જનમ્યો, અને યજ્ઞમાં વધ થયો એમ પાંચ વખત યજ્ઞમાં વધ થવા રૂપ કષ્ટ સહન કરીને છઠ્ઠા ભવમાં આ બકરા રૂપે જનમ્યો છે—અકામ નિર્જરાથી અશુભ કર્મ ક્ષય થવાથી હમણા તેને જાતિસ્મરણ થયું છે.

અને પૂર્વ ભવને જોવાથી ખેદ પામતો એવો આ બકરો પોતાની ભાષામાં કહે છે કે—હે પુત્ર! તું મને શા માટે મારે છે? હું તો તારો પિતા છું.

જો તને વિશ્વાસ ન આવતો હોય તો, હું તને આપણા ઘરમાં દાટેલું નિધાન બતાવું કે જે નિધાનને તું ન જાણે તેવી રીતે મેં ભૂમિમાં દાટેલું હતું.

તે પુરુષ બોલ્યો કે—હે મુનિવર! જો એ પ્રમાણે હોય તો તે નિધાનને આ બકરો જો બતાવે તો હું સાચું માનું.

ત્યાર પછી બકરો આગળ ચાલ્યો, પુરુષ તેની પાછળ પાછળ જાય છે. અનુક્રમે ઘેર પહોંચ્યા. ઘરની અંદરના ભાગમાં જ્યાં નિધાન દાટેલું હતું ત્યાં જઈને બકરો પોતાના પગથી બોદે છે.

બોદતાં બોદતાં અંદરથી નિધાન મળ્યું. આવા અપૂર્વ દૃશ્યથી વિસ્મય પામેલો

અને સંસારના આવા વિચિત્ર ભાવોને ચિંતવતો તથા ઉહાપોહ કરતો એવો તે પુરુષ ગ્રંથિભેદ કરીને સમ્યગ્દર્શન પામ્યો.

અમરસિંહ યુવરાજ પણ અદ્‌ભુત આશ્ચર્યકારી હકીકત જોઈ પૂજ્ય મુનિ ભગવંતને પૂછે છે કે—હે ભગવન્! જો લૌકિક શાસ્ત્રમાં કહેલ યજ્ઞમાં પશુનું બલિદાન રૂપ વધ કરવાથી આવો ભયંકર પરિણામ આવતો હોય તો, હવે મારે આજથી વિશેષ કરીને જીવદયા કરવી.

તે બકરો પણ નિષ્કારણ કરુણાલુ એવા સાધુ ભગવંતના મુખથી ધર્મ સાંભળીને બોધ પામ્યો. આહાર-પાણીના ત્યાગ રૂપ અણસણ સ્વીકારીને સમાધિ પૂર્વક મરણ પામી સ્વર્ગે ગયો.

દેવત્વને પામેલા બકરાના જીવે ઉપયોગ દઈ અવધિજ્ઞાનથી જાણ્યું કે—અમરસિંહ યુવરાજ મારા ઉપકારી છે. તેથી તેમનું સાન્નિધ્ય મારે કરવું જોઈએ. અને અવસરે અવસરે સાન્નિધ્ય કરે છે.

આ પ્રમાણે સમય પસાર થાય છે.

હવે એક રાત્રિને વિષે મણિમંડિત મુકુટ અને કુંડલથી અલંકૃત તે દેવ અમરસિંહ કુમારને પ્રત્યક્ષ થઈને કહે છે કે—તમારા ગુણથી રંજિત થયેલા બધા લોકો તમારા ગુણ ગાય છે, તેથી ઈર્ષ્યાળુ એવો રાજા ચિત્તની ક્લિષ્ટતાને કારણે તમોને મારી નાખવાના ઉપાયો ચિંતવે છે. તેથી તમે હમણાં આ નગરને છોડીને દેશાંતરે જાઓ, અને યોગ્ય સમયે પાછા આવીને પિતાના રાજ્યનો ઉદ્ધાર કરજો. ન્યાય પૂર્વક પ્રજાનું પાલન કરજો.

ઉપરોક્ત દેવવાણી સાંભળીને તે અમરસિંહ યુવરાજ મંત્રી પુત્ર વિમલની સાથે નગરથી નિકળી અનુક્રમે કુટિલપુર પહોંચ્યો તે સમયે તે નગરમાં મોટો ઉપદ્રવ ચાલુ હતો. નગર લોકો કષ્ટ-પીડાથી ખૂબ જ આકુળ-વ્યાકુળ થતા હતા. તેથી તે ઉપદ્રવની શાંતિ માટે તે નગરનો ભાનુ નામનો રાજા પુરદેવતાની આગળ પશુઓના વધ સ્વરૂપ બલિદાન આપવાની તૈયારી કરતો હતો.

અમરસિંહકુમાર આ પશુવધના દૃશ્યને જોઈ, તત્કાલ ત્યાં જઈ પશુવધ કરનારાઓને કહે છે કે—"આ પશુઓને હણો નહિ."

કુમાર વચન સાંભળી તેઓ બોલ્યા કે—"તું અટકાવનારો કોણ છે? અમે તો અમારા રાજાના હુકમથી પશુવધ કરીએ છીએ. અને રાજાના હુકમથી જ પશુવધ બંધ કરશું.

એમ કહીને તેઓ પશુવધ કરવા પ્રવર્ત્યા. ત્યારે અમરસિંહે દેવને યાદ કર્યો કે તત્કાલ તે બકરાનો જીવ એવો તે દેવ ત્યાં આવી, અદશ્ય રીતે તે બધા પુરુષોને સ્તંભિત કરી દીધા.

લોકોના મુખથી આશ્ચર્યકારી ઉપરોક્ત સમાચાર સાંભળીને ભાનુ રાજા પરિવાર સાથે ત્યાં આવ્યા. અને દેવ જેવા તેજસ્વી અમરસિંહ કુમારને જુએ છે.

અમરસિંહે પણ રાજાને પ્રણામ કરીને કહ્યું કે—શા માટે પશુઓને હણો છો? પશુવધથી કયારેય પણ ઉપદ્રવ શાંત થાય નહિ. પણ ઉપદ્રવ વૃદ્ધિ પામે.

જેમ સળગેલા અગ્નિને બુઝવવા ઘાસ નાખીએ તો તે અગ્નિ વૃદ્ધિ પામે તેમ જીવવધના પાપથી થયેલ ઉપદ્રવને શાંત કરવા પશુવધ કરીએ તો તે ઉપદ્રવ પણ વૃદ્ધિ જ પામે.

ભાનુ રાજા બોલ્યા કે—હે ભદ્ર! આ ઉપદ્રવ કેવી રીતે શાંત થાય?

અમરસિંહે કહ્યું કે—અહીં આવેલા દેવતા કહેશે.

ભાનુ રાજાએ આજ્ઞા કરીને એક કુમારિકા કન્યા તેડાવી.

અમરસિંહે માંડલું આલેખી તે કુમારિકાને માંડલામાં બેસાડી. ત્યાર પછી ચંદન-પુષ્પ આદિથી પૂજા કરી એટલામાં દેવતા અધિષ્ઠિત કન્યા બોલી—જેના ચિત્તમાં જીવદયા સ્વરૂપ નિર્મલ ભાવના હશે તેના પગ ધોયેલા જલના સીંચનથી અશિવ = ઉપદ્રવની શાંતિ થશે.

ભાનુ રાજાએ કહ્યું કે— હે ભદ્ર! મનમાં જીવદયા છે કે નહિ તે કેવી રીતે જાણવી.

કુમારે કહ્યું કે—તેનો ઉપાય છે. તે આ પ્રમાણે—બધા જ દર્શનવેત્તાઓને ભેગા કરો. રાજાની આજ્ઞાથી તત્કાલ સર્વ દર્શનને જાણનારાઓ બધા ભેગા થયા.

ત્યારે અમરસિંહ કુમારે તે દર્શનવેત્તાઓને સમસ્યા પદ આપ્યો—

"पुरो भमंतीइ वि अंगणाए सकज्जलं दिट्ठिजुयं न वत्ति"

ત્યારે એક પંડિત બોલ્યા—

चक्खुं च दुट्ठं घणमंडलंमि अणुक्खणंतेण मए न णायं।
पुरो भमंतीइ वि अंगणाए, सकज्जलं दिट्ठिजुयं नवत्ति॥

આ પ્રમાણે સર્વ પંડિતોએ પોતાની બુદ્ધિને અનુસારે સમસ્યા પૂર્તિ કરી.

તેટલામાં ભાગ્ય યોગે = ભવિતવ્યતાના યોગે બકરાના પૂર્વ ભવને કહેનારા તે સોમ મુનિરાજ વિહાર કરતાં કરતાં ત્યાં પધાર્યા.

અમરસિંહ કુમારે તુર્ત પૂજ્ય મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને સમસ્યાનો પૂર્વાર્ધ કહ્યો.

સમતાભાવમાં લીન મુનિરાજે પણ સ્વ-પરને બોધદાયક એવી સમસ્યાની પૂર્ત્તિ કરતાં બોલ્યા કે—

"मग्गे तसत्थावर-जंतु-रक्खा-वक्खित्तचित्तेण मए ण णायं ।
पुरो भमंतीइ वि अंगणाए सकज्जलं दिट्ठिजुयं नवत्ति ।।

સમસ્યા પૂર્ત્તિ સાંભળ્યા પછી અમરસિંહે રાજાને પૂછ્યું કે—હે દેવ ! આ બધા સાધુઓમાં કયા સાધુના મનમાં જીવદયા સ્ફુરાયમાન દેખાય છે ?

રાજા બોલ્યા કે—આ જિનેશ્વરની આજ્ઞા પાલક મુનિરાજ સિવાય કોઈના પણ મનમાં સાચી જીવદયા સ્ફુરાયમાન થતી હોય એવું જણાતું નથી.

જો આ બીજા સાધુઓમાં જીવદયા હોય તો તેમના વચન પણ જીવદયા સ્વરૂપ જ હોય !!! પણ શૃંગાર રસમય ન હોવા જોઈએ. પણ શૃંગાર રસમય વચનો છે તેથી આ તપસ્વીઓના મનમાં સાચી જીવદયા નથી.

ત્યાર પછી મુનિરાજના પગ પખાળીને તે પક્ષાલ જલ નગરમાં ચોતરફ છાંટતાં અશિવ = ઉપદ્રવ શાંત થયો.

તદનંતર ભાનુરાજાએ અમરસિંહને કહ્યું કે—હે ભદ્ર ! તમે મુક્તાફલ જેવા ઉત્તમ પુરુષ છો એમ તમારા સત્કાર્યથી જાણ્યું પણ હવે મને તમારું સ્થાન-કુલ અને માતા-પિતાને જાણવાની ઇચ્છા થઈ છે તો કૃપા કરી જણાવો.

અમરસિંહે કહ્યું કે—આ મારો મિત્ર વિમલ તમોને મારો સંપૂર્ણ પરિચય આપશે. ત્યાર પછી વિમલે બધી જ વાત વિસ્તારથી કહી.

ત્યાર પછી ભાનુરાજા અમરસિંહના ગુણથી આકર્ષિત થઈને પોતાની કનકવતી નામની બહેન અમરસિંહ સાથે પરણાવે છે.

અમરસિંહ કુમાર પણ રાજાએ આપેલા મહેલમાં દેવગતિ જેવા પાંચે ઇન્દ્રિયોના વિષય સુખને ભોગવતા ત્યાં સુખેથી રહે છે.

હવે આ તરફ અમરપુરથી કેટલા રાજપુરુષો આવ્યા અને કુમારને પ્રણામ કરીને કહે છે કે—હે યુવરાજ ! જ્યારથી આપ નગરમાંથી નિકળ્યા ત્યારથી તે આપના મોટા ભાઈ સમરસિંહ રાજા વિશેષે કરીને શિકાર-મદિરા-માંસ આદિમાં અશક્ત થયેલ છે.

સમરસિંહ રાજા પ્રમાદી થયો છે એમ જાણીને શત્રુ રાજાઓ ચઢી આવ્યા અને લડાઈમાં સમરસિંહ પંચત્વ = મરણ પામ્યા છે.

તો હવે તમે પિતાના રાજ્યને પરાક્રમથી પાછું મેળવો અને અનાથ એવી આપની પ્રજાને સુખી કરો.

રાજપુરુષોની વાત સાંભળીને, તે અમરસિંહ ભાનુરાજાની અનુમતિ લઈ ચતુરંગ સેના સાથે અમરપુર તરફ પ્રયાણ કરે છે.

અનુક્રમે અમરપુર આવી, શત્રુ રાજાને જીતી મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરી, ન્યાય-નીતિપૂર્વક રાજ્યનું પાલન કરે છે.

જિનધર્મની સમ્યગ્ આરાધના કરતા તે અમરસિંહ રાજા પોતાના નગરના મધ્યભાગે સુંદર મનોહર જિનાલય બંધાવરાવે છે. દેવવિમાન સદૃશ વિશાળ દેરાસર તૈયાર થતાં તે મંદિરમાં પરિકર યુક્ત શ્રી ઋષભદેવ જિનેશ્વરની સુવર્ણમય પ્રતિમાની પ્રતિષ્ઠા પૂજ્ય મુનિભગવંતના માર્ગદર્શનાનુસાર કરે છે.

જિનાગમો લખાવે છે. તથા જિનધર્મની સમ્યગ્ આરાધના કરનારા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘની ભક્તિ કરે છે.

જિનધર્મમાં તલ્લીન થયેલો તે અમરસિંહ રાજા વિશેષ જીવદયામાં તત્પર થયા થકા સમાધિપૂર્વક આયુ ક્ષયે સદ્ગતિગામી થયા.

જીવદયા રહિત એવો સમરસિંહ રાજા આ ભવમાં દુઃખી થયો અને મરીને દુર્ગતિએ ગયો.

જીવદયામાં તત્પર એવો અમરસિંહ રાજા આ ભવમાં સુખી થયો અને આયુઃ ક્ષયે સદ્ગતિએ ગયો.

ઇતિ ધર્મતત્ત્વકથા—

જે પુણ્યાત્મા દેવ-ગુરુ અને ધર્મના કાર્યમાં લક્ષ્મીને વાપરે છે તે પુણ્યશાળી લક્ષ્મીધર શ્રેષ્ઠીની જેમ અનુક્રમે કલ્યાણ લક્ષ્મી = મોક્ષલક્ષ્મી પામે છે.

લક્ષ્મીધર શ્રેષ્ઠીની કથા—

આ ભરતક્ષેત્રમાં લક્ષ્મીપુર નામનું નગર છે. વિબુધ = પ્રાજ્ઞ પુરુષોથી તે નગર સમૃદ્ધ છે તેથી લક્ષ્મી પણ સમુદ્રનો ત્યાગ કરી અહીં નિવાસ કરે છે.

તે નગરમાં લક્ષ્મીવિલાસ નામના રાજા છે. તથા જિનધર્મમાં રક્ત, સત્ત્વશાલી અને અઢળક ધન-ધાન્યવાળો એવો લક્ષ્મીધર શેઠ નિવાસ કરે છે.

તે શેઠને કમલા નામની ભાર્યા છે કે જેનું મુખ કમળના જેવું મનોહર છે, અને કમળની પાંખડી જેવા નયન = લોચન છે.

સુખ પૂર્વક પસાર થઈ રહેલા દિવસોમાં કોઈ એક રાત્રિએ શ્વેત વસ્ત્રને ધારણ કરનારી અલંકારોથી અલંકૃત કોઈ સ્ત્રી શ્રેષ્ઠીના નિવાસ ભવનમાં આવી.

શય્યામાં સુઈ રહેલા શ્રેષ્ઠીએ આંખ ખૂલતાં તે સ્ત્રીને જોઈને પૂછયું કે—હે ભદ્રે ! તમે કોણ છો ?

તે સ્ત્રી બોલી કે—હે શ્રેષ્ઠિન્ ! હું તમારા ઘરની લક્ષ્મી છું.

શેઠ બોલ્યા કે—પધારો ! મારા યોગ્ય કાર્ય કહો ! અને આવવાનું પ્રયોજન પણ જણાવો.

લક્ષ્મી બોલી કે—આજે તમારું ઘર છોડીને હું ચાલી જઈશ, એમ કહેવાને માટે જ હું અત્યારે આવી છું.

એમ કહીને લક્ષ્મીદેવી અદૃશ્ય થયા.

પ્રાતઃકાળે શેઠ ઉઠીને જુએ છે તો—ધન-ધાન્ય-વસ્ત્ર-સુવર્ણ વિગેરે કંઈ જ દેખાતું નથી. શેઠે ચિંતવ્યું કે—લક્ષ્મી ગઈ તો ભલે ગઈ પણ મારૂં સત્ત્વ તો ગયું નથી ને.!!!

પુનઃ વ્યાપાર કરીને લક્ષ્મી મેળવીશ, એમ વિચાર કરીને શ્રેષ્ઠી પાડોશી પાસે ઉછીનું ધન લઈને લવણ = મીઠાનો ટોપલો માથે ઉપાડીને નગરમાં વેચવાને માટે ભમે છે.

મીઠું વેચીને ઉચ્છીનું લીધેલું ધન પાડોશીને પાછું આપીને, બચેલાં ધનથી દેવ-ગુરુની પૂજા-ભક્તિ કરીને તથા સાધર્મિકની ભક્તિ કરીને શેષ વધેલા ધનથી પોતાની આજીવિકા કરે છે.

આ પ્રમાણે પ્રતિદિન કરતાં તે નગરમાં ઘણો લાભ ન થવાથી લક્ષ્મીધર શ્રેષ્ઠી મીઠાનો ટોપલો માથે ઉપાડીને બાજુના ગામમાં વેચવા જાય છે.

એ પ્રમાણે કાળ પસાર થાય છે.

હવે આ બાજુ લક્ષ્મી લક્ષ્મીધર શેઠના ઘરમાંથી નિકળીને કૃપણના મંદિરે ગઈ.

તે કંજુસ પોતે લક્ષ્મીને વાપરતો નથી તથા કોઈને દાનમાં આપતો પણ નથી, પણ લક્ષ્મીને ખાડો ખોદીને ભૂમિમાં દાટી દીધી.

ભૂમિમાં રહેલી લક્ષ્મી તીવ્ર દુઃખને સહન કરતી રહેલી છે.

એક દિવસે ચિંતવ્યું કે—અહો! મેં અયોગ્ય કામ કર્યું. તે આ પ્રમાણે—

મહાનુભાવ ધર્માર્થી અને પરોપકારી એવા લક્ષ્મીધર શેઠને છોડીને અહીં આવી.

હવે પાછી લક્ષ્મીધર જેઠને ઘેર જઉં, પણ તે શેઠ મને ઘરમાં આવવા દેશે કે નહિ?

માટે કોઈ પણ ઉપાયથી પહેલાં તેને મળુ અને અનુકૂળ કરું.

હવે આ તરફ તે લક્ષ્મીધર શેઠ પ્રતિદિન આજુ—બાજુના ગામમાં મીઠું વેંચવા જાય છે.

એક દિવસ ગ્રામાંતરે જતા તે શેઠ વિસામો લેવા રસ્તામાં ઝાડ નીચે બેઠા છે.

થોડી વારમાં ત્યાં કોઈ રમણીય અંગોપાંગવાળી લાવણ્ય યુક્ત રૂપવતી સ્ત્રી આવી. તેના હાથમાં શીતલ જલથી ભરેલું જલપાત્ર હતું.

તે સ્ત્રીને જોઈ શેઠે વિચાર્યું કે—આ કોઈક સ્ત્રી વિસામાર્થે અહીં આવી હશે. તેથી મારે અહીંથી પ્રયાણ કરવું જોઈએ.

એમ ચિંતવી શેઠ ઇષ્ટ ગામ તરફ રવાના થયા.

બીજે દિવસે ગ્રામાંતર જતાં તે શેઠને રસ્તામાં તે સ્ત્રી (લક્ષ્મી) સામે મળી, અને વાત કરવા બોલાવે છે પણ શેઠ તો જવાબ આપ્યા વિના આગળ ચાલ્યા.

હવે જ્યારે ત્રીજે દિવસે શેઠ મીઠું વેંચવા ગ્રામાંતર જાય છે ત્યારે રસ્તામાં તે સ્ત્રી (લક્ષ્મી) મળી, અને શેઠના પગ પકડીને બેઠી.

શેઠ બોલ્યા કે—તું કોણ છે? તે સ્ત્રી બોલી કે—હું તો તમારા ઘરની લક્ષ્મી છું અને તમારા ઘેર આવવા ઇચ્છા છે.

શ્રેષ્ઠી બોલ્યા—મારે તમારૂં કામ નથી, તેથી હે ભદ્રે! મારા પગ છોડો અને આઘે જાઓ.

લક્ષ્મી બોલી—હે શ્રેષ્ઠિન્! મારા પર કૃપા કરો અને મહેરબાની કરીને મને તમારા ઘેર આવવા દો. મહાપુરૂષ એવા તમે-મારી પ્રાર્થનાને વિફળ કરો એ શું યોગ્ય કહેવાય?

આ પ્રમાણે લક્ષ્મીધર શેઠને ઘેર આવવાની તીવ્ર ઇચ્છાવાળી તે લક્ષ્મીએ શેઠને આગ્રહ પૂર્વક ઉપરોક્ત વચનો કહ્યા ત્યારે લક્ષ્મીધર શેઠ બોલ્યા કે—હે ભદ્રે! તમે ચપળ છો, તોપણ જ્યારે તમારે મારા ઘરથી જવાની ઇચ્છા થાય ત્યારે, એક વર્ષ પહેલાં મને જાણ કરવી, કે—"હે શ્રેષ્ઠિન! હવે હું એક વર્ષ પછી જઈશ".

લક્ષ્મીએ લક્ષ્મીધર શેઠની વાત સ્વીકારી, એટલે શેઠે કહ્યું કે—તો ભલે, તમે મારા ઘેર ખુશીથી આવો.

હવે લક્ષ્મીધર શેઠ ગ્રામાંતર જઈ મીઠું વેંચીને ઘેર આવે છે તે સમયે કમલા શેઠાણી શેઠનું ગૌરવ પૂર્વક સ્વાગત=સત્કાર કરે છે.

"ખરેખર કમલાક્ષી એવી લક્ષ્મી જેને પ્રેમથી જુએ છે તે ભાગ્યશાળી સત્કાર -સન્માન પામે છે."

શેઠાણી બોલી કે—રોજ વાલ-તેલ અને તુચ્છ ભોજન કરવાથી તમારી તબિયત સારી રહેતી નથી તો આજે મગ તંદુલ અને ઘી વિગેરે લેવા હું દુકાને જાઉં છું.

એટલામાં જે આ વાછરડાએ ખીલો ઉખેડી નાખ્યો છે તો તે ખીલાને ઊંડું બોદીને ફરીથી બોડી=સ્થિર કરી આવો.

એમ કહી શેઠાણી બજારમાં દુકાને મગ વિગેરે લેવા માટે ગઈ.

શેઠ પણ વાછરડાનો ખીલો સ્થિર કરવા ખાડો બોદે છે, બોદતાં બોદતાં નિધાનનો કળશ દેખાયો. તે નિધાનને કાઢીને શેઠ ઘરમાં લાવે છે. તેમાંથી નિકળેલી સોનામહોરો દ્વારા ઘણું ધાન્ય તંદુલ ઘી વિગેરે સારી સારી વસ્તુઓ મંગાવી દેવ -ગુરુની ભક્તિ કરી તે લક્ષ્મીધર શેઠ, શેઠાણીની સાથે ભોજન કરે છે.

તે દિવસથી માંડીને લક્ષ્મીધર શેઠના ઘરમાં લક્ષ્મી વધવા લાગી. અને શેઠ પણ સ્વયં ભોગોપભોગમાં વાપરે છે. તથા દેવ-ગુરુ અને સાધર્મિકોની ભક્તિ કરે છે તથા દીન-દુઃખિઆઓને પણ ભોજન-વસ્ત્ર આદિ આપે છે.

આ પ્રમાણે દેવ-ગુરુની ઉપાસના સાથે ગૃહસ્થ યોગ્ય ધર્મની આરાધના કરતાં તેમનો ઘણો કાળ પસાર થયો.

એક દિવસ રાત્રે સુખ શય્યામાં સૂતેલા શેઠને લક્ષ્મીએ કહ્યું કે—"એક વર્ષ પછી તમારું ઘર છોડીને હું બીજે ઠેકાણે જઈશ".

શ્રેષ્ઠી પણ લક્ષ્મીની વાત સાંભળી, હૃદયમાં ધારણ કરી, યોગ્ય નિર્ણય કરી,

લક્ષ્મીધર શેઠ સવારે મહાજન=સંઘને ભેગો કરે છે અને ઘણું ધન આપીને કહે છે કે—એક સુંદર દેરાસર બંધાવવું છે.

ગામ લોકોના સાથ સહકાર સાથે સૂત્રધાર=શિલ્પીઓ=કારીગરોને બોલાવવામાં આવ્યા. અને તત્કાલ દેરાસરનું કાર્ય શરૂ થયું.

તથા સુપાત્ર એવા સાધુ-સાધ્વીજી મ. ને કલ્પનીય વસ્ત્ર અને અન્ન-જલ આદિ સંયમને ઉપયોગી વસ્તુઓ વહોરાવે છે.

તથા આગમ=સિદ્ધાંત શાસ્ત્રો પુસ્તકો લખાવરાવીને સાધુઓને આપે છે. તથા ધન આપીને પણ અભયદાન પ્રવર્ત્તાવે છે. અર્થાત્ માચ્છીમાર-કસાઈ વિગેરેને આજીવિકાર્થે ધન આપીને પણ હિંસા બંધ કરાવે છે. તથા સાધર્મિક વાત્સલ્ય, સ્વજન-કુટુંબીઓની ભક્તિ, તથા અનુકંપાદાન દ્વારા સર્વ ધનને વાપરે છે.

એમ કરતાં વર્ષ પૂર્ણ થયો ત્યારે રાત્રિના સમયે લક્ષ્મી દેવી આવ્યા અને કરુણ સ્વરે રોવા લાગ્યા. અને શેઠને કહે છે કે—દેવ, ગુરુ અને ધર્મના તથા પરોપકારના માર્ગે મને વાપરીને તમે મને સાચે સાચ છેતરી છે.

હવે હું નગ્નની જેમ બીજાને ઘેર કેવી રીતે જાઉં ? તેથી હવે હું બીજે ઠેકાણે નહિં જાઉં પણ દાસીની જેમ તમારે ઘેર રહીને તમારી સેવા કરીશ.

શ્રેષ્ઠી બોલ્યા—"જે તમને ગમે તે પ્રમાણે કરો" ત્યાર પછી પુનઃ શેઠને ઘેર લક્ષ્મી વિસ્તાર પામી.

આ પ્રમાણે લક્ષ્મીધર શ્રેષ્ઠી લક્ષ્મીને દેવ-ગુરુ તથા ધર્મ અને પરોપકારના કાર્યમાં વાપરવા દ્વારા છેતરીને ઘણા કાળ પર્યંત ભોગોપભોગ સુખ ભોગવી સમાધિ-પૂર્વક આયુઃ પૂર્ણ થયે દેવલોકે ગયા અને અનુક્રમે મોક્ષ સુખ પામશે.

આ પ્રમાણે લક્ષ્મીના સદુપયોગ વિષે લક્ષ્મીધર શ્રેષ્ઠીની કથા સમાપ્ત થઈ.

આ પ્રમાણે મુનિરાજના મુખથી દેવ-ગુરુ અને ધર્મના સ્વરૂપને જાણીને દૂધનું પાન જેમ સર્પને ઝેર રૂપે પરિણમે છે તેમ થયો છે મત્સર ભાવ=ઇર્ષ્યા જેને એવો તે જયધર દ્રાવિડ રાજાની પાસે જઈને કહે છે કે—આ સાધુઓ પોતાના દેવ-ગુરુ અને ધર્મનું વર્ણન લોકોની આગળ કરે છે.

અને લોકો પણ દેવ-ગુરુ અને ધર્મને માને છે અને આરાધે છે માટે આપ આદેશ કરો કે—સાધુઓને કોઈએ ભિક્ષા આપવી નહિ. ક્ષુધાથી પીડા પામતા તે સાધુઓ સ્વયમેવ અન્યત્ર જશે.

રાજાએ પણ સેવક દ્વારા પડહ વગડાવ્યો કે—"જે કોઈ સાધુઓને ભિક્ષા આપશે તેને સજા-દંડ કરવામાં આવશે."

રાજાના આદેશથી લોકો સાધુઓને ભિક્ષા આપતા નથી.

આ પ્રમાણે સાધુઓને ભિક્ષા પ્રાપ્તિમાં અંતરાય કરાવનાર તે જયધરે તે સમયે તીવ્ર વિપાકવાળું લાભાંતરાય કર્મ બાંધ્યું.

તે જ રાત્રિને વિષે ઉગ્ર રોષ-દ્વેષથી બાંધેલા ઉગ્ર પાપ કર્મના દોષથી વિસૂચિકા થઈ અને ઉદર = પેટમાં તીવ્ર શૂલની વેદના થઈ કે જે વેદના કદાચ નરકમાં રહેલા નારકોને પણ ન હોય!!!

તે તીવ્ર વેદનાથી માથું ફૂટી જાય તેવી પીડા થાય છે, શરીરના સાંધા તૂટે છે. હાડકા ભાંગે છે, આંખોમાં અસાધારણ પીડા થાય છે, આંતરડા જાણે તૂટતા ન હોય તેવી પીડા થાય છે, અને જાણે કે અગ્નિથી શરીર દાઝતો ન હોય! તેવી સખત બળતરા થાય છે.

તે સમયે અતિ કરુણ સ્વરે રડતાં રડતાં બોલે છે કે—બચાવો! બચાવો!

પણ અતિ ઉગ્રભાવે ઉદયમાં આવેલા પાપ કર્મથી કોઈ જ બચાવી શકતો નથી આમ અનેક ઋદ્ધિ-સમૃદ્ધિ-પુત્ર પરિવારથી પરિવરેલો હોવા છતાં અશરણ-અનાથ એવો તે જયધર મરણ પામ્યો. અને પ્રથમ નરકમાં નારક થયો.

અવર્ણનીય તીવ્ર વેદનાથી પાપકર્મો કંઈક ઓછા થયા ત્યારે આયુઃક્ષયે ચ્યવીને નોળીયાનો અવતાર પામ્યો. નોળીયાના ભવમાં પણ અનેક જીવોનો સંહાર કરી પુનઃ બીજી નરકમાં ગયો.

બીજી નરકમાં ક્ષેત્રકૃત વેદના પરસ્પર કૃત વેદના અને પરમાધામી દેવકૃત વેદનાને અનિચ્છાએ પણ સહન કરતો આયુઃક્ષયે પક્ષીનો અવતાર પામ્યો.

પક્ષીના ભવમાં પણ ઘણા પ્રકારે તે તે જીવોની હિંસા કરી બાંધેલા પાપ કર્મના ઉદયે ત્રીજી નરકમાં ગયો. તીવ્ર દુઃખ ભોગવી સિંહ થયો. પ્રાણી વધ કરી ચોથી નરકમાં ઉત્પન્ન થયો. પાપકર્મના ફળ ભોગવી ઉરગ = સર્પનો જન્મ લીધો. આયુઃ ક્ષયે મરીને પાંચમી નરકમાં ગયો, ચ્યવીને સ્ત્રીનો અવતાર પુનઃ પાપારંભ મરીને છઠ્ઠી નરકે, પાપફળ ભોગવી ચ્યવીને મત્સ્ય થયો ત્યાં પણ પંચેન્દ્રિય જીવોનો વધ કરી મરીને સાતમી નરકે ગયો.

આ પ્રમાણે તિર્યંચ અને નરકગતિમાં અનેકવાર આવાગમન કરી ભવિતવ્યતાના યોગે મનુષ્ય જન્મ પામ્યો.

મનુષ્ય જન્મમાં પણ પુણ્યોદયના અભાવે દરિદ્રતાથી ખેદ પામતો અને રોગોથી પીડાતો અને ભૂખ ના અસહ્ય દુઃખને સહન કરતો મરીને તે જયધરનો જીવ હે નિર્ભગ! ગ્રામચિંતકના પુત્ર રૂપે તું અવતર્યો છે.

હે નિર્ભગ! તું જ પૂર્વ ભવમાં જયધર રૂપે હતો—દેવ-ગુરુ અને ધર્મ પરના દ્વેષના ફળરૂપે નરક અને તિર્યંચ ગતિના દુઃખો તેં જ સહન કર્યા છે અને વર્તમાન કાળે આવો અવસ્થા પામ્યો છે.

હે નિર્ભગ! જોકે અસંખ્ય ભવોમાં અનેક પ્રકારના દુઃખોને ભોગવતાં તેં તે કર્મને લગભગ ખપાવ્યું છે. તો પણ હજી તેના થોડા અંશો બાકી છે અને તેથી જ તે કર્મના ઉદયથી અતિ સંક્લિષ્ટ ચિત્તવાળો તું ડગલે ને પગલે ખેદ પામે છે.

તો પણ હે ભદ્ર! તે બાકી રહેલા કર્મને ખપાવવાનો સરળ ઉપાય બતાવું છું—

વિધિપૂર્વક કરેલા દ્વાદશવિધ=બાર પ્રકારનો તપ નિકાચિત કર્મોનો પણ ક્ષય કરે છે.

૬ બાહ્ય અને ૬ અભ્યંતર—

૧ અણસણ—	આહારાદિનો સર્વથા ત્યાગ ઈત્વરકાલિક અને યાવત્કાલિક
૨ ઉણોદરી—	ભૂખ કરતાં કંઈક ઓછું વાપરવું.
૩ વૃત્તિસંક્ષેપ—	તૈયાર થયેલી રસોઈમાંથી બે-ચાર વસ્તુનો ત્યાગ કરવો-
૪ રસત્યાગ—	વિગઈઓનો યથાશક્ય ત્યાગ કરવો
૫ કાયક્લેશ—	લોચ-કાઉસ્સગ્ગ વિગેરે
૬ સંલીનતા—	અંગોપાંગ ગોપવીને એકત્ર બેસવું
૧ પ્રાયશ્ચિત્ત—	થયેલા અપરાધોની શુદ્ધિ કરવી
૨ વિનય—	ગુરુ આદિ વડીલોનો સબહુમાન સત્કાર-સન્માન
૩ વૈયાવૃત્ય—	ગુરુ આદિ વડીલોની સેવા-ભક્તિ
૪ સ્વાધ્યાય—	જિનોક્ત-આગમ-સૂત્ર અને અર્થનો વાંચના-પૃચ્છના-પરાવર્ત્તનાદિ પંચવિધ સ્વાધ્યાય
૫ કાયોત્સર્ગ—	બહિરાત્મભાવનો ત્યાગ કરી અંતરાત્મામાં સ્થિર થઈ નમસ્કાર મહામંત્ર કે લોગસ્સ સૂત્રનું સ્મરણ...કે તત્ત્વ ચિંતન
૬ ધ્યાન—	આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરી ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં સ્થિર થવું.

ઉપરોક્ત ૬ + ૬ = ૧૨ પ્રકારનો તપ યથાવિધિ કરવામાં આવે તો અશુભ કર્મો ક્ષય થાય અને કુશલાનુબંધિ શુભકર્મના યોગે આત્મા અનુક્રમે સંપૂર્ણ શુદ્ધ બની શકે છે.

જેમ ખાણમાંથી નિકળેલ માટીમાં ભળેલો સુવર્ણ અગ્નિના વિધિપૂર્વકના સંયોગથી નિર્મળ બને છે તેમ વિધિપૂર્વકના તપના આસેવનથી કર્મના મલથી મલિન થયેલો આત્મા તદ્દન શુદ્ધ થાય છે.

પરંતુ આવો યથાવિધિ તપ કરવા સંસારનો સર્વથા ત્યાગ કરી દીક્ષા લઈ શ્રમણ થવું જોઈએ.

ગુરુમુખથી ધર્મ વચનના શ્રવણથી થઈ છે કર્મોની લઘુતા જેનામાં એવો, અને તેથી જ હર્ષના ઉલ્લાસથી થયું છે રોમાંચિત શરીર જેનું એવો તે નિર્ભગ હાથ જોડીને કેવલિ ભગવંતને કહે છે કે—હે ભગવન્! જો મારામાં યોગ્યતા હોય તો મને દીક્ષા આપો.

હે સ્વામિન્! આપના માર્ગદર્શન અનુસાર શ્રમણ બની સમગ્ર તપને તપીને શુદ્ધ = નિર્મળ થાઉં.

કેવલી ભગવંત બોલ્યા કે—અતિક્રૂર અધ્યવસાયવાળા જીવો શ્રમણત્વને અયોગ્ય હોય છે તો પણ તે જીવ ભવિતવ્યતાના યોગે શુભ નિમિત્તોના યોગથી શુભ અધ્યવસાયવાળા થયા થકા શ્રમણત્વની યોગ્યતાને અવશ્ય પામે છે.

એમ કહીને કેવલજ્ઞાની ભગવંતે વિધિપૂર્વક નિર્ભગને દીક્ષા આપી.

કેવલિ ભગવંતની સાન્નિધ્યતાથી થયા છે શુભ અધ્યવસાયો જેને એવા શ્રમણ થયેલા નિર્ભગ મુનિવર નિયમ ગ્રહણ કરે છે કે—"માસક્ષપણની તપશ્ચર્યા, યાવજ્જીવ પર્યંત કરવી."

ઉપરોક્ત નિયમને દૃઢતા પૂર્વક પાળવાની સાથે સાથે પ્રતિદિન ગોચરી વહોરી લાવી ગુરુ ભગવંત તથા અન્ય તપસ્વી ગ્લાન વૃદ્ધ બાલ અને શૈક્ષક આદિ શ્રમણ ભગવંતોની સેવા ભક્તિ કરે છે.

પારણાના દિવસે પણ સ્વયં વહોરવા જાય. ગુરુ આદિ શ્રમણ મુનિવરોની ભક્તિ કરીને શેષ રહેલ આહારાદિથી પારણું કરે.

આ પ્રમાણે ઇત્વર કથિત અણસણ સ્વરૂપ માસક્ષપણાદિ તપશ્ચર્યા તથા સાથે સાથે શેષ ઉણોદરી આદિ ૧૨ પ્રકારના તપને તપતા તે નિર્ગભ મહામુનિવર એક લાખ

વર્ષનું આયુ પાળી સમાધિ પૂર્વક કાળધર્મ પામી સહસ્રાર નામના આઠમા દેવલોકમાં સહસ્રારેન્દ્રનો સામાનિક દેવ થાય છે.

હવે આ બાજુ—

જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં પ્રતિષ્ઠાન નામનું પુર = નગર છે કે જે નગર લોકોત્તર સંપદાઓનું સ્થાન છે. અર્થાત્ ઋદ્ધિ-સમૃદ્ધિનો પાર નથી.

તે નગરમાં મલયકેતુ નામે રાજા છે તે રાજાને વિલાસવતી નામની પટ્ટરાણી છે. તે રાણીના મુખથી નિકળતા પ્રિય વચનની આગળ અમૃત પણ તુચ્છ-ફીક્કું લાગતું.

પાંચે ઇન્દ્રિયોના વિષય સુખોને સુખપૂર્વક ભોગવતાં દિવસો પસાર થાય છે.

હવે આ તરફ આઠમા દેવલોકમાં ગયેલ તે નિર્ભગનો આત્મા જિનેન્દ્રપૂજા-શાશ્વત તીર્થની યાત્રા. તીર્થંકર દર્શન-ધર્મદેશના શ્રવણ તથા ચતુર્વિધ સંઘની સેવા-ભક્તિ રૂપ સુકૃત કાર્ય કરવા દ્વારા (દિવ્ય સુખોના ભોગોપભોગની સાથે સાથે) જ્યારે અઢાર સાગરોપમ પ્રમાણનું સ્વાયુ: ક્ષય થયું ત્યારે દેવલોકથી ચ્યવીને વિલાસવતી પટ્ટરાણીની કુક્ષિ સમાન સરોવરને વિષે હંસની જેમ અવતર્યો.

તે સમયે સુખ શય્યામાં સૂતેલી પટ્ટરાણી સ્વપ્નમાં પૂર્ણ કળશને મુખમાં પ્રવેશતો જુએ છે.

ગર્ભના પ્રભાવથી મલયકેતુ રાજાના શત્રુભૂત એવા સીમાડાના રાજાઓ હાથમાં કિંમતી ભેટલું લઈ મલયકેતુ રાજાને પ્રણામ કરવા આવ્યા. તથા પૂર્વજ રાજાઓએ ભૂમિમાં મૂકેલા નિધાનો પ્રગટ થયા.

પૂર્ણ માસે પટ્ટરાણીએ પુત્ર રત્નનો જન્મ આપ્યો. નગરમાં વર્ધામનિકા વિસ્તરી, ઘર ઘર તોરણ બંધાય છે, નગરના રસ્તાઓ શણગારવામાં આવે છે. રાજમહેલ તો જાણે દેવલોક જેવો લાગે છે. સર્વત્ર આનંદ આનંદ વ્યાપેલો છે.

સ્વપ્નાનુસારે બારમે દિવસે જ્ઞાતિજન સમક્ષ તે બાળકનું પૂર્ણકળશ એવું નામ રાખે છે.

અનુક્રમે દેહની વૃદ્ધિની સાથે કળા અભ્યાસની પણ વૃદ્ધિ થતાં જેમ બીજનો ચંદ્ર અનુક્રમે સર્વકળા સંપન્ન પૂર્ણતાને પામે છે તેમ પૂર્ણકળશ પણ સર્વ કળા સંપન્ન યૌવન વય: પામ્યો.

જ્યારે અશ્વક્રીડા માટે મિત્રોની સાથે રાજમાર્ગ ઉપર થઈ પસાર થાય છે ત્યારે

કામદેવ તુલ્ય તેના રૂપ-લાવણ્યને જોઈ આકર્ષાયેલી સ્ત્રીઓ પોતાના ગૃહકાર્યને અધૂરા મૂકીને ધારી ધારીને કુમારને નિરખે છે, અને હર્ષિત થતી પરસ્પર કુમારના ગુણોનું કીર્ત્તન કરે છે.

અન્યદા કોઈ એક દિવસે પૂર્ણકળશ રાજકુમાર પોતાના મંદિરમાં સિંહાસન ઉપર બેઠા બેઠા મિત્રો સાથે વાર્તા વિનોદ કરે છે તે સમયે કોઈ એક પુરુષ કુમાર પાસે આવ્યો. પ્રણામ કરીને કહે છે કે—હે કુમાર!

શ્રાવસ્તી નામની નગરી છે. તે નગરીમાં જિનવચનમાં દૃઢ પ્રીતિવાળો, ઉદાર, ગંભીર અને જીવ-અજીવ આદિ તત્ત્વોને જાણનારો જિનદત્ત નામનો શ્રાવક છે.

હું પણ તે શ્રાવસ્તી નગરીમાં જ વસું છું.

તે જિનદત્તને મિત્રસેન નામે મિત્ર છે. એક દિવસ મારો અને મિત્રસેનનો રસ્તામાં ભેટો થયો.

તે વખતે કસ્તૂરીના વિલેપન કર્યા વિના પણ તેના શરીરમાંથી પુષ્પોના સમૂહમાંથી નિકળતા પરિમલ જેવા પરિમલથી વાસિત કરી છે દશે દિશાઓને જેણે એવી સુગંધિ જોઈને મેં પૂછયું કે—હે મિત્ર! તમારા શરીરમાં આવી સુગંધ કયા કારણથી ઉત્પન્ન થઈ છે?

મિત્રસેન બોલ્યો કે—હે મિત્ર! સર્વાનુભૂતિ નામનો યક્ષ મને સિદ્ધ છે. તે યક્ષની સાથે ગજરાજ ઉપર બેસીને શાશ્વત તીર્થ = જિનાલયોમાં બિરાજમાન શાશ્વતી જિનપ્રતિમાઓના દર્શન-વંદનાર્થે હું જાઉં છું.

તે શાશ્વત જિનાલયોમાં જિનપૂજા કરવા અનેક દેવો નિરંતર આવે છે. તેમણે કરેલ દિવ્ય પુષ્પ પૂજાના પુષ્પોથી વાસિત થયેલા તે જિનાલયમાં પૂજા માટે પ્રવેશતા અને થોડો સમય જિનેશ્વર સન્મુખ સ્થિર ચિત્તે ધ્યાન કરવા બેસતા એવા મારું શરીર પણ તે પુષ્પ પરિમલથી વાસિત થયેલું છે.

મેં કહ્યું કે—"જો એમ હોય તો, હે મિત્ર! તે યક્ષને સાધવાનો મંત્ર મને આપો."

તે મિત્રે મને મંત્ર આપ્યો અને મંત્ર સાધવાની સર્વ વિધિ કહી.

મેં પણ છ મહિના સુધી તે મંત્ર સાધનાની પૂર્વ સેવા કરી.

પણ હવે સર્વલક્ષણોપેત મહાસત્ત્વવાન્ ઉત્તર સાધકની સહાયથી જ મંત્રની સાધના સંપૂર્ણ થાય.

હું પણ તે ઉત્તર સાધકની શોધમાં સંપૂર્ણ પૃથ્વીમંડળમાં ફરતાં ફરતાં અહીં તમોને જોયા એટલે મને એમ લાગ્યું કે—સર્વ કળા સંપન્ન, સર્વલક્ષણસંયુક્ત અને મહાસત્ત્વવાન એવા તમે જો ઉત્તર સાધક બનો તો મારા ઇષ્ટ મંત્રની સાધના પૂર્ણ થાય.

મહાપુરુષો કયારેય પણ કોઈની પ્રાર્થનાનો ભંગ કરતા જ નથી તેથી મહેરબાની કરીને હે રાજકુમાર ! આપ એવું કરો કે—જેથી મંત્રની સિદ્ધિ થાય.

રાજકુમારે પણ વાત સ્વીકારી—કૃષ્ણ પક્ષની ચતુર્દશી = વદ ૧૪ની રાત્રે ખડ્ગ લઈને રાજકુમાર મંત્રસાધકની સાથે સ્મશાન ભૂમિમાં ગયો.

જે સ્મશાન ભૂમિમાં ચોતરફ મૃતકદેહ બળી રહ્યા હતા, પ્રચંડ વેતાલ હાથમાં તલવાર લઈને નૃત્ય કરતો હતો, શિયાળીઓ ભયોત્પાદક કરુણ અવાજ કરતા હતા, ડાકિની-શાકિની વિગેરે ત્યાં અહીં-તહીં વિચરતી હતી.

આવા ભેંકાર સ્મશાન ભૂમિમાં જઈને મંત્ર સાધકે એક મંડલ આલેખ્યું, અને તે મંડલમાં લાલ કરેણના પુષ્પોનો ઢગલો મૂકયો, અને એક અક્ષત મૃતક દેહ = મડદું તે મંડલમાં સ્થાપ્યું. યજ્ઞ કુંડમાં અગ્નિ સળગાવ્યું.

રાજકુમાર તે સમયે હાથમાં તલવાર લઈને ઉપદ્રવ નિવારણ કરવા માટે સાવધાન થઈને રહ્યો.

મંત્ર સાધકે મંત્ર સાધના શરૂ કરી—મંત્રોના ઉચ્ચાર પૂર્વક અગ્નિકુંડમાં આહુતીઓ નાખી. એટલામાં—

ભૂતોએ કિલકિલાટ કર્યો
વૈતાલો નાચવા લાગ્યા
રાક્ષસો હસવા લાગ્યા

અને વાઘ-વરાહ-ઘોડા અને હરણના મુખવાળી ડાકિણીઓ ભેગી થઈ.

તોપણ જેટલામાં તે મંત્ર સાધક ક્ષોભ ન પામ્યો, તેટલામાં તે મૃતક ઉઠયો અને પૂર્વ દિશા તરફ દોડયો—

કુમાર પણ કોપાવેશથી તરવાર ઉગામીને તે મૃતકની પાછળ દોડયો—અને બોલ્યો—અરે ! કયાં જઈશ તું ? ઊભો રહે અને સામો થા !

કુમારના વચનને અવગણીને તે મૃતક તો આગળ ને આગળ દોડતો જાય છે.

કૃત પ્રતિજ્ઞ કુમાર પણ તેની પાછળ પાછળ જાય છે.

એકાએક તે મૃતક ભૂમિ ઉપર ધબ્બ દઈને પડે છે અને તત્કાલ—

સ્ફૂરાયમાન રત્ન જડિત મુકુટવાળા તથા—

મણિ મંડિત કુંડલથી સ્પર્શાતા કપોલવાળા—તથા હાથીના ગંડસ્થળમાંથી ઝરતા મદ જલના પરિમલથી ભેગા થયેલા ભમરાઓના સમૂહથી મુખરિત એવા ગજેન્દ્ર ઉપર બેઠેલા સર્વાનુભૂતિ યક્ષ પ્રત્યક્ષ થઈને બોલે છે કે—"હે કુમાર! તમારા આવા અનુપમેય પરોપકારના કાર્યથી રંજિત મનવાળો એવો હું સિદ્ધ થયો છું."

રાજકુમાર બોલ્યો કે—"હે ભદ્ર! મંત્રસાધકને સિદ્ધ થાઓ."

યક્ષ બોલ્યો કે—હે કુમાર! તેનામાં યોગ્યતા નથી, તમે પુણ્યશાળી છો તેથી તમારો આદેશ કરનારો થઈશ. અને તમારી નજીકમાં રહેલા એવા આ મંત્ર સાધકના પણ સમીહિત પૂર્ણ થશે.

તદનંતર તે યક્ષની સાથે રાજકુમાર મંત્ર સાધકની પાસે આવે છે.

હાથીની અંબાડીમાં મંત્ર સાધક અને કુમારને બેસાડીને યક્ષ બોલ્યો કે—હે રાજકુમાર!

વિદર્ભ દેશમાં કુંડલપુર નામનું શ્રેષ્ઠ નગર છે, તે નગરમાં મૃગારિ નામે રાજા છે, અને તે રાજાને કમલાદેવી નામે પટ્ટરાણી છે.

તે રાજાને રાજ્યના કાર્યના રહસ્યને જાણનારો જ્ઞાનગર્ભ નામનો મંત્રી છે.

એક દિવસ મુનિચંદ્ર સૂરીશ્વરજી મ. પાસે રાજાએ સમ્યક્ત્વ ઉચ્ચર્યું. અને સમ્યગ્દર્શનને નિર્મળ કરવા માટે તે રાજા પ્રતિદિન જિનેશ્વર પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરે છે અને જિનેશ્વર પ્રભુએ કહેલા જીવાજીવાદિ નવ તત્ત્વોની ચિંતવના અને વિમર્ષણા કરે છે.

ચતુર્વિધ શ્રમણ સંઘની સેવા-ભક્તિ કરે છે.

હવે અન્યદા ગર્ભવતી થયેલી કમલાદેવીને પ્રસૂતિનો સમય થવા આવ્યો ત્યારે એકાએક પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયે શરીરમાં રોગ ઉત્પન્ન થયો. ઘણા ઔષધ-મંત્ર-તંત્રના ઉપાયો કરવા છતાં અસાધ્ય એવો તે રોગ શાંત ન થયો.

તે સમયે ભવિતવ્યતાના યોગે તે રાજાનું મન જિનધર્મમાં શંકા રૂપ દોષથી દૂષિત થયું. અને આયુ: ક્ષયે મરણ પામીને આ તમારી સામે પ્રત્યક્ષ એવો હું યક્ષ થયો છું.

અને અવધિજ્ઞાનના ઉપયોગથી મેં મારો પૂર્વે ભવ જોયો.

આ તરફ કમલાદેવીના ગર્ભમાં પુત્ર છે, એવી બુદ્ધિથી મંત્રી રાજ્યનું સંચાલન કરે છે. પણ પટ્ટરાણીએ પુત્રીનો જન્મ આપ્યો. પુત્રીને જોઈ કમલાદેવી ખેદ પામે છે ત્યારે મંત્રીએ આશ્વાસન આપતાં કહ્યું કે— હે દેવી! પુત્રનો જન્મ થયો છે એમ જાહેર કરીને પુત્રીને જ રાજ્યાભિષેક કરીને રાજા બનાવશું.

તો હવે આ બાલિકાને પુત્ર વેશે રાખવી. અને નગરમાં જાહેર કર્યું કે—રાણીએ પુત્રનો જન્મ આપ્યો છે. અને પુત્ર જન્મોત્સવ પ્રવર્ત્તાવ્યો.

બારમા દિવસે સર્વ જ્ઞાતિજન સમક્ષ કામસેન એવું નામ સ્થાપ્યું.

હવે તે કામસેન હમણાં સંપૂર્ણ ચંદ્રના મુખવાળી તથા સર્વ કળાઓમાં કુશળ એવી યૌવનાભિમુખ થઈ છે. તેથી તમે ત્યાં જઈને પરણો.

રાજકુમારે વાત સ્વીકારી, એટલે ખુશ થયેલો યક્ષ ગજરાજને ચાલવા પ્રેરણા કરે છે. ગજરાજ પણ ગગન માર્ગે વાયુવેગે તત્કાલ કુંડલપુરના બાહ્ય ઉદ્યાનમાં પહોંચ્યો.

યક્ષે પૂર્ણકળશકુમારને રૂપ પરાવર્ત્તિની વિદ્યા આપી, અને કહ્યું કે—"તમારે સ્ત્રી રૂપે આ કામસેન સાથે પાણિગ્રહણ કરવો."

રાજકુમારે પણ વિદ્યાના યોગે તત્કાલ કન્યાનું રૂપ બનાવ્યું અને યક્ષરાજે પણ તત્ક્ષણ હાથી, ઘોડા, રથ અને પાયદલ યુક્ત ચતુરંગી સેના વિકર્વી અને તે મંત્ર સાધકને શિખવીને સમજાવીને જ્ઞાનગર્ભ મંત્રી પાસે મોકલ્યો.

તે મંત્ર સાધક પણ જ્ઞાનગર્ભ મંત્રી પાસે જઈને કહે છે કે—સિંહલદ્વીપથી સિંહલેશ્વર રાજાએ કામસેન રાજાના રૂપાદિ ગુણો જાણીને સ્વયંવરા પુર્ણકલશી નામની પોતાની પુત્રીને મોકલી છે. તેથી તમે તે પ્રમાણે કામસેન રાજાને સમજાવો કે—સ્વયંવરા આવેલી પૂર્ણકલશી રાજકન્યાને પરણે.

જ્ઞાનગર્ભ મંત્રીએ સ્વીકૃતિ દર્શાવીને મંત્ર સાધકને રજા = વિદાય આપીને સ્વયં પટ્ટરાણી પાસે ગયો. અને સ્વયંવરા કન્યા સંબંધિ બધી વાત કહી.

પટ્ટરાણી પણ ઉપરોક્ત વાત સાંભળીને કિકર્ત્તવ્યતા મૂઢ થઈ થકી ખેદ પામે છે = મુંઝાય છે.

પુનઃ મંત્રી બોલ્યો—હે દેવી! ધીરજ રાખો!!! હમણાં તો જેવો અવસર છે તે પ્રમાણે કરો, અર્થાત્ વિવાહ મહોત્સવ પ્રવર્ત્તાવો. પછી જે યોગ્ય જણાશે તે પ્રમાણે કરશું.

જો વિવાહોત્સવ નહિ કરીએ તો જાણ્યું છે પરમાર્થ જેઓએ એવા સીમાડાના રાજાઓ આવીને ઉપદ્રવ કરશે-માટે અત્યારે લગ્નમહોત્સવ કરવો ઉચિત લાગે છે.

વિવાહોત્સવનો નિશ્ચય કર્યા પછી એકાંતમાં કામસેનાને બોલાવીને કહ્યું કે —હે વત્સે ! તમે રાજા છો એમ તમારા ગુણો સાંભળીને તમારા વિષે રાગવાળી એવી સ્વયંવરા રાજકન્યા આવેલી છે તો તમે આપણા રાજ્યની રક્ષા માટે પુરુષવેશે જ તે રાજકન્યાને પરણો.

કામસેનાએ પણ સ્વીકૃતિ દર્શાવી એટલે મંત્રીએ મંત્રસાધકને વિવાહની સ્વીકૃતિ જણાવી.

તત્કાલ રાજમહેલમાં વિવાહોત્સવોચિત શણગાર થવા લાગ્યા. આખા નગરમાં પણ ધ્વજા-પતાકા તોરણો રચવામાં આવ્યા.

અહીં નગર બહાર ઉદ્યાનમાં પણ યક્ષરાજે તત્ક્ષણ વિવાહ મંડપ વિકુર્વ્યો.

જે વિવાહ મંડપમાં સુવર્ણની થાંભલીઓ છે, ઉપર લટકતા મોતીઓવાળો રમણીય ચંદરવો છે, ભૂમિતલમાં મણિ-રત્નો જડેલા છે, પડખેની દીવાલોમાં આશ્ચર્યકારી ચિત્રો આલેખેલા છે, રત્ન અને મણિઓના પ્રકાશથી અંધકાર તો દેખાતો જ નથી.

મંડપના દ્વારે દિવ્ય વાજિંત્રો = મંગલ તૂર્ય વાગી રહેલા છે.

સુંદર વસ્ત્ર અલંકાર અને આહાર તંબોલના દાનથી ખુશ થયેલ છે સ્વજન-પરિવાર સમૂહ અને તેથી જ સ્ત્રીવર્ગ મંગલ ગીત ગાય છે, નૃત્ય કરે છે તથા પુરુષો પરસ્પર સ્નેહથી વાર્તા વિનોદ કરે છે.

આ પ્રમાણે બંને પક્ષમાં વિવાહોત્સવની વધામણી થઈ અને શુભ મુહૂર્ત્ત પણ જ્યોતિષ્કવેત્તાની પાસેથી મેળવ્યો. અને વિવાહોચિત તૈયારી પણ થઈ. સ્વ સ્વ સ્વજન-કુટુંબીઓ એકત્રિત થયા. બધાને વિવાહ-લગ્નોત્સવનો અવર્ણનીય આનંદ છે.

શુભ લગ્ન વેળાએ પાણિગ્રહણ વિધિ થઈ. હાથીની અંબાડીમાં બેસીને રાજમહેલમાં આવ્યા. બધા સ્વજન-પરિજન પોત-પોતાને સ્થાને ગયા ત્યારે એકાંત વાસભવનમાં કામસેન રાજા સિંહાસન ઉપર બેસે છે અને કંઈક ઊંડા વિચારમાં મગ્ન હોય તેમ બોલતા નથી ત્યારે પૂર્ણકળશ કુમારે હસીને કહ્યું કે—હે કમલાક્ષી ! આટલા સમય સુધી તમે પુરુષ વેશે રહીને વિઘ્નને ભોળવ્યો છે પણ હવે તારા આ પુરુષ વેશને છોડી દે.

કામસેનાએ કહ્યું કે—તમે પણ તમારા સ્ત્રી-વેશનો ત્યાગ કરો.

કુમારે પૂછ્યું કે તમે કેવી રીતે જાણ્યું કે—હું પુરુષ છું ?

કામસેના બોલી—પાણિગ્રહણ સમયે તમારા હાથના સ્પર્શથી જાણ્યું પણ

તમોએ કેવી રીતે જાણ્યું કે—હું પુરુષ નથી? પૂર્ણકળશ કુમારે યક્ષની બધી જ વાત કહી.

બંને જણા પોત-પોતાના મૂળરૂપે પ્રગટ થયા. રૂપ લાવણ્ય અને ચતુરાઈથી જાણે કે—ઇંદ્ર અને ઇંદ્રાણી.

કામદેવ અને રતિ

વિષ્ણુ અને લક્ષ્મી ન હોય!!!

તેમ તે યુગલ અતિશય શોભી રહ્યું હતું—રતિસાગરમાં અવગાહ કરતાં ક્ષણાર્ધની જેમ રાત્રિ વીતી ગઈ.

પ્રાતઃકાળે મંગલ પાઠક ગંભીર સ્વરે—મંગલ પાઠનો ઉચ્ચાર કરતાં બોલ્યો કે—

पुव्वदिसा संगं पाविऊण संपत्तगुरुपयावभरो सूरो मुसुमूरियतिमिरपसरो पायडो होइ।

પૂર્વ દિશાના સંગને પામીને પામ્યો છે મોટા પ્રતાપનો સમૂહ જેણે એવો સૂર્ય અંધકારના વિસ્તારનો નાશ કરી પ્રગટ થાય છે.

ઉપરોક્ત મંગલપાઠકના વચનો સાંભળી જાગેલા કુમારને કામસેનાએ કહ્યું કે—હે નાથ! સ્ત્રીનું રૂપ ધારણ કરો. કુમારે પણ સ્ત્રી રૂપ પ્રગટ કર્યું.

કામસેના તુર્ત જનની પાસે ગઈ. અને માના ચરણોમાં પ્રણામ કર્યાં.

પટ્ટરાણી કામસેનાને સ્ત્રી-રૂપે જોઈને ચમકીને બોલી હે પુત્રી! આ તેં શું કર્યું? એમ કહી એકાંતમાં જઈને બધી વાત પૂછી ત્યારે કામસેનાએ પણ બધી જ વાત વિસ્તારથી કહી.

પુત્રીની વાત સાંભળી મા ખુશ થઈ અને તુર્ત મંત્રીને બોલાવીને સર્વ હકીકત કહી, અને પટ્ટરાણી અને મંત્રી સાથે કામસેના વાસ ભવનમાં આવી બધાએ સ્ત્રીરૂપને ધારણ કરનારો કામદેવ જેવો કુમાર જોયો.

કામસેનાએ કહ્યું—હે નાથ! આપના સહજ રૂપને પ્રગટ કરો. અને તત્ક્ષણ પૂર્ણકળશ કુમારે પોતાનો સહજ રૂપ પ્રગટ કર્યો.

અદ્‌ભુત આશ્ચર્યથી ચકિત ચિત્તવાળા એવા તે પટ્ટરાણી અને મંત્રીએ વિચાર્યું કે—ભાગ્ય અનુકૂળ હોય ત્યારે કોઈ પણ કાર્ય સુખ-ફળ રૂપ બને છે અને ભાગ્ય પ્રતિકૂળ હોય ત્યારે સારું કામ પણ અનર્થ રૂપ ફલને આપનારો થાય છે.

એટલામાં સૂર્ય જેવો દેદીપ્યમાન તથા માણિક્ય મંડિત કુંડલથી સ્પર્શતા છે કપોલ = ગાલ જેના એવો, વક્ષઃસ્થલ ઉપર વિલાસ કરતા મોટા હારવાળો, આકાશમાં

રહેલા ગજરાજ ઉપર બેઠેલો યક્ષ બોલ્યો કે—મૃગારિ રાજા એવો હું, મરીને સર્વાનુભૂતિ નામનો યક્ષ થયો છું.

તમારા ઉપર સ્નેહને ધારણ કરતા એવા મેં જ આટલા સમય સુધી રાજ્યની રક્ષા કરી છે અને હમણાં પ્રતિષ્ઠાન પુરના સ્વામી મલયકેતુ રાજાના પુત્ર પૂર્ણકલશ નામનો રાજકુમાર કામસેનાના વર રૂપે રાજ્યનું સંચાલન કરવા તમોને સમર્પિત કર્યો છે.

તો હવે આ રાજકુમારની આજ્ઞા પ્રમાણે વર્તજો. એમ કહીને યક્ષ અંતર્ધાન થયો.

યક્ષના વચન સાંભળીને દૂર થઈ છે ભ્રાંતિ જેમની એવા તે પટ્ટરાણી અને મંત્રીએ કુમારને બોલાવ્યો, પરસ્પર કુશળતા પૂછી—યક્ષના આદેશથી ગુણના મંદિર જેવા પૂર્ણકળશ કુમારનો સ્વીકાર કર્યો.

વૈદ્યે કહેલ ગમતી વાતની જેમ મનગમતું મળે તો કોણ ખુશ ન થાય!!! કોણ ન સ્વીકારે? અર્થાત્ બધા જ સ્વીકાર કરે.

નગરમાં અને રાજ્યમાં ઉદ્ઘોષણા કરાવી કે—આજથી પૂર્ણકલશ રાજાની આજ્ઞા પ્રવર્ત્તે છે. તેથી સર્વ લોકોએ પૂર્ણકલશ રાજાની આજ્ઞાનો અમલ કરવો.

પૂર્ણકળશ રાજા પણ ન્યાય-નીતિ પૂર્વક રાજ્યનું સંચાલન કરવા સાથે પાંચે ઇંદ્રિયોના ઉત્તમોત્તમ પ્રકારના વિષય સુખો કામસેના સાથે દેવયુંદક-દેવની જેમ ભોગવે છે.

તે મંત્ર સાધકને દંડનાયકનું પદ આવ્યું. અને જ્ઞાનગર્ભ મંત્રી પોતાની પુત્રી તે દંડનાયક સાથે પરણાવે છે.

અનુક્રમે કામસેનાની કુક્ષિએ પુત્રનો જન્મ થયો વીરસેનના નામે પ્રસિદ્ધિ પામતો અને બીજના ચંદ્રની જેમ કળા અને શરીરથી વૃદ્ધિ પામતો અનુક્રમે યૌવનવયઃ પામ્યો.

એક દિવસ પૂર્ણકળશ રાજા મંત્રસાધક એવા દંડનાયકને કહે છે કે—હે મિત્ર! દેશાંતર જોવાનું મને મોટું કૌતુક છે.

સાન્નિધ્યકારી યક્ષ તત્કાલ પ્રગટ થઈને બોલ્યો કે—જો દેશાંતર જોવાની ઇચ્છા હોય તો ગજરાજની ઉપર અંબાડીમાં બિરાજો. તત્કાલ આપની ઇચ્છા પૂર્ણ કરું.

પૂર્ણકળશ રાજા તથા મંત્રસાધક હાથી ઉપર બેઠા અને ગગન માર્ગે પ્રયાણ શરું થયું.

પૃથ્વી તલ ઉપર નજર કરતાં—ગામ-આકર-નગર-પર્વત-સરોવર આદિથી શોભાયમાન પૃથ્વી મંડલને જોતાં જોતાં અનુક્રમે કંચનમય પ્રાકાર = કિલ્લાથી વિંટળાયેલા

રમણીય અને દર્શનીય એવા કંચનપુર નગરને જોઈ પૂર્ણકળશ રાજાએ યક્ષને કહ્યું કે— પૃથ્વીમાં સર્વોત્તમ એવા આ નગરને જોઈને નયન = આંખોના નિર્માણને સફલ કરીએ.

"એવં ભવતુ" એમ કહેવા પૂર્વક યક્ષરાજે હાથીને પુરના બાહ્ય ઉદ્યાનમાં ઉતાર્યો. પૂર્ણકળશ અને મિત્રસેન હાથી ઉપરથી નીચે ઉતર્યા, યક્ષ તત્ક્ષણ અદૃશ્ય = અંતર્ધાન થયો.

પૂર્ણકળશ અને મંત્રસાધકે કુતુહલથી નગરમાં પ્રવેશ કર્યો. આખો દિવસ નગરની શોભા જોઈ રાત્રીએ કામદેવના મંદિરમાં જઈને સૂતા.

હવે આ બાજુ—તે નગરમાં શત્રુ રાજારૂપ અંધકારનો ક્ષય કરવામાં શૂરવીર એવો શૂરસેન નામનો રાજા રાજ્ય કરે છે કે જેનો પ્રતાપ સૂર્યના તાપની જેમ અતિદુઃસહ છે.

તે રાજાને વસંતશ્રી નામે પટ્ટરાણી છે. તે રાણીની કુક્ષિએ જન્મેલી રૂપ-લાવણ્યથી ત્રણે લોકના તિલક સમાન એવી મદનશ્રી નામની પુત્રી છે.

તે રાજકન્યાને દંડનાયકની પુત્ર કામલત્તા તથા મંત્રીની પુત્રી શશિકલા અને નગરશેઠની પુત્રી મધુશ્રી નામની ત્રણ સખીઓ = બહેનપણીઓ છે.

તે નગરમાં પંડિત પુરુષોમાં પ્રસિદ્ધ એવા વિદ્યાનંદ નામના ઉપાધ્યાય છે તે ઉપાધ્યાયની પાસે ઉપરોક્ત ચારે કન્યાઓ સાથે કલા અભ્યાસ કરે છે.

હવે આ તરફ—

તે નગરમાં કુબેર તુલ્ય ઋદ્ધિના વિસ્તારવાળો સાગરદત્ત નામનો સાર્થવાહ રહે છે.

તે સાર્થવાહને ઉત્તમ ગુણગણરત્નાધાર સાગર તુલ્ય સમુદ્રદત્ત નામે પુત્ર છે.

તે સમુદ્રદત્ત પણ તે જ વિદ્યાનંદ નામના ઉપાધ્યાય પાસે કલા અભ્યાસ કરવા પ્રતિદિન આવે છે. સાથે અભ્યાસ કરતાં પ્રતિદિન તે ચારે કન્યાઓ સમુદ્રદત્ત સાથે કલા વિષયક પ્રશ્ન પૂછે છે સમુદ્રદત્ત પણ સરળ ભાષામાં યોગ્ય ઉત્તર આપે છે. પ્રતિદિનના કલા વિષયક પરિચયથી અને ગંભીરતા ઉદારતા-વિદ્વત્તાદિ ગુણોથી આકર્ષિત થયેલી તે ચારે કન્યાઓ સમુદ્રદત્ત ઉપર રાગવાળી થઈ.

કામદેવની પાંચ ભૂમિકા—૧ દર્શન, ૨ પ્રીતિ, ૩ રતિ, ૪ વિશ્વાસ અને ૫ પ્રણય = પ્રેમ.

ચારે કન્યાઓ પરસ્પર વિચાર = મંત્રણા કરે છે કે—અમને તો સમુદ્રદત્ત ઉપર ઘણો સ્નેહ છે. તો જ્યારે આપણા માત-પિતા આપણા વિવાહ કરશે તો ભિન્ન સ્થાને ગયેલી એવી આપણે ચારેનો પરસ્પર વિરહ થશે.

અને જો કોઈ એક જ નરરત્નને આપણે ચારે પરણીએ તો જ આપણે પરસ્પર વિરહ વિના સુખે રહી શકીએ.

અને આ સાર્થવાહનો પુત્ર રૂપ વિદ્યા-આદિ સઘળા ગુણોથી યુક્ત છે.

"તો આ સમુદ્રદત્તને જ આપણે પરણીએ." આ પ્રમાણે પરસ્પર મંત્રણા કરીને તે ચારે કન્યાઓએ સમુદ્રદત્તને પોતાના વિચારો દર્શાવ્યા.

સમુદ્રદત્તે પણ વાત સ્વીકારી એટલે કન્યાઓ બોલી—"આજની રાત્રીએ જ શુભ મુહૂર્ત્ત છે તેથી તમે કામદેવના મંદિરે પરણવા માટે આવજો." એમ કહીને તેઓએ સમુદ્રદત્તને સંકેત આપ્યો.

આ વાત પડખે રહેલા કુરંગ નામના સેવક = નોકરે સાંભળીને સાર્થવાહને કહી.

આ તરફ—ચારે કન્યાઓ સૂર્યાસ્ત થયો ત્યારે સોળે શણગાર સજીને તૈયાર થઈ.

નગર બહાર ઉદ્યાનમાં રહેલા કામદેવના મંદિરે જઈ કામદેવની પુષ્પાદિથી પૂજા કરે છે.

આ બાજુ સમુદ્રદત્ત પણ સ્વોચિત શણગાર કરીને જવાની તૈયારી કરે છે તે અવસરે સાગરદત્ત શ્રેષ્ઠીએ વિચાર્યું કે—"પુત્ર હમણા આપણા કુલને અનુચિત એવી પ્રવૃત્તિ કરવા તૈયાર થયો છે." તો યુક્તિથી અટકાવવો જોઈએ. એમ નિર્ણય કરીને ઘરના અંદરના બારણામાં તાળા લગાવ્યા.

સમુદ્રદત્ત પણ બારણે લાગેલા તાળા ન ખુલવાના કારણે વિચાર માંડી વાળીને પોતાની શય્યામાં પોઢી ગયો.

અહીં કામદેવનાં મંદિરમાં ચારે કન્યાઓ સમુદ્રદત્તની રાહ જુએ છે. પરસ્પર વાત કરે છે કે—હે બહેન! જુઓ! અહીં કયાંક સમુદ્રદત્ત આવીને બેઠો હશે!!! જુઓ!!! તપાસ કરો!!!

તે કન્યાઓ હાથમાં દીવો લઈને મંદિરની આજુબાજુ તપાસ કરે છે. મંદિરના દ્વાર પાસે રચેલા હાથી ઉપર પૂર્ણકળશ રાજાને સૂતેલા જોયા અને પડખે મંત્રસાધક સૂતો હતો. દીવાના ઝાંખા પ્રકાશમાં સ્પષ્ટ ન દેખાવાથી ચારે કન્યાઓએ પોતાના વિચારોને અનુસારે નિશ્ચય કર્યો કે—નિશ્ચે સમુદ્રદત્ત આપણી પહેલાં જ અહીં આવીને વિશ્રામાર્થે અહીં હાથી ઉપર આરામ કરે છે અને આ તેમનો કુરંગ નામનો સેવક પણ સાથે જ છે.

દીવાના પ્રકાશથી ધારી ધારીને જોતાં મદનશ્રી બોલી—આસમુદ્રદત્ત નથી પણ એનાથી એ અધિક રૂપવાળા ભગવાન કામદેવ સ્વયં પધાર્યા છે.

કામલત્તા બોલી—તે કામદેવને તો શરીર જ નથી, જ્યારે આ તો સર્વાંગ સુંદર શરીર વાળો છે માટે હું માનું છું કે—નિશ્ચે લક્ષ્મીના વલ્લભ શ્રીકૃષ્ણ હોવા જોઈએ.

શશિકલા બોલી—હે બહેન! તે તો જનાર્દન ના નામે પ્રસિદ્ધ છે. અર્થાત્ લોકોને પીડા કરનારો છે, જ્યારે આ જણાનંદો = લોકોને આનંદ આપનારો છે તેથી મને લાગે છે કે ખરેખર આ શંકર ભગવાન જ છે.

મધુશ્રી બોલી—શંકર ભગવાન્ તો વિરૂપાક્ષ ના નામે પ્રખ્યાત છે. જ્યારે આ તો કમલની પાંખડી જેવા લોચનવાળા છે. તેથી નિશ્ચે આ સુરેન્દ્ર હોવા જોઈએ.

મદનશ્રી બોલી—ઇંદ્ર તો સહસ્રાક્ષના નામે પ્રસિદ્ધ છે. તેને તો હજાર આંખો છે. તેથી આ ઇંદ્ર નથી પણ બીજા જ કોઈ હોવો જોઈએ.

આવી રીતના તે ચારે કન્યાઓના પરસ્પરના આલાપ = વાત-ચીત સાંભળીને જાગૃત થયેલો મંત્ર સાધક બોલ્યો—

આ કામદેવ નથી, વિષ્ણુ નથી, શંકર નથી અથવા તો ઇંદ્ર પણ નથી.

પરંતુ પ્રતિષ્ઠાન નગરના રાજા મલયકેતુના પૂર્ણકલશ નામના રાજકુમાર છે, કે જેમના સ્વાભાવિક સૌભાગ્ય-લાવણ્યથી કામદેવનો મદ નષ્ટ થયો છે.

મંત્ર સાધકની વાત સાંભળીને અભિલાષવાળી એવી તે ચારે કન્યાઓ પરસ્પર વિચાર કરે છે કે—નિશ્ચે—આપણી પૂજાથી પ્રસન્ન થયેલા કામદેવે જ આપણને આ ઉત્તમ વર લાવી આપ્યો છે.

ઉપરોક્ત વિચાર કરીને મંત્ર સાધકને કહે છે કે—હે ભદ્ર! પૂર્ણકળશકુમારને જાગૃત કરો. હમણાં લગ્નનો શુભ મુહૂર્ત છે.

મંત્રસાધકે કુમારને ઉઠાડયો અને કન્યાઓને જોઈને વિચાર કરે છે—કે—શું આ પાતાલ લોકમાં રહેવાથી ઉદ્વિગ્ન થઈને ક્રીડાર્થે આવેલી નાગકન્યાઓ છે? કે પછી—આકાશ માર્ગે જતાં સ્ખલિત થયેલી વિદ્યાધર કન્યાઓ છે? કે શું કુપિત થયેલા ઇંદ્ર મહારાજના શ્રાપથી દેવલોકથી ભ્રષ્ટ થયેલી દેવાંગનાઓ છે? ઇત્યાદિ ચિંતવતો કુમાર યાવત્ મૌન રહે છે.

તેટલામાં ઇંગિતાકારથી જાણ્યા છે કુમારના ભાવોને જેમણે એવી મદનશ્રીની વિચક્ષણા નામની દાસી બોલી—હે કુમાર! શું વિચાર કરો છો?

આ સુરસેન રાજાની પુત્રી મદનશ્રી નામની રાજકન્યા છે. તથા કામલત્તા નામની આ કન્યા દંડનાયકની પુત્રી છે તથા શશિકલા નામની આ કન્યા મંત્રીપુત્રી છે અને મધુશ્રી નામથી આ કન્યા નગરશેઠની પુત્રી છે.

આ ચારે કન્યાઓએ સાગરદત્ત સાર્થવાહના સમુદ્રદત્ત નામના ગુણગણાઢ્ય પુત્ર સાથે વિવાહનો સંકેત કરેલો, અને ભાગ્ય યોગે—દૈવયોગે તે સમુદ્રદત્ત હજુ સુધી આવ્યો નથી.

જે વણિકપુત્રની કામનાવાળી એવી આ ચારે કન્યાઓને તમે રાજપુત્ર જેવા ઉત્તમ પુરુષ મળ્યા છો તે વૃક્ષ માત્રની શોધ કરનારાને કલ્પવૃક્ષ મળ્યા જેવું સારૂં જ થયું છે. હાથી માત્રની ઇચ્છાવાળાને ઐરાવણ હાથી મળ્યા જેવું, અને જલમાત્રની ઇચ્છાવાળાને અમૃત રસ મળ્યા જેવું, અને મણિમાત્રની ઇચ્છાવાળાને ચિંતામણી મળ્યા જેવું થયું છે—અર્થાત્ દૈવયોગે સારું થયું છે તો હવે આ ચારે કન્યાઓના પાણિગ્રહણ કરીને તેમના મનોરથોને સફળ કરો.

એમ કહીને વિચક્ષણા દાસીએ વિવાહોચિત સામગ્રી તૈયાર કરી.

કામદેવની સમક્ષ અગ્નિની સાક્ષીએ પૂર્ણકળશ કુમારે ચારે કન્યાઓના પાણિગ્રહણ કર્યા.

મદનશ્રીએ હાથ જોડીને વિનંતિ કરી કે—હે સ્વામિનાથ! જો કે—આપ તો દેશાંતરોમાં પરિભ્રમણ કરવા તત્પર છો, તો પણ તમે અમારા હૃદયમાં પ્રવેશ્યા છો તેથી હવે અહિંથી નીકળી શકશો નહિં.

કામલત્તા અંજલિ જોડીને બોલી—હે નાથ! જો કે—આપનું હૃદય ઘણી મહિલાનું = સ્ત્રીઓનું આશ્રય સ્થાન છે. અને હે વલ્લભ! આપને ઘણા મિત્રો પણ છે.

તો પણ હે સ્વામિન્!! આપના તે સ્નેહાળ હૃદયમાં અમને પણ સ્થાન આપજો.

શશિકલા બોલી—હે પ્રિયતમ! આપના મુખ રૂપ પૂર્ણચંદ્રને જોઈને અમારું માનસ રૂપ સમુદ્ર એવો તો ઉલ્લાસને પામ્યો છે કે—હવે કયારેય પણ એમાં વિરામ = ઓટ નહીં આવે.

મધુશ્રીએ કહ્યું—પોત-પોતાને ઘેર જતી એવી અમારું શરીર તો ભલે અહીં રહો પણ અમારું મન તો આપના ગુણ રૂપ તંતુથી બંધાયેલો આપની સાથે ને સાથે જ રહેશે.

આ પ્રમાણે સ્વામિનાથને પ્રાર્થના કરીને ચારે કન્યાઓ પોતપોતાને ઘેર ગઈ.

પ્રાતઃકાળે આવશ્યક કાર્ય પૂર્ણ થયે જ્યારે રાજા સભામંડપમાં બિરાજમાન થયેલા છે તે સમયે પ્રાતિહાર = દ્વારપાલ આવીને રાજાને વિજ્ઞપ્તિ કરે છે કે—હે સ્વામિન્! આપનો પટ્ટ હસ્તિ, આલાનસ્તંભ ઉખેડીને પાગલ થયો હોય તેમ અત્ર તત્ર પરિભ્રમણ કરતો આખા નગરમાં ઉપદ્રવ કરે છે. હવે આપ શ્રીમાન્ જે આજ્ઞા આપો તે પ્રમાણ!!!

રાજાએ કહ્યું કે—પડહો વગડાવીને જાહેર કરો કે—જે કોઈ આ હાથીને વશ કરી આલાન સ્તંભે બાંધશે તેને મારી પુત્રી મદનશ્રી પરણાવીશ.

પડહો સાંભળીને પ્રચંડ પુરુષાર્થવાળા પુરુષો પોતાનું બળ પ્રગટ કરી હાથીને વશ કરવા યત્ન કરે છે પણ પ્રજ્વલિત અગ્નિ જેવા હાથીને જોઈને દૂર જ ઊભા રહ્યા.

અહીં નગર બહાર કામદેવના મંદિરમાં આરામ કરતા પૂર્ણકળશ કુમારે હાથીનો વૃત્તાંત તથા રાજાનો પડહો સાંભળીને, કૌતુક જોવાને માટે અને હાથીને શિક્ષા આપવા માટે તે પૂર્ણકળશકુમાર મંત્રસાધક સાથે હાથી પાસે આવે છે. સાત હાથ ઊંચા, અને નવ હાથ લાંબા, ત્રણ હાથ પહોળા અને દશ હાથના ઘેરાવાવાળા તથા મધ જેવા પીંગલ નેત્રવાળા એવા તે હાથીને જોઈને પૂર્ણકળશે હાથીના મુખ પાસે જઈને હુંકારો કર્યો.

હાથી પણ ક્રોધાવેશમાં આવીને પૂર્ણકળશની પાછળ દોડયો. એટલે કુમારે પોતાનું ઉત્તરીય = ખેસ હાથી સન્મુખ ફેંકયું. એટલે મતિમૂઢ એવો તે હાથી ખેસને દાંત મારવા લાગ્યો. તે સમયે પૂર્ણકળશે હાથીના ગંડસ્થળમાં વજ્ર જેવી મૂઠી મારી એટલે વિશેષ ક્રોધાવેશમાં આવેલો ગજેન્દ્ર કુમારને મારવા દોડયો.

કુમાર પણ યુક્તિ પૂર્વક કુલાલચક્રની જેમ હાથીને ગોળ—ગોળ ભમાવે છે.

થાકેલો હાથી કંઈક સ્થિર થાય છે કે ક્ષણવારમાં કુમાર કેશરી-કિશોરની જેમ હાથીની ઉપર ચઢે છે. અને આસન જમાવીને બેસે છે. પાસે રહેલા ગજરાજ પાલકોએ કુમારને અંકુશ આપ્યો.

તે સમયે નગરજનોથી પ્રશંસા કરાતો તે કુમાર હાથીને રાજમહેલ તરફ લઈ જાય છે.

આ તરફ સેવકોએ તુર્ત રાજા પાસે જઈને વધામણી આપી કે—"હે દેવ! હે રાજન્! દેવકુમાર જેવા તથા અપૂર્વ પરાક્રમશાળી એવા કોઈ પુરુષરત્ને હાથીને વશ કર્યો છે."

હવે આ તરફ પ્રભાત કાલે નવીન વિવાહ કાલને ઉચિત પહેરેલા છે વસ્ત્ર

જેણે આવી રાજકન્યાને જોઈને તેની મા બોલી કે—"હે વત્સે! આ શું?" જેટલામાં લજ્જા પામેલી મદનશ્રી કંઈ જ બોલતી નથી=અર્થાત્ મૌન રહે છે, તેટલામાં વિચક્ષણા નામની દાસીએ રાત્રે બનેલી બધી જ વાત કહી સંભળાવી.

પટ્ટરાણી પણ વિચક્ષણા દાસીને લઈ રાજાની પાસે ગઈ. અને વિનંતિ કરી કે—હે દેવ! દંડનાયક મંત્રી તથા શ્રેષ્ઠીની પુત્રી સાથે એક જ ઉપાધ્યાય પાસે ભણતી મદનશ્રીને પરસ્પર ગાઢ સ્નેહ થયો. પરસ્પરના વિયોગને સહન ન કરી શકવાના કારણે ચારે કન્યાઓએ પ્રતિષ્ઠાન પુરના સ્વામી મલયકેતુ રાજાના પુત્ર પૂર્ણકલશ નામના રાજકુમારની સાથે ભવિતવ્યતાથી આજની ગયેલી રાત્રીને વિષે વિવાહ=પાણિગ્રહણ કર્યા છે.

રાજા બોલ્યા કે—હે પ્રિયે! મારો પણ એ જ મનોરથ હતો તેથી જ—

તે રહસ્ય ગર્ભિત આદેશ કરેલો કે—જે કોઈ આ હાથીને વશ કરશે તેને મદન શ્રી પુત્રી પરણાવીશ.

પણ હવે આ પ્રતિજ્ઞા-મનોરથ કેવી રીતે પૂર્ણ કરવો એની ચિંતામાં રાજા યાવત્ કંઈક વિચાર કરે છે. તેટલામાં રાજમંદિરના આંગણે આવેલ કુમારને રાજાએ જોયો.

કુમારને જોઈને રાજા વિચારે છે કે—અહો! અનુપમેય રૂપ સંપદા!!!

અહો! નિરૂપમ પરાક્રમ!!!

આ મહાપુરુષમાં દેખાય છે. તો આ પુરુષ કોણ છે!!

તે સમયે વિચક્ષણા દાસી બોલી કે—હે દેવ! આ તે જ પૂર્ણકલશ કુમાર છે કે જેમણે ગઈ રાત્રીએ મદનશ્રીના પાણિગ્રહણ કર્યા હતા.

પ્રધાન પુરુષો બોલ્યા—આ વાત યોગ્ય જ છે, કેમકે—આ પુરુષના હાથ તુર્તમાં થયેલા વિવાહના ચિહ્નોથી યુક્ત દેખાય છે.

રાજા બોલ્યા—સારું જ થયું કે—પૂર્ણકળશ કુમારે જ હાથીને વશ કર્યો.

અને તેથી જ હું પ્રતિજ્ઞા રૂપ મહાસમુદ્રનો પાર પામ્યો છું. એમ બોલતા અને હર્ષથી પુલકિત દેહવાળા રાજાએ કહ્યું કે—હે કુમાર! હાથીને આલાન સ્તંભે બાંધીને અહીં પધારો!!!

કુમાર પણ તુર્ત હસ્તિશાળામાં જઈ હાથીને આલાનસ્તંભે બાંધી રાજા પાસે આવીને પ્રણામ કરે છે ત્યારે રાજા પણ ઊભા થઈને આનંદ વ્યક્ત કરતાં તે પૂર્ણકળશ કુમારને ભેટે છે. અને પોતાની બાજુના સુવર્ણ સિંહાસન ઉપર બેસાડીને કહે છે કે—

હે રાજકુમાર ! જો કે તમે-" હું રાજકુમાર છું " એવી રીતે પોતાને પ્રગટ કરીને અમને કહેતા નથી તો પણ તમારા આ શ્રેષ્ઠ લોકોત્તર ગુણથી સ્વયં અપ્રકટિત રાખેલા એવા પોતાના સ્વરૂપને પ્રગટ તો કર્યા જ છે.

કેમકે મહાપુરુષો પોતાના પરોપકાર-સત્ત્વ-નિડરતા-સાહસિકતા આદિ ગુણોથી છાના તો ન જ રહે.

ગુપ્ત સ્થાનમાં રહેલો પણ ચંદન વૃક્ષ શું પોતાના પરિમલગુણથી પ્રગટ થતો નથી ?

રાજાના વચન સાંભળી કુમાર બોલ્યો—હે મહાભાગ ! જે આ યમ કરતાં એ દુર્દાંત એવો હાથીને મેં વશ કર્યો. તે આપના ચરણોની મહેરબાનીથી જ.

જે નિગુર્ણ એવો પણ મનુષ્ય ગુણગણાઢ્ય બને છે તેમાં ગુરુજનોનો જ માહાત્મ્ય જાણવો.

સૂર્ય દેવની કૃપાથી જ પંગુ એવો અરુણ પ્રતિદિન ગગન વિહાર કરે છે.

રાજા બોલ્યા—હે વત્સ ! તમો સ્વયં જ મદનશ્રીને પરણ્યા તો છો જ, અને અને હું પણ મદનશ્રી પુત્રી તમોને સમર્પિત કરું છું.

એમ કહીને રાજાએ સુંદર વસ્ત્રો—ઘણા મૂલ્યવાળા રત્ન-મણિમય સુવર્ણના અલંકારો-તથા હાથી-ઘોડા આદિના દાનથી કુમારનું સત્કાર અને સન્માન કર્યું.

રાજાએ આપેલા મંદિરમાં મદનશ્રી સાથે પૂર્ણકળશ કુમાર આવ્યા.

આ વાત સાંભળીને દંડનાયક મંત્રી અને શ્રેષ્ઠીએ પણ સત્કાર અને સન્માન પૂર્વક પોત-પોતાની પુત્રી પૂર્ણકલશને સમર્પિત કરી.

પૂર્ણકળશ રાજકુમાર પણ દોગુંદક દેવની જેમ તે ચારે સ્ત્રીઓની સાથે પંચવિધ વિષય સુખોને નિરાકુલ પણે ભોગવતો સુખમય સમય પસાર કરે છે.

હવે એક દિવસ રાજમહેલની અગાસીમાં ઉપરના ભાગમાં મણિ-રત્ન જડિત સિંહાસન ઉપર બેઠેલા શૂરસેન રાજા આકાશમાં શ્યામ વર્ણના ઘટાદાર વાદળના સમૂહને જુએ છે.

અનુક્રમે સજ્જનના સંગથી થયેલો પ્રેમ જેમ વૃદ્ધિ પામે તેમ વાદળો વૃદ્ધિ પામતા પામતા સંપૂર્ણ આકાશમાં ફેલાઈ ગયા—અને મેઘ ગર્જના શરૂ થઈ, વીજળી ચમકવા લાગી અને મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો.

એટલામાં કલ્પાંતકાલ જેવો પવન છૂટ્યો, વંટોળીયો પ્રગટ થયો અને તત્ક્ષણ તે પવન સાથે બધા જ વાદળો ખેંચાઈને અદશ્ય થયા.

ક્ષણવારમાં થયેલા આવા અપૂર્વ દૃશ્યને જોઈ ચકિતતાની સાથે વૈરાગ્ય વાસિત થયેલા રાજા ચિંતવે છે કે—આ લોકમાં પણ સર્વ પદાર્થોનો વાદળની જેમ ક્ષણ વારમાં વિનાશ થતાં વાર ન લાગે.

આ લોકમાં વિષય ભોગના અર્થી જીવો વારંવાર પરાધીનતા અને દીનતાને ધારણ કરે છે. લાકડાને અંદરથી ખાનારા ઘુણાની જેમ મનુષ્યોના શરીરને વિધવિધ રોગો ઉપદ્રવો કરી જીવને આકુળ–વ્યાકુળ બનાવે છે. નિર્વિવેકી જીવો હિત–અહિતને પારખી શકતા નથી. યૌવન રૂપ અગ્નિ શરીરને થોડા કાળમાં વનની જેમ જીર્ણ–શીર્ણ કરી દે છે. ગયેલા યૌવનને પાછું લાવવા વિવિધ રસાયણો ખાવા અનેક ક્લેશો વેઠવા છતાં જરા રાક્ષસીના હાથથી બચી શક્તા તો નથી જ. તથા મરણથી બચવા અમૃતની શોધ કરે છે પણ યમરાજાનો ઘંટ વાગે ત્યારે બધા જ પ્રયત્નો નિષ્ફળ થાય છે.

લક્ષ્મી મેળવવા દેશાંતર જાય છે, સમુદ્રને અવગાહે છે. પરાધીનતા સહે છે. એમ કરતાં મેળવેલી લક્ષ્મી પણ પાપોદય રૂપ પવનના ઝપાટાથી બુઝાઈ જતા દીવાની જેમ ક્ષણ વારમાં નષ્ટ થતા અટકાવી શકાતી નથી.

આયુષ્ય પૂર્ણ થાય ત્યારે ઋદ્ધિ–સમૃદ્ધિ માતા–પિતા–પુત્ર–પરિવાર આદિને છોડીને બાંધેલા કર્માનુસારે જીવ ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે કે પુનઃ મેળાપ થવો જ મુશ્કેલ. કદાચ પરસ્પર મળે તો પણ એક બીજાને અજ્ઞાનતાના કારણે સમ્યગ્ રીતે ઓળખી જ ન શકે.

આવા ચાર ગતિ રૂપ અને ચોરાશી લાખ જીવા યોનિ સ્વરૂપ સંસારમાં પરિભ્રમણ કરતા જીવને પુનઃ જિનશાસનની પ્રાપ્તિ ખૂબ જ દુર્લભ છે.

ઉપરોક્ત વિચારોથી થયો છે પ્રબળ વૈરાગ્ય જેમને એવા તે રાજા સંવેગ અને નિર્વેદ ભાવમાં સ્થિર થયેલા છે.

તે સમયે પુષ્પ અને ફળ છે જેના હાથમાં એવો ઉદ્યાનપાલક રાજાને ભેટણું ધરી નમસ્કાર કરીને બોલ્યો કે—આપણા નગર બહાર લીલાવન નામના ઉદ્યાનમાં પ્રસન્નચંદ્ર નામના સૂરીશ્વરજી મ. પધાર્યા છે કે જેઓ તારા રૂપ સાધુઓથી પરિવરેલા ચંદ્રની જેમ શોભે છે અને વચન રૂપ જ્યોત્સ્નાથી સર્વતઃ મોહાંધકારનો નાશ કરે છે. તથા ત્રસ તથા સ્થાવર જંતુઓનું સ્વયં રક્ષણ કરે છે અને ઉપદેશ દ્વારા અન્ય જીવો પાસે યત્ન પૂર્વક ત્રસ–સ્થાવર જીવોનું રક્ષણ કરાવે છે.

શૂરસેન રાજા ગુરુદેવના આગમનના સમાચાર સાંભળી ઉલ્લસિત રોમાંચવાળા થઈ ઉદ્યાન પાલકને પ્રીતિદાન આપે છે.

ગજરાજ ઉપર આરૂઢ થઈને શૂરસેન રાજા પરિજન સાથે ગુરુ વંદનાર્થે ઉદ્યાન તરફ જાય છે. ઉદ્યાનમાં જઈ હાથીના સ્કંધ પરથી ઉતરી રાજા ગુરુદેવને વિનયપૂર્વક અંજલિ જોડી પંચાંગ પ્રણિપાત સ્વરૂપ વંદન કરે છે ત્યારે ગુરુદેવ પણ ભવ રૂપ દાવાનળના દાહને શાંત કરનાર નવા મેઘની વૃષ્ટિ સમાન ધર્મલાભ રૂપ આશીર્વાદ આપે છે.

રાજા શેષ મુનિવરોને પ્રણામ કરીને ઉચિત સ્થાને બેઠા ત્યારે મેઘની ગર્જના જેવા ગંભીર સ્વરે ગુરુ ધર્મદેશના આપે છે.

देविंदजालं व विलोलमेयं
वियाणमाणोऽवि भवस रूवं ।
णिठ्वाणमग्गे न पयट्टए जो
दिट्ठेहिं चोरोहें मुसिज्जए सो ॥१॥

ઇંદ્રજાલની જેમ અતિ ચંચલ = ક્ષણ ભંગુર એવા સંસારના = ભવના સ્વરૂપને જાણતો હોવા છતાં પણ મતિમૂઢ એવો આ મુગ્ધ જીવાત્મા નિર્વાણ = મોક્ષના માર્ગમાં પ્રવર્ત્તતો નથી, તે જીવાત્માને ઘોળે દિવસે સર્વ લોકોની દેખતાં જ કર્મરૂપ ચોરો લૂંટે છે, આત્મગુણ ધન લૂંટે છે. અર્થાત્ આત્મગુણ કર્મોથી આવરાય છે.

माणुस्स-जम्मं लहिउं दुलंभं
गमेइ जो भोगसुहस्स कज्जे ।
सो वायसुड्डावण-कारणंमि
खिवेइ चिंतारयणं नु मूढो ॥२॥

અતિ દુર્લભ એવા મનુષ્યના જન્મને પામીને જે જીવ વિષય-ભોગ સુખ દ્વારા કાળને પૂરો કરે છે, તે મતિમૂઢ જીવ ખરેખર કાગડાને ઉડાવવા માટે ચિંતામણીને ફેંકે છે.

नियत्तिउं वंछइ भोगतण्हं,
सेवाए जो मूढमणो मणुस्सो ।
समीहए सो जलणस्स छित्तिं
संपाइउं दारु समुव्वणं ॥ ३ ॥

જે મૂઢ મનવાળો મનુષ્ય વિષયસુખની સેવાથી = ભોગવવાથી ભોગ તૃષ્ણાને

નિવારવા વાંછે છે = ઇચ્છે છે, તે મતિમૂઢ જીવ લાકડાના પ્રક્ષેપ દ્વારા અગ્નિને બુઝાવવા = નાશ કરવા ઇચ્છે છે.

संतोसमुखं सवसं विमोत्तुं
परव्वसं भोगसुहं सुहत्थी ।
संपत्थए जो अमयं चइत्ता,
करेइ सो हालहलाहिलासं ॥ ४ ॥

સુખનો અર્થી એવો જે મૂઢમતિ જીવ સ્વાધીન એવા સંતોષ સુખને તજીને પરવશ એવા ભોગ સુખની પ્રાર્થના કરે છે. તે મુગ્ધ જીવ અમૃતનો ત્યાગ કરી વિષ = ઝેરની અભિલાષા કરે છે.

धम्मं असारएण सरीरएणं
जो साहए मुक्ख-सुहेक्क हेउं ।
किणेइ सो मत्तकरिं खरेण
चिंतामणिं काणकवड्डुएणं ॥ ५ ॥

મોક્ષ સુખના અનન્ય હેતુ એવા આ અસાર શરીરથી ધર્મને જે સાધે છે તે નિશ્ચે ગધેડાને બદલે હાથી ખરીદે છે અને કાણી કોડીના બદલે ચિંતારત્નને ગ્રહણ કરે છે.

जो पावकम्मुज्जममिंदियाणं
सकज्जलुद्धाण कए करेइ ।
सो मूढबुद्धी नियकंठदेसं,
हणेइ तिक्खेण कुहाडएणं ॥ ६ ॥

જે મૂઢમતિ જીવ પોતાના કાર્યમાં આસક્ત એવી ઇંદ્રિયોના વિષયસુખ માટે પાપકર્મોમાં ઉદ્યમ કરે છે, તે મૂઢબુદ્ધિ જીવ તીક્ષ્ણ કુહાડાથી પોતાના કંઠને વિષે હણે છે. અર્થાત્ તીક્ષ્ણ કુહાડાથી પોતાનું જ ગળું છેદે છે.

लद्धे नरत्तेऽवि समीहियत्थं
संसाहगे साहइ जो न मुक्खं ।
पत्तोऽवि सो रोहणपव्वयंमि,
न लेइ माणिक्क-मणग्घ-मुल्लं ॥ ७ ॥

સમીહિતાર્થ એવા મોક્ષને સાધનારા મનુષ્યપણાને પામીને જે મોક્ષને સાધતો

નથી, તે રોહણગિરિ = પર્વત ઉપર પહોંચવા છતાં પણ ઘણા કિંમતી એવા માણિક્યને લેતો નથી = ગ્રહણ કરતો નથી.

મુત્તૂણ જો રજ્જમવજ્જમૂલં,
તવં ન કુજ્જા સિવસુક્ખહેઉં ।
લદ્ધૂણ ધત્તૂરતરૂં મુરુક્ખો,
સો કપ્પરુક્ખં પિ પરિચ્ચએજ્જા ॥૮॥

પાપકર્મના મૂળ રૂપ એવા રાજ્યને મૂકીને જે જીવો શિવસુખના અદ્વિતીય હેતુ એવા તપને કરતા નથી. તે મૂરખાઓ ધર્ત્તૂર વૃક્ષને મેળવીને કલ્પવૃક્ષના ત્યાગ કરતા હોય એમ જણાય છે.

આ પ્રમાણે ગુરુમુખથી વચનો સાંભળીને શૂરસેન નરપતિ કહે છે—હે ભગવંત ! ધર્માર્થી એવા મને આપનો ઉપદેશ સાકર અને દ્રાક્ષથી પણ મધુર લાગ્યો છે.

તો હવે તુર્ત રાજ્યની વ્યવસ્થા કરીને આપના ચરણોમાં દીક્ષા લઈ સમર્પિત થવું છે.

ગુરુદેવ બોલ્યા—"હે મહાનુભાવ ! તમારા મનોરથો વિઘ્ન રહિત પણે સિદ્ધ થાઓ !!!"

રાજા શૂરસેન ગુરુદેવને પુનઃ પ્રણામ કરી રાજમહેલમાં આવી પ્રધાન પુરુષોને બોલાવીને કહે છે કે—"સંસારથી વિરક્ત ચિત્તવાળો એવો હું રાજ્યનો ત્યાગ કરી દીક્ષા લઈશ". મારે ભાગ્ય = દૈવ = કર્મના યોગે એક પણ પુત્ર થયો નથી = જનમ્યો નથી કે જેને રાજ્યાધિરૂઢ કરું = રાજ્ય સોંપું.

તો હવે આ મારા રાજસિંહાસન ઉપર આ મદનશ્રીના પતિ એવા આ પૂર્ણકળશ રાજકુમારને સ્થાપીશ.

એમ સર્વ પરિજન સમક્ષ કહીને તુર્ત રાજ્યાભિષેકના મહોત્સવ પૂર્વક તે પૂર્ણકળશ કુમારનો શૂરસેન રાજા સ્વયં રાજ્યાભિષેક કરે છે. તે સમયે સર્વ લોકોએ પૂર્ણકળશ મહારાજાનો જય જયકાર કર્યો.

પૂર્ણકળશ રાજા પણ તત્કાલ શૂરસેન રાજાનો દીક્ષા મહોત્સવ પ્રવર્ત્તાવે છે મંગલ તૂર્ય-વાજિંત્રોના ગંભીર નાદ સાથે નગર બહાર લીલાવન ઉદ્યાનમાં પરિવાર તથા નગરજન સાથે શૂરસેન રાજા આવીને પૂજ્ય ગુરુદેવને વંદન-નમસ્કાર કરે છે.

પૂજ્ય પ્રસન્નચંદ્રસૂરીશ્વર ભગવંતે પણ યથાવિધિએ મુમુક્ષુ શૂરસેન રાજાને દીક્ષા આપી.

દીક્ષિત થયા પછી શૂરસેન રાજર્ષિ સંવેગ ભાવની વૃદ્ધિ સાથે વિવિધ તપશ્ચર્યા આદરે છે અનુક્રમે ઘાતિકર્મો ક્ષય થયે કેવલી શૂરસેન રાજર્ષિ ભવ્યજીવોને પ્રતિબોધ કરી, સ્વાયુઃક્ષયે નિર્વાણ = મોક્ષ પદ પામ્યા.

પૂર્ણકળશ રાજાએ પણ ગુરુમુખે દેશવિરતિ સ્વીકારીને વ્રતોની પાલના પૂર્વક રાજ્યનું સંચાલન કરે છે.

મદનશ્રી આદિ ચારે સ્ત્રીઓ સાથે પંચવિધ વિષય સુખો ભોગવતાં અનુક્રમે મદનશ્રીએ પુત્રનો જન્મ આપ્યો. જ્ઞાતિજન સમક્ષ તે રાજકુમારનું નામ મદનબ્રહ્મ રાખ્યું.

હવે એક દિવસ—કુંડલપુરથી ઊંટ ઉપર બેસીને કેટલાક પુરુષો આવ્યા અને પૂર્ણકળશ રાજાને સમાચાર આપ્યા કે—હે દેવ! દેવપુરના સ્વામી નરસિંહ રાજાએ જ્ઞાનગર્ભ મંત્રી પાસે દૂત મોકલીને કહેવડાવ્યું કે—"નરસિંહ રાજા આજ્ઞા ફરમાવે છે કે-આટલા સમય = દિવસ સુધી તમોએ પુત્રના બહાને રાજપુત્રીને રાજા બનાવેલી, અને તે વાત મેં તે સમયે જાણી નહિ અને હવે તે તમારી રાજકન્યાને અજ્ઞાતકુલ-ક્રમવાળા કોઈક રાજપુત્રને પરણાવીને રાજ્ય કરો છે, તો અહો! તમારી બુદ્ધિનું કૌશલ્ય જોવા જેવું જ છે.

તો હવે જો તમે રાજ્યની કુશલતાને ઇચ્છતા હો, તો મને પ્રણામ કરી મારી આજ્ઞા માનો. જો મારી આજ્ઞા નહિ માનો તો વિનાશ પામશો."

મંત્રીએ કહ્યું કે—જો તમને આજ્ઞા મનાવવાની વાંછા છે તો જ્યારે દમિતારી રાજા જીવંત હતા ત્યારે કેમ આજ્ઞા-હુકમ ન કરેલ.

અને હવે બાલ-રાજાને જોઈ આજ્ઞા માનવાનું કહો છો, તો નિશ્ચે તમે છલને શોધનારા નરસિંહ નહિ પણ નરસારમેય જ છો.

અને બીજું મલયકેતુ રાજાના કુલતિલક એવા પૂર્ણકલશ રાજકુમારને તમે અવિજ્ઞાત કુલક્રમવાળો કહો છો, તો તમે ખરેખર યમદંડના અભિલાષી છો."

"તો હે ચર પુરુષ! "અમે તમારા રાજાની આજ્ઞા નહિ માનીએ." જાઓ તમારા સ્વામીને કહો કે—જે થાય તે કરી શકો છો પણ તમારી આજ્ઞા તો નહિ માનીએ.

એમ કહીને દૂતને રવાના કર્યો.

અને અમને આપની પાસે મોકલ્યા છે. હવે આપશ્રીમાન્ દેવ જે આદેશ કરો તે અમને પ્રમાણ છે.

પૂર્ણકળશ રાજાએ કહ્યું કે—તમે તુર્ત પાછા જાઓ અને જ્ઞાનગર્ભ મંત્રીને

કહો કે—" ચિંતા ન કરો " હું બધું સંભાળી લઈશ.

એમ કહી આવેલા પુરુષોને વિસર્જિત કરી પૂર્ણકળશકુમાર સર્વાનુભૂતિ યક્ષને યાદ કરે છે કે—તુર્ત યક્ષરાજ આવે છે.

યક્ષરાજ સાથે ગજરાજ ઉપર અંબાડીમાં બેસીને પૂર્ણકળશ કુમાર તત્ક્ષણ ત્યાં પહોંચ્યા કે—જ્યાં દૂતના વચન સાંભળીને કોપાયમાન થયેલો નરસિંહ રાજા કુંડલપુર તરફ પ્રયાણ કરવાની તૈયારી કરી દેવપુર નગરની બાહ્ય ભૂમિ ભાગે પડાવ કરીને રહેલા હતા

ગગન માર્ગેથી આવતા કુંજરારૂઢ પૂર્ણકળશ કુમારને જોઈને નરસિંહ રાજા વિચાર કરે છે કે—ઐરાવણ ઉપર બેસીને સાક્ષાત્ ઇંદ્ર આવે છે કે શું ! એમ વિસ્મયથી વિકશિત નયણવાળા રાજા અને પ્રધાન-મંત્રી-સેનાપતિ અને સિપાઈઓ જુએ છે. એટલામાં નરસિંહ રાજાની આગળ યક્ષરાજે ગજરાજને ઉતારીને રાજકુમારને નીચે ઉતાર્યા.

પૂર્ણકળશ રાજકુમારે પણ હુંકારો કરીને નરસિંહ રાજાએ કહ્યું કે—" અરે ! અજ્ઞાત કુલક્રમવાળો જેને કહે છે, તેના કુલક્રમને જો જાણવાની ઇચ્છા હોય તો હાથમાં ખડ્ગ લઈને ઉભા થાઓ.

મારી ભુજાઓ જ તમને મારા કુલક્રમનો પરિચય આપશે.

કુમારના વચન સાંભળીને કોપાવેશમાં આવેલો નરસિંહ રાજા પકડો...પકડો... એમ બોલતો હાથમાં તલવાર લઈને લડવા તૈયાર થયો. સર્વ સૈન્ય પણ કુમાર ઉપર તૂટી પડ્યું ત્યારે સર્વાનુભૂતિ યક્ષરાજે નરસિંહ રાજા સિવાય આખા સૈન્યને સ્તંભિત કર્યો.

તે આ પ્રમાણે--કેટલાક સુભટો ઊંચી કરેલી તલવારવાળા હાથે એક પગ ઉપર ઉભા છે. કેટલા ધનુષમાં બાણ ચઢાવીને સ્તબ્ધ થયેલા છે. કેટલાક સુભટો ઊંચા કરેલ મુદ્ગરવાળા થયા થકા ચિત્રમાં આલેખેલ હોય ને ! તેમ સ્તંભિત થયેલા જોઈને નરસિંહ રાજાએ કહ્યું—હે સુભટો ! કેમ પ્રહાર કરતા નથી ?

પૂર્ણકળશ કુમાર બોલ્યો—શું કામ છે આ સુભટોનું ? હું અને તમે બે જણા જ લડીએ.

અપમાનિત થયેલો હોય તેમ નરસિંહ રાજા અધિક બળથી કુમાર સાથે લડવા લાગ્યો.

કુમારે યુક્તિપૂર્વક નરસિંહ રાજાના ખડ્ગના બે ટુકડા કરીને ભૂમિ ઉપર પાડયો અર્થાત્ નરસિંહ રાજાને જીતીને કેદ કર્યો.

તત્કાલ આકાશમાંથી સુગંધિ જલ અને પંચવર્ણા સુગંધિ પુષ્પોની વૃષ્ટિ થઈ સ્તંભિત કરેલા બધા સુભટોને યક્ષરાજે મુક્ત કર્યા. કુમારના પુણ્ય પ્રભાવ અને યુદ્ધમાં વિજયને જોઈ બધા જ સુભટો પૂર્ણકળશ કુમારના શરણે આવ્યા.

પૂર્ણકળશ કુમાર પણ નરસિંહ રાજાના બંધન તોડીને પ્રણામ કરવા પૂર્વક સત્કાર અને સન્માન કરે છે.

કુમારની ઉદારતા અને ગંભીરતાને જોઈ લજ્જા પામેલો નરસિંહ રાજા બોલ્યો—હે રાજપુત્ર ! તમારા સ્વરૂપને નહિ જાણતા એવા મેં જે કંઈ પણ અનુચિત કહ્યું અને આચર્યું તે પાપાચરણથી લજ્જા પામતો એવો હું મારું મોઢું બતાવતાં લજ્જા પામું છું તેથી હવે હું વનવાસ સ્વીકારું છું.

આ મારા રાજ્યને તમે સ્વીકારો, અને રાજશ્રી નામની કુમારિકાનું પાણિગ્રહણ કરો.

પૂર્ણકલશ કુમાર બોલ્યા—હે મહાભાગ ! ખેદ ન કરો અને સુખેથી રાજ્યનું સંચાલન કરો, રણસંગ્રામમાં જીતવું કે મરવું તે તો સુભટનું ભૂષણ જ છે પણ દૂષણ ન કહેવાય.

અને જે કન્યાનું પાણિગ્રહણ કરવા કહ્યું, તે તમારા વચનાનુસાર હું કરીશ. કેમકે–પ્રાજ્ઞ પુરુષો કહે છે કે–વડીલજનોના વચનો અલંઘનીય હોય છે.

નરસિંહ રાજાએ કહ્યું કે—જો ગુરુજનોના સર્વ વચનો અલંઘનીય હોય તો આ મારી રાજ્યશ્રી = રાજ્ય અને રાજશ્રી = રાજકુમારીને ગ્રહણ કરો = સ્વીકારો.

નરસિંહ રાજાના આગ્રહથી પૂર્ણકલશ રાજકુમારે રાજશ્રીનું પાણિગ્રહણ કર્યું અને રાજ્ય પણ સ્વીકાર્યું.

નિશ્ચિત બનેલા નરસિંહ રાજા તપોવનમાં જઈ વિશ્વવિશ્વ તપશ્ચર્યા દ્વારા આત્માને નિર્મળ કરે છે.

અને આ તરફ નમી રહેલા સામંતરાજા મંત્રી આદિથી સેવાતા ચરણકમલવાળા પૂર્ણકળશ રાજા રાજ્યનું સંચાલન કરવા પૂર્વક રાજશ્રી રાણીની સાથે પંચવિધ વિષય સુખને ભોગવે છે. અનુક્રમે પુત્રનો જન્મ થયો, દેવસિંહ નામ સ્થાપ્યું.

એક દિવસ પૂર્ણકળશ રાજા સભામાં બેસીને વાર્તા વિનોદ કરતા હતા તે સમયે મલયકેતુ રાજાએ મોકલેલા પ્રધાન પુરુષો રાજસભામાં આવીને વિજ્ઞપ્તિ કરતાં કહ્યું કે—

હે પૃથ્વીનાથ! આપના પિતાજી શ્રી મલયકેતુ મહારાજાને કહ્યા વિના તમે નિકળીને ગયા પછી પુત્રના વિયોગથી ઘણા શોકને કરતા મલયકેતુ રાજા તથા વિલાસવતી પટ્ટરાણી આંખોમાંથી વહી રહેલા અશ્રુ જલથી વ્યાપ્ત છે કપોલ = ગાલ જેમના એવા આટલા સમય સુધી શોકાકુલ રહ્યા પણ હવે મલયકેતુ રાજાની તબિયત અસ્વસ્થ થઈ છે. વૃદ્ધાવસ્થા અને આપના વિયોગની ચિંતાથી શરીર દુર્બળ થયું છે.

પિતા શ્રી મલયકેતુ રાજાએ આપને બોલાવવાને માટે અમોને મોકલ્યા છે.

આવેલા પ્રધાન પુરુષોના મુખે સમાચાર સાંભળી ખેદયુક્ત પૂર્ણકળશ કુમાર યક્ષરાજે પ્રગુણિત કરેલા ગજરાજ ઉપર આરૂઢ થઈ મંત્રસાધક સાથે તત્કાલ પ્રતિષ્ઠાન પુરે આવ્યો. માત-પિતાના ચરણોમાં પ્રણામ કરી આશીર્વાદ મેળવ્યા.

મલયકેતુ રાજાએ મહોત્સવપૂર્વક પૂર્ણકલશ કુમારનો રાજ્યાભિષેક કરી રાજ્ય સિંહાસને બેસાડયો, અને સ્વયં મલયકેતુ રાજા પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રના સ્મરણ કરતાં કરતાં દિવંગત થયા.

પૂર્ણકલશ રાજા ચાર રાજ્યોના સ્વામી થયા અને પોતાના પ્રતાપની સહાયવાળા એવા મંત્રસાધક સેનાપતિને મોકલીને બીજા પણ ઘણા રાજ્યો સાધ્યા અને તે તે સ્થાને પરણેલી સ્ત્રીઓને પુત્ર સહિત તેડાવે છે અને બીજી પણ ઘણી રાજકન્યાઓના પાણિગ્રહણ કરે છે.

તે સર્વે રાણીઓની સાથે પંચવિધ વિષય સુખ ભોગવતાં ઘણા પુત્રો થયા.

દેવ-ગુરુ અને ધર્મની આરાધના કરવા પૂર્વક રાજ્યનું સંચાલન કરતા લાખો વર્ષો વ્યતીત થયા.

એક દિવસ અશ્વક્રીડા કરી નગરમાં પાછા આવતા રાજાએ માસક્ષપણના પારણે ગોચરીએ નિકળેલા મહામુનિવરને જોયા.

તે મુનિવર યુગ પ્રમાણ ભૂમિ ઉપર નજર કરતા જયણાપૂર્વક ઈર્યાસમિતિ પાળતા ચાલે છે. શરીરનો શણગાર કરેલો નથી. તીવ્ર તપશ્ચર્યાથી જેમના લોહી અને માંસ સુકાઈ ગયેલા છે. એવા મહર્ષિને જોઈ ભક્તિથી રોમાંચિત થયું છે શરીર જેમનું એવા પૂર્ણકલશ રાજા તુર્ત ઘોડા પરથી ઉતરી મુનિવરને વંદન કરી સુખ-શાતા પૂછે છે.

મુનિરાજે પણ "ધર્મલાભ" આશીર્વાદ આપીને રાજાને અભિનંદિત કર્યો.

મુનિદર્શન અને ધર્મલાભનું શ્રવણ થતાં જ પૂર્ણકળશ રાજાને ઉહાપોહ કરતાં પૂર્વભવ દેખાયો. જાતિસ્મરણજ્ઞાનના બળે જાણ્યું કે—મેં પણ પૂર્વ ભવે શ્રમણ અવસ્થામાં તીવ્ર તપશ્ચર્યા કરી હતી. તે સમયે મારું પણ શરીર આ મહામુનિવરની જેમ લોહી-માંસ વિનાનું થયેલું હતું. સમાધિપૂર્વક આયુઃપૂર્ણ તપોધર્મના પ્રભાવે દેવલોકમાં ઉત્પન્ન થયો.

દેવલોકમાં શાશ્વત જિનાલયોમાં સ્ફટિક પદ્મરાગ–નીલમણિ આદિ પંચવર્ણ રત્નમય શાશ્વતી જિનેન્દ્ર પ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા કરવા દ્વારા તથા જિનેશ્વરોના સમવસરણની રચના કરવા દ્વારા તથા ધર્મદેશના સાંભળીને તથા નંદીશ્વરાદિ દ્વીપોમાં બિરાજમાન શાશ્વતા જિનાલયોની યાત્રા તથા ચતુર્વિધ શ્રમણસંઘની વૈયાવચ્ચ-ભક્તિ સાથે દેવગતિ યોગ્ય વિધવિધ શાતાવેદનીયને અનાસક્તભાવે–ભોગસુખમાં લેપાયા વિના ભોગવતાં દેવગતિ યોગ્ય આયુષ્ય પૂર્ણ થયે, દેવલોકથી ચ્યવીનેહું અહીં રાજકુલમાં જન્મ પામી આટલી બહોળી રાજ્યઋદ્ધિનો સ્વામી થયો છું.

તો હવે જે તપશ્ચર્યાનો આટલો મહિમા છે તથા જેના પસાયે હું આટલી ઊંચી ભૂમિકાએ પહોંચ્યો છું તે તપ મારે પુનઃ આદરવો જોઈએ.

ઇત્યાદિ ચિંતવન કરી વિનયાવનત મસ્તકે અંજલિ જોડી પૂર્ણકળશ રાજા બોલ્યા—હે મુનિવર! આપના ગુરુજી ક્યાં છે?

મુનિવર બોલ્યા—હે મહાભાગ! અહીં જ નગર બહાર કુસુમસાર નામના ઉદ્યાનમાં ઘણા મુનિવરોથી પરિવરેલા બિરાજમાન છે.

પૂર્ણકલશ રાજા રાજમહેલમાં આવી. પ્રધાનમંત્રી આદિની સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરી મહોત્સવ પૂર્વક પૂર્ણકુંભ નામના પુત્રને રાજ્ય સોંપી જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રવર્ત્તાવ્યો. અમારી ઉદ્ઘોષણા કરાવી અને કેદખાનામાંથી કેદીઓને મુક્ત કર્યા દીન–અનાથ–દરિદ્રોને યથેચ્છ દાન આપી, મોટી વિભૂતિ સાથે કુસુમસાર ઉદ્યાનમાં આવી પ્રભાસસૂરિ પાસે દીક્ષા સ્વીકારી. તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. સ્વાયુઃક્ષયે સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કરી સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા.

અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમ પર્યંત નિરૂપમ સાતા વેદનીયને ભોગવતાં, પદ્રવ્યની ચિંતવના કરતાં, એક હાથની કાયા વાળા, અવધિજ્ઞાનથી કંચૂણ લોક-નાલિકાને અવલોકતા તે દેવ કાળક્ષેપ કરે છે.

આયુઃક્ષયે ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ઉત્તમ કુલમાં જન્મ પામી, મોક્ષમાર્ગ સ્વરૂપ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરી, ઘાતિકર્મ ખપાવી, કેવલજ્ઞાન પામી, ભવ્યજીવોને પ્રતિબોધ કરતા તે નિર્ભગજીવાત્મા ભવોપગ્રાહી અઘાતિ કર્મક્ષયે નિર્વાણ = મોક્ષપદ પામશે.

ઇતિ તપશ્ચરણે નિર્ભગ-કથા સમાપ્તા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં તપોધર્મના અદ્વિતીય
મહિમા ગર્ભિત નિર્ભગ કથા વર્ણન સ્વરૂપ
સોળમો પ્રસ્તાવ સમાપ્ત.

મહોપાધ્યાય શ્રી યશોવિજય વિરચિત—

ચતુર્દશ બોલ ગર્ભિત શ્રી સુમતિનાથ જિન સ્તવન

(સિદ્ધારથના રે નંદન ! વિનવું...એ દેશી.)

નયરી **અયોધ્યા**[૧] રે માતા **મંગલા**[૨], **મેઘ**[૩] પિતા જસ ધીર;
લંછન **ક્રૌંચ** કરે પદ સેવના **સોવન**[૫] વાન શરીર...મુજ મન....૧.
મુજ મન મોહ્યું રે **સુમતિ**[૬] જિનેશ્વરે, ન રુચે કો પર દેવ;
ખિણ ખિણ સમરું રે ગુણ પ્રભુજી તણા, એ મુજ લાગી રે ટેવ...મુજ મન....૨.
ત્રણસે[૭] ધનુ તનુ આયુ ધરે પ્રભુ, [૮]**પૂરવ લાખ ચ્યાલીશ;**
એક **સહસશું**[૯] દીક્ષા આદરી, વિચરે શ્રી જગદીશ...મુજ મન....૩.
સમેતશિખર[૧૦] ગિરિ શિવ પદવી લહી, [૧૧]**ત્રણ લાખ વીશ હજાર,**
મુનિવર **પણ લખ**[૧૨] પ્રભુની સંયતી **ત્રીશ સહસ** વળી સાર...મુજ મન...૪.
શાસનદેવી **મહાકાળી**[૧૩] બલી સેવે **તુંબરૂ**[૧૪] યક્ષ;
શ્રી નયવિજય બુધ સેવક ભણે, હોજો મુજ મન પક્ષ...મુજ મન...૫.

॥ શ્રી સુમતિનાથ-જિનેન્દ્રાય નમ: ॥



卐 પ્રસ્તાવ ૧૭ મો 卐

મુમુક્ષુ જીવોએ આરાધેલ દાન, શીયળ અને તપ:, ત્યારે જ નિર્વાણ = મોક્ષ ફળ સાધનારા બને, કે જ્યારે તેમાં પ્રાણ સ્વરૂપ ભાવધર્મ ભળે.

તેથી હે ભવ્યાત્માઓ! વૈરાગ્ય ભાવના સ્વરૂપ વિશુદ્ધ ભાવધર્મને નિરંતર સેવો, અર્થાત્ અનિત્યત્વાદિ દ્વાદશ શુભ ભાવના અખંડિત રીતે હૃદયમાં સ્થાપિત કરો.

જેમ રહસ્ય ગર્ભિત અર્થના અવબોધ વિના શાસ્ત્રોના અભ્યાસ નિરર્થક બને છે, અને સૌભાગ્ય વિના = સદાચાર વિના બાહ્ય આડંબર = ટાપ ટીપ = શોભા નિરર્થક છે તેમ વૈરાગ્યભાવનારૂપ ભાવધર્મ વિના દાન-શીલ અને તપોધર્મ નિરર્થક જ છે.

જેમ સદ્ભાવ વિનાની સ્ત્રી, સ્નેહ વિનાનું ભોજન ગમતું નથી, અર્થાત્ હોવા છતાં નહિંવત્ છે તેમ શુદ્ધ ભાવના વિનાનો ધર્મ નહિંવત્ છે. એમ વિબુધ = પ્રાજ્ઞ પુરુષો કહે છે.

ભાવ એટલે આત્માના અધ્યવસાયો-શુભ અધ્યવસાયો સુખના હેતુ બને છે અને અશુભ અધ્યવસાયો દુ:ખના હેતુ બને છે.

ભાવ = અધ્યવસાય = આત્માના પરિણામો.

ભાવના = વિચાર = મનનો વ્યાપાર.

શુભ અધ્યવસાયોથી થયેલા સારા વિચારો સુખના હેતુ બને છે. અશુભ અધ્યવસાયોથી થયેલા અશુભ વિચારો દુ:ખના હેતુ બને છે.

અધ્યવસાયોના ત્રણ પ્રકાર છે.

શુભ અશુભ અને શુદ્ધ.

વિચારોની ત્રણ ભૂમિકા

શુભ અશુભ અને નિર્વિકલ્પ.

અશુભ અધ્યવસાયોને દૂર કરવા માટે શુભ અધ્યવસાયોનું આલંબન લેવું.

અશુભ વિચારોને નિવારવા માટે શુભ વિચારો કરવા.

ક્ષપકશ્રેણિમાં શુભ અધ્યવસાયો ક્રમશઃ વિલય પામી શુદ્ધ અધ્યવસાયો પ્રગટે છે. અને તે ક્ષીણમોહ નામના બારમા ગુણઠાણે સંપૂર્ણતયા પ્રાપ્ત થાય.

તથા સાથો સાથ શુભ વિચારો પણ અનુક્રમે વિલય થઈને તેરમે ગુણઠાણે નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થાય છે.

અશુભ અધ્યવસાયોથી થયેલી અશુભ ભાવના આલોક અને પરલોકમાં દુઃખનું કારણ બને છે.

માટે સર્વ સુખના મૂલસ્વરૂપ શુભ ભાવના માટે સાવધાન થઈ યત્ન કરવો.

ભાવ ધર્મ વિષે ક્ષુલ્લક મુનિવરની કથા—

આ ભરત ક્ષેત્રમાં સર્વ સંપદાઓના આધાર સ્વરૂપ સાકેત (અયોધ્યા) નામનું નગર છે.

પુંડરીક નામના રાજા છે અને કંડરીક નામના યુવરાજ છે. યુવરાજને શશિકાંતા નામની સ્ત્રી છે અને યશોભદ્ર નામનો પુત્ર છે.

ભદ્ર હસ્તિની જેમ દાન આપવામાં તત્પર એવા તે યશોભદ્રે ઉજ્જવલ યશઃકીર્તિ મેળવેલી.

તે યશોભદ્રને ગજગામિની નયનરમણી એવી યશોભદ્રા નામની અર્ધાંગના છે.

તે યશોભદ્રાના રૂપ અને લાવણ્યને જોઈને લજ્જા પામતી દેવસુંદરીઓ પોતાનું મોઢું પણ બતાવતી નથી. અર્થાત્ રૂપ-લાવણ્યવાળી આ યશોભદ્રાની આગળ અમારું રૂપ-સૌભાગ્ય નહિવત્ છે. તેથી જ રૂપનો ગર્વ ઉતરી જવાથી જાણે કે લજ્જા પામતી ન હોય! એવી તે દેવાંગનાઓ મનુષ્ય લોકમાં આવતી નથી.

એક દિવસ પુંડરીક રાજાના દૃષ્ટિપથમાં યશોભદ્રાનું રૂપ-લાવણ્ય અચાનક આવ્યું.

સ્ત્રીનું રૂપ જોઈને કામદેવના બાણથી વીંધાયેલો, વિહ્વલ ચિત્તવાળો પુંડરીક રાજા વિચારે છે કે – નિશ્ચે આ સ્ત્રીના મુખ પંકજથી જીતાયેલો ચંદ્ર સમુદ્રમાં પ્રવેશ્યો છે.

અને આ સ્ત્રીના લોચનની લવણિમામાં લુબ્ધ મુખવાળા હરણો તાદૃશ રમણીય લોચન પ્રાપ્ત કરવા વનવાસવ્રતને સેવે છે.

તો જ્યારે આ સ્ત્રી સાથે વિષય સુખ સેવું ત્યારે જ મારું જીવન સફળ છે એમ હું માનું.

આવી રીતે અશુભ વિકલ્પોને પ્રગટ કરનારા અશુભ અધ્યવસાયોને વશ થયેલા પુંડરીક રાજા તદનંતર પ્રતિદિન પુષ્પ-વિલેપન તથા ઉત્તમ વસ્ત્ર અને અલંકારો દાસી દ્વારા મોકલાવે છે.

તે યશોભદ્રા પણ વડિલ = ગુરુજન એવા રાજાએ આ વસ્તુઓ મોકલાવી છે એમ જાણી સદ્‌ભાવથી ગ્રહણ કરે છે.

એકદા ઉભયલોકના અનર્થને વિચાર્યા વિના પુંડરીક રાજાએ દાસી દ્વારા કહેવડાવ્યું કે—"હે સુંદરી! મને સ્વીકારો".

યશોભદ્રાએ જવાબ આપ્યો કે—હે રાજન્! મારા પ્રાણનાથે આપનો સ્વીકાર કર્યો છે. આપની આજ્ઞા માને છે. તેવી જ રીતે મેં પણ આપનો પહેલેથી જ સ્વીકાર કરેલો છે. અને આપની આજ્ઞાથી જ અમે અહીં સુખે રહીએ છીએ.

રાજાએ કહ્યું—મને મનુષ્યરૂપે = પુરુષરૂપે સ્વીકારો.

યશોભદ્રા બોલી—અનેક લડાઈઓમાં પ્રગટ કર્યો છે મહા સાહસ જેઓએ એવા આપને પુરુષ રૂપે કોણ ન સ્વીકારે?

રાજાએ કહ્યું—મને પતિ રૂપે સ્વીકારો. યશોભદ્રા બોલી—જે તમે સકલ પૃથ્વીના સ્વામી છો તે આપ શ્રીમાન્ મારા પણ સ્વામી જ છો, કેમકે હું આપની પૃથ્વી પર નિવાસ કરું છું.

રાજાએ કહ્યું—હે કમલાક્ષી! તું મારી મશ્કરી = ઉપહાસ ન કર!!!

પણ કામાગ્નિની જ્વાલાઓથી દાઝી રહેલા મારા શરીરને અમૃત સમાન તારા પોતાના શરીરના સમાગમથી શાંત કર = તૃપ્ત કર!!! અર્થાત્ કામાગ્નિને બુઝાવી દે.

યશોભદ્રા ગંભીરતા પૂર્વક બોલી—હે દેવ! પ્રજાને આલંબન સ્વરૂપ એવા આપ શ્રીમાન્ જો મર્યાદાનું ઉલ્લંઘન કરશો તો નિશ્ચે સમુદ્ર પણ મર્યાદા મૂકીને વિશ્વનો પ્રલય કરશે.

હે નરનાથ! આપના ભયથી જ દુષ્ટ લોકો પોતાની દુષ્ટતાને દબાવી રાખે છે, અને મર્યાદા પ્રમાણે જ પ્રવર્તે છે.

જ્યારે આપ જ મર્યાદાને ચૂકો તો પછી દુષ્ટ લોકો તો તાંડવ જ કરે ને!!!

માટે હે રાજન્ ! કુલને કલંકિત કરનારા અને દુર્ગતિના હેતુભૂત એવા આવા અશુભ અધ્યવસાયોથી સર્યું !!!

વળી હે પૃથ્વીપતિ ! આપના ભાઈ જાણશે તો શું કહેશે ? લોકો શું વાતો કરશે ? ઇત્યાદિ વિચાર પણ આપને નથી આવ્યો શું ? આપના ભાઈની પણ આપને શરમ નથી ?

રાજાએ ઉપરોક્ત વચનો સાંભળી ચિંતવ્યું કે—નિશ્ચે આ મુગ્ધા સ્ત્રી કંડરીકની લજ્જાથી મારી વાત સ્વીકારતી નથી.

તુર્ત સેવકો દ્વારા કંડરીકનો વધ કરાવીને રાજા યશોભદ્રા પાસે આવીને કહે છે—હે મૃગાક્ષી ! તને જેની બીક હતી તેને મારી નાંખાવ્યો છે. તો બોલ, હવે તારે શું કહેવું છે ?

રાજાના વચન સાંભળી ખેદ પામેલી યશોભદ્રા ચિંતવે છે કે—ધિક્ ધિક્ !!! અનાર્ય એવા આ રાજાએ મારા માટે ગુણનિધિ એવા આર્યપુત્ર = કંડરીક યુવરાજનો વધ કરાવ્યો છે. તો હવે જ્યાં સુધીમાં આ દુષ્ટાત્મા મારા શીલનું ખંડન ન કરે ત્યાં સુધીમાં અન્યત્ર ચાલી જાઉં એમ નિર્ણય કરીને તુર્ત કોઈ ને પણ કહ્યા વિના યશોભદ્રા શ્રાવસ્તી નગરી તરફ જતા સાર્થની સાથે અનુક્રમે શ્રાવસ્તી નગરી પહોંચી.

તે શ્રાવસ્તી નગરીમાં તે સમયે—જીત્યા છે સર્વ અંતરંગ શત્રુઓને જેણે એવા અજિતસેન નામના આચાર્ય મહારાજ મુનિવરોથી પરિવરેલા ધર્મસ્થાન સ્વરૂપ ઉપાશ્રયમાં બિરાજમાન હતા અને મુક્તિપુર તરફ પ્રયાણ કર્યું છે જેમણે એવી કીર્ત્તિમતી નામની સાધ્વીજી મ. ઘણી શિષ્યાઓથી પરિવરેલી શ્રાવિકાઓની પૌષધશાળામાં બિરાજમાન હતા.

યશોભદ્રા અનુક્રમે ભવસમુદ્રમાં જહાજ તુલ્ય જિનેશ્વરના મંદિરમાં જિનેશ્વર પ્રભુના દર્શન કરી શ્રાવિકાઓની પૌષધશાળામાં આવી.

વિનયાવનત મસ્તકે અંજલી જોડી પ્રવર્ત્તિની શ્રી કીર્ત્તિમતી સાધ્વીજી મ. ને વંદન કર્યું.

પ્રવર્ત્તિનીએ પણ યશોભદ્રાને નિરખીને વિચાર્યું કે—નિશ્ચે આ કોઈ રાજપુત્રી હોય તેમ લાગે છે. પણ કોઈ આપત્તિના કારણે આવી અવસ્થાને પામેલી હશે-એમ ચિંતવીને પ્રવર્ત્તિની બોલ્યા—હે ભદ્રે ! હે વત્સે ! તમે કોણ છો ? કયાંથી આવ્યા છો ?

યશોભદ્રાએ પણ યથાવસ્થિત વાત કહી.

યશોભદ્રાની વાત સાંભળી પ્રવર્ત્તિની બોલ્યા—હે બહેન! તમને ધન્ય છે!!! કે જે તમોએ શીયલ પાળવામાં દૃઢતા રાખી. શીયલ માટે જ તમોએ રાજ્ય ઋદ્ધિનો તૃણની જેમ ત્યાગ કર્યો. તે અતિ પ્રશંસનીય છે. હવે તમે ચિંતા ન કરો!!!

પણ હવે પાપ રૂપ પર્વતને ભેદવામાં દંભોલિ=વજ્ર જેવા, પાપરૂપ દાવાનલને બુઝવનારા મેઘ જેવા, અને સ્વર્ગ સુખરૂપ વૃક્ષના મૂળ જેવા, તથા મુક્તિમંદિરમાં પ્રવેશવા માટે દ્વાર તુલ્ય એવા આ શીયલને સંપૂર્ણ રૂપે પાલન કરવા જો ઇચ્છા હોય તો શ્રમણત્વ સ્વીકારો.

અમૃતના ઉદ્ગાર તુલ્ય ગુરુણીના વચનામૃતો શ્રવણ પુટ દ્વારા પાન કરી થયો છે સંવેગ જેમને એવી યશોભદ્રાએ ગુરુણી પાસે શ્રમણત્વને વધતે શુભ પરિણામે સ્વીકાર્યું.

દીક્ષિત થયા પછી કેટલાક દિવસે ગર્ભવતી સ્ત્રીના લક્ષણોથી ઉપલક્ષિત યશોભદ્રાને જોઈ પ્રવર્ત્તિનીએ પૂછયું—હે ભદ્રે! આ શું?

સાધ્વી યશોભદ્રા બોલી—હે ગુરુદેવ! દીક્ષા પહેલાં જ મારા પતિના સંગમથી રહેલા આ ગર્ભના અત્યારે લક્ષણો પ્રગટ થયા છે.

મને આ વાતની દીક્ષા લેતી સમયે ખબર હતી. પણ પ્રવ્રજ્યામાં વિઘ્ન ન થાઓ! એ વિચારથી મેં આપને કહેલ નહિ. પણ હવે આપને જે ઉચિત લાગે તે આદેશ કરો!!!

ગુરુણીએ સમ્યગ્દર્શનગુણોપપન્ના દેવાધિદેવભક્તિપરાયણા ગુરુસેવાસુશ્રુષા કારિણી દૃઢધર્મિણી વિનયાદિ ગુણગણોપશોભિતા શ્રમણોપાસિકા એવી શ્રાવિકાને બોલાવીને સર્વ એકાંતમાં વાત જણાવી.

શ્રાવિકા પણ યશોભદ્રા સાધ્વીજી મ. ને પોતાના મંદિર લઈ ગઈ. કોઈ ન જાણે તેવી રીતે ઘરના એક ભાગમાં ઉતારો આપ્યો. અનુક્રમે પ્રસૂતિ થઈ, પુત્રનો જન્મ આપ્યો યશોભદ્રાએ.

યશોભદ્રા સાધ્વી અશુચિ નિવારણ થયા બાદ પુનઃ ઉપાશ્રયે આવ્યા. ગુરુણીએ આચાર્યમહારાજ પાસે આલોચના કરાવી પ્રાયશ્ચિત્ત અપાવ્યું. યશોભદ્રા સાધ્વી પણ વધતે પરિણામે પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરી આત્માને નિર્મલ કરી રત્નત્રયીની આરાધનામાં લીન બને છે.

શ્રાવકના ઘેર રહેલો બાળક અનુક્રમે જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે પૂ. આચાર્ય ભગવંતે યથાવિધિ દીક્ષા આપી ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા પ્રાપ્ત કરી અનુક્રમે તે બાલ=ક્ષુલ્લક સાધુ યૌવનવયઃ પામ્યા.

યૌવનવયારૂઢ તે ક્ષુલ્લક સાધુને એકદા કર્મના દોષે વિષયસુખાભિલાષા થઈ. અન્યત્ર પણ કહ્યું છે કે—

यौवने वर्त्तमानस्य विकलस्यापि देहिनः ।
विकारः स्फुरति प्रायो नाऽविकाराय यौवनम् ॥ १ ॥

યૌવન વયમાં વર્ત્તતા ખોડ-ખાંપણવાળા એવા વિકલાંગ શરીરવાળા જીવને પણ ઘણું કરીને વિકાર = વિષયસુખાભિલાષા થાય છે.

કેમકે યૌવન કાળ અસાવધાન જીવને વિકારને માટે જ થાય છે.

વિષયસુખાભિલાષી તે ક્ષુલ્લક સાધુ મનને ઘણું સમજાવે છે પણ વિષય વિકારો દૂર ન થયા પરિણામે વિચાર કર્યો કે—હવે હું દીક્ષા પાળી શકું તેમ નથી.

માટે હમણાં વિષય સુખ સેવું. પશ્ચાત્ પુનઃ પ્રવજ્યા = દીક્ષા લઈ આરાધના કરીશ.

ઉપરોક્ત વિચાર કરી તે ક્ષુલ્લક સાધુએ જનની એવી યશોભદ્રા સાધ્વીને પોતાના વિચારો જણાવે છે.

પુત્ર એવા ક્ષુલ્લક = બાલસાધુના વચનો સાંભળી યશોધરા સાધ્વીજી મ. બોલ્યા —" હે વત્સ ! એમ કરવું ઉચિત નથી.

જો આચાર્ય દેવ જાણશે તો કહેશે કે—આ કુલીન નથી.

પ્રવર્ત્તિની વાત સાંભળશે તો કહેશે કે—આ તો અવિનીત છે.

સ્વજન-કુટુંબીઓને ખબર પડશે ત્યારે તેઓ લજ્જા પામશે.

અને લોકો આ વાત સાંભળશે તો જિનશાસનની નિંદા કરશે.

વધારે શું કહું ?

પણ હે બાલમુનિરાજ !

આ સંસારના સુખો તો વાસ્તવમાં સુખ જ નથી. ઝેર મિશ્રિત લાડવા ખાવા તે જેમ દુઃખ જ છે તેમ સંસાર સુખો ભોગવવા તે પાપબંધના કારણ હોવાથી દુઃખ જ છે.

સંસારના થોડા કાળના વિષયસુખોને ભોગવનારો જીવ તીવ્ર પાપ કર્મો બાંધી ઘણા કાળ સુધી તિર્યંચ અને નરક ગતિમાં દુઃખ ભોગવતો રહે છે.

ચોરાશી લાખ જીવાયોનિ સ્વરૂપ સંસારમાં કર્માનુસારે પરિભ્રમણ કરતા જીવને મનુષ્ય જન્મ ઘણો જ દુર્લભ છે.

જે જીવો અતિ દુર્લભ એવા નરજન્મને પામીને વિષયસુખ ભોગવવામાં તલ્લીન થયેલા છે તે જીવો ચિંતામણીરત્નને કાચના ટુકડાના બદલામાં અર્પણ કરે છે.

અને જે જીવો નરજન્મ પામી વિનય અને વિવેક દ્વારા દેવ-ગુરુની ભક્તિ કરી, રત્નત્રયીની આરાધના કરે છે તે પુણ્યાત્માઓ મલ-મૂત્ર અને સાત ધાતુમય એવા વિનશ્વર-અસાર શરીર દ્વારા શાશ્વત સુખ સ્વરૂપ પરમપદ = મોક્ષસુખ મેળવે છે.

માટે હે મુનિવર ! હજી સાવધાન થાઓ યત્ન પૂર્વક અશુભ વિચારોને દૂર કરી ધર્મના વિચારો દ્વારા ચિત્તને પરિભાવિત કરો.

નરક ગતિ અપાવનારા વિષયસુખની અભિલાષા તજીને પંચમગતિ અપાવનારા જિનશાસનને હૃદયમાં ધરો.

માતા એવી યશોભદ્રા સાધ્વીજી મ. ના સ્નેહ-વાત્સલ્ય અને મમતા ભર્યા હિતકારી વચનો સાંભળી તે ક્ષુલ્લક સાધુ બોલ્યા—હે આર્યા ! હે માતઃ ! આપ જે કહો છો તે વાત હું પણ જાણું છું. પણ અત્યારે પાપી એવો હું પ્રવજ્યા પાળી શકીશ નહિં.

યશોભદ્રા સાધ્વી બોલી—હે વત્સ ! તોપણ મારા કહેવાથી બાર વર્ષ વ્રત પાળો.

યશોભદ્રા સાધ્વીના વચનથી તેથી ક્ષુલ્લક સાધુ બાર વર્ષ સુધી વ્રતની પાલના કરે છે.

બાર વર્ષ પૂર્ણ થયા ત્યારે પુનઃ માતા એવી યશોભદ્રા સાધ્વીજી મ. ને કહે છે કે આપના વચન અનુસાર બાર વર્ષ પૂર્ણ થયા છે. હવે હું સંસારમાં જાઉં છું.

યશોધરા સાધ્વીએ વિચાર્યું કે હવે મારા હાથની વાત નથી રહી. માટે કંઈક ઉપાય-યુક્તિ કરું.

વિચાર કરીને કહ્યું કે—હે મુનિરાજ ! મારા ગુરુણી એવા પ્રવર્ત્તિનીને પૂછો.

ક્ષુલ્લક સાધુ પ્રવર્ત્તિનીને પોતાની વાત કહે છે. ક્ષુલ્લક સાધુની વાત સાંભળીને પ્રવર્ત્તિની બોલ્યા—હે ભદ્ર ! ત્રણે જગતને વિડંબિત કરનારો કામ રૂપ ભજંગ ગુરુકુલ-વાસ રૂપ કરંડીયામાં પૂરાયેલો રહે તો જ જીવ મોક્ષમાર્ગના સાધન સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના કરી શકે છે. માટે ગુરુકુલવાસનો ત્યાગ કરી સંસારમાં જવું તે તમારા માટે ઉચિત નથી.

વળી સંધ્યાકાળના વિવિધ રંગી વાદળ જેવી, નરકના અંધારા કૂવામાં પાડનારી,

નિર્મલ વિવેક રૂપ સૂર્ય અને ચંદ્રના તેજઃ = પ્રકાશને ઢાંકનારા મેઘ જેવી અવિશ્વસનીય એવી સ્ત્રી ઉપર રાગ = સ્નેહ કોણ કરે? અર્થાત્ કોઈ પણ પ્રાજ્ઞ પુરુષ ન જ કરે.

ક્ષુલ્લક સાધુ બોલ્યા—હે પ્રવર્ત્તિની! આપ સાચું જ કહો છો તો પણ અત્યારે વ્રત પાળી નહિ શકું

પ્રવર્ત્તિની બોલ્યા—હે ભદ્ર! તો પણ મારા વચનને માન આપીને પુનઃ બાર વર્ષ સુધી પ્રવ્રજ્યાના પંથે વિચરો!!!

કુલીનત્વાત્ ક્ષુલ્લક સાધુ દાક્ષિણ્યતા વશ પ્રવર્ત્તિનીના વચનને સ્વીકારી બાર વર્ષ સુધી દીક્ષામય જીવન જીવે છે.

પુનઃ દ્વાદશવર્ષાન્તે પ્રવર્ત્તિની પાસે આવીને કહે છે કે—આપના વચનાનુસારે બાર વર્ષ પૂર્ણ થયા છે હવે ઘેર જાઉં છું.

પ્રવર્ત્તિનીએ ચિંતવ્યું કે—હવે મારે વિશેષ કહેવું અનુચિત છે તો પણ મારે યોગ્ય ઉપાય કરવો જોઈએ, એમ વિચારીને કહ્યું હે મુનિપુંગવ! ઉપાધ્યાય ભગવંત પાસે જાઓ.

ઉત્તમકુલમાં જન્મેલા ઉત્તમ જીવો કુલીન હોવાના કારણે ગમે તેવા વિકટ પ્રસંગોમાં પણ વડિલજનોના વચનોની અવગણના કરતા નથી.

ગુરુણીના વચનને સ્વીકારી ક્ષુલ્લક મુનિવર ઉપાધ્યાય પાસે ગયા. વંદન કરી પોતાના વિચારો વ્યક્ત કર્યા.

ઉપાધ્યાય ભગવંતે અનુગ્રહ બુદ્ધિથી કહ્યું—હે મુનિવર! જ્યાં સુધી ઈંદ્રિયો પોત-પોતાના કાર્યમાં પ્રવર્તે છે, શરીર રોગોથી ઘેરાયું નથી, વૃદ્ધાવસ્થા આવી નથી, અને મરણનું તેડું આવ્યું નથી ત્યાં સુધીમાં જિનધર્મને આત્મસાત્ કરી લેવો જોઈએ.

નહિ તો આગ લાગે ત્યારે કુવો ખોદનારો પસ્તાય તેમ મરણ કાળે પસ્તાવાનો પાર નહિ રહે.

માટે હે ભાઈ! સાવદ્ય સ્વરૂપ એવા સંસારની ઇચ્છા જ ન કરો. અને પૂર્વના પુણ્યોદયથી પ્રાપ્ત નિરોગી શરીર દ્વારા તપઃ સંયમની સમ્યગ્ આરાધના કરી આત્મસુખ સિદ્ધ કરો.

ક્ષુલ્લક મુનિ બોલ્યા—હે પાઠકપ્રવર! આપની વાત સ્વીકારું છું પણ તીવ્ર ચારિત્રમોહનીય કર્મના ઉદયને આધીન એવો હું હમણાં વિરતિ પળી શકું એવી મારી સ્થિતિ નથી.

ઉપાધ્યાય મહારાજશ્રીએ કહ્યું કે—હે પુણ્યવાન્! તો પણ મારા કહેવાથી હજી પણ બાર વર્ષ પર્યંત સર્વવિરતિની સાધના કરો.

વડિલોના વચનની ઉલ્લંઘનાથી જીવ મહા અનર્થ પામે છે. એ સુક્ત ને સ્મરણ પથમાં લાવી, ઉપાધ્યાયના અમોઘ વચનને આદર આપી પુનઃ ૧૨ વર્ષ સર્વવિરતિની આરાધના કરે છે.

દ્વાદશવર્ષાન્તે પુનઃ ઉપાધ્યાયજી પાસે આવીને કહે છે કે—હવે હું સંસારનો પથિક બનું છું.

કર્મોની વિચિત્રતાને ચિંતવતા ઉપાધ્યાયજીએ વિચાર્યું કે—આ પુણ્યાત્મા સમજતો હોવા છતાં ચારિત્રમોહનીયના ઉદયથી વિષયાભિલાષી થયો છે તો પણ શકય પ્રયત્ને નિવારવો જોઈએ—ઇત્યાદિ વિચારીને કહે છે કે—હે પુણ્યાત્મન્! પૂજ્ય આચાર્ય ભગવંત પાસે જાઓ!!!

વિનયો એવા તે ક્ષુલ્લક મુનિરાજ તત્કાલ આચાર્યદેવ પાસે જઈ. વંદન કરી પોતાની વિગત કહી સંભળાવી.

જિનશાસનની સમ્યગ્ આરાધનાના બળે પંચાચારને સ્વયં પાળતા અને અનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપી મુમુક્ષુઓને પંચાચાર પળાવતા, સ્વ-પરસમયના જ્ઞાતા, સર્વ જીવોના કલ્યાણને ઇચ્છતા એવા પૂજ્ય આચાર્યદેવ સાકર અને દ્રાક્ષથી પણ મધુર લાગે તેવી મિત તથ્ય અને પથ્ય એવી હિતકારી વાણી દ્વારા કહે છે કે—હે પુણ્યાત્મન્!

સર્વ સુખ સંપદાઓના અદ્વિતીય કારણ એવા ચારિત્રને જલાંજલિ આપી, સર્વ દુઃખોના હેતુભૂત એવા વિષય સુખને જે તમો ઇચ્છો છો તે તમારા જેવા મહાપુરુષોને ઉચિત નથી જ.

વિષયોપભોગને અજ્ઞાની જીવો ભલે સુખનું સાધન માને પણ મહર્ષિઓ તો એમ કહે છે કે—વિષયોપભોગ એ ગરલ ઝેર જેવું છે.

તત્કાલ મધુર લાગતા કિંપાક નામના ફળો જેમ પરિણામે અનર્થકારી બને છે, તેવી જ રીતે વિષયોપભોગ કાળે ઇંદ્રિય અને મનને ગમતા એવા સંસારના સુખો, પરિણામે તીવ્ર પાપકર્મના હેતુ બનીને, દુર્ગતિના અવર્ણનીય દુઃખો આપે છે. દુરંત સંસારચક્રમાં દીર્ઘકાળ પર્યંત રખડાવે છે.

માટે હે ભાઈ! તું અહીં ગુરુકુલવાસમાં જ રહે! તને કોઈ તકલીફ નહિ પડે!

અહીં તું સિદ્ધાંત=આગમ ભણ! સૂત્રાર્થ સાંભળ! ચિંતવન-મનન કરીને

ઇંદ્રિય રૂપ ચપલ તુરંગોને વશ કર ! અને સિદ્ધાંતના વચનરૂપ અંકુશથી મનરૂપ મદોન્મત્ત ગજરાજને વશ કરી, ચારિત્રરૂપ અંબાડીમાં બિરાજમાન થઈ લોકાલોકના ભાવોને શાસ્ત્ર ચક્ષુએ નિહાળી આત્મસુખની રમણતાથી પ્રસન્ન થા.

હે વત્સ ! માતા-પિતા-ભાઈ-બહેન-સ્ત્રી-પુત્ર-પરિવાર તથા હાથી-ઘોડા-રથ-સૈન્ય અને રાજ્ય ઇત્યાદિ વસ્તુઓ મરણ સમયે આપણી રક્ષા કરી શકતા નથી. અને ભવાંતરમાં આપણી સાથે આવતા પણ નથી માટે સાથે આવનારો એક જિનશાસનની મર્યાદામાં રહીને આરાધેલો જે ધર્મ, તે ધર્મને સાવધાન થઈને આરાધ.

હે ભદ્ર ! જીવન પાણીના પરપોટા જેવું છે. યૌવન નદીના પૂર જેવું છે. શરીર મેઘધનુષ જેવું છે. ધન માયાજાલ જેવું છે. વિષયસુખ સ્વપ્ન જેવા છે માટે ક્ષણભંગુર એવા આ પદાર્થોને મેળવવાના કારણે અવિનાશી એવા ચારિત્રનો ત્યાગ ન કર.

હે જીવ ! તું એકલો જ ભવાંતરમાંથી અહીં આવેલો છે. પૂર્વોપાર્જિત કર્માનુસારે હમણાં સુખ-દુઃખ અનુભવે છે. અને હમણા બંધાતા કર્મોને અનુસારે ભવાંતરમાં તું એકલો જ જવાનો છે. માટે તારા આત્માનું હિત તારે પોતાને જ કરવાનું છે. માટે ચારિત્રની આરાધનામાં સ્થિર થઈ આત્મહિત સાધી લે.

હે મહાનુભાવ ! પરવશપણે આ જીવે નરક અને તિર્યંચ ગતિમાં ઘણા દુઃખો સહ્યા છે. પણ હવે જો મનુષ્ય જન્મમાં ચારિત્ર લીધા પછી આવી પડનારા ઉપસર્ગ અને પરીસહોને જેઓ સમતા ભાવે હસતે મુખે સહે છે તે જીવો તુર્ત નિર્વાણ પદ પામે છે.

હે મહાભાગ ! મિથ્યાત્વ અવિરતિ-કષાય અને યોગના કારણે જ જીવો વિધ-વિધ કર્મો બાંધી, દુર્ગતિમાં જઈ અવર્ણનીય કર્મવિપાક = ફળ ભોગવે છે માટે પૂર્વ પુણ્યોદયે મનુજત્વાદિ શુભ સામગ્રી પામ્યા પછી તું પ્રમાદ ન કર, અને સાવધાન થઈ જિનેશ્વર પરમાત્માની (સ્મરણ-દર્શન-ચૈત્યવંદન આદિ દ્વારા) ભાવપૂજા કરી મિથ્યાત્વને દૂર કર. તથા સદ્‌ગુરુની વિનય-વૈયાવચ્ચ સ્વરૂપ ભક્તિ કરીને અવિરતિને આત્મઘરમાંથી સંપૂર્ણતયા વિદાય દે. અને પાંચ મહાવ્રતની સમ્યગ્ આરાધનાના બળે કષાયોને જલાંજલિ આપો તથા પ૭ પ્રકારના સંવરના માર્ગ સ્વરૂપ મન-વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ દ્વારા આસ્રવ સ્વરૂપ અશુભ પ્રવૃત્તિને નિરાશ કરો.

હે ક્ષમાશ્રમણ ! તમે તો સમજુ છો, સાધુજનોના પરિચયથી તમે હિત-અહિતને સારી રીતે જાણી શકો છો. તેથી વધારે તો શું કહું પણ હે પુણ્યાત્મન્ ! તમારે અહીં રહીને જ ચારિત્રની આરાધના કરવી એ તમારા આત્મા માટે હિતાવહ છે.

નિષ્કારણ કરુણાલુ એવા શ્રી આચાર્યદેવના હૃદયંગમ વચનો સાંભળી કંઈક કોમળ થયેલ હૃદયવાળો લજ્જા પામતો. હાથ જોડીને તે ક્ષુલ્લકમુનિ બોલ્યો હે કૃપાળુ! આચાર્યદેવ! આપના વચનો સ્વીકારવા મારો આત્મા તૈયાર છે પણ મન માનતું નથી. તેથી વર્તમાનકાળે ચારિત્ર પાળી શકું તેમ નથી.

પૂજ્ય આચાર્યદેવ બોલ્યા—હે મહાભાગ! તો પણ મારા વચનને સ્વીકારીને બાર વર્ષ સુધી ચારિત્રની આરાધના કરો.

વડિલોના વચનને ઉત્થાપવા ન જોઈએ એ સુક્તાનુસારે દાક્ષિણ્યતાવાળા તે ક્ષુલ્લક મુનિરાજ પુનઃ ચારિત્રમાં સ્થિર થયા.

અથ દ્વાદશવર્ષાન્તે પુનઃ આચાર્યદેવ સમીપે આવી ઘેર જવાની રાજા માગે છે.

પુનઃ આચાર્યદેવ વિવિધ યુક્તિ દ્વારા સમજાવે છે પણ બધા જ પ્રયત્નો જ્યારે નિષ્ફળ નિવડયા ત્યારે—

યશોભદ્રા સાધ્વીએ વિચાર્યું કે—આ જીવાત્મા કર્મની અતિ ગૌરવતાના કારણે ૧૨+૧૨+૧૨+૧૨=૪૮ વર્ષ સુધી ઉપાયો દ્વારા ચારિત્રમાં રહેવા છતાં વિષયતૃષાથી નિવર્ત્યા નહીં. તો હવે સંસારમાં પ્રવેશ કર્યા પછી કર્મકરની જેમ ક્લેશ ન પામો. એ આશયથી દીક્ષિત થયા પૂર્વે સાથે લાવેલી સુવર્ણ મુદ્રિકા અને કંબલ રત્ન જે એકત્ર ગ્રહસ્થને ત્યાં મૂકી રાખેલા હતા. તે મંગાવીને ક્ષુલ્લક મુનિને આપતાં કહે છે કે—હે વત્સ! આ મણિ મંડિત સુવર્ણમુદ્રિકા અને રત્નકંબલ ગ્રહણ કરો અને સાકેત (અયોધ્યા) નગરમાં પુંડરીક રાજા પાસે જજો.

ક્ષુલ્લક મુનિએ પણ "તહત્તિ" કહીને જનની એવી યશોધરા સાધ્વીના વચન સ્વીકાર્યા, અને અનુક્રમે સાકેત નગરે પહોંચ્યો, તે સંધ્યાનો સમય હતો તેથી વિચાર્યું કે—"પ્રભાતે રાજાના દર્શન કરીશ" એમ ચિંતવીને રાજાની યાનશાળામાં રહે છે.

ઈતશ્ચ—રાત્રિના પ્રથમ પ્રહરે રાજસભામાં પ્રેક્ષણક=નાટક શરૂ થયેલ. બધા જ રાજા-પ્રધાન-મંત્રી વિગેરે ઉચિત સ્થાને બેઠા હતા. નાટકનો પ્રારંભ થયો. પૂર્વરંગમાં એક નટી નૃત્ય કરે છે, વાજિંત્રો વાગે છે, કિન્નર ગીત ગવાય છે.

યાનશાલામાં રહેલા ક્ષુલ્લક મુનિ કુતૂહલથી નાટક જોવા આવે છે અને ઉચિત સ્થાને બેઠા.

આખી રાત્રિ નૃત્ય કરતી તે નટીએ રાજા-પ્રધાન-મંત્રી આદિ સર્વ લોકોને પ્રસન્ન કર્યા. બધા "ખૂબ જ સરસ ખૂબ જ સરસ" એમ સાધુવાદ કરે છે.

અનુક્રમે નૃત્ય કરતાં થાકેલી તે નટી પ્રભાત સમયે નૃત્યમાં સ્ખલના પામે છે ત્યારે તે નટીની માતાએ કહ્યું—"હે વત્સે! સુંદર નૃત્ય દ્વારા પ્રેક્ષકોને પ્રસન્ન કર્યા છે અને યશોવાદ પણ મેળવ્યો તો હવે થોડી વાર માટે શા માટે સ્ખલના પામે છે.

જો સાવધાન નહિ થા તો લોકો નારાજ થશે અને નિંદા પણ કરશે. અપયશ: પ્રવર્ત્તશે માટે હવે થોડી વારમાં રાત્રિ પૂર્ણ થશે. તેથી બરાબર નૃત્ય કરી પ્રેક્ષકોનું મનોરંજન કર."

सुट्ठु गाइयं सुट्ठु वाइयं सुट्ठु णच्चियं सुरसुंदरि।
समणुपालिय दीहराई आऊ सुविणं मा पमायए इमं ॥ १ ॥

માતાના ઉપરોક્ત શ્લોક સ્વરૂપ વચન સાંભળીને સાવધાન થયેલી નટી પુન: સાવધાન થઈ સારી રીતે વ્યવસ્થિત નૃત્ય કરે છે.

ઉપરોક્ત શ્લોક સાંભળીને ખુશ થયેલા ક્ષુલ્લક મુનિએ લક્ષ સુવર્ણના મૂલ્યવાળા રત્નકંબલનું દાન નટીને સમર્પિત કર્યું.

તથા યશોભદ્ર નામના રાજકુમારે મણિ-રત્ન જડેલા સુવર્ણમય કુંડલ યુગલ અર્પણ કર્યા.

તથા શ્રીકાંતા નામની શ્રેષ્ઠીની પત્નીએ લક્ષમૂલ્યવાળો હાર આર્પણ કર્યો. તથા જયસંધિ નામના મંત્રીએ કટક યુગલ = સોનાના કડાનું જોડલું આપ્યું. તથા હસ્તિપાલકે સુવર્ણમય અંકુશનું દાન આપ્યું.

ઉપરોક્ત પાંચે જણાએ લાખ-લાખ મૂલ્યવાળી તે તે વસ્તુઓનું દાન આપ્યું —એમ જાણીને રાજાએ વિચાર્યું કે—આ આટલું બધું દાન અનુચિત છે.

જ્યારે નૃત્ય પૂર્ણ થયું. ત્યારે રાજાએ પાંચે જણાને અનુક્રમે પૂછયું કે—તમે દાન શા માટે આપ્યું?

ક્ષુલ્લક મુનિવરે પૂર્વે બનેલી બધી જ હકીકત સવિસ્તાર કહીને કહ્યું કે—તે યશોભદ્રા સાધ્વીજી (જનની) એ વિષયાભિલાષી એવા મને સુવર્ણ મુદ્રિકા અને રત્નકંબલ આપીને આપની પાસે મોકલેલ.

અહીં હું સાંજે આવેલ, સવારે આપને મળીશ એમ વિચારીને યાનશાળામાં રહ્યો. રાજસભામાં થતા નૃત્યને જાણીને કુતૂહલથી અહીં આવ્યો, નૃત્ય જોઈ હર્ષિત થયો, છેલ્લી રાત્રીએ નૃત્ય કરતાં થાકેલી નટી જ્યારે સ્ખલના પામતી હતી ત્યારે તેની માતાએ જે શ્લોક કહીને નટીને પુનઃ નૃત્યમાં સાવધાન કરી.

તેવી જ રીતે હે રાજન્ ! હું પણ અશુભ કાર્મોના ઉદયે ચારિત્રમાં અરુચિ થવાથી ખિન્ન થયેલો, અને તેથી જ આપની સમીપે આવવાની ઇચ્છાવાળા એવા મને જે શ્લોકના મર્મને વિચારતાં પુનઃ ચારિત્રના પરિણામ થયા, તેથી વિરક્ત ચિત્તવાળા એવા મેં અનર્થના હેતુભૂત અર્થરૂપ રત્નકંબલનું દાન આપ્યું.

આવેલા તે ક્ષુલ્લક સાધુને ઓળખીને, થયો છે અકાર્ય આચરવાના આશયથી થયેલા પાપોનો પશ્ચાત્તાપ જેમને એવા પુંડરીક રાજા ક્ષુલ્લક મુનિવરને કહે છે કે—હે વત્સ! તમે રાજ્યને ગ્રહણ કરો, રાજ્યકન્યાઓ પરણો અને પંચવિધ વિષય સુખને યથેચ્છ રીતે ભોગવો અને છેલ્લી વયમાં પ્રવ્રજ્યા પાળજો.

ક્ષુલ્લક મુનિવર બોલ્યા—સ્વર્ગાપવર્ગ સુખને આપનારા ચિંતામણિ રત્ન તુલ્ય શીયલને ધારણ કર્યા પછી હવે વિષય સુખને માટે તેને કોણ તજે? માટે મારે રાજ્યથી સર્યું. તું તો પુનઃ ગુરુ પાસે જઈ પ્રાયશ્ચિત્ત કરી શ્રમણારાધનામાં લીન બનીશ.

તતઃ પશ્ચાત્ રાજાએ યશોભદ્ર રાજકુમારને લક્ષ મૂલ્યવાળા કુંડલ યુગલના દાનનું કારણ પૂછ્યું—ત્યારે રાજકુમારે કહ્યું—હે પૃથ્વીનાથ! મેં છેલ્લા કેટલાક દિવસોથી વિચારેલું કે—રાજા વૃદ્ધ થવા થતા પણ રાજ્ય સિંહાસનને તજતા નથી તો હવે કોઈ ન જાણે તેવી રીતે આજ-કાલમાં રાજાને મારી નાખીને રાજ્યનો અધિપતિ બનું.

પણ નટીની માતાએ કહેલા શ્લોકના પરમાર્થને જાણીને થયું કે—ઉતાવળ કરવી યોગ્ય નથી. રાજા વૃદ્ધ થયા જ છે એટલે થોડા વખતમાં રાજ્ય તો મળવાનું જ છે માટે જેમ આટલા વર્ષો ધીરજ રાખી તો હવે એક-બે વર્ષ વધારે ધીરજ રાખું.

રાજાએ કહ્યું—હે યુવરાજ! તમને આજે જ રાજ્ય સોંપું છું, લ્યો પધારો રાજ્ય સિંહાસને, હું સ્વયં જ તમારો રાજ્યાભિષેક કરું.

યુવરાજ બોલ્યા—હે રાજન્! ના હવે મારે હમણાં રાજ્ય નથી જોઈતું.

મંત્રીને બોલાવીને રાજાએ પૂછ્યું ત્યારે મંત્રીએ કહ્યું કે—મેં એવો વિચાર કરેલ કે—બીજા રાજા સાથે મળી જઈને, તમારો વધ કરી રાજ્યનો માલિક બનું. પણ ઉપરોક્ત શ્લોકના રહસ્યને જાણીને એ પાપમય વિચારોને જલાંજલિ આપી છે.

ત્યાર પછી હસ્તીપાલકને પૂછતાં તે બોલ્યો કે—હે રાજન્! સીમાડાના રાજાએ મને લાલચ આપીને કહ્યું કે—તારા રાજાનો પદ્મહસ્તિ મને લાવી આપ અથવા રાજાને મારી નાખ.

પણ હે રાજન્ ! શ્લોકના ભાવાર્થને વિચારતાં પશ્ચાત્તાપ થાય છે. તે આ પ્રમાણે— થોડા જીવનને કાજે મારે શા માટે રાજદ્રોહ કરવો જોઈએ. ધન તો થોડા વખતમાં નાશ પામશે પણ રાજદ્રોહનું પાપ અનેક જન્મ સુધી ભોગવવું પડશે માટે હે રાજન્ ! મારા તે અપરાધને ક્ષમા કરો.

ઉપરોક્ત વૃત્તાંત જાણીને બધા જ લોકો સંસારના સ્વરૂપને વિચારવા લાગ્યા. તે સમયે અવસરોચિત ક્ષુલ્લક મુનિવરે ધર્મદેશના આપી.

પ્રતિબોધ પામેલા યશોભદ્ર રાજકુમાર, મંત્રી અને હસ્તિપાલકને થયો છે ચારિત્રનો પરિણામ એવા તેઓ ક્ષુલ્લક મુનિની સાથે આચાર્યદેવ પાસે જાય છે.

આચાર્યદેવને પ્રણામ કરી તે ક્ષુલ્લક મુનિવરે સર્વ વૃત્તાંત કહ્યો, આચાર્યદેવશ્રીએ પણ ચારિત્રના પરિણામવાળા એવા તે ચારે ને પુનઃ ચારિત્ર માર્ગમાં યથાવિધિ સ્થાપ્યા—

ઉલ્લસિત થતા વૈરાગ્યવાળા એવા તે ચારે જણા અકલંક રીતે ચારિત્ર પાળી, સમાધિ પૂર્વક નશ્વર દેહને તજીને દેવલોકમાં ઉત્પન્ન થયા. અને અનુક્રમે નિર્વાણ– મોક્ષ પદ પામશે.

ક્ષુલ્લક આદિ ચારે જણાને પહેલા અશુભ ભાવના હતી અને શ્લોકનું નિમિત્ત મળતાં પુનઃ વૈરાગ્યવાસિત થયા.

જો તેઓ અશુભ ભાવનાથી વાસિત થઈને અશુભ, કાર્યમાં પ્રવર્ત્યા હોત તો દુર્ગતિમાં જાત. પણ

શુભ ભાવના ઉત્પન્ન કરનાર નિમિત્તને પામીને તે ચારે મનુષ્યો શુભ કાર્યમાં પ્રવર્ત્તમાન થઈ, શુભ અધ્યવસાયથી આત્માને નિર્મળ કરનારા થયા. તેમ

હે ભવ્ય જીવો ! શુભ ભાવના દ્વારા શુભ કાર્ય કરી, આત્માને ઉત્તરોત્તર નિર્મલ કરી પરમપદને પ્રાપ્ત કરો.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં ભાવનાના સ્વરૂપને
વ્યક્ત કરનારી ક્ષુલ્લક મુનિવરની કથાના
વર્ણન સ્વરૂપ સત્તરમો પ્રસ્તાવ સમાપ્ત.

॥ मेघ भूप कुलाम्बरदिनमणि श्री सुमतिनाथ जिनेश्वराय नमो नमः ॥

प्रस्ताव–१८ मो

प्राणातिपातविरमण स्वरूप तथा फळ—

तीक्ष्ण दुःखरूप फल आपनारा पापरूप विषवृक्षना बीज स्वरूप हिंसाथी जे जीवो विराम पामता नथी, तेओना दान-शीयल-तप अने शुभभावना आकाश कुसुमनी जेम नहिंवत् जाणवा.

जीवोना वधने करनारानुं तीव्र तपः तथा निर्मळ ज्ञान अने दुष्कर चारित्र क्षेतरने खांडवानी जेम विफळ = निष्फळ ज जाणवा.

परंतु जे पुण्यात्मा प्राणीओना वधनी निवृत्ति करे छे अर्थात् प्राणातिपातविरमण करे छे ते व्यसन = संकटोने ओळंगीने देवप्रसादनी जेम नरसुख-देवसुख पामीने अनुक्रमे शिवसुख पामे छे.

देवप्रसादनी कथा—

जंबूद्वीपना भरतक्षेत्रमां पांचाल नामना देशमां शत्रुओथी अकंपित एवुं कांपिल्यपुर नामनुं श्रेष्ठ नगर छे.

ते नगरना घरोनी मणिमय दिवाल = भींतमां प्रतिबिंबित थयेला पोताना प्रतिबिंबने जोई ने युवतिओ आ कोई अन्य युवतिने स्वामी लाव्या छे एम समजीने पति उपर कोप करे छे.

अर्थात् ते नगरीमां लोको धन-धान्यथी समृद्ध हता अने रमणीय हवेलीओमां निवास करता हता.

ते नगरमां न्याय = नीतिने अनुसारे राज्यनुं अनुशासन करनारा, राज्य लक्ष्मीने परोपकारमां वापरनारा, कामदेवथी पण मनोहर रूपवाळा जयवर्म नामना राजा हता.

જે રાજાએ ખડ્ગ દ્વારા રણભૂમિમાં હાથીઓના ગંડસ્થલનો ભેદ કરી મોતીઓ ચોતરફ વેરેલા છે. અને તેથી જ તે રણભૂમિ નક્ષત્રથી સંકીર્ણ આકાશ તુલ્ય શોભે છે.

અર્થાત્ આકાશમાં જેમ નક્ષત્ર = તારાઓ ચમકે છે તેમ રણભૂમિમાં હાથીઓના ગંડસ્થળમાંથી નીકળેલા મોતીઓ ચમકે છે.

તે રાજાને રૂપ લાવણ્ય અને સૌભાગ્યથી રતિ અને લક્ષ્મીને જીતનારી જયાવલી નામની પટ્ટરાણી છે. રાણી સાથે પંચવિધ વિષય સુખને ભોગવતા રાજાનો સમય સુખમય પસાર થાય છે.

અન્યદા સુખ શય્યામાં સૂતેલી રાણીએ કોઈક દુષ્ટે રાજાનું મસ્તક છેદ્યું અને રાજાનો ચમકતા મણિ-રત્ન જડેલ મુકુટ પોતાના ખોળામાં પડયો એવો સ્વપ્ન જોઈને ગભરાયેલી, ભયવિહ્વલ બનેલી રાણી સહસા જાગીને રાજા પાસે જઈને થથરાતી જીભે સ્વપ્નની વાત કહે છે. અને બોલી કે—આનો શું પરિણામ આવશે? એમ શોક સહિત રડવા લાગી.

રાજાએ આશ્વાસન આપીને પૂછયું કે તું સાવધાન થઈને સર્વ હકીકત સવિસ્તાર કહે.

રાણીએ પણ સ્વસ્થ થઈ યથાવસ્થિત સ્વપ્નનું સ્વરૂપ કહ્યું—

રાજાએ કહ્યું કે—આમાં શોક કરવાનું કોઈ જ કારણ નથી પણ હે પ્રિયે! આ સ્વપ્નના ફળ રૂપે મુકુટને ધારનાર પુત્રરત્નની આપણને પ્રાપ્તિ થશે.

અને સાથોસાથ આ સ્વપ્નથી એમ પણ જણાય છે કે—થોડા કાળમાં મારૂં મરણ થશે. તેથી આપણે હવે ધર્મારાધનમાં પુરુષાર્થ કરવો જોઈએ.

અમે કરતાં કેટલોક કાળ પસાર થયો. જયાવલી પટ્ટરાણી એકદા આપન્ન-સત્ત્વા = ગર્ભાવતી થઈ.

હવે આ બાજુ શૂરસેન નામનો રાજા સૈન્ય લઈને આવ્યો અને નગરને ચોતરફ ઘેરીને રહ્યો. અને જીતવા માટે પ્રયત્ન કરે છે.

તે સમયે જયવર્મ રાજાએ પોતાનું બળ = સૈન્ય અલ્પ છે એમ જાણીને વિચાર્યું કે—નિશ્ચે લડાઈમાં હારી જઈશું અને કદાચ પંચત્વ પણ પામું.

તેથી પટ્ટરાણી જયાવલીની રક્ષા કાજે રાજમહેલના અંદરના ભાગેથી સુરંગ ખોદાવરાવીને રાજાએ પટ્ટરાણીને કહ્યું કે—હે દેવી! આ શત્રુ પ્રબળ છે. કાર્યની ગતિ વિષમ હોય છે. તેથી નથી સમજાતું કે—કોણ હારશે ને કોણ જીતશે.

તેથી હે ભદ્રે ! હે પ્રિયે ! અવસર જાણીને આ સુરંગ માર્ગે તમારે જવું— પટ્ટરાણીએ પણ રાજાની વાત સ્વીકારી.

આ તરફ શત્રુરાજા નગરના કિલ્લાને તોડી સૈન્ય સાથે નગરમાં પ્રવેશ્યો. તે જ સમયે જયવર્મ રાજા પણ પ્રતિકાર કરવા સસૈન્ય સજ્જ થયો. પરસ્પર લડાઈમાં રાજાનું પંચત્વ થયું. સૈન્ય વેર વિખેર થયું. શૂરસેન રાજાનો વિજય થયો.

ઈતશ્ચ જયાવલી રાણીને યુદ્ધના સમાચાર મળતાં જ તુર્ત સુરંગ માર્ગે રાણીએ પ્રયાણ કર્યું અનુક્રમે નગર બહાર દૂર સુદૂર સ્મશાન ભૂમિએ સુરંગ વાટે બહાર આવી.

ભયના કારણે ઉતાવળી ગતિએ ચાલતાં અકાળે પ્રસૂતિ થઈ. બાળકનો જન્મ આપ્યો. શત્રુઓના ભયથી કંપાયમાન થતી રાણીએ પુત્રને નામાંકિત મુદ્રિકા પહેરાવીને રત્નકંબલમાં વીંટાળીને સ્મશાન ભૂમિમાં પરમાત્માના આધારે બાળકને મૂકીને રાણી બાળકનું શું થાય છે, કોણ લઈ જાય છે એ જોવા માટે મકાનની આડમાં ઊભી રહી.

અને આ તરફ તે જ નગરમાં ભદ્ર નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેમને સુભદ્રા નામની ભાર્યા હતી પણ કર્મના દોષથી મૃતબાળકનો જન્મ આપતી હતી.

એકદા ભદ્ર શ્રેષ્ઠીએ કુલદેવતાની આરાધના કરી, પ્રસન્ન થયેલી કુલદેવતાએ કહ્યું કે —મૃતબાળકને પરઠવવા ગયેલા એવા તમને જે કોઈ બાળક દેખાય તે બાળકને ગ્રહણ કરજો.

હવે તે જ દિવસે સુભદ્રા શ્રેષ્ઠિનીએ મૃત બાળકનો જન્મ આપેલ તેથી તે મૃત બાળકને લઈ શ્રેષ્ઠી સ્મશાન ભૂમિએ પૃથ્વીમાં દાટવા જાય છે.

ત્યાં રાણીએ મૂકેલો પુત્ર શેઠની નજરમાં આવ્યો. અને કુલદેવતાના આદેશાનુસાર તે બાળકને શ્રેષ્ઠી હર્ષ પૂર્વક ગ્રહણ કરે છે.

આ દૃશ્યને જોઈ નિશ્ચિત થયેલી રાણી અન્યત્ર જતાં જતાં વિચારે છે કે—હા ! ખેદની વાત છે કે—સ્વપ્નમાં મેળવેલ ઋદ્ધિની જેમ આ રાજ્યાદિ સમૃદ્ધિ ક્ષણવારમાં જોત-જોતામાં નાશ પામે છે. રાત્રે થનારા પક્ષીઓના મેળાની જેમ કુટુંબ-પરિવારનો મેળાપ પણ અધ્રુવ જ છે. અને વિજળીના ચમકારાની જેમ લક્ષ્મી પણ ચંચલ જ છે. ઇત્યાદિ ચિંતવતા વૈરાગ્ય પામેલી તે રાણી અનુક્રમે તાપસી = તપસ્વિની થઈ.

ઈતશ્ચ—તે શ્રેષ્ઠી દેવતાના વચનાનુસારે બાળકને લઈ ઘેર જઈને ભાર્યાને યથાવસ્થિત હકીકત કહીને બાળક અર્પણ કર્યો, અને કહ્યું કે—જીવની જેમ સાવધાનતાથી પાલન-પોષણ કરજો.

જ્યારે એક મહિનો પૂર્ણ થયો ત્યારે વધામણી કરી કે—શેઠાણીએ પુત્રનો જન્મ આપ્યો છે. જ્ઞાતિજનને આમંત્રણ આપી, ભોજનાદિ તથા વસ્ત્રાલંકારથી યથાયોગ્ય સત્કાર-સન્માન કરી, જ્ઞાતિજન સમક્ષ બાળકનું દેવપ્રસાદ એવું નામ સ્થાપન કર્યું.

અનુક્રમે બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામતો તે બાળક કળા અને શરીરથી સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રની જેમ સર્વકળા યુક્ત યૌવનવયઃ પામ્યો.

દેવપ્રસાદના રૂપ-ગુણથી આકર્ષાયેલી અનેક શ્રેષ્ઠીઓની કન્યાઓ પરણવા આવે છે પણ તે તે આવેલી કન્યાઓ દેવપ્રસાદને અનુરૂપ ન હોવાથી શ્રેષ્ઠી કોઈ કન્યાને પુત્ર માટે સ્વીકારતા નથી.

એટલામાં ત્યાં નિમિત્તને જાણનારો કોઈક નૈમિત્તિક આવ્યો. શૂરસેન રાજાએ નિમિત્તિયાને બોલાવીને એકાંતમાં પૂછયું કે— મારું રાજ્ય મારા વંશમાં પ્રતિષ્ઠિત થશે કે અન્યત્ર ?

નિમિત્તવેત્તાએ કહ્યું કે—હે રાજન્ ! નિમિત્તશાસ્ત્રના આધારે એમ જણાય છે કે—આપનું રાજ્ય આપના પુત્રો નહિ ગ્રહણ કરે. પણ અન્ય જ કોઈ રાજ્યનો સ્વામી થશે. તો પણ હે રાજન્! આ વિષયમાં ખેદ ન કરવો. કેમકે અમે તો શાસ્ત્રના આધારે ભવિષ્ય ભાખીએ છીએ.

રાજાએ પૂછયું કે—તે કોણ વ્યક્તિ છે કે—જે મારા રાજ્યને ગ્રહણ કરી રાજા બનશે ?

નિમિત્તવિદ્ બોલ્યો હે રાજન્ ! અડધા મહિનામાં આપના ગોકુલને હરણ કરતા ભીલ્લો પાસેથી ગોકુલને છોડાવશે તથા તમારા પુત્રોની આજ્ઞા કરશે નહિ. વળી રત્નપુરના સ્વામી પૂર્ણચંદ્રરાજાની પુત્રીને પરણશે.

નિમિત્તવિદ્ના વચનો સાંભળી રાજાએ કહ્યું કે—હે નૈમિત્તિક ! આ વાત તમારે કોઈને પણ કહેવી નહિ. નિમિત્તવિદે પણ રાજાની વાત સ્વીકારી. રાજાએ પણ નૈમિત્તિકને સત્કાર-સન્માન કરી વિસર્જિત કર્યો.

ત્યાર પછી શૂરસેન રાજાએ પોતાના પુત્રોને ગોકુલનું રક્ષણ કરવા મોકલ્યા અને કહ્યું કે—એક મહિના સુધી તમારે ગોકુલનું રક્ષણ કરવું.

રાજકુમારોને પિતા એવા રાજાની વાત ન ગમી તો પણ રાજાના હુકમને વશ થયેલા તેઓ અવજ્ઞા પૂર્વક પરિકર = સૈનિકો વિના એકલા જ ગોકુલે ગયા.

ત્યાં ગોકુલમાં ગયેલા તે રાજકુમારો પ્રમાદમાં કાળ વિતાવે છે. અડધો મહિનો થયો ત્યારે લાગ જોઈને ભિલ્લો ગોકુલને લૂંટી જાય છે.

આ તરફ સ્વજનના વિવાહ કાજે જઈ રહેલા દેવપ્રસાદે રસ્તામાં ગોકુલને લૂંટી જતા ભિલ્લોને જોઈને પરાક્રમ પૂર્વક ભિલ્લોને હરાવીને ગોકુલ પાછું વાળ્યું.

આ વૃત્તાંત રાજાએ સાંભળ્યો અને જાણ્યું કે—ભદ્ર શ્રેષ્ઠીનો પુત્ર દેવપ્રસાદ મારા રાજ્યનો સ્વામી થશે.

એકદા શૂરસેન રાજાએ પોતાના પુત્રો દ્વારા નગરમાં મહોત્સવ પ્રવર્ત્તાવ્યો અને ઉદ્‌ઘોષણા કરાવી કે—જે કોઈ યુવાન મહોત્સવમાં ભાગ લેશે તેને રાજપુત્રો સહાય કરશે, અને જેઓ મહોત્સવમાં ભાગ નહિ લે તેઓને કડક શિક્ષા આપવામાં આવશે.

ઉદ્‌ઘોષણા સાંભળી ઘણા યુવાનો મહોત્સવમાં જોડાયા, વિધવિધ પ્રકારે ક્રીડા કરે છે.

દેવપ્રસાદને તેના માત-પિતાએ કહ્યું કે—હે વત્સ! તું પણ જા અને રાજપુત્રોના ઓચ્છવને જો. વળી રાજાનો આદેશ પણ છે. તેથી તું જા.

દેવપ્રસાદે કહ્યું કે—"મારું માથું બહુ જ દુઃખે છે." પુત્રના વિષે અતિશય સ્નેહવાળા તે માત-પિતાએ વિશેષ આગ્રહ ન રાખ્યો. અને દેવપ્રસાદની વેદનાના નિવારણ માટે ઉપાય કરવા લાગ્યા.

બીજે દિવસે દેવપ્રસાદે સાંભળ્યું કે—રત્નપુર નગરમાં પૂર્ણચંદ્રરાજાની લક્ષ્મીવતી અને કાંતિમતી નામની બે રાજકુમારિકાઓ ગંધની પરીક્ષામાં અતિશય કુશળ હોવાથી તેમણે જાહેર કરેલું કે—અમોએ કરેલા ગંધ (સુગંધમય લેપ) ને જે વિશેષ રીતે જાણશે તેને જ અમે પરણશું પણ બીજા કોઈ પુરુષને નહિ પરણીએ.

આજુ-બાજુના નગરના રાજપુત્રો ગંધ પારખવા આવે છે પણ કોઈ પણ વિશેષ રીતે ગંધને પારખી શકતો નથી તેથી રાજકન્યા કોઈનું પાણિગ્રહણ કરતા નથી.

પૂર્ણચંદ્ર રાજા પણ ચિંતાતુર થયા, કે—આવી આકરી પ્રતિજ્ઞા કયારે પૂર્ણ થશે.

રાજાએ પડહ વગડાવ્યો—કે જે આ રાજકન્યાઓએ વિલેપન કરેલ સુગંધને વિશેષ રીતે જાણીને જે નિર્ણય આપશે તેને રાજકન્યાઓ પરણશે અને અડધું રાજ્ય મળશે.

પડહના સમાચાર સાંભળીને દેવપ્રસાદે ચિંતવ્યું કે—મારે ત્યાં કેવી રીતે પહોંચવું. ઇત્યાદિ ચિંતા કરતો = વિચાર કરતો કરતો દેવપ્રસાદ નિદ્રાધીન થયો.

એ અવસરે ઉત્સવમાં કોણ કોણ નથી આવ્યા એની તપાસ કરવા મોકલેલા પુરુષોએ આવીને રાજાને સમાચાર આપ્યા કે—ભદ્ર શેઠના પુત્ર દેવપ્રસાદે આપની

આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. અમે ત્યાં જઈને કહ્યું કે—શૂરસેન રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા દુષ્ટ એવા તમારા પુત્રને રાજા બોલાવે છે.

ભદ્ર શ્રેષ્ઠીએ જવાબ આપ્યો કે—હે ભદ્ર! તે દેવપ્રસાદ તો ગઈ કાલે જ મોસાળે = મામાને ઘેર રત્નપુર નગરમાં ગયો છે અને હું હમણાં જ રાજા પાસે આવ્યું છું.

ઇતશ્ચ ભદ્ર શ્રેષ્ઠીએ પોતાના અંગત પુરુષને બધી વાત સમજાવીને રત્નપુરમાં મોકલ્યો. અને ભદ્ર શેઠ સ્વયં શૂરસેન રાજા પાસે જઈ, પ્રણામ કરી બધી હકીકત નિવેદન કરે છે.

રાજાએ પણ ચિંતવ્યું કે—નૈમિત્તિકનું વચન અન્યથા ન હોય. તો પણ આ વિષયમાં મારે યોગ્ય ઉપાય કરવા જોઈએ. એમ ચિંતવીને ભદ્ર શ્રેષ્ઠીને કહ્યું કે—"હે શ્રેષ્ઠિન્! તમારા પુત્રને તુર્ત અહીં બોલાવો."

શ્રેષ્ઠી બોલ્યા—"જેવી આપની આજ્ઞા". ભદ્ર શેઠ ઘેર આવી, દેવપ્રસાદને રાજા સાથે થયેલ વાત વિસ્તારથી કહી. દેવપ્રસાદ પણ અનુકૂલ એવા પિતાના આદેશને પામીને તુર્ત રત્નપુર નગરમાં બંધુદત્ત નામના મામાને ઘેર પહોંચ્યો. મામાએ પણ ભાણેજ દેવપ્રસાદનું ઉચિત સત્કાર-સન્માન કર્યું.

અવસર પામીને દેવપ્રસાદે મામા બંધુદત્તને કહ્યું કે—તે ગંધ-દ્રવ્ય મને બતાવો. કે જેની પરીક્ષા કરી સાચો નિર્ણય કરું.

મામાએ પણ સેવક દ્વારા તે ગંધપેટી મંગાવીને દેવપ્રસાદને બતાવી.

દેવપ્રસાદે સૂક્ષ્મ રીતે પરીક્ષણ કરીને સમ્યગ્ અર્થ નિર્ધારણ કરીને ગંધનું યથાવસ્થિત સ્વરૂપ કહ્યું.

ગંધપુટીનું યથાવસ્થિત સ્વરૂપ સાંભળીને બંન્ને રાજકન્યાઓ પ્રસન્ન થઈ. પૂર્ણચંદ્ર રાજાએ પણ ચિંતવ્યું કે—આવો ધનવાન્ એવો આ વણિક્ વિશેષ વિજ્ઞાનવાળો ન હોઈ શકે. તથા આ ચતુર રાજકન્યાઓને અયોગ્ય ઉપર અનુરાગ પણ ન થાય, તો આ વાસ્તવમાં કોણ છે? એમ યાવત્ રાજા ચિંતવે છે, તાવત્ રત્ન-કંબલ અને જયવર્મ રાજાના નામની મુદ્રિકા લઈને દેવપ્રસાદના મામા બંધુદત્ત શ્રેષ્ઠી આવ્યા, અને રાજાને કહ્યું કે—"હે દેવ! કાંપિલ્યપુરથી મારા ભગિનીપતિ (બનેવી) એ મોકલેલ પુરુષ આ રત્નકંબલ અને મુદ્રિકા લઈને આવ્યો છે, અને કહે છે કે—"ત્યાંના શૂરસેન રાજાએ અપરાધ વિના પણ આપના ભગિનીપતિ (બનેવી) ને કેદ કર્યો છે.

સંકટમાં આવેલા એવા ભદ્ર શ્રેષ્ઠીએ આપના બનેવીએ કહેવડાવ્યું છે કે—"આ દેવપ્રસાદ મહારાજ જયવર્મના અવસાન સમયે જયવર્મ રાજાના નામની મુદ્રિકા સાથે

રત્નકંબલ સહિત પ્રસન્ન થયેલ કુલ દેવતાના વચનાનુસારે સ્મશાન ભૂમિએથી પ્રાપ્ત થયેલ છે. અને

મુદ્રિકાને જોતા એમ લાગ્યું કે—આ બાળક જયવર્મરાજાનો પુત્ર હોવો જોઈએ તો પણ ભયના કારણે મેં કોઈને પણ આ વાત પ્રગટ ન કરી અને પુત્ર રૂપે જ તેને મોટો કર્યો છે.

આ વાત યથાવસ્થિત કેટલી છે એ તો હું બરાબર જાણતો જ નથી તો પણ આ દેવપ્રસાદ ઉપર મને અતિશય સ્નેહ = પ્રેમ છે.

આથી જ દેવપ્રસાદને કેદ કરવા ઇચ્છતા શૂરસેન રાજાને કંઈક બહાનું બતાવીને મેં દેવપ્રસાદને તેના મામા બંધુદત્તને ઘેર મોકલાવેલ.”

તો આવા પ્રકારની પરિસ્થિતિ ઊભી થયેલી છે. માટે આપને નિવેદન કર્યું છે કે—“આપ દેવપ્રસાદનું શૂરસેન રાજાથી યત્ન પૂર્વક રક્ષણ કરજો.” એમ કહીને કંબલરત્ન અને મુદ્રિકા મોકલાવી છે.

તે પૂર્ણચંદ્ર રાજા પણ ઉપરોક્ત વાત સાંભળીને ચિંતવ્યું કે—“આ દેવપ્રસાદ તો મારો ભાણેજ છે.” એમ ચિંતવીને ખુશ થયેલો તે પૂર્ણચંદ્ર રાજા વિચારે છે કે-પૂર્વે જ મેં વિચારેલ કે—“ગંધપુટને વિશેષ રીતે જાણનારો આ દેવપ્રસાદ વણિક્ ન હોઈ શકે” તે મારી વાત સાચી જ હતી. એમ ચિંતવીને પૂર્ણચંદ્રરાજા બોલ્યા—હે શ્રેષ્ઠિન્! તે ભદ્ર શ્રેષ્ઠીને જણાવો કે-તમે બહુ જ સારું કાર્ય કર્યું છે, કે—જેને જન્મ કાળે ગ્રહણ કરી પાલન-પોષણ કરી કળા અભ્યાસ કરાવી વૃદ્ધિ પમાડયો. અને હમણાં પણ શૂરસેન રાજાના સકંજામાંથી બચાવ્યો.

દેવપ્રસાદને નિરખીને જોતાં જણાયું કે—બરાબર જયવર્મ રાજાને અનુરૂપ જ દેવપ્રસાદનું મુખારવિંદ છે. તેથી જ આનંદિત થયેલા તે પૂર્ણચંદ્ર રાજાએ આ વાત જાહેર કરી, અને પોતાની બન્ને રાજકુમારિકાઓને દેવપ્રસાદ સાથે મહોત્સવ પૂર્વક પરણાવે છે.

એટલામાં શૂરસેન રાજાએ દેવપ્રસાદનો ઘાત કરવા મોકલાવેલા પુરુષો આવ્યા.

ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયેલા દેવપ્રસાદ કુમારને માળીના રૂપમાં તે પુરુષો મળ્યા. અને દેવપ્રસાદ કુમારનો વધ કરવા માટે ઉપદ્રવ કરવા લાગ્યા. શસ્ત્રોના પ્રહારો કરવા લાગ્યા પણ દેવપ્રસાદે ચતુરાઈથી તે આવેલા ઘાતકી પુરુષોને અધમુઆ કરી દીધા.

આ વાત જાણીને પૂર્ણચંદ્ર રાજા તત્કાલ ત્યાં આવ્યા અને સુભટો તે ઘાતકી

પુરુષોને મારવા તૈયાર થયા ત્યારે દેવપ્રસાદ કુમારે કહ્યું કે—"મૃતપ્રાયઃ થયેલા એવા આ પુરુષોને મારો નહીં."

પૂર્ણચંદ્ર રાજાએ અભયદાન આપીને પૂછયું કે—તમે કોણ છો? ક્યાંથી આવો છો? અને કોણે તમોને મોકલ્યા છે?

તે ઘાતકી પુરુષોએ પણ યથાવસ્થિત વાત કહીને કહ્યું કે—શૂરસેન રાજાએ અમને દેવપ્રસાદકુમારનો વધ કરવા મોકલ્યા છે.

ઉપરોક્ત વાત સાંભળીને જાણ્યું કે—આ શૂરસેન રાજા તો મારા જનક જયવર્મ રાજાનો વૈરી છે. ઇત્યાદિ ચિંતવીને કોપાયમાન થયેલા દેવપ્રસાદ રાજકુમારે પૂર્ણચંદ્ર-રાજાને વિનંતિ કરી કે—"મને રજા આપો તો હું પિતાના વેરનો બદલો વાળું."

પૂર્ણચંદ્ર રાજાએ કહ્યું કે—આપણે સાથે જ જઈએ. હું પણ સાથે જ આવું છું. એમ કહી શુભ દિવસે ચતુરંગ સેના સાથે અનવરત પ્રયાણ કરતા કરતા કાંપિલ્ય-પુરની નજીકમાં પહોંચ્યા.

અને શૂરસેન રાજાને ચર પુરુષ દ્વારા = દૂત દ્વારા કહેવરાવ્યું કે—રાજ્યને મૂકીને ધર્મની આરાધના કરો.

શૂરસેન રાજાએ દૂતનો તિરસ્કાર કર્યો. લડાઈની તૈયારી થઈ, પરસ્પર રણસંગ્રામ મંડાયો. ગાઢ પ્રહારોથી પીડા પામતો શૂરસેન રાજા મરણ પામ્યો.

પૂર્ણચંદ્ર રાજાએ કાંપિલ્યપુરના રાજ્યસિંહાસન ઉપર દેવપ્રસાદને મહોત્સવ પૂર્વક બેસાડ્યો, દેવપ્રસાદ રાજાએ પણ ન્યાય-નીતિથી પ્રજાનું પાલન-પોષણ કરે છે. પ્રજા પણ સુખી થઈ. દેવપ્રસાદ રાજાના પુણ્યપ્રતાપથી વશ થયેલા સીમાડાના રાજાઓ પણ વિવિધ ભેટણાઓ લઈને દેવપ્રસાદ રાજાને પ્રણામ કરી ભેટણું સમર્પણ કરે છે. દેવપ્રસાદ રાજા પણ આવેલા તે રાજાઓનું સત્કાર-સન્માન કરે છે.

સુખપૂર્વક રાજ્યનું સંચાલન કરતા તે રાજા સ્વભાવે કરીને જ જીવદયા તત્પર હતા.

અન્યદા કાંપિલ્યપુર નગરના ઇશાન ખુણાની દિશામાં સૂર્ય ઉગ્યા પહેલાં જ તેજનો પુંજ દેખાયો. દેવપ્રસાદ રાજાએ દેદીપ્યમાન તેજ: ને જોઈને ચિંતવ્યું કે—આ શું છે? તપાસ કરવા સેવકોને મોકલ્યા, સેવકો પણ તપાસ કરીને તુર્ત પાછા આવીને કહ્યું કે—"હે નરનાથ! આજે કુસુમકરંડક ઉદ્યાનમાં દમસાર નામના મુનિવરને કેવલજ્ઞાન પ્રગટ થયું છે. દેવો કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા ત્યાં આવેલા છે તેથી ત્યાં ઉદ્યોત-ઉદ્યોત થયેલ છે.

દેવપ્રસાદ રાજાએ ચિંતવ્યું કે—કેવલજ્ઞાની પ્રભુના ચરણારવિંદમાં નમસ્કાર કરીને આત્માને કૃતાર્થ કરું. દેવપ્રસાદ રાજા એમ ચિંતવીને ઉદ્યાન તરફ જવા તૈયારી કરે છે તેટલામાં કષાયરૂપ પિશાચોનો સંચાર છે જેમાં એવી અવિરતિ રૂપ રજની નાશ પામી. સમ્યગ્દર્શન રૂપ સૂર્યના કિરણોથી મોહરૂપ અંધકાર દૂર થયો. સૂર્યના દર્શનથી વિકસિત થયેલા ભવ્ય જીવોના મન રૂપ કમલોમાંથી પૂર્વે બંધાયેલા પાપકર્મ રૂપ ભમરાઓના સમૂહો ઉડવા લાગ્યા. હેય અને ઉપાદેયના વિવેચનાત્મક વિવેકરૂપ સૂર્ય શુભ આશય સ્વરૂપ ઉદયાચલ પર્વત પર પ્રગટ થયો.

રાજા પણ ગંધહસ્તિ ઉપર અંબાડીમાં બિરાજમાન થઈ પરિવાર સાથે ઇંદ્રની જેમ ઉદ્યાન તરફ પધાર્યા.

ઉદ્યાન તરફ જતાં રસ્તામાં દેવપ્રસાદ રાજા એક દ્રમક = ભિખારીને જુએ છે. તે દ્રમક કેવો છે?—તો જેના મુખમાંથી દાંત બહાર નિકળેલા છે તથા કાજલ જેવા શ્યામવર્ણવાળો, કંપાયમાન થતા હાથ-પગવાળો અને કોઢ રોગથી નિકળી રહેલા પરૂના કારણે શરીર પર સેંકડો માખીઓ બણબણી રહેલી છે જેને એવા તે દ્રમકને દેવપ્રસાદ રાજા જુએ છે. અને ચિંતવ્યું કે—આ પ્રત્યક્ષ પાપનો પુંજ જ હોય ને! તેમ દેખાય છે.

કરૂણાથી પૂર્ણ હૃદયવાળા તે દેવપ્રસાદ રાજાએ ચિંતવ્યું કે—નિશ્ચે આ જીવ પૂર્વ ભવમાં કરેલ પાપોના ફળને અનુભવી રહેલો છે. અહો! કેટલો દુઃખી દુઃખી થયો છે.

અનુક્રમે દેવપ્રસાદ રાજા ઉદ્યાનમાં આવ્યા. દેવ વિરચિત સુવર્ણ કમળ પર બિરાજમાન થયેલા દમસાર કેવલજ્ઞાનીને વંદન કરી ઉચિત સ્થાને વિનય પૂર્વક બેસે છે.

હાથ જોડીને દેવપ્રસાદ રાજાએ કેવલજ્ઞાની પ્રભુને પૂછ્યું કે—હે ભગવન્! અહીં આવતાં રસ્તામાં જે દ્રમકને મેં જોયો છે તે આવી અચિંતનીય અવસ્થા કેમ પામ્યો છે?

કેવલજ્ઞાની દમસાર મુનિવર કેવલજ્ઞાનના આલોકથી લોકાલોકના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણનારા હોવાથી આ દ્રમકના આત્માની વર્તમાન સ્થિતિના હેતુભૂત એવા પૂર્વ ભવનું સ્વરૂપ પર્ષદા સન્મુખ નિરૂપણ કરતાં કહે છે કે—હે રાજન્!

જે નગરના ઘરોમાં જડેલા દેદીપ્યમાન મણિરત્નોની કાંતિથી ચિત્ર થયો છે ગગન જ્યાં એવું ધનપુર નામનું નગર છે

તે નગરમાં જયપાલ નામના રાજા છે.

તે નગરમાં સોમદેવ અને વામદેવ નામના પરસ્પર ભાઈ એવા બે કુલપુત્રો રહે છે.

પોત-પોતાના કાર્યમાં નિરત આવા તે બંન્નેનો સમય પસાર થાય છે.

એક વખત દુર્ભિક્ષ કાળે વામદેવે સોમદેવને કહ્યું કે—હે ભાઈ! ભોજનના અભાવમાં દિવસો જતા નથી તેથી શિકાર કરીને પેટ ભરીએ.

બંન્ને ભાઈઓ અટવીમાં ગયા શિકાર શોધવા લાગ્યા. તપાસ કરતાં એક હરણ દેખાયો, સામદેવે બાણ છોડયો પણ હરણને વાગ્યો નહિં પણ ભવિતવ્યતાના યોગે વૃક્ષોના અંતરે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા મુનિવરની આગળ તે બાણ જઈને પડયો.

સામદેવ બાણને અનુસારે ગયો અને જોયું તો સમતારસની મૂર્ત્તિમંત એવા મુનીશ્વરની આગળ જ પોતાનો બાણ પડેલો જોઈને લજ્જા પામતો તે સામદેવ મુનિવરને ખમાવે છે અને બોલ્યા કે—અહો! મુનિવર! મેં આ મોટું અકાર્ય કર્યું છે. જો આ બાણ આપને વાગ્યું હોત તો મને નરકમાં પણ સ્થાન ન મળત અર્થાત્ હું નરકથી પણ વધુ દુઃખી થાત, માટે ક્ષમા કરો.

મુનિવરે પણ ધર્મોપદેશને યોગ્ય જાણીને કાઉસ્સગ્ગ પારીને ધર્મકથા કહે છે.

नरयपुर सरल सरणी अबाय संघाय वग्घवण धरणी ।
नीसेस दुक्ख जणणो हिंसा जीवाण सुहहणी ।।

હિંસા એ નરક નામના નગરનો સીધો રસ્તો છે. ઉપદ્રવોના સમૂહ રૂપ જે વ્યાઘ્રવન તેને ધારણ કરનાર ધરણી છે તથા સઘળા દુઃખોની માતા છે અને જીવોના સુખોને હણનારી છે.

જે જીવ અન્ય જીવને દુઃખ આપે છે. તે જીવ તે કર્મના ફળ રૂપે અનંતગુણ દુઃખ પામે છે. જેમ કોઈએ લીંબડો વાવ્યો હોય તો તેને લીંબોડી રૂપ કડવા ફળ મળશે પણ આંબા જેવા મીઠા ફળ કયારેય નહીં મળે.

જે આત્મા પોતાના ક્ષણમાત્રના સુખ માટે જીવોનો વધ કરે છે તે જીવ પાપ કર્મના વિપાકોદય કાળે નરક ગતિમાં ઉત્પન્ન થઈ છેદન-ભેદન વિગેરે દુઃખો ઘણા કાળ પર્યંત સહે છે.

જે મહા દૌર્ભાગ્ય, લોકોને અનિષ્ટપણું તથા દાહ જવર શ્વાસ ઉધરસ અને કોઢ વિગેરે મહારોગો છે તે બધા જ પૂર્વ ભવમાં વાવેલા પાપ કર્મો જેવા કે—કોઈના કાન

કાપવા, કોઈની નાસિકા છેદવી, કોઈના હાથ કાપવા, કોઈના પગ કાપવા વિગેરે પાપ કર્મોરૂપ બીજના ફળ રૂપે જાણવા.

જીવોની કરેલી રક્ષા = જયણા એ ભવસમુદ્ર પાર ઉતરવા નૌકા સમાન છે. કલ્યાણ રૂપ વૃક્ષને નવ પલ્લવિત કરનાર અમૃતના સીંચન સમાન છે તથા શિવસુખને જન્મ આપનાર મા સમાન છે. માટે હે ભવ્યાત્મન્! જીવદયા પાળો.

ઉપરોક્ત અમૃત તુલ્ય મુનિવરના વચનો સાંભળી પ્રતિબોધ પામેલા સામદેવે નિરપરાધી જીવોના વધની વિરતિ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી.

મુનિરાજે પણ વ્રત-નિયમ આપતાં કહ્યું કે—હે મહાભાગ! લીધેલા વ્રત-નિયમને બરાબર પાળવા. જો વ્રત-નિયમનો ભંગ થાય તો મોટો અનર્થ થાય છે. આ વિષયમાં કુંદનું દૃષ્ટાંત જાણવા જેવું છે.

કુંદની કથા—

સૌરાષ્ટ્ર દેશમાં અલકાપુરી જેવી અણુમંજી નામની નગરી છે. તે નગરીમાં વિમાન જેવા મણિમય મંદિરો = ઘરો છે.

તે નગરીમાં કુંદ નામનો એક કર્મકર છે. તેને મંજરી નામની ભાર્યા = સ્ત્રી છે.

કુંદ સ્વભાવે જ ભદ્રક પ્રકૃતિનો અને વિનીત છે.

અન્યદા તે નગરીના બાહ્ય ઉદ્યાનમાં મેઘઘોષ નામના આચાર્ય મહારાજ મુનિવરોથી પરિવરેલા પધાર્યા. અને સ્થંડિલ = નિર્જીવ ભૂમિ ઉપર ઉતારો કર્યો.

કાષ્ઠ લેવા માટે વનમાં જતા કુંદે મુનિવરોને જોયા. તુર્ત નિકટમાં જઈ વિનય-બહુમાન પૂર્વક પ્રણામ કરી હાથ જોડીને હિતશિક્ષા સાંભળવાના ઈરાદાથી સન્મુખ બેઠો.

પૂ. આચાર્યદેવશ્રીએ પણ યોગ્ય જાણી ધર્મદેશના આવી—પ્રતિબોધ પામેલો કુંદ વિચારે છે કે—હું પણ કંઈક વ્રત-નિયમ ગ્રહણ કરું. એમ ચિંતવીને ગુરુના મુખે મદ્ય-માંસની વિરતિ રૂપ નિયમ લઈ કાષ્ઠ ગ્રહણ કરી ઘેર આવ્યો.

ઈતશ્ચ તેનો સાલક મહેમાન રૂપે ઘેર આવેલો હતો તેથી તેની સ્ત્રીએ માંસ રાંધ્યું હતું. સાલા-બનેવી બંન્ને જણ જમવા બેઠા.

જ્યારે માંસ પીરસવા મંજરી = સ્ત્રી આવી ત્યારે કુંદે ના કહી કે મારે માંસ નથી ખાવું. પણ જો કુંદ માંસ નહીં ખાય તો તેના સાલા પણ ન ખાય તેથી

મંજરીએ બલાત્કારે આગ્રહ કરીને માંસ પીરસ્યું અને સ્ત્રીના આગ્રહથી કુંદે માંસનું ભક્ષણ કર્યું.

રાત્રે કુંદને ખૂબ જ પશ્ચાત્તાપ થયો. મંજરીએ પૂછયું—કે- કેમ આમ નીસાસા નાખો છો?

કુંદે લીધેલ વ્રત-નિયમની હકીકત કહીને કહ્યું કે—લીધેલો નિયમ આજે જ ભાંગ્યો છે. તેનો મને મોટો સંતાપ છે.

પતિના વ્રતભંગથી થયેલા સંતાપને જાણીને ઉદ્વેગ પામેલી સ્ત્રીએ કહ્યું કે—હે પ્રાણનાથ! આપે મને તે વખતે જ નિયમની વાત કેમ ન કરી.

આગ્રહ કરીને મેં જ આપના નિયમનો ભંગ કરાવ્યો છે તેથી હું પણ પાપમાં જ પડી છું. અર્થાત્ મને પણ નિયમ ભંગ કરાવ્યાનું પાપ લાગ્યું છે.

હવે રાત પૂર્ણ થાય એટલે પ્રભાતે આપણે બંન્ને જણા ગુરુ પાસે જઈને વ્રતભંગની વાત કહીને ગુરુજી જેમ કહેશે તેમ કરશું. હવે હમણા નીસાસા નાખવાથી શું લાભ થશે? માટે સ્વસ્થ થાઓ.

અનુક્રમે રાત્રિ પૂર્ણ થઈ. સૂર્યોદય થયો ત્યારે તે દંપતી ગુરુ પાસે ગયા. વંદન કરીને હાથ જોડીને સમીપમાં બેઠા. વ્રતભંગથી થયેલી લજ્જાના કારણે કુંદ બોલી શકતો નથી.

ગુરુદેવે પૂછયું કે—શા માટે મૌન હો? શા માટે બેદ યુક્ત જણાઓ છો? શું ચિંતા છે?

કુંદે કહ્યું કે—હે ભગવન્! હું પાપી છું. મારી સાથે બોલવું પણ આપને ઉચિત નથી.

ગુરુદેવ બોલ્યા—કેવી રીતે? શું થયું?

કુંદની સ્ત્રીએ બધી જ વાત વિગતથી કહી, ગુરુદેવ વાત સાંભળીને ચિંતવ્યું કે—આ બંન્ને પુણ્યવાન છે કે જેમને આવો સુંદર પરિણામ પ્રગટ થયો છે.

ગુરુદેવે કહ્યું—કે હે મહાભાગ! આ વાતના બેદથી સર્યું. શું તૂટેલો પણ તાંતણો = દોરો સંધાતો નથી? શું અશુચિથી લેપાયેલો પગ શુદ્ધ થતો નથી?

માટે તમને પણ તમોએ કરેલા વ્રત ભંગનો અલ્પ દોષ લાગ્યો છે અને હવે હું તમને જે પ્રાયશ્ચિત્ત આપું તે પૂર્ણ કરીને આત્માને નિર્મલ કરી પુનઃ અખંડિત રીતે વ્રત-નિયમ પાળજો.

ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત સ્વીકારી, પુનઃ તે દંપતી મદ્ય-માંસની વિરતિ સ્વીકારીને ઘેર ગયા.

નિરતિચાર પણે નિયમને પાળીને આયુઃક્ષયે મરણ પામેલ તે કુંદનો જીવ શ્રીકંદ દેશમાં જયંતી નગરીના કુરૂચંદ્ર રાજાની મંગલા નામની પટ્ટરાણીની કુખે અવતર્યો.

તે સમયે સુખ શય્યામાં સુઈ રહેલી મંગલા પટ્ટરાણીએ સ્વપ્નમાં રાજહંસને મુખમાં પ્રવેશતો જોયો, જાગ્રત થયેલી મંગલા દેવીએ યથાવસ્થિત સ્વપ્નની વાત પોતાના પ્રાણનાથને કહી. રાજાએ પણ કહ્યું કે—હે પ્રિયે! આ સ્વપ્નના ફળરૂપે રાજહંસ તુલ્ય પુત્રરત્નની આપણને પ્રાપ્તિ થશે.

મંગલાદેવીએ પણ સ્વપ્નના ફળને સાંભળી. શુકનની ગાંઠ વાળી હર્ષ પામતી પોતાના વાસ ભવનમાં ગઈ.

કેટલા દિવસો પસાર થયા પછી ગર્ભાનુભાવે રાણીને દોહદ થયો કે—જિનેશ્વર અને મુનીશ્વરોની પ્રતિપત્તિ = એવા—ભક્તિ કરું.

રાજાએ પણ દોહદને આદર અને બહુમાન સાથે સંપાદિત કર્યો.

અનુક્રમે પૂર્ણ દિવસે રાણીએ પુત્રનો જન્મ આપ્યો. નગરમાં વધામણી થઈ. સર્વત્ર આનંદ મંગલ પ્રવર્ત્યો.

બારમા દિવસે જ્ઞાતિજનોને આમંત્રણ આપી ભોજન વસ્ત્ર અલંકાર આદિથી સત્કાર-સન્માન કરી, સર્વ જ્ઞાતિજન સમક્ષ પુત્રનું નામ સ્વપ્નાનુસારે રાજહંસ રાખ્યું.

દ્વિતીયાના ચંદ્રની જેમ શરીરથી તથા રૂપ-લાવણ્યથી અને કલાઓના અભ્યાસથી વૃદ્ધિ પામતો તે રાજપુત્ર જેટલામાં યૌવનવય પામ્યો નથી તેટલામાં અકાળે જ પિતા શ્રી કુરૂચંદ્ર રાજાનું મરણ થયું.

રાજહંસ રાજકુમાર હજુ બાળક છે તેથી રાણી મંગલાદેવીએ તેના કાકા શ્રીચંદ્રને રાજ્યસિંહાસને બેસાડયો, અને શ્રીચંદ્ર રાજાએ રાજહંસને યુવરાજ બનાવ્યો.

હવે આ બાજુ પૂર્વભવમાં કરેલ વ્રતભંગરૂપ કર્મના દોષથી—

શ્રીચંદ્રરાજાની રાણી રજ્જાદેવીએ વિચાર્યું કે—"આ રાજહંસ એ મારા પુત્રને રાજ્ય મળવામાં વિક્ષેપ કરનારો શત્રુ છે." એમ ચિંતવીને તે રજ્જાદેવીએ રાજહંસ ઉપર કંઈક કામણ કર્યું.

થોડા દિવસોમાં રાજહંસ જલોદર રોગથી ઘેરાયો, ઘણા ઉપચાર કરવા છતાં રોગ દૂર ન થયો.

હવે આ તરફ શત્રુએ સીમાડાના ગામડાઓને વશ કર્યા છે એમ જાણીને શ્રીચંદ્ર રાજા સેના લઈ ત્યાં ગયા, પણ દુર્ગ ભૂમિના કારણે તે શત્રુ જીતાતો નથી, તેથી મોટી લડાઈ થઈ.

જલોદર રોગથી ઉદ્વિગ્ન થયેલો રાજહંસ ચિંતવે છે કે—અહીં મને જરાપણ રતિ = સુખ નથી તેથી અહીં ઘેર રહેવા કરતાં વિદેશ જવું મારા માટે યોગ્ય જ છે. એમ દૃઢ નિર્ણય કરીને કોઈને પણ કહ્યા વિના રાજહંસ રાજમહેલથી નીકળી નગરી બહાર ગયો, અનુક્રમે ચાલતાં ચાલતાં ઘણા કષ્ટે ઉજ્જૈની નગરીએ પહોંચ્યો. રોગથી પીડા પામતો તે કોઈક દેવકુલિકામાં રહે છે.

ત્યાંના લોકો દયાથી તેને ભોજન આપે છે, એમ કરતાં ત્યાં કેટલોક કાળ પસાર થાય છે.

હવે પૂર્વ જન્મની જે મંજરી નામની સ્ત્રી હતી તે પણ આયુઃક્ષણે મરણ પામી આ જ ઉજ્જૈની નગરીના મહાસેન નામના રાજાની સેના નામની પટ્ટરાણીની કુક્ષિએથી દેઈણી નામની પુત્રી રૂપે જન્મ પામી. યાવત્ યૌવનાભિમુખ થઈ ત્યારે પૂર્વ ભવમાં કરાવેલ વ્રતભંગના પાપકર્મના ફળ રૂપે ભૂતનો વળગાડ થયો. ઘણા ઉપાયો કરવા છતાં દુઃખ શમ્યું નહિં. પીડા પામતી તે દેઈણી નામની રાજકુમારિકા યૌવનવયારૂઢ થઈ.

એ સમયે સ્વયં જ રોગથી કંઈક મુક્ત થઈ. અને સખીઓ સાથે રાજકુલમાં વિધવિધ ક્રીડા કરતી સમય પસાર કરે છે.

એકદા મહાસેન રાજાએ સેવકોને પૂછ્યું કે—તમે કોના પુણ્યથી ઋદ્ધિ ભોગવો છો ?

સેવકો બોલ્યા—હે રાજન્ ! આપના પુણ્યથી જ. ખુશ થયેલા રાજાએ સેવકોનો સન્માન કરી વિસર્જિત કર્યા.

એક દિવસ સખીઓના મુખથી ઉપરોક્ત વાત સાંભળીને વિચાર કરવામાં ચતુર એવી દેઈણીએ હસીને સખીને કહ્યું કે—અહો ! પિતાજીની કેટલી બધી મુગ્ધતા છે !!! વિવિધ વચનોની યુક્તિથી સેવકોને કેવા છેતરે છે !!!

સખી બોલી—એમાં શેની છેતરપીંડી ? શું મહારાજાના પુણ્યથી આપણે સુખી નથી ?

દેઈણી બોલી—હે બહેન ! કોઈ પણ જીવ અન્યના પુણ્યથી ઋદ્ધિ ભોગવી શકતો નથી. તેમ જ કોઈ પણ જીવ અન્ય જીવને સુખી કરી શકતો નથી એ જ પરમાર્થ છે.

દેવીણીના ઉપરોક્ત વચનો દાસીના મુખથી સાંભળીને કોપાયમાન થયેલા રાજાએ દેવીણીને બોલાવીને પૂછ્યું કે—તું કોના પુણ્યથી આ સુખ ભોગવે છે ?

દેવીણી બોલી—હે પિતાજી ! પરમાર્થ દૃષ્ટિએ તો પોતાના પુણ્યથી જ.

કેમકે—સર્વ જીવો પોત-પોતાના કર્માનુસારે જ સુખ કે દુઃખ ભોગવે છે, અન્ય જીવ તો નિમિત્ત માત્ર જ હોય છે.

ઉપરોક્ત વચનો સાંભળી આધિક કુપિત થયેલા તે રાજાએ કોટવાલોને બોલાવીને કહ્યું કે—આ નગરીમાં અત્યંત દુઃખી તમને જે કોઇ દેખાય, તેને જલ્દીથી અહીં બોલાવી લાવો.

કોટવાલો બોલ્યો: "જેવી આપની આજ્ઞા".

તુર્ત કોટવાલો તપાસ કરવા રવાના થયા અનુક્રમે તપાસ કરતાં દેવકુલિકામાં રહેલો રાજહંસ તેમને અતિશય દુઃખી હોય તેમ દેખાયો, તેથી તુર્ત તે રાજહંસને તેડીને કોટવાલોએ રાજા સમક્ષ હાજર કર્યો.

રાજાએ પણ દુઃખતપ્ત એવા તે રાજહંસને જોઈને વિચાર્યું કે—દુર્વિનીત એવી પુત્રીએ રાજસભામાં સર્વલોક સમક્ષ મારી અવજ્ઞા કરી છે તો હવે તેના ફળ રૂપે આવા દુઃખીયારાની સાથે પરણાવીને શિક્ષા કરું.

રાજાએ દેવીણી રાજકુમારિકાને બોલાવીને કહ્યું કે—પોતાના પુણ્યથી સુખ પામે છે તો લે આ પુરુષની સાથે પરણીને સુખી થા.

દેવીણી બોલી—"જેવી આપનો આજ્ઞા".

એમ કહી તુર્ત લગ્નવેળા સાચવતી હોય-તેમ દેવીણી તે પુરુષના ડાબા પડખે જઈને ડાબો હાથ પોતાના જમણા હાથથી ગ્રહણ કર્યો.

અનુક્રમે નગરીની બહાર આવ્યા.

તે સમયે ઉત્તરાપથ તરફ જઈ રહેલો સાર્થ દેખાયો. દેવીણીએ સાર્થપતિ પાસે જઈને બધી જ હકીકત કહી. અને કહ્યું કે—જો આપની ઇચ્છા હોય તો સ્વામી = પતિની સાથે મને પણ સાર્થમાં આવવાની અનુમતિ આપો.

સાર્થપતિએ પણ કરુણાથી અનુમતિ આપી. અનુક્રમે સાર્થની સાથે અન્ય દેશમાં પહોંચ્યા, ત્યાં અટવીમાં સાર્થે પડાવ નાખ્યો. દેવીણી પતિને લઈને તે સાર્થના પડાવની નિકટમાં વૃક્ષ નીચે પહોંચી, ત્યાં વૃક્ષોના પાંદડાથી પતિને યોગ્ય સંથારો

બનાવ્યો. પતિ સંથારામાં સૂઈ આરામ કરે છે. અનુક્રમે પતિને નિદ્રા આવી. દેઇણી પાસે બેસીને પતિની સુશ્રુષા = સેવા કરે છે.

એટલામાં ત્યાં કુમારની માતા મંગલાદેવી કે જે પતિ શ્રી કુરૂચંદ્રરાજાના મરણથી શોકાકુલ થયેલી અને પુત્રના વિયોગથી દુઃખ પામતી અનુક્રમે મરણ પામીને વ્યંતરી થયેલી, તે ત્યાં આવી.

પૂર્વભવના પુત્ર એવા રાજહંસને જોઈને તે વ્યંતરીએ દિવ્યશક્તિથી ઇંદ્રજાલ વિકવ્યું. તે આ પ્રમાણે—એક મોટા રાફડામાંથી મોટો કૃષ્ણધર સર્પ નિકળ્યો. તે ત્યાં આવેલા અન્ય સર્પને કહે છે કે—હે દુષ્ટ સર્પ! શા માટે તેં આ રાજપુત્રને દુઃખી કર્યો છે. શું અહી કોઈ નથી કે, જે રાજ–સરસવને પીસીને તક = છાસ સાથે આપે.

સર્પની વાત સાંભળી કુપિત થયેલો અન્ય સર્પ બોલ્યા કે—તું ધનને દબાવીને કેમ બેઠો છે? શું અહિં કોઈ નથી કે, જે બોદીને ધન ગ્રહણ કરે.

બંન્ને સર્પોની વાત સાંભળીને હર્ષ પામેલી દેઇણીએ ચિંતવ્યું કે—

परस्परं च मर्माणि ये न रक्षन्ति मानवाः ।
त एव निधनं यान्ति वल्मिकोदरसर्पवत् ।।

જે મનુષ્યો એક બીજાની ગુપ્ત વાતને ગોપવી રાખતા નથી તેઓ રાફડાના સર્પની જેમ નિધન = મરણ પામે છે.

તેથી આ બન્ને સર્પોની વાતથી મને મારા સ્વામિનાથના રોગ નિવારણનો ઉપાય પણ મળ્યો છે. હવે અમારા વિષાદ = ખેદના દિવસો પૂર્ણ થશે, તો હવે અહીં જ રોગ નિવારણનો ઉપાય કરું. એમ ચિંતવીને બાજુમાં રહેલા ગોકુલમાં ગઈ, ત્યાં ગોપાલને પોતાની સર્વ વાત નિવેદન કરી.

ગોપાલે પણ આશ્વાસન આપી દીકરી રૂપે દેઇણીને પોતાને ત્યાં ઉતારો આપ્યો. દેઇણીએ પણ સાર્થવાહને પૂછીને ગોપાલને ત્યાં નિવાસ કર્યો.

ત્યાં ગોકુલમાં રહીને રોગ નિવારણ યોગ્ય ઉપચાર કરતાં થોડા કાલમાં રાજહંસ નિરોગી થયો. એમ કરતાં કેટલોક કાળ ત્યાં વ્યતીત થયો.

એક દિવસ દેઇણીએ પૂછયું કે—હે પ્રાણનાથ! આપના માતા–પિતા અને કુલ તથા વંશને જાણવાની ઈચ્છા છે. તથા આપને આ રોગ કેવી રીતે થયો તે પણ કૃપા કરી કહેવા યોગ્ય હોય તો કહો!

રાજહંસે પણ યથાવસ્થિત બધી વાત સવિસ્તાર કહી. દેઇણીએ પણ પોતાના

સ્વામીની બધી જ હકીકત જાણીને ચિંતવ્યું કે—હવે મારા સ્વામીનું ભાગ્ય અનુકૂલ છે તો હવે પોતાના દેશમાં જવું યોગ્ય જ છે. એમ ચિંતવીને પોતાનો વિચાર પતિની આગળ વ્યક્ત કર્યો. રાજહંસે પણ અર્ધાંગનાની વાત સ્વીકારીને કહ્યું કે—હે પ્રિયે! તમે કહો છો તે યુક્ત જ છે.

પરંતુ ગોપાલને ઉપકારનો બદલો આપ્યા વિના જવું ઉચિત નથી.

દેવીએ સ્વામિના વચનો સાંભળી ચિંતવ્યું કે—આ મહાસત્ત્વશાળી ઉત્તમ પુરુષ છે કે—જેઓ કોઈએ પણ કરેલા ઉપકારને ભૂલતા નથી પણ કૃતજ્ઞતા વ્યક્ત કરતા પ્રત્યુપકાર કરવા તત્પર છે.

એમ ચિંતવીને દેવીએ સર્પે કહેલું નિધાનનું સ્વરૂપ પતિને કહ્યું.

બંન્ને જણા નિધાન પ્રગટ કરી લઈને ગોપાલને સમર્પણ કરી, ગોપાલની રજા લઈ અનુક્રમે જયંતી નગરીએ પહોંચ્યા.

ત્યાં નગર બહાર ઉદ્યાનમાં આંબાના વૃક્ષની છાયામાં વિસામાર્થે રહ્યા. માર્ગના પરિશ્રમથી શ્રમિત થયેલા રાજહંસને નિદ્રા આવી.

એ અવસરે તે જયંતી નગરીના રાજા શ્રીચંદ્ર પુત્ર વિનાના અકસ્માત્ મરણ પામ્યા. પ્રધાન-મંત્રી આદિ રાજપુરુષોએ અધિવાસિત કરેલા દિવ્યો પ્રવર્ત્તાવ્યા.

નગરીના મુખ્ય મુખ્ય માર્ગો પર થઈને અનુક્રમે જ્યાં રાજહંસ આરામ કરતો હતો તે ઉદ્યાનમાં પહોંચ્યા. જેના પુણ્યથી આમ્રવૃક્ષની છાયા પણ પરિણામ રહિત અર્થાત્ સ્થિર થયેલી, તે આમ્રવૃક્ષ પાસે દિવ્ય આવ્યા અને નિદ્રાધીન એવા રાજહંસ ઉપર દિવ્ય કળશ ઢળ્યો.

પ્રધાનાદિ રાજસેવકોએ તે સમયે જય જય શબ્દોના ઉચ્ચાર સાથે ગગનને શબ્દમય બનાવેલો.

જાગૃત થયેલો રાજહંસ પણ વિસ્મયતા યુક્ત ચિત્તમાં વિચારે છે કે—"આ શું?"

એટલામાં પ્રધાન પુરુષોએ વિનંતિ કરી કે—પધારો!!! રાજમહેલને શોભાવો!!! આપ શ્રીમાન્ હવે અમારા રાજ્યના સ્વામી છો!!! આપની મહેરબાનીથી અમે બધા સુખી થઈશું!!!

એમ કહી રાજા યોગ્ય વસ્ત્ર-અલંકારોથી રાજહંસને શણગારીને હાથીની અંબાડીમાં બેસાડીને જય જયના નાદ સાથે બધા નગરમાં પ્રવેશે છે મહોત્સવ સાથે

રાજ્યાભિષેકની વિધિ થઈ અને રાજહંસ હવે જયંતી નગરીના રાજા તરીકે પ્રસિદ્ધિને પામ્યા. પૂર્વોપાર્જિત પુણ્યના બળે નિર્વિઘ્ન રૂપે રાજ્યનું સંચાલન કરે છે.

એકદા જયંતી નગરીમાં નવો રાજા આવ્યો છે એમ સાંભળીને ઉજ્જૈની નગરીના મહાસેન રાજાએ દૂતને મોકલ્યો, ને કહેવડાવ્યું કે—જલ્દીથી રત્ન-મણિ અને સુવર્ણનું ભેટણું લઈ મહાસેન રાજાની સેવા સ્વીકારો અને તેમની આજ્ઞાથી જયંતી નગરીના રાજ્યને સુખેથી ભોગવો.

રાજહંસ રાજાએ કહ્યું કે—હે દૂત! તું તારા રાજાને કહે કે—તમે વૃદ્ધ છો! વડિલ છો! મહારાજા છો એ બધું સાચું પણ તમે જે કહેવા માગો છો તે હમણાં નહિ થાય.

પણ રણસંગ્રામમાં યુદ્ધ થયા પછી જે ઉચિત હશે તે કરીશ.

રાજહંસ રાજાની વાત હૃદયમાં ધારણ કરી દૂત અનુક્રમે ઉજ્જૈની નગરીએ પહોંચ્યો અને મહારાજા મહાસેનને પ્રણામ કરી બધી જ વાત નિવેદન કરે છે.

દૂતની વાત સાંભળી કોપાયમાન થયેલા મહાસેન રાજા યુદ્ધની તૈયારી કરીને ચતુરંગી સેના સાથે લડવા પ્રયાણ કરે છે.

અનવરત પ્રયાણથી યાવત્ જયંતી નગરીના સીમાડે પહોંચે છે તેટલામાં

આ તરફ ચર પુરુષોથી જાણ્યું છે મહાસેન રાજાનું આગમન એવા રાજહંસ રાજાએ દેઈણીની સલાહથી સામંત-મંત્રી અને પ્રધાન પુરુષોની સાથે સમાલોચના કરી તત્કાલ ચતુરંગી સેના સાથે મહાસેન રાજા સન્મુખ પ્રયાણ કર્યું.

અનુક્રમે દેશના સીમાડે બંનેની સેના ભેગી થઈ. પરસ્પર યુદ્ધ થયો. મહાસેન રાજાની સેનામાં ભંગાણ પડ્યું. મહાસેન રાજા પકડાયા. સુભટોએ મહાસેન રાજાને બાંધીને રાજહંસ રાજાની સન્મુખ ઉપસ્થિત કર્યા.

રાજહંસ રાજાએ દેઈણી-સ્ત્રી = પટ્ટરાણીને બોલાવીને પૂછયું કે—હે પ્રિયે! હવે શું કરવું યુક્ત છે? દેઈણી બોલી—હે સ્વામિન્! સત્કાર અને સન્માન કરીને વિસર્જિત કરવું એ સજ્જનોનું કર્તવ્ય છે.

તત્કાલ મહાસેન રાજાના બંધનો ખોલીને રાજહંસ રાજા સ્વયં સ્નાન કરાવે છે. વસ્ત્રાલંકાર પહેરાવીને રત્ન-મણિના સુવર્ણથાળનું ભેટણું આપીને સન્માન કરે છે તે સમયે દેઈણી આવીને પિતા એવા મહાસેન રાજાના ચરણોમાં પ્રણામ કરીને બોલી કે—હે પિતાજી! હે તાત! આપના આશીર્વાદથી પોતાના પુણ્ય ઉપર નિર્ભર રહેનારી એવી હું આપની પુત્રી દેઈણી જ છું.

મહાસેનરાજાએ ચિંતવ્યું કે—આ મારી પુત્રીએ પોતાના પતિનો પરિત્યાગ કરીને બીજો કોઈ પતિ કર્યો હોય તેવું જણાય છે. એમ ચિંતવીને લજ્જા પામતો રાજા યાવત્ મૌન રહે છે.

તેટલામાં રાજાના મનોગત ભાવોને અનુમાનથી જાણીને દેવીએ એ બધી જ હકીકત સંક્ષેપથી કહીને જણાવ્યું કે—હે તાત! આ પુરુષ બીજા કોઈ નથી પણ કુરચંદ્ર રાજાના પુત્ર રાજહંસ જ છે અને આ હું બીજી કોઈ નથી પણ આપ શ્રીમાન્ મહાસેન રાજાની પુત્રી જ છું.

બધા લોકો ખુશ થયા.

મહાસેન રાજા ચિંતવે છે કે—મેં મિથ્યા અભિમાનમાં આવીને જે કાર્ય કર્યું તે અયુક્ત જ છે. વાસ્તવમાં પ્રત્યેક આત્માઓ પોતાના પુણ્યથી જ સુખ પામે છે અને પોતાના કરેલા પાપકર્મોથી જ દુઃખી થાય છે. એમ ચિંતવીને પોતાના કરેલા અપરાધની ક્ષમા યાચે છે. અને રાજહંસ રાજકુમારને કહ્યું કે—

હે પુરુષોત્તમ! તમે હવે મારા રાજ્યને સ્વીકારો. હું હવે વનમાં જઈને તપ કરીશ એમ કહી મહાસેન રાજા વનમાં જઈ તપ તપી આત્માને નિર્મલ કરી સદ્ગતિગામી થયા.

આ બાજુ રાજહંસ રાજા જયંતી નગરીના અને ઉજ્જૈન નગરીના રાજ્યનું ન્યાય-નીતિથી સંચાલન કરતા સુખપૂર્વક સમય વીતાવે છે.

અનુક્રમે દેવીએ રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજમૃગાંકના નામે પ્રસિદ્ધિ પામતો રાજકુમાર બીજના ચંદ્રની જેમ કળા અને શરીરથી વૃદ્ધિ પામવા લાગ્યો.

હવે એકદા રાજહંસ રાજાને વિચાર આવ્યો કે—"કયા કર્મના ફળથી મને આવો ભયંકર રોગ થયેલો." ઇત્યાદિ ચિંતાતુર થયેલા રાજાની ચિંતાના નિવારણ માટે જ ન આવ્યા હોય!!! તેમ તે સમયે ચાર જ્ઞાનવાળા જ્ઞાનભાનુ નામના આચાર્ય શિષ્ય પરિવાર સાથે તે જયંતી નગરના બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા.

ઉદ્યાન પાલકે મુનિવરોના આગમનના સમાચાર રાજાને નિવેદિત કર્યા.

રાજા પણ પટ્ટરાણી સાથે તથા પરિકર યુક્ત ઉદ્યાનમાં ગયા. નગર લોકો પણ ત્યાં એકત્રિત થયા.

મુનિવરને વંદન કરી બધા ઉચિત સ્થાને બેઠા ત્યારે મનઃપર્યવજ્ઞાની જ્ઞાનભાનુ

સૂરિજીએ ધર્મદેશના આપી, દેશના સાંભળી પ્રતિબોધ પામેલા રાજહંસ રાજા હાથ જોડીને વિનયપૂર્વક પૂછે છે કે—"હે ભગવન્! મેં એવું તે શું દુષ્કૃત અને સુકૃત કરેલું કે—જેથી મને ભયંકર જલોદર રોગ થયો અને હમણાં રાજ્યાદિ ઋદ્ધિ પામ્યો છું."

પ્રત્યક્ષ જ્ઞાનના અનુભાવથી જાણ્યો છે પૂર્વ વૃત્તાંત જેમણે એવા પૂ. મુનીન્દ્ર ભગવંતે યથાવસ્થિત રીતે પૂર્વ ભવમાં કરેલ વ્રત-નિયમ ભંગ તથા પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈ પુનઃ નિરતિચાર વ્રત-નિયમનું આરાધન ઇત્યાદિ પૂર્વોક્ત સર્વ સ્વરૂપ કહ્યું.

મુનિવરના વચનો સાંભળી થયું છે જાતિસ્મરણ જેમને એવા રાજહંસ રાજા બોલ્યા—હે ભગવન્! આપ જે પ્રમાણે કહો છો તે સાચું જ છે. અમે પણ આપના પસાયથી પૂર્વ ભવને પ્રત્યક્ષ હોય તેમ જોઈએ છીએ.

તે સમયે અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી થયા છે દેશવિરતિના પરિણામ જેમને એવા તે રાજહંસ રાજા રાણી સાથે અણુવ્રતોને સ્વીકારે છે. વારંવાર સિદ્ધાંતોનું શ્રવણ કરે છે. અને યથાવિધિ શ્રાવકોચિત ધર્મારાધન કરવા પૂર્વક રાજ્યનું સંચાલન કરે છે.

જિનેશ્વર પ્રભુના દેરાસરો બંધાવે છે. જિનેશ્વર પ્રભુની પ્રતિમાઓ ભરાવરાવે છે. જિનાગમ = સિદ્ધાંતો લખાવે છે શ્રમણ શ્રમણી શ્રાવક શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘની સેવા—ભક્તિ કરે છે સાથે સાથે અનુકંપા દાન પણ આપે છે.

યથાવિધિ શ્રાવકધર્મને આરાધતાં થયા છે ચારિત્રના પરિણામ જેમને એવા તે રાજહંસ રાજા તથા દેવીણી રાણીએ ચારિત્ર સ્વીકાર્યું.

યથાવિધ શ્રમણત્વની આરાધના કરી કાળમાસે કાળધર્મ પામી બ્રહ્મદેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થઈ. અનુક્રમે નિર્વાણ પામ્યા છે.

ઉપરોક્ત વ્રત ભંગના વિપાકને સાંભળીને સામદેવ બોલ્યો કે—"હે ભગવન્! ગમે તેવા સંયોગો ઉપસ્થિત થાય તોપણ હું વ્રતભંગ નહીં કરું."

ગુરુ સાક્ષીએ ઉપરોક્ત વ્રત ગ્રહણ કરી સામદેવ ઘેર આવ્યો.

પણ વામદેવ કર્મની ગૌરવતાથી ગુરુ વચનને સ્વીકાર્યા વિના ઘેર આવ્યો. પ્રાણિવધમાં તત્પર એવો તે વામદેવ શિકાર કરી નિરપરાધી જીવોનો વધ કરી માંસનું ભક્ષણ કરે છે.

વામદેવને પ્રાણિવધમાં નિરત જોઈને સામદેવ અલગ રહે છે. અને પોતાના વ્રતને નિરતિચાર પાળે છે.

જુદા સ્થાનમાં રહેલા સામદેવ પર કોપાયમાન થયેલ વામદેવે શિકાર પ્રિય

છે જેને એવા જયપાલ રાજાની પાસે જઈને કહ્યું કે—હે રાજન્! આ સામદેવ કહે છે કે—જે શિકાર કરે છે, નિરપરાધિ જીવોને મારે છે તે પાપી છે.

વામદેવના વચનો સાંભળી ક્રોધાયમાન થયેલ રાજાએ સેવકો દ્વારા સામદેવને બોલાવીને વનમાં તેડાવ્યો અને કહ્યું કે—જો તું શિકાર કરે તો તને મુક્ત કરીશ અને ઘણું ધન-સંપત્તિ આપીશ.

સામદેવ બોલ્યો કે—હે રાજન્! જો પ્રાણિવધ કરૂં તો જ આપની મારા ઉપર મહેરબાની થતી હોય તો આપની મહેરબાનીથી મળનારી ધન-સંપત્તિથી સર્યું.

પ્રાણિવધવિરમણ વ્રતને પાળવામાં તત્પર એવા સામદેવને જોઈ ને અતિ રોષાયમાન થયેલા તે જયપાલ રાજાએ સેવકોને કહ્યું કે—આ સામદેવને શસ્ત્રો આપો, અને જો હરણ આદિ વધ ન કરે તો તે જ શસ્ત્રોથી સામદેવને હણો.

રાજપુરુષો સામદેવને શસ્ત્રો આપે છે પણ સામદેવ નિરપરાધી એવા હરણ વિગેરેનો વધ કરતો નથી તેથી રાજાના આદેશાનુસાર તે જ હથિયારોથી સામદેવને હણવા માટે રાજપુરુષો તૈયાર થાય છે તો પણ તે સામદેવ ગભરાતો નથી અને મૌન જ રહે છે ત્યારે રાજાએ ચિંતવ્યું કે—આ સામદેવ લોભથી કે ભયથી પણ પ્રાણિવધ નહિ કરે.

તો આ સુંદર પ્રકારનો અંગરક્ષક થવા યોગ્ય છે એમ વિચારીને જયપાલ રાજાએ સામદેવને પોતાનો અંગરક્ષક બનાવ્યો.

અનુક્રમે અંગરક્ષક એવા સામદેવે તે જયપાલ રાજાને પણ યુક્તિપૂર્વક પ્રાણિવધની વિરતિ કરાવી.

આ પ્રમાણે ગ્રહણ કરેલ વ્રતને નિરતિચાર રૂપે પાલન કરતો તે સામદેવ આયુ: ક્ષયે સૌધર્મદેવલોકમાં દેવ થયો.

હવે આ બાજુ વામદેવ પણ કયારેક શિકાર કરવા ગયેલ ત્યારે એક નિરપરાધી એવા વરાહને બાણ મારે છે. તે સમયે કોપાનલથી થયા છે લાલ નેત્રો જેના એવો તે વરાહ વામદેવની સામે દોડીને બીજના ચંદ્ર જેવી વક્ર દાઢાઓથી વામદેવની જંઘાને ફાડે છે અનુક્રમે રૌદ્ર ધ્યાનાધિરૂઢ એવો તે વામદેવ આયુ:ક્ષયે મરણ પામી પહેલી નરકમાં ઉત્પન્ન થયો.

આ તરફ—સામદેવનો જીવ પહેલા દેવલોકમાં યથાશકય ધર્મ આરાધના કરી આયુ: પૂર્ણ થયે ચ્યવીને હે મહારાજ! તમે થયા છો. અને વામદેવનો જીવ રત્નપ્રભા-નરકમાં અસહ્ય વેદના ભોગવી આયુ:ક્ષયે ચ્યવીને આ દ્રમક થયેલ છે.

પૂર્વ ભવના ભાઈના સંબંધથી તે દ્રમકને જોઈને તમોને કંઈક સ્નેહ ભાવ થયો છે પણ અતિઉગ્ર ભાવે કરેલા પાપકર્મોના ફળને ભોગવતો આ દ્રમક સ્વકૃત દુષ્કૃત કર્માનુસારે દીર્ઘ કાળ પર્યંત ચાર ગતિ સ્વરૂપ સંસારમાં પરિભ્રમણ કરશે.

અને પૂર્વ ભવમાં તમોએ કરેલી જે જીવવધની વિરતિ, તે પ્રાણિવધવિરતિના પસાયે તમે સેંકડો સંકટો = દુઃખોને ઓળંગીને રાજ્યસંપદા પામ્યા છો.

મુનિવરના વચનો શ્રવણ કરી થયો છે ઉલ્લાપોલ જેમને એવા તે દેવપ્રસાદ રાજા જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. પૂર્વ જન્મને પ્રત્યક્ષ રીતે જોઈને દેવપ્રસાદ રાજા બોલ્યા કે—હે મુનીન્દ્ર! આપે જે પ્રમાણે કહ્યું તે બધું જ હું પ્રત્યક્ષ હોય તેમ જોઉં છું.

તો હે ભગવન્! કૃપા કરી મને સર્વ પ્રાણિવધની વિરતિ આપો.

ગુરુ બોલ્યા—હે મહાભાગ! સર્વજીવવધની વિરતિ તો શ્રમણ જીવનમાં જ સંભવી શકે.

દેવપ્રસાદ રાજા બોલ્યા—હે મુનીશ્વર! જો સર્વજીવવધની વિરતિ મુનિજીવનમાં જ થઈ શકે તેમ હોય તો, હું દીક્ષા ગ્રહણ કરીશ.

આપ કૃપા કરી અહીં સ્થિરતા કરો.

મુનિવર બોલ્યા—શુભ કાર્યમાં વિલંબ ન કરવો.

"તહત્તિ" કહીને દેવપ્રસાદ રાજાએ પોતાના મોટા પુત્ર જયનો રાજ્યાભિષેક કર્યો અને નાના પુત્ર વિજયને યુવરાજ પદારૂઢ કર્યો.

ત્યાર પછી જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને, દીન-દુઃખીઓને દાન આપીને શુભ લગ્ન મુહૂર્તે દેવપ્રસાદ રાજા દીક્ષા ગ્રહણ કરે છે.

દમસાર કેવલિ ભગવંત સાથે વિચરતા તે દેવપ્રસાદ રાજર્ષિ છ જીવાનકાયની જયણા કરવાપૂર્વક તીવ્ર તપશ્ચર્યા સાથે નિરતિચાર મુનિ જીવન જીવે છે.

અંતે સંલેખના કરી સમાધિપૂર્વક કાળધર્મ પામી દેવલોકમાં દેવ થયા અને અનુક્રમે નરજન્મ પામી, ચારિત્ર લઈ ઘાતિકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ભવોપગ્રાહી અઘાતિ કર્મોનો ક્ષય થયે અજરામર એવા તે દેવપ્રસાદ રાજર્ષિના આત્મા પરમાત્મ પદ પામ્યા.

ઇતિ શ્રી સોમપ્રભ સૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં પ્રાણાતિપાતવિરમણ ગર્ભિત શ્રી દેવપ્રસાદ રાજાની કથાના વર્ણન સ્વરૂપ અઢારમો પ્રસ્તાવ સમાપ્ત.

—o—

" मङ्गलानन्दन श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः "



卐 પ્રસ્તાવ–૧૯ મો 卐

મૃષાવાદવિરમણ સ્વરૂપ દર્શન—

પ્રાણિવધની વિરતિ કરનારો જે પુણ્યાત્મા, જો મૃષાવાદનો ત્યાગ ન કરે તો, તે જીવ વ્યાઘ્રતટીના ન્યાયને અનુસારે નદીમાં ડૂબતો તો બચ્યો, પણ વાઘના મુખમાં સપડાઈને પ્રાણ ગુમાવે છે.

સર્પ જેમ વિશ્વાસ કરવા યોગ્ય નથી તેમ જુઠું બોલનારો જીવ વિશ્વમાં અવિશ્વસનીય બને છે તથા જગતમાં અપયશઃ પામે છે અને માતા–પિતાદિને પણ સંતાપ કરનારો થાય છે. તથા

સત્યથી ચોતરફ યશઃકીર્ત્તિ પ્રસરે છે વળી સત્યથી જ લોકોમાં વિશ્વાસ પાત્ર થવાય છે અને સત્યથી જ સ્વર્ગ અને મોક્ષની સંપદાઓ હસ્તગત થાય છે.

સત્યના ઉપાસકની કિંકરની જેમ દેવો પણ સેવા કરવા સદા તત્પર રહે છે અને હાથી ઘોડા સિંહ સર્પ વિગેરે પ્રાણીઓ પણ સત્યના ઉપાસકની આજ્ઞાને ઉલ્લંઘતા નથી.

મૃષાવાદવિરમણની મહિમાથી સરિતા શિલા બને છે, ખડ્ગ કમલની પાંખડી બને છે, જવલન જલ બને છે. અને કાળો નાગ પુષ્પમાળા બને છે

સત્ય વચનના પ્રભાવથી પ્રગટેલા અવધિજ્ઞાનથી જાણ્યા છે રૂપી દ્રવ્યોના યથાવસ્થિત સ્વરૂપને જેમણે એવો સત્યપાલ નામનો કુલાલ = કુંભાર ઉત્તમ કુલમાં જનમ્યો ન હતો. તો પણ રાજા તથા પ્રજાને પૂજનીય = સન્માનીય બન્યો છે.

મૃષાવાદવિરમણ વિષે સત્યપાલ કુલાલ = કુંભારની કથા—

આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં અંગ દેશમાં ચંપા નામની નગરી છે કે જેની ઋદ્ધિ–સમૃદ્ધિથી લજ્જા પામેલી અલકાપુરી સ્વર્ગલોકમાં ચાલી ગઈ.

તથા ભવિષ્યમાં વાસુપૂજ્ય સ્વામી નામના બારમા તીર્થંકર આ ચંપા નગરીમાં

જ થવાના છે એમ જાણીને જ ન હોય ! તેમ આ ચંપા નગરીમાં કયારેય પણ મારી—મરકી કે દુર્ભિક્ષ = દુકાળ થતો નથી.

તે નગરીમાં ચંપક નામના રાજા રાજ્ય કરે છે કે જેના ભુજા બળથી વશ થયેલા રાજાઓ ચંપક મહારાજાની સેવા કરવા પૂર્વક ગુણગાન કરે છે. તેથી જ ચંપકરાજાની યશઃકીર્તિ દિગંત વિસ્તરેલી છે.

તે ચંપક રાજાને ચંપકમાલા નામની પટ્ટરાણી છે. તે રાણી સૌભાગ્ય રૂપ હાથીઓની હાથીશાળા જેવી છે તથા દુઃખી જીવોના દુઃખ રૂપ વૃક્ષનો નાશ કરતાં દાવાનલ જેવી છે તથા ચંદ્રની જયોત્સ્ના જેવા વિમલ ગુણગણાન્વિતા છે.

પંચવિધ વિષય સુખ ભોગવતાં ચંપકરાણીની કુક્ષિએથી રત્નમાલા નામની કુંવરીનો જન્મ થાય છે કે જે રાજકુમારિકા પંકજના જેવા નયણવાળી છે, ચંદ્ર જેવા મુખવાળી છે. તથા તેના કુંદ (પુષ્પ) જેવા સ્વચ્છ દાંત છે.

અનુક્રમે સ્ત્રી યોગ્ય ૬૪ કળાઓનો અભ્યાસ કરતી તે રત્નમાલા યૌવનાવસ્થા પામી.

તે રત્નમાલાના લાવણરૂપ નદીમાં વિલાસ કરતા નયનરૂપ કમળમાં મદનરૂપ ભમરો ત્રણે ભુવનના વિજયથી લાગેલા થાકને દૂર કરવા ક્રીડા કરે છે.

સકલ કલાઓના નિધાન તુલ્ય અને કવિત્વ કળામાં વિશેષે કુશળ એવી રત્નમાલાએ ચિંતવ્યું કે—સંસારમાં ત્રણ મોટા દુઃખો છે.

૧. અવિદગ્ધ = મુરખ પતિ.

૨. નિર્ગુણસ્વામિની સેવા

૩. દરિદ્રતા.

તો હવે જે કોઈ કવિત્વ શક્તિથી મને પ્રસન્ન કરશે = હર્ષ પમાડશે તે પુરુષનો જ પાણિગ્રહણ કરવો.

ઉપરોક્ત પ્રતિજ્ઞા રત્નમાલાએ કરી છે એમ જાણીને તેના પિતા ચંપક રાજા સ્વયંવર મંડપ રચે છે. દેશ-દેશાંતરથી કળા કુશલ ઘણા રાજકુમારો આવે છે. બધા સ્વયંવર મંડપમાં યથોચિત સ્થાને બેસે છે. રાજા પણ પરિકર સાથે સ્વયંવરમંડપમાં ઉચિતાસને બિરાજમાન થાય છે. સભાસદો = સભ્યો પણ યથાસ્થાને બેસી ગયા ત્યારે

કાંતિના સમૂહથી સકલ દિશાઓને ઉદ્યોતિત કરતી સાક્ષાત્ રત્નોની માળા જ ન હોય ! તેવી રત્નમાલા રાજકુમારી સખીઓથી પરિવરેલી વરમાળા હાથમાં લઈને સ્વયંવર મંડપમાં આવી. અને પિતા એવા ચંપક રાજાના સિંહાસન પાસે

આવીને, આવેલા રાજકુમારોને ઉદ્દેશીને ચતુર્થ પદ ગૂઢ = ગુપ્ત છે જેમાં એવી સમસ્યા ના પદો કહે છે.

તત્કાલ પોત-પોતાની મતિવિભવના અનુસારે બધા રાજકુમારો સમસ્યાની પદપૂર્ત્તિ કરે છે પણ રત્નમાલા રાજકુમારીને હર્ષ થયો નહિ ત્યારે ગંભીરતાથી મૌન રહેલ શ્રીનંદન નામના રાજકુમારે મૌનને પૂર્ણ કરી ગંભીર ધ્વનિએ સમસ્યાની પદપૂર્ત્તિ કરી. કે તત્કાલ રત્નમાલા ખુશ થઈ = પ્રસન્ન થઈ. બધા રાજકુમારો અને સભાલોકો પણ આશ્ચર્યતાપૂર્વક અનંદ અનુભવવા લાગ્યા.

રત્નમાલા રાજકુમારી બોલી કે—"હે મહાભાગ! તમે પણ સમસ્યા પદ પૂછો."

શ્રીનંદન રાજકુમારે સમસ્યા પદો ઉચ્ચાર્યા. શ્રવણ કરીને બધા જ રાજકુમારો અને સભાલોકો મતિમંદતાથી વિચારવા લાગ્યા કે—આ સમસ્યામાં શું કહેવા માગે છે? કયા પદથી પૂર્ત્તિ કરવી ઉચિત છે? એટલામાં બુદ્ધિ વિજ્ઞાન સંપન્ન રત્નમાલા કવિત્વ કળાથી પદપૂર્ત્તિ કરે છે. કવિત્વ ગુણથી ચમત્કાર પામેલા બધા લોકો શ્રીનંદન રાજકુમારની અને રત્નમાલા રાજકુમારિકાની પ્રશંસા કરે છે. અને બોલે છે કે —આ બન્નેનો સંબંધ યુક્ત જ છે.

સોપારીના વૃક્ષને વિંટળાતી નાગવલ્લીને જોઈ કોણ હર્ષ ન પામે? કોણ પ્રશંસા ન કરે?

રત્નમાલા રાજકુમારિકા પણ તત્કાલ શ્રીનંદન રાજકુમારના કંઠમાં વરમાળા પહેરાવે છે.

ચંપક રાજાએ પણ મહોત્સવપૂર્વક રત્નમાલાને શ્રીનંદન રાજકુમાર સાથે પરણાવી.

અને આવેલા અન્ય રાજકુમારોને યથોચિત સન્માન કરી વિસર્જિત કર્યા.

શ્રીનંદન રાજકુમાર ચંપક રાજાના આગ્રહથી ચંપા નગરીમાં જ રાજાએ આપેલા આવાસ ભવનમાં પંચવિધ વિષય સુખને અનુભવતા રહે છે.

અનુક્રમે ગ્રીષ્મ ઋતુ આવી. તે સમયે સૂર્ય પોતાના પ્રખર કિરણોથી સકલ ભુવનને સંતાપ ઉપજાવે છે. લૂ વાય છે, પથિક લોકો જલના અભાવે તૃષાતુર થાય છે, લોકો ચંદનના દ્રવનું વિલેપન કરે છે. તથા ઝીણા વસ્ત્રો પહેરે છે.

ને ગ્રીષ્મ ઋતુના સમયે એકદા શ્રીનંદન રાજકુમાર રત્નમાલાની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા જાય છે સંધ્યાના સમયે ઉદ્યાનમાં ક્રીડા કરતી રત્નમાલાના શરીરમાં કોઈ ક્ષુદ્ર દેવતા લાગ જોઈને પ્રવેશે છે. કે તત્કાલ તે રત્નમાલા કુહાડીથી છેદાયેલી લતાની

જેમ પૃથ્વીપીઠ ઉપર ધબ દઈને પડે છે, મૂર્છા પામે છે, બોલી શકતી નથી, આંખો પણ બંધ થયેલી છે. આવા પ્રકારની મૂર્ચ્છિત થયેલી રત્નમાલાને તત્કાલ સેવકો દ્વારા જ્ઞાત વૃત્તાંત–રાજા–રાણી રાજમહેલમાં લઈ ગયા.

વૈદ્યોને બોલાવ્યા ઔષધોપચાર કરવા છતાં સ્વસ્થતા આવી નહિ.

મંત્રવાદીઓએ વિવિધ મંત્રોચ્ચારથી મૂર્ચ્છા દૂર કરવા પ્રયત્ન કર્યો પણ બધા જ મંત્રો નિષ્ફળ નિવડ્યા. ખેદ પામેલા રાજા અને રાણી કરૂણ સ્વરે વિલાપ કરે છે. હે વત્સે! સકલ કલાના સમૂહથી કુશળતાની ભૂમિકા સમાન એવી તું દૈવના યોગથી અત્યારે કેવા સંકટમાં આવી પડી છે.

જે તારા વચનોની મધુરતાની આગળ અમૃત પણ ફીક્કું લાગતું હતું, તે તારા વચનો અત્યારે અમને દુર્લભ બન્યા છે.

જે તારા વચનો સઘળા પંડિતોની સભામાં પણ વિજય પતાકાને પામેલ તે તારા અમૃતથી પણ મધુર વચનો અમે કયારે સાભળશું.

આ રીતે વિલાપ કરતા રાજા–રાણીને મંત્રી આશ્વાસન આપતા કહે છે કે— હે દેવ!

નજીકના જ સીમાડાના ગામમાં એક ગુણ નિષ્પન્ન સત્યપાલ નામનો કુંભાર રહે છે.

તે કુંભારને સત્ય વચનના અનુભાવથી અવધિજ્ઞાન પ્રગટ થયેલ છે તો તે આપણા સંદેહને દૂર કરશે અને યોગ્ય ઉપાય પણ બતાવશે.

તો તેને આપણે રત્નમાલાના વ્યાધિના નિવારણનો ઉપાય પુછીએ.

રાજા બોલ્યો—હે મંત્રિન્! તુર્ત તે મહાનુભાવને બોલાવો.

મંત્રી બોલ્યો—હે રાજન્! નિરીહ એવો તે કોઈની પાસે જતો નથી. વળી અતિશયવાળા અવધિજ્ઞાન યુક્ત હોવાથી તે સત્કાર–સન્માન સ્વરૂપ પૂજાને ઉચિત છે. તેથી આપણે જ તેની પાસે જવું જોઈએ.

ત્યાર પછી રાજા પણ રત્નમાલાને લઈને સપરિકર તે ગામમાં જાય છે. ઉચિત સત્કાર–સન્માન કરી તેની સન્મુખ ઉચિત સ્થાને બેસે છે.

એટલામાં તીવ્ર તપથી શોષાયેલા શરીરવાળા તથા જટા રૂપ મુકુટને ધારણ કરનારા કોઈ એક ઋષિ ત્યાં આવ્યા.

કુંભારે કહ્યું કે—હે ભદ્ર! આપને કુશળ છે ને!

તમારા હુંકારા સ્વરૂપ શ્રાપથી અદગ્ધ—શરીરવાળો શીલવતી વિમલા શ્રાવિકાએ તમોને અહિં મોકલ્યો છે ને ?

ઋષિ બોલ્યા—આપ જે કંઈ કહો છો તે સંપૂર્ણ સત્ય જ છે!!! એમ કહી પ્રસન્ન મુખવાળા તે તાપસ ઋષિ કુલાલ-કુંભારની પ્રશંસા કરે છે અને સંદેહ રૂપ પ્રશ્ન પુછી ખુલાસો મેળવીને પોતાને સ્થાને જાય છે.

ઋષિની વાત સાંભળીને થયો છે વિસ્મય જેમને એવા તે રાજા બોલ્યા—"આમાં શું હકીકત છે !"

તે કુંભારે પણ જટાધારી તે ઋષિનું બધુ જ વૃત્તાંત મૂળથી આરંભીને કહ્યું.

વિંધ્ય અટવીમાં સાંડિલ્ય નામના તાપસ તપ: તપે છે. એકદા તેના મારા ઉપર સમળીએ વિષ્ઠા કરી, કોપાકુલ તે તાપસના હુંકારામાત્રથી તે સમળી બળીને ભસ્મ થઈ.

પોતાની શક્તિને જાણીને ખુશ થયેલ તે તાપસ પુરીમાં આવ્યો. ભિક્ષા માટે ધનદેવ નામના પ્રવર શ્રાવકના ઘરમાં પ્રવેશ્યો.

તે ધનદેવ શ્રાવકની પત્ની જિનધર્મમાં આસક્ત તથા વિમલ શીલવાળી એવી વિમલા શ્રાવિકા ઘરકામમાં ગૂંથાયેલી હોવાથી ભિક્ષા આપવામાં વાર લાગી. જ્યારે ભિક્ષા આપવા વેળાએ આવી ત્યારે કોપાકુલ તે તાપસ વિમલા શ્રાવિકાને બાળીને ભસ્મ કરવા માટે હુંકારો કરે છે.

વિમલા શ્રાવિકા બોલી—હે ઋષિરાજ ! હું તે વિંધ્યાટવીની સમળી નથી કે—જેને તમોએ હુંકારા માત્રથી બાળી ભસ્મ કરેલ.

શ્રાવિકાના વચનો સાંભળી ચકિત થયેલ તાપસ બોલ્યો હે ભદ્રે ! તમે તે વાત કેવી રીતે જાણી ?

વિમલા શ્રાવિકા બોલી—આ વાત તમોને સીમાડાના ગામમાં રહેનારો કુંભાર કહેશે.

એટલે તે જ આ તાપસ પોતાના સંદેહને નિવારણ કરવા માટે અહીં મારી પાસે આવેલ છે.

હે નરેન્દ્ર ! વિમલ શીલના પ્રભાવથી વિમલા શ્રાવિકાને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. અને મને સત્ય વચનના પ્રભાવથી અવધિજ્ઞાન થયેલ છે. તે જ્ઞાનના પ્રભાવથી અમે બન્ને યથાવસ્થિત વસ્તુને જોઈ એ છીએ અને જાણીએ છીએ.

કુંભારના વચન સાંભળી થયું છે વિસ્મય જેને એવા રાજાએ કહ્યું કે—અહો કેવો મહિમા છે સત્ય વચનનો અને શીલરત્નનો.

આ પ્રમાણે જ્ઞાનના અતિશયથી = મહિમાથી ખુશ થયેલ રાજાએ કુંભારને રત્નમાલા બતાવીને પૂછયું કે—રત્નમાલાને કયો રોગ થયેલ છે. તે રોગનું કારણ શું હતું અને હવે તે રોગનું નિવારણ કેવી રીતે થાય ?

કુંભારે રાજાના વચનો શ્રવણ કરી, ઉપયોગ દઈ અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે—

હે રાજન્ ! આ વિષયમાં મોટી કથા છે તો તમે સાવધાન થઈને સાંભળો !!!

સ્વસ્તિમતી નામનું ગામ છે ત્યાં દયા-દાન અને દાક્ષિણ્યતાદિ ગુણ યુક્ત દેવગુપ્ત નામનો વણિક રહે છે તેને ગુપ્તા નામની ભાર્યા છે અને દેવિલા નામની બહેન છે.

તે દેવિલા પરણવા માત્રમાંજ પૂર્વકૃત દુષ્કૃતના દોષથી પતિથી તજાયેલી દેવગુપ્ત ભાઈના ઘેર રહે છે.

દેવગુપ્ત ભાઈએ પણ દાન આપવા આદિના ધર્મના કાર્યોમાં રક્ત કરી. એકદા સાધ્વીઓ ભિક્ષા માટે આવી. દેવિલાએ બહુમાન સાથે ભિક્ષા આપીને પૂછયું કે-તમે કયાં રહો છો ?

સાધ્વીઓએ કહ્યું કે—જિનદત્ત શ્રેષ્ઠીની યાનશાલામાં ત્યાં અમારા ગુરુણીજી એવા પ્રવર્ત્તિની સાધ્વીજી મ. શ્રી વિમલવતીજી બિરાજમાન છે.

અપરાહ્ન કાળે = બપોર પછી ત્રીજા પ્રહરે દેવીલા ત્યાં સાધ્વીજી મ. પાસે ગઈ. પ્રવર્ત્તિની સાધ્વીજી મ. ને વંદન કરીને ઉચિત સ્થાને હાથ જોડીને બેઠી. અને વિનય પૂર્વક બોલી કે—હે ભગવતિ ! ઘણા શાસ્ત્રોથી પરિકર્મિત થયેલી બુદ્ધિ વાળા આપ છો, તો તમે કંઈક વશીકરણનું ચૂર્ણ બતાવો.

ગુરુણીજી બોલ્યા—હે ભદ્રે ! સાધ્વીઓને આવું બતાવવું અનુચિત છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—જ્યોતિષ્ક—નિમિત્ત—અક્ષર કૌતુક. તથા ભૂતિકર્મ કરવાથી અને કરાવવાથી અને અનુમોદવાથી સાધુઓના તપોધર્મનો નાશ થાય છે.

પરંતુ ઉત્તમ પ્રકારનું વશીકરણ એવો ધર્મ તમને બતાવું છું. કહ્યું છે કે—

સૌભાગ્ય આરોગ્ય દીર્ઘ આયુ: મનોવાંછિત લક્ષ્મી વિપુલ ભોગો દેવગતિના સુખો અને શિવગતિના સુખોનું વશીકરણ યથાવિધિ આરાધેલો જિનેન્દ્રોક્ત જયણામય ધર્મ જ છે.

એ પ્રમાણે પ્રતિદિન ધર્મ વાર્તા સાંભળતી એવી દેવિલાની કર્મોની ગ્રંથી ભેદાઈ, સમ્યગ્દર્શન પામી, અને તેથી જ આત્માના સુખની સહજ અનુભૂતિથી

વિષયવાસના મંદ થવા લાગી, અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી થયા છે દેશવિરતિના પરિણામ જેને એવી દેવિલા ગુરુણી પાસે સમ્યક્ત્વ મૂલ બાર વ્રતો ઉચ્ચરે છે અને દેવગુપ્ત ભાઈ પાસે આવીને વ્રત ગ્રહણ કર્યાની વાત જણાવે છે અને જિનધર્મનું સ્વરૂપ સમજાવે છે પણ તે દેવગુપ્ત કંઈ પણ જવાબ આપતો નથી અને નીચે મુખ કરીને મૌન પૂર્વક રહે છે.

દેવિલા પણ પ્રતિદિન જિનમંદિરે જાય છે. જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજા રચે છે, સાધુઓની સેવા ભક્તિ કરે છે, સિદ્ધાંત = આગમની વાતો ગુરુ મુખે શ્રવણ કરે છે, મિથ્યાત્વનો ત્યાગ કરે છે. અને દિવસના આઠમા ભાગમાં વાળુ કરી લે છે. પણ રાત્રે ભોજન કરતી નથી.

એક દિવસ દેવગુપ્તે દેવિલાને કહ્યું કે—હે બહેન ! તું કહે છે કે—"જૈનધર્મ જ સ્વર્ગ અને અપવર્ગ = મોક્ષનું કારણ છે પણ બીજા ધર્મો નહીં" એવું જે કહે છે તે રાગ-દ્વેષનો વિલાસ છે એમ હું સમજું છું, નહિં તો રાત્રિ ભોજનમાં શું દોષ છે ? કે જેનો નિષેધ કરવામાં આવે છે.

દેવગુપ્ત ભાઈના વચનો સાંભળીને જિનધર્મના મર્મને જાણનારી કુશલમતિવાળી દેવિલા બોલી—કે આપણે અન્ય માણસને પૂછીએ કે—શેરડીનો સ્વાદ કેવો ? તો કહેશે કે શેરડીનો સ્વાદ મધુર છે. અને લીમડાનો સ્વાદ કેવો ? એમ પૂછીએ તો તે મનુષ્ય કહેશે કે—લીંબડાનો સ્વાદ કડવો છે. તો અહીં પણ એકના સ્વાદને મધુર કહેનારો અને બીજાના સ્વાદને કડવો કહેનારો મનુષ્ય પણ રાગ-દ્વેષના વિલાસથી વશ થયેલો જ હોવો જોઈએ, પણ તેમ નથી હોતું—

અથવા તો જલને શીતલ કહેનારો અને અગ્નિને ઉષ્ણ = ગરમ કહેનારો મનુષ્ય શું રાગ-દ્વેષ વશ હોઈ શકે શું ? અર્થાત્ ન જ હોય, તેમ જીવદયા સ્વરૂપ જિનધર્મ સ્વર્ગ અને અપવર્ગ = મોક્ષના સુખ આપનારો છે અને પ્રાણિવધ સ્વરૂપ મિથ્યાત્વ ધર્મ કુગતિ = દુર્ગતિના માર્ગ સ્વરૂપ જ છે. એમ બોલતા મનુષ્યો યથાવસ્થિત વસ્તુના યથાર્થ સ્વરૂપને કહેનારા રાગી પણ ન હોય અને દ્વેષી પણ ન હોય.

પણ અહીં પરમાર્થથી તો તે તે વસ્તુનો તેવો તેવો સ્વભાવ જ તેમાં કારણ છે.

જ્યાં જીવોની જયણા હોય તે જ ધર્મ મોક્ષનો માર્ગ બની શકે છે પણ જ્યાં જીવોનો વધ થાય છે તે તો સંસારનો જ માર્ગ કહેવાય.

રાત્રિ ભોજનમાં જે દોષો ઋષિઓએ જોયા છે તે સંક્ષપથી તમે સાંભળો !!!

કોઈ પણ વિચક્ષણ પુરુષ નિર્દોષ વસ્તુનો કયારેય પણ ત્યાગ કરતો નથી.

જે રાત્રિને વિષે રાક્ષસ ભૂત અને પિશાચો ફરવા નિકળે છે અસ્ખલિત રીતે સ્વેચ્છાએ ગમનાગમન કરતા તેઓ અદૃશ્ય રીતે ભોજનને ઉચ્છિષ્ટ = એઠું કરે છે.

પરલોકમાં થનારા દુઃખો = અનર્થોની વાત તો દૂર રહો પણ આ ભવમાં જ પ્રાણી રાત્રિ ભોજનથી જે અનર્થો પામે છે તે તમે સાવધાન થઈ સાંભળો—

રાત્રિભોજન કરતાં અંધારામાં ભોજનમાં આવેલી કીડી બુદ્ધિને હણે છે.

યૂકા-જુ જલોદર કરે છે.

માખી-વમન કરાવે છે.

કરોળીયો-કોઢ રોગ ઉત્પન્ન કરે છે.

કાંટો અથવા લાકડાનો ટુકડો ગળામાં વેદના-પીડા કરે છે.

વીંછી-તાળવાને વીંધે છે.

વાળ—સ્વરભંગનું કારણ બને છે.

ઇત્યાદિ રાત્રિભોજનથી દોષો આ ભવમાં જીવને સહન કરવા પડે છે.

જો કે—દીવાના અજવાળામાં કીડી વિગેરે જીવો દેખાય છે તોપણ નાના નાના ત્રસ અને સ્થાવર જીવો કેવી રીતે દેખાય ? કેવી રીતે બચાવી શકાય ?

અન્યત્ર કહ્યું છે કે—

ચર્મચક્ષુને અદૃશ્ય એવા સંપાતિમ ત્રસ જીવો રાત્રિએ હોય છે તેથી તે જીવોની રક્ષા માટે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ.

પ્રત્યક્ષ જ્ઞાનીઓને સૂક્ષ્મ અને બાદર બધા જ જીવો દેખાય છે તો પણ વ્યવહારને સાપેક્ષ રીતે પાળતા કેવલજ્ઞાનીઓ પણ રાત્રિભોજનનો પરિહાર કરે છે.

જે જીવો રાત અને દિવસ ખા ખા કરે છે. જ્યારે જે ઇચ્છા થાય ત્યારે તે તે વસ્તુને ખાનારા એવા વિરતિ = નિયમ વિનાના મનુષ્યો ખરેખર મનુષ્ય નથી પણ મનુષ્યના રૂપે સાક્ષાત્ પશુઓ જ છે.

અરે ! કેટલાક પશુ-પક્ષીઓ પણ રાત્રે આહાર લેતા નથી, તેથી તે પશુ-પક્ષીઓની અપેક્ષાએ રાત્રિભોજન કરનારા મનુષ્યને હીન-હીનતર જ જાણવો.

ધર્મના અર્થી એવા જીવો રાત્રિભોજનનો ત્યાગ કરે છે. તથા જિનધર્મ સિવાયના બાકીના ધર્મોમાં પણ રાત્રિભોજન કરવું તે અનુચિત છે એમ વારંવાર કહ્યું છે.

તથા—

त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत् ।।

વેદને જાણનારાઓ કહે છે કે—સૂર્ય સત્ત્વ રજઃ અને તમઃ એ ત્રણ તેજઃ સ્વરૂપ છે. તેથી તે સૂર્યના કિરણોથી પવિત્ર થયેલા સર્વ શુભ કામો કરવા જોઈએ.

તે શુભ કર્મો—આહુતિ સ્નાન શ્રાદ્ધ દેવપૂજા દાન તથા ભોજન વિગેરે રાત્રે ન કરવા જોઈએ. પણ સૂર્યની હાજરીમાં જ યથાયોગ્ય કરવા જોઈએ.

દિવસના આઠમા ભાગે અર્થાત્ સૂર્યાસ્ત પહેલાંનો લગભગ દોઢ કલાક, તે સમયે સૂર્ય મંદ થયેલો હોય છે. તેથી તે દિવસના આઠમા ભાગના કાળને "નક્ત" કહેવામાં આવે છે. તો તે નક્ત સમયે કરેલ ભોજન રાત્રિ ભોજન ન કહેવાય.

દેવો પૂર્વાહ્નમાં ભોજન કરે છે.

ઋષિઓ મધ્યાહ્નને ભોજન કરે છે.

પિતાઓ અપરાહ્ણે ભોજન કરે છે.

દૈત્ય-દાનવો સાંજે ભોજન કરે છે.

યક્ષ-રાક્ષસો સંધ્યા સમયે ભોજન કરે છે.

તો હે યુધિષ્ઠિર! ઉપરોક્ત સર્વ વેળાનું ઉલ્લંઘન કરીને રાત્રે ભોજન કરવું તે સર્વથા અનુચિત જ છે. એમ શ્રીકૃષ્ણે હિતોપદેશ સમયે યુધિષ્ઠિરને કહેલું—તથા આયુર્વેદમાં પણ કહ્યું છે કે—

સૂર્યના અસ્ત સમયે આપણા શરીરમાં જે હૃદય અને નાભિ-પદ્મ છે તે સૂર્ય વિકાશી કમળની જેમ સંકુચિત થાય છે. તેથી રાત્રે ભોજન ન કરવું જોઈએ, તથા સૂક્ષ્મ = નાના નાના જીવો પણ ભોજન સાથે ખાવામાં આવતા હોવાથી પણ રાત્રે ખાવું ન જોઈએ.

ધન-પુત્ર અને સુખના અભિલાષી એવા જે જીવો દિવસનો ત્યાગ કરીને રાત્રે ખાય છે. તેઓ ખરેખર તરસ છીપાવવા માટે અગ્નિની જ્વાલાઓને જ પીવા જેવું અનુચિત કાર્ય કરે છે.

અર્થાત્ જેમ અગ્નિના સેવનથી તરસ છીપે નહીં પણ વૃદ્ધિ પામે તેમ રાત્રિ-ભોજનથી ધન-પુત્ર અને સુખ મળે નહીં પણ વિરહ તો અવશ્ય થાય જ.

જે જીવો સમજવા છતાં અધમતાના કારણે રાત્રે ભોજન કરે છે તેઓ

ભવાંતરમાં બીલાડી કાગડો ધુવડ નાગ અને ભુંડ વિગેરેના અવતાર પામે છે.

જે પુણ્યાત્માઓ નિર્મળ શ્રદ્ધા પૂર્વક રાત્રિ ભોજનની વિરતિ કરે છે તે જીવો સહેલાઈથી અર્ધ જન્મના ઉપવાસના લાભ રૂપ ફળને પામે છે.

આ પ્રમાણે દેવિલા બહેનના વચનો સાંભળીને થઈ છે શ્રદ્ધા જેને એવા દેવગુપ્તે રાત્રિ ભોજનની વિરતિ સ્વીકારી.

એકદા દેવદત્તની સ્ત્રીએ મિથ્યાત્વના તીવ્ર ઉદયથી ચિંતવ્યું કે—આ નણંદે કુલક્રમાગત એવા આચારને છોડાવરાવીને મારા પતિને આચાર ભ્રષ્ટ કર્યો છે તેથી કોપાયમાન થયેલી દેવગુપ્તની સ્ત્રી પિયર ચાલી ગઈ.

એક દિવસ દેવિલાએ દેવગુપ્તને કહ્યું કે—હે ભાઈ! સસરાને ઘેર જઈને મારી ભાભીને તેડી લાવો.

દેવગુપ્ત પણ સસરાને ઘેર સંધ્યા સમયે પહોંચ્યો. તે સમયે મહા મહિનાની સૌભાગ્ય સપ્તમી દિવસથી માંડીને સૌભાગ્ય માટે દેવગુપ્તની સાલિકા એ તપ: શરૂ કરેલો હતો તે તપનું આજે પારણું હતું તેથી પારણા માટે ખીર બનાવેલી અને મધ સાથે રાત્રે પારણું કરવાની વિધિને અનુસારે તેઓ કુટુંબ સાથે રાત્રે પારણું કરવા બેઠા.

દેવગુપ્તને પણ ભોજન માટે બોલાવ્યા પણ દેવગુપ્તે કહ્યું કે મારે રાત્રિભોજન ન કરવાનો નિયમ છે.

દેવગુપ્તની વાત સાંભળીને સાસુ-સસરા અને સાળા-સાળી વિગેરે બધા દેવગુપ્તનો ઉપહાસ કરી ભોજન કરવા બેઠા.

એ અવસરે ભવિતવ્યતાના યોગે ઘરની ઉપરની છતમાં એક સર્પ ઉંદરને પકડવા દોડ્યો. ઉંદરને પકડીને મુખમાં રાખે છે એટલામાં ઉંદર સહિત સર્પ સસરાના ભોજનના થાળમાં પડે છે. ગરમ ખીરના સ્પર્શથી પીડા પામતો સર્પ તડફડે છે તે સમયે દેવગુપ્તના સસરા કોળીયો લેવા હાથ થાળમાં નાખે છે કે તુર્ત તે સર્પ ડંખ દે છે. તત્કાલ દેવગુપ્તનો સસરો બૂમાબૂમ કરે છે કે—"સાપ કરડ્યો સાપ કરડ્યો" એટલે દીવો લાવીને જુએ છે તો થાળમાં મુષક સહિત સર્પ તરફડી રહેલો હતો.

સસરાના શરીરમાં પ્રવેશેલા ઝેરના નિવારણ માટે યોગ્યોપચાર કરતા તે બધા આક્રંદ કરવા લાગ્યા. અનુક્રમે વિષ = ઝેર ઉતરી ગયો અને સ્વસ્થતા આવી.

બધા જ લોકો દેવગુપ્તની પ્રશંસા કરવા લાગ્યા અને બોલ્યા કે—આપે સ્વીકારેલ દેવ ગુરુ અને ધર્મ અતિ સુંદર છે કે જેની ઉપાસનાથી કોઈ પણ જાતની આપત્તિ આવે જ નહિ.

દેવગુપ્તના કહેવાથી તેના સસરા વિગેરે સર્વે રાત્રિભોજનની વિરતિ કરે છે.

દેવગુપ્ત પણ સ્ત્રીને લઈને પોતાને ઘેર આવે છે. સ્ત્રીએ પણ કહ્યું કે—હે સ્વામિન્! આજથી હું પણ જિનધર્મને સ્વીકારું છું એમ કહી ધર્મદાયક એવી નણંદના ચરણોમાં નમી તથા થયેલા અપરાધોને ખમાવીને ત્રણે જણા યથાવિધિ જિનધર્મની ઉપાસના કરે છે એમ ધર્મમય જીવન જીવતાં કેટલોક કાળ પસાર થાય છે.

દેવિલાને શુદ્ધ વણિકની સ્ત્રીની સાથે સખીપણું હતું. એક દિવસ દેવિલા સખીને ઘેર ગઈ તો ત્યાં તેની સખીને અન્ય પુરુષ સાથે વાતો કરતી જોઈ. તે પુરુષ અન્યત્ર ગયો ત્યારે દેવિલાએ શિખામણ આપતાં કહ્યું કે—હે બહેન! અસંતોષથી અને ઈંદ્રિયોના વિષય–વિકારોને આધીન થઈને તમે જે અન્ય પુરુષને સ્નેહ પૂર્વક ઇચ્છો છો તે યુક્ત નથી. પણ અયુક્ત જ છે.

હવે આ બાજુ ઘેર આવેલા તે શુદ્ધ વણિકે ઉપરોક્ત દેવિલાની વાત સાંભળીને ચિંતવ્યું કે—નિશ્ચે આ મારી સ્ત્રી અન્ય પુરુષમાં આસક્ત છે. એમ ચિંતવીને તેની સામે જોતો નથી. બોલતો નથી.

પતિની આવી ચેષ્ટા જોઈ ખેદ પામેલી તે સ્ત્રીએ દેવિલાને બધી વાત કહી.

દેવિલાએ કહ્યું કે—"હે સખી! ચિંતા ન કરો" હું તમારા પતિને સમજાવીશ.

અવસર જોઈને દેવિલાએ શુદ્ધ વણિકને કહ્યું કે—શા માટે તમે તમારી સ્ત્રીની અવગણના કરો છો?

શુદ્ધ વણિક બોલ્યો—દુષ્ટ શીલવાળી એવી તે સ્ત્રીનું મારે કામ નથી. અનાચાર સેવનારી સ્ત્રી ખરેખર સંતતિ = પુત્ર–પરિવારનો વિનાશ કરે છે.

લોકોને નિંદનીય બને છે.

કુલને મલિન કરે છે અને પોતાના પતિને પણ મારી નાખે છે.

તેથી ઉભય લોકમાં ગર્હણીય એવી તે સ્ત્રીને હવે હું ઘરમાં રાખીશ પણ નહિ.

દેવિલાએ પૂછયું કે—તમે કેવી રીતે જાણ્યું કે—આ દુષ્ટ શીલવાળી છે?

વણિક બોલ્યો—એમાં જાણવાનું શું હોય!!!

તમે જ તેને જે શિખામણ આપતા હતા, તે મેં મારા કાનથી સાક્ષાત્ સાંભળી છે.

દેવિલા બોલી "અહો! તમારી ચતુરાઈ વખાણવા જેવી છે." અહો! કેવી તમારી પંડિતાઈ!!! અહો! કેવો તમારો સ્નેહ!!!

મેં તો તે દિવસે આ મારી સખીને જરાવસ્થાથી જર્જર થયેલી જોઈને સ્નિગ્ધ ભોજન કરતી નિવારી હતી. અને તમે વળી આટલા માત્રથી જ આ સ્ત્રી અન્ય પુરુષમાં આસક્ત થયેલી છે એવી કલ્પના કરી તે સર્વથા અયુક્ત જ છે.

આ તમારી અર્ધાંગના શીયલવતી જ છે એમાં તમારે જરા પણ સંદેહ રાખવો નહિ.

ત્યાર પછી તે શુદ્ધ વણિક પૂર્વની જેમ સ્ત્રી તરફ અનુરાગી થયો.

આ પ્રસંગે દેવિલાએ ખોટી સાક્ષી આપવાના કારણે ઉત્સૂત્ર પ્રરૂપણાથી ઉત્પન્ન થયેલ તીવ્રપાપકર્મ બાંધ્યું.

ત્યાર પછી તે દેવગુપ્ત દેવિલા અને ગુપ્તા ત્રણે જણા શ્રાવકત્વની આરાધના કરી આયુઃક્ષયે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા.

દેવગતિમાં પણ દિવ્ય સુખોને ભોગવવા સાથે જિનેન્દ્ર ભક્તિ તથા ચતુર્વિધ સંઘની સેવા કરવા દ્વારા જીવન પૂર્ણ થયું ત્યારે આયુઃક્ષયે ચ્યવીને હે રાજન્! તમે ચંપક રાજા રૂપે થયા છો. અને ગુપ્તાનો જીવ ચંપકમાલા દેવી થયા છે અને દેવિલાનો આત્મા રત્નમાલા નામે તમારી પુત્રી થયા છે.

એ પ્રમાણે કુંભારના વચનો સાંભળીને થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેમને એવા રાજા બોલ્યા હે ભદ્ર! આપ જે પ્રમાણે કહો છો તે બધું સાચું જ છે.

હવે તમે કહો કે—આ રત્નમાલાના મુકત્વ = મુંગાપણાનું નિવારણ કેવી રીતે થશે?

કુંભાર બોલ્યો કે—તીર્થંકર પ્રભુના સમાગમથી અશિવનો ઉપશમ થશે.

તો હવે આ રાજકુમારિકાને લઈને તમે અયોધ્યા નગરીમાં જાઓ. ત્યાં અભિનંદન નામના જિનેશ્વર પ્રભુ સાક્ષાત્ વિચરી રહેલા છે.

ચંપક રાજા પણ તે કુંભારનો સત્કાર–સન્માન કરી અયોધ્યા નગરી ગયો. અભિનંદન તીર્થંકર પ્રભુને વંદન કરીને પર્યુપાસના કરે છે.

જિનેશ્વર પ્રભુના અતિશય રૂપ પ્રભાવથી ક્ષુદ્ર દેવતા નાશી ગઈ અને રત્નમાલા સ્વસ્થ થઈ.

આ પ્રમાણે કૂટ = ખોટી સાક્ષી આપવાથી દેવિલાના ભવમાં બાંધેલા કર્મના ફળ સ્વરૂપ આ મૂકત્વ = મુંગાપણું થયેલું હતું એમ જાણીને વિરક્ત થયેલા ચંપક રાજા ચંપકમાલા રાણી અને રત્નમાલા રાજકુમારી અભિનંદન જિનેશ્વર પાસે દીક્ષા લે છે. અનુક્રમે નિરતિચાર ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા કરીને

આયુઃક્ષયે સમાધિપૂર્વક કાળધર્મ પામી માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં દેવ થયા. ત્યાં પણ સમ્યગ્દર્શનને નિર્મલ કરનારી જિનેન્દ્ર ભક્તિ આદિ આરાધના કરવા પૂર્વક દિવ્ય સુખને ભોગવે છે. અને અનુક્રમે જિનશાસનની સમ્યગ્ આરાધનાના બળે શિવ સુખ પણ આત્મસાત્ કર્યું.

ઈતિશ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં મૃષાવાદવિરમણના રહસ્ય યુક્ત
કુંભારની કથાના વર્ણન સ્વરૂપ [redacted] પ્રસ્તાવ સમાપ્ત.
ઓગણીસમો

શ્રી જિનવિજય વિરચિત
રૂપકાલંકારાલંકૃત શ્રી સુમતિનાથ જિનસ્તવન

તુમ્હ હો પર–ઉપગારી ! **સુમતિ** જિન !
તુમ્હ હો જગ–ઉપગારી.

પંચમ જિન પંચમ ગતિ દાયક, પંચ મહાવ્રત ધારી;
પંચ પ્રમાદ મતંગજ ભેદન, પંચાનન અનુકારો. સુમતિ૦ ૧.

પંચ વિષય વિષધર તતિ ખગપતિ, પંચ શર મદન વિદારી;
આસ્રવ પંચ તિમિર ભર દિનકર, કિરિયા પંચ નિવારી. સુમતિ૦ ૨.

પંચાચાર સુકાનન જલધર, પંચ માંહિ અધિકારી;
આગમ પંચ અમૃત રસ વરસી, દુરિત દાવાનલ ઠારી. સુમતિ૦ ૩.

મેતારજ અપરાધી વિહંગમ, ચરણે રાખ્યો શિરધારી;
પરખદ માંહે આપ વખાણ્યો, કૌંચસ્વરા સુરનારી. સુમતિ૦ ૪.

મેઘ નૃપતિ કુળ મુકુટ નગીનો **મંગલા** ઉર અવતારી;
ક્ષમાવિજય બુધ શિષ્ય કહે **જિન** ગરબથી સુમતિ વધારી. સુમતિ૦ ૫.

—o—

શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય નમો નમઃ



પ્રસ્તાવ ■ મો ૨૦

જે આત્મા મતિમૂઢ થઈને પરધનનું હરણ કરે છે અર્થાત્ ચોરી કરે છે તે આત્મા જીવવધની વિરતિ અને મૃષાવાદની વિરતિ કરવા ઇચ્છે તો પણ વિરતિ ન જ કરી શકે.

પર દ્રવ્યનું હરણ કરનારો પ્રાણી દૌર્ભાગ્ય અંગચ્છેદ દાસપણું, દીનતા અને દરિદ્રતા પામે છે તથા દુર્ગતિમાં ગમન કરે છે.

પ્રાણિવધથી એક જ જીવને ક્ષણ વાર જ દુઃખ થાય છે જ્યારે પરધનના હરણથી કુટુંબ સહિત તે જીવ જીવન પર્યંત દુઃખી થાય છે.

પરદ્રવ્યના હરણ સ્વરૂપ પાપ-વૃક્ષના વધ-બંધન-મરણ વિગેરે પુષ્પો છે અને નરક ગતિના દુઃખો એ ફળ જાણવા.

પકડાઈ જવાની શંકા સ્વરૂપ છુરીથી છેદાતો ચોર દિવસે કે રાત્રે અથવા સુતાં કે જાગતાં કયાંય પણ સુખ પામતો નથી.

જે પરના અગીયારમા પ્રાણ સમાન ધનને હરે છે તે બાહ્ય જીવિતને તો પ્રત્યક્ષ રીતે જ હરે જ છે પણ તે દ્રવ્યના વિયોગથી થયેલા આઘાતથી પરના અંતરંગ પ્રાણો પણ નાશ પામે છે.

પણ જે પુણ્યાત્મા લોભનો નિગ્રહ કરી તથા સંતોષનું આલંબન લઈ પારકી વસ્તુને રજા વિના ગ્રહણ કરતો નથી અર્થાત્ ગુપ્ત રીતે પરદ્રવ્યનું હરણ કરતો નથી તે મહાનુભાવ નિશ્ચે નાગદત્તની જેમ કલ્યાણની પરંપરાને પામે છે.

અદત્તાદાન વિરમણ રહસ્ય ગર્ભિત નાગદત્તની કથા—

અલકાપુરી જેવી ઋદ્ધિ સમૃદ્ધિથી ભરપુર એવી તથા મણિ–રત્ન જડેલા ઘરોની શ્રેણિ છે જેમાં એવી વારાણસી (વાણારસી) નામની નગરી છે.

તે નગરીમાં ઇંદ્ર જેવો પણ અવજ્રકરો = વજ્રના હથિયાર વિનાના છે હાથ જેના એવો અહીં વિરોધાલંકાર છે. તેથી બીજો અર્થ છે, જેના હાથ પાપ રહિત છે અર્થાત જે રાજા કોઈ પણ અન્યાય = પાપ કરતો નથી તેવા જિતારિ નામના રાજા છે.

તે નગરીમાં રાજાના ગૌરવના સ્થાન રૂપ તથા દાક્ષિણ્યતા, વિવેક અને વિનયના ભંડાર જેવા તથા ધનદ = કુબેર જેવા ધનથી સમૃદ્ધ એવા ધનદત્ત નામના શ્રેષ્ઠી રહે છે.

તે ધનદત્ત શેઠને રૂપથી લક્ષ્મી જેવી અને વિનય ગુણના ભંડાર તુલ્ય એવી ધારિણી અને ધનશ્રી નામની બે સ્ત્રીઓ છે. બન્ને સ્ત્રીઓ દયામાં તત્પર અને જિન શાસનના રહસ્યને જાણનારી હતી.

પુણ્યકર્મના ઉદયથી મળેલા પંચવિધ વિષય સુખને ભોગવતાં રૂપથી નાગકુમાર જેવો અને ગુણનો ભંડાર એવો નાગદત્ત નામનો પુત્ર જનમ્યો. દેવ-ગુરુની કૃપાથી બાલ્યકાળથી જ જિનવચનથી ભાવિત ચિત્તવાળો અને તેથી જ ભવથી વૈરાગ્ય પામેલ તે નાગદત્ત રૂપ–લાવણ્ય ભરપૂર યૌવનવયઃ પામવા છતાં પણ પરણવાનું સ્વીકારતો નથી.

અનેક શ્રેષ્ઠીઓ પોત-પોતાની રૂપવતી કન્યાઓને લઈને આવે છે. માત-પિતા સમજાવે છે તો પણ કોઈ પણ કન્યાનું પાણિગ્રહણ કરતો નથી.

એક દિવસ તે નાગદત્ત મિત્રોની સાથે નંદનવન તુલ્ય સહસ્રામ્રવનમાં ગયો.

તે વનમાં વૃક્ષો મધુર રસ અને પરાગથી ભરપૂર ફૂલોના સમૂહોથી શોભે છે. અને પુષ્પોના પરિમલથી આકર્ષાયેલા અને ગંજાવર કરતા ભમરાના સમૂહોથી વનની શોભા વધી રહી હતી.

તે ઉદ્યાનમાં નાના-વિધ = અનેકપ્રકારે ક્રીડા કરીને મધ્યભાગે રહેલા જિનભવનમાં ગયો.

જે દેરાસરમાં સુવર્ણમય થાભલાઓમાં વિવિધ પ્રકારના મણિઓ જડેલા હતા તેથી જાણે કે ઇન્દ્ર મહારાજાએ જ ભક્તિથી જ દેવવિમાન મોકલ્યું ન હોય તેમ દેરાસર = જિનમંદિર દેવવિમાનની જેમ શોભી રહ્યો હતો.

તે દેરાસરમાં પ્રવેશતા નાગદત્તે રૂપ અને લાવણ્યથી પ્રત્યક્ષ રતિ જ ન હોય! તેવી યૌવનવયારૂઢ રૂપવતી એક કન્યાને જિનેશ્વર પ્રભુની પૂજા કરતી જોઈને ચિંતવ્યું કે—

આ કન્યાના મનોહર મુખની કાંતિથી લજ્જા પામેલા સુવર્ણ કમળો વિશેષ શોભાની પ્રાપ્તિ માટે અમર = દિવ્ય સરિતાની ઉપાસના કરે છે.

શિવ-તરૂના બીજ સ્વરૂપ વીતરાગ પરમાત્માની પૂજા કરતી તે કન્યાએ પણ વિસ્મય રસથી આકુલ દૃષ્ટિએ તે નાગદત્તને જોયો.

એ અવસરે ત્રણે લોકના વિજયથી ફેલાયેલો છે = વૃદ્ધિ પામેલો છે મદ = અભિમાન જેનો એવા કામદેવના વિષમ બાણો બન્નેના હૃદયમાં જઈને વાગ્યા.

જિનેંદ્રની પૂજા કરીને મદન = કામથી વિહ્વળ અંગવાળી તે બાલા = કન્યા ઘણી વાર સુધી સ્નેહ = કામ દૃષ્ટિએ નાગદત્તને જોતી તે કન્યા પોતાના ઘેર ગઈ.

આ તરફ દેરાસરમાં રહેલો નાગદત્ત જિનેશ્વર પ્રભુને પ્રણામ કરી અંજલિ જોડીને નત મસ્તકે સ્તુતિ કરવા લાગ્યો, તે આ પ્રમાણે—

હે જિનેશ્વર! આપના મુખ કમલના દર્શન થવા માત્રથી જ અંતરંગ શત્રુઓ નાશ પામે છે. અને દુસ્તર એવો જલનિધિ પણ સરોવરની જેમ સુખેથી ઉતરી શકાય તેવો થાય છે.

ત્યાર પછી આંખોને આશ્ચર્ય પમાડે તેવી પૂજા વિધિ = અષ્ટપ્રકારી પૂજા અને અંગરચનાને જોઈને પ્રશંસા કરતો અને વિસ્મય પામતો નાગદત્ત પોતાના મિત્રોને પુછે છે કે—

"આ કન્યા કોણ છે? કે જેણીનું આવું અદ્‌ભુત પૂજા-વિજ્ઞાન છે."

કન્યાને વિષે અનુરાગી થયેલો જાણીને મિત્રોએ નાગદત્તને કહ્યું કે—પ્રિયમિત્ર નામના સાર્થવાહની આ નાગવસુ નામની કન્યા છે. કે જેણે પોતાના સૌંદર્ય રૂપના અતિશયથી દેવાંગનાઓને જીતી લીધી છે. તે કારણથી જ રૂપના મદના ખંડનથી લજ્જા પામતી દેવીઓ અહીં દેખાતી નથી.

બાલ્યપણાથી જ કળાઓને ગ્રહણ કરતી એવી આ કન્યા અત્યારે સર્વકળા સંપન્ન થઈ થકી વિદ્વને વિસ્મય પમાડે છે.

પરંતુ

એક દોષ એ છે કે—પ્રતિકૂલ ભાગ્યના યોગે ગુણના સમૂહથી તમારા જેવા ચતુર પુરૂષનો આજ દિવસ સુધી તેને યોગ થયો નથી.

પણ અનુરૂપ વરના વિરહથી સુંદર અંગવાળી પણ મહિલા = સ્ત્રી શોભતી નથી.

જેમ માણિક્ય કીંમતી = ઘણા મૂલ્યવાળો હોવા છતાં સુવર્ણના યોગ વિના શોભી ઉઠતો નથી.

માટે હે વયસ્ય! હે મિત્ર! તમારે આ કન્યાનો પરિગ્રહ કરવો એ યોગ્ય જ છે.

ધર્મ પણ સહાયક પુરૂષ વિના થઈ શકતો નથી.

મિત્રોની વાત સાંભળી નાગદત્ત બોલ્યો—" હે મિત્રો ! એમ ન બોલો, " મેં કંઈ અનુરાગની બુદ્ધિથી પૂછયું નથી પણ આ કન્યાની જિનેન્દ્ર પૂજાની કુશળતા જોઈને જ મેં તમને પૂછેલું. અને પ્રેમથી પરવશ એવા તમોએ અન્યથા સંભાવના કરીને જે જવાબ આપ્યો તે સર્વથા અનુચિત જ છે.

ત્યાર પછી નાગદત્ત અને તેના મિત્રો પોત-પોતાના ઘેર જાય છે.

હવે આ બાજુ—તે નાગવસુ કન્યા ઘેર પહોંચ્યા પછી પણ નાગદત્તના નિરૂપમ રૂપ અને લાવણ્યથી આકર્ષિત ચિત્તવાળી હોવાથી તે નાગદત્તના જ વિચારો કરે છે અને તેથી જ વધી રહેલા કામથી પરવશ થયેલી તે નાગવસુ કન્યા ભોજન કરતી નથી, કરવા યોગ્ય આવશ્યક ક્રિયામાં પ્રમાદ કરે છે અને રાત્રે નિદ્રાના સુખને પણ પામતી નથી પણ મણિમય પુતળીની જેમ નિશ્ચેષ્ટ રહે છે.

શીતલ ચંદ્ર અને ચંદન તથા જલ વિગેરેના કરેલા શીતલ ઉપચારો પણ અગ્નિની જ્વાલાની જેમ શરીરને દઝાડે છે = દાહ ઉત્પન્ન કરે છે અને કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ દિન-પ્રતિદિન ક્ષીણ થતી જાય છે.

સ્વજન = કુટુંબિજનો અને માત-પિતા ખેદ પામવા લાગ્યા.

એક વખત એકાંતમાં આગ્રહ પૂર્વક સખીએ પૂછયું કે—બહેન ! તને શું ચિંતા છે ? કેમ ઉદાસીન રહે છે ?

કન્યા બોલી—શું કહું બહેન ! એક તરફ વાઘ અને બીજી તરફ નદી જેવી મારી અવસ્થા થઈ છે.

ઉપરોક્ત વચન બોલીને કન્યા મૌનનું આલંબન લે છે. તેટલામાં અભયશ્રી નામની સખી બોલી—સારૂં ! સારૂં !!! હે સખિ ! મેં જાણી લીધું. કે—સહસ્રામ્રવનમાં નાગદત્તે તમારું હૃદય ચોરી લીધું છે.

અહો ! જ્યાં વણિક જ ચોર હોય. તો શું થઈ શકે.

તેથી તું પણ લજ્જા કારી આ વાત કહેતી નથી તે યોગ્ય જ છે.

મેં પણ તે વખતે જ તારી દૃષ્ટિના હાવ-ભાવથી જાણી લીધું હતું પણ આટલા સમય સુધી બોલી નહીં.

તો પણ હે બહેન ! તું વિશ્વસ્ત થા = વિશ્વાસ રાખ. તારા ગુણ રૂપ દોરડાથી બંધાયેલા તે અન્યાય કરનાર નાગદત્તને લાવીને તને બતાવું છું.

સખીની વાત સાંભળીને નાગવસુ બોલી "અહો! સખીની ચતુરાઈ!" એમ બોલતી નાગવસુ પરાઙ્મુખી થઈને બેઠી.

સખી પણ તત્કાલ નાગવસુના માત-પિતાને બધીજ વાત જણાવે છે. વાત સાંભળીને બોલ્યા—અમારી પુત્રીનો નાગદત્ત સાથે સંબંધ થાય તે ઉચિત જ છે. તમે જ કહો કે—કમળના સરોવરમાં રમતી રાજહંસી કોને ગમે નહિ? કોણ પ્રશંસે નહીં?

એમ કહીને પ્રિયમિત્ર શ્રેષ્ઠી ધનદત્ત શ્રેષ્ઠીને ઘેર જાય છે. ઘેર આવેલા પ્રિયમિત્ર શ્રેષ્ઠીને જોઈ ધનદત્ત શ્રેષ્ઠીએ ઉભા થઈને સત્કાર કર્યો. અને ભોજન-પાન-તંબોલથી પ્રતિપત્તિ કરીને પૂછ્યું કે—આપના આગમનનું પ્રયોજન શું છે?

પ્રિયમિત્ર શ્રેષ્ઠી બોલ્યો—કે-એક તો આપના દર્શન કરવા = મળવા માટે અને બીજું મારી નાગવસુ નામની પુત્રી છે તે તમારા પુત્રને આપવાને માટે આવ્યો છું. તો તમે સ્વીકાર કરો. કેમકે મારી પુત્રીનો તમારા પુત્ર સાથે જે સંબંધ થાય તે ઉચિત જ છે.

ધનદત્ત શ્રેષ્ઠી બોલ્યા—;'હે પ્રિયમિત્ર! તમે યુક્ત જ કહ્યું છે" મને પણ આ વાત ગમે છે. અથવા તો ઘર આંગણે આવતી લક્ષ્મી કોને ન ગમે?

પરંતુ મારો પુત્ર સંસારથી વિરક્ત ચિત્ત વાળો હોવાથી પરણવાનું સ્વીકારતો નથી.

બીજી પણ ઘણા શ્રેષ્ઠીઓની ઘણી કન્યાઓ પરણવા આવેલી પણ આ મારા પુત્રે કોઈને પણ સ્વીકારી નથી.

પણ તમારા કહેવાથી પુનઃ કહીશ. એમ કહી પ્રિયમિત્ર શ્રેષ્ઠીને વિસર્જિત કર્યો.

પ્રિયમિત્રે પણ ઘેર જઈને પુત્રીને બધી વાત કહીને કહ્યું કે—હે વત્સે! તેના ઉપરના અનુરાગને તજી દે.

કારણ કે—

દુર્લભ મનુષ્ય ઉપરનો પ્રેમ.

ખલ = દુષ્ટની સાથેની મિત્રતા

જડ = મુરખને આપેલો ઉપદેશ અને

સમર્થ મનુષ્ય ઉપર ક્રોધ કરવો તે

અનર્થના હેતુ બને છે.

નાગવસુ કન્યાએ પ્રતિજ્ઞા કરી કે—તે (નાગદત્ત) જો મને પરણે તો જ હું પાણિગ્રહણ કરું. નહિ તો તે જે કરશે તે કાર્ય હું પણ કરીશ—

હવે એક વખત નગરના આરક્ષક = કોટવાલ વસુદત્તે ઘરના આંગણે આવેલી નાગવસુને જોઈ, અને તત્કાલ કામને પરવશ થયેલો તે વસુદત્ત પ્રિયમિત્રને ઘેર જઈને અભ્યર્થના = માગણી કરી કે હે પ્રિયમિત્ર! આંખને આનંદ આપનારી એવી તમારી પુત્રી આપો, અને તેના બદલામાં તમે જેટલું માગો તેટલું ધન આપું.

પ્રિયમિત્ર શ્રેષ્ઠી બોલ્યો—મારે ધનનું કંઈ કામ નથી. અને તમારા જેવા જમાઈ થતા હોય તો કોણ ખુશ ન થાય? પણ ધનદત્ત શ્રેષ્ઠીના પુત્ર નાગદત્તને મેં મારી પુત્રી આપી છે. માટે તમારે આ બાબતમાં કોપ ન કરવો. એમ કહીને વસુદત્તને પ્રિયમિત્ર શ્રેષ્ઠીએ વિસર્જિત કર્યો.

નાગવસુ કન્યાને ઈચ્છતો એવો તે વસુદત્ત નાગદત્તને મારી નાખવા માટે વિધ-વિધ પ્રયત્ન કરે છે.

એકદા અશ્વ ખેલવવા નિકળેલા જિતશત્રુ રાજાના કુંડળ રસ્તામાં પડી ગયા. અશ્વ ક્રીડા કરીને પાછા જ્યારે રાજમહેલમાં આવ્યા ત્યારે કુંડલ ખોવાયા છે એવું જાણીને રાજાએ નગરના આરક્ષક = કોટપાલને કહ્યું કે—"કુંડલ ખોવાયા છે તો તપાસ કરો."

"**जं देवो आणवेइ त्ति**" જેવી આપની આજ્ઞા એમ કહીને વસુદત્તે નગરમાં પડહો વગડાવ્યો કે "રાજાના કુંડળ ખોવાયા છે, જેને મળ્યા હોય, તેને જો જીવિતની ઈચ્છા હોય તો તત્કાલ આવીને કુંડળ મહારાજાને સમર્પિત કરે." એમ ઉદ્‌ઘોષણા કરાવ્યા પછી નગરમાં નગર બહાર ચોતરફ નિયુક્ત પુરુષોએ તપાસ શરૂ કરી.

હવે આ બાજુ તે દિવસે અષ્ટમી તિથિ હોવાથી નાગદત્તે પોષધ કરેલો અને સંધ્યા સમયે રાત્રિની પ્રતિમા = કાઉસ્સગ્ગ ધ્યાન કરવાની ઈચ્છાથી ઉદ્યાનમાં રહેલા જિનમંદિરે જઈ રહેલો નાગદત્ત રસ્તામાં ઝગમગ થતા મણિ અને રત્ન જડિત સુવર્ણ કુંડળને જોઈને પાછો વળ્યો અને બીજા માર્ગે થઈને જતા નાગદત્તને દૈવયોગે વસુદત્તે જોયો.

અને વહેમ પડવાથી તે વસુદત્ત તે સ્થાને જઈને જુએ છે તો રાજાના કુંડળ દેખાયા.

હર્ષાયમાન ચિત્તવાળા તે વસુદત્તે કુંડળને જોઈ ચિંતવ્યું કે—"અહો! આજે

નાગદત્તને મારવાનો ઉપાય મને મળ્યો''. એમ ચિંતવતો ત્યાં ગયો કે જ્યાં નાગદત્ત પ્રતિમા ધારીને કાઉસ્સગ્ગધ્યાને રહેલો હતો.

નાગદત્તની પાસે કુંડળ મૂકીને તે વસુદત્ત રાજા પાસે જઈને કહે છે કે—"હે દેવ! આપના કુંડળ નાગદત્ત પાસે છે." "હવે આપ જે આદેશ કરો તે પ્રમાણે કરીએ."

વસુદત્તના વચનો સાંભળીને વજ્રથી હણાયેલા હોય તેવી અવસ્થાને પામેલા રાજા ચિંતવે છે કે—હા! હા! આ શું? નાગદત્તમાં આવું કૃત્ય સંભવી જ ન શકે!!! માટે આ વાતમાં વિચાર કરવો ઉચિત લાગે છે.

એમ કહીને રાજા સેવકો દ્વારા નાગદત્તને તેડાવે છે. સેવકો પણ તત્કાલ ઉદ્યાનમાં જઈને કુંડળ સહિત નાગદત્તને રાજા સમક્ષ હાજર કરે છે.

રાજાએ પણ બહુમાન સાથે પૂછ્યું કે—હે ભદ્ર! આમાં સાચી હકીકત શું છે?

પણ પ્રતિમા સ્વીકારેલ હતી તેથી તે નાગદત્ત કંઈ જ બોલતો નથી તેથી મહાજને કહ્યું કે—હે રાજન્! હજી આમનો નિયમ પૂર્ણ થયો નથી. તેથી સૂર્યોદય પર્યંત રાહ જુઓ સભા વિસર્જિત થઈ.

પ્રાતઃકાળે સૂર્યોદય થયો ત્યારે નાગદત્ત વિચારે છે કે—જોકે નિરપરાધી એવા મારા ઉપર આ વસુદત્તે અભ્યાખ્યાન = ખોટો આળ ચડાવ્યો છે તો પણ મારે એ વાત રાજાને કહેવી નહિં. કેમકે પારકાના છતા કે અછતા દોષને પ્રગટ કરવા તે પણ ઉભયલોકમાં દુઃખ દાયક જ છે.

અને વાસ્તવમાં આ વસુદત્તે મારું કંઈ જ બગાડ્યું નથી કેમકે પ્રત્યેક જીવો પોતાના કરેલા કર્મોને અનુસારે જ સુખ કે દુઃખ રૂપ ફળ ભોગવે છે. તેથી કદાચ શિરચ્છેદનો દંડ આવે તો પણ મારે પારકાના દોષો પ્રગટ કરવા નહિ એવો નિશ્ચય કર્યો છે જેણે એવા નાગદત્તને સૂર્યોદય થયા પછી જ્યારે રાજા સભાજન સમક્ષ પૂછે છે તોપણ નાગદત્ત કંઈ પણ જવાબ આપતો નથી.

નાગદત્તને મૌન રહેલો જોઈ શંકાકુલ થયેલો રાજા ક્રોધાયમાન થઈને વધનો આદેશ આપે છે. ખુશ થયેલો વસુદત્ત કોટવાલ પણ તત્કાલ વધ્ય ઉચિત સામગ્રી એકત્રિત કરી નાગદત્તને રાસભ = ગધેડા ઉપર બેસાડી ફુટેલા ઢોલના નિનાદ સાથે ઉદ્ઘોષણા કરાવી કે—"રાજાના કુંડલનો ચોર વધ સ્થાને લઈ જવાય છે." એમ બોલતા બોલતા રાજમાર્ગ ઉપર પસાર છે.

નાગદત્તની આવી અવસ્થા જોઈ નગર લોકો બોલે છે કે—અહો! રાજવી

ની વિચાર મુગ્ધતા તો જુઓ!!! અહો! મંત્રિ વિગેરે રાજપુરુષોનો મતિ-વિભ્રમ પણ કેવો છે? કે આવું અકાર્ય કરી રહેલા છે!!!

કદાચ અમૃતમાંથી વિષ થાય અને કદાચ ચંદ્ર પણ અંગારા વરસે પણ આ ધર્માત્મા નાગદત્ત આવું અકૃત્ય કયારેય પણ ન જ કરે.

તોપણ જો આવા મહાપુરુષોને પણ આવો સંકટ આવતો હોય તો ખરેખર વિષવૃક્ષ સમાન આ વૈભવવિલાસ ત્યાગ કરવા જેવો જ છે.

આ પ્રમાણે નાગરજનો પરસ્પર વાતો કરી રહેલા છે. તે સમયે પ્રિયમિત્રની હવેલીના ઝરૂખામાં રહેલી નાગવસુ કુમારિકા આ દૃશ્ય જોઈને અતિશય વિલાપ કરે છે. નયણોમાંથી અશ્રુજલ વહી રહેલ છે અને અતિશય ખેદથી દુઃખિત થયેલી તે નાગવસુ કન્યા મૂર્ચ્છિત થઈ ને ભૂમિ ઉપર ઢળી પડે છે.

દૈવયોગે નાગદત્તની દૃષ્ટિ તે સમયે પ્રિયમિત્રના મંદિર તરફ ગઈ અને નાગવસુની આવી ગંભીર પરિસ્થિતિ જોઈ ચિંતવે છે કે—જો આ સંકટમાંથી મુક્ત થાઉં તો આ બાલા = કન્યાને પરણીને પછી વ્રત આદરીશ પણ જો આ સંકટથી મુક્ત ન થાઉં તો સિદ્ધ પરમાત્માની સાક્ષીએ ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરું છું.

ઉપરોક્ત સંકલ્પ કર્યો છે જેણે એવો તે નાગદત્ત રાજપુરુષોથી અનુસરાતો અનુક્રમે વધ્યસ્થાને પહોંચે છે.

આ તરફ શીતલ વાયુના યોગે મૂર્ચ્છા દૂર થઈ ત્યારે વિવેકી એવી નાગવસુ કન્યા સ્નાદિથી પવિત્ર થઈ જિનેશ્વરની પૂજા કરે છે. જલ-ચંદન-પુષ્પ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય અને ફળ પૂજા કર્યા પછી ભાવ પૂજા સ્વરૂપ ચૈત્યવંદન કરીને જિનશાસનાધિષ્ઠાયક દેવતાની આરાધનાર્થે કાઉસ્સગ્ગમાં રહે છે.

આ તરફ વધ્યસ્થાને પહોંચ્યા પછી આરક્ષક = કોટપાલ વસુદત્ત નાગદત્તને શૂળી ઉપર ચઢાવે છે.

તત્કાલ શાસનદેવી ત્યાં આવીને શૂળીને ભાંગી નાખે છે. ત્યાર પછી તે કોટવાલ નાગદત્તને ગળે ફાસો દઈને ઝાડની ડાળમાં બાંધે છે પણ અદૃશ્ય રીતે શાસનદેવીએ તે ફાંસો કાપી નાખ્યો.

પોતાના કાર્યને નિષ્ફળ જાણીને થયો છે બમણો રોષ જેને એવો તે કોટવાલ નાગદત્તના કંઠમાં તીક્ષ્ણ ખડ્ગનો પ્રહાર કરે છે પણ દેવતાના પ્રભાવથી તે ખડ્ગનો પ્રહાર હાર તુલ્ય બન્યો.

આવું અપૂર્વ દૃશ્ય જોઈને ઉપસ્થિત એવા સર્વ લોકો ચમત્કાર પામ્યા અને નાગદત્તનો જય! એમ બોલવા પૂર્વક પ્રશંસા કરવા લાગ્યા.

તે સમયે કોટવાલ વિગેરે રાજપુરુષો ગભરાયા, અને ચરપુરુષના મુખથી આ વાત જાણીને રાજા પણ તત્કાલ ત્યાં આવે છે, અને નાગદત્તની પ્રતિપ્રત્તિ = સેવા-સત્કાર કરે છે અને આગ્રહ પૂર્વક પૂછયું કે—હે નાગદત્ત! અહીં શું હકીકત છે? નાગદત્ત બોલ્યો—"હે નરનાથ! જો આપ વસુદત્તને અભયદાન આપો તો હું કહું."

નાગદત્તની વાત રાજાએ સ્વીકારી ત્યારે નાગદત્ત કુંડળ સંબંધી સત્ય હકીકત રાજાને સવિસ્તાર કહે છે.

નાગદત્તની વાત સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ હાથણી ઉપર પોતાની પાસે નાગદત્તને બેસાડીને મોટી વિભૂતિ પૂર્વક = વાજિંત્રોના નાદ સાથે નાગદત્તની જય હો! નાગદત્તની જય હો! એમ બોલતા રાજપુરુષો અને નગરજનોથી પરિવરેલા નગરમાં પ્રવેશ કરે છે અને અનુક્રમે રાજમાર્ગ ઉપર થઈને રાજમહેલમાં આવે છે.

રાજમહેલમાં આવ્યા પછી તે રાજાએ નાગદત્તનું સત્કાર સન્માન કરી તથા અજ્ઞાનતાથી થયેલા અપરાધની ક્ષમા માગીને નાગદત્તને વિસર્જિત કર્યો. અને વસુદત્તને અભયદાન આપેલ હોવાથી વધની સજા ન કરતાં દેશનિકાલનો આદેશ આપ્યો.

નાગદત્ત પણ સ્વજન-કુટુંબીઓથી પરિવરેલો અનુક્રમે પોતાના મંદિરે આવે છે. નગરલોકો પણ શુભ વધામણી આપવા આવે છે. અને ધર્મનો મહિમા ગાય છે અને શુભાશીર્વાદ સાથે અક્ષતથી નાગદત્તને વધાવે છે.

પ્રિયમિત્ર શ્રેષ્ઠી પણ ઘેર આવ્યા અને નાગદત્ત સર્વથા નિર્દોષ જ છે એમ કહેવા પૂર્વક પ્રશંસા કરે છે. એટલામાં જાણ્યો છે સર્વ વૃત્તાંત જેણે એવી નાગવસુ પણ કાઉસ્સગ્ગ પારી ઘેર આવે છે.

પ્રિયમિત્રે પૂછયું કે, 'હે વત્સે! તું કયાં ગઈ હતી?' નાગવસુએ પણ ઉપસર્ગ નિવારણ માટે કરેલ કાઉસ્સગ્ગની સર્વ વાત પિતાજીને કહી. પ્રિયમિત્ર શ્રેષ્ઠી પણ ખુશ થયા.

અનુક્રમે નાગવસુ સાથે નાગદત્તના લગ્ન થયા. પુણ્યોદયાનુસારે પંચવિધ વિષય સુખ ભોગવતાં સમય પસાર થાય છે. અને દેશવિરતિ ધર્મમાં આદરવાળા થાય છે.

એકદા ઝરૂખામાં રહીને નગરના દૃશ્યને જોઈ રહેલી નાગવસુએ અચાનક પાડોસીના ઘરમાં થયેલા આક્રંદન = રુદનને સાંભળીને પ્રિયતમ નાગદત્તને પૂછયું કે—

હે પ્રાણનાથ! એકાએક આ કરુણ રૂદન કોણ કરે છે?

નાગદત્ત બોલ્યો—હે પ્રિયે! હે સુતનુ! આપણા પાડોશમાં રહેતા વણિકના યુવાન પુત્રને હરણને જેમ સિંહ ઉપાડી જાય તેમ યમરાજા હરણ કરી ગયો છે. તેથી આવું વિરસ રૂદન સંભળાય છે.

હે પ્રિયે? આ યમરાજા સંપૂર્ણ નિર્દય જ છે. તે સુખીને કે દુઃખીને, ધનવંત ને કે નિર્ધનને તથા રાજાને કે રંકને ક્ષણ વારમાં હતો ન હતો કરી દે છે. જેમ અગ્નિ વન ને દહે છે તેમ આ યમ નાના કે મોટા સર્વ જીવોને કાળક્રમે હણે છે.

આવી રીતે અપ્રતિહત ગતિવાળો યમ સંપૂર્ણ વિશ્વમાં વિચરે છે. તો હે પ્રિયે! આવું જાણ્યા પછી પણ જે વિષયસુખ ભોગવવા તે ખરેખર મહામોહની વિડંબના જ જાણવી.

માથા ઉપર આગ સળગ્યા પછી કોણ નિશ્ચિત સૂઈ રહે?

કદાચ વિષય વાસના વધારે ન પણ હોય, તો પણ આ યમ જરાવસ્થા = ઘડપણ અને રોગથી જીવોને પીડા ઉપજાવી જ રહ્યો છે.

તો હે મૃગાક્ષી! વિષયોમાં મૂર્ચ્છિત થયેલા જીવોની નિકટમાં જ રહેલો આ યમ જેટલામાં આપણી સમીપે ન આવે ત્યાં સુધીમાં

આ યમના ભયથી જ પલાયન થઈ રહેલા = નાશ-ભાગ કરતા મુનિવરોના માર્ગે આપણે પણ જઈએ અને મુનિવરોની સંગાથે મોક્ષનગરમાં પહોંચી જઈએ, કે જ્યાં યમનું આવાગમન જ નથી.

પ્રિયતમના વચનો સાંભળી નાગવસુ બોલી—હે પ્રાણવલ્લભ! હું તો આપના શરીરની છાયાની જેમ સદાકાળ આપને અનુસરનારી જ છું.

અને આપણે આ ભવમાં વિષય સુખો પણ ઘણા ભોગવ્યા છે. તેથી હવે ભવાંતરમાં સદ્ગતિ થાય તે માટે આપણે ધર્મની આરાધનામાં વિશેષ પુરુષાર્થ કરીએ તે ઇચ્છનીય જ છે.

હે સ્વામિન્! અનેક સાગરોપમ કાળ પર્યંત વિષય સુખોને ભોગવતા દેવોની પણ વિષય તૃષ્ણા શાંત થતી નથી માટે વિષયસુખની તૃષ્ણાને નિવારવાનો સાચો ઉપાય તો સંતોષ જ છે.

માટે હે પ્રાણપ્રિય! આપ આપના સમીહિત કાર્ય માટે ઉદ્યમ કરો, હું પણ

આપની પાછળ પાછળ આપે સ્વીકારેલા માર્ગમાં જ પ્રવર્ત્તું છું. કેમકે—પતિને અનુચરવું એ જ કુલીન સ્ત્રીઓનું કર્ત્તવ્ય છે.

પ્રિયાના વચનો સાંભળી પ્રસન્ન થયેલો નાગદત્ત બોલ્યો—"હે પ્રિયે! તેં સાચું જ કહ્યું છે."

ત્યાર પછી દાન આપવાનું શરૂ કર્યું. જિનાલયોમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તવ્યા. જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી, ગુરુદેવના ચરણોમાં સર્વવિરતિ ગ્રહણ કરી નિરતિચાર ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા કરી સમાધિ પૂર્વક વિનશ્વર દેહનો ત્યાગ કરી, દિવંગત થયા અને અનુક્રમે સકલ કર્મોના બંધનમાંથી સર્વથા મુક્ત થઈ નિરાબાધ શિવસુખ પામ્યા.

ઈતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં અદત્તાદાનવિરમણ રહસ્ય ગુંફિત નાગદત્તના કથાનક વર્ણન સ્વરૂપ વીશમો પ્રસ્તાવ સમાપ્ત



શ્રી પદ્મવિજયજી વિરચિત

શ્રી સુમતિનાથ જિન સ્તવન

પંચમ જિનપતિ વંદિયે સાહેલડીયાં,
સુમતિ જિનેશ્વર દેવ રે ગુણવેલડીયાં,
સુમતિ તણો દાયક પ્રભુ સાહેલડીયાં
એહ સેવો નિતમેવ રે ગુણવેલડીયાં. ૧
જેહને જન્મ મરણ નહિં સા. આર્ત્તધ્યાન નવિ હોય રે ગુણ,
દુરગતિ સન્મુખ નવિ હોયે સા. ભવ દુઃખ સામુ ન જોય રે ગુણ. ૨
રોગ શોક નવિ એહને સા. નહિં એહને સંતાપ રે ગુણ,
એહની કરો ઉપાસના સા. જાયે જેહથી પાપ રે ગુણ. ૩
અષ્ટ કરમ દળ છેદીને સા. પામ્યા અવિચલ રાજ્ય રે ગુણ,
રત્નત્રયી પરગટ કરે સા. સુખ વિલસે નિત પ્રાજ્ય રે ગુણ. ૪
જિન ઉત્તમ પદ પદ્મને સા. સેવ્યે સુખ નિરધાર રે ગુણ,
જેહથી અક્ષય પદ લહે સા. અવ્યાબાધ ઉદાર રે ગુણ. ૫

॥ श्री मेघभूपकुलकमलाकरदिनकर श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः ॥



卐 પ્રસ્તાવ–૨૧ મો 卐

મૈથુનવિરમણ સ્વરૂપ દર્શન—

જે પુણ્યાત્મા યત્ન પૂર્વક જીવવધ–અલિકવચન–પરધન હરણથી નિવૃત્ત થાય છે પણ મૈથુનની આસક્તિ જ્યાં સુધી તજી શકતો નથી ત્યાં સુધી તે આત્મા સઘળા આસ્રવોથી આવતા પાપ કર્મોથી લેપાયા વિના રહેતો નથી, અર્થાત્ તીવ્ર વિપાક-ચાળા નિકાચિત કર્મોને અવશ્ય બાંધે છે.

ઉભયલોકના વિચારથી શૂન્ય મનઃ છે જેમનું અને તેથી કાર્ય અને અકાર્યના વિવેક વિનાના એવા જે જીવો મૈથુનમાં આસક્ત છે તે જીવો એવો કયો પાપ છે કે જે પાપકર્મને કરતા નથી ? અર્થાત્ સઘળા પાપ કરે છે.

પ્રારંભ કાળે મધુર લાગતા અને પરિણામે અસહ્ય દુઃખ = સંતાપને આપનારા એવા કિંપાક ફળ જેવા વિષય સુખને કયો બુદ્ધિશાળી પુણ્યાત્મા ઇચ્છે ? અર્થાત્ કોઈ પણ ચતુર પુરુષ ન જ ઇચ્છે.

નપુંસકપણું દુર્ભાગ્યપણું ઇન્દ્રિયોનું છેદન તથા શરીરના બલની હાનિ અને દુર્ગતિ ગમન ઇત્યાદિ ફળોને જીવો અબ્રહ્મના સેવનથી અવશ્ય પામે છે.

જે જીવ સ્ત્રીના અંગસ્પર્શથી વિષય તૃષ્ણાને નિવારવા પ્રયત્ન કરે છે તે મતિમૂઢ આત્મા ખરેખર ઘી ભરપૂર ભોજન દ્વારા અજીર્ણથી થયેલા જ્વરને સમાવવા પ્રયત્નને કરનારા રસના લોલુપી જીવ જેવો છે અર્થાત્ તેના પ્રયત્નો અનર્થને વધારનારા જ બને છે.

જે આત્મા કદાચ સર્વ સ્ત્રીઓનો પરિહાર = ત્યાગ કરવા અસમર્થ હોય, તો પણ તે જીવ જો પરસ્ત્રીઓનો ત્યાગ કરે છે તો તે જીવાત્મા આ ભવમાં અને પરભવમાં રણવીરની જેમ કલ્યાણ માળાને વરે છે.

રણવીરની કથા—

આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ મધ્ય ખંડમાં પોતાની સુંદરતા = રમણીયતાથી રંજિત કર્યા છે મનુષ્યોના મનને જેણે એવું અમરપુર નામનું સમૃદ્ધ નગર છે.

જે નગરમાં જિનેશ્વર દેવના મંદિરના શિખર ઉપર પ્રતિષ્ઠિત કરેલ પદ્મરાગ મણિ મંડિત સુવર્ણ કળશમાંથી ઉલ્લસિત થતા કિરણો, જાણે કે ગગનમંડલમાં ઉગેલા વૃક્ષના નવ પલ્લવિત પત્રો ન હોય! તેવી શોભાને ધારે છે.

તે નગરમાં પ્રતિપક્ષી રાજાઓના પ્રતાપ રૂપ દાવાનળને શાંત કરનાર મેઘ સમાન એવા મહાપરાક્રમશાળી રણપાલ નામના ભૂપતિ = રાજા છે.

તે રાજાના કર = હાથમાં રહેલ મંડલાગ્ર = ખડ્ગને શત્રુ રાજાઓ જોવા પણ સમર્થ થતા નથી, જેમ ઘુવડ સૂર્યના કિરણોને ન જોઈ શકે તેમ.

તે રાજાને દેવાંગના જેવી રૂપ-લાવણ્યવતી વીરશોભા નામની પટ્ટરાણી છે કે જેના લોચનની રમણીયતા નિહાળી લજ્જા પામેલા પંકજોએ = કમળોએ પંકનો આશ્રય લીધો.

પૂર્વભવોપાર્જિત શુભકર્મના ઉદયે વિષય સુખને ભોગવતાં અનુક્રમે પુત્રનો જન્મ થાય છે. અને તે પુત્ર રણવીરના નામે પ્રસિદ્ધિ પામે છે.

દ્વિતીયાના ચંદ્રની જેમ શરીરથી અને કળાથી વૃદ્ધિ પામતો તે રણવીર રાજકુમાર અનુક્રમે યૌવનવયઃ પામ્યો.

પણ દ્યુત = જુગારના વ્યસનથી તે રણવીરના બધા જ ગુણો દૂષિત થયા છે. જેમ સોળે કળાએ ખીલેલો પણ ચંદ્ર હરણના કલંકથી દૂષિત થયો છે અને અપરિમિત જલનો નિધિ એવો સમુદ્ર પણ ખારા પણાથી દૂષિત છે તેમ તે રણવીર સર્વલોકને અનાદરણીય બન્યો છે. અપ્રશંસનીય બન્યો છે.

દ્યુત-જુગાર રમવામાં વ્યગ્ર ચિત્તવાળો તે રણવીર વડિલજનોની લજ્જા મૂકીને, ઉજાગરા કરીને અને ભૂખ કે તરસને ગણકાર્યા વિના અહોનિશ દ્યુત = જુગાર રમે છે.

અન્યદા એક દિવસે બુદ્ધિશાળી એવા તે રાજાએ રણવીર પુત્રને કહ્યું કે—હે વત્સ! પુરુષે હંમેશા યોગ્ય અને અયોગ્યની વિચારણામાં તત્પર રહેવું જોઈએ.

ગુણનિધિ એવા તમારે નિર્ગુણ—જીવોએ આચરેલ દ્યુત = જુગાર રમવું એ ઉચિત નથી. જેમ મોતીને ચણનારો હંસ કાગડાને ઉચિત એવા અશુચિમય ભોજનને ઇચ્છતો પણ નથી તેમ તમારે આ દ્યુતની ઇચ્છા માત્ર પણ ન કરવી જોઈએ.

જે ધુત = જુગાર કુલને કલંક લગાડનારું છે. વડિલ જનોની લજ્જાને મુકાવનારું છે. સર્વ લોકને પ્રતિકૂલ છે અને ધર્મ, અર્થ અને કામ ને પણ ચુકાવનારું છે તથા દયા દાન અને ભોજનને ભૂલાવનારું છે.

તથા પિતા–માતા–ભાઈ–પુત્ર અને સ્ત્રીને લૂંટનારું છે અને સુખના સમૂહને શોષનારું છે. તથા દેવગતિ અને શિવગતિ ને વિષે અર્ગલા સમાન એવા ધુતને હે પુત્ર! તું તજી દે. પિતાના ઉપરોક્ત વચનો શ્રવણ કર્યા પછી પણ ક્લિષ્ટ કર્મોના ઉદયથી જે રણવીર રાજકુમાર ધુત = જુગારથી નિવૃત્તિ ન કરી શકયો.

ખરેખર નિર્વિવેકી જીવો વ્યસનોનો ત્યાગ કરવા સમર્થ થતા નથી!!!

તે રણવીર રાજકુમાર ધુતથી અટકયો નહિ ત્યારે રાજાએ નગરમાં પડહો વજડાવ્યો કે—"કોઈએ પણ ધુત રમવું નહિ".

પડહો સાંભળીને રણવીરે વિચાર્યું કે—"મારું અપમાન થઈ રહ્યું છે," એમ ચિંતવીને અભિમાની એવો તે રણવીર ખડ્ગ લઈને કોઈ ન જાણે તેવી રીતે નગરમાંથી નીકળ્યો.

પરિભ્રમણ કરતા રાજકુમારે એકત્ર માર્ગમાં બે મુનિવરોને ઉપદ્રવ કરતા ચોર તસ્કરોને જોયા.

તત્કાલ તે રણવીર રાજકુમાર ત્યાં મુનિવર પાસે આવીને નિષ્કારણ કરુણા કલિત મનવાળા રાજકુમારે હુંકારો કરીને ચોરોને કહ્યું કે—અરે દુષ્ટો! ઉભય લોકને વિરૂદ્ધ એવું આ શું માંડયું છે?

તે તસ્કરો પણ કુમારની સામે લડવા તૈયાર થયા. પુરુષાર્થ પ્રધાન એવા તે એકલા રાજકુમારે હાથીઓના સમૂહને જેમ એકલો કેશરી સિંહ નસાડે તેમ તે બધા ચોરોને હરાવીને નસાડી મૂકયા—

અને તે મુનિવરોને ક્ષેત્ર કુશળ માર્ગે ચડાવે છે. તે સમયે મુનિવરોએ કહ્યું કે—હે ભદ્ર! પોતાના જીવિતની અપેક્ષા રાખ્યા વિના જ તમોએ જે અમારું રક્ષણ કર્યું તેથી તમારા આવા સચ્ચરિત્રથી હે મહાસત્ત્વ! તમે થોડા કાળમાં સકલ સંપદાઓના ભાજન = પાત્ર થશો.

પણ અમારે એક પ્રાર્થના કરવી છે.

રણવીર બોલ્યો—હે ભગવન્! મને આદેશ કરો કે હું આપની શું સેવા કરું?

મુનિવર બોલ્યા—હે મહાભાગ! બીજું તો કંઈ નહીં પણ પ્રાણાતિપાત-મૃષાવાદ–અદત્તાદાન–મૈથુન અને પરિગ્રહ સ્વરૂપ પાંચ આસ્રવોની નિવૃત્તિ કરો.

રણવીર બોલ્યો—હે ભગવન્! ભારે કર્મી એવો હું સર્વ આસ્રવોની નિવૃત્તિ તો નહીં કરી શકું પણ પરસ્ત્રી વિરમણ સ્વરૂપ વિરતિ યાવજ્જીવ પર્યંત અવશ્ય કરીશ.

મુનિવર બોલ્યા—હે ભદ્ર! આ પરસ્ત્રીવિરમણ વ્રત પણ કાયર પુરુષોને પાળવું અશક્ય છે.

પરસ્ત્રીવિરમણ વ્રત એ ખરેખર સકલ કલ્યાણ સંપદાઓનું કારણ છે.

સેંકડો વ્યસન-સંકટોને નિવારનારું છે. તથા સ્વર્ગ અને મોક્ષના સુખનું અદ્વિતીય હેતુ છે.

વળી જેમ

કમલોનો આધાર સરોવર છે.

રત્નોનો ભંડાર રોહણગિરિ છે.

તથા તારાઓ આકાશમાં નિવાસ કરે છે. તેમ પરસ્ત્રીવિરમણ વ્રત પણ સર્વગુણોનો આધાર છે.

તેથી આ વ્રતને સ્વીકારનારા એવા તમોએ આ મનુષ્ય જન્મનું સાચું ફળ મેળવ્યું જ છે માટે આ વ્રતને નિરતિચાર રીતે પાલન કરવા તત્પર રહેજો.

ઇત્યાદિ હિતશિક્ષા આપીને તે મુનિવરોએ ઇષ્ટ સ્થાન પ્રતિ પ્રયાણ આદર્યું.

રણવીર રાજકુમાર પણ અનુક્રમે કોશલદેશના ભૂષણ સમાન શ્રીપુર નામના નગરે પહોંચ્યો. તે નગરને ચોતરફ અતિ ઊંચો પ્રાકાર=કિલ્લો હતો કે જે કિલ્લાને ઓળંગવા પક્ષીઓ પણ સમર્થ થતા નથી.

તે નગરમાં મહાસેન નામના રાજા છે.

રણવીર રાજકુમાર પણ તે નગરમાં પૂર્વના અભ્યાસના કારણે જુગારના વ્યસનમાં ફસાયો. અર્થાત્ જુગાર રમે છે.

ધન મેળવવા માટે એકદા ૨૧ ક્રોડ સુવર્ણના સ્વામી એવા શ્રીપુંજ શ્રેષ્ઠીના ઘરમાં રાત્રે ખાતર નાખીને રણવીરે પ્રવેશ કર્યો. તે સમયે દીપક છે જેના હાથમાં એવી સ્ત્રીએ આપેલ હિસાબના પત્રને જોતા પુત્ર પાસે બેઠેલા શેઠને રણવીર રાજકુમારે જોયો.

વારંવાર ગણવા છતાં હિસાબ બરાબર ન મળવાથી શ્રેષ્ઠી પુત્રને ઠપકો આપીને

પૂછે છે પણ પુત્રને મૌન રહેલો જોઈ કોપાવેશમાં શ્રેષ્ઠીએ ચામડાની ચાબુક પુત્રને પીઠમાં મારીને કહ્યું કે "બોલ હિસાબ કેમ મળતો નથી."

આ દૃશ્ય જોઈને રણવીરે ચિંતવ્યું કે—અહો! લોભથી અંધ થયેલ બુદ્ધિવાળો આ શ્રેષ્ઠી ધનને માટે પુત્રને પણ મારે છે. અહો! એ કેવું અયોગ્ય આચરણ કહેવાય !!!

રણવીર રાજકુમાર ત્યાંથી ધન ચોર્યા વિના જ પાછા વળીને તે જ નગરમાં ઘણા ધનની સ્વામિની અને નગર રૂપ સ્ત્રીના મુખની શોભા વધારવામાં તિલક સમાન લીલાવતી નામની વેશ્યાના મંદિર પહોંચ્યો. તો દીવાના પ્રકાશમાં નજર કરતાં ગળી રહેલા પરૂના પ્રવાહથી કર્યો છે માખીઓના સમૂહને તુષ્ટિ જેણે એવા કોઢીઆ પુરુષની સંગાથે સૂતેલી લીલાવતી વેશ્યા દેખાઈ.

વેશ્યાને જોઈને રણવીર કુમારે ચિંતવ્યું કે—ધનમાં લુબ્ધ એવા જીવો પોતાના શરીરને તૃણ તુલ્ય ગણીને ધન મેળવવા માટે અગમ્ય પુરુષોની સાથે ગમન કરે છે. જે આ રૂપ અને લાવણ્યના નિધિ તુલ્ય એવી પણ આ વેશ્યા કોઢિયા સાથે સૂતી છે તે ધનના લોભનો જ વિલાસ જાણવો.

તો ધનમાં અતિ લુબ્ધ એવી વેશ્યાના ધનને જો હું હરણ કરીશ તો ધનના વિયોગથી આ વેશ્યાનું હૃદય નિશ્ચે ફૂટી જશે.

એમ ચિંતવીને રણવીર રાજકુમાર ત્યાંથી પણ ખાલી હાથે પાછો વળ્યો, અને ઉદ્યાનમાં જઈને ગોધા=પાટલા ઘો લઈને રાજમંદિરે પહોંચ્યો. ઘોના પૂંછડે દોરડું બાંધીને ઘોને રાજમંદિર ઉપર ઉછાળી, તુર્ત તે પાટલા ઘો દિવાલમાં ચોંટી ને સ્થિર રહી.

તે દોરડીના આધારે ચડીને રણવીર કુમાર યાવત્ ઝરૂખામાં પ્રવેશ્યો, તેટલામાં ત્યાં સૂતેલા રાજાએ ચિંતવ્યું કે આ રાણી આવેલા આ અન્ય પુરુષમાં આસક્ત છે. તો હવે જોઈએ કે શું બનાવ બને છે. એમ ચિંતવીને રાજા કપટ નિદ્રાએ સૂઈ રહે છે.

એટલામાં પોતાના આભરણમાં જડેલા મણિ-રત્નના ઉદ્યોતમાં નયનાનંદ એવો આ રાજપુત્ર કોણ છે એમ ચિંતવી તે મહારાણી કામદેવના વિષમ બાણથી વીંધાયેલી તે આવેલ પુરુષને વિષે અનુરાગિણી થઈને ભોગ સુખ માટે પ્રાર્થના કરતી પૂછે છે કે–તમે કોણ છો?

રાજકુમાર બોલ્યા—આ સમયે પરઘરમાં પ્રવેશનારો બીજો કોણ હોઈ શકે!

રાણીએ ચિંતવ્યું નિશ્ચે આ સામાન્ય ચોર નથી પણ કોઈ વિશિષ્ટ પુરુષ છે તો મારે હવે બીજાનું કામ નથી આ જ પુરુષ મારા માટે ઉત્તમ છે. એમ ચિંતવીને

તે રાણીએ અભિલાષાવાળી દૃષ્ટિરૂપી દૂતી કુમાર તરફ મોકલી અર્થાત્ કામાવેશના કટાક્ષો કુમાર ઉપર ફેંકયા.

તે સમયે કુમારે પૂછયું કે—તમે કોણ છો? રાણી બોલી કે—અહીંના રાજાની વસંતસેના નામની પટ્ટરાણી છું.

મહારાણીના વચનો સાંભળીને સંવેગ ભાવથી ભવિત ચિત્તવાળો તે રણવીર કુમાર બોલ્યો કે—તમે મારા માતા તુલ્ય છો.

રાણી બોલી—કેવી રીતે?

કુમાર બોલ્યો કે—પરસ્ત્રીવિરમણ વ્રત મેં ગુરુ સમક્ષ સિદ્ધ પરમાત્માની સાક્ષીએ ગ્રહણ કરેલ છે તેથી આ વિશ્વમાં જેટલી પરસ્ત્રીઓ છે તે સર્વે મારી માતાઓ જ છે. તો પછી આપ તો મહારાજાના પટ્ટરાણી છો તેથી સર્વ પ્રજાની માતા જ છો.

મહારાણી બોલ્યા—જો તું આવો ધર્માર્થી છે તો પછી ચોરી કેમ કરે છે?

રણવીર બોલ્યો—કર્મની પરિણતિ વિચિત્ર છે માટે જ હે માતાજી! આવું અકાર્ય કાર્ય કરવું પડે છે.

મહારાણી બોલી—આવા બધા તારા જવાબથી સર્યું. હવે તું મને સર્વથા અંગીકાર કર અર્થાત્ મારી સાથે વિષય સુખ ભોગવ. અન્યથા તું સંકટમાં પડીશ. મારી પાસેથી ક્ષેમ-કુશળ જઈ નહિં શકે.

રણવીર બોલ્યો—હે માતાજી! મેં આપને માતા રૂપે સર્વથા અંગીકાર કરી જ છે. જો એમ ન હોય તો શું આ વેળાએ બીજા કોઈને ઘેર પ્રવેશ થઈ શકે ખરા? આવા પ્રકારના યુક્તિયુક્ત વચન દ્વારા પટ્ટરાણીને નિરૂત્તર કરી.

આ બધી વાત ગુપ્ત રીતે રહેલા રાજાએ સાંભળી.

રણવીરની વાત સાંભળીને કામથી વિહ્વલ બનેલી મહારાણી તત્કાલ વાળને વિખેરીને મોટા અવાજે આક્રંદ કરવા લાગ્યા. "બચાવો બચાવો" એમ પોકાર કરવા લાગ્યા.

મહારાણીના શબ્દને સાંભળીને પહેરગીરો જાગ્યા રાજા એ આદેશ કર્યો કે—અરે દ્વારપાલો! પ્રાહરિકો! યામિકો! આ ચોરને માર્યા વિના પકડો.

પ્રાહરિકોએ કુમારને કહ્યું કે—"અમે તમોને મારશું નહિં માટે તમે હથિયાર=શસ્ત્રને મૂકો દો."

કુમાર બોલ્યો—" હું હથિયાળ નહિ છોડું પણ પ્રહાર કર્યા વિના અને પલાયન થયા વિના તમારી પાસે રહું છું.

પ્રાતિહારિકો બોલ્યા—" એવં ભવતુ " અનુક્રમે રાત્રિ પૂર્ણ થઈ, અને દિનકર ઉદયાચલ ઉપર પ્રગટ થયો.

રાજસભાના સમયે પરિકરથી પરિવરેલા રાજા સિંહાસન ઉપર બિરાજમાન થયા સભ્યલોકો યથોચિત સ્થાને બેઠા.

તે સમયે રાજાએ કોટપાલોને આદેશ કર્યો કે—" ચોરને અહીં હાજર કરો. " કોટપાલો પણ તત્કાલ ચોરને તેડી લાવ્યા. અને તે ચોર પણ રાજાની સન્મુખ હાથ જોડીને ઊભો રહ્યો.

ચોરને જોતાંની સાથે જ રાજાએ ચિંતવ્યું કે—અહો! આ તો કોઈ તેજસ્વી ઉત્તમ પુરુષ રત્ન છે. એમ રાજાએ ચિંતવ્યું.

મંત્રી વિગેરે બોલ્યા કે—આવો ઉત્તમ પુરુષ પણ શું ચોરી કરે છે?

રાજા બોલ્યા—હે સભ્યજનો! " હું આને કંઈક પૂછું છું " તમે સાવધાન થઈને સાંભળો—બધા સભ્યો મૌન થયા ત્યારે સન્મુખ ઊભા રહેલા ચોરને રાજાએ કહ્યું કે—" તમે કોણ છો?"

કુમાર બોલ્યો—" મને જાણીને ઓળખીને શું કામ છે?" અને તેથી જ મને આ પૂછવું એ નિરર્થક જ છે.

રાજા બોલ્યા—" પરસ્પર વિરુદ્ધ એવા તમારા ચરિત્રને જોઈને મને સંદેહ થાય છે માટે પૂછું છું.

કુમારે ચિંતવ્યું કે—નિશ્ચે રાત્રિની હકીકત રાજાએ ગુપ્ત રીતે જાણી છે તેથી જ આમ બોલે છે તો ગુરુસ્થાનીય એવા આ રાજાને યથાવસ્થિત જ કહું એમ ચિંતવીને અને પટ્ટરાણીને અભયદાન અપાવરાવીને કુમારે પોતાનું સર્વ વૃત્તાંત સંક્ષેપમાં કહ્યું.

રણવીરની વાત સાંભળીને ખુશ થયેલા રાજાએ રણવીર કુમારને પુત્ર રૂપે સ્વીકારીને મોટું રાજ્ય આપ્યું. તથા હાથી ઘોડા રથ અને પાયદળ સ્વરૂપ ચતુરંગી સેનાની સામગ્રી આપી. અને તે રણવીર કુમાર સકલજનને સંમત થયો.

આ અવસરે રણવીર વિચારે છે કે—સકલ જગતના જીવો ઉપર વાત્સલ્યવાળા અને કરુણામાં તત્પર એવા ગુરુદેવે જે પરસ્ત્રીવિરમણનો વ્રત કરાવેલો હતો, તેનું આ ફળ છે.

કેવલ આ લોકના જ સુખને આપનારા ચિંતામણિ કામધેનુ કલ્પવૃક્ષ વિગેરે દિવ્ય પદાર્થો પુણ્યાનુસારે જ સુખ આપે છે.

જ્યારે ગુરુદેવ તો ઉભયલોકના સુખને આપનારા છે. તેથી ચિંતામણિ કામધેનુ અને કલ્પવૃક્ષથીએ ગુરુદેવ ચઢીયાતા જ છે.

જે પુણ્યાત્માઓના હૃદયમાં ગુરુવચન સ્વરૂપ મંત્રાક્ષરો સદા કાળ નિવાસ કરે છે તે મનુષ્યો પરસ્ત્રી સ્વરૂપ રાક્ષસીઓથી કયારેય પણ છેતરાતા નથી.

એ પ્રમાણે ચિંતવીને મુનિવરોના ચરણ કમળની સેવામાં તત્પર થયેલો રણવીર કુમાર ગ્રંથી ભેદ કરી સમ્યગ્દર્શન પામ્યો.

અન્યદા સામંત સેનાપતિ મંત્રી વિગેરે સેંકડો સભ્યજનોથી ભરેલી સભામાં બેઠેલા મહાસેન રાજાના બાલમિત્ર બંધુદત્ત નામના શ્રેષ્ઠી આવ્યા.

રાજાને પ્રમાણ કરીને બંધુદત્ત શ્રેષ્ઠી સ્વોચિત્ત આસને રાજાની અનુજ્ઞાથી બેઠા.

રાજા બોલ્યા—"હે શ્રેષ્ઠિન્! સ્વાગતં તે" હે શ્રેષ્ઠિન્! તમે ભલે આવ્યા!!! કુશળ છો ને?

શ્રેષ્ઠી બોલ્યા—આપના ચરણોના પસાયે કુશળતા છે.

રાજા—કેમ ઘણા દિવસે દેખાયા?

શ્રેષ્ઠી—વ્યાપાર માટે સમુદ્રના સામેના કિનારે ગયેલો તેથી ઘણા દિવસે આપની સેવામાં આવ્યો છું.

પુનઃ રાજાએ કુતૂહલથી પૂછ્યું કે—હે શ્રેષ્ઠિન્! તમોએ કયાંય પણ કોઈ અતિ અદ્ભુત આશ્ચર્ય જોયું છે કે નહીં?

શ્રેષ્ઠી—હે દેવ! આશ્ચર્યકારી એવું એક અદ્ભુત સાંભળ્યું છે ખરા, પણ જોયું નથી.

રાજા—શું સાંભળ્યું છે?

શ્રેષ્ઠી—હે રાજન્! હું બોલી શકું તેમ નથી!!!

રાજા—હે શ્રેષ્ઠિન્! સાંભળેલ તે આશ્ચર્યજનક અદ્ભુત વાત જો કહેવા સમર્થ નથી તો તેમાં કંઈક કારણ હોવું જોઈએ!!! તો હે શ્રેષ્ઠિન્! નિઃશંકપણે તે કારણ કહો!!!

શ્રેષ્ઠી—હે નરનાથ! દેવવચન છે માટે.

રાજા—હે શ્રેષ્ઠિન્! સ્વસ્થ થઈ, વહેમ તજીને જે હોય તે યથાવસ્થિત સ્વરૂપ કહો!!! કેમકે તમે મારા આત્મા તુલ્ય જ છો!!! માટે નિઃશંક રીતે કહો!!!

શ્રેષ્ઠી—હે દેવ! જો આપની આજ્ઞા છે તો સાવધાન થઈને સાંભળો.

રાત્રિના સમયે વહી રહેલા યાનપાત્રમાં = વહાણમાં રહેલા એવા મેં—આજુ-બાજુના કોઈક દ્વીપમાં અત્યંત મનોહર છતાં કરૂણ શબ્દ સાંભળ્યો કે—

"किं करेमि? अमणुस्सापुहइति" "શું કરું, પૃથ્વી મનુષ્ય વિનાની છે."

ઉપરોક્ત વચન સાંભળતા એવા મેં તત્કાલ વેગથી વહાણ પાછું વાળ્યું.

તો હે દેવ! પૃથ્વી ઉપર આપણે તો રહીએ જ છીએ ને!!! તોપણ "પૃથ્વી મનુષ્ય વિનાની છે" આ અતિઅદ્‌ભુત વાત સમજાતી જ નથી.

શ્રેષ્ઠીની વાત સાંભળીને શોકાકુલ રાજાએ નીસાસો નાખીને સભામાં ચોતરફ જોયું. તત્કાલ સામંત સેનાપતિ મંત્રિ વિગેરે સભાલોકો બોલ્યા કે—"હે દેવ! આ વિષય અમારો નથી."

સામંત-સેનાપતિ વિગેરેની વાત સાંભળીને પ્રગટ્યો છે પુરુષાતન જેને એવો રણવીર કુમાર ઉઠ્યો અને રાજા પાસે આવીને બોલ્યો કે—હે દેવ! મને આજ્ઞા આપો. કે જેથી હું ત્યાં માણસ છે કે નહિ તે આપને બતાવું.

રાજા—બહુ સારું! એ પ્રમાણે સુખેથી કરો!!! એમ કહીને રાજાએ પોતાના અંગ ઉપર પહેરેલા આભરણો રણવીર કુમારને આપ્યા.

"महा पसाउ त्ति" મોટી મહેરબાની એમ બોલતો તે રણવીર કુમાર રાજાને પ્રણામ કરીને બંધુદત્ત શ્રેષ્ઠીને પૂછે છે—"તમે તે શબ્દ કયા સ્થાને સાંભળેલ".

શ્રેષ્ઠી—"સમુદ્રમાં રહેલા મેં તે શબ્દ સાંભળેલ."

ત્યાર પછી સાહસ જ છે પ્રધાન જેને એવો તે રણવીર કુમાર હાથમાં ખડ્ગ લઈને નિકળ્યો અને અનુક્રમે સમુદ્ર કિનારે પહોંચ્યો. ત્યાં રત્નકૂટ નામનો પર્વત રણવીરે જોયો. અને વિચારે છે કે—

શું સમુદ્રે કલ્લોલ રૂપ ભૂજાઓથી બહાર કાઢેલા રત્નોના કૂટથી જ આ રત્નકૂટ પર્વત થયો છે કે શું?

અથવા તો આ સમુદ્ર જ તરંગ રૂપ હાથથી વારંવાર રત્નકૂટના રત્નોને ગ્રહણ કરતો હોવાથી રત્નાકર કહેવાય છે કે શું?

આ પ્રમાણે ચિત્તમાં ચિંતવતો કુમાર દિવસના અવસાન અર્થાત્ સાંજના સમયે ગગનમંડળને વ્યાપીને રહેલા રત્નકૂટ ગિરિ ઉપર ચઢયો.

ત્યાં ઘણા સુવર્ણના સ્તંભોની પંક્તિ = શ્રેણિથી શોભતા તથા રત્નજડિત ભૂમિતલવાળા અને સ્ફટિકની શિલાઓના સમુદાયથી બનાવેલ પ્રજ્ઞપ્તિ દેવતાનું મંદિર જોયું.

તે મંદિરમાં જતા અને આવતા લોકોથી દુઃસંચાર એવા તે મંદિરમાં વિદ્યાધરો રાજાઓ અને માંડલિકો તથા મંત્રીઓ સામંતો અને શ્રેષ્ઠીએ વિગેરે અનેક લોકો પોત–પોતાની સ્ત્રી સહિત આવીને પ્રજ્ઞપ્તિ દેવતાની પૂજા કરીને પર્યુપાસના કરે છે.

અને પર્યુપાસનાથી પ્રસન્ન થયેલી તે પ્રજ્ઞપ્તિ દેવી તે તે જીવોની સૌભાગ્ય આરોગ્ય રાજ્ય વિદ્યા પુત્ર વૈભવ અને બીજી પણ જે કંઈ ઇચ્છા હોય તે સર્વે મનોવાંછિત કામનાઓને પૂર્ણ કરે છે.

રણવીર કુમાર પણ કુતુહલથી તે મંદિરમાં પ્રવેશ્યો. અને પ્રજ્ઞપ્તિ દેવતાને પ્રણામ કરીને ક્ષણ વાર ત્યાં બેઠો. ત્યાર પછી અત્યારે રાત્રિ છે એમ ચિંતવીને ત્યાં જ ઉચિત સ્થાને સૂતો.

રાત્રિ પસાર થઈ અને પ્રાતઃકાળ થયો ત્યારે રણવીર કુમાર નિદ્રાનો ત્યાગ કરી જાગૃત થયો, તત્કાલોચિત કાર્યો કાર્યા પછી દિશાઓનું અવલોકન કરે છે.

એટલામાં પૂર્વમાં દિશા ધૂળ ઉડતી દેખાઈ, અને થોડી જ વારમાં એક મોટું વિમાન આવ્યું. તે વિમાનમાં બેઠેલી હર્ષાયમાન હરણના જેવા લોચનવાળી કોઈક કન્યા દેવતાયતન પાસે જ્યારે વિમાન ઊભું રહ્યું ત્યારે તે વિમાનમાંથી ઉતરીને પ્રજ્ઞપ્તિ દેવતાની પાસે જઈને તથા વંદન કરીને કેટલાક સમય ત્યાં દેવતાની સન્મુખ બેઠી.

તે સમયે તે કન્યાએ દેવકુમાર જેવા તે રણવીર રાજકુમારને જોયો. અને કુમારે કન્યાને જોઈ બન્નેની દૃષ્ટિ પરસ્પર મળતાં બન્નેને એકબીજા ઉપર સ્નેહ ઉત્પન્ન થયો.

તદનંતર તે કન્યાએ સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરીને પ્રજ્ઞપ્તિ દેવીની મોટી વિભૂતિ પૂર્વક પૂજા કરી અને દેવીની આગળ વિવિધ ફળો અને નૈવેદ્ય ધર્યા.

ત્યાર પછી તે કન્યાએ સખીની સાથે બેસીને ભોજન કર્યું એ જ રીતે આખા દિવસના કૃત્યો તે બન્ને જણીએ સાથે મળીને જ સંપન્ન કર્યા. પણ પરસ્પર સંભાષણ = વાતચીત કરી નહિં.

અનુક્રમે રાત્રિ થઈ ત્યારે નિદ્રાથી ઘેરાયેલા આંખોવાળી કન્યાને જોઈને રણવીર બોલ્યો કે—લજ્જાનો ત્યાગ કરીને પણ હું પૂછું છું કે—મહા ભાગ્યશાળી એવા તમારે પણ શું દુઃખ છે!

કન્યા કંઈ પણ બોલી નહીં. પણ નિઃસાસો નાખે છે.

કુમાર—તમોએ નિઃસાસો નાખવા રૂપ જવાબ આપ્યો છે પણ હું તેનો અર્થ જાણતો નથી.

કન્યા—કેવી પરાયત્તતાની મહેરબાની છે!!!

કુમાર—કેવી રીતે પરાયત્તતા = પરવશપણું છે તે હું જાણી શકતો નથી.

કુમારિકા કુમારને જોઈને કરુણ સ્વરે રોવા લાગી.

સખીએ કુમારિકાને આશ્વાસન આપીને કુમારને કહ્યું કે—"હે મહાભાગ! આ કુમારિકાનું વૃત્તાંત તમે સાવધાન થઈને સાંભળો.

ગંગા અને યમુનાના યોગ સમાન નીલ આકાશમાં ઉજ્જવલ કિરણોથી લક્ષિત એવો વિવર્ત્ત નામનો ગિરિ છે.

તે ગિરિ ઉપર ઘણા વિસ્તારવાળું, સુવર્ણના પ્રાકાર = કિલ્લાથી વીંટળાયેલું અને નભોલક્ષ્મી = ગગનની શોભારૂપ લક્ષ્મીના લીલા = ક્રીડા નેપુર = ઝાંઝર સમાન લીલાપુર નામનું નગર છે.

તે નગરમાં નમી રહેલા વિદ્યાધરોના મુકુટોથી સ્પર્શાતા છે ચરણકમળ જેમના એવા તથા જયશ્રીના લીલા તિલકસમાન લીલાવિંધ્ય નામના રાજા છે.

તે રાજાની પુત્રી આ લીલાવતી નામની કુમારિકા છે અને તેની મોટીબહેન લીલાદેવી છે.

અને તે લીલાદેવીને લક્ષ્મીપુરના સ્વામી કિશોર નામના વિદ્યાધર પરણ્યા.

અન્ય વિદ્યાધરોની સાથે થયેલ સંગ્રામમાં લજ્જાવિનાનો તે કિશોર વિદ્યાધર નાશી ગયો. તે સમયે વિદ્યાધર સુભટોએ તે કિશોર વિદ્યાધરનો ઉપહાસ કર્યો.

આ દૃશ્ય જોઈને લજ્જા પામેલી લીલાવતીએ ચિંતવ્યું કે—મારે પણ આવા પતિનો યોગ ન થાઓ! માટે પિતાજીને પૂછીને ઉચિત કાર્ય આદરું.

ત્યારબાદ પિતાજીને પૂછીને લીલાવતી અહીં આવી, પ્રજ્ઞપ્તિ દેવતાની પૂજા કરીને આરાધના કરી.

જ્યારે પ્રજ્ઞપ્તિ દેવતા પ્રસન્ન થયા ત્યારે આ લીલાવતીએ વરદાન માગ્યું કે —"હે ભગવતી મા! મને અમનુષ્ય એવા પતિનો યોગ થાઓ."

દેવતાએ વાત સ્વીકારીને કહ્યું કે—હે વત્સે! રણવીર તમારા પ્રાણવલ્લભ પતિ થશે.

પણ તમારે હજી અશુભ કર્મો અવશિષ્ટ છે તેથી તે કર્મના ઉદયથી ૭ મહિના પર્યંત તમને કલેશ થશે.

તો પણ હે બહેન! તું ખેદ પામતી નહીં!!! કેમકે તે તારા ક્લેશ=દુઃખને તારો પતિ જ નાશ કરશે.

ઇત્યાદિ દેવતાના વચનો સાંભળીને પ્રસન્ન થયેલી આ લીલાદેવી અનુક્રમે ઘેર આવીને કાળ વ્યતીત કરે છે.

અન્યદા=એક વખત અરૂણોદયના સમયે મેં મ્લાન મુખ કમલવાળી લીલાવતીને જોઈને કારણ પૂછયું ત્યારે અશ્રુથી પૂર્ણ છે લોચન જેના એવી આ લીલાવતી બોલી કે-હે સખી વસંતલીલા! આજે મેં એવું સ્વપ્ન જોયું છે કે—

મહા વિકરાળ એવો કોઈક પુરુષ મને સમુદ્ર તીરે=કિનારે લઈ ગયો. ત્યાં મેં એક કાપાલિક=તાપસને જોયો.

તે તાપસે=કાપાલિકે મને કહ્યું કે—હે સુંદરિ! આયાસસિદ્ધિ નામની મહાવયગ ચૂડામણી વિદ્યા સાધવા માટે મેં જ કન્યારત્નનું આકર્ષણ કરનારા દિવ્યમંત્રનો પ્રયોગ કર્યો છે.

અને તે દિવ્ય મંત્ર જ સર્વોત્તમ એવી તમોને અહીં લાવ્યો છે તેથી હે કમલાક્ષી! મહેરબાની કરીને ઘણા સ્નેહવાળા એવા મને સ્વીકારો અને મનોહર એવા ભોગસુખોને ભોગવો. અને ત્રણે જગતના સ્વામિની થાઓ.

મેં કહ્યું કે—મહાવયગને આ કાર્ય વિરુદ્ધ છે.

કાપાલિક—"તારે એ ચિંતા શા માટે કરવી જોઈએ? વિરુદ્ધ છે કે—અવિરુદ્ધ એ તો હું જાણું છું." એમ કહેતા એવા તેમની વાતને મેં સ્વીકારી નહીં ત્યારે તે કાતર લઈને મારી સન્મુખ દોડ્યો.

તે સમયે હું બોલી કે—"**अमणुस्सा पुहइत्ति**" "પૃથ્વી મનુષ્ય વિનાની છે" અન્યથા=જો એમ ન હોય તો તું કેવી રીતે મને પ્રહાર કરી શકે?

ત્યાર પછી તે કાપાલિક બોલ્યો કે—તું અધન્ય છે. કેમકે અત્યંત અનુરક્ત

એવા મને તું અવગણે છે. તોપણ તારા પ્રિય વલ્લભનો મેળાપ છ મહિના સુધી નહીં થવા દઉં એમ બોલતા તે કાપાલિકે મને મોહિત = મતિમૂઢ કરી.

થોડી વેળાએ મૂર્ચ્છા ઉતરી ત્યારે મેં મારા આત્માને અહીં જોયો અને હું નીરોગી = સ્વસ્થ થઈ. તેથી હું તેને એવી રીતે માનું છું કે—" ભગવતીનું વચન આ અર્થનું કારણ છે."

એમ કહીને તે પુનઃ બેઠ યુક્ત થઈ.

મેં ચિંતવ્યું કે—પ્રજ્ઞપ્તિ દેવતાનું તે વચન સાચું જ થયું. અન્યથા એ પ્રમાણે થઈ શકે જ નહિ.

તેથી વિશ્વાસ યોગ્ય છે વચન જેમના એવા આ દેવતાની આગળ જ આપણે રહીએ કે જેથી તે દેવતાના પ્રભાવે જ આપણા ઉપસર્ગનું નિવારણ થાય. એમ વિચારીને અમે અહીં આવ્યા.

અહીં પણ તે જ વૃત્તાંત બનશે અર્થાત્ આકર્ષણ થશે ઇત્યાદિ શંકાકુલા આ રાજકુમારીકા પ્રતિદિનના વિચારોના અનુસારે બોલી કે—અહો! કેવી પરાયત્તતા = પરવશતા વર્તે છે?

ઇત્યાદિ સખીના મુખથી કન્યા સંબંધી વચનો સાંભળીને ખુશ થયેલા રણવીરે કહ્યું કે—તમે ઉદ્વેગને ધારણ કરો નહિ અને મને ત્યાં લઈ જાઓ કે જેથી તે દુષ્ટાત્માને કરેલા પાપ કર્મોને ફળો બતાવું.

કન્યા બોલી—એ પ્રમાણે જ કરવું જોઈએ પણ આ કાપાલિક વિષમ છે.

રણવીર-અરે! ભલે તે વિષમ રહ્યો!!! મને ત્યાં એકવાર લઈ ચાલો!!!

કન્યાએ ચિંતવ્યું કે—આ તે જ રણવીર હોવો જોઈએ કેમકે જે આના ઉપર મારી દૃષ્ટિ પુનઃ પુનઃ જાય છે અને નયનો વિકસિત થાય છે.

આ પુરુષ ઉદાર વીર અને ધીર છે.

અને છ મહિના પણ પૂર્ણ થવા આવ્યા છે, તો નિશ્ચે આ રણવીર જ હશે એમ ચિંતવીને તે કન્યા બોલી—" એ પ્રમાણે જ કરીએ ".

રણવીર ખુશ થયો અને વિદ્યાધરી કન્યા સાથે કુમાર અનુક્રમે ત્યાં પહોંચ્યો કે જ્યાં કાપાલિક વિદ્યા સાધી રહ્યો હતો.

કાપાલિક ન જાણે તેવી રીતે કુમારને એક બાજુ ઉતારીને વિદ્યાધર કન્યા કાપાલિક

પાસે ગઈ. કાપાલિકે પણ પૂર્વની જેમ પુનઃ પ્રાર્થના કરી ત્યારે તે કન્યા પણ પૂર્વની જેમ બોલી "अमणुस्सा पुहइत्ति" "પૃથ્વી મનુષ્ય વિનાની છે".

કન્યાના વચનો સાંભળીને તત્કાલ રણવીરકુમાર ત્યાં આવીને કહે છે કે મહાસેન રાજા પૃથ્વી ઉપર શાસન કરનારા હોવા છતાં પણ "अमणुस्सा पुहइत्ति" = "પૃથ્વી મનુષ્ય વિનાની છે" એમ કેમ કહો છો?

પુનઃ કુમારે કાપાલિકને કહ્યું કે—હે કપટના નિધાન! કાપાલિક! ઘણા કાળ પર્યંત તેં તારી દુર્જનતા પ્રગટ કરી છે પણ હવે તૈયાર થઈ જા!!!

કુમારના વચનો સાંભળીને તત્કાલ રોષથી થયા છે લાલ નેત્રો જેના એવો તે કાપાલિક વીજળીના ચમકારા જેવી કરાલ = ભયંકર કર્ત્તરિકા લઈને કુમારની સન્મુખ આવીને ઉપસ્થિત થયો.

કુમારે પણ તેને ખડ્ગ વિનાનો જોઈ પોતાના ખડ્ગ રત્નને એક તરફ મૂકી, હાથમાં છુટિકા લઈને યુદ્ધ કરવા તૈયાર થયો.

જે ઉત્તમ પુરુષો હોય છે તેઓ કયારેય પણ અસમાન યુદ્ધ કરતા નથી. તેથી કુમારે ખડગ મૂકીને છુરિકા ગ્રહણ કરી.

ત્યાર પછી બન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયું. તે આ પ્રમાણે—બન્ને પરસ્પર કૂદે છે, હુંકાર કરે છે, પ્રહાર કરે છે, એક બીજાને છેતરે છે, ઊભા થાય છે, બાથ ભીડે છે, અને આકાશમાં ઊછળે છે.

યુદ્ધ કરતાં કરતાં પરાક્રમશાળી એવા રણવીરકુમારે તે કાપાલિકને પાડયો. અર્થાત્ હરાવ્યો. ત્યારે—

"પાપીનું પતન અને ધર્મીનું જય" એ પ્રમાણે બોલતા દેવો વિદ્યાસિદ્ધો અને વિદ્યાધરો રણવીરકુમાર ઉપર પુષ્પ વૃષ્ટિ કરે છે અને જય જયકાર શબ્દથી આકાશ મંડળને શબ્દમય બનાવે છે. અને રણવીરકુમારની પ્રશંસા = સ્તુતિ કરે છે.

પશ્ચાત્તાપ સહિત તે કાપાલિક પણ કુમારને કહે છે કે—"કોપ રહિત એવા તમે અનુરાગિણી એવી આ સ્ત્રીને ગ્રહણ કરો અને ભોગ સુખ રૂપ ફલ ભેળવો".

તથા પાપ માર્ગમાં પ્રવર્ત્તાવનાર, ચારિત્રથી ચૂકવનાર, લજ્જા મૂકવનાર અને મર્યાદાથી પાડનાર એવા યૌવનને પામવા છતાં પણ તમે વિષયસુખમાં અતિ આસક્ત નથી. અને પાપી એવો હું વૃદ્ધ થવા છતાં મહિલાના સંગના સુખની અભિલાષા રાખું છું.

ખરેખર તેઓ જ ધન્ય છે. સુલક્ષણવંત છે

સત્ત્વશાળી છે.

સુંદર ચરિત્રવાળા છે.

જગતમાં ઉત્તમ છે.

અને યશઃકીર્ત્તિવાળા છે કે જેઓ પરદારા સામે ઊંચી નજરે જોતા નથી. પરસ્ત્રીની આંખમાં આંખ મિલાવતા નથી. તથા વિકૃત દૃષ્ટિએ નિરખતા નથી. અર્થાત્ પરસ્ત્રીને જોઈને જરા પણ વિકાર પામતા નથી.

ઇત્યાદિ બોલતો તે કાપાલિક રણવીરકુમારના ચરણોમાં નમીને પશ્ચાત્તાપ યુક્ત વચનોને ઉચ્ચારે છે તે સમયે અમૃતથી પણ મધુર છે વચન જેના એવા પરાક્રમશાળી રણવીરકુમાર કાપાલિકને ઉચિતાસને બેસાડીને આશ્વાસન આપતા બોલે છે કે—

હે ભદ્ર! તમારે સંતાપ કરવો નહિ, કેમકે આ મકરધ્વજ = કામદેવ ખરેખર દુર્જય જ છે.

ઇન્દ્રિયોનો સમૂહ ઉન્મત્ત છે. પ્રચંડ છે.

યૌવન વિકારને કરનારો છે.

અને કર્મનો પરિણામ પ્રતિકૂલ છે.

આ બધા પ્રત્યેક કે ભેગા મળીને વ્રત સ્વીકાર્યું છે જેણે એવા પુરુષને વ્રતથી પાડે છે = ભ્રષ્ટ કરે છે.

તથા મર્યાદાનું ઉલ્લંઘન કરાવે છે. અને માન-પ્રતિષ્ઠાના ભ્રંશને કરે છે.

તે આ પ્રમાણે **प्रजापतिः स्वां दुहितरं अकामयत्** ।

પ્રજાપતિ રાજાએ પોતાની પુત્રીને ભોગસુખ માટે ઇચ્છી હતી = પસંદ કરી હતી.

માટે હે મહાભાગ! કાપાલિક! હજુ પણ તમે યોગ્ય જ છો, કે જે હમણાં તીવ્ર પશ્ચાત્તાપથી પાપને કરનારા એવા પોતાના આત્માની નિંદા કરે છે.

ઉત્તમ પુરુષઃ—જે પુરુષો સ્વયમેવ પરના માત્સર્યભાવને તજીને કરવા યોગ્ય પરોપકારાદિ કાર્ય કરે છે તેઓ ઉત્તમ યશઃકીર્તિના મંદિર જેવા થયા થકા સુર-અસુર અને નરેન્દ્રોથી સ્તવાય છે. તથા

મધ્યમ પુરુષઃ—જેઓ વ્યસન = સંકટને જોઈને તથા પરોપદેશને પામીને પાપ

કાર્યોથી વિરામ પામે છે મધ્યમ કક્ષાએ રહેલા તે મનુષ્યો લોકને નિંદનીય તો બનતા જ નથી. પણ

અધમ પુરુષ—જે મનુષ્યો વ્યસન = સંકટમાં આવી પડવા છતાં અને અન્ય શિષ્ટ પુરુષ દ્વારા નિવારણ કરતા હોવા છતાં પણ તીવ્ર પાપકર્મના ઉદયના કારણે પાપકાર્યોથી વિરામ પામતા નથી ને અધમ મનુષ્યો લોકને નિંદનીય બને છે.

કુમારના વચનો સાંભળીને તથા પરાક્રમ જોઈને ચમત્કાર પામેલો કાપાલિક કુમાર ઉપર પ્રસન્ન થઈ ગગનગામિની વિદ્યા આપીને અને રજા લઈને શ્રીગિરિ તરફ ગયો.

જ્ઞાત વૃત્તાંત એવા લીલાવંધ વિદ્યાધર રાજા તત્કાલ ત્યાં આવીને રણવીર કુમારના પરાક્રમની પ્રશંસા કરી કુમારને વિદ્યા આપે છે અને લીલાવતી પુત્રીને સાથે લઈને વિદ્યાધર અનુક્રમે વિમાનમાં બેસીને શ્રીપુર નગરમાં આવે છે. અને ચંડમહાસેન રાજાને બધી જ વાત જણાવે છે.

હર્ષાયમાન થયેલા મહાસેન રાજા તત્કાલ બંધુદત્ત શ્રેષ્ઠીને બોલાવીને કહે છે કે—"દિવ્ય શબ્દ હાથ આવ્યો છે" શ્રેષ્ઠી બોલ્યો. હે દેવ! તે તે પ્રમાણે જ છે!!!

રાજાએ જાણ્યું કે—રણવીર વિના બીજો કોઈ મનુષ્ય = પુરુષ નથી. તેથી પ્રસન્ન થયેલા રાજા કુમારને હર્ષથી ભેટીને સિંહાસન ઉપર બેસાડે છે અને લીલાવંધ્ય વિદ્યાધર રાજાની વિનંતિથી મહોત્સવ પૂર્વક લીલાવતી કન્યા સાથે રણવીર કુમારના પાણિગ્રહણ કરાવે છે.

રાજાએ આપેલા મંદિરમાં પંચવિધ વિષયસુખને ભોગવતા રણવીર રાજકુમાર સમય પસાર કરે છે.

તે સમયે લોકમાં વાત ફેલાઈ કે—આ લોકમાં કે દિવ્ય લોકમાં જે જીવને જે ભોગ સુખ મળવાના હોય તે ભોગ સુખને તે જીવ અવશ્યમેવ પામે જ છે.

હવે એક રાત્રિના પાછલા પ્રહરે જાગૃત થયેલા રણવીર વિચારે છે કે—આ મહાસેન રાજાએ આપેલા હાથી ઘોડા અને રથ આદિથી સમૃદ્ધ એવા અને સામંત રાજાઓથી સ્પર્શાતા પાદ પીઠવાળા અને સંપૂર્ણ થયા છે વાંછિતાર્થ જેના એવો હું રાજ્યના સુખને અનુભવું છું તે ધર્મારાધનાના પ્રભાવે જ.

રણવીર કુમાર ઉપરોક્ત ચિંતવન કરે છે તે સમયે યામિક મંગલ પાઠ ભણ્યો કે—હે દેવ! ચિરં જીવ! હે સ્વામિન્! દીર્ઘાયુઃ ભવ!!'

યામિકના વચનો સાંભળી પુનઃ કુમાર ચિંતવે છે કે—સર્વ મનુષ્યોમાં મનુષ્યપણું તુલ્ય હોવા છતાં કેટલાક મનુષ્યો સેવા કરે છે અને કેટલાક મનુષ્યો સેવ્ય બને છે.

તેથી પૂર્વ ભવમાં કરેલું મારું સુકૃત્ત જ્યાં સુધી ક્ષય ન પામે ત્યાં સુધીમાં પુનઃ સુકૃત ભંડાર ભરી લઉં.

જેમ અર્થ = ધનથી ધન વૃદ્ધિ પામે છે તથા હાથીઓથી જ હાથીઓ વધે છે તેવી જ રીતે ચિરંતન = જુના સુકૃતથી નવા સુકૃતો વધારવા જોઈએ.

એમ ચિંતવતા રણવીર રાજા શય્યામાં રહેલા છે એટલામાં રાત્રિ પૂર્ણ થઈ, કમલાકરને વિકસિત કરનાર સૂર્ય ઉદયાચલ ઉપર આરૂઢ થયો.

એ અવસરે ઉદ્યાનપાલ આવીને વિનંતિ કરે છે કે—હે દેવ! આપણા નગરના બાહ્ય ઉદ્યાનમાં જલધરની જેમ મનોહર ગંભીર ગર્જના મય વચનોચ્ચાર દ્વારા ધર્મ દેશના આપનારા ગહનહર નામના ગણધર પધાર્યા છે.

રાજા પણ પરિકર યુક્ત ગુરુવંદનાર્થે ઉદ્યાનમાં જાય છે. નગર લોકો પણ ઉદ્યાનમાં આવે છે. ઉદ્યાનમાં પહોંચીને ગુરુદેવને વંદન કરી રાજા વિગેરે પ્રજાલોકો યથોચિત સ્થાને બેઠા ત્યારે ગણધર ભગવંત અનુગ્રહ બુદ્ધિએ ધર્મદેશના આપે છે.

लद्धूण माणुसत्तं विसया पसत्तो जे धम्मं न कुणई
सो रोहणगिरिं गओ वि रयणाणि मोत्तुं उवलखंडं गेण्हई।

મનુષ્ય જન્મને પામીને પણ વિષયોમાં આસક્ત એવો જે જીવ ધર્મને આરાધતો નથી તે ખરેખર રોહણગિરિ પહોંચ્યા પછી પણ રત્નોને તજી દઈ પત્થરના ટુકડાને ગ્રહણ કરે છે

ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને પ્રગટ્યો છે સંવેગ ભાવ જેમને એવા રાજાએ પુનઃ નમસ્કાર કરીને કહ્યું કે—

"હે ભગવન્! આપની કૃપાથી પ્રવજ્યા=દીક્ષા લઈને મનુષ્ય જન્મને સફળ કરીશ."

ગુરુ બોલ્યા—"मा पडिबंधं करेहत्ति" હે મહાભાગ! શુભ કાર્યમાં વિલંબ ન કરવો.

પુનઃ ગુરુદેવને પ્રણામ કરી રાજા રાજમંદિરે આવે છે, અને પ્રધાન–મંત્રિ–સામંત આદિની સમક્ષ કહે છે કે—મારે પૂર્વ કર્મના દોષથી પુત્ર નથી તોપણ પુત્ર તુલ્ય એવા આ રણવીરકુમારને રાજ્ય સોંપીને મારે દીક્ષા લેવી છે.

તત્કાલ રાજ્યાભિષેક ઉચિત સામાગ્રી એકત્રિત કરી મહોત્સવ પૂર્વક રણવીર કુમારનો રાજ્યાભિષેક સ્વયં મહાસેન રાજા કરે છે. તે સમયે " રણવીર રાજા વિજયવંત વર્તો " એવી ઉદ્‌ઘોષણાથી ગગન મંડળ શબ્દમય બન્યો.

ત્યાર પછી રણવીર રાજાએ કર્યો છે દીક્ષા મહોત્સવ જેમનો એવા તે મહાસેન રાજા જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવી, દીન-દુઃખીઓને દાન આપી વાજિંત્રોના મંગલ નાદ સાથે રાજમંદિરેથી પ્રયાણ કરી ઉદ્યાનમાં ગુરુ સમીપે આવે છે.

ગણધર પ્રભુએ પણ યથાવિધિ પ્રવ્રજ્યા આપી મહાસેન રાજાને દીક્ષિત કર્યા.

ઇષ્ટ સ્થાનની પ્રાપ્તિનો સન્માર્ગ મળ્યા પછી જેમ વિલંબ સહન ન થાય તેમ તે મહાસેન રાજર્ષિ નિરતિચાર રીતે ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા આદરે છે.

હવે આ તરફ સકલ સામંત રાજાઓના નમેલા મસ્તકથી સ્પર્શાયેલા છે ચરણ કમળ જેમના એવા તે રણવીર રાજા જિનશાસનની પ્રભાવના સાથે રાજ્યનું અનુશાસન કરે છે.

હવે એકદા તે નગરમાં અચાનક આગ પ્રગટી, ઘણા પ્રયત્નો કરવા છતાં અગ્નિ શાંત ન થઈ. સર્વ નગર લોક આકુળ-વ્યાકુળ થાય છે તે સમયે રણવીર રાજા સર્વ જન સમક્ષ પરમાત્માને વિનંતી કરતાં કહે છે કે—

હે ભગવન્! હે જિનેશ્વર! જો આ જીવનમાં પરસ્ત્રીની અભિલાષા પણ મેં ન કરી હોય તો આ જ્વલન અગ્નિ શાંત થાઓ!!! અન્યથા નહિ!!!

એ પ્રમાણે પ્રભુને વિનંતિ કરી નમસ્કાર મહામંત્રના સ્મરણથી વાસિત કરેલ નિર્મળ જલ ચુલ્લુક ભરીને તે અગ્નિ ઉપર જેવામાં છાંટે છે કે—તત્કાલ અગ્નિ શમી ગયો. બધા લોકો રાજાના સચ્ચરિત્રની પ્રશંસા કરે છે. અને જિનધર્મમાં દૃઢ અનુરાગવાળા થઈ યથોચિત ધર્મારાધના કરે છે.

હવે અન્યદા = કોઈ એક વખતે—તે નગરમાં દારૂણ = ભયંકર અશિવ = ઉપદ્રવ શરૂ થયો. નગરલોકો પીડા પામવા લાગ્યા. તે સમયે પણ પૂર્વની જેમ જ રાજા જિનેશ્વર સમક્ષ સંકલ્પ કરી જલ છાંટે છે કે તુર્ત અશિવ = ઉપદ્રવ ઉપશાંત થાય છે.

ત્યારથી માંડીને આ રણવીર રાજા પરદારા સહોદર એ ઉપનામથી પ્રખ્યાતિ પામ્યા, દિગંત પર્યંત યશઃકીર્તિ વ્યાપી, દેવો પણ રણવીર રાજાના કિંકરત્વને સહર્ષ સ્વીકારે છે. તેથી જ લોકોને રાજા પ્રત્યે મહાન્ અનુરાગ થયો.

એક દિવસ ગજરાજના સ્કંધ ઉપર આરૂઢ થઈને રાજમાર્ગ ઉપર થઈને સંચરતા રણવીર રાજાએ ચોરના ઉપદ્રવથી બચાવેલા મુનિવરોને જોયા, પ્રત્યભિજ્ઞાન દ્વારા ઓળખીને તુર્ત ગજરાજથી નીચે ઉતરી મુનિવરોના ચરણોમાં વંદન કરે છે અને વિનય સહિત મુનિવરોની સાથે ચાલીને જ ઉપાશ્રયે મુનિની વસતિમાં પહોંચે છે.

પુનઃ પંચાંગપ્રણિપાત દ્વારા ગુરુવંદન કરી ઉચિત સ્થાને હાથ જોડીને રણવીર રાજા સપરિકર બેઠા. અને વિનયપૂર્વક રાજા બોલ્યા—"હે ભગવન્! આપ શ્રીમાન્ અવિતથ=સત્ય વચનવાળા છો." કેમ કે આપે તે સમયે કહેલ હતું કે—"હે મહાભાગ! તમે સકલ સંપદાઓના ભાજન થશો" તે તે આપના વચનાનુસારે હું આજે આપની કૃપાથી સકલ સંપદાઓનો ભાજન થયો છું.

આપશ્રીએ તે સમયે મને પરસ્ત્રીવિરમણ વ્રત આપેલો હતો તો તે વ્રતની દૃઢતા પૂર્વકના પાલનથી આજે તે વ્રત કલ્પતરૂ ફળ્યો છે. આ રાજ્ય સંપદારૂપ ફળને આપનારો થયો છે, તે પ્રત્યક્ષ જ દેખાય છે.

રાજાના વચનો સાંભળી મુનિવર બોલ્યા—હે મહારાજ! આ શીલવ્રત સકલ વ્રતોમાં પ્રધાન છે. દેવો પણ શીલ વ્રતવાળાનું સાન્નિધ્ય કરે છે. અને શીલવ્રત એ સુર-નર અને શિવસુખનું અક્ષયનિધાન છે. અને દુર્ગતિના દ્વારને બંધ કરનાર છે.

જો દેશથી પણ શીલવ્રતને ધારણ કરનારા એવા તમારો આવો અદ્‌ભુત પ્રભાવ વિસ્તર્યો છે તો જે સર્વથી શીલવ્રત પાળે તેના મહિમાને વર્ણવી જ ન શકાય.

ગુરુવચનથી ઉલ્લસિત થયો છે વૈરાગ્ય જેમને એવા રાજા બોલ્યા—હે મુનિવર! રાજ્ય સંપદાઓનો ત્યાગ કરીને સર્વથા શીલ વ્રત સ્વીકારવા ભાવના છે.

ગુરુદેવ બોલ્યા—શુભ કાર્યમાં વિલંબ ન કરવો!!!

ત્યાર પછી તે રણવીર રાજા લીલાવતીની કુક્ષિએથી જન્મેલા રણસેન પુત્રને રાજ્ય સોંપીને, જિનાલયમાં અષ્ટાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ કરવા પૂર્વક તથા સાંવત્સરિક દાન આપીને તે રણવીર રાજા મુનિવર પાસે વિધિપૂર્વક ચારિત્ર સ્વીકારે છે.

ગુરુ નિશ્રાએ ગુરુકુલવાસમાં રહેતા તે રણવીર રાજર્ષિ ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા લેવા પૂર્વક નિરતિચાર ચારિત્રની આરાધના કરે છે. શ્રુતજ્ઞાન ભણે છે અને તપશ્ચર્યામાં ઉદ્યુક્ત છે. પંચાચારની સમ્યગારાધના કરે છે.

અન્યદા કેશ લુંચનના કષ્ટથી પીડા પામે છે શરીર જેનું એવા તે રાજર્ષિ

ભૂષણ વિનાના હોવા છતાં અપૂર્વ લાવણ્ય કાંતિથી દેદીપ્યમાન શોભા યુક્ત હતા. અને રજ:થી વ્યાપ્ત દેહ હોવા છતાં જાત્યવંત સુવર્ણ જેવી કાંતિવાળું દેહ છાનું રહેતું નહિ. આ રીતે અત્યંતર નિર્મળતા રૂપ સૌંદર્ય અને બાહ્ય દેહની લવણિમા રૂપ સૌંદર્યથી સંપન્ન એવા તે રણવીર રાજર્ષિ ગુરુદેવની સાથે ગ્રામ-નગર-આકર આદિ સ્થાનોમાં આત્માને રત્નત્રયીની આરાધનામાં લીન કરતા વિચરે છે.

શરીરની બાહ્ય રમણીયતાથી અનુરાગિણી થયેલી લલનાઓ = રમણીઓ ભોગ સુખ માટે પ્રાર્થના કરે છે તોપણ રાજર્ષિ પોતાના ચારિત્ર માર્ગથી ચલાયમાન થતા નથી પણ મેરૂની જેમ અડોળ રહે છે.

આ પ્રમાણે અકલંક શીલગુણથી પરિકલિત એવા તે રણવીર રાજર્ષિ દીર્ઘકાળ પર્યંત ચારિત્ર ધર્મને આરાધે છે. અનુક્રમે આયુષ્યના અંતકાળે ચતુર્વિધાહારનો ત્યાગ કરી સમાધિ પૂર્વક ઔદારિક દેહનો પરિત્યાગ કરી પ્રાણતનામના દશમા દેવલોકમાં દિવ્ય દેહ ધારી દેવ થયા.

દેવગતિમાં ઉત્પન્ન થયેલા તે રણવીર રાજર્ષિનો આત્મા પુન: પુન: જિનેન્દ્ર ભક્તિ કરવા દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. તથા જિનેશ્વરના સમવસરણમાં જઈ ધર્મદેશના શ્રવણ કરે છે તેમ જ શાશ્વત તીર્થોની યાત્રા કરવા દ્વારા અને ચતુર્વિધ શ્રમણ-સંઘની ભક્તિ કરવા દ્વારા સમકિતને અજવાળે છે.

અનુક્રમે દિવ્ય સુખોને અનાસક્ત ભાવે ભોગવીને સ્વાયુ: ક્ષયે ચ્યવી, નરજન્મ પામી, ચારિત્ર આદરી તીવ્રતપશ્ચર્યા દ્વારા ઘાતિ કર્મો ખપાવી, કેવલજ્ઞાન પ્રગટ થયે સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને યુગપદ્ જાણતા અને જોતા એવા તે કેવલિ ભગવંત ભવ્ય જીવો ઉપર ઉપકાર કરી, અઘાતિકર્મ ક્ષય થયે સંસારના સર્વ બંધનોથી સર્વથા મુક્ત થયેલા તે રણવીર રાજર્ષિનો આત્મા નિરાબાધ સુખ સ્વરૂપ સાદિ અનંત ભાંગે વ્યવસ્થિત એવા પરમાનંદ પદ = મોક્ષ પદ પામ્યા.

ઇતિ શ્રી સોમપ્રભ સૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં મૈથુનવિરમણ સ્વરૂપ શીયલના
માહાત્મ્ય યુક્ત શ્રી રણવીરની કથાના વર્ણન
સ્વરૂપ એકવીશમો પ્રસ્તાવ સમાપ્ત.

"मेघभूपतिकुलाम्बर नभोमणि श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः"

પ્રસ્તાવ ૨૨ મો

જે પુણ્યાત્મા પુરુષ મૈથુનથી વિરમવા ઇચ્છે છે તે જીવાત્માએ નરકગાતના દ્વાર તુલ્ય પરિગ્રહને અવશ્ય તજવો જોઈએ.

સ્ત્રી ઉપરના રાગ વિના મૈથુન કયારેય પણ સંભવી શકે નહિ. તેથી રાગ મૂર્ચ્છા મમત્વ ઇચ્છા વિગેરે પરિગ્રહના પર્યાય હોવાથી રાગ એ પરિગ્રહ જ છે.

તેથી જ પરિગ્રહના વિરમણમાં મૈથુનનું વિરમણ આવી જ જાય છે. અને તેથી જ વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં તથા ભરત અને ઐરવત ક્ષેત્રમાં મધ્યમના ૨૨ જિનેશ્વરના શાસનમાં ચાર મહાવ્રત સ્વરૂપ ધર્મ જિનેશ્વરોએ ઉપદિશ્યો છે.

દુઃખ રૂપ વિષવૃક્ષના મૂળ તુલ્ય આરંભ-સમારંભ કહ્યો છે. અને અસંતોષી જીવ વધતી ઇચ્છાનુસારે આરંભ સમારંભમાં અધિકાધિક પ્રવર્તે છે તેથી તે ઇચ્છા સ્વરૂપ પરિગ્રહનો હે પુણ્યાત્માઓ! તમે ત્યાગ કરો.

પરિગ્રહ નામના ગ્રહથી વિહ્વલ બનેલા = પાગલ બનેલા એવા ચૈતન્ય = વિવેકથી શૂન્ય ચિત્તવાળા જીવો સુદેવ-સુગુરુ અને સુધર્મ સ્વરૂપ તત્ત્વત્રયીને તથા કૃત્ય કે અકૃત્ય અને હિત કે અહિત ને સારી રીતે જાણી શકતા નથી.

આ વિશ્વમાં વિદ્યમાન જીવોને જે કાંઈ શારીરિક દુઃખો છે તથા જે કોઈ માનસિક દુઃખ છે તે બધાનું મુખ્ય હેતુ પરિગ્રહ જ છે એમ તીર્થંકરો સ્વમુખે કહે છે.

મોહની બહુલતાથી વિષયતૃષાકુલ જીવનો જેમ જેમ બાહ્ય પરિગ્રહ વધે છે તેમ તેમ તે આત્મા ઉપર કર્મોની વર્ગણાના આશ્રવ સ્વરૂપ પાપનો સમૂહ પણ વધે છે.

આ સંસારમાં ઘણા પરિગ્રહના સમૂહથી ભારે થયેલા જીવોની ભવ રૂપ

સમુદ્રમાં અતિ દુર્લભ એવી નરભવ રૂપ નૌકા દુઃખોના તરંગથી ઉછળતી-અથડાતી-કૂટાતી ભાંગીને સમુદ્રમાં ડૂબી જાય છે.

પર્વતની નદીના પૂર જેવો પ્રવર્ત્તતો પરિગ્રહ, ધર્મ રૂપ ઉદ્યાનને વેર વિખેર કરે છે, ક્ષમા રૂપ કમલિનીનો નાશ કરે છે, મર્યાદા રૂપ કિનારાને તોડે છે, શુભ મનઃ રૂપ હંસને પ્રયાણ કરાવે છે = ભગાડે છે, લોભ રૂપ સમુદ્રને ઉલ્લસિત કરે છે, અને ત્રસ જીવોને પીડા ઉપજાવે છે.

જે પુણ્યાત્મા કર્મની લાઘવતાથી સંતોષને ધારણ કરી ઘણા આરંભ સમારંભના કારણભૂત એવા પરિગ્રહને તજે છે તે મહાભાગ જીવાત્મા **દેવદત્ત**ની જેમ સકલ કલ્યાણ સંપદાઓનો ભાજન થાય છે.

દેવદત્તની કથા

આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના મધ્યખંડમાં કાશી નામના દેશમાં વાણારસી નામની નગરી છે.

તે નગરીમાં નમી રહેલા સામંત રાજાઓના મુકુટના મણિઓના કિરણથી ચિત્ર-વિચિત્ર થયું છે પાદપીઠ જેનું એવા તથા શત્રુ રાજાઓને પ્રતિકૂલ હોવાથી આપ્યું છે શત્રુરાજાની પ્રિયતમાને વિરહ જેમણે એવા **દૃઢરથ** નામના રાજા રાજ્ય કરે છે.

તે રાજાના યશઃકીર્તિના પ્રતાપથી ઉલ્લસિત થતી દિશારૂપ વધૂઓ ગોશીર્ષ ચંદન અને રક્તચંદનના દ્રવથી રંજિત થઈ ન હોય! તેમ ચોતરફ દિગંત પર્યંત યશઃકીર્તિ રૂપ સંધ્યાના રાગયુક્ત દિશાઓ દીપી રહી છે.

તે રાજાના મણિમય દર્પણ જેવા વિમલ મનમાં હંમેશાં પ્રતિબિંબિત થતી તથા શીલ-વિનય-વિવેકાદિ ગુણોથી પરિવરેલી **શશીકાંતા** નામની પટ્ટરાણી છે.

તે નગરમાં ૨૧ કોડ સુવર્ણનો સ્વામી તથા સમ્યગ્દૃષ્ટિ અને વિશિષ્ટ સદાચાર વાળો **દત્ત** નામનો શ્રેષ્ઠી છે.

તે શેઠને સુયશા નામની ભાર્યા છે. કે જે નિરપત્યા = પુત્ર વિનાની હોવા છતાં ઘણી લજ્જાળુ હતી અને ધર્મ કાર્ય કરનારી, દેવ-ગુરુના ચરણોમાં પ્રણામ કરવા તત્પર એવી તે રત્ન-મણિ જડિત સુવર્ણના આભૂષણો પુષ્કળ હોવા છતાં એક શીયલ રૂપ ભૂષણને ધારણ કરતી હતી.

પૂર્વ ભવમાં ઉપાર્જિત કરેલા પ્રવર પુણ્યના ઉદયથી સંપન્ન થયા છે વાંછિતાર્થ

જેમના એવા તેઓના દિવસો સુખભર પસાય થાય છે પણ પુત્ર પ્રાપ્તિના અભાવથી સદા કાળ તેમનું હૃદય દુઃખાકુલ રહે છે.

એકદા તૃતીય તીર્થપતિ શ્રી સંભવનાથ જિનેશ્વરના મંદિરના દ્વારે પ્રતિષ્ઠિત કરેલી શાસનાધિષ્ઠાયિકા દુરિતારી નામની દેવતાની પુત્ર પ્રાપ્તિ માટે આરાધના કરે છે.

પ્રસન્ન થયેલી દુરિતારી દેવીએ મધ્ય રાત્રિએ પ્રત્યક્ષ થઈને શ્રેષ્ઠીને કહ્યું કે— ગુણરત્નનિધિ તુલ્ય તથા સર્વોત્તમ ગુણના ભાજન જેવા પુત્રની તમોને પ્રાપ્તિ થશે.

અને સાથો સાથ થોડા જ સમયમાં તમોને તેનો વિરહ પણ થશે. ઇત્યાદિ દેવતાના વચનો શ્રવણ કરી થયો છે ઘણો હર્ષ જેને એવા શ્રેષ્ઠીએ પોતાની પ્રિયતમાને પુત્ર પ્રાપ્તિ થશે એવી વાત જણાવી.

અનુક્રમે સુયશા શેઠાણી ગર્ભવતી બન્યા અને પૂર્ણ માસે સકલ સ્વજનોને આનંદ આપનારો પુત્ર જનમ્યો. નગરમાં વર્ધાપનિકા કરી પુત્ર જન્મનો મહોત્સવ કર્યો મંગલ–તૂર્ય–વાજિંત્રોના શબ્દથી જીવલોક શબ્દમય બન્યો. તે સમયે નગરલોક પુત્રને આશીર્વાદ આપવા આવે છે. શ્રેષ્ઠી પણ આવેલા લોકોને તાંબૂલના દાન પૂર્વક સત્કાર કરે છે. મંદિરના દ્વારે વંદનમાલા = તોરણ બાંધે છે. એમ એક મહિના સુધી પુત્ર જન્મનો મહોત્સવ પ્રવર્ત્યો.

જન્મોત્સવના ચરમ દિવસે જ્ઞાતિજનોને જમાડીને તથા વસ્ત્રાલંકારોથી સન્માન કરીને, તેઓની સમક્ષ પુત્રના નામકરણની વિધિ કરવા માટે ઘણા કિંમતી આભૂષણોથી અલંકૃત એવા તથા પુત્રના દર્શનની ઉત્કંઠાવાળા શ્રેષ્ઠીના હાથમાં સુયશા શેઠાણી બાળક આપે છે.

તે સમયે કોઈ પણ ન જાણે તે રીતે કોઈક દુરાત્મા તે બાળકનું અપહરણ કરે છે.

બાળકને અદૃશ્ય થયેલો જોઈને પુત્રના વિયોગથી થયેલા શોકના કારણે કુહાડાથી છેદાયેલી લત્તાની જેમ સુયશા શેઠાણી ધબ દઈને પૃથ્વી ઉપર પડી અને મૂર્ચ્છિત થઈ.

શ્રેષ્ઠી પણ તેવા પ્રકારના અસમંજસ દૃશ્યને જોવા અસમર્થ હોવાથી મૂર્ચ્છા પામ્યા. કૌટુંબિક સ્વજનો તથા જ્ઞાતિજનો પણ આક્રંદ = વિલાપ કરવા લાગ્યા.

કંથચિત્ મૂર્ચ્છા દૂર થઈ ત્યારે શેઠ વિલાપ કરે છે. તે આ પ્રમાણે—

હે વત્સ! ઘણા કષ્ટો સહન કર્યા બાદ અપાર મનોરથો વડે તું અમને રત્નનિધાનની જેમ મળ્યો હતો પણ હે પુત્ર! નિષ્કારણ વૈરી એવો કોઈ દુરાત્મા મારા પાપકર્મોના ઉદયથી નિષ્પુણ્ય એવા મારા હાથમાંથી મારી દેખતાં જ તને અપહર્યો છે.

તો ખરેખર વિધિ = નસીબે પુત્ર વિનાના એવા મને પુત્ર આપીને પાછો ઝૂંટવી લીધો છે તે ખરેખર આંધળાને આંખો આપીને પાછી લઈ લેવા જેવું કર્યું છે.

ઘરના આંગણે કલ્પવૃક્ષ ઉગાડીને અપહરણ કર્યા જેવું આ વિષમ કાર્ય કોણે કર્યું હશે.

હે દૈવ! જો પુત્ર રત્નને આપીને થોડા કાળમાં અપહરણ જ કરવું હતું તો આ પુત્રરત્ન આપ્યો જ શા માટે?

ઇત્યાદિ વિલાપ કરતા શ્રેષ્ઠી અશ્રુજલપૂર્ણ નયનવાળા થઈ ઘ્રુસકે ઘ્રુસકે રડે છે.

તે સમયે મૂર્ચ્છા ઉતરતાં સુયશા શેઠાણી શીથિલ અંગવાળી થઈ થકી આંખોમાં અશ્રુધારા વહાવતી કરૂણ સ્વરે રૂદન સાથે વિલાપ કરતી બોલે છે કે—

હા! ચંદ્રવદન! ચંદ્ર જેવા મુખવાળા હે પુત્ર!

હા! કમલનયન! કમલ જેવા લોચનવાળા હે પુત્ર!

હા! લક્ષ્મીકુલભવન! લક્ષ્મીને નિવાસ કરવાના મંદિર તુલ્ય હે વત્સ!

હા! નિજવંશવિભૂષણ! પોતાના વંશના વિભૂષણ તુલ્ય હે વત્સ!

હા! કિસલય અરૂણ કર ચરણ! નવા પત્ર = કુંપળના જેવા રક્ત = લાલ છે હાથ અને પગ જેના એવા હે પુત્ર!

પ્રજ્વલિત દુઃસહ શોક રૂપ અગ્નિમાં મને નાખીને તથા મારા અગણિત સ્નેહને અવગણીને હે પુત્ર! તું કયાં ગયો છે?

શુભ લક્ષણ વિનાની તથા નિર્ભાગ્ય શિરોમણી એવી મને તજીને હે વત્સ! તું કયાં ગયો છે?

હા! તનય! હા! ઇતિ ખેદે, હે પુત્ર!

હા! જનનીવત્સલ! જનનીને અતિ વહાલા એવા હે દિકરા!

જીવતી એવી હું આ લોચન = આંખોથી તને પુનઃ જોઈ શકીશ કે નહિ? તારા દર્શન થશે કે નહિ?

એ અવસરે ગગનતલમાં અદશ્ય રહેલી કુલદેવતાએ કહ્યું કે—ભો! ભો! તમે શા માટે શોક કરો છો?

કેમકે સકલ સુર કે અસુરો પણ કર્મના પરિણામને અટકાવી શકતા નથી. તો પછી તમે તો શું માત્ર છો? માટે ધીરજને ધારણ કરો.

તથા વીશ વર્ષ પછી વિષમ સર્પથી ડંખાયેલા રાજપુત્રને જે પુરુષ જીવતો કરશે "તે પુરૂષ તમારો પુત્ર છે એ પ્રમાણે તમે મનમાં ધારજો."

હવે આ બાજુ—

ભદ્રશાલ નામના નગરમાં ૨૧ ક્રોડ સુવર્ણનો સ્વામી ભદ્ર નામનો શ્રેષ્ઠી છે તેમને ભદ્રા નામની ભાર્યા છે. બન્ને જિનધર્મ પરાયણ છે. શ્રમણોપાસક છે. પરમ શ્રાવક છે તો પણ નિરપત્ય=પુત્ર વિનાના હોવાથી સંતાપ વહન કરે છે.

એકદા ભદ્રાએ શ્રેષ્ઠીને કહ્યું કે—હે સ્વામિન્! શા માટે સંતાપ=ખેદ ધારો છો? અન્ય શ્રેષ્ઠીકન્યા પરણો અને સંતાન પ્રાપ્ત કરી મનોરથ પૂર્ણ કરો!!!

શ્રેષ્ઠી બોલ્યા—હે પ્રિયે! તમારી કુક્ષિએ જન્મેલા પુત્રથી જ મને નિર્વૃતિ થશે. અન્યથી નહિ.

ત્યાર પછી ભદ્રાએ કુલદેવતાની આરાધના શરૂ કરી પ્રસન્ન થયેલી કુલદેવતા ભદ્રાને કહે છે કે—હે ભદ્રે! તમને ગર્ભનો સંભવ જ નથી. તો પણ જો તમે કહેતા હો તો તત્કાલ જન્મેલા અન્ય બાળક-પુત્રને લાવી આપું.

ભદ્રાએ શ્રેષ્ઠીની સંમતિથી કહ્યું કે—"એ પ્રમાણે કરો". તે કુલ દેવતાએ પણ દત્ત શ્રેષ્ઠીના પુત્રનું હરણ કરીને તત્કાલ ભદ્રા શેઠાણીને અર્પણ કર્યો.

પુત્રરત્નની પ્રાપ્તિથી પ્રસન્ન થયેલા ભદ્ર શ્રેષ્ઠીએ પણ "ગૂઢ ગર્ભવાળી મારી સ્ત્રીએ પુત્રનો જન્મ આપ્યો છે" એમ જાહેર કરવા પૂર્વક પુત્ર જન્મની વધામણી અને દેવતાએ લાવીને આપેલ હોવાથી દેવદત્ત એવું નામ રાખ્યું.

દ્વિતીયાના ચંદ્રની જેમ દેહના ઉપચયની સાથે કળાના સમૂહથી વૃદ્ધિ પામતો તે સોળે કળાએ ખીલેલા પૂર્ણિમાના ચંદ્રની જેમ રૂપ-લાવણ્યથી અતિશય શોભતો યૌવનવય પામ્યો.

ત્યાગી ભોગી દયાળુ શૂરવીર સરળ ગંભીર તથા રૂપ લાવણ્યથી યુક્ત સાક્ષાત્ પંચબાણ=કામદેવ જેવો પણ તે બાલ્યકાળમાં જ સદ્ગુરુદેવના ચરણોમાં ધર્મકથા સાંભળવા દ્વારા સમ્યગ્દર્શન પામ્યો હતો.

તેથી જ વિકારને કરનારા યૌવનવયમાં પણ તે દેવ-ગુરુ અને ધર્મની આરાધનાને ચૂકતો ન હતો.

ત્રિકાળ જિનેન્દ્ર પૂજા કરે છે તે આ પ્રમાણે. સવારે—પવિત્ર થઈને પ્રભુની વાસચૂર્ણથી પૂજા કરે છે તથા ધૂપ દીપક અક્ષત નૈવેદ્ય અને ફળથી અગ્ર પૂજા કરે છે.

મધ્યાહ્ને = બપોરે જલ ચંદન પુષ્પ ધૂપ દીપક અક્ષત નૈવેદ્ય અને ફળથી અષ્ટ પ્રકારી પૂજા કરે છે અને સંધ્યા સમયે = સાંજે ધૂપ–દીપક અને આરતી તથા મંગળ દીવો કરે છે. ઘંટ વાદન–ચામર નૃત્ય તથા ચૈત્યવંદન ત્રણે વખત કરે છે.

તથા ગુણાનુરાગ કેળવવા પૂર્વક મહાવ્રતધારી મુનિવરોની પર્યુપાસના = ભક્તિ કરે છે. તથા વિનય પૂર્વક ગુરુમુખે પ્રવચન = સિદ્ધાંતોનું શ્રવણ કરે છે.

તથા જિનમંદિર જિનપ્રતિમા જિનાગમ તથા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા રૂપ સાતે ક્ષેત્રમાં ધન રૂપ બીજ વાવે છે. સાધર્મિકોને જોઈ ખુશ થાય છે અને સાધર્મિક વાત્સલ્ય દ્વારા સાધર્મિકોની પણ ભક્તિ કરે છે.

હવે એકદા લોકોના મનને પ્રસન્ન કરનારો વસંત ઋતુનો સમય આવ્યો; તે સમયે સહકાર = આમ્ર વૃક્ષ ઉપર મંજરીઓ શોભે છે. મંદ મંદ વાતા પવનથી કિસલય પત્રો ડોલી રહેલા છે, દક્ષિણ દિશાનો મલયાચલનો શીતલ વાયુ વાય છે, વૃક્ષો ઉપર નવા નવા પત્ર આવે છે, કોયલ પંચમ સ્વરે ગાય છે. વિવિધ પુષ્પો ખીલ્યા છે.

આ અવસરે વસંતોત્સવને જોવા માટે નગરલોકો પરિવાર સાથે ઉદ્યાનમાં આવ્યા.

દેવદત્ત પણ મિત્રોથી પરિવરેલો ત્યાં આવ્યો અને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરે છે.

એકદા કંદુક–દડાથી ક્રીડા કરી રહેલો હતો તે સમયે આગળના ભાગમાં નજદીકમાં જ કોઈક કુમારિકના પરિજનનો હાહારવ સંભળાયો. તે આ પ્રમાણે—"છે કોઈ ઉત્તમ સત્પુરુષ? કે જે આ દુષ્ટ વિદ્યાધરથી હરણ કરાતી અમારી સ્વામિનીની રક્ષા કરે."

ઉપરોક્ત વચનો શ્રવણ કરી ઉત્પન્ન થયો છે કરૂણાભાવ જેને એવા દેવદત્તે તે ક્રીડાનો સુવર્ણમય કંદુક = દડો તે ખેચર = વિદ્યાધરના મર્મ સ્થાનમાં એવો તો માર્યો કે તે વેદનાથી ત્રાસ પામેલા તેના હાથમાંથી કુમારિકા છૂટી ગઈ અને સરોવરમાં પડી.

હવે સરોવરમાં ડૂબી રહેલી તે કન્યાને બાહુથી પકડીને કનક = સુવર્ણની શીલા તુલ્ય પોતાના હૃદય ઉપર ધારણ કરીને જાણે કે –તેના હૃદયને સંપાદિત ન કરતો હોય! તેમ અનુક્રમે સરોવરના કિનારે આવ્યો.

કન્યાના પરિજન ખુશ થયા. તે કન્યા પણ અભિલાષા સાથે વારંવાર દેવદત્તને નિરખી રહી છે. દેવદત્ત પણ પ્રત્યુપકારના ભયથી તત્કાલ અન્યત્ર ગયો.

કન્યા પણ પરિજનની સાથે પોતાને ઘેર ગઈ. પરંતુ સરોવરમાંથી બહાર નિકળતી

વખતે જે બંનેના હૃદયનો પરસ્પર યોગ થયેલો હતો, તેમાં બંનેના હૃદયોનું પરસ્પર પરાવર્ત્તન થઈ ગયેલું હતું.

એકદા કુસુમ શય્યામાં આરામ કરી રહેલા અને ચંદ્ર તુલ્ય મનોહર મુખવાળી તે કન્યાનું ચિંતવન કરતા અને કેળના પત્રથી મિત્રો દ્વારા વાયુ વીંજાતા એવા તે દેવદત્તની પાસે તે કુમારિકાની પ્રિયમતી નામની સખી આવી.

પ્રણામ કરીને નજીકના આસન ઉપર બેસીને મધુર વચનો દ્વારા વક્તવ્ય કહેવા લાગી—

—હે શ્રેષ્ઠિ પુત્ર! અહીં ૨૧ કોડ સોનામહોરોનો સ્વામી સોમદેવ નામનો શ્રેષ્ઠી છે તેમને ગુણશ્રી નામની ભાર્યા છે. તેમને ગુણવતી નામની એક કન્યા છે.

દુષ્ટ વિદ્યાધરથી હરણ કરાતી તે કન્યાને તમે બચાવેલી અને તે પોતાને ઘેર ગયા બાદ દીનમુખવાળી વારંવાર નીસાસા નાખે છે. બધા જ કામકાજને તજી દઈને એકાંતમાં શૂન્ય મનસ્ક થઈને કાળ વીતાવે છે.

એકદા અવસર જોઈને મેં પૂછયું કે—હે સખિ! તમને સંતાપનું કારણ શું છે? તો કન્યા બોલી—હે સખિ! મારા હૃદયમાં એક મોટું દુઃખ છે કે—જેણે પોતાના જીવિતથી પણ નિરપેક્ષ થઈને મને જીવિતદાન આપ્યું તે ગુણનિધિનો મેં વસ્ત્ર કે આભરણના દાન દ્વારા કંઈ પણ પ્રત્યુપકાર કર્યો નથી.

મેં કહ્યું કે—"હે બહેન! હજી કંઈ બગડયું નથી."

તેણે કહ્યું કે—તે સુંદર હૃદયવાળા પુરૂષે મને તે સમયે જે જીવિતદાન આપ્યું છે તો તેમને પણ તે જ જીવિતનું દાન આપું તો જ પ્રત્યુપકાર કર્યો કહેવાય.

મેં હસીને કહ્યું કે—હે પ્રિયસખિ! તે પણ આપ્યો!!! એમાં શું અજુગતું છે?

તેણે કહ્યું કે—"હે પ્રિયસખિ! મેં તે આપેલું જ છે"

આ વાતની પ્રતીતિ કરાવવા માટે હે ભદ્ર! તે કુમારિકાએ પોતાના કંઠમાંથી ઉતારીને ચારે બાજુ ફેલાઈ રહેલ કાંતિથી દૂર કર્યો છે અંધકારને જેણે એવા મણિ રત્ન જડેલો આ હાર તમોને સમર્પિત કરવા માટે મને તમારી પાસે મોકલી છે.

તો "હે સુહૃદ! ગુણાધાર લોકોત્તર ચિત્ર અને મનોહર એવા આ હાર તથા મારી સખીના હૃદયને સાદર સ્વીકારીને પોતાના હૃદયનું વિભૂષણ કરો."

વાત સાંભળી પ્રસન્નતાથી વિકસિત થતા મનવાળો દેવદત્ત પણ હારને સાદર

સ્વીકારે છે. અને પ્રાણપ્રિયાના ભુજા યુગલની જેમ પોતાના કંઠમાં આરોપે છે = પહેરે છે. અને બોલે છે કે—ચંદનના વિલેપન તથા કદલી દલના વિંજણાથી અને કુસુમના સંસ્તારક = શય્યાથી જે સંતાપ ઉપશાંત ન થયો = શમ્યો નહિ. તે સંતાપ આ હારના સ્પર્શ માત્રથી દૂર થયો.

એમ કહીને તે દેવદત્ત પોતાના કંઠના આભૂષણ એવો રત્ન–મણિ જડિત સુવર્ણનો હાર પ્રિયમતીને આપતાં કહે છે કે—"આ હાર તમારી પ્રિયસખીને આપજો." અને તમે કહેજો કે—આ દેવદત્ત પણ તમારા સંયોગ વિના ખીલેલા કમલ પત્રનો સંયોગ વિનાના હંસની જેમ દુઃખમય દિવસો પસાર કરે છે.

દેવદત્તના વચનો સાંભળી હર્ષાયમાન થયેલો પ્રિયમતી પોતાની સખી ગુણવતી પાસે જઈને બધી જ વાત કહી છે અને દેવદત્તે આપેલ કંઠાભરણ = હાર સમર્પિત કરે છે.

સખીના મુખથી વાત સાંભળી તથા હાર ને ગ્રહણ કરી પરિતુષ્ટ થયેલી તે ગુણવતી કુમારિકા હાર ને સાદર પોતાના કંઠમાં સ્થાપે છે.

આ પ્રમાણે પરસ્પર પ્રશસ્ત પદાર્થના આદાન–પ્રદાનથી વર્ધમાન છે માનસિક પ્રમોદ જેમનો એવા તેઓના કેટલાક દિવસો પસાર થયા ત્યારે—

એકદા સામદેવ શ્રેષ્ઠી સ્વયં ભદ્ર શ્રેષ્ઠીના ઘેર જઈને કહે છે કે—હે શ્રેષ્ઠિન્! અમોને પહેલાં પણ તમારા પુત્રને અમારી પુત્રી આપવા મન હતું અને હમણાં વિદ્યાધરના હાથમાંથી બચાવીને વિક્રમ = પરાક્રમ દ્વારા ખરીદી લીધી છે. તો તમે તમારા પુત્રને યોગ્ય એવી આ મારી પુત્રીને સ્વીકારવા કૃપા કરો.

ભદ્ર શ્રેષ્ઠીએ પણ દેવદત્ત પુત્ર માટે તે કન્યા સાદર સ્વીકારી. અને શુભ લગ્ન મુહૂર્તે વિવાહોત્સવમાં પાણિગ્રહણ વિધિ થઈ. પૂર્વ પુણ્યોદયે પ્રાપ્ત પંચવિધ વિષય સુખોને અનાબાધ રીતે ભોગવતા સમય પસાર કરે છે.

એકદા ક્રીડા માટે મિત્રો સાથે ઉદ્યાનમાં ગયેલા દેવદત્તે ગાઢ પ્રહારથી વિહ્વલ થયેલા અને કંઠે આવેલ પ્રાણવાળા જોગીને જોયો.

દેવદત્ત તત્કાલ તે યોગી પાસે જઈ સેવા સુશ્રુષા ઉપચારથી સ્વસ્થ કરે છે.

સ્વસ્થતા પામેલા જોગીએ કહ્યું કે—યોગાત્મા નામનો હું યોગી છું. યોગસિદ્ધિ નામે મારી ભાર્યા છે.

ગુરુએ બતાવેલા કાયસિદ્ધિ = શરીર વિનાશ ન પામે તેવા તથા આયુષ્યની

વૃદ્ધિને કરનારા અને કાળ = યમને પણ છેતરવામાં ચતુર એવા પવન = વાયુના નિરોધાદિ સ્વરૂપવાળા યોગમાર્ગને સાધતો જેટલામાં હું રહું છું તેટલામાં

યોગસાર નામના એક યોગી મળ્યા. તેણે મારી સાથે કપટ મૈત્રી કરી. તેણે મને કહ્યું કે—જોગીઓને અકાર્ય કંઈ જ નથી અર્થાત્ તે બધા જ કાર્યો કરી શકે છે તેવી જ રીતે અખાદ્ય અપેય કે અગમ્ય પણ કાંઈ નથી જ અર્થાત્ ગમે તે વસ્તુ ખાઈ-પી શકે અને ગમે ત્યાં જઈ શકે છે.

એમ કહીને તેણે મને મદ્ય પાન કરાવ્યું. મદ્ય પાનથી ઉન્માદને પામેલા એવા મને ગાઢ પ્રહારથી હણીને મૂર્ચ્છિત કર્યો.

મૂર્ચ્છા પામેલા મને મરી ગયો એમ જાણીને મને અહીં જ મૂકીને યોગસિદ્ધિ નામની મારી ભાર્યાને લઈને તે યોગસાર યોગી નાશી ગયો છે.

દેવદત્તે કહ્યું કે—હે ભદ્ર! આ મદ્યપાન એ યોગિઓ માટે સર્વથા અનુચિત જ છે.

કારણ કે મદ્યપાનથી જીવ મદોન્મત્ત થઈને નાચે છે, ગાય છે, હસે છે, નમે છે, ભમે છે, સૂએ છે, સામાન્ય વસ્તુ માટે રોષ કરે છે તથા માતાને સ્ત્રી રૂપે જાણે છે, અને સ્ત્રીને મા કહીને બોલાવે છે.

મદિરાના મદથી મત્ત થયેલો જીવ ગમ્ય અને અગમ્યને જાણી શકતો નથી, તથા સ્વજન અને પરજનને પણ વિશેષ રીતે ઓળખી શકતો નથી.

મદ્યપાનથી મદ મતિવાળો જીવ પોતાને રાજાથીએ મોટો માને છે અને પ્રભુ એવા રાજાની અવગણના કરે છે.

મદ્યપાનથી ભાન ભૂલેલો જીવ રસ્તામાં ગમે ત્યાં સૂઈ જાય છે ત્યારે તેના ખુલા મુખમાં કૂતરાઓ પેસાબ કરે છે.

મદ્યને પરવશ થયેલા જીવના ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થ નાશ પામે છે. તથા તેની કીર્ત્તિ ઉપર કલંક લાગે છે, તેના શરીરની કાંતિ મ્લાન થાય છે, અને તેનાથી કુલ મર્યાદા સચવાતી નથી.

વધારે શું કહું—પણ મદ્ય એ સર્વ દોષોનો નિધાન છે અને સર્વ પાપોનું મંદિર છે.

અને શરીરને સ્થિર કરવાની જે બુદ્ધિ છે તે જલમાં પડેલા ચંદ્રના બિંબને ગ્રહણ કરવાની ઇચ્છા કરવા જેવી કુબુદ્ધિ જ છે.

વિનાશના સ્વભાવવાળા અને પ્રતિસમય વિપરિણામને પામતા એવા શરીરને

આજ દિવસ સુધીમાં કોઈ સ્થિર રાખી શકયો છે? અર્થાત્ કાયા સ્થિર રહેતી નથી. તેવી જ રીતે આયુષ્ય પણ કયારેય પણ વધી શકે જ નહિ, અને આજ સુધીમાં કાળને કોઈએ છેતર્યો હોય તેવું કયાંય પણ તમે સાંભળ્યું છે?

મુક્ત સિવાયના સર્વ સંસારી જીવોનો યમ = કાળ અનિવારિત પણે કાળક્રમે અવશ્ય કોળીયો કરે જ છે.

માટે હે મહાભાગ! બધો જ કુબુદ્ધિને તજીને સકલ જીવોને અભયદાન આપવાના સ્વરૂપવાળા અને સકલ જીવોને એકાંતે હિતકારી એવા જિનેન્દ્ર પ્રરૂપિત ધર્મને સ્વીકારો.

દેવદત્તના વચનો સાંભળીને પ્રતિબોધ પામેલ જોગી જિનેન્દ્ર પ્રરૂપિત ધર્મને યથાવિધિ સ્વીકારે છે અને દેવદત્ત એ ધર્મગુરુ છે, એમ ચિંતવીને દેવદત્તનું સાદર બહુમાન કરે છે.

અન્યત્ર પણ કહ્યું છે કે—

जो जेण शुद्ध धम्मंमि ठाविओ संजएण गिहिणा वा।
सो चेव तस्स भणइ धम्मगुरु धम्मदाणाओ ।। १ ।।

જે જીવ જે કોઈ સાધુ કે શ્રાવક = ગૃહસ્થ દ્વારા ધર્મમાં સ્થાપિત થયો = સ્થિર થયો છે. તે સાધુ અથવા ગૃહસ્થ ધર્મના દાનથી તેનો ધર્મગુરુ કહેવાય છે.

યોગાત્મા નામના યોગિએ કહ્યું કે—હે મહાભાગ! મારી પાસે પઠિતસિદ્ધ = પાઠસિદ્ધ એવા બે મંત્રો છે. એક ભૂતનિગ્રહ કરનારો અને બીજો વિષઘાતક મંત્ર છે.

માટે હે મહાસત્ત્વ! અનુકંપામાં તત્પર એવા તમે આ મંત્રો દ્વારા પણ પરોપકાર જ કરવાના છો, તેથી આ બે મંત્રોને સ્વીકારો.

દેવદત્ત પણ યોગીના આગ્રહથી આમ્નાય સહિત મંત્રોને ગ્રહણ કરે છે, અને તત્કાલ પાઠમાત્રથી જ સિદ્ધ થાય છે.

અન્યદા કોઈ એક દિવસે મ્લાન મુખવાળી ગુણવતી પ્રિયાને દેવદત્તે પૂછ્યું કે—"હે પ્રિયે! ઉદ્વેગનું કારણ શું છે?"

ગુણવતી બોલી—"હે આર્યપુત્ર! સાવધાન થઈને સાંભળો.

આ જ નગરીમાં ૨૧ ક્રોડ સુવર્ણના સ્વામી સોમલ નામના શ્રેષ્ઠી રહે છે તેમને સોમા નામની ભાર્યા છે. તેમને પદ્મશ્રી નામની એકની એક કન્યા છે.

તે મારી બાલ્યકાળની સખી આજે પ્રબળ ભૂતના વિકારથી પીડા પામેલી હોવાથી પ્રાણના સંશયવાળી અવસ્થાને ધારણ કરે છે.

દેવદત્ત બોલ્યો—હે પ્રિયે! મારી પાસે ભૂતનિગ્રહ કરવાનો મંત્ર છે, તો તારા કહેવાથી તે તારી સખીને સ્વસ્થ કરીશ.

ગુણવતી બોલી—**महापसाओ** = મોટી મહેરબાની એમ કહીને ગુણવતી તત્કાલ સોમિલ શ્રેષ્ઠીને ઘેર જઈને વાત જણાવે છે.

સોમિલ શ્રેષ્ઠી પણ તત્ક્ષણ દેવદત્તને આદર-બહુમાન સાથે પોતાને મંદિર તેડી લાવે છે. અને પદ્મશ્રી પુત્રી બતાવે છે.

દેવદત્તે પણ તત્કાલોચિત સામગ્રી મંગાવીને કન્યાની ચોતરફ માંડલું કર્યું, કન્યા સન્મુખ મુદ્રા ધારણ કરી, મંત્રનું સ્મરણ કરી, સરસવને ઉછાળ્યા.

તત્કાલ કન્યાના શરીરમાં પ્રવેશેલો ભૂત બોલ્યો—હે મતિમૂઢ! સકલ નગરના મંત્રવાદિઓથી જે હું પરાભવ ન પામ્યો તથા તેઓ મને કન્યાના શરીરમાંથી બહાર ન કાઢી શકયા તો તું શું કરી શકવાનો છે? અહો! તારામાં મૂઢતા કેટલી છે? ખરેખર તું મૂરખ જ છે!!!

ભૂતના વચન શ્રવણ કરી દેવદત્ત સાવધાન થયો, અને પ્રણિધાન પૂર્વક પુનઃ મંત્રનું સ્મરણ કરે છે. મંત્ર શક્તિથી પરાભૂત થયેલો તે ભૂત બોલ્યો—"હે દેવદત્ત! તું મને જે બળાત્કારે કન્યાના શરીરમાંથી બહાર કાઢે છે. તો તું પણ જોઈ લેજે, હું તને પણ હેરાન કરીશ." એમ કહીને ભૂત પદ્મશ્રી કન્યાના શરીરમાંથી નિકળીને અન્યત્ર = બીજે ઠેકાણે ગયો.

ભૂતના નિષ્ક્રમણથી તે કન્યા પવનથી હણાયેલા વૃક્ષના પાકા પાંદડાની જેમ ધબ દઈને ભૂમિ ઉપર ઢળી પડી. શીતલ ઉપચારથી ચેતના આવી ત્યારે તે પદ્મશ્રી પદ્મની પાંખડી જેવા લોચનો દ્વારા દેવદત્તને નિહાળે છે. દેવદત્તે પણ અનુરાગ પૂર્વક તે પદ્મશ્રીને જોઈ.

પરસ્પર એક બીજાને નિહાળતા તે બંનેના શરીરમાં કામ નામનો ગ્રહ પ્રવેશ્યો = સંક્રાંત થયો. તેથી તે બંને જણાને પરવશ થયેલા જાણીને સોમિલ શ્રેષ્ઠીએ ચિંતવ્યું કે—આ બંનેના કામ-ગ્રહને નિગ્રહ કરવામાં હું જ સમર્થ છું.

એમ ચિંતવીને તે કાર્યમાં કુશળ એવા તે સોમિલ શ્રેષ્ઠીએ દેવદત્તના મસ્તક ઉપર અક્ષત = ચોખા ઉછાળવા પૂર્વક મંત્ર ભણ્યો કે—"**दिन्ना पउमसिरी**" મંત્ર ભણતાની સાથે જ કામગ્રહ વશ થયો, અને તત્કાલ વિવાહોચિત સામગ્રી એકત્રિત કરવા પૂર્વક પોતાની પદ્મશ્રી કન્યા દેવદત્તને પરણાવીને સમર્પિત કરી.

પંચવિધ વિષય સુખને ભોગવતા દેવદત્ત અને પદ્મશ્રીનો સુખમય કાળ પસાર થાય છે.

અન્યદા કોઈ એક દિવસે દેવદત્ત રાત્રિના સમયે પલ્યંકમાં = શય્યામાં સૂતો હતો અને જાગ્યો ત્યારે ગંગા નદીના પ્રવાહમાં તણાતા પોતાને જોઈને ચિંતવ્યું કે—નિશ્ચે પૂર્વે પરાભવ કરેલા ભૂતે મને અહીં આવી અવસ્થામાં નાખ્યો છે.

એમ ચિંતવતા તેને ભવિતવ્યતાના યોગે લાકડાનું પાટીયું મળ્યું, અને અનુક્રમે વારાણસી નગરી પાસે ગંગા નદીના કિનારે આવે છે પણ પરિશ્રમના કારણે અને જલના આઘાતને કારણે નિશ્ચેતન હોય તેમ નદીના કિનારે થોડીવાર રહે છે.

આ તરફ—તે વારાણસી નગરીમાં ૨૧ કોડ સુવર્ણની સ્વામિની, કપટના મંદિર તુલ્ય એવી ધરણ નામના સાર્થવાહની નાગિલા નામની ભાર્યા નિવાસ કરે છે. તેમનો સાગરદત્ત નામનો પુત્ર સમુદ્રમાં વહાણ ભાંગવાથી સમુદ્રમાં પડી ગયો, અને ડૂબીને મરણ પામેલા પુત્રની ચિંતાથી ચિંતાકુલ એવી નાગિલાને બુદ્ધિ ઉત્પન્ન થઈ કે—"પુત્ર મરણની વાત જાહેર ન કરવી અને બીજા કોઈ પણ તેના જેવા પુરુષને મેળવીને "અપુત્રીયાના ધનનો સ્વામી રાજા" એ ન્યાયને અનુસારે રાજાથી ગ્રહણ કરતા ધનનું રક્ષણ કરું."

ઉપરોક્ત તત્કાલોત્પન્ન બુદ્ધિને અનુસારે પુત્ર જેવા પુરુષની પ્રાપ્તિ માટે ગંગાના કિનારે પરિભ્રમણ કરતી તે નાગિલાએ તેવી વિષમ અવસ્થામાં રહેલા દેવદત્તને જોઈને, મધ્યરાત્રિએ કોઈ ન જાણે તેવી રીતે પોતાને ઘેર તેડી ગઈ. અને તેના કંઠે વળગીને રડતી રડતી બોલી.

હે વત્સ! સાગરદત્ત! તું આ કેવી દુર્દશાને પામ્યો છે? તારા યાનપાત્ર = વહાણ ભાંગાણને સાંભળીને શોકથી આકુળ-વ્યાકુળ થતી એવી મને રાત્રિએ કુળદેવતાએ કહ્યું કે—"ખેદ ન કરો!!! તમારો પુત્ર સાગરદત્ત ગંગા નદીના માર્ગે આવશે."

કુલદેવતાના વચનાનુસારે ગંગા નદીના કિનારે શોધતાં શોધતાં આજે તું દેખાયો. અને તને અહીં તેડી લાવી. એમ કહીને સાગરદત્તની વહુ લક્ષ્મીવતીને કહે કે—હે વત્સે! જો પાણીના યોગથી આ તારા પતિ અન્ય હોય તેવા દેખાય છે. તો પણ તમે કોઈ પણ વિકલ્પ વિના પૂર્વની જેમ આમની સર્વ પ્રતિપત્તિ = સેવા કરજો.

વહુ બોલી "જેવી આપની આજ્ઞા" એમ કહીને લક્ષ્મીવતી વહુ પણ પૂર્વની જેમ જ પોતાના પતિની શુશ્રુષા કરે છે.

દેવદત્તે વિચાર્યું કે—"વિધિના વિલાસને જોઉં તો ખરો" એમ ચિંતવતો

પોતાના સ્વરૂપને ગુપ્ત રાખતો તે દેવદત્ત લક્ષ્મીવતીની સાથે પંચવિધ વિષય સુખ ભોગવે છે. અને ગુપ્ત ગૃહમાં રહે છે.

વિષય ભોગ સુખને ભોગવતાં લક્ષ્મીવતીની કુખે અનુક્રમે બે પુત્રોનો જન્મ થાય છે.

એકદા લોભમાં અંધ થઈ છે દૃષ્ટિ જેની એવી નાગિલાએ ચિંતવ્યું કે—આ પુરુષ વિદ્યમાન હોય ત્યાં સુધી ધન-સંપત્તિ મારે આધીન ન થાય. તેથી ઉપાય કરીને આ પુરુષને મારી નાખું.

ઉપરોક્ત ચિંતવન કર્યા પછી એકદા રાત્રિએ નાગિલાએ "ચોર...ચોર...ચોર..." એમ બોલવા પૂર્વક કોલાહલ મચાવ્યો. કોટવાળો તુર્ત ત્યાં આવ્યા. અને પૂછે છે કે—કયાં છે ચોર?

નાગિલાએ દેવદત્તને બતાવવા પૂર્વક કહ્યું કે—"આ ચોર અચાનક મારા ઘરમાં આવીને લૂંટ મચાવે છે"

કોટવાલો પણ તત્કાળ તે ચોરને બાંધીને રાજા પાસે લઈ ગયા. રાજાએ ચોરને જોઈને ચિંતવ્યું કે—"આવી સુંદર અને સૌમ્ય આકૃતિવાળો આ ચોર ન હોઈ શકે." તેથી રાજા સાવધાન થઈને તે ચોરને પૂછે છે કે—હે ભદ્ર! તમે કોણ છો? અને હકીકત શું છે?

દેવદત્તે ચિંતવ્યું કે—છતા કે અછતા પરના દોષને ઉઘાડવાથી આ ભવ અને પર ભવમાં અનેક અનર્થો આવે છે. તેથી મૌન રહેવું તે જ ઉચિત છે. એમ ચિંતવીને મૌન રહે છે. કંઈ જ બોલતો નથી.

વારંવાર પૂછવા છતાં તે દેવદત્ત જ્યારે કંઈ જ બોલતો નથી ત્યારે રાજાએ વધનો આદેશ કર્યો. તત્કાળ વધયોગ્ય સામગ્રી એકઠી કરીને કોટવાલો તે દેવદત્તને ગધેડા ઉપર બેસાડી ફૂટેલ ઢોલ વગાડવા પૂર્વક નગરના મધ્યમાં થઈને વધના સ્થાને લઈ જાય છે.

"ખરેખર વિધિનો વ્યાપાર વિષમ છે. અને આ કારણથી જ સંસાર કોને ઉદ્વેગનું કારણ ન બને? અર્થાત્ સર્વ જીવોને ઉદ્વેગનું કારણ બને જ!!!"

કે જે આવા પણ ઉત્તમ પુરુષો આવા પ્રકારના સંકટમાં ફસાય છે.

અથવા તો—

આપણા રાજા જ અવિવેકી છે. મંત્રી અને પ્રધાનો સદ્વિચાર = વિવેક વિનાના છે અને આ નગર પણ ભાગ્ય વિનાનું છે કે જે નગરમાં આવા પુણ્યશાળીઓનો વધ થાય છે.

ઇત્યાદિ વાતો કરતા નગરલોકોની વચ્ચે થઈને તે દેવદત્તને અનુક્રમે વધ સ્થાને કોટવાલો લઈ ગયા.

એ અવસરે આ તરફ ઉદ્યાનમાં મિત્રો સાથે ક્રીડા કરતા મેઘરથ નામના રાજપુત્રને ઉગ્ર વિષવાળો સર્પ કરડયો. તત્કાલ ઝેર આખા શરીરમાં ફેલાઈ ગયો.

રાજાએ બધા જ મંત્રવાદીઓને અને ગારૂડીઓને બોલાવ્યા. તેઓ પણ તત્ક્ષણ આવીને ઝેર ઉતારવા માટે પ્રયત્ન કરે છે પણ જરાપણ ઝેર ઉતર્યો નહિ. રાજકુમાર જડની જેમ મૂર્ચ્છિત થઈને સૂતેલો છે.

તત્કાલ રાજાએ પડહ વજડાવ્યો કે—સર્પ થી ડંખાયેલા મારા પુત્રને જે જીવાડશે તેને કનકશ્રી નામની મારી પુત્રી અને અડધું રાજ્ય આપું.

તે પડઘો અનુક્રમે ત્યાં આવ્યો કે જ્યાં દેવદત્તને વધ કરવાનું સ્થાન હતું.

પડઘો સાંભળીને દેવદત્તે ચિંતવ્યું કે–"પરોપકાર કરી યશ: તથા પુણ્ય ઉપાર્જન કરીને પછી જ પરલોકમાં જાઉં." એમ ચિંતવીને દેવદત્તે કોટવાલોને કહ્યું કે—હે કોટવાલો! મારી પાસે વિષાપહાર મંત્ર છે, અને આ રાજપુત્રને ભુજંગમ = સર્પ કરડયો છે, તો એ મંત્ર દ્વારા રાજપુત્રને જીવતો કરૂં કે—જેથી પરલોકમાં જતાં એવા મને પરોપકારના કાર્ય કરવા દ્વારા પુણ્યરૂપ ભાથું મળે.

કોટવાલો બોલ્યો—"હે મહાભાગ! હે પરોપકારિન્! જો એમ હોય તો આ પડહને સ્પર્શ કરો."

દેવદત્ત તત્કાલ પડહને સ્પર્શે છે. કોટવાલો પણ દેવદત્તને રાજા પાસે લઈ જાય છે. રાજાના વચનાનુસારે દેવદત્ત મંત્ર ભણીને રાજકુમારના વિષને ઉતારે છે. વિષ સર્વથા દૂર થયું ત્યારે રાજકુમાર આળશ મરડીને જાગૃત થયો.

પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું કે—હે ભદ્ર! પૂર્વે આકૃતિથી અને હમણાં ગુણગણથી મેં જાણ્યું કે—તમે મહાપુરુષ છો, તેથી મારી પુત્રીનું પાણિગ્રહણ કરો.

તે સમયે મંત્રીઓ બોલ્યા—હે મહારાજ! અજાણ્યા કુલ = વંશવાળા પુરુષને રાજકન્યા કેમ અપાય!!!

એ અવસરે સર્પથી ડંખાયેલા રાજપુત્રને કોઈક પુરુષે જીવાડયો છે એમ લોક મુખથી વાત સાંભળીને દેવતાનું વચન યાદ આવ્યું. અને તત્કાલ દત્ત શ્રેષ્ઠી ત્યાં આવે છે. અને દેવદત્તને ઓળખીને બોલ્યો કે—આ મારો પુત્ર છે.

આ બાજુ દેવદત્તના અપહરણના સમાચાર જાણતાં વેંત જ ભદ્ર શ્રેષ્ઠી પણ

ભદ્રસાલ નગરમાંથી નિકળીને સર્વત્ર દેવદત્તની ગવેષણા=શોધ કરતો ત્યાં આવ્યો અને દેવદત્તને ઓળખીને=જોઈને બોલ્યો કે—આ જ મારો પુત્ર છે.

બન્ને શ્રેષ્ઠીઓ દેવદત્તને પુત્ર! પુત્ર! કહીને સંબોધે છે ત્યારે રાજા બોલ્યા કે—અહો! એ એક પુરુષ તમારા બન્નેનો નંદન=પુત્ર કેવી રીતે હોઈ શકે?

દત્ત શ્રેષ્ઠી બોલ્યા—હે દેવ! હે રાજન્! જન્મ વખતે જ એક મહિનાના ઉંમરના આ મારા પુત્રને કોઈક અપહરણ કરી ગયેલ. ત્યારે પુત્રના વિયોગથી વિલાપ કરતા એવા મને કુલદેવતાએ કહ્યું કે—"સર્પથી ડંખાયેલા રાજપુત્રને જે જીવાડશે તે તારો પુત્ર વીશ વર્ષે મળશે." તો આજે બરાબર વીશ વર્ષ થયા છે અને રાજપુત્રના ઝેરને નિવારીને જીવાડનારા એવા આ પુરુષ તે મારો પુત્ર જ છે.

ભદ્ર શ્રેષ્ઠી બોલ્યો—હે દેવ! હે નરનાથ! મારી સ્ત્રીની કુખેથી કોઈ પણ બાળકનો જન્મ નથી થયો, પણ કુલદેવતાએ બાળક એવા આ પુણ્યાત્મા અને અર્પણ કરેલ છે. સત્તર વર્ષ પર્યંત મારા ઘેર રહેલ,—ત્યાર પછી કયાંક ગયો, તે આજે ત્રણ વર્ષ બાદ પુનઃ આપની પાસે જોયો આ મારો જ પુત્ર છે.

એટલામાં બે પુત્રથી યુક્ત એવી લક્ષ્મીવતી રાજાની પાસે આવીને વિનંતી કરે છે કે—હે રાજન્! સાગરદત્ત નામના આ મારા સ્વામી છે કે જેઓ સમુદ્ર માર્ગે અન્ય દ્વીપ તરફ જતા હતા ત્યારે અકસ્માત્ વહાણ ભાગ્યો અને લાકડાના પાટીયાના આધારે ગંગા નદીમાં તરતા તરતા અહીં કિનારે આવ્યા અને મારી સાસુ જોઈ ઓળખીને ઘેર તેડી લાવ્યા હતા. તે આ મારા સ્વામી સાગરદત્તના આ બે પુત્રો છે. એમ કહેતી બન્ને પુત્રો તરફ આંગળી ચીંધીને રાજાને બતાવે છે. તથા બોલી કે—આજે ગઈ રાત્રે અમે સૂઈ ગયા પછી જ્યારે સવારે હું જાગી ત્યારે દેખાયા નહીં તેથી રાત્રિએ શું બનાવ બન્યો તે હું જાણતી નથી. પણ આજે વધ્ય સ્થાને લઈ જવાતા મેં જોયા.

આ તરફ તેના બન્ને પુત્રો પણ વિસ્ફારિત નયન યુગલવાળા હાથ ફેલાવીને "બાપા...બાપા..." બોલતા દેવદત્તના ખોળામાં જઈને બેઠા.

ભદ્ર શ્રેષ્ઠી બોલ્યા—"હે ભદ્રે! હે બહેન! આ સાગરદત્ત નથી પણ દેવદત્ત છે."

રાજા—"કેવી રીતે".

ભૂત દ્વારા થયેલ અપહરણથી માંડીને ચોરની સજા પર્યંતનો બધો જ પોતાનો વૃત્તાંત સંક્ષેપથી દેવદત્તે રાજાને કહી સંભળાવ્યો.

દેવદત્તના કુળ અને શીલને જાણ્યા છે જેણે એવા રાજા બોલ્યા-અહો! પુણ્યનિધિ એવા આ મહાપુરુષ છે. એમ પ્રશંસા કરીને પોતાની કનકશ્રી નામની કન્યાના પાણિગ્રહણ મહોત્સવ પૂર્વક દેવદત્ત સાથે કરાવે છે અને દાયજામાં હાથી ઘોડા રથ અને પાયદળ સહિત અડધું રાજ્ય આપે છે.

અને દત્ત શ્રેષ્ઠી અને ભદ્ર શ્રેષ્ઠીને કહ્યું કે—દત્ત શ્રેષ્ઠીને ત્યાં દેવદત્તનો જન્મ થયો છે અને ભદ્ર શ્રેષ્ઠીને ત્યાં દેવદત્ત મોટો થયો છે તેથી આ દેવદત્ત તમારા બન્નેનો પુત્ર છે એ વાત સાચી જ છે. માટે તમારે પણ પરસ્પર વિવાદ કરવો નહિં; કેમકે દત્ત શ્રેષ્ઠી જન્મદાયક પિતા છે અને ભદ્ર શ્રેષ્ઠી પાલક પિતા છે અને લક્ષ્મીવતીને રાજાએ કહ્યું કે—તારી સાસુએ જે પતિ લાવી આપ્યો તે સાગરદત્ત પણ આ દેવદત્ત જ છે.

આવા પરોપકાર પરાયણ એવા દેવદત્ત ઉપર જે મારી સાસુએ ચોરનો આળ ચઢાવ્યો છે તે અત્યંત ચંડાળ જેવી તારી સાસુ નાગિલાને ઘરમાંથી બહાર કરવી...

ત્યાર બાદ લોકોના મુખથી જાણ્યું છે વૃત્તાંત જેમણે એવા સોમદેવ અને સોમિલ નામના શ્રેષ્ઠીઓ પણ પોત-પોતાની પુત્રીને લઈ ધન અને કુટુંબ સાથે ત્યાં આવ્યા.

આ પ્રમાણે તે દેવદત્ત ચાર ભાર્યાની સાથે ઇંદ્રની જેમ અનિંદિત ભોગોપભોગના સુખ ભોગવે છે.

ત્યાર પછી પ્રગટયો છે વૈરાગ્ય જેને એવા ભદ્ર શ્રેષ્ઠી ૨૧ ક્રોડ સુવર્ણ દેવદત્તને અર્પણ કરી તથા દેવ-ગુરુની ભક્તિ કરી, સાધર્મિક વાત્સલ્ય કરી અને અનુકંપા દાન દઈ તથા પ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી થયા છે, સર્વવિરતિ ચારિત્રના પરિણામ જેને એવા ભદ્ર શ્રેષ્ઠી ગૃહસ્થ વાસનો ત્યાગ કરી ગુરુદેવ પાસે ચારિત્ર સ્વીકારે છે.

તે જ રીતે સોમદેવ અને સોમિલ શ્રેષ્ઠી પણ પોત-પોતાની મિલકત દેવદત્તને સમર્પિત કરીને દીક્ષિત થયા.

આ પ્રમાણે દત્ત, ભદ્ર, સોમદેવ, સોમિલ અને સાગરદત્તના પ્રત્યેકના ૨૧ ક્રોડ ૨૧ ક્રોડ સુવર્ણ મળવાથી તથા રાજા તરફ અડધું રાજ્ય મળવાથી દેવદત્ત ૧૦૫ ક્રોડ = એક સો પાંચ ક્રોડ સુવર્ણ તથા અડધા રાજ્યનો સ્વામી થયો.

ત્યાર પછી દેવદત્ત રાજા પોતાના રાજ્યના પ્રત્યેક ગામ અને નગરમાં સુકૃત રૂપ લક્ષ્મીના લીલા = ક્રીડા કરવાના વન = ઉદ્યાન તુલ્ય જિનેશ્વરના ગગનચુંબી મંદિરો બનાવરાવે છે.

તે પ્રત્યેક મંદિરોમાં સુવર્ણમય અને રત્નમય અપ્રતિમ રૂપવાળી અનેક જિન-

પ્રતિમાઓ પધરાવે છે, અને તે જિનચૈત્યોની ત્રિસંધ્યાએ ભુવનને આશ્ચર્ય પમાડે તેવી લોકોત્તર વિધિથી ઉત્તમોત્તમ પૂજાના ઉપકરણો દ્વારા પૂજા કરે છે તથા પાપસ્થાનકોના સેવનથી થનારા પાપોના વિરહને કરનારી રથયાત્રા અને તીર્થયાત્રા પ્રવર્ત્તાવે છે, અને કર્મના વ્યાધિને દૂર કરવા તત્પર થયેલા મુનિવરોને આરાધનામાં સહાયક એવી વિશુદ્ધ વસતિ તથા કલ્પનીય વસ્ત્ર—પાત્ર અને ભાત-પાણી વિગેરે સબહુમાન વહોરાવે છે. તથા મોહના મર્મને ભેદનારા જિનાગમોરૂપ સિદ્ધાંતો લખાવે છે. તથા પાપરૂપ શલ્યને મૂળથી ઉખેડી નાખનારા સાધર્મિક વાત્સલ્યને પુનઃ પુનઃ કરે છે. તથા શાસનની પ્રભાવના થાય તેવા વિધવિધ સુકૃત્યો કરે છે. સાથે સાથે મનને પ્રમોદિત કરનારા માત-પિતાની પણ સાદર સબહુમાન ભક્તિ=સેવા કરે છે તથા દુઃખીજનોને સુખી કરે છે. અને કોઈ પણ પ્રત્યુપકારની અપેક્ષા વિના સદા કાળ પરોપકાર કરે છે અને આસક્તિ વિના=અભિલાષા વિના=આકુળ-વ્યાકુળ થયા વિના સાવધાની પૂર્વક પંચવિધ વિષય સુખ પણ ભોગવે છે.

આ પ્રમાણે ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થને સાધવા પૂર્વક મનુષ્ય જન્મના ફળને ભોગવતા તે દેવદત્ત રાજાનો કેટલોક કાળ પસાર થયો.

હવે એકદા પાપના ફેલાવાને પ્રશમન કરનારા અનેક શ્રમણ=મુનિવરોથી પરિવરેલા વિજયસિંહ નામના આચાર્ય પધાર્યા. ખરેખર તેઓ પર મત રૂપ મદગલ=ગજરાજનો નાશ કરનારા સાચા જ વિજયસિંહ હતા.

આઠ પ્રકારના—જ્ઞાનાચાર, આઠ પ્રકારના દર્શનાચાર, આઠ પ્રકારના ચારિત્રાચાર, બાર પ્રકારના તપાચાર એમ છત્રીસ ગુણગણને ધારણ કરે છે, તથા સર્વ અંગોપાંગ અને સર્વ લક્ષણ સંપન્ન દેહવાળા સૂરિવર કામદેવથી પણ અતિશય શોભે છે.

પુરજન વંદન કરવા ચાલ્યા. દેવદત્ત રાજા પણ પરિવાર સાથે ગુરુદેવને વંદન કરવા આવે છે. વંદન કરી યથોચિત્ત સ્થાને બેઠા ત્યારે નિષ્કારણ કરુણાલુ વિજયસિંહ સૂરીશ્વરજી મ. ગંભીર સ્વરે ધર્મદેશના આપે છે—

जिनेन्द्र पूजा गुरुपर्युपास्तिः सत्त्वानुकम्पा प्रशमानुरागः।
सुपात्रदानं श्रुतिरागमस्य नृजन्म वृक्षस्य फलान्यमूनि ।।

હે ભવ્યજીવો! મનુષ્ય જન્મ સ્વરૂપ કલ્પવૃક્ષના ફળોનો આસ્વાદ કરી પરમ તૃપ્તિને અનુભવો—તે ફળો આ રહ્યા.

૧. જિનેન્દ્ર પૂજા = જિનેશ્વર પ્રભુની દ્રવ્ય અને ભાવ પૂજા કરવી.

૨. ગુરુની પર્યુપાસ્તિ = ગુરુદેવની સેવા-શુશ્રુષા-ભક્તિ-વૈયાવચ્ચ કરવું.

૩. સત્ત્વાનુકંપા = છ જીવ નિકાયના જીવોની જયણા તથા દ્રવ્ય અને ભાવ ભેદે અનુકંપા = દયા કરવી.

૪. પ્રશમાનુરાગ = સમતા ના અનુરાગી થવું.

૫. સુપાત્રદાન = સુપાત્રમાં યથોચિત દાન આપવું.

૬. આગમનું શ્રવણ = જિનેશ્વર પ્રરૂપિત આગમોનું શ્રવણ કરવું.

ઇત્યાદિ ફળોનો આસ્વાદ કરનારો આત્મા ઉત્તરોત્તર પરમ તૃપ્તિને અનુભવતો પરમાનંદ પદને અવશ્ય પ્રાપ્ત કરે છે.

અવસર પામી હાથ જોડીને દેવદત્ત રાજા વિનય પૂર્વક પૂછે છે કે—હે ભગવન્! એવું કયું કારણ હતું કે—જે અમો સુખના વિયોગથી દુઃખ પામ્યા.

ગુરુદેવ બોલ્યા—હે સૌમ્ય! સાવધાન થઈને સાંભળો !!!

આશાપુર નામના નગરમાં જિનધર્મથી ભાવિત મતિવાળા ચંદ્ર નામના ગૃહપતિ હતા. તેમને રેવતી નામની ભાર્યા છે. તેમને ચંદન નામનો પુત્ર છે.

તે ત્રણે જણા એકદા વસંત ઋતુના સમયે ક્રીડા માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં તરૂ નિકુંજમાં વિધવિધ ક્રીડા કરી રહેલા હતા ત્યારે એક નાના બાળક હરણ સાથેનું એક હરણ યુગલ પલાયન થતું દેખાયું.

બાલ હરણ સહિત હરણ યુગલને નાસતા જોઈને રેવતીએ કહ્યું કે—હે આર્યપુત્ર! બાળક એવા મારા પુત્રને ક્રીડા માટે મનોહર એવા આ બાલ હરણને ગ્રહણ કરો.

ચંદ્ર ગૃહપતિ પણ તત્કાલ દોડીને તે બાલ હરણને પકડી લાવી ભાર્યાને સમર્પિત કર્યો.

પુત્ર એવા બાલ હરણના વિયોગથી ઘણા દુઃખને અનુભવતા તથા તે બાલ હરણ ઉપરના સ્નેહના કારણે આજુ બાજુ ચોતરફ પરિભ્રમણ કરતા તે હરણ યુગલને જોઈને ચંદ્ર શ્રેષ્ઠીએ કરુણાથી તે બાલ હરણને છોડી દીધો = મુક્ત કર્યો.

તે બાલ હરણ પણ તત્કાલ દોડીને માત-પિતા પાસે જઈ પહોંચ્યો.

આ પ્રમાણેના દુષ્કૃત કાર્યના પ્રસંગે તે ચંદ્ર શ્રેષ્ઠીએ પુત્ર વિયોગના ફળવાળા અશુભ કર્મો ઉપાર્જિત કર્યા.

હવે તે ચંદન બાળક અનુક્રમે યૌવનવયઃ પામ્યો. મિત્રો સાથે ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયેલા તે ચંદને ધ્યાનમાં રહેલા અને જાણે કે—સાક્ષાત્ મૂર્તિમંત ધર્મ જ ન હોય તેવા સૌમ્ય આકારવાળા મુનિવરને વિપુલ શિલાપટ ઉપર ધ્યાનાવસ્થામાં બેઠેલા જોયા.

મુનિવરના દર્શન થવાથી થયો છે હર્ષ જેને એવો તે ચંદન મિત્રોની સાથે વિધિપૂર્વક ગુરુવંદન કરી સન્મુખ બેઠો અને હાથ જોડીને વિનંતિ કરતાં પૂછે છે કે—

હે મુનિવર! આપને વૈરાગ્યનું શું કારણ હતું.

મુનિવર બોલ્યા—હે સૌમ્ય! એકાગ્ર થઈને સાંભળ!!!

આ જ ભરત ક્ષેત્રમાં ધન-ધાન્યના ભંડાર સમાન કૌશાંબી નામની નગરી છે, તે નગરીમાં ઘણા ધન-ધાન્યના વૈભવવાળા તાપસ નામના શ્રેષ્ઠી રહે છે.

તે હંમેશા પ્રમાદમાં રહેતો હતો. વિવેક વિનાના તે શ્રેષ્ઠી ધર્મ કર્યા વિના જ જીવન વીતાવે છે. ધન-ધાન્ય રત્ન-સુવર્ણ આદિ પરિગ્રહમાં ગૃદ્ધ=આસક્ત મનવાળા તે શ્રેષ્ઠી નરજન્મને વિફળ જ ગુમાવે છે.

આર્ત્તધ્યાનમાં રક્ત એવો તે આયુઃક્ષયે મરણ પામી પોતાના જ મહોલ્લામાં સૂકર=ભૂંડ રૂપે જનમ્યો. ત્યાં જ વારંવાર આવાગમનથી પૂર્વના સ્વજન-પરિજનના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું.

તે સમયે પુત્રોએ પિતાનું શ્રાદ્ધ કર્મ પ્રવર્ત્તાવ્યું. સ્વજનોને આમંત્રણ આપ્યું. રસોઈ પણ લગભગ તૈયાર થઈ હતી અને પીરસવાનું શરુ કરતા હતા ત્યારે બિલાડી ખાવા માટે આવી પણ ગૃહપતિના ભયથી એક બાજુ છુપાઈને રહી અને કોઈ ન જાણે તેવી રીતે તે ભૂંડને મારી ખાધો.

તે વરાહ=ભૂંડ પણ મરીને તેના જ ઘરમાં ભુજંગમ=સર્પ રૂપે ઉત્પન્ન થયો. વારંવાર ઘરના વિભાગોને અવલોકતા અને સ્વજનને જોતા તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. કર્મના વિપાકની વિચિત્રતા હોવાથી અને પૂર્વ ભવનું જ્ઞાન થવાથી તે સર્પ કષાયને આધીન ન થતો. અને ઘરમાં યથેચ્છ વિચરતો.

એકદા ઘરની દાસીએ સર્પને જોયો અને કોલાહલ કરવા લાગી. તુર્ત મુદ્ગર=ઘણ લઈને સેવકો આવ્યાને તે સર્પને મારી નાખ્યો.

અકામનિર્જરા ને કરતો તે સર્પ મરણ પામીને પોતાના પુત્ર નાગદત્તની બંધુમતી નામની પ્રિયાની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. અને પૂર્ણમાસે જન્મ થયો. બાળકનું

અશોકદત્ત નામ સ્થાપ્યું. જ્યારે તે બાળક એક વર્ષનો થયો ત્યારે ઘર તથા સ્વજનોને નિહાળતા તે બાળકને ભવિતવ્યતાના યોગે જાતિસ્મરણજ્ઞાન થયું. અને તે જ્ઞાનના પ્રકાશમાં પૂર્વના ભવોને જુએ છે.

અને ચિંતવ્યું કે—ખરેખર સંસારને ધિક્કાર છે. કે જ્યાં પુત્ર વધુની કુખે મારો જન્મ થયો. એક દિવસ જે મારો પુત્ર હતો તે હમણાં પિતા થયો અને જે પુત્ર વધૂ હતી તે જનની થઈ.

તો હવે પુત્રને પિતા કહીને કેવી રીતે બોલાવું? અને પુત્ર વધૂને મા કહીને કેમ સંબોધું!...

આવા વિષમ પ્રશ્નના ઉત્તરમાં તેણે મૌન સ્વીકાર્યું અર્થાત્ તે પૂર્વભવના જ્ઞાન થયા બાદ તે બાળક કંઈ જ બોલતો નથી. એમ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયા.

એકદા મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવ જ્ઞાનને ધારણ કરનારા, બહુવિધ મુનિવરોથી પરિવરેલા અને પાપરૂપ દાવાનલને શાંત કરનારા મેઘ સમાન મેઘનાદ નામના મુનિનાથ પધાર્યા.

મનઃપર્યવ જ્ઞાનથી જાણ્યા છે અશોકદત્તના મનોભાવ જેમણે એવા તે મુનિવરે વચન બોલવામાં કુશલ=ચતુર એવા એક મુનિવરને બોલાવીને કહ્યું કે—હે મુનિવર! તમે નાગદત્તના ઘેર જાઓ અને ત્યાં ઘરના આંગણામાં બેઠેલા અશોકદત્તને તમારે કહેવું કે-હે કુમાર ગુરુના આ વચનને સાંભળો!!!

હે તાપસ! આવા મૌનના આલંબનથી શું લાભ છે? એના કરતાં સમજીને યથાવિધિ ધર્મને સ્વીકારીને આરાધો!!! પૂર્વે ધર્મ ન કર્યો તો તું મરીને ભૂંડ તથા સર્પ અને હમણાં પુત્રના પણ પુત્રરૂપે જન્મ પામ્યો છે.

તે મુનિવર પણ ગુરુના આદેશને તહત્તિ કહીને તુર્ત નાગદત્તના ઘેર આવ્યા અને ગુરુએ કહેલા વચનો અશોકદત્તને કહી સંભળાવ્યા.

તે અશોકદત્ત આવેલા મુનિવરને નમસ્કાર કરીને પૂછે છે કે—"આપના ગુરુ ક્યાં છે?"

મુનિ બોલ્યા—હે કુમાર! શકાવતાર નામના ચૈત્યગૃહે મુમુક્ષુ જીવોને ધર્મનો ઉપદેશ આપતા ગુરુદેવ શિષ્યોથી પરિવરેલા બિરાજમાન છે.

મૂક એવો અશોકદત્ત બોલ્યો—હે મુનિરાજ! ચાલો આપણે ત્યાં ગુરુમહારાજ પાસે જઈએ.

મૂંગા એવા અશોકદત્તને આજે બોલતો જોઈને તેના માત-પિતા તથા પરિજનો

ખુશ થયા અને બોલ્યા કે, અહો! મુનિવરોનો કેવો અપૂર્વ વાત્સલ્ય છે? કેવો પરોપકાર છે? કેવો લોકોત્તર પ્રભાવ છે!

તો ચાલો ગુરુદેવ પાસે જઈએ. અને વંદન કરીને પાવન થઈએ.

મુનિવરની સાથે તે અશોકદત્ત અને તેનો પરિવાર બધા જ અનુક્રમે ગુરુદેવ પાસે આવ્યા અને વંદન કરી અંજલી જોડી ઉચિત સ્થાને બેસીને મૂક = અશોકદત્ત બોલ્યો કે—હે ભગવન્! તમે કેવી રીતે મારા મનની વાત જાણી?

ગુરુ બોલ્યા—જ્ઞાનના બળથી !!!

વિસ્મય યુક્ત અશોકદત્ત બોલ્યો—" અહો! આપનો કોઈ અપૂર્વ જ્ઞાનાતિશય."

ત્યાર બાદ તે મેઘનાદ મુનિરાજ મેઘનાદ જેવા ગંભીર સ્વરે જિનેન્દ્ર દર્શિત જયણામય ધર્મનો ઉપદેશ આપે છે.

પ્રતિબોધ પામેલો અશોકદત્ત ગુરુ મુખે શ્રાવકના વ્રતો સ્વીકારે છે.

આ પ્રમાણે આ પોતાનું જ ચરિત્ર મને વૈરાગ્યનું કારણ છે. તથા બીજું હું દુર્લભબોધિ છું તેથી તારે મને બોધ પમાડવો એમ દેવભવમાં કર્યો છે સંકેત જેણે એવો મારો નાનો ભાઈ ઘણા પ્રકારે સમજાવવા જતાં પ્રતિબોધ પામ્યો નહિ તેથી નિર્વેદ પમેલા મેં આ સંયમ સ્વીકાર્યો.

ચંદન બોલ્યો—હે ભગવન્! આપના વૈરાગ્યનું કારણ મેં જાણ્યું. કે—

જો પરિગ્રહમાં આસક્ત જીવોને આવા પ્રકારની વિડંબના થાય છે તો મારે પરિમિત પરિગ્રહ રાખવો.

પણ હે ગુરુદેવ! આપ મને સમજાવો કે—પરિગ્રહ કેટલા પ્રકારનો હોય છે?

ગુરુ બોલ્યા—હે ભદ્ર! ધન-ધાન્ય-ક્ષેત્ર-વાસ્તુ = (ઘર) રૂપ્ય સુવર્ણ દ્વિપદ ચતુષ્પદ અને કુપ્ય એમ નવ પ્રકારનો પરિગ્રહ કહ્યો છે.

ચંદન નામના શ્રેષ્ઠીપુત્રે અશોકદત્ત નામના મુનિવર પાસે પરિગ્રહપરિમાણ વ્રત સ્વીકાર્યો અને નિરતિચાર રીતે પાળે છે.

હવે આ બાજુ સંપૂર્ણ જીવલોક પર્યાયની દૃષ્ટિએ અનિત્ય હોવાથી ચંદનના પિતા ચંદ્રશ્રેષ્ઠી અને માતા રેવતી યથાવિધિ ધર્મની આરાધના કરી સમાધિ પૂર્વક આયુ: પૂર્ણ થયે સૌધર્મ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયા.

ચંદન શ્રેષ્ઠી પણ ધન-ધાન્ય અને પરિવારમાં આસક્તિ વિનાનો હોવાથી અને

સંતોષને ધારણ કરતો હોવાથી કુટુંબના નિર્વાહમાં જોઈતા ધન ઉપરાંતની આવકને જિનેંદ્રભક્તિ તથા મુનિવરોની વૈયાવચ્ચ-ભક્તિમાં વાપરતો. સાથે સાથ સાધર્મિક ભક્તિ અને અનુકંપા દાન કરવા પૂર્વક જીવન જીવતાં આયુઃક્ષયે આ માનવ દેહનો ત્યાગ કરી પહેલા સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

દેવગતિમાં ઉત્પન્ન થયા પછી વિધવિધ રીતે દિવ્યસુખોને ભોગવવા સાથે જિનેંદ્રભક્તિ તથા ચતુર્વિધ સંઘની સેવા દ્વારા દેવાયુઃને પૂર્ણ કરી તે ચંદ્ર શ્રેષ્ઠીના જે જીવ તે દત્ત નામના શ્રેષ્ઠી રૂપે તમે થયા છે અને રેવતીનો જીવ તે આ સુયશા નામના તમારા ગૃહિણી થયા છે અને ચંદનનો જીવ તે આ દેવદત્ત નામના તમારા નંદન = પુત્ર થયા છે.

તથા જે હરણયુગલથી તેના બાલ હરણને વીશ પળ સુધી વિયોગ કરાવ્યો તેથી તે પાપ કર્મના વિપાકરૂપે તમોને વીશ વર્ષ પર્યંત પુત્રનો વિયોગ થયો.

અને દેવદત્ત પણ પૂર્વે આરાધેલા નિરતિચાર પરિગ્રહ પરિમાણના પાલનથી ક્લેશ વિનાની વિપુલ ઋદ્ધિનો ભાજન થયો છે.

ઇત્યાદિ ગુરુવચનો શ્રવણ કરતાં તે ત્રણેને = દત્ત શ્રેષ્ઠી સુયશા ભાર્યા તથા દેવદત્ત પુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું.

દત્ત શ્રેષ્ઠી બોલ્યો કે—હે મુનિરાજ! આટલા જ માત્ર અલ્પ દુષ્કૃતનો જો આવો દારૂણ કર્મ ફળ હોય તો જે ઘણા મોટા પાપકર્મો છે તેનો કર્મવિપાક કેવો હોય?

ગુરુદેવ બોલ્યા—હે મહાભાગ! મોટા પાપ કર્મોના અતિ દારૂણ વિપાક ભોગવવા માટે જીવો તિર્યગ્ગતિ અને નરકગતિમાં ઉત્પન્ન થાય છે ત્યાં ચિર = લાંબા કાળ પર્યંત તીક્ષ્ણ = અસહ્ય દુઃખોને નિરંતર સહન કરે છે.

દત્ત શ્રેષ્ઠી બોલ્યા—હે ગુરુદેવ! જો આપની કૃપા હોય તો ઘણા દુષ્કૃતોના કારણ એવા ઘરવાસનો ત્યાગ કરીને આપના ચરણોમાં પ્રવ્રજ્યા સ્વીકારવા ઇચ્છા છે.

દેવદત્ત બોલ્યો—હે ભગવન્! પૂર્વ ભવમાં મેં દેશથી પરિગ્રહપરિમાણ કરેલ પણ હવે સર્વથા પરિગ્રહ—વિરમણ વ્રત સ્વીકારવા અભિલાષા છે.

ગુરુ બોલ્યા—"હે મહાભાગ! તમે યોગ્ય જ કહ્યું છે." ત્યાર પછી પોતાના પદ ઉપર પુત્રને સ્થાપીને દેવદત્ત રાજાએ માત-પિતા સાથે મોટા મહોત્સવ પૂર્વક જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવવા પૂર્વક અને યથેચ્છ દાન આપવા પૂર્વક સર્વ જનોને પરમ આનંદ = ઉલ્લાસ પમાડતા ગુરુના ચરણોમાં પ્રવ્રજ્યા સ્વીકારી.

યથાવિધિ ગ્રહણ અને આસેવન શિક્ષા પૂર્વક નિરતિચાર ચારિત્રને પાળવાની સાથે વિવિધ તપશ્ચર્યા કરતા કરતા આયુઃ ક્ષયે સમાધિ પૂર્વક નશ્વર દેહનો ત્યાગ કરી તે ત્રણે પુણ્યાત્માઓ લાંતક નામના છઠ્ઠા દેવલોકમાં દેવ થયા અને અનુક્રમે નરભવ પામી ચારિત્ર આરાધી ઘાતિ અને અઘાતિ કર્મોનો અનુક્રમે ક્ષય કરી નિર્વાણ પદ પામ્યા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં પરિગ્રહવિરમણ વ્રતના
રહસ્ય ગર્ભિત દેવદત્તની કથાના વર્ણન
સ્વરૂપ બાવીશમો પ્રસ્તાવ સમાપ્ત.

શ્રી લક્ષ્મીવિમલ વિરચિત
ગ્રંથિભેદ સ્વરૂપ ગર્ભિત—

શ્રી સુમતિનાથ જિન સ્તવન

(જગ જીવન જગ–વાલ હો—એ દેશી.)

સમકિત તાહરું સોહામણું, વિશ્વ જંતુ આધાર લાલ રે;
કૃપા કરી પરકાશીયે, મટે તે મોહ અંધાર લાલ રે....સમકિત....૧.

નાણ–દંસણ આવરણની, વેદની મોહની જાણ લાલ રે;
નામ ગોત્ર વિઘ્ન સ્થિતિ, એક કોડાકોડ માણ લાલ રે. સમકિત....૨.

યથાપ્રવૃત્તિકરણ તે, ફરસે અનંતી વાર લાલ રે;
ઇરિસણ તાહરું નવિ લહે, દુરભવ્ય અભવ્ય અપાર લાલ રે. સમકિત....૩.

શુદ્ધ ચિત્ત મોજર લહી, ભેદે અનાદિ ગાંઠ લાલ રે;
નાણ વિલોચને દેખીયે, સિદ્ધ સરોવર કાંઠ લાલ રે. સમકિત....૪.

ભેદ અનેક છે તેહના, બૃહદ્ ગ્રંથ વિચાર લાલ રે;
સુસંપ્રદાય અનુભવ થકી, ધરજો શુદ્ધ આચાર લાલ રે. સમકિત...૫.

અહો! અહો! સમકિતનો સુણો, મહિમા અનોપમ સાર લાલ રે;
શિવ શર્મ દાતા એહ સમો, અવર ન કો સંસાર લાલ રે. સમકિત....૬.

શ્રી સુમતિ જિનેશ્વર સેવથી, સમકિત શુદ્ધ કરાય લાલ રે;
કીર્ત્તિવિમલ પ્રભુની કૃપા, શિવ લચ્છી ઘર આય લાલ રે. સમકિત...૭.

।। तालध्वजतीर्थमण्डन श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः ।।



પ્રસ્તાવ ૨૩ મો

જિનવચન = આગમ = સિદ્ધાંત શ્રવણ સ્વરૂપ.

જે પુણ્યાત્મા મનુષ્યને પરિગ્રહથી વિરમવાની અભિલાષા થઈ છે, તેણે સંતોષના રસને આપનારા સિદ્ધાંત = જિનવચનોને અવશ્ય સાંભળવા જોઈએ.

જિનવચન સ્વરૂપ કિરણો દ્વારા જેમનો મોહરૂપ અંધકાર નાશ પામ્યો નથી તે અજ્ઞાની એવા મિથ્યાદૃષ્ટિ જીવો મોક્ષમાર્ગને સમ્યગ્ રીતે = યથાવસ્થિતરૂપે જોઈ શકતા નથી.

જન્મ-જરા-મરણ સ્વરૂપ જલના સમૂહથી અતિ રૌદ્ર = ભયાનક એવા ભવ સમુદ્રમાં ગુણરૂપ દોરડાથી યુક્ત જિનવચનરૂપ નૌકા = વહાણને પ્રાપ્ત નહિ કરનારા જીવો નિરાધાર હોવાથી ડૂબી રહ્યા છે.

અજરામરત્વને આપનારા જિનવચન સ્વરૂપ રસાયણનું જેણે પાન કર્યું નથી તે જીવના કર્મના વ્યાધિ = રોગનો વિરામ = નાશ કેવી રીતે થાય? અર્થાત્ ન જ થાય!!!

મિથ્યાત્વના અંધકારથી વ્યાપ્ત વિશ્વમાં જિનવચન સ્વરૂપ દીપકના અભાવથી યથાવસ્થિત માર્ગને નહિ જોઈ શકનારા જીવો દુર્ગતિરૂપ ખાડામાં પડે છે.

ચિંતિત અર્થને પ્રાપ્ત કરાવનારા ચિંતારત્ન = ચિંતામણિ જેવા જિનવચનને મેળવીને જીવો કયારે ય પણ દુર્ગતિના દુઃખો પામે નહિ.

न देवं नाऽदेवं न गुरुमकलङ्कं न कुगुरुं ।
न धर्मं नाऽधर्मं न गुणपरिणद्धं न विगुणम् ।
न कृत्यं नाऽकृत्यं न हितमहितं नाऽपि निपुणं ।
विलोकन्ते लोका जिनवचनचक्षुर्विरहिताः ।। शिखरिणीवृत्तम् ।।

જિનવચન સ્વરૂપ ચક્ષુ: = લોચનનો વિરહ છે જે જીવોને તેવા લોકો સુદેવને ઓળખી શકતા નથી તેવી જ રીતે કુદેવને પણ પારખી શકતા નથી. તથા અકલંકિત એવા સાચા ગુરુ કોણ ? અને અસદાચારના કલંકવાળા કુગુરુ કોણ ? એનો નિર્ણય કરી શકતા નથી.

તેવી જ રીતે.

સુધર્મ કયો ? અને કુધર્મ કયો ?

ગુણિજન કોણ ? અને ગુણ વિનાનો નિર્ગુણ કોણ ?

કૃત્ય શું છે ? અને અકૃત્ય શું છે ?

હિત શેમાં છે ? અને અહિત શેમાં છે ?

ઇત્યાદિનો પણ નિર્ણય કરી શકતા નથી. માટે ઉપરોક્ત પ્રત્યેકને વાસ્તવિક રીતે ઓળખાવનારા જિનવચન શ્રવણ કરી હેયોપાદેયનો વિવેક કરવો. એ પ્રત્યેક જીવને હિતકારી છે.

સર્વજ્ઞ પ્રભુએ બતાવેલા સિદ્ધાંતરૂપ મંત્રને યથાવિધિ ભણનારો જીવાત્મા નરસુંદર રાજાની જેમ મહામોહરૂપ સર્પના ઝેરના ફેલાવાને વશ કરવા સમર્થ બને છે.

નરસુંદર રાજાની કથા :—આ જ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રરૂપ રમણી = સ્ત્રીના સુવર્ણમય કાંચી = કંદોરા તુલ્ય કંચન નામની નગરી છે.

તે નગરીમાં પર્વતોમાં પ્રધાન એવા મેરૂ પર્વત જેવા નરસુંદર રાજાએ પરબલ= શત્રુના સૈન્યરૂપ સમુદ્રનું મંથન કરીને લક્ષ્મી સ્વરૂપ રાજ્ય લક્ષ્મી પ્રાપ્ત કરી છે.

પરંતુ મિથ્યાત્વના કારણે દેવ-ગુરુ કે ધર્મને માનતો નથી પુણ્ય-પાપ કે બંધ અને મોક્ષ પણ સ્વીકારતો નથી. અરે ! જીવ છે એ વાત કબૂલ જ કરતો નથી.!!!

તે રાજાને રૂપ-લાવણ્યથી લક્ષ્મી જેવી તથા કમલની પાંખડી જેવા મનોહર નયનોવાળો સુરસુંદરી-અપ્સરા જેવી રતિસુંદરી નામની પટરાણી છે.

તે રાજાને પોતાની બુદ્ધિની ચતુરાઈથી હરાવ્યો છે બૃહસ્પતિને જેણે એવો, તથા જિનવચનોથી પુનઃ પુનઃ ભાવિત કર્યું છે મન જેણે એવો, અને શ્રમણ મુનિવરોની સેવા-ભક્તિ કરવામાં તત્પર એવો સુમતિ નામનો મંત્રી છે.

હવે આ બાજુ ચંડપુર નામના નગરમાં ચંડસેન નામનો સામંત રાજા છે. તેમને મંત્ર-તંત્રમાં કુશળ એવો બાળ મિત્ર જોગી છે.

એકદા નરસુંદર રાજાની સેવાથી કંટાળેલા તે ચંડસેન રાજાએ જોગીને કહ્યું કે—હે મિત્ર! હે યોગિરાજ! મારા હૃદયના શલ્ય જેવા નરસુંદર રાજાનો નાશ કરો!!!

યોગી બોલ્યો—"જેવી આપની ઇચ્છા".

યોગીના વચન સાંભળી ખુશ થયેલા તે ચંડસેન રાજાએ પોતાના અંગ ઉપર પહેરાલા મુકુટ સિવાયના રત્ન-મણિ જડિત સુવર્ણમય ઘરેણાંઓ જોગીને અર્પણ કર્યા.

તે યોગી પણ અનુક્રમે કાંચી (કંચન) પુરીમાં આવીને એક મઠમાં રહે છે. અને કૌતુકના પ્રયોગ દ્વારા લોકોને વિસ્મય = આશ્ચર્ય પમાડે છે. એમ કરતાં તે યોગી થોડા દિવસોમાં આખા નગરમાં પ્રસિદ્ધ થયો.

રાજાએ પણ કૌતુક વશ તે યોગીને રાજસભામાં બોલાવીને ઉચિત આસન ઉપર બેસાડી સવિનય પૂછ્યું કે—હે યોગીન્દ્ર! આપ કયાંથી પધાર્યા છો?

યોગી બોલ્યો—હે રાજન્! "યોગિજનોની ઉપર આપને ભક્તિ છે" એ વાત સાંભળીને શ્રી પર્વત ઉપરથી હું અહીં આવ્યો છું.

રાજા—તમારી પાસે કોઈ દિવ્ય શક્તિ છે?

જોગી—"હા" તે આ પ્રમાણે—

રાત્રિએ દિવસ બતાવું અને દિવસે રાત્રિ બતાવું છું તથા પૃથ્વી પર રહેલા પર્વત-વૃક્ષ-નગર વિગેરેને આકાશમાં બતાવું અને આકાશમાં રહેલા ગ્રહ-નક્ષત્ર અને તારાને પૃથ્વી ઉપર લાવું. તથા ભૂમિતલ ઉપર પ્રસરતા સમુદ્રને થંભાવું. અને અગ્નિને પણ ક્ષણ વારમાં શાંત કરું. તથા દુર્વાર એવા પરચક્ર = શત્રુસૈન્યને અટકાવું = થંભાવું.

હે રાજન્! તેવી કોઈ વસ્તુ વિશ્વમાં નથી કે જે મને દુષ્કર હોય!!!

આ વાત સાંભળીને રાજાનો નર્મસચિવ બોલ્યો—"હે યોગીન્દ્ર! આપ તો મહાન છો" પણ તે આપની વાત ત્યારે જ સાચી માનું કે-જ્યારે આપ શ્રીમાન્—"રીસાઈને બ્રાંમાંતર ગયેલી મારી અર્ધાંગના બ્રાહ્મણીને જો તમે લાવી આપો" કેમકે તે અર્ધાંગના વિના કેવલ મારું ઘર જ શૂન્ય છે એમ નહિ પણ સકલ વિશ્વ પણ શૂન્યકાર જેવું જ ભાસે છે.

યોગીએ આકર્ષણ મંત્રને સ્મરીને તત્કાલ મંડક = ખાખરા બનાવતી કણકથી લેપાયેલા હાથવાળી તે બ્રાહ્મણી લાવી આપી.

પોતાની અર્ધાંગનાને જોઈ તે નર્મસચિવ હર્ષ પામીને બોલે છે કે—અહો! કેવી દિવ્ય શક્તિ છે!"

વિસ્મય ચિત્તવાળા રાજાએ પણ પૂછયું કે—હે યોગીશ્વર! કાલ વંચના = કાળ = યમને છેતરવાનો કોઈ ઉપાય જાણો છો?

યોગી બોલ્યો—હે રાજન્! તે ઉપાય તો દીક્ષા લીધા પછી જ મળે!!! માટે આપ દીક્ષા લ્યો, ત્યાર પછી તે ઉપાય બતાવું.

રાજાએ દીક્ષા લીધી, ત્યારે જોગીએ એકાંતમાં રાજાને ઉપદેશ આપ્યો કે—પોતાના શરીરમાં બાર અંગુલ પ્રમાણ પવન પ્રવેશે છે અને નિકળે છે. તો તે દશ પ્રકારના પવનને જે વિપરીત કરે તે કાલને છેતરે છે અર્થાત્ તે અજરામર બને છે.

ઇત્યાદિ કૂટ યુક્તિ દ્વારા મોહિત થયો છે મન જેનો એવા તે નરસુંદર રાજાના દિવસો પસાર થાય છે.

એકદા વિશ્વાસમાં આવેલા તે રાજાના મદ્યપાનમાં વિષ મિશ્રિત કરી તે યોગી તત્કાલ નાશી ગયો. વિષયુક્ત મદ્યના પાનથી ફેલાયું છે વિષ આખા શરીરમાં વિષ = ઝેર જેને એવો તે રાજા મૂર્છિત થયો.

તત્કાલ હાહારવ કરતા પ્રધાન પુરુષો આવ્યા, અને બધા જ મંત્ર-તંત્રના જાણકારોને બોલાવ્યા. તેઓ પણ તત્કાલ વિષ નિગ્રહનો ઉપાય કરવા લાગ્યા, પરંતુ ઉસર = ખાર ભૂમિમાં વાવેલા બીજની જેમ, અથવા વીતરાગી પુરુષ ઉપર કરેલા તરુણીના સેંકડો કટાક્ષોની જેમ બધા જ ઉપાયો નિષ્ફળ ગયા. મંત્રીઓ પણ ખેદ પામવા લાગ્યા. તે સમયે આક્રંદ પૂર્વક કરૂણ શબ્દને કરતું અંતઃપુર હાથથી છાતીને કૂટવાથી તૂટી જતા મોતીઓના હારમાંથી નીકળેલા મોતીથી રાજમંદિરને દંતુરિત = વ્યાપ્ત કરતું હતું ત્યારે રાજાને હાથણી ઉપર અંબાડીમાં બેસાડીને પ્રધાન પુરુષો સ્મશાન ભૂમિએ લઈ ગયા, અને યાવત્ ચંદનની ચિત્તામાં રાજાને પધરાવે છે, તેટલામાં ઉન્મીલિત લોચનવાળા અને પ્રાપ્ત ચેતનવાળા તે રાજા તત્કાલ ચિત્તાને તજીને બોલવા લાગ્યા કે—"આ શું છે?"

સુમતિ મંત્રી પ્રણામ કરીને કહે છે કે—હે દેવ! આપને ઉગ્ર વિષ આપીને તે દુષ્ટ યોગી નાશી ગયો. અમે ઘણી રીતે આપના ઝેરને ઉતારવા પ્રયત્ન કર્યો તોપણ આપ સચેતન ન થયા. તેથી ત્યારપછી જે કરવા યોગ્ય હોય તે ક્રિયા અમે કરવા લાગ્યા.

રાજા બોલ્યા—હમણાં વનના શીતલ પવનના સંગ માત્રથી જ હું કેવી રીતે નિર્વિષ થયો?

સુમતિ મંત્રી બોલ્યો—"હે દેવ! કોઈ દિવ્ય કારણ જણાય છે". શું આપે આ વાત સાંભળી છે કે—તીવ્ર તપશ્ચર્યાથી ઉત્પન્ન થઈ છે વિવિધ લબ્ધિ જેઓને એવા મુનિવરોના શરીરને સ્પર્શીને આવતા પવનના સ્પર્શ માત્રથી પણ જંતુઓ = પ્રાણીઓ નિર્વિષ થાય છે.

રાજાએ સેવકોને આદેશ કર્યો કે—ઉપરના ભાગમાં તપાસ કરો કે—"કોઈ મુનિવર ત્યાં પધાર્યા છે?"

નિયુક્ત પુરુષો ગવેષણા = તપાસ કરીને કહે છે કે—હે રાજન્! પુષ્પાકર ઉદ્યાનમાં હમણાં જ તારાઓથી પરિવરેલા ચંદ્ર જેવા, કલહંસોથી પરિવરેલા રાજહંસ જેવા હાથીઓથી પરિવરેલા ઐરાવણ હાથી જેવા, બાલ-વૃદ્ધ-તપસ્વી-શૈક્ષક-ગ્લાન તથા જ્ઞાનાતિશયવાળા, વિનયી અને વૈયાવચ્ચી વિગેરે મુનિવરોથી પરિવરેલા પવિત્ર ચારિત્રવાળા દિવ્યજ્ઞાન રૂપ લક્ષ્મીને વરેલા શશિપ્રભ નામના આચાર્યદેવ પધાર્યા છે.

રાજા બોલ્યા—હે મંત્રિન્! તો નિશ્ચે તે મહામુનિવરનો જ આ પ્રભાવ હોવો જોઈએ કે જે હું કોઈ પણ વિશેષ ઉપચાર વિના પણ અત્યારે નિર્વિષ થયો છું. તો તેમની પાસે જાઉં અને વંદન કરી પાવન થાઉં.

તત્કાલ સપરિવાર રાજા ઉદ્યાનમાં જઈ મુનિવરને વંદન કરી યથોચિત સ્થાને બેઠા.

મુમુક્ષુ જીવો ઉપર સદાએ અનુગ્રહ બુદ્ધિવાળા એવા તે આચાર્યદેવ મેઘની જેમ ગંભીર ધ્વનિએ ધર્મદેશના આપે છે.

स्वर्णस्थाले क्षिपति स रजः पादशौचं विधत्ते,
पीयूषेण त्रिदशकरिणं वाहयत्येरण्डभारम् ।
चिन्तारत्नं विकिरति कराद् वायसोड्डायनार्थं
यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ।। मन्दाक्रान्तावृत्तम् ।।

પ્રમાદી એવો જે આત્મા દુષ્પ્રાપ્ય એવા મનુષ્ય જન્મને પ્રાપ્ત કરી નકામું = વ્યર્થ જ વિષય સુખમાં ગુમાવે છે તે ખરેખર—

૧. સુવર્ણના થાળમાં ધૂળ નાખે છે.

૨. અમૃતથી પગ ધૂએ છે.

૩. ઐરાવણ હાથી પાસે બળતણનો ભારો ઉપડાવે છે અને

૪. કાગડાને ઉડાડવા માટે ચિંતામણિને હાથમાંથી ફેંકે છે.

માટે હે ભવ્ય જીવો! દુર્લભ એવા મનુષ્યજન્મને પામીને ધર્મની આરાધના

કરવી જોઈએ–પણ વિષય અને કષાય પાછળ સમય બગાડવો નહિ અને પાપ કર્મો પણ કરવા નહિ પણ દેવ-ગુરુ અને ધર્મ સ્વરૂપ તત્ત્વત્રયીની સમ્યગ્ ઉપાસના કરી સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને પ્રાપ્ત કરી કર્મના બંધનથી મુક્ત થઈ પરમાનંદ પ્રાપ્ત કરો.

ગુરુના ધર્મવચનો શ્રવણ કરી રાજા બોલ્યા કે—હે ભગવન્! આપ શ્રીમાન્ જે ધર્મ કરવાનું કહો છો તે વાત મારા ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરતી નથી.

કેમકે—પૃથ્વી જલ અગ્નિ અને વાયુ એ ભૂત ચતુષ્ટય સિવાય પરલોકમાં જનારો જીવ જ જગતમાં વિદ્યમાન નથી.

તે આ પ્રમાણે—

जीवो नास्ति, प्रत्यक्ष गोचरातीतत्वात् आकाशकुसुमवत्
यच्च नास्ति न तत् प्रत्यक्षगोचरातीतं यथा भूतचतुष्टयम् ।

જીવ નથી
પ્રત્યક્ષ નહિ દેખાતો હોવાથી આકાશકુસુમની જેમ. અને

જે કાંઈ વિશ્વમાં હોય છે તે પ્રત્યક્ષ જ દેખાય છે. જેવી રીતે પૃથ્વી જલ અગ્નિ અને વાયુ સ્વરૂપ ભૂત ચતુષ્ટય = ચાર મહાભૂત.

ગુરુ બોલ્યા—હે ભદ્ર! શું આ જીવ નામની વસ્તુ તમને એકને જ પ્રત્યક્ષ દેખાતી નથી કે–સર્વ જીવોને પ્રત્યક્ષ નથી દેખાતી?

તેમાં જો તમને એકને જ પ્રત્યક્ષ ન દેખાય તે વસ્તુનો જો નિષેધ કરવામાં આવે તો—તમારી નજર બહાર દૂર સુદૂર રહેલા નગરો–પર્વતો–નદીઓનો પણ નિષેધ કરવાનો પ્રસંગ આવશે. કેમકે તે તે નગર–પર્વત–નદીઓને આપ યુગપત્ = એકીસાથે પ્રત્યક્ષ જોઈ શકતા જ નથી.

હવે જો સર્વ જીવોને જે પ્રત્યક્ષ ન દેખાય તે વસ્તુ વિશ્વમાં નથી એમ કહેતા હો તો—તે વાત પણ અનુચિત છે = અસિદ્ધ છે. કેમકે—

સર્વ પ્રત્યક્ષ છે જેમને એવા જીવોને સર્વ વસ્તુ પ્રત્યક્ષ હોવા છતાં પણ તમોને તો તે વસ્તુ અપ્રત્યક્ષ જ છે માટે.

હવે તેમને જે પ્રત્યક્ષ છે તે તમારે પણ પ્રત્યક્ષ જ છે એમ માનો તો—સર્વજ્ઞત્વ અને જીવત્વની સિદ્ધિ થઈ જ જાય છે.

अथ किं चेदं चैतन्यं भूतानां स्वभावः कार्यं वा ?
न तावत् स्वभावः, तेषामचेतनत्वात्
न च कार्यं, भूतानुरूपाभावात् ।

હવે શું આ ચૈતન્ય એ ભૂતોનો સ્વભાવ છે કે કાર્ય ? સ્વભાવ તો નથી જ કેમકે-ભૂતો સ્વયં જ અચેતન છે માટે અને કાર્ય પણ નથી, કેમકે—ચેતનતા એ ભૂતને અનુરૂપ નથી.

अथ समुदितेभ्यो भूतेभ्यश्चैतन्यमुत्पद्यते यथा—मद्याङ्गेभ्यो मदशक्तिः । तदप्ययुक्तम्—यतः

यद् येषु प्रत्येकेषु नास्ति तन्न तेभ्यः समुदितेभ्योऽपि स्यात् । यथा—सिकताकणेभ्यस्तैलम् ।

मद्याङ्गेषु च प्रत्येकमपि मदशक्तिसद्भावात् ।

હવે જો એમ માનો કે—સમુદિત એવા ચારે ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે જેમ મદ્યાંગોમાંથી મદશક્તિ.

પણ તે વાત અહીં બંધ બેસતી નહિ આવે. કારણ કે—જે વસ્તુ જ્યાં પ્રત્યેકમાં જ નથી, તે વસ્તુ તેના સમુદાયમાંથી પણ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? જેમ રેતીના કણોમાંથી તૈલ ન નીકળે તેમ.

પણ મદ્યના અંગોમાં તો પ્રત્યેક મદ્યાંગમાં મદશક્તિ રહેલી જ છે તેથી જ મદ્યાંગોમાંથી મદશક્તિ ઉત્પન્ન થાય છે.

अथ सर्वानुभवसिद्धं चेदं चैतन्यं यस्य कस्य कस्यचित् स्वभावः स्यादेव स च भूतचतुष्टय-व्यतिरिक्तः परलोकयायी जीव एव ।

હવે આ ચૈતન્ય તો સર્વ જીવોને અનુભવ સિદ્ધ જ છે. તેથી જે કોઈનો પણ આ ચૈતન્યસ્વભાવ હોય, તે ભૂત ચતુષ્ટયથી જુદો પરલોકમાં જનારો જીવ જ જાણવો. અર્થાત્ ચૈતન્ય એ જીવનો જ સ્વભાવ છે. અને તે જીવ સ્વકૃત કર્માનુસારે ભવાંતરમાં આવાગમન કરે છે.

રાજા બોલ્યા—જો જીવ પરલોકમાં જાય છે; તો મારા પિતા એવા મહારાજાએ યુદ્ધ = લડાઈઓ કરીને ઘણા જીવોનો વધ કર્યો છે, તથા શિકાર-માંસ-મદિરા આદિ કાર્યોમાં આસક્ત હતા, તો તમારા મત પ્રમાણે નરકમાં ગયા હોવા જોઈએ !!! અને

પિતાને મારા ઉપર પ્રેમ ઘણો હતો તે તેઓ મને શા માટે પાપ કાર્યોમાંથી નિવારવા માટે અહીં આવતા નથી?

ગુરુદેવ બોલ્યા—જેમ કોઈ મોટા અપરાધને કરનારાને રાજાએ કેદખાનામાં રાખ્યો. તે મનુષ્ય પોતાના બાંધવોને જોવા પણ સમર્થ નથી તો વાત-ચીત કરવાની તો વાત જ કયાં રહે?

એ જ પ્રમાણે નરકના જીવો પણ કર્મની પરતંત્રતાના કારણે આયુષ્ય પૂર્ણ થયા વિના નરકમાંથી નીકળી જ શકતા નથી. તો પછી અહીં આવીને તમને કહે પણ કેવી રીતે કે—"હે વત્સ! તું પાપ ન કરજે. કેમકે—પાપકર્મો હોંસે હોંસે કરનારો એવો હું નરકના દુઃખો ભોગવું છું."

રાજા બોલ્યા—જો એમ હોય તોપણ મારી જે માતા હતી તે તો જિનધર્મની આરાધનામાં રક્ત હતી. જીવદયામાં તત્પર હતી તેથી તે મારી જનની સ્વર્ગમાં જ ગઈ હશે. તો તે અહીં આવીને મને ધર્મ આરાધના કરવા માટે કેમ સમજાવતી નથી = ઉપદેશ આપતી નથી.

ગુરુ બોલ્યા—હે મહાભાગ! દેવલોકમાં કુદરતી રીતે જ અતિશય સુંદર એવા વિમાનો, નંદનવનો, વાવડીઓ, રત્નાભરણો, દિવ્યવસ્ત્રો, દેવાંગનાઓ અને અનેક ઋદ્ધિ સમૃદ્ધિઓથી આક્ષિપ્ત છે ચિત્ત જેમનું એવા દેવતાઓ મનુષ્યોના પ્રયોજનના અભાવથી તથા મનુષ્યલોકની દુર્ગંધને કારણે અહીં આવતા નથી પણ પ્રકૃષ્ટ પુણ્યશાળી એવા તીર્થંકર પ્રભુના પાંચે કલ્યાણક સમયે તથા સમવસરણની રચના કરવા અવશ્ય આવે જ છે.

તેમજ તપસ્વી મુનિવરને સાન્નિધ્ય કરવા, કેવલિમહોત્સવ કરવા કે ધર્મી જીવોના વિઘ્નો નિવારવા અવશ્ય આવે છે.

રાજા બોલ્યા—ફાંસીની સજાને યોગ્ય એવા એક ચોરના નાના નાના ટુકડા કર્યા પણ ચાર ભૂત સિવાય પાંચમો જીવ નામનો કોઈ પદાર્થ દેખાયો જ નહિ.

ગુરુ બોલ્યા—અરણીના લાકડાના નાના નાના ટુકડા કરતાં શું કોઈ એ અગ્નિને પ્રત્યક્ષ જોય છે? પણ બીજા કોઈ મનુષ્યે અરણિના લાકડાને પ્રયોગ દ્વારા અથડાવીને ઘસીને ઉત્પન્ન કરેલો અગ્નિ તો સર્વ કોઈને પ્રત્યક્ષ જ છે ને?

તો મૂર્ત્ત એવા પણ પદાર્થો વિદ્યમાન હોવા છતાં જો પ્રત્યક્ષ ન થતા હોય તો અમૂર્ત્ત એવો જીવ વિદ્યમાન હોવા છતાં પણ જો ચર્મચક્ષુ જીવોને પ્રત્યક્ષ ન થાય તો

તેમાં કંઈ જ આશ્ચર્ય નથી જ !!! કંઈ જ વિરોધ નથી જ !!!

રાજા બોલ્યા—વધ્ય એવા એક ચોરને મેં જીવતો જ લોખંડની છિદ્ર વિનાની પેટીમાં પૂર્યો અને ઢાંકણું બંધ કર્યું. અને સિપાઈઓને ત્યાં ચોક-પહેરો કરવા રાખ્યા.

કેટલાક દિવસો પછી ઢાંકણું ખોલીને જોયું તો તે ચોર તો મરી ગયેલો, પણ તેના શરીરમાં ઘણા બધા કૃમિ = કીડાઓ ઉત્પન્ન થયેલા ચાલતા-ફરતા દેખાયા.

તો તે ચોરનો જીવ જો પરલોકમાં ગયો તો કયાંથી નીકળ્યો? અને આ આટલા બધા કીડાઓના જીવો કયા દરવાજામાંથી = છિદ્રમાંથી આવ્યા?

માટે તે ચોરનો જીવ ત્યાં જ ભૂતચતુષ્ટયમાં જ સમાઈ ગયો અને પુનઃ તે ચાર ભૂતમાંથી જ કૃમિ = કીડાઓનો પુંજ = સમૂહ ઉત્પન્ન થયો, એમ નક્કી થાય છે.

જો એમ ન હોય તો ઘડા કે ચણાના પ્રમાણનો જીવ જો નીકળ્યો કે-પ્રવેશ્યો હોય તો આ લોખંડની પેટીમાં તે જીવના પ્રમાણ જેવડું છિદ્ર થવું જોઈએ !!! પણ તેવું કોઈ જ છિદ્ર દેખાતું નથી.

માટે ચાર ભૂત સિવાય જીવ નામની પાંચમી કોઈ વસ્તુ જગતમાં જ નથી.

ગુરુ બોલ્યા—એક નગરમાં એક શાંખિક = શંખને વગાડનારો પુરુષ શંખને ધમે છે = વગાડે છે. તેની શંખ વગાડવાની કળાના અતિશયથી બધાને એમ લાગે કે—આપણા કાન પાસે જ વગાડે છે.

એકદા રાજા પાયખાના = સંડાસમાં બેઠા હતા તે સમયે શાંખિકે શંખ ફૂંક્યો = ધમ્યો. તે વખતે સંડાસમાં મલોત્સર્જ કરી રહેલા રાજાને એમ લાગ્યું કે-કોઈ પુરુષ મારા કાન પાસે શંખ ફૂંકે છે તેથી મલોત્સર્જનો નિરોધ કરીને તે રાજા બહાર આવી તત્કાલ સેવક-પુરુષો દ્વારા તે શાંખિકને બોલાવે છે.

તત્કાલ રાજપુરુષો તે શાંખિકને બાંધીને રાજા સમક્ષ હાજર કરે છે. રાજાએ પૂછ્યું કે—કેમ શું માંડ્યું છે? શાંખિક હાથને જોડીને બોલ્યો-હે દેવ! હું તો ખૂબ જ દૂર સ્થળે બેસીને શંખને ફૂંકું છું પણ સાંભળનારા બધાને એમ જ લાગે કે-કર્ણ પાસે જ શંખ વાગે છે-પણ હે રાજન્! આ તો દૈવયોગે કોઈ દિવ્યશક્તિ મને મળી છે કે જેનો અપૂર્વ પ્રભાવ અનુભવાય છે.

જો આપને વિશ્વાસ ન બેસતો હોય તો—ખાત્રી કરીને જુઓ અને જો મારી વાત ખોટી હોય તો આપ શ્રીમાન જરૂર મને વધની સજા કરજો—

ત્યાર પછી રાજાએ તે શાંખિકને એક લોખંડની કુંભીમાં પૂરીને કુંભીનું ઢાંકણું બંધ કર્યું અને લાખથી શીલ કર્યું અર્થાત્ બરાબર કુંભીને પેક કરી.

ત્યાર બાદ શાંખિકે શંખ ફૂંકયો. તે વખતે બહાર રહેલા રાજા વિગેરે લોકોએ શંખનો શબ્દ સાંભળ્યો.

બધા લોકોએ ચારે બાજુ કુંભીની તપાસ કરી કે—કયાંય છિદ્ર તો નથી ને! પણ કયાંય છિદ્ર દેખાયું નહિં. તથા

ગુરુદેવ બોલ્યા કે—હે રાજન્! લોઢાના પિંડમાં અગ્નિ કયા છિદ્રમાંથી પ્રવેશે છે? કે જે લોખંડનો પિંડ અગ્નિના સંયોગથી અગ્નિમય બની ગયો.

તો જેમ બાદર અને રૂપી શબ્દ અને અગ્નિ પણ જ્યારે નક્કર લોખંડમાંથી આવાગમન કરી શકે છે, તો પછી સૂક્ષ્મ પરિણામી તૈજસ અને કાર્મણ શરીર યુક્ત અરૂપી આત્મા કેમ આવાગમન = પ્રવેશ-નિષ્ક્રમણ ન કરી શકે? અર્થાત્ આત્મા આવાગમન કરી શકે છે, તેમાં કોઈ વિરોધ નથી.

રાજા—હે ગુરુદેવ! આપની આ વાત બરાબર છે. પણ એકવાર વધ યોગ્ય ચોરનો વધ કર્યા પહેલાં ત્રાજવામાં તોલીને પછી વધની સજા કરીને તે ચોરને પુનઃ તોળ્યો તો વજનમાં કોઈ જ ફરક પડયો નહિ. અને ઘડા કે ચણા જેવડો કોઈ પણ જતો દેખાયો નહિ.

ગુરુદેવ બોલ્યા—હે રાજન્! એક કોઈ ગોવાળીયાએ કૌતુકથી એક દૃતિ = ધમણને વાયુથી = પવનની ભરીને તોલી અને પછી તે પવન ખાલી કરીને પુનઃ તોલી તો કંઈ જ ફરક ન પડયું. પૂર્વ જેટલું જ વજન થયું.

તો જ્યારે સ્પર્શેન્દ્રિયથી વ્યક્ત થતું પવન રૂપી હોવા છતાં પણ પવન ભરેલી ધમણ અને ખાલી કરેલી દૃતિ = ધમણના વજનમાં ફરક ન પડયો તો અરૂપી એવો આત્મા શરીરમાં હોય કે ન હોય તોપણ વજનમાં ફરક કેવી રીતે પડે? અર્થાત્ અરૂપી એવા આત્માનું જરા પણ વજન છે જ નહિ તેથી કોઈ ફરક ન જણાય તે સ્વાભાવિક જ છે.

માટે સર્વ પ્રાણીઓના શરીરથી વ્યતિરિક્ત = જુદો સંવેદનાના અનુભવથી પ્રત્યક્ષ ચૈતન્ય લક્ષણ આત્મા ગમનાગમનાદિ ચેષ્ટાના લિંગવાળો જીવ વિશ્વમાં છે જ એ પ્રમાણે યુક્તિયુક્ત હેતુઓથી આત્મા છે એવી શ્રદ્ધા કરવી જોઈએ.

રાજા બોલ્યા—હે ભગવન્! આપના સાન્નિધ્યથી જિનવચનરૂપ મંત્રના શ્રવણ દ્વારા મારો મોહ પિશાચ નાશી ગયો છે અર્થાત્ મારૂં મિથ્યાભ્રમ ટળી ગયો છે.

પરંતુ—

કુલક્રમાગત એવા અમારા ધર્મનો ત્યાગ કેમ કરૂં?

ગુરુ બોલ્યા—હે રાજન્! જો વિવેક હોય તો, એ વાત નહિવત્ જ છે-કેમકે—

કુલક્રમાગત દરિદ્રતાને ને વ્યાધિને કોઈ પણ વ્યક્તિ તજે નહિ એવું તો બને જ નહિ. અર્થાત્ દરિદ્રતા અને વ્યાધિને તજવા માટે જ અહોનિશ યત્ન કરે.

તે વિષયનું દૃષ્ટાંત સાંભળો—

ધનના અર્થી એવા કેટલાક પુરુષો પરિભ્રમણ કરતા કરતા અનુક્રમે લોખંડ-ચાંદી અને સુવર્ણની ખાણ જોઈને પૂર્વ-પૂર્વની વસ્તુનો ત્યાગ કરી સારભૂત એવી પછીની વસ્તુ ગ્રહણ કરી, અનુક્રમે રત્ન જોયા ત્યારે સુવર્ણને પણ તજીને રત્નો લેનારા કેટલાક પુરુષો સુખ-સંપદાના ભાજન થયા અને જેમણે બોટા આગ્રહથી પૂર્વની જ વસ્તુને પકડી રાખી અને ઉત્તરોત્તર પ્રાપ્ત સારભૂત એવા ચાંદી-સોનું અને રત્નને ન સ્વીકાર્યા તેઓ અંતે પસ્તાવો કરતા શોકાકુલ થયેલા દુઃખના ભાજન થયા.

એ પ્રમાણે હે નરપતિ! તમે પણ કુલક્રમાગત કદાગ્રહનો ત્યાગ નહિ કરતા, પૂર્વની જેમ હવે પણ દુર્ગતિના દુઃખોને પ્રાપ્ત ન કરો તેથી કહું છું કે—કદાગ્રહ તજી સાચી વાત સ્વીકારો!!!

રાજા બોલ્યા—હે ગુરુદેવ! પૂર્વે દુર્ગતિના દુઃખો હું કેવી રીતે પામ્યો હતો? તે કૃપા કરી જણાવો!!!

ગુરુ બોલ્યા—હે સૌમ્ય! સાવધાન થઈ સાંભળો!!!

આ જ ભરતક્ષેત્રમાં નવાગામ નામના ગામમાં અર્જુન નામનો એક કુળપુત્ર હતો. તેને શુભંકર નામનો એક શ્રમણોપાસક શ્રાવક મિત્ર હતો.

એકદા તે ગામમાં સાધુઓ પધાર્યા ત્યારે સુહંકરે અર્જુનને કહ્યું કે—હે મિત્ર! મુનિવર પધાર્યા છે તો ચાલો દર્શન કરવા જઈએ. અને જિનેશ્વરે કહેલા આગમના અર્થો ગુરુ મુખે સાંભળીએ.

અર્જુન બોલ્યો—હે મિત્ર! મેં આગમનું સ્વરૂપ જાણ્યું છે કે—ધૂર્ત્ત એવા પુરુષોએ આવા શાસ્ત્રો લખીને મુગ્ધ લોકોને સુખથી વંચિત રાખ્યા છે અને યમ-

નિયમ બતાવીને વિશ્વને ભ્રમમાં નાખ્યો છે. એમ બોલતા તે અર્જુન કુલપુત્રે અશુભ કર્મ ઉપાર્જિત કર્યા.

આયુ:ક્ષયે તે અર્જુન મરણ પામીને બકરો થયો. અર્જુનના પુત્રોએ પિતૃશ્રાદ્ધના દિવસે તે જ બકરાને હણીને બ્રહ્મણોને ભોજન આપ્યું.

તે અર્જુનનો આત્મા બકરાના ભવને તજીને કુંભારને ત્યાં ગધેડા રૂપે અવતર્યો. નિરંતર ભારના વહનથી શ્રમિત થયેલો ખાવા–પીવાની ઉચિત સામગ્રીના અભાવે અહીં તહીં રખડતો વિષ્ઠાનું ભક્ષણ કરતો કાળ વ્યતીત કરે છે.

એકદા માટીના વાસણ લઈને ગ્રામાંતર જતો હતો ત્યારે ઘણા ભારથી આક્રાંત થયેલો ક્ષુધાથી પીડા પામતો તે રાસભ = ગધેડો ચાલતાં ચાલતાં લથડીયા ખાઈને પડયો. બધા જ માટીના વાસણ ભાંગી ગયા. ત્યારે કોપાયમાન થયેલા કુંભારે લાકડી = દંડથી એવો માર માર્યો કે તે ગધેડો ત્યાં જ પંચત્વ = મરણ પામ્યો.

મરણ પામેલો ગધેડાનો આત્મા ગર્ત્તા શૂકર = ભૂંડ થયો. અશુચિનું ભક્ષણ કરતો, અશુચિમાં આળોટતો અત્ર તત્ર પરિભ્રમણ કરે છે. એકદા શિકારી કુતરાઓએ તીક્ષ્ણ દાંત ભરાવીને વિરસ શબ્દ કરતા તે શૂકર = ભુંડને પરલોકનો પથિક બનાવ્યો.

તે ભૂંડનો આત્મા એકત્ર વનમાં ઊંટ રૂપે જનમ્યો. અનુક્રમે મોટો થયો ત્યારે ઊંટ ગાડીવાળાએ પકડીને ગાડીમાં જોડયો—ઘણા ભારને વહન કરતો ક્ષુધા–તૃષાથી પીડાતો એકદા નદી ઉતરતાં ગબડી પડયો અને કરૂણ શબ્દ કરતો નિધન પામ્યો.

ઊંટનો જીવ મરણ પામીને ગોબર ગામમાં ગોધન વણિકને ત્યાં પુત્રરૂપે જનમ્યો પણ તત્કાલ તેના માતા–પિતા અકસ્માત મરણ પામ્યા.

નિરાધાર એવો તે વણિકપુત્ર અવિવેકી અનેક લોકો દ્વારા કદર્થના પામતો, દુ:ખી થતો આખરે જીવિતથી કંટાળેલો તે જીર્ણ કૂવામાં પડીને મરણ પામ્યો. અને નંદિગ્રામમાં ઠાકોરના ઘેર દાસીના પુત્રરૂપે જનમ્યો.

અનુક્રમે યુવાન વય: પામ્યો ત્યારે એકદા મદ્યપાન કરી મદોન્મત્ત થયેલો તે નાના–મોટાનો વિવેક રાખ્યા વિના પોતાના સ્વામી ઠાકોરનો અસભ્ય વચનોથી આક્રોશ કરવા લાગ્યો.

સમજાવવા છતાં શાંત ન રહ્યો ત્યારે કોપાયમાન થયેલા ઠાકોરે છુરીથી તેની જીભ કાપી લીધી.

વિકલાંગ થયેલો તે દાસી પુત્ર અસહ્ય પીડા સહન કરતો અનુક્રમે ગામ બહાર ઉદ્યાનમાં ગયો.

ત્યાં ઉદ્યાનમાં અતિશય જ્ઞાની એવા મુનિવરને જોઈ કંઈક સદ્‌ભાવ યુક્ત એવા તેણે હાથ જોડીને પ્રણામ કર્યાં.

તે સમયે મુનિવરે પણ ધર્મલાભ સ્વરૂપ શુભ આશીર્વાદ આપી મધુર વચનોથી સંબોધતા કહ્યું કે—હે ભદ્ર! ખેદ શા માટે કરે છે? કેમકે—જીવે જેવા કર્મો કર્યા હોય તેવા જ ફળ જીવ પામે છે!!!

હે ભદ્ર! તેં પૂર્વ ભવમાં જે અશુભ કર્મ ઉપાર્જન કર્યું હતું, તે કર્મના વિપાક રૂપે તું ભવોભવમાં દુઃખ પામ્યો છે.

તે આ પ્રમાણે—

અર્જુનના ભવમાં આગમ = સિદ્ધાંતની નિંદા અને આશાતના કરી હતી તેના ફળ રૂપે તું ત્યાંથી મરણ પામી અનુક્રમે બકરો ગધેડો ભૂંડ વણિકપુત્ર અને છેલ્લે અત્યારે દાસીપુત્ર સ્વરૂપે વિદ્યમાન છે.

ગુરુના વચનો સાંભળીને કર્મની લાઘવતાથી થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેને એવો તે દાસીપુત્ર મુનિરાજના ચરણોમાં પ્રણામ કરી, પશ્ચાત્તાપથી આંખોમાં આંસુ સારતો બહુ પ્રકારે પોતાના પાપ કર્મોની નિંદા કરે છે. અને ગુરુ સાક્ષીએ ગર્હા કરે છે.

ધર્મોપદેશને યોગ્ય જાણી મુનિવરે પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર શિખવ્યો—

ગુરુદેવની કૃપાથી તત્કાલ સ્મૃતિપથમાં અંકિત થયો છે નમસ્કાર મહામંત્ર જેને એવો તે દાસીપુત્ર પુનઃ નમસ્કાર કરી ગુરુદેવના ઉપકારને સ્મરણ કરતો શેષ જીવન પૂર્ણ કરી શુભકર્મના ઉદયથી તમે નરસુંદર નામે રાજા થયા છો.

પૂર્વ ભવમાં કરેલ જિનાગમ = સિદ્ધાંતની આશાતનાના અવશિષ્ટ કર્મના ઉદયે આ ભવમાં પણ તમને અત્યાર સુધી શાસ્ત્ર ઉપર શ્રદ્ધા થઈ નહિ.

પણ હવે તે શેષ પણ અશુભ કર્મ ભોગવાઈને પૂર્ણ થયું ત્યારે તમને હમણાં જિનાગમની શ્રદ્ધા થઈ છે.

ઉપરોક્ત ગુરુવચન શ્રવણ કરી થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેમને એવા નરસુંદર રાજા પૂર્વ ભવને સાક્ષાત્ જુએ છે અને પુનઃ ગુરુ ચરણોમાં ઉત્તમાંગ સ્થાપીને બોલ્યા—હે ઋષિરાજ! આપ જે પ્રમાણે કહો છો, તે સંપૂર્ણ સત્ય જ છે.

તો હવે આ રાજ્યનો ત્યાગ કરી આપની કૃપાથી શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરવા અભિલાષા છે. કેમકે—વિષના દારૂણ વિપાક = ફળને અનુભવ્યા પછી કયો ડાહ્યો માણસ વિષ ન તજે?

ત્યાર પછી નરસુંદર રાજા પોતાના રાજ્યસિંહાસન ઉપર અમરસેન નામના પુત્રને બેસાડીને જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્તાવે છે, બંદીજનોને મુક્ત કરે છે, દીન-દરિદ્રોને દાન આપે છે. અને અનુક્રમે શુભ લગ્ન-મુહૂર્તે શશિપ્રભસૂરીશ્વરજી મ. ના ચરણોમાં યથાવિધિ દીક્ષા સ્વીકારે છે.

શશિપ્રભ સૂરિજી ગુરુદેવ પણ સંક્ષેપમાં આગમનો સાર બતાવતાં હિતોપદેશ આપે છે કે—

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ।। ६ ।।

હે મહાભાગ ! જયણા પૂર્વક ચાલનારો
જયણા પૂર્વક ઊભો રહેનારો
જયણા પૂર્વક બેસનારો
જયણા પૂર્વક સૂનારો = સંથારનારો
જયણા પૂર્વક ખાનારો = વાપરનારો
જયણા પૂર્વક બોલનારો

આત્મા પાપ કર્મ બાંધે નહીં.

અર્થાત્ જિનાજ્ઞાનુસાર ક્રિયા કરનારો આત્મા આસ્રવ દ્વારોનો રૂંધન કરી, સંવર માર્ગમાં સ્થિર થઈ અનુક્રમે નિર્મળ-નિર્મળતર થતો પરમપદ પ્રાપ્ત કરે છે.

ગુરુવચનને હૃદયમાં ધારણ કરતા તે રાજર્ષિ જ્ઞાનાચારના પાલનપૂર્વક શ્રુત-જ્ઞાનની આરાધના કરે છે, દર્શનાચારના પાલનપૂર્વક સમ્યગ્દર્શનની આરાધના કરે છે, ચારિત્રાચારના પલનપૂર્વક સમ્યક્ચારિત્રની ઉપાસના કરે છે, તપાચારના પાલન-પૂર્વક અણાહારી પદ સન્મુખ પ્રયાણ કરે છે, વીર્યાચારના પાલન પૂર્વક વીર્યાંતરાય કર્મને નિર્જરે છે.

પંચાચારની સમ્યગારાધનાના ફળરૂપે તે નરસુંદર રાજર્ષિ થોડા વર્ષોમાં શ્રુત-સાગરના પારગામી થયા.

ગુરુદેવશ્રી પણ રાજર્ષિને ગુરુગુણયુક્ત જાણીને પોતાના પદ પર સ્થાપીને સ્વયં ધ્યાનાદિ દ્વારા સ્વકીય આત્માને ઉત્તરોત્તર નિર્મળ–નિર્મળતર બનાવે છે.

નરસુંદર રાજર્ષિ પણ દિનકરની જેમ મિથ્યાત્વરૂપ તિમિર મંડળને જિન-પ્રવચનની દેશના રૂપ કિરણોથી અવિરતિ રૂપ રજનીનો ક્ષય કરી ભવ્ય જીવો રૂપ કમળોને વિકસિત કરે છે.

ચતુર્વિધ સંઘને પંચાચારમાં પ્રવર્ત્તાવતા તે નરસુંદર રાજર્ષિ પૃથ્વીતલ ઉપર વિચરે છે.

અનુક્રમે ગણના ભારને સંભાળનાર શિષ્ય તૈયાર થયો ત્યારે પોતાના પદ ઉપર શિષ્યને સ્થાપીને નરસુંદર રાજર્ષિ સૂરિવરને આરાધવા યોગ્ય પંચ પ્રસ્થાનને આરાધી તથા જિનકલ્પ સ્વીકારવા પૂર્વે જે પાંચ ભેદે શિક્ષા=તુલના કરવાની હોય છે તે પાંચ ભેદે પોતાના આત્માને કેળવીને નરસુંદર રાજર્ષિ જિનકલ્પી થયા.

શરીર ઉપર પણ મમત્વ વિનાના એવા તે નરસુંદર રાજર્ષિ ભગવાન્ ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચરાત્રિની મર્યાદાએ અપ્રતિબદ્ધ રીતે પૃથ્વીતલ ઉપર વિચરીને પર્યંતે પાદપોપગમન નામના અણસણ દ્વારા તજી દીધો છે કાયવ્યાપાર જેમણે એવા તે રાજર્ષિ સમાધિપૂર્વક નશ્વર નરદેહને તજીને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

॥ इति आगमविराधनाराधनयोर्नरसुन्दर—राजकथा ॥

ઇતિ શ્રી સોમપ્રભ સૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં આગમ–સિદ્ધાંતની વિરાધના
અને આરાધનાના રહસ્યને વ્યક્ત કરતી શ્રી નરસુંદર
રાજાની કથાના વર્ણન સ્વરૂપ ત્રેવીસમો
પ્રસ્તાવ સમાપ્ત.

॥ मिथ्यात्वतिमिरभास्कर श्री सुमतिनाथ जिनेश्वराय नमो नमः ॥

॥ नमः श्री जिनप्रवचनाय ॥

॥ जिनेन्द्राय नमः ॥

પ્રસ્તાવ ૨૪ મો

ઉત્તમોત્તમ ગુણોના લાભને ઇચ્છનારા પુણ્યાત્માએ આગમના પરિશીલનની સાથે સાથે શીલ = સદાચાર વાળા ઉત્તમ ગુણિજનોનો સંગ તજવો ન જોઈએ અર્થાત્ ગુણગણાન્વિત એવા ગુણિજનોનાં સાન્નિધ્યમાં જ રહેવું.

ઉત્તમ જીવોના સંસર્ગ તજીને જે પોતાનું કુશળ ઇચ્છે છે, તે મતિમૂઢ આત્મા જલના યોગ વિના જ ધાન્યના પાકને વાંછે છે.

ગુણીજનોના સંસર્ગને કરનારા જીવે નિશ્ચે ગુણોનો પણ સંસર્ગ = બહુમાન કરેલો જ છે. કેમકે આગમમાં ગુણિ અને ગુણ પરસ્પર અભેદ રીતે રહેલા છે. એમ કહ્યું છે.

ગુણ મેળવવાની ઇચ્છાવાળા પુણ્યાત્માએ હંમેશા ગુણિજનોના સંસર્ગને કરવો જોઈએ. ત્રણલોકમાં આ વાત પ્રખ્યાત જ છે કે—" સંગ તેવો રંગ " અથવા " સોબત તેવી અસર " કહેવતની અનુસારે સત્સંગથી ગુણો આવે અને દુર્જનનાં સંગથી દુર્ગુણો આવે છે.

જે જીવ જેની સાથે મૈત્રી કરે છે તે થોડા સમયમાં તેના જેવો થાય છે, જેવી રીતે કુસુમની સાથે રહેતા તલ પણ સુગંધમય બન્યા.

પાસે પાસે રહેલા આંબા અને લીમડાના ઝાડના મૂળિયા ભેગા થવાથી લીમડાના સંસર્ગવાળો આંબો લીમડા જેવો કડવો થયો.

ઇત્યાદિ વાતો નિપુણપણે જાણીને નીચ = દુર્જનોનો સંગ પ્રયત્નપૂર્વક તજવો અને ઉત્તમ જીવોનો આદર = બહુમાન સાથે સંસર્ગ કરવો.

આ જ ભરતક્ષેત્રમાં વંશા નામના દેશમાં વિશ્વપુરી નામની નગરી છે તેમાં ચતુર્ભુજ નામનો બ્રાહ્મણ રહે છે તેને દિવાકર નામનો પુત્ર છે. તે બુદ્ધિશાળી હોવા છતાં પણ ખરાબ મિત્રોની સોબતથી યૌવનવયમાં વિદ્યા ભણ્યો નહિં.

મરણના સમયે પિતાએ કહ્યું કે—હે વત્સ! આ ભવ અને પરભવમાં સુખને આપનારી વિદ્યા સર્વ જીવોએ ગ્રહણ કરવી જોઈએ અને વિપ્ર = બ્રાહ્મણોએ તો વિશેષે કરીને વિદ્યા મેળવી જોઈએ.

હવે વિદ્યાના અભાવમાં હે પુત્ર! આજીવિકા માટે તું નિશ્ચે પરની સેવામાં પ્રવર્તિશ. તોપણ હે વત્સ! નીચ જનનો ત્યાગ કરી. ઉત્તમ જનનો સંગ અને સેવા કરજે.

દિવકારે પણ પિતાની વાત સ્વીકારી.

એકદા દિવાકરે ચિંતવ્યું કે—નીચ જનના સંગથી દોષ થાય છે. એ વાતને હું પ્રત્યક્ષ જોઉં, કે—જેથી ભવિષ્યમાં એ બાબત મારામાં નિશ્ચલતા આવે, દૃઢતા આવે.

ત્યાર પછી તે દિવાકર નટ-વિટ અને દુરાચારી એવા ઠાકોરની સેવા કરે છે અને તેના પિંગલનામના દાસ = નોકર સાથે મિત્રતા કરે છે. અને તેના ઘરની મિત્રસેના નામની દાસી ઉપર સ્નેહ કરે છે.

એકદા તે ઠાકોરની સાથે જયનગરના રાજા વિચારધવલની પાસે જાય છે અને વચનની ચતુરાઈથી રાજાને પ્રસન્ન કરે છે.

એકદા વિચાર ધવલ રાજા સભાસદોને સમસ્યા પદ આપે છે—

समान शीलो व्यसनेषु सख्यं

પરંતુ દૈવ વશાત્ કોઈ પણ સભસ્યા પૂર્ત્તિ કરી શકયા નહિ. ત્યારે દિવાકરે બુદ્ધિની ચતુરાઈ પ્રગટ કરતાં સમસ્યા પદ પૂર્ત્તિ કરી—

मृगा मृगैः सङ्गममनुव्रजन्ति
गावश्च गोभिस्तुरगास्तुरङ्गैः ।
मूर्खाश्च मूर्खैः सुधियं सुधीभिः
समानशीलो व्यसनेषु सख्यम् ।।

દિવાકરની બુદ્ધિની કુશળતા જાણી પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું કે—માગો! માગો!! માગો તે આપું!!!

પોતાના પ્રભુ = સ્વામીના કાર્યમાં સજ્જ મનવાળો તે દિવાકર બોલ્યો—હે દેવ ! મારા સ્વામિને જીવન = આજીવિકા નથી તો આપ શ્રીમાન્ આજીવિકા આપો.

રાજાએ પણ તત્કાલ બાર ગામની આજીવિકા ઠાકોરને બાંધી આપી.

ઠાકોરને સમાચાર મળ્યા ત્યારે ખુશ થયેલા ઠાકોરે દિવાકરને કહ્યું કે—તું પણ મારી પાસેથી કંઈક માગી લે !!!

દિવાકરે કહ્યું કે—અવસરે માગીશ.

એકદા મિત્ર પિંગલ મદ્યનું પાન કરીને મદોન્મત્ત થયેલો ઠાકોરની સાથે અયુક્ત બોલવા લાગ્યો ત્યારે કોપાયમાન થયેલા ઠાકોર તેની જિહ્વા છેદવા તૈયાર થાય.

તે સમયે દિવાકર ઠાકોરને કહે છે કે—તમારા કહેવાના અનુસારે હું વચન માગું છું કે—આ મારા મિત્ર પિંગલના ગુનાને માફ કરો.

હવે અનુક્રમે એકદા તે દાસી ગર્ભવતી થઈ ગર્ભના પ્રભાવે મોરના માંસનો દોહદ થયો. અને દિવાકરને દોહદ જણાવે છે.

દિવાકર કહે છે કે—ઠાકોરના ક્રીડાના મોર સિવાય બીજો એકે મોર કયાંય દેખાતો જ નથી. તોપણ તારા સ્નેહથી તે મોરને પણ હણીને તારો દોહદ પૂર્ણ કરીશ.

એકાદ ઠાકોરના ઘરના આંગણામાં ભમતા મોરને કોઈ ન જાણે તેમ પકડી લઈને ગામ બહાર દેવકુલિકામાં ગયો. અને તેનું માંસ દાસીને આપે છે.

પૂર્ણ દોહદવાળી તે દાસી ખુશ થઈ.

આ તરફ તપાસ કરવા છતાં ક્રીડા મોર ન દેખાયો ત્યારે કોપાયમાન થયેલા ઠાકોરે પડહો વજડાવ્યો કે—જે કોઈ મોરની વાત જણાવશે તેને એક હજાર સોનમહોર અને અભય દાન મળશે.

અને જો સ્વયં જાહેર નહિં કરે તો પછી જ્યારે તપાસ કરતાં પકડાશે. ત્યારે તેને દોહાંત દંડ આપવામાં આવશે.

પડહો સાંભળીને મિત્રસેનાએ ચિંતવ્યું કે—જો હમણાં કહું તો લાભ જ છે અને જો હમણાં ન કહું તો પછી જ્યારે પકડાઈશું ત્યારે દોહાંત દંડ થશે.

તેથી હમણાં જ કહેવું ઉત્તમ છે. એમ ચિંતવીને તે મિત્રસેના દાસી ઠાકોરને વાત જણાવે છે.

વાત પ્રગટ થવાથી ઠાકોર રોષાયમાન થયા છે એમ જાણીને તે દિવાકર પોતાના વિશ્વાસુ મિત્ર પિંગલને સાચી વાત કરીને કહે છે કે—મને તારા ઘરમાં રક્ષણ આપ. એમ કહી તેના ઘરમાં છુપાય છે.

ત્યાર પછી ઠાકોરે આદેશ કર્યો કે—જે કોઈ તે દિવાકર ને તુર્ત હાજર કરશે. તેને એક હજાર સોનામહોર આપવામાં આવશે.

તત્કાલ તે પિંગલ બોલ્યો—હે દેવ! હું જલ્દીથી હાજર કરું છું. એમ કહી તે પિંગલ દિવાકરને ઠાકોર પાસે બોલાવી લાવે છે.

"જેઓ નિષ્કારણ ઉપકાર કરે છે તે પ્રશંસનીય છે. પરંતુ જેઓ ઉપકારી ઉપર પણ અપકાર કરે છે તેમનું તો નામ જ ન લેવું."

ઠાકોરે આદેશ કર્યો કે—કૃતઘ્ન તિલક એવા આ દિવાકરની આંખો ખેંચી કાઢો અને તેના હાથ અને પગને કાપી નાખો.

તે પિંગલ દાસ પણ—"જેવી આપની આજ્ઞા" એમ કહીને તે પ્રમાણે કરવા પ્રવર્તે છે ત્યારે પરિજન કહે છે કે—હે દેવ! આ દિવાકરના એક અપરાધને માફ કરો!!!

પણ રાજા અપરાધને માફ કરતા નથી ત્યારે પુનઃ પરિજને કરુણાથી કહ્યું કે—આપની આજ્ઞાનુસાર બીજી કોઈ શિક્ષા થાય તો સારું.

ઠાકોર બોલ્યા કે—જો મોર લાવી આપે તો જ છોડું નહિ તો બીજો કોઈ વિકલ્પ નથી!

દિવાકર બોલ્યો—જો એમ હોય તો મોર લાવી આપું. ત્યાર પછી તે દિવાકર દૂર-સુદૂરથી મોર લાવીને ઠાકોરને આપે છે અને માથું નમાવી ક્ષમા માગે છે. ત્યારે ઠાકોરે કહ્યું કે—આ તારા અપરાધને માફ કરું છું. પણ હવે આવું અકાર્ય ફરીથી કરતો નહિ.

દિવાકરે પણ ઠાકોરની વાત સ્વીકારી એટલે ઠાકોરે તેને મુક્ત કર્યો. આ રીતે દિવાકરે નીચ જનોના સંસર્ગથી થનારા દોષો સાક્ષાત્ જોયા.

ત્યાર બાદ તે દિવાકર ત્યાંથી પ્રયાણ કરી = રજા લઈને અનુક્રમે મંગલપુરમાં આવ્યો કે જ્યાં સમગ્ર મંગલ ચોતરફ સ્વેચ્છાએ વિલાસ કરે છે. અર્થાત્ તે નગરમાં વારંવાર મંગલ મહોત્સવો પ્રવર્તે છે. નગરવાસી લોકો સુખી છે.

તે નગરમાં પ્રજાને આનંદ આપનારા ચંદ્ર જેવો તથા શ્રેષ્ઠ ન્યાય = નીતિરૂપ

લતાના કંદ જેવો અને પ્રતિપક્ષ = શત્રુરાજાના પ્રતાપ રૂપ વનનો નાશ કરનારા દાવાનળ તુલ્ય પૂર્ણચંદ્ર રાજા રાજ્ય કરે છે.

તે રાજાને બહુશ્રુત અને ઉત્તમ ગુણવાળો ગુણચંદ્ર નામનો પુત્ર છે.

તે દિવાકર અવસર પામી ગુણચંદ્ર રાજકુમારનો પરિચય કરી સેવા સ્વીકારે છે. અને રાજકુમાર સાથે જ રહે છે.

મનોરથદત્ત નામના શ્રેષ્ઠી સાથે મિત્રતા થઈ તથા વસંતસેના નામની ગણિકા સાથે પણ પરિચય થયો.

હવે એકદા વિપરીત શિક્ષાવાળા ઘોડા ઉપર સવાર થયેલા ગુણચંદ્ર રાજકુમાર લગામ હાથમાં લઈ ઘોડાની પરીક્ષા કરે છે તે સમયે અચાનક તે અવળી શિક્ષાવાળો ઘોડો ખૂબ જ જોરથી દોડવા લાગ્યો.

જેમ જેમ ઘોડાને ઊભો રાખવા રાજકુમાર લગામ ખેંચે તેમ તેમ અતિશય વેગથી દોડે છે.

દિવાકર પણ તે રાજકુમારની શોધ માટે પાછળ પાછળ જાય છે વનમાં થઈને જતા દિવાકરે રસ્તામાંથી પાકા ત્રણ આમળાના ફળ ગ્રહણ કર્યો.

થાકેલા કુમારના હાથમાંથી જ્યારે લગામ છૂટી ગઈ ત્યારે તત્કાલ ઘોડો સ્વયમેવ ઊભો રહ્યો.

દિવાકર પણ અનુક્રમે રાજકુમારને મળે છે.

બન્ને જણા આગળ ચાલે છે ત્યારે તૃષાતુર થયેલ રાજકુમારે દિવાકરને કહ્યું કે– તપાસ કરો! કયાંય પાણી છે કે નહિ?

દિવાકરે પણ તપાસ કરીને કહ્યું કે—હે સ્વામિન્! પાણી તો કયાંય દેખાતું નથી. પણ મારી પાસે આમળાનું ફળ છે તે ગ્રહણ કરો" એમ કહી એક આમળો આપ્યો.

રાજકુમાર પણ તે આમળાને મુખમાં રાખીને સ્વાદ લેતા લેતા થોડા આગળ ચાલ્યા.

પુનઃ તૃષા લાગી ત્યારે તે દિવાકરે બીજો આમળો આપ્યો—અને પુનઃ ત્રીજો આમળો પણ આપ્યો.

એમ ચાલતાં ચાલતાં અનુક્રમે અટવી પાર પામ્યાં. રાજકુમારે ચિંતવ્યું કે— આ આમળાઓની કિંમત મારી પાસે નથી. તો આ દિવાકરનું ઋણ મારા પર રહી

ન જાય, અને પોતે દિવાકરના ઉપકારને ભૂલી ન જાય માટે પ્રતિદિન ત્રણે સંધ્યાએ દિવાકરના ઉપકારને યાદ કરે છે.

અનુક્રમે ગુણચંદ્ર રાજકુમાર રાજા થયા ત્યારે ગુણચંદ્ર રાજાએ દિવાકરને મંત્રી બતાવ્યો.

સુખમય કેટલોક કાળ વ્યતીત થયો.

મનોહરદત્ત શ્રેષ્ઠી અને વસંતસેના ગણિકા સાથે પણ પ્રીતિ વધવા લાગી.

ગુણચંદ્ર રાજા ઘણી રાજકન્યાઓ સાથે પરણ્યા અને દિવાકર મંત્રીએ પણ વિપ્રકન્યા સાથે પાણિગ્રહણ કર્યું.

અનુક્રમે ગુણચંદ્ર રાજાને ત્યાં પુત્ર જનમ્યો. તે બાલરાજકુમાર ક્રીડા કરતો કરતો વારંવાર મંત્રીના ઘેર પણ આવે છે અને મંત્રિના ઘરમાં પણ વિધવિધ ક્રીડા કરે છે.

એકદા ગર્ભવતી મંત્રિની સ્ત્રીને ગર્ભના દોષની રાજકુમારના માંસનો દોહદ થયો પણ આ દોહદ અયોગ્ય હોવાથી પોતાના સ્વામિને કહ્યો નહિ અને દોહદની પૂર્ત્તિના અભાવમાં દિવસો દિવસ દુર્બળ થતી જાય છે.

એકદા દુર્બળ થતી સ્ત્રીને મંત્રીએ પૂછયું કે—દૂર્બળતા કેમ છે? ત્યારે સ્ત્રીએ દોહદની વાત જણાવી.

મંત્રીએ કહ્યું કે નું ચિંતા નુ કર! વિશ્વાસ રાખ!! એમ કહી સ્ત્રીના દેખતાં જ રાજપુત્રને મંત્રીએ પકડીને એકાંતમાં લઈ જઈ ગુપ્ત ગૃહમાં ગોપવીને રાખ્યો, અને અન્ય માંસ સ્ત્રીને આપ્યું.

સ્ત્રી પણ દોહદની પૂર્ણતાથી પ્રસન્ન થઈ.

આ તરફ ભોજનની વેળાએ રાજપુત્રને શોધવા છતાં જ્યારે રાજપુત્ર મળ્યો નહિ ત્યારે મંત્રીને ઘેર તપાસ કરવા રાજા આવ્યા, અને પૂછયું કે—"રાજકુમાર અહીં આવ્યો હતો."

મંત્રી બોલ્યો—હે દેવ! રાજકુમાર આવ્યો હતો પણ તે જ વખતે પાછો ગયો.

રાજા બોલ્યા—"સારૂં" પણ મૂલ શુદ્ધિ મેળવવી જોઈએ.

પગલાની તપાસ કરતાં જણાયું કે—રાજકુમારના આવવાના પગલા છે પણ મંત્રીના ઘરમાંથી બહાર નિકળવાના પગલા દેખાતા નથી.

નગરમાં પણ પ્રવાદ ફેલાયો.

મંત્રીએ પોતાના સંબંધી પ્રવાદને લોકમુખથી સાંભળીને મનોરથદત્ત શ્રેષ્ઠીના ઘેર જઈને એકાંતમાં કહ્યું કે- મારી અર્ધાંગનાના દોહદની પૂર્ત્તિ માટે મેં રાજકુમારને મારી નાખ્યો છે, તો હવે અહીં બચવાનો કયો ઉપાય યોગ્ય છે?

શ્રેષ્ઠી બોલ્યા—હમણાં મૌન રહો!!!

એ જ રીતે વસંતસેનાને પણ મંત્રીએ વાત કહી ત્યારે વસંતસેનાએ પણ આશ્વાસન આપતાં કહ્યું કે—ચિંતા ન કરો!!!

આ તરફ રાજાએ પડહો વગડાવ્યો કે—"જે રાજકુમારના સમાચાર લાવશે તે જે માગશે તે આપવામાં આવશે, અને જો પાછળથી તપાસ કરતાં જે પકડાશે તેના શરીરનો નિગ્રહ = ફાંસીની સજા થશે."

રાજાના પડહને શ્રવણ કરીને વસંતસેનાએ ચિંતવ્યું કે—રાજાને રાજકુમાર ઉપર ઘણો પ્રેમ હતો તેથી જાણ્યા વિના તો રહેવાના જ નથી અને આ વાત પણ રાજાને અજાણી તો રહેવાની જ નથી. એમ ચિંતવીને તે વસંતસેના પડહને સ્પર્શી.

રાજપુરુષો વસંતસેનાને રાજા પાસે હાજર કરે છે અને રાજાએ પૂછ્યું ત્યારે તે બોલી—હે દેવ! મેં રાજકુમારને માર્યો છે.

રાજાના આદેશથી કોટવાલો વસંતસેનાને કેદ કરે છે. નગરમાં પણ લોકપ્રવાદ પ્રવર્ત્યો કે—વસંતસેનાએ રાજપુત્રનો વધ કર્યો છે.

આ વાત સાંભળીને મનોરથદત્ત શ્રેષ્ઠીએ ચિંતવ્યું કે—મારા પરિજન તુલ્ય એવી આ વસંતસેના કેદમાં પુરાઈ છે અને મારા મિત્ર દિવાકર મંત્રી પણ રાજાના સકંજામાં ફસાઈ ન જાય તે માટે મારે મિત્રની રક્ષા કરવા રૂપ મનુષ્ય જન્મનું ફળ મેળવવું જોઈએ.

એમ ચિંતવીને શ્રેષ્ઠી રાજસભામાં જઈ રાજાને જણાવે છે કે—હે નરનાથ! "મેં આપના પુત્રનો વધ કર્યો છે." તે વખતે રાજસભામાં રાજપુરુષો દ્વારા હાજર કરાયેલી વસંતસેના બોલી કે—હે રાજન્! આ શ્રેષ્ઠીએ નથી માર્યો પણ મેં જ આપના રાજકુમારને માર્યો છે.

શ્રેષ્ઠી અને ગણિકા પરસ્પર તરકાર કરે છે ત્યારે રાજાએ દિવાકર મંત્રીને પૂછ્યું કે—હે મંત્રિન્! તપાસ કરો કે— સાચું શું છે? આ બંને શું કહેવા માગે છે?

મંત્રી બોલ્યા—હે દેવ! વિશિષ્ટ પુરુષોની આ જ વિશિષ્ટતા છે.

રાજા—કેવી રીતે? હું સમજી શકતો નથી!!!

મંત્રી—આ હકીકતથી એમ જણાય છે કે—આ બંને નિર્દોષ છે પણ મેં જ આપના રાજપુત્રના જીવનનો અંત કર્યો છે અને આ બંને તો મને બચાવવા માટે જ તે દોષ પોતે સ્વીકારે છે.

તે સમયે રાજસેવકો અને પરિજનો મંત્રીનો તિરસ્કાર કરતાં બોલ્યા કે—હે દુષ્ટ! આટલા નાના રાજકુમારનો વધ કરતાં વિચાર ન આવ્યો?

રાજાએ પરિજનોને અટકાવતાં કહ્યું કે—શાંતિ રાખો!!! આ ભટ્ટજીએ મારા ઉપર મોટો ઉપકાર કરેલો છે. મરતા એવા મને જીવિતદાન આપેલ છે તેથી મારા ઉપકારી છે!!!

વસંતસેના અને મનોરથદત્ત શ્રેષ્ઠી બોલ્યા—હે દેવ! આપની મોટી મહેરબાની!!!

રાજા બોલ્યા હે મંત્રિન્! પહેલા આમળાના ફળનો પ્રત્યુપકાર સ્વીકારજો—એમ કહી ત્રણે જણાનું સન્માન કરી વિસર્જિત કર્યા.

એકદા મંત્રી સમયસર હાજર ન થયા, ત્યારે રાજા સ્વયં મંત્રીને ઘેર ગયા.

મંત્રીએ પણ રાજાનો ઉચિત સત્કાર કર્યો, અને અવસર જોઈને રાજા બોલ્યા કે—હે ભટ્ટ! મંત્રિન્! હું જે માગું તે તમારે આપવું.

ભટ્ટ બોલ્યો—આપ આજ્ઞા ફરમાવો!!!

રાજા—તેવા વિકટ પ્રસંગે પણ તમે જેવા વિશ્વસ્ત હતા તેવી વિશ્વસ્ત= ગંભીરતા જોઈએ છીએ.

ભટ્ટ—હે દેવ! આપ શ્રીમાન્ ઉત્તમ પુરુષ છો તે જ મારી ગંભીરતાનો હેતુ છે! તે સિવાય બીજું અહીં શું કારણ હોઈ શકે!!!

એમ કહી મંત્રીએ બધી જ સાચી વાત રાજાને નિવેદન કરી રાજપુત્ર રાજાને પાછો સોંપ્યો.

રાજા બોલ્યા—મારામાં ઉત્તમતા શેની? કેમકે—મેં તો તમારા આમળાના ફળના અર્પણના ઉપકારને સ્મરણ કરીને તમારો પ્રત્યુપકાર જ કર્યો છે.

પરંતુ આ વસંતસેના અને મનોરથદત્ત શ્રેષ્ઠી જ ઉત્તમોત્તમ છે કે—જેમણે કોઈ પણ ફળની અપેક્ષા વિના જ તથા તમે તેમના ઉપર કોઈ ઉપકાર પણ કર્યો ન હતો તોપણ પોતાની સાહજિક ઉત્તમોત્તમતાથી પર દુઃખે દુઃખી થતા સ્વયમેવ તમોને બચાવવા કટિબદ્ધ બન્યા છે.

મંત્રીની રજા લઈ રાજા રાજમહેલમાં આવ્યા અને નગરમાં રાજકુમાર સંબંધિ વાત જાહેર કરતાં બધા લોકો ગણિકા શ્રેષ્ઠી રાજા અને મંત્રીની પ્રશંસા કરવા લાગ્યા—

દિવાકર મંત્રીએ પણ વિચાર્યું કે—ઉત્તમજનોનો સંગ ખરેખર હિતકર જ છે,

અને દૃઢ નિર્ણય કર્યો કે—મારે સદા ઉત્તમજનોના સંસર્ગમાં જ રહેવું.

એકદા દિવાકર મંત્રીને વિચાર આવ્યો કે—"હવે સર્વોત્તમ જનનો સંગ કરૂં." એ સંકલ્પ માત્રથીજ તેના ક્લિષ્ટ કર્મોનો ક્ષયોપશમ થયો અને ધર્મની યોગ્યતા પ્રગટી.

આ તરફ તેના પ્રતિબોધનો સમય જાણીને જ જાણે કે—આવ્યા ન હોય!!! એવા મુનિવરોના પરિવારથી પરિવરેલા અને ભવ્ય જીવોને આનંદ આપનારા આનંદ નામના આચાર્યદેવ તે નગરના બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા.

રાજા તથા પ્રજા સપરિવાર ગુરુવંદનાર્થે આવ્યા. દિવાકર મંત્રી પણ પરિવાર સાથે ઉદ્યાનમાં આવે છે.

ગુરુવંદન કરીને બધા ઉચિત સ્થાને બેઠા ત્યારે ગુરુદેવે ધર્મદેશના આપી.

ધર્મદેશના શ્રવણ કરી પ્રસન્ન થયેલા દિવાકર મંત્રીએ પૂછયું કે—હે ભગવન્! સર્વોત્તમ કોણ છે? તે કૃપા કરીને મને કહો!

ગુરુદેવશ્રી બોલ્યા—હે મહાભાગ! ચારે ગતિમાં ઉત્તમ મનુષ્યગતિ. તેમાં પણ આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ, ધર્મના સંસ્કારવાળા માતા-પિતા-પરિજન તથા દીર્ઘ આયુષ્ય, ઇંદ્રિયની પૂર્ણતા, નીરોગી શરીર મળ્યા પછી દેવ-ગુરુની સામગ્રી પામીને જો જિનશાસનની સેવા = આરાધના કરવામાં આવે તો આત્મા ઉત્તરોત્તર અજરામર પદ પ્રાપ્ત કરે છે.

ગુરુના વચન શ્રવણ કરવાથી ધર્મ પ્રત્યે દૃઢ રુચિ થઈ, અને ગુરુદેવ પાસે સમ્યક્ત્વ મૂલ શ્રાવકધર્મ = દેશવિરતિ સ્વીકારી, અને રાજાને પણ પ્રતિબોધ પમાડીને પરમ શ્રાવકપણું પ્રાપ્ત કરાવ્યું.

આ પ્રમાણે સર્વોત્તમ એવા જિનશાસનની આરાધના સ્વરૂપ ધર્મમાં દૃઢ ચિત્તવાળા તે દિવાકર મંત્રી શાસનની પ્રભાવના સાથે શ્રાવકધર્મને વધતે પરિણામે આરાધે છે.

પાપ રૂપ કર્મના પર્વતને ભેદનારા વજ્ર જેવા ઉત્તમ ધર્મની સેવા કરતા તે દિવાકર મંત્રી આ ભવમાં સુખ સંપદા પામ્યા, અને ભવાંતરમાં પણ દેવપણું પામીને દ્વિજોત્તમ એવા દિવાકર મંત્રી અનુક્રમે શાશ્વતપદ = મોક્ષપદ પામીને સાદિ અનંતભાંગે સુખી થયા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં
અધમ અને ઉત્તમ જનોના સંસર્ગથી અનુક્રમે દુઃખ અને સુખને પામેલા
દિવાકરની કથાના વર્ણન સ્વરૂપ ચોવીશમો પ્રસ્તાવ સમાપ્ત.

॥ નિષ્કારણકરૂણાલુ શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય નમો નમઃ ॥



પ્રસ્તાવ ૨૫ મો

સર્વોત્તમ એવો પણ ધર્મ ગુરુની સાન્નિધ્યમાં જ સમ્યગ્ ઓળખી શકાય છે. તેથી હિતની ઇચ્છાવાળાએ સદા કાળ ગુરુની સેવામાં પરાયણ રહેવું જોઈએ.

ગુરુની દેશના રૂપ દોરડાના શ્રેષ્ઠ ગુણરૂપ ગુચ્છાના આલંબન વિના અત્યંત ગહન = ઊંડા સંસારરૂપ કુવામાંથી જીવોને નિકળવું મુશ્કેલ છે.

ગુરુદેવની કરુણારૂપ મેઘઘટા દેશનારૂપ જલથી પૃથ્વી તલને = વિશ્વને સીંચે છે તે સમયે ભવ્ય જીવરૂપ વૃક્ષોમાં સળગેલો મિથ્યાત્વરૂપ દાવાનળ તત્કાલ શમી જાય છે.

સંસારરૂપ અટવીમાં ભૂલા પડેલા જે જીવોને માર્ગદર્શન આપનારા ભોમીયા તુલ્ય ગુરુદેવનો ભેટો થયો નથી તે દિઙ્મૂઢ થયેલા જીવો મોક્ષનગરને કેવી રીતે પ્રાપ્ત કરે ? અર્થાત્ ન જ કરે !!!

ગુરુદેવનો યોગ થયા પછી પણ જે જીવો ગુરુદેવની ભક્તિ-વૈયાવચ્ચ અને વિનય કરતા નથી તે જીવો પુનઃ પુનઃ દુર્ગતિમાં રખડે છે અને જેઓ ગુરુદેવની ભક્તિ-સેવા-શુશ્રુષા કરે છે તે પુણ્યાત્માઓ વિમલમતીની જેમ ઉત્તરોત્તર સદ્ગતિ પામીને પરંપરાએ પંચમ ગતિના અવ્યાબાધ સુખ આત્મસાત્ કરે છે.

ગુરુ ભક્તિ વિષે વિમલમતીની કથા—

આ જ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના મધ્ય ખંડમાં વરાડ દેશમાં જયપુર નામનું નગર છે. જે નગર દેવલોકની જેમ ઘણા વિબુધ = પ્રાજ્ઞ પુરુષોથી સંકુલ = વ્યાપ્ત છે.

તે નગરમાં શ્રીચૂલ નામના રાજા રાજ્ય કરે છે. ન્યાય-નીતિથી રાજ્યનું સંચાલન કરતા તે રાજાની પ્રજા સુખમય દિવસો વ્યતીત કરે છે.

તે નગરમાં જિનાજ્ઞા પાલક શ્રમણ = મુનિવરોના ચરણકમલની સેવા કરવામાં તત્પર એવો જિનદત્ત નામનો નગર શેઠ છે.

તે શ્રેષ્ઠીને શીલાલંકારાલંકૃત શરીરવાળી વરૂણા નામની ભાર્યા છે. તે પણ જિનદેવ-ગુરુ ભક્તિ પરાયણ છે.

પોતાની મતિ = બુદ્ધિની ચતુરાઈથી પરાજિત કરી છે શ્રુતદેવીને જેણે એવી વિમલમતિવાળી વિમલમતી નામની તેમની પુત્રી છે.

એકદા દૈવયોગે જિનદત્ત શ્રાવક ઉપર નારાજ થયેલા રાજાએ તેના પદ ઉપર ધનમિત્ર શ્રેષ્ઠીને સ્થાપ્યો, કે—જેના અગણિત ધનને જોઈ લોકો બોલતા કે—કુબેર પણ આ શ્રેષ્ઠી આગળ નહિંવત્ છે તથા તેના રૂપ અને શરીરના લાવણ્ય જોઈને "આ તો સાક્ષાત્ કામદેવ છે" એમ લોકો પરસ્પર બોલે છે.

એકદા હેમંત ઋતુ આવી ત્યારે શીતલ વાયુ વાય છે. ઠંડીથી કંપતા શરીરવાળા લોકો ગરમ વસ્ત્ર તથા અગ્નિનું સેવન કરે છે

તે સમયે એકદા ધનમિત્ર નગરશેઠ કાર્ય પ્રસંગે નગર બહાર સરોવર પાસે આવે છે તે સમયે ત્યાં આવેલા જિનદત્ત શ્રાવકને જોઈને ધનમિત્ર નગરશેઠે કહ્યું કે—હિમ જેવા શીતલ પવનના યોગે અતિ શીતલ થયેલા એવા સરોવરમાં કંઠ સુધી પાણીમાં પ્રવેશીને જે એક રાત્રિ પસાર કરે તેને એક લાખ સોનામહોર આપું.

તે સમયે ધનની અપેક્ષાવાળા જિનદત્ત શ્રાવકે કહ્યું કે—"હું એક રાત્રિ પર્યંત આ સરોવરમાં રહીશ."

સકલ લોકને વહાલી એવી લક્ષ્મીમાં લુબ્ધ મનવાળા મનુષ્યો કયા કપરા કાર્યને નથી કરતા?

ત્યાર પછી પોતાના શરીરની પીડાને ગણકાર્યા વિના તે જિનદત્ત સંપૂર્ણ રાત્રિ પર્યંત સરોવરમાં રહ્યો અને સવારે ધનમિત્ર નગરશેઠની પાસે જઈને કહે છે કે—"તમારા કહેવા પ્રમાણે આખી રાત સરોવરમાં રહ્યો છું તેથી એક લાખ સોનામહોર આપો."

ધનમિત્ર બોલ્યો—આ બાબતમાં સાક્ષી કોણ છે.

જિનદત્ત—તમારા ઘરની ગવાક્ષમાં રાત્રિના ચારે પ્રહર સળગતો દીવો મેં જોયો છે. એ જ અહીં સાક્ષી છે.

ધનમિત્ર—તમે પ્રદીપ = દીવાને જોયો તેથી તે દીવાના તેજથી તમે ઠંડીથી રક્ષણ મેળવ્યું છે માટે તમને લાખ સોનામહોર નહિં મળે.

જો દીવાને જોયો ન હોત તો તમને લાખ સોનામહોર જરૂર આપત.

વિલખો થયેલો જિનદત્ત ઘેર આવીને પુત્રી વિમલમતીને બધી વાત કહે છે.

વિમલમતી બોલી—હે પિતાજી! ખેદ ન કરો!!!

એક દિવસ ભોજનની સર્વ સામગ્રી એકત્રિત કરીને ધનમિત્ર નગરશેઠને ભોજન માટે આમંત્રણ આપે છે.

ધનમિત્ર પણ ભોજન સમયે આવ્યા અને ઘી-દૂધ મોદક આદિથી સ્નિગ્ધ અને સેવ-ચેવડો વિગેરે લવણ મરચા યુક્ત ભોજન કરતા તૃષાતુર થયેલા ધનમિત્રે જલ માંગ્યું.

તે વખતે વિમલમતી બોલી—હે નગરશેઠ! આ તમારી સન્મુખ શીતલ જલથી ભરેલી ગાગર = ઘડાને જોઈને તૃષા મટાડો = દૂર કરો.

ધનમિત્ર—શું શીતલ જલના દર્શનથી તરસ દૂર થાય?

વિમલમતી હસીને બોલી—જો દીવાના દર્શન માત્રથી જ ઠંડી દૂર થતી હોય તો આ જલના દર્શનથી તરસ કેમ ન છીપે.

ધનમિત્ર ચિંતવે છે કે—"અહો! આની બુદ્ધિની ચતુરાઈ કેવી છે? મને બરાબર પાઠ ભણાવ્યો છે." એમ ચિંતવીને ધનમિત્ર બોલ્યો—હયો! લાખ સોનામહોર, અને મને પાણી આપો.

વિમલમતીએ પણ લાખ સોનામહોર લઈ શીતલ જલ આપ્યું.

ભોજન કર્યા પછી ધનમિત્રે જિનદત્તને કહ્યું કે—તમારી પુત્રીને મારી સાથે પરણાવો

જિનદત્ત બોલ્યો-વિચાર કરીને જવાબ આપીશ.

ધનમિત્ર સ્વસ્થાને ગયો.

જિનદત્તે એકાંતમાં પુત્રીને કહ્યું કે—હે વત્સે! લાખ સોનામહોર આપવી પડી તેથી વિલખો થયેલો તે ધનમિત્ર તને પરણવાની માગણી કરે છે તેથી મને એમ લાગે છે કે—તને વિડંબિત = હેરાન કરશે.

વિમલમતી બોલી-"ખુશીથી મને તેની સાથે પરણાવો" હું બધું જ વ્યસ્થિત કરી દઈશ.

જિનદત્તે પોતાની પુત્રી વિમલમતી ધનમિત્રને આપી. ધનમિત્ર પણ મહોત્સવ પૂર્વક પાણિગ્રહણ = લગ્ન કરે છે.

લગ્ન = વિવાહ થયા પછી તુર્ત વિમલમતીને પોતાના ઘેર લઈ જઈ પૂર્વથી જ ઘરના ગુપ્ત ભાગમાં ખોદીને તૈયાર કરેલા કૂવામાં = ખાડમાં પ્રવેશ કરાવે છે અને કહ્યું કે—અહીં જ રહેલી એવી તું પુત્રનો જન્મ ન થાય ત્યાં સુધી જે કંઈ ભોજન પાણી આપીએ તે ખાજે–પીજે અને કપાસ = રૂને કાંતજે. ત્યાર પછી સ્વયં બહાર નિકળજે.

એમ કહીને ધનમિત્ર શ્રેષ્ઠી ધન ઉપાર્જન કરવા માટે તામ્રલિપ્તી નગરીમાં ગયો. અને વ્યવસાય કરી ધન કમાય છે.

આ તરફ ધનમિત્ર એવા પ્રાણનાથના ચિત્તને ઓળખીને તે વિમલમતીએ પોતાના સેવકો દ્વારા પોતાના પિતાના ઘર પર્યંતની સુરંગ ખોદાવરાવી. અને તે સુરંગ માર્ગે નિકળીને અનુક્રમે તામ્રલિપ્તી નગરીએ ગઈ.

તામ્રલિપ્તી નગરીમાં ધનમિત્રના નિવાસ સ્થાનની બાજુના એક મકાનમાં વિમલમતી દાસી સાથે રહે છે.

એકદા દિવસ વિમલમતીએ દાસીને શિખવીને ધનમિત્ર પાસે મોકલી. દાસીએ ધનમિત્ર પાસે જઈને કહ્યું કે—ગુણાનુરાગિણી કામલતા નામની અમારી સ્વામિની પુરુષ માત્રને આંખથી નિહાળતી નથી પણ આજે તમને જોઈને તમારા વિષે અનુરાગિણી થઈ છે.

માટે હે સુહૃદ! પોતાના અંગના સંગથી તે મૃગાક્ષીના કામાગ્નિને બુઝવો!!! શાંત કરો!!!

કેમકે સત્પુરુષો કયારેય પણ પરની પ્રાર્થનાનો ભંગ કરતા જ નથી.

ધનમિત્ર પણ સંકેતાનુસાર વિમલમતીના ઘેર ગયો. વેશ પરાવર્ત્તન કરીને વિમલમતીએ પણ તેનો આદર પૂર્વ સત્કાર કર્યો. પ્રેમ પૂર્વક વાત કરીને કટાક્ષો દ્વારા આકર્ષિત પણ કર્યો.

એક ચિત્તવાળા તે બન્ને ઉદાર ભોગ ભોગવે છે અનુક્રમે પુત્રનો જન્મ થાય છે.

તે વિમલમતીએ પણ વિવિધ યુક્તિ દ્વારા જિનધર્મના સ્વરૂપને કહીને ધનમિત્રને ધર્મના માર્ગે જોડાયો.

પરિણત થયેલા ધર્મના ફળરૂપે સંવેગ ભાવથી ભાવિત મનવાળો તે ધનમિત્ર એક દિવસ કહે છે કે—પરણવા માત્રમાં જ જે વિમલમતીને ઊંડા કૂવામાં ઉતારી છે તે મેં ઘણું પાપ કર્મ કર્યું છે. અર્થાત્ અયોગ્ય કાર્ય કર્યું છે.

તો હવે તત્કાલ ત્યાં જઈ કુવામાંથી બહાર કાઢીને હું તુર્ત પાછો આવું છું.

એમ કહીને તે ધનમિત્ર જયપુર તરફ જાય છે. આ તરફ—તે વિમલમતી પણ

પુત્ર સહિત પિતાના ઘેર આવીને સુરંગ વાટે પોતાના મંદિરના ગુપ્ત કુવામાં આવી.

ધનમિત્ર પણ અનુક્રમે જયપુરમાં આવીને પોતાના ઘરના ગુપ્ત કુવામાંથી વિમલમતી = સ્ત્રીને બહાર કાઢવા માટે તે કૂવા પાસે આવે છે અને કૂવામાં જોયું તો પુત્ર સહિત વિમલમતી દેખાઈ.

વિસ્મય પામેલો ધનમિત્ર બોલે છે કે—"શું આ ઇંદ્રજાલ છે" કે જે આ પરસ્પર વિરુદ્ધ એવું હું આ શું જોઈ રહ્યો છું.

વિમલમતી પણ બહાર આવી અને સ્વસ્થતા પૂર્વક બધી જ હકીકત સંક્ષેપમાં જણાવે છે.

વિમલમતીના વચન સાંભળીને ખુશ થયેલો ધનમિત્ર બોલ્યો—અહો! આ મારી પ્રિયાનું મતિ પ્રાગલ્ભ્ય કેવું છે? એમ પુનઃ પુનઃ પ્રશંસા કરી તે વિમલમતીને ઘરની સ્વામિની બનાવી તેની સાથે વિપુલ ઉદાર ભોગસુખ ભોગવે છે.

તથા દેવ-ગુરુની પૂજા-ભક્તિ અને સાધર્મિકના વાત્સલ્યને કરવા પૂર્વક ધર્મમય જીવન જીવતા દિવસો પસાર કરે છે.

હવે એકદા તે નગરની બહારના ઉદ્યાનમાં દિવ્યજ્ઞાનથી જાણ્યા છે ભૂત અને ભવિષ્યકાળના ભાવો જેમણે એવા ભવદેવ નામના આચાર્ય મ. અનેક મુનિવરોના પરિવાર સાથે પધાર્યા. નગરના રાજા તથા પ્રજા પરિવાર સાથે વંદનાર્થે ચાલ્યા.

ધનમિત્ર પણ પ્રિયા સાથે ગુરુદેવને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યો.

બધા જ વંદન કરીને ઉચિત આસને બેઠા ત્યારે ભવદેવ સૂરીશ્વરજી મ. ધર્મ-દેશના આપે છે.

અવસર પામીને ધનદત્ત નગર શ્રેષ્ઠીએ પૂછ્યું કે—હે ભગવન્! મારી અર્ધાંગના = પ્રિયા એ પૂર્વ ભવમાં એવું તે શું કરેલું કે જેના પ્રભાવે આ ભવમાં વિશુદ્ધ બુદ્ધિ તથા વિપુલ ભોગ સામગ્રી પામી છે.

ગુરુદેવ બોલ્યા—હે સૌમ્ય! સાવધાન થઈ સાંભળો—

કુશપુર નામના નગરમાં સાનુદેવ નામના શ્રેષ્ઠીને રોહિણી નામની પુત્રી છે. તે પુત્રી વ્યાપારાદિ કાર્યમાં પિતાને સહાય કરે છે.

એકદા નવયૌવનવયને પામેલી તે રોહિણી દેશાંતરથી આવેલા રૂપે કામદેવ જેવા વણિકપુત્રને જોઈને

અવિવેકની બહુલતાથી

યૌવનના ઉન્માદથી

ઇંદ્રિયોની ચંચલતાથી અને

સ્ત્રીપણાના તુચ્છ સ્વભાવથી

તથા

ગુરુ = વડિલ જનોની લજ્જાને અવગણીને તથા કુલના કલંકની ચિંતા વિના અને આ ભવ અને પરભવના દુઃખોનો વિચાર કર્યા વિના જ કામાવેશવાળી દૃષ્ટિએ વણિક પુત્રને પુનઃ પુનઃ નિહાળે છે.

તે સમયે ભિક્ષા = ગોચરી માટે પધારેલા શીલસાર નામના મુનિવરે રોહિણીના મનોભાવને જાણી લીધા.

બરોબરા કામ પરવશ થયેલા જીવો વિવેક હીન થઈને કર્ત્તવ્યાકર્ત્તવ્યનો વિચાર પણ કરી શકતા નથી.

"અહો! મદન = કામનો ફેલાવો ઘણો જ દુર્જય છે."

ઇત્યાદિ ચિંતવતા તે શીલસાર મુનિવર ગોચરી વહોરીને પાછા વળ્યા—

અનુક્રમે તે મુનિવર ગુરુકુલવાસમાં વસતાં વસતાં ગ્રહણ અને આસેવન શિક્ષા દ્વારા ગુરુ ભક્તિ-વૈયાવચ્ચ કરવા સાથે સમસ્ત શ્રુત સાગરના પારંગત થયા.

ગુરુએ પણ યોગ્ય જાણી શીલસાર મુનિવરને પોતાના સૂરિ પદ ઉપર સ્થાપ્યો.

હવે તે શીલસાર સૂરિજી મ. સપરિવાર ગ્રામાનુગ્રામ વિચરતાં અનુક્રમે એકદા કુશપુર નગરે પધાર્યા અને બાહ્ય ઉદ્યાનમાં સમવસર્યા.

નગરના લોકો વંદનાર્થે ઉદ્યાનમાં આવે છે બધા જ લોકો વંદન કરી ઉચિત સ્થાને બેઠા ત્યારે શીલસાર સૂરીશ્વરજી મ.શ્રીએ ધર્મદેશના આપી. ઘણા લોકો પ્રતિબોધ પામ્યા.

રોહિણી પણ પ્રણામ કરીને કહે છે કે—હે ભગવન્! "મને સમ્યક્ત્વ આપો."

ગુરુ બોલ્યા—હે ભદ્રે! પહેલાં પૂર્વના અતિચારોની આલોચના કરો, અને પછી ભવ-સમુદ્રમાં નૌકા સમાન સમ્યક્ત્વનો સ્વીકાર કરો!!!

જેમ વિશુદ્ધ કરેલ દિવાલમાં ચિત્ર સારી રીતે અંકિત કરી શકાય અને

શોભનીય = રમણીય પણ બને. તેવી જ રીતે નિરતિચાર = સુવિશુદ્ધ જીવમાં સમ્યક્ત્વ ગુણકર બને છે.

જેમ લંઘન દ્વારા દોષ નાશ થયા પછી જ ઔષધ ગુણ કરનારૂં બને છે, તેવી જ રીતે પ્રાયશ્ચિત્ત દ્વારા દોષ નાશ થાય ત્યારે જ ધર્મ આરાધના સફળ = ગુણકર થાય છે.

ગુરુદેવના વચન શ્રવણ કરી બાલ્યકાળમાં કરેલ દૃષ્ટિ વિકાર સિવાયના બધા જ દોષોની આલોચના કરી. ત્યારે ગુરુદેવે કહ્યું કે—સમ્યગ્ આલોચના કરો.

રોહિણી—ગુરુદેવ! સમ્યગ્ એટલે શું?

ગુરુદેવ—હે ભદ્રે! તે સમયે તમે દૃઢ કામાનુરાગથી તે વણિક્ પુત્રને જોયેલો હતો, તે વાત ભિક્ષા = ગોચરી માટે તે સમયે આવેલા મેં જાણેલું.

રોહિણી—હે ભગવન્! તે વણિકપુત્રને મેં વિકૃત = કામરાગવાળી દૃષ્ટિથી જોયો ન હતો, આપ તો સર્વવિદ્ છો તેથી વિશેષ શું કહું!!!

ગુરુ—શું તેં આ વાત સાંભળી નથી કે—મનમાં ચિંતવેલા અતિચારની આલોચનાને અભિમાન = ગૌરવથી ગુરુની આગળ નહિ કહેનારી એવી લક્ષ્મણા સાધ્વી તીવ્ર તપ: અને ચારિત્રમાં રક્ત હોવા છતાં દુર્ગતિમાં ગઈ.

તે આ પ્રમાણે—

પ્રતિષ્ઠિત નામના નગરમાં જંબૂ નામના રાજા છે તેમને શ્રીમતી નામની પટ્ટરાણી છે.

રાજાને પુત્ર ઘણા છે પણ એક પણ પુત્રી નથી તેથી કુલદેવતાની આરાધના દ્વારા અનુક્રમે પુત્રી જન્મી.

સુંદર લક્ષણ યુક્ત હોવાથી લક્ષ્મણા નામે પ્રસિદ્ધિ પામી. રાજાને અતિશય વહાલી એ લક્ષ્મણા પુત્રી જ્યારે યૌવનવય પામી ત્યારે રાજાએ સ્વયંવર મંડપ રચ્યો.

લક્ષ્મણાએ પણ ઈષ્ટ વરના કંઠમાં વરમાળા પહેરાવી. રાજા પણ યથાવિધિ લગ્નની વિધિ પ્રવર્ત્તાવે છે ત્યારે લગ્નમંડપમાં = ચોરીમાં જ તેના પતિ અકસ્માત પંચત્વ = મરણ પામ્યા.

શોક વિધુર થયેલા રાજા પણ પુત્રી લક્ષ્મણાને કહે છે કે—હે વત્સે! પૂર્વકૃત કર્મોના ઉદયને ઇંદ્ર પણ અન્યથા કરવા સમર્થ નથી તો આપણે તો શું કરી શકીએ!!!

માટે હે પુત્રિ! પૂર્વ જન્મમાં ઉપર્જિત કરેલા અશુભ કર્મના ઉદયે તું વિધવા

થઈ છે, તોપણ હવે સઘળા દુઃખોના મૂળને જ નાશ કરનારી તપશ્ચર્યા આદરો જીવોની જયણા = દયા કરો અને વિવિધ પ્રકારના દાન આપો તથા જિનેશ્વરની પૂજા કરો, વૈરાગ્યને પોષનારા શ્રુતને ભણો, ઉદ્ભટ વેશનો ત્યાગ કરો અને વિભાવનો ત્યાગ કરીને સંયમ જીવનને નિરતિચાર રીતે પાલન કરતી શ્રમણીઓના પરિચયમાં રહીને આ જીવન ધર્મમય રીતે પૂર્ણ કરો.

પિતા એવા રાજાની ઉપરોક્ત હિતશિક્ષા ગ્રહણ કરીને તે લક્ષ્મણા પુત્રી ધર્મારાધના દ્વારા કાળ વ્યતીત કરે છે.

હવે એકદા તે નગરના બાહ્ય ઉદ્યાનમાં કેવલજ્ઞાની તીર્થનાથ પ્રભુ સમવસર્યા જંબૂ રાજા પરિવાર સાથે જિનેશ્વર વંદનાર્થે ઉદ્યાનમાં જઈ, પ્રભુને વંદન કરીને ઉચિત સ્થાને બેઠા ત્યારે પ્રભુએ પણ સંસારની અસારતાને વ્યક્ત કરતી ધર્મદેશના આપી.

પ્રતિબોધ પામેલા રાજા પ્રિયા પુત્ર અને પુત્રી લક્ષ્મણા સાથે દીક્ષા સ્વીકારીને રાજર્ષિ બન્યા.

તીર્થનાથ પ્રભુએ પણ સ્થવિર મુનિવરોને તથા સ્થવિરા પ્રવર્ત્તિનીને સમર્પિત કર્યા.

ચારિત્રની આરાધના સાથે શ્રુતજ્ઞાન ભણે છે અને તપશ્ચર્યા પણ કરે છે.

અનુક્રમે લક્ષ્મણા સાધ્વી બહુશ્રુત થઈ ત્યારે ગુરુણીએ પ્રવર્ત્તિની પદે સ્થાપી. શિષ્યાઓને વિવિધ શિક્ષા આપતી તથા શ્રાવકોઓને ધર્મમાં જોડતી સ્વયં પંચાચારની પાલના કરે છે.

એકદા ચટક = ચકલાના યુગલને મૈથુન ક્રિયામાં આસક્ત જોવાના નિમિત્ત માત્રથી ઉદયમાં આવેલા અશુભ કર્મોના કારણે લક્ષ્મણા સાધ્વી ચિંતવે છે કે—આ પક્ષિઓ ધન્ય છે કે—જેઓ સ્વચ્છંદ રીતે ક્રીડા કરી જીવને કૃતાર્થ કરે છે.

તેઓના આવા વિલાસ સુખને જોઈને પણ મને પરમ સુખ થયું છે. જો આવા વિલાસ ભોગ સુખને જોવા માત્રથી જ આટલું અપરિમેય સુખ થતું હોય તો સાક્ષાત્ મૈથુનના સમયે વિષયસુખને સેવી રહેલા એવા આ યુગલને કેટલું બધું સુખ થતું હશે તે તો હું જાણતી જ નથી પણ તે જ જાણે.

તો પછી જિનેશ્વરોએ આવા વિલાસ સુખને જોવાનું અને ભોગવવાનું મુનિજનોને કેમ નિવારણ કર્યું હશે?

હાં! હવે યાદ આવ્યું કે—આ જિનેશ્વર તો સંપૂર્ણ વીતરાગી છે. તેમને વેદ સંપૂર્ણ રીતે ક્ષય થયો છે. તેથી રાગી અને વેદી જીવોના દુઃખોનો તેમને અનુભવ જ નથી.

અથવા તો હા! ધિક્ મને!!! મેં આ અયોગ્ય ચિંતવ્યું છે.

અહહહહ!!! આ ચટક યુગલના મિથુનને જોવા માત્રથી પણ મારું ચિત્ત ચલાયમાન થયું અને પુરુષના સમાગમના સુખની અભિલાષાવાળી થઈ.

ખરેખર જિનેશ્વરોએ મિથુનની ક્રિયા પણ ન જ જોવી અને તેવા નિમિત્તોમાં ન ફસાઈએ તે માટે જે નવવાડ બતાવી છે તે યુક્તિયુક્ત જ છે.

પાપી એવી મેં અશુભ વિકલ્પો કરીને બહુ પાપકર્મ ઉપાર્જન કર્યું છે. જિનેશ્વરની પણ મોટી આશાતના કરી છે.

તો હવે ગુરુદેવ પાસે જઈને કરેલા પાપ કર્મોની આલોચના કરું, એમ ચિંતવીતે ગુરુ પાસે જવા ચાલે છે તેટલામાં અચાનક માર્ગે ચાલતાં પગમાં કાંટો વાગ્યો.

અપશુકન થયું એમ ચિંતવીને થોડી વાર ત્યાં બેસીને ચિંતવે છે કે—હું તો રાજપુત્રી છું. અખંડિત શીલવાળી છું, અને સર્વત્ર ખ્યાત યશઃ કીર્ત્તિવાળી છું.

જો આ વાત મારા માત-પિતા જાણશે તો મને ખૂબ જ લજ્જા = શરમ આવશે, તેથી આ વાત જાહેર કરવી તે યુક્ત નથી લાગતી.

અને આલોચના ન કરવાથી મહાન અનર્થ પણ જીવને સહેવા પડે છે. તેથી બીજાના વ્યપદેશ = બહાના દ્વારા ગુરુદેવને પૂછું કે—"જે આવું ચિંતવે તેને શું પ્રાયશ્ચિત્ત આવે." અને ગુરુ જે પ્રાયશ્ચિત્ત કહેશે તે તપશ્ચર્યાને સ્વયમેવ કરીને શુદ્ધ થઈશ.

કેમકે—આત્મશુદ્ધિ માટે તપશ્ચર્યા જ મુખ્ય કારણ છે માટે એ વાત વ્યક્ત કરવાનું કોઈ કારણ નથી.

ઇત્યાદિ મિથ્યાત્વમોહનીયના વિલાસને વશ થયેલી લક્ષ્મણા સાધ્વી ઉપરોક્ત વિકલ્પો કરીને, તથા ગુરુને પૂછીને સ્વયં તપશ્ચર્યા કરવા માંડી.

ચતુર્થભક્ત-છઠ્ઠભક્ત અઠ્ઠમભક્ત દશમભક્ત અને દુવાલસભક્ત તથા આંબિલ અને નાંવિ વિગેરે ૫૦ વર્ષ પર્યંત તીવ્ર તપશ્ચર્યા કરી તોપણ તે તપઃ શલ્ય સહિત હોવાના કારણે આત્મશુદ્ધિમાં સહાયક ન બન્યો.

આયુઃક્ષયે તે લક્ષ્મણા આર્યાનો આત્મા એક નગરમાં વેશ્યાની દાસીની કુક્ષિએ પુત્રી રૂપે જન્મી. ખંડોષ્ઠા નામે પ્રસિદ્ધિ પામતી તે પુત્રી અનુક્રમે યૌવનવયઃ પામી.

એકદા કુટ્ટિની = અક્કા એ ચિંતવ્યું કે—" મારી પુત્રી સાથે રમવા માટે આવેલા પણ આ લોકો રૂપ અને લાવણ્યથી સંપન્ન એવી આ દાસીની પુત્રીને જ અભિલાષા સાથે નિહાળે છે અને મારી પુત્રીને તો જોતા જ નથી.

તો હવે આ દાસીની પુત્રીના નાક કાન અને ઓષ્ઠ ને છેદી નાખું = કાપી નાખું કે જેથી કામુક લોકો આ દાસીપુત્રી સામે જુએ જ નહિં.

અથવા તો આવું અકૃત્ય કરવું યુક્ત નથી કેમકે આ દાસી પુત્રી પણ મારી પુત્રી તુલ્ય જ છે !!!

તો શું આ દાસીપુત્રીને ઘરમાંથી કાઢી મૂકું ? ના...ના...આ પણ યુક્ત નથી. કેમકે—અન્યત્ર જશે તો ત્યાં પણ તેના રૂપની અતિશયતાથી કોઈ પણ તેને આશરો જરૂર આપશે.

તો હવે આ દાસીપુત્રીની યોનિને સીવી નાખું અને પગમાં બેડી પહેરાવું કે—જેથી અન્યત્ર જઈ જ ન શકે.

તીવ્ર રૌદ્રધ્યાનાધિરૂઢ થયેલી અક્કા ઈત્યાદિ ચિંતવીને યાવત્ સુએ છે. તેટલામાં આ તરફ કોઈક ક્ષુદ્ર વ્યંતર દેવતા અવધિજ્ઞાનથી સર્વ હકીકત જાણીને કરુણા ઉપજવાથી તે દાસીપુત્રીને સ્વપ્નમાં બધી વાત કહે છે.

દાસીપુત્રી પણ તત્કાલ આવા કપરા સંકટમાંથી બચવાના ઉપાયનો નિર્ણય કરીને વહેલી સવારે કોઈ ન જાણે તેવી રીતે વેશ્યાના મંદિરમાંથી નાશી છૂટી.

અનુક્રમે ભમતી ભમતી તે ખંડોષ્ઠા નામની દાસીપુત્રી ૭ મહિને સંખડ નામના બેડામાં = નાના નગરમાં પહોંચી.

ત્યાં એક ધનવંત ગૃહસ્થ તેને જોઈને રૂપાતિશયથી મોહિત થઈ પોતાને ઘેર લઈ જાય છે.

તે ધનવંતની સ્ત્રીએ આ આગંતુક સ્ત્રીને જોઈને ચિંતવ્યું કે—

કૂવામાં ઝંપાપાત કરી ડૂબી મરવું સારું,
અગ્નિમાં પ્રવેશીને સળગી જવું સારું,
શૂલીમાં ભેદાઈને આયુ: પૂર્ણ કરવું સારું,
તલવારથી છેદાઈ જવું સારું,
સર્પના ડંખાવાથી પરલોકગમન સારું,

પરંતુ અન્ય સ્ત્રી સાથે પ્રેમ કરતા પતિને જોવું તે અનિષ્ટ જ છે.

એમ ચિંતવીને આગંતુક સ્ત્રીના છિદ્રોને શોધતી નિરંતર આર્ત્તધ્યાનાધિરૂઢ થઈ થકી કાળ ક્ષેપ કરે છે.

એકદા ભર ઊંઘમાં સૂતેલી ખંડોષ્ઠાને જોઈને તે સ્ત્રી ઊંબાડીયાને સળગાવીને ખંડોષ્ઠા પાસે આવીને તેને સળગાવે છે અને લોખંડના સળીયાથી માર મારે છે.

જ્યારે તે ખંડોષ્ઠા મરણ પામી ત્યારે તે સ્ત્રી તે ખંડોષ્ઠાના શરીરના ટુકડા કરી કરીને ખાળમાં ફેંકે છે.

એ અવસરે તેના પતિ ઘરમાં આવ્યા અને આવા અસમંજસ દૃશ્ય જોઈને સંવેગ ભાવથી ભાવિત ચિત્તવાળા થઈને જિનદીક્ષા સ્વીકારી અને યથાવિધિ ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા કરી સદ્ગતિ ગામી થયા.

આ તરફ લક્ષ્મણાનો જીવ પણ સંસારમાં ચિરકાલ પર્યંત પરિભ્રમણ કરતાં નરક અને તિર્યંગ્ગતિમાં અસહ્ય તીક્ષ્ણ દુઃખોને સહીને અનુક્રમે આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ જિનેશ્વરના શાસનમાં સર્વ કર્મ ખપાવી નિર્વાણ પદ પામશે.

માટે ગુરુની સન્મુખ સમ્યગ્ આલોચન કરો અને ભવ સમુદ્રમાં ડૂબો નહિં !!!

નહિં તો અક્ષત ગ્રંથિવાળી = શલ્યવાળી લક્ષ્મણા આર્યા = સાધ્વીની જેમ ચિરકાલ પર્યંત સંસારમાં રખડવું પડશે.

અને જે પુણ્યાત્મા આલોચના કરવાના પરિણામ સાથે જો ગુરુ પાસે જવા પ્રયાણ કરે અને કદાચ રસ્તામાં જ આયુષ્ય પૂર્ણ થાય તોપણ આરાધકભાવવાળો તે આત્મા સુગતિમાં જ જાય છે.

તથા જે સાક્ષાત્ ગુરુ પાસે આવીને વંદના વિધિ કરી યથાવસ્થિત આલોચના કરે છે તે આત્મા કદાચ તે જ ભવમાં મોક્ષે ન જાય તોપણ અમરત્વ = દેવગતિ તો અવશ્ય પામે જ.

આ રીતે ભૂતકાળમાં પ્રમાદ વશ પાપ કર્મ કર્યા પછી પણ ગુરુની સમક્ષ સમ્યગ્ આલોચન કરી પ્રાયશ્ચિત્ત દ્વારા આત્મશુદ્ધિ કરી અનંત આત્માઓ શાશ્વત સુખને પામ્યા છે.

માટે હે બહેન ! માયા = કપટ મૂકી દઈને દૃષ્ટિના થયેલા વિકારોની સમ્યગ્ આલોચના કરો !!!

ગુરુદેવના વચનો શ્રવણ કરી રોહિણીએ ચિંતવ્યું કે—આ મહારાજ તો વારંવાર મારા દોષોને જ પ્રગટ કરે છે" એમ ચિંતવી ક્રોધાવેશમાં આવેલી બોલી કે—હે મહારાજ ! નહિં કરેલા પાપને મેં કર્યા છે એમ કેવી રીતે કહું ? એમ બોલીને રોહિણી પોતાના ઘેર ગઈ.

ત્યારબાદ પ્રત્યેક સમયે ઉછળી રહેલા મત્સર = અભિમાનવાળી તે રોહિણી સમ્યક્ત્વને પામ્યા વિના જ અને સાધુ-મુનિવરોની નિંદા કરતી, ધર્મ માર્ગથી ભ્રષ્ટ થયેલી, તે શલ્ય સહિત જ મરણ પામી કુતરીના અવતારને પામી.

ઋતુકાળે નષ્ટ યોનિવાળી તે કુતરીની યોનિમાં કીડા ઉત્પન્ન થયા. પરૂ = રસીના કારણે આકર્ષાયેલી માખીઓ તેના શરીર ઉપર ચોતરફ બણબણે છે. સર્વત્ર હાંકી કઢાતી, કયાંય પણ ક્ષણવાર પણ સુખને નહિં પામતી તે ઘણા કષ્ટને સહન કરી આયુ:ક્ષયે મરણ પામી સર્પિણી થઈ.

સાપણના ભવમાં પણ એકદા દાવાનળમાં સળગી જઈ બળી મરીને નરકમાં નારક રૂપે ઉત્પન્ન થઈ.

નરકગતિના દુ:ખો ભોગવીને આયુ:ક્ષયે ચ્યવીને વાઘણ થઈ. વાઘણના ભવમાં પણ નિરપરાધી ત્રસ જીવોના વધને કરતી તે વાઘણ એકદા શિકારીથી હણાયેલી મરણ પામીને પુન: નરકમાં ઉત્પન્ન થઈ.

એ રીતે અસંખ્ય ભવ પર્યંત તીક્ષ્ણ લાખો દુ:ખોને સહન કરતી, તિર્યંચગતિ અને નરકગતિમાં પરિભ્રમણ કરતી એવી આ રોહિણી મનુષ્યગતિમાં સ્ત્રીના અવતારમાં દૌર્ભાગ્ય રોગ દારિદ્રય શોક તથા પ્રિયવિયોગાદિ અનેક દુ:ખો વારંવાર પામી.

કયારેક દેવગતિમાં ગઈ તો ત્યાં પણ દાસની જેમ પરવશપણું જ પામી.

આ રીતે ચાર ગતિ સ્વરૂપ સંસારમાં અસંખ્ય કાળ પર્યંત પરિભ્રમણ કરતી તે રોહિણીનો આત્મા એકદા ધન્યપુર નામના ગામમાં ગોવર્ધન નામના ગૃહસ્થની ધન્યિકા નામની પુત્રી થઈ.

અનુક્રમે તરૂણ પુરુષના લોચનને આકર્ષિત કરનારી તે ધન્યિકા યૌવનવયને પામી ત્યારે મદ્દહર નામના ગૃહસ્થે જોઈ અને પોતાના પુત્ર માટે ગોવર્ધન પાસે કન્યાનું માગું કર્યું ગોવર્ધને પણ અનુમતિ દર્શાવી, અને શુભ મુહૂર્ત્તે વિવાહોત્સવ પૂર્વક લગ્ન વિધિ પ્રવર્ત્તાવી.

પ્રથમ રાત્રિએ જ તેના અંગના સંગ માત્રથી જ પાપ રૂપ સળગતા અગ્નિના કુંડમાં ફેંકાયો હોય તેમ સંતાપને પામેલો તેનો ભર્ત્તા તેનાથી વિરક્ત થઈને તેને ઘરમાંથી કાઢી મૂકી.

ઘરમાંથી કાઢી મૂકાયેલી તે ધન્યિકા રડતી રડતી પિતાને ઘેર ગઈ. પિતા એ પણ આશ્વાસન આપીને ઘેર રાખી.

એકદા પોતાની ગાયોના ચારનારા સેવક = ગોવાળને કહ્યું કે—હે ભદ્ર! તમે મારી પુત્રીનું પાણિગ્રહણ કરી ઘરજમાઈ થાઓ!!!

તે સેવક = ગોવાળે પણ વાત સ્વીકારી ને પ્રથમ રાત્રિએ અંગસ્પર્શ માત્રથી જ થયો છે મોટો સંતાપ = બળતરા જેને એવો તે ગોપાળ તત્કાલ કોઈને પણ કહ્યા વિના જ ગામ છોડીને નાશી ગયો.

પતિના વિયોગથી વિષાદ પામેલી ધન્યિકાને પિતાએ કહ્યું કે—હે વત્સે! તારા ઉપરના વાત્સલ્યભાવથી મેં અકાર્ય પણ કર્યું, તોપણ તારા પૂર્વના પાપકર્મના દોષથી તે કાર્ય વિફળ થયું.

માટે હવે ખેદ મૂકી દઈને દાન-શીલ અને તપ ધર્મ ભાવ પૂર્વક કરતી મારા ઘેર જ રહીને સમય = જીવન પસાર કર.

એકદા ભિક્ષા = ગોચરી માટે આવેલા સાધુ-મહારાજને રોહિણીના આત્માએ પૂછ્યું કે—હે મહારાજ! તમે કોઈ મંત્ર કે તંત્ર જાણો છો કે—જેથી અન્ય વશ થઈ શકે?

મુનિવર બોલ્યા—અમારા ગુરુદેવ એવો મંત્ર જાણે છે કે—ત્રણે લોક વશ થઈ જાય!!!

ધન્યિકા બોલી—આપના ગુરુદેવ ક્યાં છે?

મુનિવર બોલ્યા—હે ભદ્રે! લોકોત્તર ગુણનિધિ ગુરુદેવશ્રી શીલાકર નામના આચાર્ય મહારાજ શિષ્યોના પરિવારથી પરિવરેલા નગરની બહાર લીલાકર નામના ઉદ્યાનમાં સમવસર્યા = બિરાજમાન છે.

ભોજન કર્યા બાદ પિતાજીની સાથે ધન્યિકા ગુરુદેવ પાસે ગઈ વંદન કરીને ઉચિત્ સ્થાને બેસીને વિનય પૂર્વક બોલી. કે—હે ભગવન્! વશીકરણ વિષયક મંત્ર કે તંત્ર કહો!!!

ગુરુદેવ બોલ્યા—હે ભદ્રે! ત્રણે લોકને વશ કરનારો, મનના ચિંતવેલ સમસ્ત અર્થની પ્રાપ્ત કરાવનાર જિનેન્દ્ર દર્શિત ધર્મ સર્વ મંત્ર અને તંત્રમાં શિરોમણિ છે.

જે જીવોએ જિનેશ્વર પરમાત્માએ બતાવેલા જયણામય ધર્મને વિધિ પૂર્વક સ્વીકારીને આદર્યો નથી તે જીવો અત્ર અને પરત્ર દુઃખાકુલ પણે = દુઃખ = દરિદ્રતાને અનુભવતા કાળ પસાર કરે છે.

પણ જેમ ચિંતારત્ન પ્રાપ્ત થયા પછી દરિદ્રતા પીડા કરે નહિ તેમ જિનેન્દ્ર કથિત ધર્મ આરાધ્યા પછી દુર્ગતિના દુઃખો કયારેય પણ જીવને જોવા ન મળે—

ગોવર્ધન બોલ્યો—હે ભગવન્! પૂર્વ ભવમાં આ મારી પુત્રીએ એવું તે શું અશુભ પાપ કર્મ કરેલ કે—જેથી આ ભવમાં આવા પ્રકારના દુઃખ દૌર્ભાગ્ય અને કલંકને પામી.

ગુરુદેવ જ્ઞાનના ઉપયોગથી ભૂતકાળ જોઈ જાણીને બોલ્યા—હે ભદ્ર! આ તમારી પુત્રીએ પૂર્વે એકદા રોહિણીના ભવમાં ગુરુદેવની અવજ્ઞા કરી હતી. અને તે દુષ્કૃત પાપ કર્મની આલોચના કર્યા વિના શલ્ય સહિત બાલમરણ પામીને અસંખ્યભવ પર્યંત તિર્યંચગતિ અને નરક ગતિમાં અનેક વર્ષો પર્યંત દુઃખ ભોગવીને અનુક્રમે મનુષ્ય અને દેવગતિમાં પણ પરવશતાદિ અનેક દુઃખો સહન કરતી અનુક્રમે આ ભવમાં તમારી પુત્રી રૂપે જન્મી છે.

ગુરુદેવના વચનો શ્રવણ કરી થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેને એવી ધન્યિકા ગુરુદેવના ચરણોમાં નમસ્કાર કરીને બોલી કે—હે ભગવાન્! આપ શ્રીમાન જે પ્રમાણે કહો છો તે સંપૂર્ણ સત્ય છે. આપની કૃપાથી તે પૂર્વ ભવોને હું પ્રત્યક્ષ હોય તેમ નિહાળું છું.

ગુરુદેવ બોલ્યા—હે ભદ્રે! આ લોકના કાર્ય માટે પણ લોકો દેવ અને ગુરુને નમસ્કાર કરી સેવા આદરે છે તો પછી પરલોકના માર્ગે પ્રયાણ કરનારા આત્માઓ દીપક સમાન ધર્માચાર્યને કેમ ન સેવે? અર્થાત્ સમજુ અને પ્રાજ્ઞ ગણાતા સર્વે લોકો દેવ અને ગુરુની ઉપાસના કરે જ છે.

જે જીવો યાવજ્જીવ સુધી ગુરુકુલ વાસને તજતા નથી તેઓ ધન્ય છે અને તેઓ જ સમ્યગ્દર્શન પૂર્વક સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આરાધીને પરમપદ પ્રાપ્ત કરે છે.

અને જે જીવો મિથ્યાત્વ મોહનીયકર્મ પરવશ થઈને ગુરુની આજ્ઞા સ્વીકારતા નથી અને ઉન્મત્ત થઈ ગુરુની અવજ્ઞા કરીને કાય કષ્ટ સ્વરૂપ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ દુવાલસ ભક્ત અર્ધમાસ અને માસક્ષપણની તપશ્ચર્યા કરે છે તેઓ મોહનીય કર્મની સાથે શેષ સાતે કર્મોને ઉપાર્જન કરી અનંત કાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

ગુરુના વચનો શ્રવણ કરીને કર્મોની લાઘવતાથી થઈ છે ધર્મની યોગ્યતા જેનામાં એવી ધન્યિકા પૂર્વ ભવસંબંધી આલોચના ગુરુસમક્ષ કરીને સમ્યક્ત્વ મૂલ શ્રાવકધર્મને સ્વીકારી વિવિધ તપશ્ચર્યા આદરે છે.

તથા કલ્પનીય પ્રાસુક અને એષણીય એવા વસ્ત્ર-આહાર-જલ-પાત્ર-શય્યા વિગેરે જે કંઈ ગુરુદેવને સંયમારાધનામાં ઉપયોગી હોય તે સર્વે ઉપકરણો ભાવ ભક્તિ-પૂર્વક અર્પણ કરે છે = વહોરાવે છે.

અનુક્રમે પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ક્ષયોપશમથી થયા છે ચારિત્રના પરિણામ જેને એવી ધન્યિકા વધતે પરિણામે ઉલ્લાસાયમાન થતી શ્રદ્ધા અને સંવેગ પૂર્વક દીક્ષા ગ્રહણ કરે છે.

અનુક્રમે ગ્રહણ અને આસેવન શિક્ષા સાથે ગુરુદેવ અને પ્રવર્ત્તિનીની આજ્ઞાને આદર અને બહુમાન પૂર્વક પાલન કરે છે. વધારે શું કહું પણ શ્વાસોચ્છ્વાસ અને આંખના પલકારા સિવાય સર્વ કાર્ય વડિલોને પૂછી પૂછીને જ સમ્યગ્ પ્રકારે કરે છે.

ગુરુદેવની આજ્ઞાથી વિધિપૂર્વક સ્વીકાર્યા છે વ્રતોને જેણે એવી તે ધન્યિકા સાધ્વી વીશ લાખ વર્ષ પર્યંત નિરતિચાર ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા કરી સમાધિપૂર્વક નરદેહને તજીને સુધર્મ દેવલોકમાં દેવતા થઈ, અને ત્યાંથી આયુ: ક્ષયે ચ્યવીને આ તમારી વિમલમતી નામની પ્રિયતમા થઈ છે, તથા ગુરુની ભક્તિના ફળ સ્વરૂપે વિશુદ્ધિ બુદ્ધિ અને વિપુલ ભોગસુખને પામી છે.

તથા જે પૂર્વ ભવમાં ગોવર્ધન નામના જનક હતા તે ધન્યિકાને સુકૃત કરાવવાના પરિણામે થયેલા શુભ કર્મના યોગે દેવલોકમાં દેવ થઈને આયુ: ક્ષયે ચ્યવીને તેના પતિ એવા તમે ધનમિત્ર થયા છો.

ગુરુના વચન શ્રવણ કરીને ધનમિત્ર અને વિમલમતી ચિંતવે છે કે—નટના પેટક તુલ્ય એવા આ સંસારને ધિક્કાર થાઓ! કે જ્યાં પૂર્વ ભવના પિતા ભવાંતરમાં પતિ થાય છે અને પૂર્વ ભવની પુત્રી ભવાંતરમાં ભાર્યા થઈ છે.

તો આવા વિડંબનાના ભાજન તુલ્ય એવા આ સંસારમાં કયો મતિમાન્ = બુદ્ધિશાળી આત્મા રમે = વિલાસ કરે? અર્થાત્ કોઈ જ પ્રાજ્ઞ પુરુષ આવા સંસારને ઇચ્છે જ નહિ.

ઇત્યાદિ સંવેગ ભાવના ભાવિત ચિત્તવાળા તે બંને જણા જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવી તથા દીનાનાથાદિને યથોચિત દાન આપી સર્વસંગના પરિત્યાગ સ્વરૂપ દીક્ષા સદ્ગુરુના યોગમાં આદરે છે.

ગુરુદેવની આજ્ઞાનુસાર છઠ્ઠ-અઠ્ઠમ આદિ તપશ્ચર્યાને કરવા સાથે નિરતિચાર ચારિત્રને આરાધીને ધનમિત્ર અને વિમલમતી ઘાતિકર્મ ક્ષયે કેવલજ્ઞાન પામી અનુક્રમે અશેષ કર્મનો ક્ષય કરી પરમપદ = શાશ્વતપદને પામ્યા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં ગુરુની અવજ્ઞા અને ભક્તિના સ્વરૂપને વ્યક્ત કરતી વિમલમતીની કથાના વર્ણન સ્વરૂપ પચ્ચીસમો પ્રસ્તાવ સમાપ્ત.

વાચકવરશ્રી માનવિજય વિરચિત

પિંડસ્થ ધ્યાન ગર્ભિત શ્રી સુમતિનાથ જિન સ્તવન

રૂપ અનૂપ નિહાળી સુમતિ-જિન ! તાહરૂં,
છાંડી ચપળ સ્વભાવ ઠર્યું મન માહરૂં,
રૂપી સ્વરૂપ ન હોત જો જગ તુજ દીસતું,
તો કુણ ઉપર મન કહો અમ હીસતું.....॥ ૧ ॥

હોંસ્યા વિણ કિમ શુદ્ધ સ્વભાવને ઇચ્છતું,
ઇચ્છ્યા વિણ તુજ ભાવ પ્રગટ કિમ પ્રીછતું,
પ્રીછ્યા વિણ કિમ ધ્યાન-દશામાંહિ લાવતા,
લાવ્યા વિણ રસાસ્વાદ કહો કિમ પાવતા.....॥ ૨ ॥

ભક્તિ વિના નવિ મુક્તિ હોયે કોઈ ભગતને,
રૂપ વિના તો તેહ હોયે કિમ વ્યગતને,
ન્હવણ વિલેપન માળ પ્રદીપ ને ધૂપણા,
નવ નવ ભૂષણ ભાલ-તિલક શિર ધૂંપણા.....॥ ૩ ॥

આમ શત પુણ્યને યોગે તુમે રૂપી થયા,
અમૃત સમાણી વાણી ધરમની કહી ગયા,
તેહ આલંબને જીવ ઘણાએ બૂઝીયા,
ભાવી ભાવના જ્ઞાને અમો પણ રીઝીયા.....॥ ૪ ॥

તે માટે તુજ પિંડ ઘણા ગુણ કારણો,
સેવ્યો ધ્યાયો હોયે મહા ભય વારણો,
શાંતિવિજય બુધ શીશ કહે ભવિકા જના,
પ્રભુનું પિંડસ્થ ધ્યાન કરો થઈ એક મના.....॥ ૫ ॥

॥ શ્રી સુમતિનાથ જિનેશ્વરાય નમો નમઃ ॥



પ્રસ્તાવ ૨૬ મો

गुरुसेवं कुणमाणोऽवि जो न कोहग्गि निग्गहं कुज्जा ।
दोगच्चदलणदच्छं धम्मवणं डज्झए तस्स ॥ १ ॥

ગુરુની સેવાને કરનારો પણ જો ક્રોધ રૂપ અગ્નિને ઉપશાંત ન કરે તો દુર્ગતિને દલન કરવામાં દક્ષ = ચતુર એવું ધર્મ રૂપ ધન તેનું બળીને ભસ્મ થઈ જાય છે.

જાહેરમાં મંત્રણા કરવી.

અરણ્યનાં જઈને રડવું અને

અંધારામાં નૃત્ય કરવું એ જેમ વિફલ છે તેમ ઉપશમ = ક્ષમા રહિત જીવના ધર્માનુષ્ઠાનો પણ વિફલ જ છે.

કાર્યાકાર્યની વિચારણા રૂપ ચૈતન્યને હરણ કરનારા મદિરાના પાન જેવા કોપ ને કોણ પ્રાજ્ઞ પુરુષ મનમંદિરમાં પ્રવેશ કરવા દે ? અર્થાત્ કોઈ જ નહિ !!!

સારી રીતે સળગેલો અગ્નિ નજીકના જ પદાર્થોને દહે છે = બાળે છે જ્યારે ક્રોધ રૂપ અગ્નિ તો પોતાના આશ્રય રૂપ આત્માને અને પર આત્માને પણ દઝાડે છે = બાળે છે.

અને એટલા માત્રથી તૃપ્ત નહિ થયેલો તે કાયાગ્નિ ક્ષમા રૂપ જલનો યોગ ન મળે તો અનેક ભવ પર્યંત પાછળ પાછળ આવીને અનેકાનેક આત્માને દઝાડે છે.

અસભ્ય વચન રૂપ પરુ = રસીથી યુક્ત અને કલુષિત અધ્યવસાય રૂપ કૃમિઓથી આકુલ = વ્યાપ્ત એવો સડેલ કુતરા જેવો ક્રોધ જીવના ધર્મ રૂપ શરીરનો વિનાશ કરે છે.

જે પુણ્યાત્મા જિનવચન રૂપ મેઘના સમૂહમાંથી પ્રગટ થયેલા પ્રશમ રૂપ અમૃતથી = જલની ધારાથી ક્રોધ રૂપ દવાનલને બુઝવે છે = શાંત કરે છે તે મનુષ્યનો ધર્મરૂપ વન શિવરૂપફલને આપવા સમર્થ બની શકે છે.

જે મૂઢમતિ આત્મા કોપને શમાવી શકતો નથી તે આ લોકમાં અને પરલોકમાં કપિલની જેમ દુઃખો પામે છે અને જે પ્રયત્નપૂર્વક કોપને શમાવે છે તે પુણ્યાત્મા કેશવની જેમ કલ્યાણની પરંપરા હસ્તગત કરે છે.

ક્રોધ વિશે કપિલ અને ક્ષમા વિશે કેશવની કથા—

આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં વિવિધ પ્રકારના મણિ-રત્નથી મંડિત પ્રાસાદની શ્રેણીવાળી વિદર્ભા નામની નગરી છે.

તે નગરીમાં વિક્રમસેન નામના રાજા છે કે જે—

।। ૧ ।। **सूरोऽवि न कमलोवयारओ ।** વિરોધાલંકાર॥

વિરોધ—સૂર = સૂર્ય હોવા છતાં પણ કમલોપકારક નથી—

પરિહાર—સૂર = શૂરવીર છે માટે કમલા = લક્ષ્મીની સેવા કરતો નથી.

।। ૨ ।। **सोमोऽवि न दोसायरो ।** વિરોધાલંકાર।

વિરોધ—સોમ = ચંદ્ર હોવા છતાં પણ દોષા = રાત્રિને કરનારો નથી.

પરિહાર—સોમ = સૌમ્ય છે માટે જ દોષ = અવગુણનો ભંડાર નથી.

।। ૩ ।। **वसुधानंदणोऽवि न वक्को ।।** વિરોધાલંકાર॥

વિરોધ—વસુધા = પૃથ્વીનો પુત્ર (મંગળ) હોવા છતાં વક્ર નથી.

પરિહાર—વસુધા = પૃથ્વીને આનંદ આપનારો છે માટે વક્ર નથી.

તે વિક્રમસેન રાજાને રૂપ અને લાવણ્યથી પરાજિત કરી છે સુરસુંદરીને જેણે એવી **રતિસુંદરી** નામે પટ્ટરાણી છે.

તે રાણીની કુક્ષિએ જન્મેલો શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર તથા કુંદપુષ્પ જેવો ઉજ્જવળ અને નિર્મળ ગુણવાળો **ગુણસેન** નામે પુત્ર છે.

તે ગુણસેનને સાવકી માતા = અપરમાતાથી જન્મેલો ચંદ્રસેન નામનો ભાઈ છે.

સરલ સ્વભાવવાળો ગુણસેન ચંદ્રસેન ઉપર સ્નેહ ભાવ રાખે છે જ્યારે કુટિલ ચિત્તવાળો ચંદ્રસેન સદ્ભાવ વિનાનો કપટ સ્નેહ ભાવ દાખવે છે.

બાલ્યકાળથી જ વિષયસુખમાં વિમુખ એવો ગુણસેન માત-પિતાના આગ્રહથી જ ગૃહવાસમાં નિવાસ કરે છે.

એકદા ઉગ્ર વિષના વિકારથી ઉત્પન્ન થયેલ તીવ્ર વેદનાથી મૂર્ચ્છિત થયેલો ગુણસેન નિમીલિત લોચનવાળો થઈને પૃથ્વીપીઠ ઉપર ગબડી પડ્યો.

તે સમયે પરિજન એવા સેવકોએ કોલાહલ મચાવ્યો. જ્ઞાત વૃત્તાંત રાજા પણ "હા! આ શું થયું?" એમ બોલતા સંક્ષોભાયમાન ચિત્તવાળા તત્કાલ ત્યાં આવ્યા.

તથાવિધ મૂર્ચ્છિત અવસ્થામાં રહેલા ગુણસેનને જોઈને રાજાએ જાણ્યું કે—"ઝેરની અસરથી આવી અવસ્થા થઈ છે." તત્કાલ મંત્ર-તંત્રને જાણનારાઓને તથા વૈદ્યોને સેવક દ્વારા બોલાવ્યા.

કુશળ વૈદ્યોના તત્કાલ વિષ નિગ્રહના ઉપચાર દ્વારા થોડી વારમાં ઝેર ઉતરી ગયું, ત્યારે સ્વસ્થ થયેલા ગુણસેન રાજકુમાર આંખ બોલીને નિહાળે છે કે—આ શું? કેમ બધા ભેગા થયા છે?

વિકસિત લોચનવાળા ગુણસેનને જોઈને બધા જ હર્ષાયમાન થયા. રાજાએ પણ રત્ન મંડિત સુવર્ણના આભૂષણના દાનથી વૈદ્યને સંતોષીને વિસર્જિત કર્યો.

હવે આવું અકાર્ય કોણે કર્યું છે? એની તપાસ રાજાએ શરૂ કરી. તપાસ કરતાં જણાયું કે—આ ચંદ્રસેને જ આવું અનુચિત કાર્ય કર્યું છે.

ગુણસેન પણ બધી વાત જાણીને, થયો છે સંસારના વિષયસુખ પ્રત્યે વિરાગ જેને એવો તે ચિંતવે છે કે—"સંસારના સ્વરૂપને ધિક્કાર છે કે—જ્યાં મહામોહથી તરલિત = ચંચલ થયેલા જીવો વિષયસુખમાં આસક્ત થઈને કાર્યાકાર્યને પણ જાણી શકતા નથી.

કિંપાકના ફળ જેવા આપાત મધુર અને પરિણામે દુઃખના હેતુ એવા આ સંસારના વિષયસુખથી સર્યું, મારે સંસારના સુખનું જરાપણ કામ = પ્રયોજન નથી.

જો કદાચ પુણ્યના યોગે સદ્ગુરુનું દર્શન થાય તો પરમકૃપાળુ એવા તેઓના ચરણોમાં પ્રવ્રજ્યા સ્વીકારું."

કેટલાક દિવસો પસાર થયા ત્યારે દિવ્યજ્ઞાનથી જાણ્યા છે ત્રણે કાળના સ્વરૂપને જેમણે એવા તથા મહા પુણ્યના પ્રાગ્ભાર = સમૂહથી દર્શન માત્રમાં આનંદિત કર્યા છે જગતના જીવોને જેમણે એવા જીવાનંદ નામના ગણધર ભગવંત શિષ્યોના પરિવારથી પરિવરેલા નગરના બાહ્ય ઉદ્યાનમાં સમવસર્યા.

રાજા તથા પ્રજા પરિવાર સાથે ગુરુવંદન કરવા ઉદ્યાનમાં જાય છે. ગુણસેન પણ મિત્રોની સાથે ઉદ્યાનમાં આવે છે.

દેવ વિરચિત સુવર્ણ કમલ ઉપર બિરાજમાન એવા જીવાનંદ ગણધર પ્રભુને વંદન કરીને બધા ઉચિત સ્થાને બેઠા ત્યારે.

તત્કાલ વિજૃંભમાણ = વિસ્તાર પામતા પ્રમોદના સમૂહથી તન્મય બનેલો ગુણસેન રાજકુમાર લલાટ પાસે કર સંપુટ ધારણ કરીને બોલવા લાગ્યો કે—

"હે મુનિનાથ! આજનો મારો દિવસ ધન્ય છે. આજે મારા લોચન યુગલ = બંને આંખો કૃતાર્થ થઈ છે. આજે મારા હાથમાં જ સઘળા કલ્યાણની માળા સ્વયં આવી છે ભવ-સમુદ્ર પણ ગોષ્પદ = ખાબોચીયાની જેમ સુખેથી ઉતરી શકાય તેવો થયો છે. આજે હું ધન્ય છું કે જે મેં વિશિષ્ટ પુણ્યોદયે સાક્ષાત્ મૂર્ત્તિમંત ધર્મ જેવા એવા આપને નિહાળ્યા છે."

ઇત્યાદિ રોમાંચિત વપુ:વાળા ગુણસેન રાજકુમાર ગણધર પ્રભુની સ્તુતિ કરીને તથા શેષ મુનિવરોને પણ "મત્થએણ વંદામિ" બોલવા પૂર્વક પ્રણામ કરીને ઉચિતાસને બેસે છે ત્યારે ગણધર પ્રભુએ ભવના = સંસારના પ્રબંધ = વિસ્તારને નાશ કરનારી ધર્મ દેશના આપી.

અવસર મેળવીને ગુણસેન પૂછે છે કે—હે ભગવન્! આ બધા લોકો કહે છે કે—ચંદ્રસેન ઘણો જ ચતુર છે તો તે વાત સાચી છે કે ખોટી?

ગણધર—તે વાત સાચી છે!!!

ગુણસેન—હે ભગવન્! તો પછી અત્યંત કરુણાલુ એવા મારા ઉપર જે કોપ ધારણ કરે છે તો તેમાં શું કારણ છે?

ગણધર પ્રભુ બોલ્યા—પૂર્વ ભવના અભ્યાસથી જ તને આના ઉપર કરુણા છે અને ચંદ્રસેનને તારા ઉપર કોપ છે.

ગુણસેન—હે ભગવન્! તે કેવા રીતે? જીવાનંદ ગણધર પ્રભુ બોલ્યા—હે સૌમ્ય! સાવધાન થઈને સાંભળ!

આ જ જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી નામની વિજય છે. તેમાં મંગલપુર નામનું નગર છે.

તે નગરમાં હરિવિક્રમ નામના રાજા છે તેમને વેદવેદાંતમાં પારંગત એવો સોમદત્ત નામનો પુરોહિત છે. તે પુરોહિતની અર્ધાંગના સોમિલની કુક્ષિએ જન્મેલા કપિલ અને કેશવ નામના બે પુત્ર છે. જ્યારે વિદ્યા અભ્યાસને યોગ્ય થયા ત્યારે ઉપાધ્યાય પાસે ભણવા મોકલ્યા.

વિદ્યા અભ્યાસ કરતાં મતિની મંદતાથી કપિલ ઘણા કાળ ભણવા છતાં પણ કોઈ પણ વિદ્યાને બરાબર ગ્રહણ કરી શકયો નહિ.

જ્યારે કેશવ નિપુણ બુદ્ધિવાળો હોવાથી થોડા કાળમાં સારી વિદ્યા પ્રાપ્ત કરી.

તે સમયે શેષ વિદ્યાર્થીઓ દ્વારા ડગલે ને પગલે કપિલ ઉપહાસને પાત્ર બને છે. વિદ્યાર્થીઓના ઉપહાસથી ચિત્તમાં ખેદને પામતો તે કપિલ કેશવ ઉપર પ્રદ્વેષ રાખે છે.

દુષ્ટ ચિત્તવાળો તે કપિલ વિદ્યાભ્યાસ કરવો છોડી દે છે અને કેશવ તો સર્વ શાસ્ત્રોના પરમાર્થને જાણનારો દિગંત વિદ્વાન થયો.

હવે જ્યારે તેના પિતા સોમદત્ત પુરોહિત કાળધર્મ = મરણ પામ્યા ત્યારે રાજાએ ચિંતવ્યું કે—આ કેશવ ગુણાધિક છે અને પુરોહિત પદને યોગ્ય છે તેથી રાજાએ કેશવને પુરોહિત પદે સ્થાપ્યો.

કેશવ પણ રાજા મંત્રી સેનાપતિ અને મહાજન પ્રમુખ લોકોને સંમત થયો, અને આ કેશવ ગુણી છે વિદ્વાન છે, શુદ્ધ બુદ્ધિવાળો છે પરહિતરક્ત છે અને કુશલ અનુષ્ઠાનમાં તત્પર છે. ઇત્યાદિ રીતે યશઃકીર્ત્તિને પામ્યો.

જેમ જેમ કેશવનો યશોવાદ વિસ્તાર પામવા લાગ્યો તેમ તેમ કપિલના મનમાં માત્સર્ય ભાવ પણ વધવા લાગ્યો.

ગુણગણથી સ્તુતિ સત્કાર-અને સન્માનને મેળવતા ગુણિજનને દેખીને સહન ન કરી શકનારો ખલપુરુષ ગુણવંત ઉપર પ્રદ્વેષ ધારણ કરે છે. અહો! ખલપુરુષોનો સ્વભાવ જ અપૂર્વ = વિચિત્ર હોય છે!!!

એકદા મત્સરભાવને વશ થયેલો કપિલ વિશિષ્ટ પુરુષોની આગળ કેશવના દોષો કહે છે ત્યારે તેની મા બોલી—હે વત્સ! હે કપિલ! પોતાના કુશલની અભિલાષા રાખનારા પુરુષે પરના છતા કે અછતા પણ દૂષણો કહેવા ન જોઈએ.

પરના દોષો કહેવા માત્રથી ગુણિજન એવો પુરુષ તે કંઈ નિર્ગુણ બનતો નથી અને જો પોતે સ્વયમેવ જ ગુણી હોય તો પરના દોષો કહેવાનું શું પ્રયોજન છે?

પરના દોષ બોલવાથી જો ઋદ્ધિ = સંપદા મળતી હોય તો, તે તેવી ઋદ્ધિ સંપદાથી સર્યું!!!

સદ્ગુણો મેળવવા તે જ સજ્જનનું લક્ષણ છે = ભૂષણ છે.

ગુણનિધિ એવા પોતાના બંધવના દોષોને જો તું બોલે છે તો તું સ્વયમેવ પોતાના આત્માને તૃણથી પણ લઘુ = હલકો કરે છે.

એ પ્રમાણે માતાએ સમજાવ્યું તોપણ પોતાની દુષ્ટતાને નહિ છોડતો કપિલ ઘીથી સિંચાયેલા પ્રજ્વલિત અગ્નિની જેમ રોષથી પ્રજ્વલિત થયો.

હજારો ઉપદેશથી પણ પિશુન = દુર્જન સુજ્જનત્વને પામતો નથી. વારંવાર સમજાવવા છતાં શું ઉન્મત્ત સુધરે ખરા? તાંબા ને પરિકર્મણા કરીને ગમે તેટલા ચળકાટમાં લાવો તોપણ સુવર્ણની જેમ સદા કાળ દેદીપ્યમાન તો નહિ જ રહે!!!

ગુણગ્રાહી એવા કેશવના દોષોને શોધતા એવા કપિલના દિવસો આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પસાર થાય છે.

અને કેશવ તો જરા પણ સંક્લેશ ન થાય તેવા ઉપયોગ પૂર્વક શુભ વિચારોમાં દિવસો વ્યતીત કરે છે.

એકદા કેશવ પરિવાર સાથે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયો. વિવિધ પ્રકારની ક્રીડા કરતી વેળાએ ક્રીડામાં જ જેનું મન આક્ષિપ્ત છે એવા કેશવને રાત્રિના સમયે કોઈ ન જાણે તેવી રીતે કોઈ કે છુરી મારી.

અચાનક આવી ઉપાધિ આવેલી જોઈ પરિજનોએ કોલાહલ કર્યો.

તત્કાલ વિવિધ શસ્ત્રોને ધારણ કરનારા રાજપુરુષો = સિપાઈઓ આવ્યા. તે સમયે અકાર્ય એવા કાર્યને કરવાથી ગભરાયેલા હૃદયવાળા અને તેથી જ સ્ખલના પામતા એવા તે છુરીના પ્રહારને કરનારા પુરુષને રાજસેવકો = સુભટોએ હુંકારો કરીને પકડીને તલારક્ષક = કોટવાલને સોંપ્યો.

અરે! આ તો કપિલ છે એમ કપિલને ઓળખીને કોટવાલે રાજાને સમાચાર જણાવ્યા.

રાજાએ ચિંતવ્યું કે-અહો! ઉત્તમકુલમાં જન્મેલો એવો આ કપિલ પણ જો ઉભયલોકને વિરૂદ્ધ એવું આચરણ કરતો હોય તો હા! ધિક્ ખેદ. ખૂબ જ દુઃખની વાત છે!!!

આ તરફ પરિજનો કેશવને ઘેર લઈ ગયા અને વૈદ્યો દ્વારા ચિકિત્સા કર્મ કરાવ્યું.

રાજા પણ કેશવને ક્ષેમ-કુશળ પૂછવા કેશવના ઘેર આવીને પૂછ્યું કે હે કેશવ! શરીર સારૂં છે ને! તથા ઘણા ખેદ-સંતાપને ધારણ કરવા પૂર્વક બોલ્યા કે—

સર્વ જીવોને સંતોષ આપનારા તથા પરને પીડા આપવામાં પરાઙ્મુખ એવા તમારા જેવા ઉત્તમ પુરુષો ઉપર પણ દુષ્ટાત્મા એવા કપિલે આવું લોકવિરૂદ્ધ આચરણ કર્યું છે તે ખેદની વાત છે.

અથવા તો આ વાતમાં = બનાવમાં કોઈ જ આશ્ચર્ય નથી કેમકે-સકલ લોકના નયનોને સુખ = આપનારા મૃગાંક = ચંદ્રને શું રાહુ કવલિત = કોળીયો કરતો નથી ? અર્થાત્ કરે જ છે !!!

રાજાના વચનો શ્રવણ કરી કેશવ બોલ્યો - હે નરાધીપ ! આમાં કપિલનો કોઈ દોષ નથી પરંતુ પૂર્વ જન્મમાં ઉપાર્જિત કરેલા મારા કર્મોનો જ આ કડવો વિપાક = ફળ છે.

સંપૂર્ણ વિશ્વમાં જે પણ જીવો વિધવિધ પ્રકારના સુખ કે દુઃખ અનુભવે છે તે ખરેખર તો પૂર્વ ઉપાર્જિત કરેલા શુભ કે અશુભ કર્મોના ફળ જ છે.

અર્થાત્ જીવ પોતાના કર્મથી જ સુખી કે દુઃખી થાય છે, તથા સામેનો વ્યક્તિ તો તેમાં કેવળ નિમિત્ત માત્ર જ હોય છે.

માટે હે રાજન્ ! આમાં કપિલનો કોઈ જ દોષ નથી, પણ દોષ છે મારા પોતાના કર્મનો જ !!! અને વાસ્તવમાં આ જ પરમાર્થ છે. આ જ રહસ્ય છે.

કેશવની વાત સાંભળીને પ્રસન્ન મુખવાળા રાજા બોલ્યા—અહો ! આ કેશવના હૃદયમાં કેવો અપૂર્વ વિવેક છે !!! કેવો પ્રશમભાવ સ્ફુરાયમાન છે તથા વિશુદ્ધ બુદ્ધિ અને નિર્મળ ચરિત્ર પણ ચમત્કાર ઉપજાવે તેવા છે !!! કે જે આવા પ્રકારના અપરાધને કરનારા ઉપર જરા પણ પ્રદ્વેષ ધારણ કરતો નથી.

અથવા સજ્જનની આંખમાં કોપ કયારેય પણ જોવા જ મળતો નથી.

શું કયારેય પણ ચંદ્ર મંડળમાંથી અંગારા વરસતા જોયા છે ? અથવા સાંભળ્યા છે ? નહિ જ !!!

તેવી જ રીતે દુર્જન દ્વારા ગમે તેટલો પીડા પામતો હોય તોપણ સજ્જન કયારેય પણ કડવા વચન બોલશે જ નહિ, પણ મધુર વચન જ બોલશે. શું શેરડીને પીલનારાને શેરડી મધુર રસ નથી આપતી ?

ઇત્યાદિ વાર્તાલાપ કરી ક્ષણ વાર બેસીને રાજા રાજમંદિરે પહોંચ્યા.

કેશવ પણ કેટલાક દિવસે સ્વસ્થ શરીરવાળો થયો.

અકાર્યને કરનારો પણ બ્રાહ્મણ અવધ્ય છે એમ ચિંતવીને રાજાએ કપિલને દેશનિકાલનો આદેશ આપ્યો.

કપિલ પણ પરિભ્રમણ કરતો નિર્જન અટવીમાં પહોંચ્યો.

અટવીમાં પરિભ્રમણ કરતા તે કપિલને એકદા કોઈક સિંહે તરાપ મારીને ફાડી ખાધો.

રૌદ્રધ્યાનાધિરૂઢ તે કપિલ મરણ પામી રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

રાજાએ કરેલા દેશ પારના આદેશાનુસાર પોતાના જ કર્મથી દુ:ખને પામતા પોતાના જ સગા ભાઈને જોઈને થયો છે સંવેગ જેને એવા કેશવે મુનિરાજ પાસે ગૃહસ્થ ઉચિત સમ્યક્ત્વ મૂલ શ્રાવકના બાર વ્રત લીધા. યથાવિધિ ઘણા કાળ પર્યંત શ્રાવકધર્મને આરાધીને સમાધિપૂર્વક પંચત્વ = મરણ પામેલ તે કેશવનો આત્મા સુધર્મ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.

હવે આ તરફ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં માકંદી નામની નગરી છે. તે નગરીના બાહ્ય ઉદ્યાનમાં માકંદ = આંબા વિગેરે સુંદર અને રળીયામણા વૃક્ષો છે તથા શરદ ઋતુના ઉજ્જ્વળ વાદળ જેવા ભવનોની પંક્તિથી તે નગરી અલકાપુરીથી પણ અતિશય શોભે છે.

તે નગરીમાં વૈશ્રમણ = કુબેરથી પણ અધિક ઋદ્ધિનો સ્વામી એવો માણિભદ્ર નામનો શ્રેષ્ઠી છે કે—જે સદા કાળ શ્રમણ = મુનિવરોની પર્યુપાસના કરવા તત્પર છે.

તે માણિભદ્ર શ્રેષ્ઠીને દાક્ષિણ્યતા–દાન અને વિનયાદિ ગુણના સમૂહથી વિશ્વમાં મેળવ્યું છે નિર્મળ યશ: જેણે એવી સુયશા નામની ભાર્યા છે.

આ તરફ સુધર્મ દેવલોકમાં યથાવિધિ જિનેન્દ્ર પૂજાદિ સુકૃત કરણી કરવા સાથે દિવ્ય સુખોને ભોગવીને આયુ:ક્ષયે કેશવનો આત્મા દેવલોકમાંથી ચ્યવીને સુયશા શ્રાવિકની કુક્ષિમાં ગર્ભ પણે ઉત્પન્ન થયો.

પૂર્ણ માસે જન્મ થયો ત્યારે શ્રેષ્ઠીએ પુત્ર જન્મોત્સવની વધામણી પ્રવર્ત્તાવી. બારમા દિવસે જ્ઞાતિજનને આમંત્રી ભોજન—વસ્ત્રાભરણોથી સત્કાર–સન્માન કરીને સર્વ જ્ઞાતિજન સમક્ષ પુત્રનું કુબેરદત્ત નામ સ્થાપ્યું.

અનુક્રમે બીજના ચંદ્રની જેમ સકલ લોકને આનંદ આપતો કળા અને શરીરથી વૃદ્ધિ પામે છે. અભ્યાસ કાળે માત–પિતાએ કળાભ્યાસ કરવા ઉપાધ્યાયને સોંપ્યો. અને થોડા દિવસોમાં સર્વ કળા કુશળ થયો. અને પૂર્ણિમાના ચંદ્રની જેમ સર્વકળા અને શરીરગુણથી સંપન્ન એવા યૌવનવયને પામ્યો.

હવે આ બાજુ કપિલનો આત્મા પણ પહેલી નરકમાં ક્ષેત્ર જનિત—પરસ્પરકૃત

અને પરમાધામીદેવકૃત વેદનાને સહન કરતો સ્વાયુ:ક્ષયે ચ્યવીને આ જ ભરતક્ષેત્રમાં દેવનગરી તુલ્ય કૃતાંગલા નામની નગરીમાં ધનસાર નામના ગૃહસ્થની ધનશ્રી નામની ભાર્યાની કુક્ષિએ પુત્રી રૂપે જન્મી, અને દેવીલાના નામે પ્રસિદ્ધ થઈ.

યૌવનવયને પામેલી તે દેવીલા સાથે પૂર્વ કર્મના યોગે તે કુબેરદત્તના લગ્ન = વિવાહ થયા. પણ પૂર્વ ભવના કર્માનુસારે કુબેરદત્તને દેવીલા ઉપર વિશ્વાસ = શ્રદ્ધા સાચો સ્નેહ છે પણ દેવીલાને કુબેરદત્ત ઉપર બનાવટી સ્નેહ = પ્રેમ છે.

એકદા પીયર રહેલી દેવીલાને તેડવાને માટે કેટલાક અંગત પુરુષોની સાથે કુબેરદત્ત કૃતાંગલા નગરીએ ગયો.

ધનસાર શ્રેષ્ઠીએ કુબેરદત્ત જમાતા = જમાઈનું સ્વાગત કર્યું. આગ્રહ અને બહુમાન પૂર્વક પોતાના ઘેર થોડા દિવસ સ્થિરતા કરાવે છે.

કુબેરદત્ત પણ પોતાના ગુણ સમૂહથી શ્વસુર પક્ષને વિનોદ-પ્રમોદ કરાવતો થોડા દિવસ ત્યાં રહે છે પણ તે સમયે દેવીલા મનમાં ખેદ પામતી હતી.

હવે શુભ દિવસે પોતાના નગર તરફ પ્રયાણ કરવા કુબેરદત્ત તૈયાર થયો ત્યારે દેવીલા સાથે જવા ઇચ્છતિ નથી.

માત-પિતાએ કહ્યું હે વત્સે ! તું ખરેખર ધન્ય છે કે—આટલા બધા સૌભાગ્યાદિ ગુણનિધિ અને સકલ કલામાં કુશળ એવા વલ્લભ = સ્વામી મળ્યા છે. તો શા માટે વિષાદ યુક્ત મુખવાળી થઈને ખેદ પામે છે ?

માટે હે પુત્રિ ! તું પ્રાણનાથની સાથે સાસરે જા અને ત્યાં જઈને વડિલ જનો એવા સાસુ, સસરા-જયેષ્ઠ વિગેરેની સેવા-શુશ્રુષા કરજે, વડિલોની આજ્ઞા ઓળંગવી નહીં. !!! તથા સર્વત્ર ઉચિત પ્રતિપત્તિ = સેવા કરવી !

કુશીલનો સંગ તજવો !
પારકા ઘેર વિના કારણ એકલા જવું નહિ !
પારકાના દૂષણ બોલવા નહિ !
કટુ વચનથી પરિજનને પીડા કરવી નહિ !
ગમે તેવા પ્રસંગે પણ પતિથી પ્રતિકૂળ ન વર્ત્તવું !
પ્રાણ સંશય કાળે પણ શીલનું ખંડન ન કરવું !

ઇત્યાદિ માત-પિતાની હિત શિક્ષા સાંભળીને ઇચ્છા ન હોવા છતાં પણ આજ્ઞા માની = અર્થાત્ સ્વામી સાથે સાસરીયે જવાની વાત સ્વીકારી.

દેવદત્ત પણ દેવીલાને લઈને પોતાના નગર તરફ જાય છે. રસ્તામાં એકદા મધ્યાહ્ન કાળે દેવીલાએ સ્વામીને કહ્યું કે હે નાથ! મને તરસ ખૂબ જ લાગી છે. જો હમણાં પાણી મળે તો સારું, નહિ તો હવે મારા પ્રાણ ચાલ્યા જશે!!!

કુબેરદત્તે પણ રથને ઝાડની છાયામાં ઊભો રખાવીને પરિજનને કહ્યું કે—જાઓ આજુબાજુમાં તપાસ કરો કે-કયાંય પાણી છે કે—નહિ!!!

બધા જ પરિજનો ચોતરફ પાણી શોધવા લાગ્યા. અટવીમાં પાણીને શોધતા શોધતા તે સેવકો દૂર સુદૂર પહોંચ્યા.

આ તરફ કુબેરદત્ત પણ પ્રિયા સાથે ગાડામાંથી-રથમાંથી ઉતરીને સ્વયં પાણીને શોધે છે તો એક જીર્ણ અને પુરાણો કૂવો દેખાયો. પાસે જઈને જોયું તો કૂવો ખૂબ જ ઊંડો હતો અને પાણી પણ ઊંડું જ હતું તેથી પાણી મળવું મુશ્કેલ છે.

દેવીલા બોલી કે-મારી મોદક = લાડવાની ગાગર = ઘડા જેવું પીતળનું વાસણ વિશેષ છે ને! તેના કંઠમાં ઉત્તરીય વસ્ત્ર બાંધીને કૂવામાં નાખીને પાણી બહાર કાઢીએ. કેમકે મને તરસ ખૂબ જ લાગી છે. માટે તુર્ત તે પ્રમાણે કરી પાણી આપો!!!

કુબેરદત્ત પણ તે પ્રમાણે કરતાં યાવત્ ગાગરને કૂવામાં નાખીને ઊંચી-નીચી કરવા દ્વારા ગાગરમાં પાણી ભરે છે તેટલામાં કપટ ક્રિયામાં કુશળ એવી દેવીલાએ કુબેરદત્તને ધક્કો મારી કૂવામાં નાખ્યો. અને પોતે એકલી ત્યાંથી પાછી વળીને રડતી રડતી પિયર ગઈ.

રડતી રડતી એકલી દિકરીને ઘેર પાછી આવેલી જોઈને ખેદથી આકુળ મનવાળા માતા-પિતા આશ્વાસન આપવા પૂર્વક પૂછે છે કે—હે વત્સે! શા માટે રહે છે? માર્ગમાં જતાં ગુણનિધિ એવા જમાઈરાજને તો કુશલ છે ને? શું માર્ગમાં કોઈ ઉપદ્રવ થયો છે?

અનાવટી = બોટા ખેદથી વહી રહેલા આંસુને સારતી તે દેવીલા બોલી—હા! હા! નિર્દય કૃતાંત જેવા વિધિથી = ભાગ્યથી હું ખરેખર હણાયેલી છું.

માર્ગમાં જતાં નિર્જન એવા વનમાં જલને શોધવા માટે પરિજન દૂર ગયા ત્યારે ચોરો આવીને લુંટવા લાગ્યા ત્યારે આર્યપુત્ર તેમનો સામનો કરવા તૈયાર થયા.

આ દૃશ્યને જોઈને હું તો ત્યાંથી નાશી છૂટી અને અનુક્રમે અહીં આવી છું.

દેવીલાની વાત સાંભળીને સર્વ પરિજનો ચોચિંતા આવી પડેલા ઉપદ્રવનો

શોક-સંતાપ કરે છે અને કુબેરદત્તના ગુણોને મનમાં સ્મરણ કરતાં બોલે છે કે—અરે! જુઓ તો ખરા!!! સત્પુરુષોમાં ચૂડામણિ જેવા આ કુબેરદત્તને કેવો સંકટ આવી પડ્યો!!!

અરે! નિર્દય હે વિધાતા! તેં આવું શું કર્યું? અને આ દેવીલા પણ અભાગ્યવંતોમાં મુખ્ય કહેવાશે!!!

ઇત્યાદિ વિલાપ કરીને અને દેવીલાને મૃદુ = કોમળ વાણીથી બોલાવીને ઘરમાં રાખે.

ઘરના કાર્ય કરતાં અને રસોડામાં રસોઈ કરતાં, કાળા મેસ લાગેલા વસ્ત્રોવાળી બેદ પામતી તે દેવીલા કાળને વિતાવે છે.

આ બાજુ પાણીને શોધવા ગયેલા પરિજનો પાછા રથ પાસે આવીને જુએ છે તો કુબેરદત્ત કે દેવીલા કોઈ જ દેખાયા નહિ.

પરિજનોએ ચિંતવ્યું કે—ખરેખર ચોર લોકોનો જ આ ઉપદ્રવ થયો લાગે છે.

બેદ યુક્ત ચિત્તવાળા તે બધા જ પરિજનો રથ લઈને પોતાના નગરમાં ગયા અને શ્રેષ્ઠીને બધી વાત કહી. વાત સાંભળીને કુબેરદત્તના માત-પિતા બેદ-ચિંતા કરવા લાગ્યા.

હવે આ તરફ—કુબેરદત્ત જ્યારે કુવામાં પડ્યો ત્યારે નમસ્કાર મહામંત્રના સ્મરણથી પાણીમાં પડ્યો કે તત્કાલ પાણીમાંથી બહાર નિકળી અક્ષતાંગ એવો કુબેરદત્ત કુવામાં જ એ બાજુ ભેખડ ઉપર બેસે છે.

બીજે દિવસે તે માર્ગે થઈને પસાર થતો સુગુપ્ત નામનો સાર્થવાહ ત્યાં પડાવ નાખે છે = ઉતારો કરે છે. અને જલ શોધતા શોધતા તે કૂવા પાસે સાર્થના પુરુષો આવે છે. અને પાણી કાઢવા પ્રયત્ન કરે છે.

તે સમયે કુબેરદત્તે તે પુરુષોને કહ્યું કે—"ભો! ભો! મને આ કુવામાંથી બહાર કાઢો" સાર્થના પુરુષો પણ તત્કાલ સાર્થપતિ પાસે જઈને સર્વ સમાચાર આપે છે કે—તત્ક્ષણ સાર્થવાહ પણ તે કૂવા પાસે આવીને સાવચેતી પૂર્વક તે કુબેરદત્તને બહાર કાઢીને પોતાના પડાવમાં લાવે છે.

પડાવમાં આવ્યા પછી સુગુપ્ત સાર્થવાહ પૂછે છે કે—હે ભદ્ર! સંસાર જેવા દુસ્તર એવા આ કુવામાં તમે કેવી રીતે પડ્યા?

કુબેરદત્તે કહ્યું કે—તૃષાથી પીડાતો એવો હું પાણી કાઢતાં કાઢતાં અકસ્માત્ કુવામાં ગબડી પડ્યો.

સાર્થવાહે કહ્યું કે—હે ભદ્ર! તમે ચિંતા ન કરો!!! એમ કહી પુત્ર તરીકે સ્વીકારી ને સ્નાનાદિ કરાવી સારા વસ્ત્રો આભરણો પહેરાવી ભોજન કરાવ્યું. અને પુત્રની જેમ પોતાની નિકટમાં રાખે છે.

વિશ્વાસ પામેલા કુબેરદત્તે એકદા સાર્થવાહને કહ્યું કે—હે તાત! જોકે આપને હું વિશેષે ઓળખતો નથી તેમ જ આપ પણ મને વિશેષ ઓળખતા નથી તોપણ આપની કૃપાથી આનંદ–સંતોષ છે તોપણ મારા માત–પિતા મારા વિયોગથી ચિંતાતુર હશે. માટે કૃપા કરીને મને ઘેર જવાની રજા આપો!!!

સાર્થવાહે પણ ઘેર જવાની રજા આપી ત્યારે કુબેરદત્ત અનુક્રમે પોતાના નગરમાં આવી માત–પિતાના ચરણોમાં નમીને પ્રણામ કરે છે.

માત-પિતા પણ પુત્રને હેમ-ખેમ ઘેર આવેલો જોઈને ખુશ થયા અને પરિજન પણ આનંદ પામ્યા. શ્રેષ્ઠીએ નગરમાં પુત્રના આગમનના વધામણા કર્યા, અને બધા સુખમય દિવસો પસાર કરે છે.

આ બાજુ કુબેરદત્તનો સસરો પુત્રીને લઈને સાસરીયે વળાવવા આવે છે. અને તે સમયે ક્ષેમ–કુશળ ઘેર આવેલા જમાઈરાજને જોઈ પ્રસન્ન થયેલા સસરાએ વસ્ત્ર અને આભરણથી સન્માન કરીને કુશલ સમાચાર પૂછ્યા.

કુબેરદત્તે પણ દેવીલાના દુરાચરણને ગોપવીને બીજા જ યથોચિત્ત ઉત્તર આપ્યા. સસરો પણ દેવીલાને મૂકીને પોતાના નગરે ગયો.

આ તરફ કપટ યુક્ત સ્નેહવાળી દેવીલાએ કુબેરદત્તને વિશ્વાસમાં લીધો. અને સરલ સ્વભાવવાળો કુબેરદત્ત પણ પુનઃ પૂર્વની જેમ જ સ્નેહ દાખવે છે.

એકદા કુશના અગ્ર ભાગે રહેલા જલના બિંદુ જેવું ચંચલત્વ જીવિતવ્યનું છે અને દેવ કે દાનવો પણ જેની ગતિને અટકાવી ન શકે તેવા અસ્ખલિત ગતિવાળા યમરાજની આજ્ઞા સર્વ સંસારી જીવો ઉપર પ્રવર્તતી હોવાથી, પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રને સ્મરણ કરતા માણિભદ્ર શ્રેષ્ઠી પરલોકના પથિક બન્યા અને પુરુષના છાયાની જેમ સુયશા શ્રાવિકા પણ અનુક્રમે પતિના માર્ગે પ્રયાણ કરનારા થયા. અર્થાત્ નરદેહને તજીને દિવંગત થયા.

હવે માત–પિતાના વિયોગથી થયો છે સંવેગ જેના અંતઃકરણમાં એવો કુબેરદત્ત આ જીવલોકને સ્વપ્ન તુલ્ય અને ઇંદ્રજાલના ખેલ જેવો જોઈને વિષયના સુખોથી ઉદ્વિગ્ન થઈને સદ્ગુરુની સમીપે યથાવિધિ શ્રાવકના વ્રત સ્વીકારે છે, અને નિરતિચાર રીતે દેશવિરતિધર્મની આરાધના કરતો સમય પસાર કરે છે.

આ તરફ કષાયથી કલુષિત મનવાળી, વિષય સુખની અભિલાષાવાળી, હિતાહિતની વિચાર વિનાની, જિતેંદ્રિય એવા મુનિવરોની આશાતના કરનારી, પરલોકના ભયથી નહિ બીનારી અને અનાચારમાં નિરત અને મર્યાદા રૂપ અંકુશ વિનાની તે દેવીલા કુલની મર્યાદાને તજીને દુર્ગિલ નામના કુલપુત્રને વિષે અનુરાગવાળી થઈ.

કેટલાક કાળ બાદ એક દિવસ મોટા અપરાધથી કોપાયમાન થયેલા રાજાએ દુર્ગિલને ઊંધે માથે બાંધીને વૃક્ષની ડાલીએ લટકાવ્યો

કુબેરદત્ત પણ તે દિવસે ચતુર્દશી તિથિ હોવાથી પૌષધ લઈને પ્રતિમા સ્વીકારીને પોતાના ઘરની નજીકમાં જીર્ણ મકાનના એક ખૂણામાં ધર્મધ્યાનમાં પરાયણ થઈને કાઉસ્સગ્ગ મુદ્રાએ રહ્યો.

દેવીલા પણ તે જ રાત્રીને વિષે પુષ્પ-વિલેપનાદિ સામગ્રી લઈને ઘરમાંથી નિકળી, રસ્તા પર જતી એવી તેણીને કોટપાલે જોઈને ચિંતવ્યું કે—"આ ક્યાં જાય છે!" એમ ચિંતવીને કોટપાલ દેવલાની પાછળ પાછળ જાય છે.

અનુક્રમે દેવીલા ત્યાં પહોંચી કે જ્યાં દુર્ગિલને બાંધીને રાજાના આદેશથી સિપાઈઓ લટકાવેલ હતો.

દેવીલા તે વૃક્ષ ઉપર ચઢીને તે દુર્ગિલને પુષ્પાદિથી અલંકૃત કરીને યાવત્ તે દુર્ગિલને દેવીલા આલિંગન દઈને ચુંબન કરે છે તેટલામાં કેલિ પ્રિય એવો કોઈક વ્યંતર મૃત મનુષ્યના શરીરમાં પ્રવેશીને દાંત દ્વારા દેવીલાની નાસિકાને છેદે છે.

દેવીલા પણ આવા અકલ્પનીય કષ્ટને સહન નહિ કરી શકવાથી કરુણ સ્વરે રડતી રડતી ઘેર આવી અને દર્પણમાં પોતાના વર્ત્તમાન શરીરના સ્વરૂપને જોઈ ખેદ પામતી એવી તે દેવીલા જ્યારે રાત્રી પૂર્ણ થઈ અને પ્રાતઃકાળે સૂર્યોદય થયો ત્યારે રાજસભામાં જઈ રાજાને ફરીયાદ કરે છે કે—

હે નરનાથ! દુષ્ટાત્મા એવા મારા ધણી આજની રાત્રીએ પલંગમાં સૂતેલી એવી મારી નાસિકાને છેદી કયાંક નાસી ગયા છે.

રાજાએ પણ કોટવાલને આદેશ કર્યો કે—આ સ્ત્રીના ધણીને તપાસ કરીને શોધી લાવો. કોટવાલ પણ તત્કાલ કુબેરદત્તને શોધવા લાગ્યા. શોધતાં શોધતાં તેના જ ઘરની બાજુના જ મકાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભેલો જોયો.

કોટવાલ કુબેરદત્તને ભુજાથી પકડીને રાજાની સમીપે લાવે છે, રાજા પૂછે છે કે હે કુબેરદત્ત! નિરપરાધિની એવી આ તારી સ્ત્રીની નાસિકા કેમ છેદી છે?

રાજાના વચન શ્રવણ કરી કુબેરદત્ત ચિંતવે છે કે—અહો! પાપાત્મા એવી આ દેવીલા પોતાના જ પાપકર્મથી આવી અવસ્થાને પામી છે છતાં પોતાના દોષોને ગોપવીને મારા ઉપર ખોટો આળ ચઢાવે છે. તોપણ આવા પાપાત્માઓની વાતથી સર્યું. કેમકે પાપાત્માઓના દર્શન અને વચન પાપના જ કારણ બને છે. ઇત્યાદિ ચિંતવીને મધ્યસ્થ દૃષ્ટિવાળો કુબેરદત્ત કંઈ જ જવાબ આપતો નથી ત્યારે દેવીલા બોલી કે—ગુનેગાર એવો આ શું જવાબ આપે!!! માટે જ હે દેવ! આપની સન્મુખ કપટથી મૌનનું આલંબન લઈને રહ્યો છે.

તેથી હે દેવ! નિર્વિચારી એવા આ મારા ધણીએ જ આવું અકૃત્ય કર્યું છે.

રાજા કોપાયમાન થઈને આદેશ આપે છે કે—હે કોટપાલ! આ કુબેરદત્તને ફાંસીની સજા કરો, કે-જેણે નિરપરાધિની એવી આ અબલા = સ્ત્રીને કદર્થિત કરી છે.

રાજાના આદેશને શ્રવણ કરી કોટપાલ બોલ્યો—હે નરનાથ! ગુણરત્નના નિધાન તુલ્ય એવા આ મહાત્મા કુબેરદત્તનો વધ કરવા માટે મારા હાથ સમર્થ થતા નથી.

રાજા—"શું કારણ છે?"

કોટવાલે રાત્રિએ પ્રત્યક્ષ જોયેલી સર્વ વાત સંક્ષેપમાં રાજા સમક્ષ કહી સંભળાવી. અને કહ્યું કે—હે દેવ! આ વાતની પ્રતીતિ કરવી હોય તો હજી પણ તે મૃતકના મુખમાં આ સ્ત્રીની નાશિકા વિદ્યમાન છે.

રાજાએ પણ તપાસ કરવા સુભટોને મોકલાવ્યા. સુભટો પણ ત્યાં જઈને જોયું તો—તલવરના વચન પ્રમાણે મૃતકના મુખમાં નાશિકા દેખાઈ.

તત્કાલ સુભટો રાજા પાસે આવીને યથાવત્ સર્વ વાત કહી સંભળાવે છે.

રાજા પણ આવી વાત જાણ્યા પછી તે સ્ત્રી ઉપર કોપાયમાન થયા, તો પણ સ્ત્રી અવધ્ય છે એમ ચિંતવી દેવીલાને દેશનિકાલનો આદેશ આપ્યો. અને પરના દોષને કહેવામાં વિમુખ એવા મહાત્મા કુબેરદત્ત ઉપર પ્રસન્ન થઈને સત્કાર અને વસ્ત્રાભરણાદિથી સન્માન કરી રાજાએ કુબેરદત્તને "**सत्यमेव जयते**" એ સૂત્રની ઉદ્ઘોષણા પૂર્વક તેના ઘેર પહોંચાડ્યો.

ઘેર આવ્યા પછી કુબેરદત્ત સંસારના વિચિત્ર સ્વરૂપને ચિંતવતો વિચારે છે કે—ભવના = સંસારના સ્વરૂપને ધિક્કાર હો!!! કે જ્યાં મહામોહને પરવશ થયેલા જીવો મદિરા પાનથી ચઢેલ મદવાળા મનુષ્યની જેમ કાર્યાકાર્યને જાણતા નથી.

તથા પર્વતની નદીના પૂરની જેમ નદીના કિનારે ઉગેલા ધર્મવનને મૂળથી

જ ઉખેડી નાખે છે. અને મદોન્મત્ત હાથીની જેમ ઉન્માર્ગે ચાલે છે. તથા સ્વર્ગ અને અપવર્ગને મેળવવાની ઇચ્છા હોવા છતાં વિષના આવેગથી વિધુરિત ચક્ષુવાળા મનુષ્યની જેમ હિતોપદેશને પણ સમજી શકતા નથી. તથા લોકો વાતો કરશે એવી ચિંતા કર્યા વિના જ ગમે તે અકૃત્ય કાર્યમાં પ્રવર્ત્તે છે.

વધારે શું કહું—પણ આલોકમાં અને પરલોકમાં દુઃખના ભાજન થાય છે.

તથા આ સંસારના પદાર્થો દુષ્ટ પુરુષની મિત્રતાની જેમ ક્ષણ વારમાં દગો દે છે.

વડવાનલની જેમ સંતાપ કરે છે.

મદિરાની જેમ મોહ ઉત્પન્ન કરે છે.

નદીની જેમ લક્ષ્મી નીચને અનુસરે છે.

આવા સંસારના વિષમ સ્વરૂપને જાણવા છતાં હે જીવ! તું શા માટે આ સંસારમાં સ્વજનોના મોહપાશમાં ફસાઈને વિવિધ પ્રકારે પાપ કર્મ ઉપાર્જન કરે છે.

જેઓને તું સ્વજન માનીને મોહ પરવશ થાય છે અને અનેક આરંભ-સમારંભો પ્રવર્ત્તાવે છે પણ આ જ સ્વજનો તને મરણ વખતે બચાવી શકશે નહિ પરભવમાં સાથે આવશે નહિ તેમજ દુર્ગતિના દુઃખમાંથી ભાગ પણ નહિ પડાવે.

પ્રત્યુત = ઉલટાનું તેઓ તારા શત્રુ પણ બની શકે છે. પાપકર્મોના ઉદયે નરકમાં ગયેલા તારા આત્માને તેઓ પણ કદાચ નરકમાં ઉત્પન્ન થાય તો મારે-કાપે અને ઉપદ્રવો પણ કરે.

સંસારમાં પરિભ્રમણ કરતો કોઈ પણ જીવ કાયમને માટે સ્વજન ન જ રહી શકે, તેમ શત્રુ પણ ન જ રહી શકે પરંતુ પરાવર્ત્તના થયા કરે છે.

અને જે શરીરને વસ્ત્રાભરણોથી શણગારે છે તથા વિવિધ આહારાદિથી પોષણ કરે છે તે આ શરીર પણ અસાર જ છે. ભવાંતરમાં સાથે આવતો નથી. પણ તેની સારવારમાં કરેલા પાપ કર્મો તો ભવાંતરમાં સાથે અવશ્ય આવે છે અને દુર્ગતિના સ્વાદ નિશ્ચે ચખાડે જ છે.

સ્વજનો પણ પુણ્યોદય પ્રસંગે જ નિકટમાં રહે છે. ક્ષેમ કુશળ પૂછે છે પણ જ્યારે પાપનો ઉદય થાય છે ત્યારે તેના તે જ સ્વજનો સામે નજર પણ કરતા નથી તો વાત કરવાની તો આશા જ કયાંથી હોઈ શકે!!!

અને સ્ત્રી પણ કંથારી વૃક્ષની શાખા જેવી વિષમ વિષય વિષને ફેલાવનારી

જ છે. માટે એકાંતે દુઃખને આપનારી મહિલા = સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો તે ઉચિત જ છે !!!

અને તે સ્ત્રીને પરણીને જો પછી તજીએ તો તે સંતાપ કરે છે પણ સ્વયમેવ તેણે જ મને તજી છે તેથી આ દુઃખ પણ મારા માટે સુખનું જ કારણ બન્યું છે.

તેથી હવે ભવ = સંસારના કારણ એવા ધન, સ્વજન, શરીર અને વિષય સુખના પ્રતિબંધને તજીને અણગાર બનું. નિરતિચાર ચારિત્રને આરાધીને સંસારના દુઃખથી મુક્ત થાઉં.

ઇત્યાદિ શુભ ચિંતવના કરીને ઉલ્લસાયમાન થતા શુભ પરિણામવાળો કુબેરદત્ત ઘણું દ્રવ્ય ખર્ચીને જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવે છે. જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા વિધિ કરીને સુંદર અંગરચના રચે છે. તથા યાચકોને યથેચ્છ દાન આપે છે. તથા જિનમંદિર-જિનપ્રતિમા-જિનાગમ તથા સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા સ્વરૂપ સાતે ક્ષેત્રમાં ધન વાવીને તે કુબેરદત્ત વધતા પરિણામે ચારિત્રરત્નની ખાણ તુલ્ય રોહણગિરિ જેવા ભુવનભૂષણ નામના આચાર્ય દેવના ચરણોમાં ચારિત્ર રત્નને સ્વીકારે છે.

પાપ કર્મ રૂપ ગિરિને ભેદવામાં અમોઘ સાધન એવા વજ્ર તુલ્ય ચારિત્રને પામીને તે કુબેરદત્તમુનિવર વિવિધ તપશ્ચર્યા કરે છે અને આગમ સૂત્રો ભણે છે. અનુક્રમે ગીતાર્થ થયા ત્યારે ગુરુદેવશ્રીની અનુજ્ઞાથી એકાકી વિહાર પ્રતિમાને સ્વીકારીને જિનકલ્પને કરતા અપ્રતિબદ્ધ રીતે ગ્રામાનુગ્રામ વિચરે છે.

એકદા ગિરિની તળેટીના ગામમાં આવ્યા ત્યારે ત્યાં રખડતી ઢેવીલાએ દૈવયોગે કુબેરદત્તને જોયો. રાત્રિએ જ્યારે ગામબહાર યક્ષના મંદિરમાં કુબેરદત્તમુનિ કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે ત્યારે તે કોપાયમાન થયેલો ઢેવીલા વિષધૂમની સામગ્રી તૈયાર કરીને રાત્રીએ ત્યાં યક્ષના મંદિરે આવે છે અને મુનિને મારી નાખવા માટે તે ધૂમાડો યક્ષ મંદિરમાં મૂકીને બધા જ દરવાજા બંધ કરીને નાસી ગઈ.

વિષધૂમથી ઉત્પન્ન થયેલ મહાવેદનાવાળા તે કુબેરદત્ત મુનિસિંહ પોતાના મરણ સમયને જાણીને ઉલ્લસિત થયો છે શુભ ભાવ જેમને એવા તે મુનિવર સિદ્ધ પરમાત્માની સાક્ષીએ બધા જ શલ્યોને દૂર કરી પુનઃ મહાવ્રતોને ઉચ્ચરીને ચતુર્વિધાહારના પચ્ચક્ખાણ કરે છે.

અને ચિંતવે છેકે—હે જીવ! હે આત્મન્! સર્વ જીવોને વિષે મૈત્રી ભાવને ચિંતવ! કોઈ પણ જીવ ઉપર રોષ ન રાખજે!

અને કર્મ ખપાવવામાં ઉપકારને કરનારી એવી દેવીલા ઉપર વિશેષે કરીને મૈત્રીભાવ રાખજે પણ જરાએ દ્વેષ લાવીશ નહિ.

કેમકે—જે કર્મ નરકાદિ દુર્ગતિમાં જઈને પરવશપણે ખપાવવાના હતા તે કર્મો અહીં જ સ્વાધીન પણે ખપાવવામાં ઉદીરણા કારિણી આ દેવીલા વાસ્તવમાં ઉપકાર કરનારી જ છે.

જો પ્રમાદથી પણ આ દેવીલાને શત્રુ સમજીને દ્વેષ કરીશ તો હે જીવ! તું તારા તપના ફળને હારી જઈશ!

હજારો વર્ષમાં મેળવેલી આત્મ શુદ્ધિને એક ક્ષણ વારના પ્રમાદથી હારી જઈશ માટે સાવધાન થા!

અને બીજું—આ સંસારમાં અનાદિ કાળથી રખડતા એવા તેં અનેક વાર તિર્યંગ્ગતિ અને નરકગતિના દુઃખો સહ્યા છે તો તે દુઃખોની રાશિ આગળ આ દુઃખ તો તૃણમાત્ર પણ ન ગણાય!

અને સ્વયં બાંધેલા કર્મોના વિપાકો તો પોતાને જ ભોગવવાના છે. માટે સાવધાન થઈ સમભાવમાં સ્થિર થા!!!

ઇત્યાદિ શુભ ભાવનાથી ભવિતાત્મા એવા શ્રી કુબેરદત્ત મુનિવર સમાધિ પૂર્વક વિનશ્વર નરદેહને તજીને સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા.

હવે આ તરફ મુનિવધના પરાક્રમથી પોતાને કૃતાર્થ માનતી દેવીલા પાપકર્મના ભયથી સ્ખલિત ગતિવાળી નાશે છે ત્યારે અંધારામાં રસ્તામાં દોડી જતી એવી તે દેવિલાને કાળી નાગે ડંખ દીધો. વિષમ વિષથી મૂર્ચ્છિત થયેલી એવી તે અતિ સંક્લેશને વહન કરતી રૌદ્રધ્યાનાધિરૂઢ તે દેવીલા આયુઃ પૂર્ણ કરી વાલુકાપ્રભા નામની ત્રીજી નરકમાં નારક રૂપે ઉત્પન્ન થઈ.

ઇતશ્ચ—

આ જ જંબૂદ્વીપના દક્ષિણાર્ધભરત ક્ષેત્રના મધ્ય ખંડમાં દેવવિમાન જેવા ભવનોથી શોભતું કંચનપુર નામનું નગર છે.

તે નગરમાં જયલક્ષ્મી રૂપ વિલાસિનીના વિલાસમાં રક્ત તથા શરદ કાળના ચંદ્રના કિરણ જેવા નિર્મળ યશઃકીર્તિથી ધવલિત = ઉજળી કરી છે સર્વ દિશાઓને જેણે એવો સૂર નામનો રાજા છે. કે જે—પરાક્રમમાં સૂર્યથી પણ તેજસ્વી છે અને વાત્સલ્યમાં ચંદ્રથી પણ શીતલ છે.

તે રાજાને કમલિની અને કુમુદિની નામની બે રાણીઓ છે કે જેઓ દિવ્ય રૂપની રમ્યતાથી કામદેવની રતિ અને પ્રીતિના જેવી છે તથા મહાદેવની ગૌરી અને ગંગા જેવી છે.

તે સુરરાજાના અંતઃપુરમાં બીજી પણ રૂપ-લાવણ્યાદિ ગુણગણાન્વિતા ઘણી રાણીઓ હતી.

આ તરફ સનત્કુમાર દેવલોકમાં જિનેન્દ્ર પૂજા આદિ સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી આરાધના સાથે દિવ્યગતિના વિવિધ સુખોને ભોગવા સાથે આયુઃ પૂર્ણ કરીને કુબેરદત્તનો આત્મા દેવગતિમાંથી ચ્યવીને કમલિની રાણીની કુક્ષિમાં શુભ સ્વપ્નથી સૂચિત થઈ પુત્ર રૂપે અવતર્યો.

શુભ સ્વપ્નથી હર્ષાયમાન થતી કમલિની રાણી સાવધાન રીતે ગર્ભનું પાલન-પોષણ કરે છે અને પ્રતિપૂર્ણ સમયે શુભ દિવસે સર્વ લોકને આનંદ આપનારા પુત્રનો જન્મ આપે છે.

પોતાના શરીરની કાંતિથી દૂર કર્યો છે ભવનના અંધકારને જેણે એવા તે બાળકને જોઈને સ્વજન-પરિજનના ચિત્તમાં પણ આનંદ-પ્રમોદ ઉલ્લસિત થયો અને શોક-સંતાપ દૂર થયો.

દાસી પુત્ર જન્મની વધામણી રાજાને આપે છે. રાજા પણ પ્રસન્ન થઈને સાત પેઢી સુધી ન ખૂટે તેટલું પ્રીતિદાન આપે છે.

ત્યાર બાદ મંત્રીને આદેશ કર્યો કે—પુત્ર જન્મનો મહોત્સવ પ્રવર્ત્તાવો. મંત્રીએ પણ વિવિધાડંબર પૂર્વક પુત્ર જન્મનો મહોત્સવ પ્રવર્ત્તાવ્યો. રાજમાર્ગો ઉપર ધ્વજા-પતાકાઓ ફરકાવી-ઘેર ઘેર તોરણ બંધાયા અને મંગલ તૂર્ય-વાજિંત્રોના નાદથી ગગનમંડળ શબ્દમય બની ગયું. બંદીજનોને મુક્ત કર્યા. દીન, દુઃખીઓને યથેચ્છ દાન આપે છે. નગરની કુલીન નારીઓ મંગલ ગીતો ગાય છે. અને રાજપુત્રને શુભ આશીર્વાદ આપે છે.

જ્યારે અશુચિ કર્મ નિવર્ત્યું અને પવિત્રતા થઈ ત્યારે બારમા દિવસે જ્ઞાતિજનોને આમંત્રણ આપી ભોજન-વસ્ત્ર-અલંકારાદિથી સત્કાર અને સન્માન કરી તેઓની સમક્ષ રાજપુત્રનું ગુણનિષ્પન્ન એવું ગુણંધર નામ સ્થાપ્યું.

અનુક્રમે બીજના ચંદ્રમાની જેમ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો પાંચ ધાવમાતાથી લાલન-પાલન કરતો તે બાળક જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે ઉપાધ્યાય પાસે કળા અભ્યાસ કરે છે. થોડા વખતમાં કળા કુશળ થયેલો તે રાજકુમાર પૂર્ણિમાના ચંદ્રની જેમ સર્વકળા સંપન્ન યૌવનવય પામ્યો.

શરીરની સુંદરતા રૂપની અતિશયતા અને લાવણ્ય યુક્તતાથી કામદેવ જેવા દેખાતા તે ગુણધર રાજકુમાર સર્વ નારી જનોના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે.

તે નગરમાં એવી કોઈ સ્ત્રી નથી કે જે—દિવસ દરમ્યાન રાજકુમારના રૂપ-લાવણ્યને યાદ ન કરતી હોય !!! તથા બધા તરૂણ પુરુષો પણ રાજકુમારના રૂપ અને લાવણ્યની સ્પૃહા કરતા મિત્રતા કરવા સદા તત્પર રહે છે.

તથા વૃદ્ધ મહિલાઓ અને દેવાંગનાઓ તથા વિદ્યાધરીઓ પણ રાજકુમારના પરાક્રમના અને અંગની ચંગિયમાના ગુણ નિત્યશઃ ગાય છે.

આ તરફ દેવીલાનો જીવ વાલુકાપ્રભા નામની ત્રીજી નરકમાં છેદન-ભેદન-તાડન-તર્જનાદિ વિવિધ પ્રકારના અવર્ણનીય દુઃખોને સહન કરવા પૂર્વક જ્યારે કર્મો ઓછા થયા અને નરકગતિનું આયુષ્ય પૂર્ણ થયું ત્યારે ત્યાંથી ચ્યવીને સંસારમાં નીચ કુળમાં પુનઃ પુનઃ જન્મ ધારણ કરી દુઃખો સહીને જ્યારે કર્મોની લઘુતા થઈ ત્યારે અને કંઈક સુકૃત લેશના અનુભાવથી તે રાજકુમારની ધાવમાતાની કુક્ષુએ પુત્ર રૂપે જનમ્યો અને ચેાનક નામે પ્રસિદ્ધ થયો.

રાજકુમારની સાથે ક્રીડા કરતો તે પણ અનુક્રમે યૌવનવયઃ પામ્યો.

પૂર્વ ભવના અભ્યાસથી રાજકુમારને ચેાનક ઉપર સાચો સ્નેહ છે જ્યારે ચેાનકને તો કુમાર ઉપર દ્વેષ ગર્ભિત કપટ કળાવાળો ખોટો સ્નેહ છે.

કુમાર પ્રત્યે અનુપમેય દ્વેષ-ઇર્ષ્યાથી અંતઃકરણમાં પીડા પામતો તે ચેાનક રાજકુમારના વિનાશના ઉપાય ચિંતવે છે.

આ તરફ કુમુદિની રાણી એકાએક અસ્વસ્થ શરીરવાળી થઈ. ને સમયે જ્ઞાતવૃત્તાંત ચેાનક કંઈક કલ્પના કરીને આંખોમાંથી આંસુ સારતો દીન મુખવાળો થઈને નીસાસો નાખતો એકાંતમાં રાજકુમારને કહે છે કે—

હે રાજકુમાર ! મંદભાગ્ય વાળો એવો હું શું કરું ? અને કયાં જાઉં ? અહહ !!! અતિશય નિંદનીય એવા આ વિધિ = ભાગ્યનો વિષમ વિલાસ તો જુઓ !!!

કુમાર—હે મિત્ર! આ વિધિ એ તારું શું બગાડયું છે? જે હોય તે વધી વાત મને કહે !!!

ચેાનક—કેવી રીતે કહું? કે જે કહી શકાય તેમ નથી જ!!! અને કહું તેા કેાણ માને !!!

કુમાર—હે વયસ્ય! હે મિત્ર! આમ કેમ બેાલે છે? શું આટલા દિવસેામાં મેં કયારેય તારા વચનમાં અશ્રદ્ધા કરી છે?

ચેાનક—હે કુમાર! જો એ પ્રમાણે હોય તેા સાવધાન થઈને સાંભળેા !!!

આજે ગ્લાન શરીરવાળી કુમુદિની રાણીને મહારાજાએ પૂછયું કે—હે દેવિ! તમને શું શરીરમાં પીડા થાય છે?

દેવી—ના! મને શરીરમાં દુઃખ-પીડા નથી.

જ્યારે રાજાએ આગ્રહ પૂર્વક પૂછયું ત્યારે તે કુમુદિની રાણી બેાલ્યા કે—

જેમ જેમ કુમારના નામ ને સાંભળું છું તેમ તેમ મારા સંપૂર્ણ શરીરમાં સંતાપ થાય છે. કે જે સંતાપને વ્યક્ત રીતે કહી શકું પણ નહિ.

જેના નામ શ્રવણથી જો આટલેા સંતાપ થતેા હોય તેા તેના દર્શનથી કેટલેા સંતાપ થાય? તે તેા તજ્ઞ જ જાણે.

હું એમ માનું છું કે—નરકગતિમાં નારકેાને જે દુઃખ નહિં હોય તેવું દુઃખ કુમારના નામ શ્રવણથી મને થાય છે.

માટે હે પ્રાણનાથ! આપ એવું કંઈક કરેા કે—રાજકુમારનું નામ પણ ન સાંભળું. અન્યથા હવે હું જીવી નહિં શકું.

ઇત્યાદિ કુમુદિની રાણીના વચનેા શ્રવણ કરીને મહારાજા આશ્વાસન આપતા બેાલ્યા કે—હે દેવિ! ખેદ ન કરેા! હું તે પ્રમાણે પ્રયત્ન કરીશ કે—તમે તે કુમારનું નામ પણ શ્રવણ નહિં કરેા !!!

ત્યારબાદ મહારાજાએ મને બેાલાવીને એકાંતમાં કહ્યું કે—અમુક કારણને લઈને રાજકુમાર દેશાંતરે જાય તેવું કંઈક યત્ન કરેા !!! તમે રાજકુમારને સમજાવીને પણ દેશાંતરે ગમન કરાવેા.

"હું તેા રાજકુમારને આ વાત કહી જ ન શકું, માટે મારેા આ આદેશ કુમારને કહી સંભળાવેા !!!

"જેવી આપની આજ્ઞા" એમ કહીને હે રાજકુમાર! હું તમારી પાસે આવ્યો છું. હવે આ બાબતમાં જે યોગ્ય જણાય તે પ્રમાણે કરો !!!

યોનકની વાત સાંભળીને રાજકુમાર ચિંતવે છે કે—નિશ્ચે આ સ્ત્રીઓ તો ઘણા દોષોથી ભરેલી હોય છે. આ વિશ્વમાં જે કોઈ અનર્થના સ્થાનો છે તે બધા અનર્થ રૂપ દોષોની નિવાસ ભૂમિ આ મહિલાઓ જ છે.

કદાચ બીજા દોષો હોય કે ન પણ હોય તોપણ અતિશય તુચ્છ સ્વભાવવાળી મહિલાઓના = સ્ત્રીઓના ચિત્તને આ માત્સર્ય નામનો દોષ તો તજતો જ નથી. અર્થાત્ પ્રત્યેક સ્ત્રીમાં અદેખાઈ = ઈર્ષ્યા નામનો દોષ તો હશે જ.

અથવા તો આ વિચારથી સર્યું. પરંતુ ખરેખર આ અપરમાતાએ મને દેશાંતરના દર્શન કરવામાં ઉપકાર કર્યો છે. મને પણ દેશાંતર જોવાનું કુતુહલ તો હતું જ. કેમકે—

દેશાંતર ગમનથી આપણા પોતાના પુણ્યની પરીક્ષા થાય. નવા નવા કૌતૂકો જોવા મળે, જુદા જુદા દેશોના રીત-રીવાજો તથા જુદી જુદી ભાષાઓ જાણવા મળે છે.

અને જો આ અપર માતાએ મને દેશાંતર મોકલવાનું ન કહ્યું હોત તો અતિશય સ્નેહવાળા એવા પિતાજી મને કોઈ પણ રીતે રજા ન જ આપત. તેથી જે થયું તે સારા માટે જ છે.

ઇત્યાદિ વિચાર કરી ગુણમાહી ગુણંધર રાજકુમાર અપરમાતાના ઉપકાર ને સ્મરણ કરતો કોઈ ન જાણે તેવી રીતે મધ્યરાત્રીએ હાથમાં ખડ્ગ લઈને સિંહની જેમ નિર્ભય રીતે યોનકને સાથે લઈને નગરમાંથી નિકળ્યો.

અનુક્રમે ગ્રામ-નગર-અટવીને પસાર કરતાં એકદા માર્ગમાં એક પરિવ્રાજક (ઋષિ) મળ્યા. પરસ્પર વાર્તાલાપ કરતા ત્રણે જણા એક ગામમાં પહોંચ્યા.

ગુણંધર ગામ બહાર રહ્યો અને પરિવ્રાજક અને યોનક ભોજન લાવવા માટે ગામમાં ગયા.

યોનકે બે લાડવા = મોદક લીધા. તેમાં એક મોદક ગુણંધરને આપીશ એમ ચિંતવીને તે મોદકમાં વિષ=ઝેર ભેળવીને યોનક, કુમાર પાસે આવ્યો.

પણ મતિના વિભ્રમથી ઝેર વિનાનો લાડવો ગુણંધર કુમારને આપ્યો અને ઝેર વાળો લાડવો યોનક પોતે જ ભૂલથી ખાય છે.

ઝેરની અસરથી યોનક તત્કાલ મૂર્ચ્છા પામ્યો, આંખો મીંચાઈ ગઈ અને પૃથ્વી ઉપર ગબડી પડ્યો.

ચેાનકની એકાએક આવી અવસ્થા જોઈને "આ શું થયું" એમ બેાલતેા કુમાર કારણ ચિંતવે છે તેટલામાં પરિવ્રાજક પણ ભેાજન કરીને આવી પહેાંચ્યેા.

પરિવ્રાજકે પણ ચેાનકને મૂર્ચ્છિતાવસ્થામાં જોઈને કહ્યું કે—"લક્ષણ ઉપરથી એમ જણાય છે કે—આ ચેાનકને ઝેરની અસર થઈ છે".

તત્કાલ ઝેર ઉતારવાના ચેાગ્ય ઉપચારેા કર્યા અને થેાડી વારમાં ઝેર ઉતરી જવાથી ચેાનક પણ સ્વસ્થ થયેા.

ખરેખર જે જીવ બીજા ઉપર જેવું વિપરીત ચિંતવે છે તેવું તેના પેાતા ઉપર જ અચાનક આવી પડે છે. માટે કેાઈએ પણ કેાઈ પણ જીવનું અશુભ ચિંતવવું નહિં !!!

ત્યાર બાદ ત્રણે જણ આગળ ચાલ્યા. ચાલતા ચાલતા એક અટવીમાં આવ્યા કે જ્યાં—મદેાન્મત હાથીઓ વિચરી રહેલા છે સિંહ, વાઘ, ચિત્તા, દીપડા વિગેરે હિંસક પ્રાણીઓ તથા સર્પ, નકુલ અને ઘો વિગેરે અત્ર તત્ર વિચરી રહેલા છે.

તથા ગીચ ઝાડી, કાંટાઓનેા પાર નહિ. ઊંડી ઊંડી ખીણેા, મેાટા મેાટા પર્વતેા, રસ્તેા તેા શેાધ્યેા ય જડે નહિં તેવી અટવીમાં પહેાંચ્યા.

સર્વ આગળ પરિવ્રાજક ચાલે છે, વચ્ચે ગુણંધર રાજકુમાર અને પાછળ મિત્ર ચેાનક ચાલે છે.

ચાલતાં ચાલતાં એક વિકરાળ સિંહ સામેથી આવતેા દેખાયેા. સિંહને જોઈને ગભરાયેલેા પરિવ્રાજક રાજકુમારને કહે છે કે—"હે ભદ્ર! આ સિંહથી મને બચાવેા"

પરિવ્રાજકના વચન સાંભળીને તીક્ષ્ણ ખડ્ગ ખેંચીને ગુણંધર બેાલ્યેા—"હે ભદ્ર! ભય ન પામેા" ચિંતા ન કરેા" એમ કહીને સિંહ સન્મુખ રાજકુમાર દેાડયેા.

ચેાનક આ બનાવ જોઈને ચિંતવે છે કે—"બહુ જ સારૂં થયું. કેમકે હવે આ કેશરી = સિંહ રાજકુમારને જીવતેા નહિ રહેવા દે", એમ ચિંતવીને ચેાનક એકલેા અન્યત્ર નાશી ગયેા.

આ તરફ પ્રકૃષ્ટ પુણ્યના ઉદયવાળા ગુણંધર રાજકુમારે તીક્ષ્ણ ખડ્ગના પ્રહારથી સિંહને પરલેાકનેા પથિક બનાવ્યેા.

ત્યાર બાદ પરિવ્રાજક અને રાજકુમાર આગળ ચાલતાં ચાલતાં અટવીને પાર

કરી એક સુરક્ષિત સ્થળે પહોંચ્યા ત્યારે પરિવ્રાજક બોલ્યો—હે ભદ્ર! તમારા પુરુષાતનથી રંજિત થયેલો હું કહું છું કે—

संसयतुलाए आरोविऊण नियजीवियं पि सप्पुरिसा ।
कुव्वंति तुमं व परस्स पाण संरक्खणं केऽवि ।।

પોતાના જીવિતને પણ સંશયના ત્રાજવામાં મૂકીને તમારા જેવા કેટલાક જ સત્પુરુષો બીજાના પ્રાણનું સંરક્ષણ કરે છે.

માટે હે મહાસત્ત્વ રાજકુમાર! હું તમને કંઈક કહેવા માગું છું!!!

રાજકુમાર બોલ્યો—'હે આર્ય! જે કંઈ કાર્ય હોય તે વિના સંકોચે આદેશ કરો!!!'

પરિવ્રાજક—હે ભદ્ર! મારી પાસે પાઠસિદ્ધ એવી બે વિદ્યા છે. જેમાંની એક છે—વિષનિર્ઘાતની અને બીજી છે—જલસ્તંભની. તો હે સત્ત્વપુરુષ! આ બંને વિદ્યાઓનો સ્વીકાર કરો!!! કેમકે સુપાત્રમાં વિદ્યાના દાનથી જ હું પોતાને કૃતાર્થ માનું છું.

"अलंघनीयवयणा गुरुणो त्ति" ગુરુઓ અલંઘનીયવચનવાળા હોય છે એમ બોલતા તે રાજકુમારે વિધિપૂર્વક તે બંને વિદ્યાઓ ગ્રહણ કરી.

પરિવ્રાજક પણ સુપાત્રમાં વિદ્યાના દાનથી પોતાને કૃતાર્થ માનતો ગુણંધરની રજા લઈને સ્વસ્થાને ગયો.

આ તરફ ગુણંધર રાજકુમાર પણ અનુક્રમે જયપુર નામના નગરમાં આવે છે અને રાત્રે કામદેવના ભવનમાં સુએ છે.

તે જયપુર નગરમાં જયસેન રાજા રાજ્ય કરે છે તે રાજાના મન રૂપ મયૂરને હર્ષાયમાન કરાવનારી જલદાવલી જેવી જયાવલી રાણી છે તેમને ત્રણે લોકમાં તિલક સમાન અસદૃશ રૂપવાળી લોકોના નયનોને આનંદ આપનારી શશિલેખા નામની રાજકુમારી છે.

અનુક્રમે યૌવનવયને પામેલી શશિલેખા રાજકુમારી એકદા માધવી સખિ સાથે મનોરમ નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઈ. કુસુમને ચૂંટતી તે શશિલેખાએ પિતાના અપમાનથી નાશીને ત્યાં આવેલા ચંપા નગરીના રાજાના પુત્ર કનકસિંહને જોયો.

કનકસિંહને જોઈને કામદેવના વિષમ બાણથી હણાયેલી તે શશિલેખા મહા મુશ્કેલીએ રાજમંદિરે આવી અને શિથિલ અંગવાળી તે શય્યામાં જઈને પડી.

રાજપુત્રી શશિલેખાને આવી અસ્વસ્થ જોઈને માત-પિતાએ પૂછ્યું કે—"હે વત્સે! શરીર સારું છે ને?"

રાજકુમારીએ કંઈ પણ જવાબ આપ્યો નહિં પણ મૌન જ રહી.

ત્યાર બાદ એકાંતમાં અવસર જોઈને માધવી સખીએ શશિલેખા રાજકુમારિકાને પૂછ્યું કે—"હે સખિ! શું થયું છે?" કે જે મને પણ સાચી વાત કહેતા નથી!!! હાં! તો પણ તમારા શરીરની અસ્વસ્થતાનું કારણ હે સખિ! મેં જાણ્યું છે કે—

તે સમયે ઉદ્યાનમાં આવેલા રાજકુમારના રૂપને જોવાના કુતુહલથી આક્ષિપ્ત ચિત્તવાળી એવી તમોએ કામદેવની પૂજા માટે પુષ્પો ચુંટ્યા ન હતા તેથી જ નિશ્ચે તમારા ઉપર કોપાયમાન થયેલા કુસુમાયુધ ભગવાન્ કામદેવે પોતાના વિષમ બાણોનું તાડન કર્યું છે અને તેથી જ ત્યાર બાદ તમે અવસ્વસ્થ શરીરવાળા થયા છો.

આ માધવી તે દૃશ્ય જોઈને મારા મનોભાવને જાણે છે એમ ચિંતવતી અને તેથી જ લજ્જા પામતી શશિલેખા ચિંતવે છે કે—ત્રાંસી નજરે જોયેલાનું તો દૂર રહો પણ વક્રોક્તિ વચનથી અને નીસાસાથી પણ ચતુર લોકો મનોગત ભાવો જાણી લે છે. એમ ચિંતવીને શશિલેખા બોલી કે—

હે સખિ! તું વિદગ્ધ=ચતુર છો! તું સ્વયમેવ જાણે જ છે, તને કંઈ છાનું નથી. માટે સાંભળ—એક બાજુ કામરાગ પ્રેરણા કરે છે અને બીજી બાજુ લજ્જા=મર્યાદા સ્ખલના કરે છે. તેથી વ્યાઘ્રતટી ન્યાય આવી પડ્યો છે. હવે હું શું કરું?

માધવી સખી બોલી—હે બેન! ધીરજ રાખો!!! શોક ન કરો!!!

હું તેવા કોઈ પણ ઉપાય કરીશ કે જેથી ઝટ આપની અભિલાષા પૂર્ણ થાય. એમ કહીને તે માધવી તુર્ત રાજપુત્ર શ્રી કનકસિંહ પાસે આવીને જુએ છે તો તે રાજકુમાર પણ રાજપુત્રીના અનુરાગથી વિહ્વલ બનેલો અને કામદેવના બાણોથી વિંધાયેલો નિસાસા નાખતો દેખાયો.

અવસર જોઈને માધવી રાજકુમારને સર્વ વાત જણાવે છે અને બન્ને જણા કાળ વિલંબને સહન નહિં કરી શકે એમ જાણીને રાજકુમારને કામદેવના ભવનમાં મધ્ય રાત્રિએ પરણવા માટે મળવાનો સંકેત આપીને, રાજકુમારિકા પાસે આવી.

અનુક્રમે રાત્રિ થઈ ત્યારે કોઈ ન જાણે તેવી રીતે શશિલેખા સોળે શૃંગાર

સજીને પરણવાની સામગ્રી સાથે લઈને માધવી સખી સાથે કામદેવના મંદિરે આવીને કામદેવની પૂજા કરે છે.

આ તરફ માધવી રાજકુમાર આવ્યા કે નહિં તેની તપાસ કરે છે, દીવાના ઝાંખા પ્રકાશમાં મંદિરના ભવનમાં તપાસ કરતાં ત્યાં સૂતેલા ગુણંધર કુમારને જોઈને ચિંતવ્યું કે—રાજકુમાર વહેલા આવીને સુતા હોય તેમ લાગે છે તેથી રાજકુમારના કાન પાસે જઈને બોલી કે—"અહો! કેમ વિલંબ કરો છો? લગ્ન વેળા = મુહૂર્ત્ત જાય છે."

ગુણંધર કુમાર જાગૃત થઈને ચિંતવે છે કે—"આ વરાકડી સંકેતિત કરેલા પુરુષની બુદ્ધિથી મને બોલાવે છે. તો જ્યાં સુધી તે સંકેતિત પુરુષ ન આવે ત્યાં સુધી આના વચનને કરું."

એમ ચિંતવીને ગુણંધરકુમાર ઉઠ્યો. માધવી પણ વસ્ત્ર-અલંકારો કુમારને પહેરવા આપે છે. રાજકુમાર પણ પૂર્વ ભવમાં વાવેલ સુખરૂપ કલ્પવૃક્ષના આ તો પુષ્પો છે એમ ચિંતવતો વસ્ત્રાલંકારો પહેરે છે અને અનુક્રમે કુસુમાયુધ = કામદેવની સમક્ષ રાજકન્યાના પાણિગ્રહણ કરે છે.

માધવી પણ તત્કાલોચિત સર્વ વિધિ કરીને રાજકુમારને કહે છે કે—હે રાજપુત્ર! જોકે આ માર્ગ અનિરૂદ્ધ છે તોપણ ગુરુ = વડિલોની આજ્ઞા વિના એકાંતમાં કરાતો આ વિવાહ સ્વજનોને સંતોષ નહિ ઉત્પન્ન કરે. તેથી હવે અહીં રહેવું અનુચિત છે.

ત્યાર બાદ તે ગુણંધર રાજકુમાર પણ તે બંનેની સાથે અન્યત્ર જાય છે. અનુક્રમે રાત્રિ પૂર્ણ થઈ અને પ્રભાત કાળે કમલબંધુ સૂર્ય ઉદયાચલ ઉપર આરૂઢ થયો ત્યારે શશિલેખા નિરૂપમ લાવણ્ય યુક્ત દેવકુમાર જેવા ગુણંધર રાજકુમારને જુએ છે.

માધવી પણ જોઈને બોલી કે—"આ શું" અહો! આપણે જોયા વિના જ પગલું ભર્યું છે એમ બોલીને ખેદ પામે છે.

રાજપુત્રી બોલી—"હે સખિ! હે ભદ્રે! ખેદ ન કરો" અરે! કાચમણિને લેવા લાંબા કરેલા હાથમાં આ તો પુણ્યયોગે મરકતમણિ આવી ચડ્યો છે.

ગોળના લાડવા ખાવાને માટે ઉદ્યમ કરીએ અને જો સાકર = ખાંડના લાડવા મળે તો શું ખોટું છે? માટે આ હર્ષના અવસરે મનમાં ખેદ કેમ કરો છો?

ગુણંધર રાજકુમારે પણ રંભા જેવી રાજકુમારીને જોઈને ચિંતવ્યું કે—"અહો! મેઘ વિના જ વૃષ્ટિ થઈ."

એ રીતે અન્યોન્ય = પરસ્પરના દર્શનથી આક્ષિપ્ત ચિત્તવાળા તેઓ અનુક્રમે તામ્રલિપ્તિ નગરીએ પહોંચ્યા ત્યાં એકત્ર આવાસમાં નિવાસ કરે છે.

પરસ્પર વધતા પ્રણય = પ્રેમવાળા તેઓના સુખમય દિવસો વ્યતીત થાય છે.

એકદા યોનક મળ્યો ત્યારે રાજકુમાર તેને પોતાના આવાસમાં લાવે છે અને પ્રેમપૂર્વક કુશળ સમાચાર પૂછે છે.

ત્યારે હા! બેદની વાત છે કે—તેવા પ્રકારના વિષમ સંકટમાં પડવા છતાં હજી આ તો જીવે છે એમ ચિંતવતો ઈર્ષ્યાથી મનમાં પીડા પામતો પણ બહારથી તો કપટ સ્નેહને વ્યક્ત કરતો બોલ્યો—હે રાજકુમાર! આજે તમારા દર્શનથી હું કુશળ છું પણ આટલા દિવસ સુધીના તમારા વિરહરૂપ અગ્નિની જ્વાલાથી સંતપ્ત થયેલા મેં જે દુઃખ અનુભવ્યું છે. તેવું દુઃખ કદાચિત્ નારકોને પણ નહિ હોય!!!

તમારી શુદ્ધિ માટે ઘણા જંગલો ભમ્યો. ગામ-નગરાદિમાં ભમતાં-ભમતાં આજે પુણ્યોદયથી તમારા દર્શન થયા છે.

ગુણંધર પણ પોતાનું સર્વ વૃત્તાંત યોનકને કહે છે.

સુખપૂર્વક દિવસો પસાર થાય છે.

એકદા વસંતોત્સવના સમયે ગુણંધર યોનકની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે જાય છે. આમ્રવૃક્ષોની પંક્તિ પાસે વિચરતા ગુણંધરે વિકસિત કમળ જેવા મુખવાળી કમલપુષ્પની પાંખડી જેવા નયનોવાળી મનોરમા નામની રાજપુત્રી જોઈ.

રાજકુમારિકા પણ અમૃતની વૃષ્ટિ જેવા ગુણંધરના રૂપ-લાવણ્યને અભિલાષા પૂર્વક નિહાળે છે.

પાસેના આમ્રવૃક્ષની નીચે ગુણંધર રાજકુમાર બેસે છે અને યોનકને કહે છે કે—હે મિત્ર! નિશ્ચે આ કન્યાના નિસર્ગ = કુદરતી રૂપ-લાવણ્યની અદ્ભુતતાથી ગળી ગયો છે રૂપ-લાવણ્યનો ગર્વ જેમનો એવી લજ્જા પામતી અપ્સરાઓ મનુષ્ય લોકમાં આવતી નથી.

યોનક બોલ્યો—હે ગુણંધર! નિશ્ચે તમે સ્ત્રીલંપટ થયા છો તેથી જ આવું અજુગતું બોલો છો.

એટલામાં રાજકુમારિકાએ કપિંજલા દાસીના હાથે તાંબુલ મોકલાવ્યું. કપિંજલા પણ તાંબુલ લઈ ગુણંધરકુમારને સમર્પિત કરે છે.

તાંબુલ લઈને ગુણંધર વિચારે છે કે—અહીં શું ઉચિત છે! અર્થાત્ આ તાંબુલ દાન પાછળ શું સંકેત છે!!!

એટલામાં મદોન્મત્ત થયેલો રાજાનો પટ્ટહસ્તી આલાન સ્તંભ ઉખેડીને નગરમાં અત્ર-તત્ર ભમે છે. નગરના સર્વ લોકો આકુલ-વ્યાકુલ થયા છે.

અનુક્રમે તે હાથી ઉદ્યાનમાં આમ્રવૃક્ષની પંક્તિ પાસે આવ્યો સુંઢને ઉલાળતા દોડીને આવતા હાથીને જોઈને રાજકુમારિકાના સેવકો પલાયન થયા.

તે સમયે ત્યાં રહેલી રાજકન્યાને હાથી સુંઢ વડે પકડીને નાસે છે તે સમયે રાજપુત્રીના પરિજને પોકાર કર્યો કે—અહીં સત્પુરુષ ચૂડામણિ એવો કોઈ મહાસત્ત્વ પુરુષ છે? કે જે કૃતાંત=યમ જેવા આરે દિશામાં સ્વેચ્છાએ ભમતા આ હાથી પાસેથી અમારી સ્વામિની=રાજકુમારીને છોડાવે!!!

એટલામાં ગુણંધરકુમાર હાથીની પાછળ દોડીને હાથીને એવી તો મુષ્ઠિ મારી કે—જે મુષ્ટિથી હણાયેલો હાથી રોષથી ધમધમતો જેટલામાં કન્યાને મુકી તે ગુણંધરકુમારની સન્મુખ વળે છે એટલામાં હાથીને છેતરીને તે ગુણંધરકુમાર રાજકન્યાને તુર્ત અન્યત્ર લઈ જાય છે હાથી પણ અન્યત્ર ગયો—

યમ જેવા હાથી પાસેથી રાજકન્યાને મુક્ત થયેલી જોઈને પરિજન એકત્રિત થયો અને ગુણંધરકુમારની પ્રશંસા કરે છે.

રાજકન્યા પણ ગુણંધરકુમારના મુખ ચંદ્રને નિરખતી અને લાવણ્યામૃતનું પાન કરતી અનુરાગિણી થાય છે તે સમયે રાજકુમાર અને રાજકુમારિકાના મનોગત ભાવોને જાણીને જ ન હોય! તેમ તે સમયે કોઈક માગધ બોલે છે કે—સુર રાજાના શ્રેષ્ઠ પુત્ર એવા આ ગુણંધર રાજકુમાર વિજયવંત વર્તો!!!

તે સમયે ગુણંધર રાજકુમાર ઉપર પ્રસન્ન થયેલા નગર લોકો મેઘની જેમ કસ્તુરી-બરાસ-કેશર યુક્ત સુગંધી ચંદનનો ઘોળ=દ્રવ કુમાર ઉપર છાંટે છે અને શુભ આશીર્વચન બોલે છે.

સર્વ નગર લોકો સ્વ-સ્વ સ્થાને ગયા. ગુણંધર રાજકુમાર પણ પોતાના આવાસે આવે છે.

એકદા અન્ય દિવસે ગુણંધર રાજકુમારે રાજપુત્રીના કુશળ સમાચાર પૂછવા

ચેાનકને મેાકલ્યેા. ચેાનક પણ રાજકન્યાના મંદિર પાસે આવ્યેા. તે સમયે કપિંજલા દાસીએ ચેાનકને જોઈને વિચાર્યું કે—"આ તે મહાસત્ત્વ રાજપુત્રના મિત્ર છે" એમ ચિંતવીને બહુમાન પૂર્વક બેાલાવીને રાજપુત્રી પાસે લઈ જઈને કપિંજલા ચેાનકને બેસવા માટે આસન આપે છે.

ચેાનક પણ રાજપુત્રીને જુએ છે તેા તે સમયે રાજપુત્રી કમલિનીના પત્રની શય્યામાં સંતાપને વહન કરતી આળેાટતી હતી. એક સખી કેળના પત્રથી વાયુ વીંજે છે અન્ય સખી ચંદનના દ્રવથી સર્વાંગે વિલેપન કરે છે તેા પણ લાંબા નિસાસા નાખતી, કલા અભ્યાસને નહિ આદરતી, આભરણાલંકારેાનો ત્યાગ કરતી, તંબેાલને નહિ સ્વીકારતી, દિવસ સમયે ગગન મંડળમાં રહેલા ચંદ્ર જેવા વિચ્છાય = ફીકા = મ્લાન મુખવાળી અને રાત્રિએ પણ નિદ્રાના સુખને નહિ પામતી એવી મહા કષ્ટે દિવસેાને પસાર કરતી અને ગુણંધરના ગુણની સંકથાથી થાય છે હર્ષનેા ઉત્કર્ષ જેણીને એવી રાજપુત્રીને કપિંજલાએ કહ્યું કે—

હે સ્વામિનિ ! તે આપના હૃદયવલ્લભ ચૂડામણિના મિત્ર તમારા કુશલ-સમાચાર પૂછવા આવ્યા છે.

કપિંજલાના વચન સાંભળીને હર્ષાતિકર્ષથી પ્રફુલ્લિત મુખવાળી રાજકન્યા તત્કાળ ઊઠીને હર્ષપૂર્વક જોઈને બેાલી—હે ભદ્ર ! **सागयं ते** = **स्वागतं ते** ! તમે ભલે આવ્યા ! **कुसलं ते मित्तस्स** ! તમારા મિત્રને કુશળ છે ને ! પણ આ તમારા મિત્રનેા કેવેા વ્યવહાર છે કે—જે એકવાર દર્શન આપીને અનુરાગી થયેલાની પુનઃ વાર્તા પણ પૂછતા નથી !!!

થેાડું હસીને કપિંજલા બેાલી—હે સ્વામિનિ ! આપનું મન હરણ કરીને તે સુખદ પેાતાને અપરાધી જાણીને પુનઃ દર્શન પણ કેવી રીતે આપે !

રાજપુત્રી બેાલી—અપરાધી તે કેમ ન કહેવાય કે—જેણે અતિ દુઃસહ એવા વિરહ-અગ્નિમાં મને નાખી છે !!!

તેથી હવે જ્યારે પણ તેને જાઉં કે—તત્કાળ ભુજા રૂપ પાશથી દૃઢ બાંધીને જ રહું, કે જેથી તે મારા મન-ભવનમાંથી નિકળી જ ન શકે.

રાજકુમારિકના વચન શ્રવણ કરી ચેાનક બેાલ્યેા કે—આ મારા મિત્ર દેશાંતરથી આવેલ છે. તેથી અપરિચિત રાજકુલમાં કેવી રીતે પ્રવેશ કરે !!!

કપિંજલા બેાલી—કે તમેાને શેાધવા માટે આખા નગરમાં પરિજન = સેવક

જનને મોકલ્યો પણ કયાંયથીએ તમારી પ્રવૃત્તિ માત્રના પણ સમાચાર ન મળ્યા. તો હવે તમે અમારી સ્વામિનીને તમારા મિત્રના દર્શન કરાવો !!!

ચેાનક બોલ્યો—આવતી કાલે કુસુમાકર ઉદ્યાનમાં મારા મિત્રને લઈને હું આવીશ તમે પણ કામદેવની પૂજાના બહાનાથી રાજકુમારિકાને ત્યાં લાવજો જેથી બન્નેને પરસ્પર દર્શન થાય.

એટલામાં કંચુકીએ આવીને કહ્યું કે—હે રાજકુમારી ! તમારા અસ્વસ્થ શરીરને સાંભળીને કુશલ પૂછવા માટે આપના માતાજી હમણાં પધારે છે.

કપિંજલા તુર્ત ચેાનકને વિસર્જિત કરી, માતાજીનું સ્વાગત કરે છે.

ચેાનક પણ ત્યાંથી નિકળીને સ્વસ્થાન તરફ જતાં ચિંતવે છે કે-અહેા ! વિધિ = કર્મનેા વિલાસ વિષમ છે કે—જેમ જેમ હું ગુણંધરને સંકટમાં પાડવાના ઉપાય ચિંતવું છું તેમ તેમ દૈવ = ભાગ્ય આ ગુણંધરને અધિકાધિક કલ્યાણ = મંગલ માલા જ વિસ્તારે છે.

ખરેખર આપણે અન્ય જનનું ગમે તેટલું અશુભ ચિંતવીએ અને દુઃખી કરવા ઉપાય ગોઠવીએ તેા પણ તે આત્મા પેાતાના શુભ કર્મોના ઉદયના કાળે ઉત્કર્ષ જ પામે છે, સુખી જ થાય છે માટે જીવને સુખ કે દુઃખ આપવામાં અન્ય જીવ સફળ થતેા નથી પણ પેાતાના પુરાકૃત કર્મો જ ઉદયમાં આવીને જીવને સુખ કે દુઃખ આપે છે.

તેા પણ આ ગુણંધરના અભ્યુદયને હું જોઈ નહિ શકું !!! અને આ રાજકન્યા ગુણંધરને વિષે ઘણી જ અનુરક્ત છે અને આ કન્યાના યેાગે આ ગુણંધરનેા મહાન્ અભ્યુદય પણ થશે. તેથી હવે આ ગુણંધરને અવળી રીતે વ્યુદ્ગ્રાહિત કરું = અવળેા પાઠ ભણાવું. એમ ચિંતવી કેટલેાક વિલંબ કરીને સૂર્યાસ્ત થયા બાદ જ્યારે અંધકાર પૃથ્વી તલ ઉપર વિસ્તાર પામ્યેા ત્યારે કપટ ક્રિયા વડે મુખને મ્લાન કરીને ભય વિહ્વલ હેાય તેમ ચેાનક ગુણંધર રાજકુમારના આવાસ તરફ આવે છે.

આ તરફ ગુણંધર રાજકુમાર ચિંતવે છે કે—"ચેાનક હજુ સુધી કેમ આવ્યેા નથી" એમ ચિંતવીને સંભ્રમપૂર્વક આવાસમાંથી બહાર નિકળીને ચેાનકને શેાધી રહેલા ગુણંધર રાજકુમારને માર્ગમાં ચેાનક મળ્યેા.

ગુણંધરે પૂછયું કે—"હે મિત્ર ! કેમ આટલી વાર લાગી ? કયાં રહ્યો હતેા ?"

કપટથી બાહ્ય કેાપનેા આકાર કરીને ચેાનક બોલ્યેા—હે કુમાર ! હું તમને શું જણાવું ? હજુ પણ તારા દુષ્કૃતેા ફલ આપી રહ્યા છે. હું પાપ ન કરવા છતાં પણ તારી સેાબતથી દુઃખ પામું છું.

સંભ્રમપૂર્વક ગુણંધર બોલ્યો—હે મિત્ર! ધીરજ રાખ! અને જે કંઈ બન્યું તે મને કહે!!!

યોનક બોલ્યો—હે ગુણંધર! તમારા કહેવાથી હું રાજપુત્રીના મંદિર પાસે પહોંચ્યો ત્યારે રાજપુરુષોએ મને જોયો અને અરે...પકડો! પકડો!, આ તે રાજવિરુદ્ધ કરનારા પુરુષનો સહચર મિત્ર છે. માટે હમણાં આ પુરુષને પકડો, અને પછી તે દુષ્ટ પુરુષને પણ પકડી શકીશું.'' એમ બોલતા તે રાજપુરુષો = સુભટોએ ભેગા મળીને મને પકડીને બાંધ્યો અને કહ્યું કે—બોલ! તે તારો નાયક કયાં છે કે જેણે હાથી પાસેથી રાજપુત્રીને છોડાવીને ઘણી વાર સુધી બાથમાં ભીડી હતી.

મેં કહ્યું કે—હું જાણતો નથી.

તો પણ તે સુભટોએ મને ખૂબ જ કદર્થિત કર્યો = માર માર્યો. તો પણ મેં કંઈ પણ કહ્યું નહિ.

અને હમણાં જ્યારે સુભટો પોતાના કાર્ય અંગે અન્યત્ર ગયા ત્યારે કોઈ ન જાણે તેવી રીતે હું ત્યાંથી નિકળીને મહા મુશ્કેલીએ અહિ આવ્યો છું.

તેથી હે રાજકુમાર! હું સાચું કહું છું કે—જયસેન રાજાની પુત્રીને બચાવવા જતાં તમે જે સંકટમાં પડયા છો તે નિશ્ચે સળગતો દીવો હાથથી પકડવા જેવું કર્યું છે એમ શું તમને નથી જણાતું.

માટે જો જીવિતનું પ્રયોજન હોય તો વહાણ = નૌકામાં બેસીને દ્વીપાંતરે જઈએ, નહિ તો હવે આપણે જીવી નહિ શકીએ.

સરળ હૃદયવાળા ગુણંધર રાજકુમારે યોનકની વાત સ્વીકારી અને તત્કાલ બન્ને જણા સમુદ્ર કાંઠે જાય છે.

તે સમયે અચલ નામનો સાર્થવાહ દ્વીપાંતરે જવાની તૈયારી કરી જ્યાં વહાણમાં ચઢતો હતો તે સ્થાને આવીને ગુણંધરે પણ સાર્થવાહને દેશાંતર સાથે લઈ જવાની વિનંતી કરી.

સાર્થવાહે પણ અનુમતિ આપી ત્યારે બન્ને જણા પ્રવહણ = નૌકામાં આરૂઢ થયા અને અનુક્રમે નૌકાએ સમુદ્ર માર્ગે પ્રયાણ આરંભ્યું.

હવે સમુદ્ર માર્ગે જઈ રહેલી નૌકામાં વિધ વિધ દૃશ્ય જોતાં બન્ને મિત્રો હર્ષ પામે છે. એકદા રાત્રિના સમયે દુષ્ટ અધ્યવસાયવાળો યોનક કપટ ક્રિયા કરી ગુણંધરને —વિશ્વાસમાં લાવીને કહે છે કે-હે મિત્ર! જો આ વિચિત્ર પ્રકારનો મગર જો...જો...

ગુણંધર પણ મગરને જોવા માટે જેવો સમુદ્રમાં નિહાળે છે ત્યારે કોઈ ન જાણે તેવી રીતે યોનક ધીર મનવાળા ગુણંધરને ધક્કો દઈ સમુદ્રમાં નાખે છે.

થોડી વાર થઈ ત્યારે યોનક કોલાહલ કરીને બોલવા લાગ્યો કે—

અહહ...મારો મિત્ર ગુણંધર સમુદ્રમાં પડી ગયો છે. તો હવે હું શું કરું ? કોને કહું ? અને કોને ઠપકો આપું ?

ઇત્યાદિ બહારથી વિલાપ કરતો ને અને અંદરથી ખુશ મનવાળો યોનક નૌકા સાથે આગળ પ્રયાણ આદરે છે.

અન્યદા સમુદ્ર માર્ગે વહાણ વેગ પૂર્વક જઈ રહેલો હતો ત્યારે એકાએક ગગનમાં શ્યામવર્ણના મેઘ ઘેરાયા, વીજળી ઝબુકવા લાગી, કડડડ...મેઘગર્જના થવા લાગી, પવન જોરથી ફૂંકાયો મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો.

તે સમયે સમુદ્રમાં મોટા મોટા મોજા ઊછળે છે. નાવિકો કિંકર્ત્તવ્યમૂઢ થયા. મોજા સાથે અથડાતો વહાણ તૂટ્યો બધા મનુષ્યો સમુદ્રમાં ડૂબવા લાગ્યા.

તે સમયે ભવિતવ્યતાના યોગે યોનકને એક ફલક=પાટીયું હાથમાં આવ્યું. ફલકને દૃઢતાથી પકડીને યોનક અનુક્રમે સમુદ્ર શાંત થયો ત્યારે સમુદ્ર તીરે આવીને વિચારવા લાગ્યો કે—

મરણાંત એવી આ આપદાઓ પણ મારા મનને જરા પણ પીડા કરતી નથી. પણ મારા મનમાં કાંટાની જેમ ખૂંચતો ગુણંધર તો મેં સમુદ્રમાં નાખ્યો જ છે ને! ઇત્યાદિ વિચારોથી પોતાને કૃતાર્થ માનતો તે યોનક દ્રમક=ભિક્ષુક વૃત્તિએ જીવતો હોવા છતાં પણ મોટા રાજ્યને પામ્યો હોય તેમ ખુશ મિજાજમાં છે.

અન્યત્ર પણ કહ્યું છે કે—

पयइ खलस्स एसा सहिऊण सयं किलेसजालंपि ।
हणिउं अप्पाणं वि हु परस्स जं किरए दुक्खं ।।

ખલ=દુષ્ટ પુરુષોનો આ સ્વભાવ જ છે કે—સ્વયં સેંકડો કલેશ=કષ્ટ સહીને પણ અને પોતાને જીવિતના સંશયમાં નાખીને પણ પરને દુઃખ ઉપજાવવું.

આ તરફ સમુદ્રમાં પડેલા ગુણંધર રાજકુમારને જલસ્તંભિની વિદ્યા યાદ કરી કે તત્કાલ તે વિદ્યાના પ્રભાવથી જલ ઉપર તરતા તે ગુણંધર રાજકુમારને પ્રભાત કાળે બે વિદ્યાધરોએ જોયો અને ઉપાડીને સમુદ્ર કિનારે રહેલા સુવેલ પર્વતની તળેટીમાં

ઘન અને સ્નિગ્ધ પત્રવાળા વૃક્ષોથી નિબિડ વનરાજીમાં કે જ્યાં સૂર્યના ભયથી ભ્રાંત થયેલો અંધકાર છુપાઈને આશ્રય મેળવે છે.

ત્યાં મરકત રત્નોની શિલામય પ્રાકાર યુક્ત વિદ્યાધર નગર છે કે જે મરકત રત્નોના કિરણો ગગન તલમાં નવા અંકુરિત થયેલ દર્ભ જેવા જણાતા હોવાથી ગગનમાં વિહાર કરતા સૂર્યના અશ્વો ક્ષુધાથી વ્યાકુળ થતા તે દર્ભાંકુરોને ભક્ષણ કરવા વારંવાર સ્ખલના પામે છે.

તે નગરના મધ્યભાગમાં સુંદર રત્નમણિ જડિત રાજમહેલ છે કે જે રત્નોના કિરણોથી પ્રતિઘાત પામેલો અંધકાર વનરાજીમાં વિસામો લે છે.

તે રાજમહેલના ઉપરના માળે ગુણંધર રાજકુમારને લઈ જઈને બન્ને વિદ્યાધરો બોલ્યા—હે સ્વામિન્! અમોને સમુદ્રના જલ ઉપર તરતા એવા આ મહા ભાગ્યશાળી પ્રાપ્ત થયા છે. એમ કહેતા તે બન્ને વિદ્યાધરોએ ગુણંધર કુમારને વાયુવેગ વિદ્યાધર આગળ મૂકયો.

વાયુવેગ વિદ્યાધર પણ સંભ્રમ પૂર્વક ઊભા થઈને ગુણનિધિ એવા તે ગુણંધર કુમારને ભેટીને પોતાની પાસેના પ્રવર આસન ઉપર બેસાડે છે.

અને કહે છે કે—હે ભદ્ર! ગુણંધર! **सागयं ते = स्वागतं ते** । ભલે પધાર્યા.

વિદ્યાધર રાજાના મધુર વચનો શ્રવણ કરી વિસ્મય પામેલો ગુણંધર કુમાર ચિંતવે છે કે—"આ રાજા મને કેવી રીતે ઓળખે છે!!!" એમ ચિંતવીને કુમાર બોલ્યો – આપના દર્શનથી કુશલ છું.

ત્યાર બાદ વિદ્યાધર રાજાએ પરિજનને આદેશ કર્યો કે—આ પુણ્યાત્માની સ્નાન–ભોજનાદિ ઉપચાર = સેવા કરો!!!

તત્કાલ કમલ જેવા કોમળ કરતલ = હથેળીવાળી વિદ્યાધર–નારીઓએ સુગંધિ તેલ દ્વારા ગુણંધરનું અભ્યંગન = મર્દન કર્યું. ત્યાર બાદ સુગંધિ દ્રવ્યોથી ઉદ્વર્ત્તના કરી = ચિકાશ દૂર કરી સુગંધિ જલ ભરેલા સુવર્ણમય ભૃંગારના મુખમાંથી નિકળતા જલ પ્રવાહ દ્વારા સ્નાન કરાવ્યું.

તદનંતર સુંદર વસ્ત્ર પહેરાવી રત્નજડિત સુવર્ણમય અલંકારોથી અલંકૃત કરી વાયુવેગ વિદ્યાધર સાથે ગુણંધરકુમાર વિસ્તીર્ણ ભોજન મંડપમાં ભોજન કરવા બેઠા.

એ અવસરે તિર્ચ્છી દૃષ્ટિના વિક્ષોભો વડે ઉછળી રહેલી માછલીઓની શ્રેણી દ્વારા દિશા ચક્રને ઢાંકતી, મણિ–રત્ન મય અલંકારોના તેજ = કિરણોથી ભવનના

મધ્યવર્ત્તી અંધકારને દૂર કરતી એવી ગગનગામિની વિદ્યુતલેખા નામની વિદ્યાધર કન્યા આવી. અને ભોજન કરી રહેલા પોતાના ભાઈ વિદ્યાધર રાજાની પાસે હાથ લુંછવાનું વસ્ત્ર લઈને ઊભી રહી.

અને ભાઈની પાસે જ બેઠેલા અત્યંત સુંદર આકારવાળા ગુણંધર રાજપુત્રને જોઈને ઘણા વિસ્મયથી આક્ષિપ્ત ચિત્તવાળી વિદ્યુતલેખા પુનઃ પુનઃ અભિલાષાવાળી દૃષ્ટિથી જુએ છે અને ચિંતવે છે કે—

ત્રણે લોકમાં તિલક જેવું સારામાં સારું આ પુરુષનું રૂપ જોઈને લજ્જા પામેલો મદન = કામદેવ વિલીન શરીરત્વ રૂપ અનંગત્વ પામ્યો છે.

ગુણંધર રાજપુત્ર પણ વિદ્યુતલેખાના રૂપ–લાવણ્યના અવલોકનથી પરવશ થયો હોય તેમ કામદેવના વિષમ બાણના પ્રહારથી વીંધાયેલા મનવાળો ચિંતવે છે કે—

અહો! આ કન્યાના અંગોપાંગની સુંદરતા કેવી અદ્‌ભુત છે !!!

અહો! મુખ કમલની મધુરિમા કેવી આકર્ષક છે !!!

અહો! લોચનની લવણિમા કેવી આહ્લાદક છે !!!

આ સ્વયં જ પાસે આવીને કેમ ઊભી છે?

શું મહાસત્ત્વશાળી એવા આ વિદ્યાધર રાજાએ મંત્ર શક્તિથી વિદ્યાદેવીને વશ કરી છે.

અથવા તો જો અનન્ય સદૃશ એવું આ રૂપ જો માનુષી = નારીને હોય તો દેવલોક નિમિત્ત નકામું કલેશ મનુષ્યો શા માટે વહન કરે છે?

ઇત્યાદિ ચિંતવતા ગુણંધર રાજપુત્રે ભોજન કરી, તંબોલ ગ્રહણ કરી વિદ્યાધર રાજા સાથે વિશાલ પલ્યંક = પલંગ ઉપર બેઠો.

ક્ષણ વાર વિવિધ વર્ત્તા–વિનોદ કરી વાયુવેગ વિદ્યાધર બોલ્યો—હે ભદ્ર! મારે કંઈક કહેવું છે !!! ગુણંધર બોલ્યો—સંકોચ રાખ્યા વિના સુખેથી કહો !!!

વિદ્યાધર બોલ્યો—રત્નમય નવ કૂટ = શિખરના અગ્રભાગથી ભગ્ન થયો છે સૂર્યના રથનો માર્ગ જ્યાં એવો રજત મય વૈતાઢ્ય નામનો ગિરિ = પર્વત છે. તે ગિરિ ઉપર રત્નશાલ નામનું નગર છે.

તે નગરમાં સકલ વિદ્યાના ધારક, ન્યાયપ્રિય, ધર્મ–અર્થ અને કામની સાધનામાં રક્ત એવા જવલનસિંહ નામના વિદ્યાધર રાજા રાજ્ય કરે છે.

તે વિદ્યાધરેન્દ્રને ચંદ્રકાંતા નામની પટ્ટરાણી છે કે જે—સૌભાગ્ય રૂપ રત્નની ખાણ તુલ્ય છે.

તેમની કુક્ષિથી જન્મ પ્રાપ્ત એવો હું વાયુવેગ નામનો તેમનો પુત્ર છું. અને બીજું રૂપ-સૌંદર્યથી લઘુ કરી છે અમરાંગનાને જેણે એવી આ વિદ્યુતલેખા નામની મારી નાની બહેન છે.

યૌવનવયને પામેલી એવી આ વિદ્યુતલેખાને પરણવા માટે હમણાં ઘણા વિદ્યાધર તરુણ પુરુષો = યુવાનો પિતાજીને પ્રાર્થના કરે છે.

પિતાજી વિચાર કરે છે કે—પ્રાર્થના કરતા જે વિદ્યાધરને આ બાલા ન આપું, તે અવશ્ય કોપ કરશે. હવે કન્યા એક છે અને પ્રાર્થના કરનારા ઘણા છે તો કોને આપું અને કોને નહિ!!!

ઇત્યાદિ ચિંતવન કરતા પિતાજીએ રોહિણી દેવીને પૂછયું કે—હે દેવતા! કહો કે—આ મારી પુત્રીનો વર કોણ થશે?

દેવતા બોલી—સુવેલ પર્વતની પાસેના સ્થાનમાં સમુદ્રના જલ ઉપર તરતા જે નરરત્નને તમે જુઓ તે ગુણંધર નામના રાજપુત્ર આ તમારી વિદ્યુતલેખાના વર થશે.

તેથી પિતાજીની આજ્ઞાથી પરિવાર સાથે હું વિદ્યુતલેખા બેનને લઈને અહીં આવ્યો છું. અને અહીં પ્રાસાદ = મહેલને વિકુર્વીને રહેતા એવા મેં ચારે તરફ સમુદ્રમાં પુરુષોને તપાસ કરવા મોકલાવ્યા છે.

ભમતા = તપાસ કરતા મારા પુરુષોએ તમને સમુદ્રના જલ ઉપર તરતો જોયો કે તુર્ત ગ્રહણ કરીને મને સમર્પિત કર્યો છે.

તો હવે મારી પ્રાર્થના છે કે—વિદ્યુતલેખાનું પાણિગ્રહણ કરો કે, જેથી મારા માત-પિતાદિ સર્વ સ્વજન લોકનું મન નિર્વૃત્તિ પામે.

વાયુવેગ વિદ્યાધરના વચન સાંભળી વિકસિત મુખ = કમલ વાળો ગુણંધર બોલ્યો—હે મહાભાગ! એક તો—સર્વથા અનુકૂલ એવા આ કાર્યમાં શું કહેવાનું હોય!!! અને બીજું—આ કાર્ય સંબંધી મનોઽભીષ્ટ એવી તમારી પ્રાર્થના પણ છે. તો ખરેખર ભૂખ્યાને વગર માગ્યે સ્વયમેવ ભોજનના નિમંત્રણ જેવો આ ન્યાય થયો છે તેથી—

હે ભદ્ર! આપ જે પ્રમાણે કહો છો તે પ્રમાણે આ પુરુષ અવશ્ય કરશે. પણ અહીં યોગ્યાયોગ્યતાનું વિચાર તમે જરૂર કરજો.

વાયુવેગ વિદ્યાધર બોલ્યો—સર્વથા યોગ્ય જ છે કેમકે—હે ભદ્ર! એક તો રોહીણી દેવતાએ કહ્યું છે અને બીજું તમારી શ્રેષ્ઠ રૂપ સંપદા જોઈને જાણ્યું કે—તમે બહુગુણસંપન્ન છો.

जत्थागिई गुणा तत्थ हुंति એ ન્યાયાનુસારે—તમારા અપૂર્વ વિનયને જોવાથી વિશુદ્ધ કુલવંશવાળા છો એમ જણાય છે. કેમકે અકુલીન પુરુષમાં વિનય હોતો નથી. એમ જનવાદ છે.

ગુણંધર બોલ્યો—મારામાં શું રૂપ સંપદા છે? અને કેવો વિનય છે? તથા કયા ગુણો છે? પરંતુ ગુણરત્ન રોહણાચલ તુલ્ય સજ્જનોમાં શિરોમણિ એવા તમે હે મહાયશ:! ગુણ વિનાના એવા પણ મારા ઉપર પરિતોષ ધારણ કરો છો!!!

ઇત્યાદિ વાર્ત્તાલાપ ક્ષણ એક કરીને વાયુવેગ વિદ્યાધરે પોતાના પરિજનને આજ્ઞા કરી કે—તુર્ત્ત વિવોહોચિત સામગ્રી એકત્રિત કરો!!! કેમકે આજે સંધ્યા સમયે શુભ લગ્ન મુહૂર્ત્ત છે.

તત્કાલ સમગ્ર પરિજન વિવોહોચિત સામગ્રી તૈયાર કરવા લાગ્યા. અને થોડી વારમાં તો સર્વ સામગ્રી તૈયાર થઈ ગઈ.

આ બાજુ ગુણંધરના રૂપ સંપદાને જોઈને પોતાને અલ્પ ગુણવાળી માનતી અને તેથી જ કંઈક વિષાદ = ખેદ યુક્ત થયેલી વિદ્યુતલેખા ભોજન મંડપમાંથી નિકળીને મહેલના ઉપરના ભાગે ગઈ. ત્યાં સંતાપને સહન નહિ કરી શકવાથી લાંબા અને ઉષ્ણ = ગરમ નીસાસાથી સુકાઈ ગયેલા ઓષ્ઠવાળી પોતાની શય્યામાં આળોટે છે.

તાદૃશાવસ્થામાં વિદ્યુતલેખાને જોઈને નિપુણા–સખી બોલી—હે સ્વામિનિ! કેમ આમ આજે ઉદ્વિગ્ન હો તેમ જણાવ છો!!!

ત્યારે કામદેવની અવળાઈથી વશ થયેલી વિદ્યુતલેખા બોલી—હું કંઈ પણ જાણતી નથી તોપણ ફક્ત ભોજન મંડપમાં ગયેલો ત્યારે તેવો કોઈ મહાન્ સંતાપ થયો કે જે કહી શકાય તેમ નથી.

ત્યાર બાદ નિપુણાએ કદલીદલના પવનના અને જલાર્દ્રતાના શીતલ ઉપચાર કર્યા અને પુન: ચરણમાં નમસ્કાર કરીને નિપુણા નામની સખી બોલી કે—હે સ્વામિનિ! સાચું કહો!!! આમાં શું પરમાર્થ છે?

જ્યારે ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે વિદ્યુતલેખા બોલી કે—મેં સાંભળ્યું છે કે—

આજે સમુદ્રમાં તરતો કોઈક સત્પુરુષ મળ્યો છે અને દેવતાએ કહેલ છે તેથી મારા ભાઈએ તેમનો મોટો ઉપચાર (સેવા–ભક્તિ) આરંભ્યો હતો.

અને ભોજન મંડપમાં ગયેલી એવી મેં કામદેવથી પણ અધિક રૂપસૌંદર્યાદિ ગુણવાળા તે સત્પુરુષને આંખોથી પ્રત્યક્ષ જોયો છે.

પણ પોતાથી અધિક ગુણવાળા એવા તેમને જોતી એવી મારા મનમાં ચિંતા ઉત્પન્ન થઈ છે કે—આ મહાભાગ મને સ્વીકારશે કે નહિં ? તે આ જ મારા વિષાદ–ખેદનું કારણ છે.

નિપુણા બોલી – હે સ્વામિની ! વિષાદને છોડો !!! કેમકે—

जइ गिरिसुयं गिरीसो नेच्चइ सिरिवच्छलंछणो लच्छिं ।
मयरद्धउ रइं तो तुमंपि नायरइ सो सुहउ ।।

જો શંકર ગિરિસુતા = પાર્વતીને ન ઇચ્છે, તથા જો વિષ્ણુ લક્ષ્મીને ન સ્વીકારે, અને જો કામદેવ રતિને ન અભિલષે તો જ તે સુહૃદ તમને પણ ન આદરે !!! અર્થાત્ તમોને સ્વીકારશે જ !!!

અને બીજું ભોજન મંડપમાં તારી પાસે રહેલી એવી મેં પણ તમને જોતા એવા તે સત્પુરુષને પણ મદન = કામદેવને પરવશ થયેલા હોય તેમ જોયો હતો.

આ અવસરે ચતુરિકા નામની દાસીએ આવીને કહ્યું કે—હે સ્વામિનિ ! યુવરાજ જણાવે છે કે—આજે સાંજે સંધ્યા સમયે પાણિગ્રહણ લગ્ન વિધિ છે તેથી હવે વિદ્યુત્લેખા શરીર સત્કારાદિ મંગલ કાર્ય કરે !!!

લગ્ન સમય આવ્યો ત્યારે મહા વિભૂતિ પૂર્વક ગુણંધરે વિદ્યુત્લેખાનું પાણિગ્રહણ કર્યું. વાયુવેગ વિદ્યાધરે પણ કરમોચન સમયે ગુણંધર રાજપુત્રને સુવર્ણ–રત્નાલંકાર અને વસ્ત્ર આદિ ઘણી ઉત્તમ વસ્તુઓ દાયજામાં આપી.

ગુણંધર રાજકુમાર ત્યાં કેટલાક દિવસો રહે છે.

હવે એકદા ગુણંધરે વાયુવેગને કહ્યું કે—મારે તામ્રલિપ્ત નગરીમાં જવું જોઈએ. વિદ્યાધર પણ તત્ક્ષણ તેજસ્વી રત્નમણિથી દીપતા મોટા વિમાનને વિકુર્વીને તેમાં ગુણંધર રાજકુમારને તથા નિપુણા અને ચતુરા દાસી સાથે વિદ્યુત્લેખાને બેસાડીને અને સુવર્ણ રત્નાદિ સર્વ વસ્તુઓ સાથે લઈને આકાશ માર્ગે પ્રયાણ કરતાં અનુક્રમે—તામ્રલિપ્ત નગરી બહાર કુસુમાકર નામના ઉદ્યાનમાં વિમાનને ઉતારે છે.

ત્યાર બાદ વિયોગના દુઃખથી વહી રહેલા અશ્રુયુક્ત નયનવાળા વાયુવેગ વિદ્યાધરને વિસર્જિત કરીને ગુણંધર પોતાના મંદિરે આવ્યો.

પણ વાયુવેગના ગુણથી આવર્જિત = વશ હૃદયવાળો ગુણંધર વાયુવેગના વિરહમાં સર્વત્ર શૂન્યતાને નિહાળતો રતિ પામતો નથી.

અરતિને દૂર કરવા માટે નગર બાહ્ય ઉદ્યાનના પ્રાંત પ્રદેશમાં વિચરતા ગુણંધરે છાતી અને માથું કૂટતી અને કરૂણ સ્વરે રડતી સ્ત્રીવર્ગને જોયું.

આક્રંદના શબ્દોથી પૂર્ણ થયેલા દિશા ચક્રને જોઈને અને વિરૂપ શબ્દોને શ્રવણ કરીને ગુણંધર, પાસે રહેલા પુરુષને પૂછે છે કે—હે ભદ્ર! કોણ કૃતાંત = યમરાજાના અતિથિ થયા છે? અથવા તો આ કરુણ વિલાપ શા નિમિત્તે થાય છે?

જ્ઞાતવૃત્તાંત તે પુરુષે કહ્યું કે—હે ભદ્ર! હે સૌમ્ય! તમે સાવધાન થઈને સાંભળો !!!

અહિં ઋદ્ધિના વિસ્તારથી વૈશ્રમણ = કુબેર જેવો અને સર્વ ભિક્ષુકોના મનોરથ પૂર્ણ કરવાથી વિસ્તરી છે યશઃકીર્તિ જેની એવો તથા નિરંતર દયા અને દાક્ષિણ્યતાદિ ગુણરત્નરત્નાકર એવો રત્નાકર નામનો શ્રેષ્ઠી રહે છે.

તે શ્રેષ્ઠીને ચાર પુત્રો પશ્ચાત્ ઘણા મનોરથ બાદ જન્મેલી સંપૂર્ણ ચંદ્ર જેવા નિર્મળ ગુણ સમૂહથી સકલ સ્ત્રીઓમાં ચૂડામણિ-તિલક સમાન મણિપ્રભા નામની કુમારિકા છે.

યૌવન વયને પામેલી તે કુમારિકાના નિરૂપમ રૂપને અનિમેષ નયણે જોતા દેવતાઓ આનમેષનયના એમ પ્રસિદ્ધ થયા.

કુસુમાયુધ = કામદેવ રૂપ મહારાજાને ક્રીડા કરવાના લીલાવન સ્વરૂપ યૌવનવયારૂઢ તે મણિપ્રભા કન્યા પોતાના ઘરની સમીપના ઉદ્યાનમાં વિવિધ ક્રીડાથી ક્રીડા કરતી હતી ત્યારે વિષમ વિષને ધારણ કરનારા વિષધરે = સર્પે તેણીને ડંખ દીધો.

સર્પના ડંખથી ચડેલા ઝેરથી નષ્ટ ચેતનવાળી તે કન્યા મૂર્ચ્છા પામી. અને પરશુ = કુહાડીથી કપાયેલી ચંપકલતાની જેમ ધ્રુજી ઈને પૃથ્વીતલ ઉપર પડી.

તે સમયે પરિજને હાહાકાર કર્યો. કરૂણ સ્વરને સાંભળીને સંભ્રમ પૂર્વક શ્રેષ્ઠી ત્યાં આવે છે સ્વજન-કુટુંબીજનો પણ ત્યાં એકત્રિત થયા.

તાદશાવસ્થા પામેલી કન્યાને જોઈને વિષાદ પામેલા તેઓ પ્રધાન ગારૂડિકોને બોલાવે છે. તત્કાલ આવેલા ગારૂડિકો વિધિ પૂર્વક મંત્ર પાઠ ભણે છે તથા

બીજા પણ ઘણા ઉપાયો કરે છે, તોપણ તે બધા પ્રયત્નો નિરાગી પુરુષ ઉપર ફેંકેલા કામિનીના કટાક્ષોની જેમ, મૂર્ખ જનની આગળ ભણેલા સુભાષિતની જેમ, ઉખર = ખારી ભૂમિમાં વાવેલા બીજની જેમ વિફળ = નિષ્ફળ ગયા.

ત્યારે શ્રેષ્ઠીએ પડહો વજડાવવા પૂર્વક ઉદ્‌ઘોષણા કરાવી કે—"જે શ્રેષ્ઠીની પુત્રીને જીવાડશે તેને શ્રેષ્ઠી જે માગે તે આપશે."

અહો! સ્નેહથી આતુર થયેલા મનુષ્યો શું નથી કરતા!!! તોપણ જ્યારે કોઈથી પણ જરા પણ વિશેષ સુધારો ન થયો ત્યારે સર્વે ગારૂડિકો અને વૈદ્યો હાથ ખંખેરીને ચાલતા થયા.

તે સમયે મણિપ્રભાની માતા રત્નવતી વિલાપ કરતી મૂર્ચ્છા ખાઈને પૃથ્વી તલ ઉપર ધબ દઈને ઢળી પડી.

રત્નસાર શ્રેષ્ઠી પણ આ દૃશ્ય ન જોઈ શકવાના કારણે શોકથી વિહ્વળ થતો મૂર્ચ્છા પામી ઢળી પડ્યો.

પરિજનોના શીતલ ઉપચાર દ્વારા કંઈક ભાનમાં આવ્યા ત્યારે પુત્રીના વિયોગથી વહી રહેલ અશ્રુવાળા નયનો છે જેમના એવા તે માતા-પિતા વિલાપ કરે છે—

ચંદ્ર જેવા સુંદર મુખવાળી હે વત્સે!

કમલની પાંખડી જેવા આ નયનોથી હવે અમોને પુનઃ ક્યારે નિરખીશ!!!

ઇત્યાદિ વિલાપ કરતા પુનઃ મૂર્ચ્છા પામે છે. વળી શીતલોપચાર દ્વારા સ્વસ્થ થાય છે એમ પુનઃ પુનઃ થાય છે.

હવે તે પુત્રીના દેહનો અગ્નિ સંસ્કાર કરવા નહિ ઇચ્છતા એવા તે રત્નસાર શ્રેષ્ઠીને વૃદ્ધ પુરુષો કહે છે કે—

હે મહાભાગ! શોકને તજો!
ધીરતાનું અવલંબન કરો!

તમારા જેવા પુરુષો જો શોકથી વિધુરિત થઈ આકુળ-વ્યાકુળ થાય તો પછી અનિંદિત એવી ધીરતા ભુવનમાં સ્થિર કેવી રીતે રહે?

અને બીજું આ જે મૃત્યુ છે તે તો સુર કે અસુર કોઈથી પણ સ્ખલિત થાય તેમ નથી અર્થાત્ સુર-સુરેન્દ્ર અને અસુર-અસુરેન્દ્ર પણ કાળક્રમે યમ = મૃત્યુને વશ થાય જ છે.

માટે હવે મનને સ્થિર કરો અને સ્નેહ જન્ય કાયરતાને તજો અને પુત્રીના મૃતક શરીરને સત્કારો!!!

ઇત્યાદિ પ્રકારે વૃદ્ધ પુરુષોએ કહ્યું ત્યારે સાવધાન થયેલા સ્તનસાર શ્રેષ્ઠી યથોચિત કાર્ય કરવા પ્રવર્ત્યા છે.

ગુણંધરે કહ્યું કે-હે ભાઈ! તૂર્યના શબ્દો સાંભળીને મેં જાણેલું કે—આ કન્યા હજુ પણ જીવંત જ છે!!!

ત્યાર બાદ તે પુરુષે કુમારના વચન શ્રવણ કરીને ચિંતવ્યું કે—"જે પુરુષ આ વાત જાણે છે તે કદાચ જીવનનો ઉપાય પણ જાણતો હશે" એમ ચિંતવીને તે પુરુષે કહ્યું કે—

હે મહાસત્ત્વ! શું જીવનનો કોઈ પણ ઉપાય છે?

ગુણંધર બોલ્યો—હા! મારી પાસે કાર્યસિદ્ધિ કરનારો દિવ્યમંત્ર છે પણ આ વાતમાં તો દિવ્ય=ભાગ્ય જ પ્રમાણ છે!!!

તોપણ હું મંત્રનો પ્રયોગ કરીશ જો તે કન્યા મને દેખાડો તો!!!

તે પુરુષ પણ તત્કાલ ગુણંધરને શ્રેષ્ઠીના મંદિરે લઈ જાય છે. તે સમયે શિબિકામાં સુવાડાઈ રહેલી કન્યા ગુણંધરને બતાવીને તે પુરુષે શ્રેષ્ઠીને કહ્યું કે—

"એક સત્પુરુષ છે તે આ કન્યાને જીવાડશે" તે પુરુષના વચન શ્રવણ કરીને શ્રેષ્ઠી પુનઃ જીવન પામ્યા હોય તેમ બોલ્યો—કયાં છે તે સત્પુરુષ?

પુરુષ બોલ્યો—"આ આવે છે" એટલામાં ગુણંધર ત્યાં આવે છે. લોકો પણ ગુણંધર સામે જોઈને ચિંતવે છે કે—"અહો! ભદ્ર=કલ્યાણકારી આકૃતિ છે" ઇત્યાદિ ચિંતવતા વિસ્મય યુક્ત બોલ્યા કે—હવે મણિપ્રભા નિશ્ચે જીવિત પામશે!!!

બધા લોક સાવધાન થયા, ગુણંધરે પણ મંડળ આલેખીને તેમાં કન્યાને સ્થાપી, અને સ્વયં શિખાબંધ કરીને મંત્ર ભણે છે. મંત્ર પાઠ પૂર્ણ થયે ગુણંધર કન્યાને કહે છે કે—

ઉઠો અને માતાને મુખ શોધની આપો!!!

કન્યા પણ તત્કાલ ઉંઘમાંથી ઉઠતી હોય તેમ જાગૃત થાય છે અને પાસે બેઠેલી માતાને સુવર્ણમયી મુખ શોધની આપે છે.

આ અપૂર્વ દૃશ્ય જોઈને સર્વ લોક પણ હર્ષાયમાન થયા, તે સમયે મંગલ તૂર્ય વગડાવ્યા.

મંગલ તૂર્યને નિવારણ કરતા ગુણંધરે કહ્યું કે—આ તુર્ય નાદ શા માટે? હજુ પણ આ કન્યા કંઈક વિષ યુક્ત છે.

આ તો મેં ફક્ત મંત્રનું સામર્થ્ય જ બતાવ્યું છે. હવે સાથે સાથે મારૂં સામર્થ્ય પણ જુઓ!!!

લોક બોલ્યા—તમે મહા પ્રભાવશાળી છો! તેથી બાલાને જીવાડો!!!

વળી ઉત્તરીયાભરણમાં વિષનું સંક્રમ બતાવીને લોકોની આગળ બોડીવાર મંડલાદિક ક્રિયા પુનઃ કરીને તે કન્યા પરમાર્થ રીતે પુનઃ જીવિત કરી.

હર્ષથી વિકસિત નયનોવાળી તે કન્યાએ પણ કુમારને અભિલાષપૂર્વક નિહાળ્યો.

વિસ્મય મનવાળા ગુણંધરે પણ મણિપ્રભાને અનુરાગપૂર્વક નિરખી.

પરસ્પર એક બીજાને કામરાગપૂર્વક નિરખતા તે બન્નેને જોઈને કોપાયમાન થયેલા કામદેવે તે બન્નેના હૃદયમાં વિષમ બાણ માર્યાં. કે તુર્ત તે બન્ને કંઈક બેદ યુક્ત થયા.

આ તરફ શ્રેષ્ઠિ-પુત્રી પુનઃ જીવિત થઈ છે તેની વધામણી નગરમાં પ્રવર્તી, અને ગુણંધર કુમાર પણ સ્વસ્થાન તરફ ચાલવા લાગ્યો. કેમકે—"મહાપુરુષોમાં એ આશ્ચર્ય હોય છે કે—પરોપકાર કરીને વળતા મળતા પ્રત્યુપકારથી ભય પામેલા તત્કાલ ત્યાંથી અન્યત્ર ચાલ્યા જાય છે.

જેમ સૂર્ય કમલોને પ્રતિબોધિત કરે છે=જગાડે છે પણ વળતું કંઈ પણ પ્રત્યુપકાર ઇચ્છતો નથી.

તેમ જ જલદ=વાદળ વિશ્વમાં સર્વત્ર વરસે છે પણ વિશ્વ પાસેથી કંઈ પણ સ્પૃહા રાખતો નથી.

તેથી આ પુરુષ કોઈ સામાન્ય વ્યક્તિ નથી એમ ચિંતવીને શ્રેષ્ઠીએ ગુણંધરને ભુજાથી પકડીને કહ્યું કે—હે મહાસત્ત્વ! પોતાના પવિત્ર ચરણ કમળ વડે મારા ઘરને પવિત્ર કરો!!!

આટલા માત્રથી પણ હું મને પોતાને કૃતાર્થ માનીશ!!!

ગુણંધર બોલ્યો—આપની વાત બરાબર છે પણ મારે મારા જરૂર કાર્ય પ્રસંગે તુર્ત જવું જોઈએ.

શ્રેષ્ઠી બોલ્યા—તમારા જેવાને તો પરાર્થ સંપાદન એ જ સ્વકાર્ય છે. ઇત્યાદિ

આગ્રહ કરીને શ્રેષ્ઠી પરિજન સાથે ગુણંધરને સ્વ મંદિરે લાવે છે. અને સ્નાન-ભોજનાદિ અને વસ્ત્રાભરણાદિથી ઉચિત સન્માન કરીને શ્રેષ્ઠી બોલ્યા કે—

જે કાર્ય અન્ય મનુષ્ય ન કરી શકયા તેવું એક મારૂં સત્કાર્ય તમોએ કર્યું છે અને બીજું પણ એક કાર્ય કરો!!! કેમકે સજ્જનો કયારેય પણ કોઈની પણ પ્રાર્થનનો ભંગ કરતા નથી.

ગુણંધર કુમાર બોલ્યો—કહો! જે કાર્ય હોય તે વિના સંકોચે કહો!!! આ હું કાર્ય કરવા તૈયાર જ છું!!!

શ્રેષ્ઠી બોલ્યા—હે સત્પુરુષ! આ મારી પુત્રીનું પાણિગ્રહણ કરો!!!

ગુણંધર સાથે આવેલા પુરુષનું મુખ જુએ છે.

પુરુષે કહ્યું કે—"હે મહાભાગ! આ રત્નાકર શ્રેષ્ઠી સર્વ જનોને અલંઘનીય વચનવાળા છે. અને તમે પણ ગુણાકર હોવાથી મહાન્ છો તેથી આ શ્રેષ્ઠી જેમ કહે તેમ કરો."

ગુણંધર બોલ્યો—"જો એમ હોય તો, શ્રેષ્ઠી જે કહે તે મારે માન્ય છે."

ગુણંધરના વચન સાંભળી હર્ષાયમાન હૃદયવાળા શ્રેષ્ઠી બોલ્યા કે—અમારા ઉપર આપનો મોટો ઉપકાર છે!!!

તત્કાલ શ્રેષ્ઠી નિમિત્તિયાને આદર પૂર્વક તેડાવીને લગ્ન મુહૂર્ત્ત પૂછે છે નિમિત્તિયાએ પણ જ્યોતિષ્ક ગ્રહચારના ગણિતના બળે જાણીને કહ્યું કે—આજની સંધ્યા સમયે જ સુંદર લગ્ન મુહૂર્ત્ત છે.

શ્રેષ્ઠીએ પણ તત્કાલ વિવાહોચિત સામગ્રી પ્રગુણિત કરીને મોટી વિભૂતિ પૂર્વક પુત્રી મણિપ્રભાના પાણિગ્રહણ કરાવે છે. ગુણંધર પણ શુભ લગ્ન સમયે મણિપ્રભાનું પાણિગ્રહણ કરે છે.

તે વિવાહોત્સવમાં શ્રેષ્ઠી યથેચ્છિત દાન આપે છે, સ્વજનોનું સન્માન કરે છે તથા તે સમયે તરૂણીઓ નૃત્ય કરે છે અને મંગલ ગીતો ગાય છે. અને યથોચિત દેવપૂજા અને ગુરુ ભક્તિ પણ હર્ષ પૂર્વક કરે છે.

આ પ્રમાણે પ્રમોદના પ્રકર્ષ રૂપ વિવાહોત્સવ પૂર્ણ થયો ત્યારે બીજે દિવસે વિશિષ્ટ નેપથ્ય = પહેરવેશ દ્વારા દેવકુમારથી પણ અતિશય મનોહર લાગતા ગુણંધર રાજકુમારને ત્યાં, કંઈક કાર્ય-પ્રયોજન વશ આવેલી માધવી એ જોઈને કુમારનું યથાવસ્થિત સ્વરૂપ શશિલેખા નામની પોતાની સ્વામિની રાજકુમારિકાને કહ્યું.

તે શશિલેખા પણ વર્ધમાન હર્ષવાળી થઈને માધવીની સાથે ગુણંધર પાસે આવીને "આ તો મારા સ્વામી = પ્રાણાધાર છે" એમ બોલીને ગુણંધરની ભુજા પકડીને પોતાના ભવન તરફ ચાલી—

એટલામાં "આ તો મારા જમાઈ = જામાતા છે" એમ બોલતો પોતાની પુત્રી મણિપ્રભાની સાથે રત્નાકર શ્રેષ્ઠી તેની પાછળ લાગ્યો = ચાલ્યો.

અને આ તરફ વિદ્યુત્લેખા પણ પોતાની સખી નિપુણાની સાથે ગુણંધરને શોધતી શોધતી ત્યાં આવી. તે પણ ગુણંધર જોઈને બોલી કે—"આ તો મારા ભર્ત્તા = પ્રાણનાથ છે" એમ બોલતી ગુણંધરની બીજી ભુજાએ વળગી.

પરસ્પર વિવાદ કરતા તેઓને તલારક્ષકે જોયા અને રાજમંદિરે રાજાની પાસે લઈ ગયો.

તે બધા પણ રાજાને પ્રણામ કરીને સન્મુખ ઊભા રહે છે ત્યારે રાજાએ શ્રેષ્ઠીને પૂછયું કે—હે ભદ્ર! શું વાત છે?

શ્રેષ્ઠી બોલ્યો—હે દેવ! મારી પુત્રી આ મણિપ્રભાને સર્પે ડંખ દીધો અને આખા શરીરે ઝેર વ્યાપી ગયો. ગારૂડિકો અને વૈદ્યોએ પ્રયત્ન કરવા છતાં ઝેર ન ઉતર્યો ત્યારે મરી ગઈ છે એમ જાણીને સ્મશાને અગ્નિસંસ્કાર કરવા અમે લઈ ગયા ત્યારે આ મહાસત્વશાળી પરોપકારી સત્પુરુષે મારી પુત્રી મણિપ્રભાને પુનઃ જીવિત કરી તેથી આ પુરુષ મારા પરમોપકારી છે એમ જાણીને મેં ઘણા આગ્રહ પૂર્વક પ્રાર્થના કરીને મારી પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું છે.

ત્યાર બાદ રાજા શશિલેખાને પણ પૂછે છે કે—હે વત્સે! શું હકીકત છે તે કહો!!! રાજાના વચન શ્રવણ કરી લજ્જાથી નમ્ર મુખવાળી શશિલેખા યાવત્ કંઈ જ બોલતી નથી તેટલામાં માધવીએ કહ્યું કે—હે મહારાજ! આ મારી સ્વામીની શશિલેખા જયસેન રાજાની પુત્રી છે અને આ ગુણંધર રાજપુત્રની અર્ધાંગના છે.

અમે અહીં આ નગરમાં આવીને રહેવા લાગ્યા. કેટલાક દિવસો સુખમય પસાર થયા બાદ આ સત્પુરુષ કયાં ગયાં તે અમે જાણતા ન હતા. અને તેઓના અસહ્ય વિયોગથી આ મારી સ્વામીની તેવા કોઈ અકથ્ય દુઃખને અનુભવતી હતી કે જે કહી શકાય તેમ નથી. પણ આજે ઘણા દિવસો બાદ પુણ્યોદયના યોગે પ્રાપ્ત થયા છે.

ત્યાર બાદ મહારાજાએ વિદ્યુત્લેખાને પૂછયું ત્યારે વિદ્યુત્લેખા પણ લજ્જાવશ સ્વયં મૌનનું આલંબન લઈને નિપુણાને દૃષ્ટિથી ઇશારો કરે છે.

નિપુણાએ કહ્યું કે—હે મહારાજ ! વૈતાઢય પર્વત ઉપર રત્નશાલ નામના નગરના સ્વામી જ્વલનસિંહ ખેચરેંદ્ર છે. તેમની આ વિદ્યુત્લેખા નામની પુત્રી છે.

રોહિણી દેવીના " સમુદ્રના જલ ઉપર તરતો જે પુરુષ પ્રાપ્ત થાય તે આ તમારી પુત્રીનો વર થશે. " એ વચનાનુસારે વાયુવેગ ભાઈની સાથે વિદ્યુત્લેખા સુવેલ પર્વતની સમીપમાં મહેલ બનાવીને નિવાસ કરતા હતા ત્યારે દેવીના વચનાનુસાર સમુદ્રના જલ ઉપર આ સત્પુરુષ તરતા પુણ્યયોગે મળ્યા. અને વાયુવેગ નામના ભાઈએ વિદ્યુત્લેખા બહેનના આ ગુણંધર કુમાર સાથે પાણિગ્રહણ કરાવ્યા.

અને ગઈ કાલે જ તે વાયુવેગે વિમાન વિકુર્વીને અમને અહીં લાવીને કુસુમાકર નામના ઉદ્યાનમાં ઉતાર્યા.

અમને કહ્યા વિના આ ગુણંધર કુમાર કયાંય ગયા. એમને શોધતાં શોધતાં આજે નગરના માર્ગ પર પુણ્યયોગે જોયા.

ઇત્યાદિ વાતો શ્રવણ કરીને વિસ્મયથી=આશ્ચર્યથી ચકિત હૃદયવાળા રાજા ચિંતવવા લાગ્યા કે—અહો ! આ પુરુષનું અતિ અદ્ભુત ચરિત્ર છે. !!! અહો ! રૂપ–લાવણ્ય સંપદાથી અંગોપાંગ કેવા રમણીય અને આહ્લાદકારી શોભે છે !!! અહો ! પુણ્યનો પ્રકર્ષ પણ કેવો અવર્ણનીય ઉલ્લાસને વધારનારો છે !!!

તેથી નિશ્ચે આ મહાસત્ત્વશાળી સત્પુરુષ કોઈક ઘણા કિંમતી ગુણમણિના આધાર રોહણાચલ જેવા વિમલ કુલમાં ઉત્પન્ન થયેલા હોવા જોઈએ.

ઇત્યાદિ ચિંતવતા રાજાની પાસે આવેલી કપિંજલા ગુણંધરને જોઈને અને પ્રત્યભિજ્ઞાન દ્વારા ઓળખીને હર્ષવશ વિકસિત થયેલ મુખકમલવાળી થયેલી બોલે છે કે—હે દેવ ! તે આ શૂર નરેશ્વરના પુત્ર ગુણંધર સકલ કળાઓમાં કુશળ છે. પરમ સૌભાગ્યવાન છે, અને અતિશય ધૈર્યવાળા છે કે જેમણે—

હાથી પાસેથી રાજકુમારિકાને છોડાવતી વખતે જે અનુરાગ દર્શાવેલ તે અનુરાગથી આકર્ષાયેલી કન્યા તેમના વિયોગમાં ગુણના સંકીર્ત્તન પૂર્વક દિવસો પસાર કરે છે. અને જેમના વિરહ રૂપ અગ્નિથી સળગતા અંગવાળી આ કન્યા વિભ્રમ પૂર્વક દશે દિશાઓને પુનઃ પુનઃ નિહાળે છે અને પ્રાણવલ્લભને નહિ પ્રાપ્ત કરતી દીર્ઘ નીસાસા નાખે છે.

મહારાજાઓના રાજપુત્રોને કે જેઓ યૌવન વયારૂઢ ગુણગણાઢય તથા રૂપ સંપદા યુક્ત હોવા છતાં પણ કન્યા ઇચ્છતી નથી. માતા–પિતા તથા પરિજનોએ ઘણુંએ સમજાવ્યું તો પણ અન્ય કોઈ પણ રાજકુમારને ઇચ્છતી જ નથી.

અને આવી રીતે આટલા કાળ પર્યંત રાજકુમારિકાએ કથમપિ દિવસો પસાર કર્યા છે.

પુત્રીના નિશ્ચયને જાણીને રાજાએ પણ તે મહાભાગ-સત્પુરુષને શોધવા માટે ચારે દિશામાં પ્રધાન પુરુષોને મોકલ્યા છે.

પણ આજે તે પરોપકારી સજ્જન મહાપુરુષ દૈવયોગે સ્વયમેવ અહીં પધાર્યા છે તે આ રાજપુત્ર ગુણંધર રાજકુમાર છે.

હવે "હે દેવ! આપને જેમ યોગ્ય જણાય તેમ કરો!!!"

કપિંજલાના વચન સાંભળી પ્રસન્ન થયેલા રાજા બોલ્યા —"સાધુ...સાધુ...તમે જે કહ્યું તે બરાબર જ છે!!!"

કેમકે—પરમ મિત્ર અને સ્નિગ્ધચિત્તવાળા એવા શ્રીમાન્ શૂર રાજાના પુત્ર અહીં આવવા છતાં પહેલાં અમે ઓળખી શકયા નહિં તે વાતનું અમોને આજે પણ શલ્ય = દુઃખ છે.

કે જેમણે કૃતાંત તુલ્ય હાથી પાસેથી પુત્રીને છોડાવી, તે સત્કાર્યનું અમોએ કંઈ જ ઉચિત પ્રત્યુપકાર વાળ્યો નથી.

સામાન્ય જન પણ ઉપકારનો બદલો આપવા તત્પર રહે છે જ્યારે અમોએ સામાન્ય જન જેવો પણ પ્રત્યુપકાર ન કર્યો.

ઉત્તમ—પ્રત્યુપકારની અપેક્ષા વિના પરોપકાર કરે તે—
મધ્યમ—ઉપકારોના પ્રત્યુપકાર માટે તત્પર રહે તે—
અધમ—ઉપકારીના ઉપકારને પણ ભૂલી જાય તે—

તો પ્રમાદ પરવશ ચિત્તવાળા એવા અમોએ જરા પણ પ્રત્યુપકાર કર્યો નથી!!! અહો! અમે કૃતઘ્ન જ છીએ!!!

ગુણંધર કુમાર બોલ્યો—હે દેવ! આપને આ વચનો બોલવા યુક્ત નથી. કેમકે—

મોટા પુરુષોની પ્રસન્નતા એ જ મોટું સન્માન છે. જ્યારે સામાન્ય લોક જ દાન આપવા દ્વારા ગુણિજનનું સન્માન કરે છે.

શુદ્ધ પુરુષોનો શુદ્ધભાવ અન્યને પણ શુદ્ધ કરે છે. સ્વયમેવ દેદીપ્યમાન સૂર્ય કિરણો દ્વારા કમલવનને પણ વિકસિત કરે છે.

તમારી વાત શ્રવણ કરીને મને માલુમ છે કે—તમારો મારા ઉપર સ્નેહ છે કે

જે—કોઈ પણ રીતે શિથિલ થાય તેમ નથી શું કયારેય પણ મેરૂ પર્વત કંપે ખરા?

શું કયારેય પણ રત્નાકર=સમુદ્ર મર્યાદાને ઓળંગે ખરા?

નહિ જ!!!

તેવી જ રીતે તમારી પરમ કૃપા એ જ મારે મન સર્વસ્વ છે?

રાજા બોલ્યા—હે કુમાર! એ જ મારી કૃપા છે કે—તમે કનકપ્રભા રાજકુમારિકના પાણિગ્રહણ કરો!!!

કપિંજલા બોલી—મહારાજા સાચું જ કહે છે!!!

કુમાર બોલ્યો—મહાપુરુષો યુક્ત જ બોલે છે પણ શશિલેખા વિગેરેને પૂછવું આવશ્યક છે.

રાજા બોલ્યા—હે કપિંજલે! કુમાર ઉચિત જ કહે છે!!! કેમકે—આ તો પહેલાંથી જ લડે છે=કલહ કરતી દેખાય છે માટે પૂછવું જરૂરી જણાય છે.

કપિંજલા શશિલેખા વિગેરેની પાસે જઈને કહે છે કે—હે ભદ્રે! આ રાજકુમારના પ્રથમ ઘરણી=અર્ધાંગના તમે છો તેથી આ રાજપુત્રીનું પાણિગ્રહણ કરવાની કુમારને અનુમતિ આપો.

શશિલેખા બોલી—હું કયાં નિવારું=અટકાવું છું!!! અને શું મને પૂછીને જ આ બીજી સ્ત્રીઓ પરણ્યા છે? અર્થાત્ ના! તેથી જે કંઈ તેમના મનને ગમે તેમ ભલે કરે!!!

ત્યારે વિદ્યુતલેખાને પૂછતા વિદ્યુતલેખા બોલી કે—આર્યપુત્રને જે ગમે તે મને પણ માન્ય જ છે. હું આર્યપુત્રને જરા પણ પ્રતિકૂલ નથી અર્થાત્ અનુકૂલ જ છું.

ત્યાર બાદ શ્રેષ્ઠિ કન્યાને પૂછયું ત્યારે તે લજ્જાના કારણે સ્ખલના પામતા અક્ષરોમાં અવ્યક્ત ઉચ્ચારવાળા શબ્દોથી કહ્યું કે—વિશેષ તો હું શું જાણું? પણ જે આ બન્નેને માન્ય હોય તે મને પણ માન્ય છે.

ત્યારબાદ હર્ષાયમાન થતી કપિંજલા રાજાને કહે છે કે—હે દેવ! કનકપ્રભા રાજકુમારિકાના પાણિગ્રહણમાં બધી જ વહુઓ અનુમત છે.

ત્યારબાદ રાજાએ પણ મહોત્સવ પૂર્વક પુત્રીના પાણિગ્રહણ કરાવ્યા અને પૂર્વની ત્રણ વહુઓને ઉદ્દેસીને રાજાએ કહ્યું કે—તમારા બધાનો (ચારેનો) આ ગુણધર રાજકુમાર આજથી ભર્ત્તા=સ્વામી=પ્રાણવલ્લભ છે.

માટે તમે પરસ્પર વાદ-વિવાદનો ત્યાગ કરીને પ્રાણનાથને આવર્જિત કરી સેવા-શુશ્રુષામાં ખામી ન રાખજો.

તથા આજથી તમે ત્રણે પણ મારી પુત્રીઓ જ છો, એમ જાણીને આ કનકપ્રભાને તમારી જ્યેષ્ઠી બહેન ગણીને પરસ્પર સંપીને રહેજો—

રાજાએ દાયજામાં ગુણંધર કુમારને વસ્ત્ર-અલંકારો તથા ૧૦૦૦ હાથી, ૧૦૦૦ રથ, તથા અનેક ગામ-નગરોથી યુક્ત એક દેશ આપ્યો.

ગુણંધર કુમાર પણ ચારે સ્ત્રીઓની સાથે પંચવિધ વિષયસુખને અનુભવતો સમય પસાર કરે છે.

એકદા કનકપ્રભાએ કહ્યું કે—" આવતી કાલે કુસુમાકર ઉદ્યાનમાં કુમારના દર્શન કરાવીશ " એમ વચન આપીને યોનક ગયો. અને બીજે દિવસે તે ઉદ્યાનમાં ગયેલી એવી મેં તમોને જોયા નહિ તથા યોનકને પણ જોયો નહિ. તેથી અહીં આ બાબતમાં શું પરમાર્થ છે ?

અહો ! યોનકની કૂડ કપટમાં ચતુરાઈ કેવી છે ? કે જેણે પૂર્વે પણ કપટ ક્રિયા કરી કુમુદિની દેવીના કોપથી પિતા દ્વારા દેશાંતર ગમન કરાવ્યું અને હમણાં પણ જુઠું બોલીને વહાણમાં બેસાડી દ્વીપાંતરે જતાં રસ્તામાં જ મને સમુદ્રમાં ફેંકયો.

તેથી દુષ્ટાત્મા એવા તેની કથા = વાતથી પણ સર્યું. કેમકે—અન્યત્ર પણ કહ્યું છે કે " પાપિષ્ઠોની કથા = વાત પણ પાપનું જ કારણ બને છે. " ઇત્યાદિ ચિંતવીને ગુણંધરકુમારે કહ્યું કે—હે પ્રિયે ! જુઠું બોલનારા એવા તેણે મારી આગળ એવું કંઈક કહ્યું કે—જેથી હું પણ તેની સાથે દ્વીપાંતરે જવા રવાના થયો.

કનકપ્રભા બોલી—હે સ્વામિન્ ! હમણાં તે વરાકડો = ગરીબડો કયાં છે ?

કુમારે કહ્યું કે—તેનું તો નામ પણ લેવા જેવું નથી.

હવે એકદા ક્રોડ સુભટોથી પરિવરેલ ગુણંધર રાજા આસ્થાન = સભા મંડપમાં બિરાજમાન હતા ત્યારે પૃથ્વી તલને ઉત્તમાંગ = માથું સ્પર્શાવીને પ્રતિહાર બોલ્યો કે—

હે દેવ ! શ્રી શૂર રાજાએ મોકલાવેલ કુશલમતિ નામના પુરૂષ દ્વાર પાસે ઉભા છે. અને આપને મળવા ઇચ્છે છે !!! આપનો શો આદેશ છે ?

ગુણંધર રાજા બોલ્યા—જલ્દીથી મોકલો !!! તુર્ત પ્રતિહાર કુશલમતિને લઇને રાજા પાસે આવે છે. ગુણંધર પણ તે કુશલમતિને ઓળખીને ભેટે છે અને ઉચિત

આસને બેસાડે છે. પરસ્પર કુશલવાર્ત્તા પૂછતાં અનુક્રમે ગુણંધરે પૂછયું કે—" શ્રી શૂર મહારાજા અને કમલિની પટ્ટરાણી પ્રમુખ સર્વ લોક કુશળ છે ને ? "

કુશલમતિ બોલ્યો—બધા જ કુશળ છે પણ હે કુમાર ! તમારા રાજ્યમાં કદાચ બધા કુશળ હશે પણ જ્યારથી તમે નગરનો ત્યાગ કરીને ગયા ત્યારથી તમારી માતા કમલિની દેવી હે કુમાર ! તમારા વિયોગને નહિં સહન કરી શકવાથી નિરંતર રડી રડીને અશ્રુ જલ વહાવતા અને દીર્ઘ = લાંબા નીસાસ નાખતા નરક જેવા દુઃખને અનુભવે છે.

અને આપના પિતાજીએ પણ પ્રધાન પુરુષો દ્વારા એવું કોઈ સ્થાન નથી કે ત્યાં તમારી શોધ ન કરાવી હોય, પણ તમારા કોઈ પણ સમાચાર મળ્યા નહિ.

પણ હમણાં સાગરદત્ત નામનો સાર્થવાહ આપણા નગરમાં આવેલો, ત્યારે તેણે હે કુમાર ! તમારા બધા જ સમાચાર પિતાજીને આપ્યા.

તમારા સમાચાર સાંભળીને શૂર મહારાજાએ તમોને તેડી લાવવા માટે મને મોકલ્યો છે. માટે મહેરબાની કરીને તમે પિતાના ચરણોમાં પધારો.

હવે જો થોડા દિવસોમાં તમે પિતાજી પાસે નહિ પહોંચો તો તમે માત-પિતાને જીવતા નહિ જોઈ શકો !!!

કુશલમતિના વચન શ્રવણ કરી વજ્રથી હણાયેલા હોય તેમ ગુણંધર રાજા ક્ષણવાર શૂન્ય મનસ્કવાળા થયા.

ક્ષણાંતરે ગુણંધર ચિંતવે છે કે—" જુઓ તો ખરા ! મેં માત-પિતાને કેવું અસહ્ય દુઃખ ઉત્પન્ન કર્યું. "

" જો કદાચ માત-પિતાના ચરણોમાં મારૂં જીવન સમર્પિત કરૂં તો પણ માત પિતાના ઉપકારનો પ્રત્યુકાર ન વળી શકે. "

" જ્યારે મેં તો માત-પિતાને સુખ આપવાને બદલે અપરિમિત દુઃખ જ આપ્યું છે. " " અજ્ઞાની એવા મને ધિક્કાર થાઓ. "

ઇત્યાદિ ચિંતવીને ગુણંધર કુશલમતિની ભુજા પકડીને જલ્દીથી મહાસેન રાજા પાસે ગયો અને બધી જ વાત સંક્ષેપમાં કહીને કુશલમતિ દૂત બતાવ્યો.

મહાસેન રાજા પણ સર્વ વાત સાંભળીને તથા તત્કાલોચિત તત્ક્ષણ નિર્ણય કરીને પુત્રથી પણ વહાલા એવા ગુણંધર કુમારનું વિશેષ સન્માન કરીને તથા પુત્રી કનકપ્રભાને પણ હિતશિક્ષા આપી વિદાય કરે છે.

ગુણંધર રાજા પણ ચારે સ્ત્રીઓ સહિત તથા અનેક હાથી-ઘોડા-રથ અને પાયદળ આદિ ચતુરંગી સેના સાથે અવિરત પ્રયાણ કરી અનુક્રમે પોતાના નગરની સમીપમાં આવે છે.

કુશલમતિ પણ આગળ જઈને શૂર મહારાજાને ગુણંધર કુમારની વધામણી આપે છે.

રાજા પણ હર્ષથી પુલકિત અંગવાળા થઈને સર્વ સમૃદ્ધિ સાથે કુમારની સન્મુખ જાય છે.

ગુણંધર કુમાર પણ માત-પિતાને જોઈ પ્રમોદ મેદુર થઈને ચારે સ્ત્રીઓ સહિત ચરણસ્પર્શ કરીને માત-પિતાના આશીર્વાદ મેળવે છે—શૂર મહારાજા પણ ગુણંધરને હર્ષાશ્રુ વહાવતા ભેટે છે.

ત્યાર બાદ ગુણંધર કુમારને ચારે સ્ત્રીઓ સહિત ગજરાજ ઉપર અંબાડીમાં બેસાડીને તથા મસ્તકે છત્ર ધરાવીને, બન્ને બાજુ ચામર વિંજાવતા, વાજિંત્રોના મંગલનાદ સાથે નગર પ્રવેશ કરાવે છે.

નગર લોકો પણ અપ્સરા તુલ્ય ગુણંધર કુમારની વિવિધ વચનો દ્વારા પ્રશંસા કરે છે. તે આ પ્રમાણે—

નગરમાંથી એકલો જ નિકળેલો આ કુમાર કેવી રીતે આટલી બધી લક્ષ્મી પામ્યો? અથવા તો પૂર્વ ભવમાં ઉપાર્જિત કરેલા સુકૃતોનું જ ફળ છે.

પૂર્વ જન્મમાં ઉપાર્જિત કરેલા પુણ્યથી આવર્જિત થયેલી લક્ષ્મી સ્વયમેવ સન્મુખ આવે છે. અને વિદેશમાં પણ સારા મિત્રની જેમ સંગાથ છોડતી નથી.

તથા આ રાજકુમાર દેવાંગના જેવી ચાર સ્ત્રીઓને પણ પૂર્વ પુણ્યના યોગે જ પામ્યો = પરણ્યો છે. અને આ સ્ત્રીઓ પણ પુણ્યવતી જ છે કે જેઓને દેવકુમાર તુલ્ય રાજપુત્ર પ્રાણવલ્લભ તરીકે મળ્યા છે.

ઇત્યાદિ વચનો દ્વારા પ્રશંસાતો ગુણંધર રાજકુમાર રાજમંદિરે આવે છે, તે સમયે જ્ઞાતિજન એકત્રિત થયા અને બધા જ હર્ષ વ્યક્ત કરવા લાગ્યા.

અવસર પામીને માતાએ પૂછ્યું કે—હે વત્સ! તું કયાં ગયો હતો? કેવા કેવા સુખ-દુઃખો અનુભવ્યા?

ગુણંધર કુમારે કહ્યું કે—દેશાંતર જોવા માટે હું આપણા નગરમાંથી ગયો. યાવત્ પુનઃ નગરમાં આવવા સુધીમાં જે કંઈ શુભ હતું તે બધું જ સંક્ષેપમાં કહ્યું—

ગુણંધરની વાત સાંભળીને માતા-પિતા તથા સ્વજન—જ્ઞાતિજન અને નગરલોકો પણ ખુશ થયા અને રાજકુમારના પુણ્યની પ્રશંસા કરવા લાગ્યા.

હવે ગુણંધર કુમાર રાશિલેખા વિગેરે ચારે પ્રિયાઓ સાથે પંચવિધ વિષયસુખને સંક્લેશ વિના ઘણા કાળ સુધી ભોગવે છે.

એકદા મિત્રો સાથે અશ્વ ક્રીડા કરવા ગયેલા ગુણંધર કુમાર વિશ્રામાર્થે સહકાર = આમ્ર વૃક્ષ નીચે બેસે છે ત્યારે ઓચિંતુ દુંદુભિનાદ સંભળાયું, સાથે સાથે ઠંડા અને સુગંધી વાયુ વાવા લાગ્યો, સુગંધિ જલની વૃષ્ટિ થઈ અને પંચવર્ણા સુગંધિ પુષ્પોની પણ ચોતરફ વૃષ્ટિ થવા લાગી.

પ્રશમ ભાવોત્પાદક અતિ આહ્લાદકારી વાતાવરણને જોઈ કુતૂહલથી આક્ષિપ્ત ચિત્તવાળો રાજકુમાર જરા આગળ જઈને નિહાળે છે તો—સુવર્ણ કમલ ઉપર બિરાજમાન થયેલા અને સુર-અસુર અને મનુષ્યોથી પ્રણામ કરાતા કલ્યાણકોશ નામના કેવલી ભગવાન દેખાયા = દૃષ્ટિ પથમાં આવ્યા.

ચંદ્રને જોઈ પ્રમોદિત થયેલા ચકોરની જેમ હર્ષથી પુલકિત રોમાંચવાળો ગુણંધર રાજકુમાર કેવલી ભગવાન પાસે જઈ પ્રણામ કરીને ઉચિત સ્થાને બેસે છે. બીજા પણ ઘણા દેવો અને મનુષ્યો સૂર રાજા પ્રમુખ નગર લોકો સ્વ-સ્વ ઉચિત સ્થાને બેઠા ત્યારે,

શ્વેત દાંતોની પંક્તિ = શ્રેણિના કિરણોથી દૂર કર્યો છે અંધકારને જેમણે એવા કેવલજ્ઞાની પ્રભુએ સંસારના વૈરાગ્યને જન્મ આપનારી ધર્મકથા કહેતાં કહ્યું કે—

ભો ! ભો ! ભવ્યાત્માઓ ! હે ભવ્યજીવો !

- દુઃખ રૂપ જલથી ભરેલા,
- જન્મ-જરા અને મરણ રૂપ ઉલ્લસિત થતા કલ્લોલથી સંકુલ,
- ક્રોધ રૂપ વડવાનલ યુક્ત હોવાથી દુર્ગમ્ય,
- મોહ રૂપ મહા આવર્ત્ત વાળો હોવાથી ભીષણ સ્વરૂપ વાળા,
- માન રૂપ વિષમ પર્વત વાળો હોવાથી દુર્ગમ્ય,
- માયા રૂપ ઘાટી=નિબિડ લહેરો હોવાથી દુર્લંઘ્ય,
- ધનની મૂર્ચ્છા રૂપ મત્સ્યોની શ્રેણીથી વ્યાપ્ત,
- પાપ રૂપ પંક=કાદવવાળો હોવાથી ગતિભંગ કરનારા,
- રાગ રૂપ મોટા મોટા જલ સર્પોથી ઘેરાયેલા,

વિવિધ રોગ રૂપ મગરથી દુષ્પ્રેક્ષ્ય = જોઈ ન શકાય તેવા,

અનવરત આવી મળતી હજારો નદીઓથી સંકીર્ણ,

અનવરત ઉછળતા હજારો મોજા = તરંગોથી આકીર્ણ,

દુર્દ્ધર વિષય પિપાષા રૂપ ઉછળતી વેલાના વિસ્તારથી વિષમ એવા આ સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતાં મહા કષ્ટે = ઘણી મહેનતે = ઘણા પુણ્યના યોગે યાનપાત્ર તુલ્ય ધર્મને પામીને તમે કેમ આરાધતા નથી, કે જે ધર્મની આરાધના દ્વારા તમે લઘુ = થોડા કાળમાં શિવ સુખ પામી શકો.

કેવલી ભગવંતના વચન શ્રવણ કરી સંવેગ ભાવથી ભાવિત મનવાળા રાજા ગુણંધર કુમારને કહે છે કે—"હે પુત્ર! પહેલાં પણ અમારું મન ભવરૂપ ચારક = કેદખાનાથી વિરક્ત હતું જ, અને હમણાં કેવલી પ્રભુના વચન શ્રવણ કરી વૈરાગ્ય દૃઢ થયું છે."

"તેથી હવે ગૃહવાસ એ પાશ = જાળ જેવું લાગે છે.

વિષયસુખ વિષની જેમ વિષમ લાગે છે અને રાજ્ય એ ગળે બાંધેલ દોરડાના ફાંસા જેવું લાગે છે અને સ્વજન સ્નેહ એ દૃઢ બંધન જેવા લાગે છે.

તેથી "હે કુમાર! તમે હવે રાજ્યનું સંચાલન કરજો અને હું હવે દીક્ષા લઈશ."

ગુણંધર કુમાર બોલ્યો કે—હે તાત! હે પિતાજી! હું પણ આ સંસાર = ભવથી વિરક્ત થયો છું તેથી હું જ ગુરુના ચરણોમાં દીક્ષા લઈશ અને આપ શ્રીમાન્ રાજ્ય સુખ ભોગવો!!!

શૂર મહારાજા બોલ્યા—"હે પુત્ર! પ્રથમ અમારે વ્રત આદરવા ઉચિત છે. તેથી હમણાં તો હું જ ચારિત્ર લઈશ."

અને હે ગુણંધર! તમે પણ અવસરે દીક્ષા લેજો. પણ હમણાં રાજ્યનું પાલન કરતાં તમે ધર્મને દેશથી આરાધજો અને આત્માને ધીમે ધીમે નિર્મળ કરતા રહેજો કે જે ન્યાય-નીતિ દ્વારા તમે આ લોકમાં દિગંત વ્યાપી યશ:કીર્ત્તિ પણ પામશો-અને પ્રજા પણ ધર્મારાધના સન્મુખ બનશે!!!

પિતાના વચન શ્રવણ કરી ગુણંધર કુમાર બોલ્યો કે—હે તાત! આપશ્રીએ સાચું જ કીધું છે તો પણ પિતા જ્યાં સુધી ધર્મ ન આદરે ત્યાં સુધી પુત્ર પણ ધર્મ ન આચરે એવો કંઈ એકાંતે નિયમ નથી, શું અગ્નિથી પ્રજ્વલિત ઘરમાંથી બહાર

નિકળાવા માટે શું ક્રમ જોવાય છે ? માટે મહેરબાની કરો અને મને સંયમ આદરવા માટે અનુમતિ આપો.

ગુણંધરના વચન સાંભળીને શૂર મહારાજા કુમારની ભુજા પકડીને કહે છે કે— હે વત્સ ! પરિણત વયવાળા એવા મને વ્રત ગ્રહણ કરવામાં સહાયક થા એમ જાણી જે તું વ્રત આદરવા તૈયાર થયો છે કેમકે " दुप्पडिग्यारा पिउणो त्ति " તોપણ આપણા રાજ્યના ભારને વહન કરવા માટે તારા સિવાય અન્ય કોઈ સમર્થ નથી અને કુલ ક્રમાગત અને શરણાગત પ્રજાને અનાથ પણ કેમ મુકી દેવાય ?

ઇત્યાદિ યુક્તિયુક્ત વચન દ્વારા પિતાજીએ = રાજાએ સમજાવ્યું ત્યારે કુમાર બોલ્યો—" હે તાત ! જો એમ હોય તો, આપને જે મનોઽભિમત હોય તેમ સુખેથી કરો !!!

ત્યાર બાદ હર્ષથી નિર્ભર મનવાળા શૂર મહારાજા ગુણંધર રાજકુમારને રાજ્ય સિંહાસન ઉપર બેસાડી સ્વયં કેવલી ભગવંત પાસે યથાવિધિ દીક્ષા ગ્રહણ કરે છે અને ગુણંધર રાજા સમ્યક્ત્વ મૂલ શ્રાવકના બાર વ્રત આદરે છે.

કેવલી પ્રભુને વંદન કરીને ગુણંધર રાજા રાજમંદિરે આવે છે. અને શ્રાવકધર્મને આરાધવાની સાથે સાતે ક્ષેત્રને પોષે છે. અને ઉચિત-અનુકંપા દાન પણ આપે છે.

આ તરફ કેવલજ્ઞાની પ્રભુ શૂર રાજર્ષિ પ્રમુખ શિષ્ય પરિવાર સાથે અન્યત્ર વિહાર કરે છે.

કેવલી પ્રભુના માર્ગદર્શનાનુસારે શૂર રાજર્ષિ પણ નિરતિચાર ચારિત્રને આરાધવાની સાથે તીવ્ર તપશ્ચર્યા આદરી આયુઃક્ષયે નરદેહને તજીને દિવ્યદેહવાળા દેવ થયા.

આ તરફ સૂર્ય જેવો તેજસ્વી ગુણંધર રાજા પોતાના પ્રતાપથી રાજમંડલને (ચંદ્રમંડલને) મ્લાન કરતો સામ્રાજ્યને નિષ્કંટક રીતે પાળે છે = ભોગવે છે = રાજ્ય-સુખને અનુભવે છે.

પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારા એવા ગુણંધર રાજા સ્વ-પર શ્રેયોઽર્થે—

- દેવ વિમાન સદશ જિન મંદિરો બનાવરાવે છે,
- જીર્ણ જિનમંદિરોનો પુનરુદ્ધાર કરે છે,
- મોટી વિભૂતિ પૂર્વક રથયાત્રા પ્રવર્ત્તાવે છે,
- સાધુ-સાધ્વીઓની ભક્તિ-વૈયાવચ્ચ કરે છે,

- પર્વ દિવસે પૌષધ આદરે છે,
- અન્ય લોકોને પણ જિનધર્મના માર્ગે પ્રેરણા કરે છે=પ્રવર્ત્તાવે છે,
- શ્રાવક-શ્રાવિકા (સાધર્મિક)ની ભક્તિ-વાત્સલ્ય કરે છે,
- જિન આગમ લખાવે છે,
- સ્ફટિક-પદ્મરાગ-નીલમણિ તથા સુવર્ણમય જિન પ્રતિમાઓ ભરાવે છે તથા ઉત્તમ આરસ પાષાણની પણ પ્રશમરસ નિમગ્ન મુદ્રાવાળી અનેક જિનપ્રતિમાઓ ભરાવે છે.

ઇત્યાદિ પ્રકારે જિનધર્મને આરાધતા ગુણંધર રાજાએ કોના ચિત્તમાં ચમત્કાર નથી કર્યો ? અર્થાત્ સર્વ લોકો ચિત્તમાં ચમત્કાર પામ્યા.

આ રીતે ચિર કાલ પર્યંત રાજ્યને પાલન કરીને ગુણંધર રાજા શશિલેખા રાણીની કુક્ષીએ જન્મેલા યશોધર નામના પુત્રને રાજ્ય ઉપર બેસાડી સ્વયં કલ્યાણકોશ નામના કેવલી ભગવંત પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અનુક્રમે ગુણંધરરાજર્ષિ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરી ગીતાર્થ થયા. અને ગુરુદેવની અનુજ્ઞાથી જિનકલ્પને આદરી ગુણંધર-રાજર્ષિ બહુવિધ દેશોમાં વિચરતા વિચરતા એકદા કુશાગ્ર નામના ગામે પધાર્યા અને રાત્રિ સમયે ગામ બહાર વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાને રહ્યા.

હવે આ બાજુ દ્રમક=ભિક્ષુકની જેમ આજીવિકા ચલાવતો યોનક ભમતો ભમતો તે ગામમાં આવ્યો અને ગુણંધરને જોઈને રોષાયમાન થતો ચિંતવે છે કે— "આ પાપી હજી પણ જીવે છે !!!" "હવે એને જીવતો ન રહેવા દઉં" ઇત્યાદિ કુવિકલ્પથી આકુળ-વ્યાકુળ થયેલો ઉપાય ચિંતવે છે.

જ્યારે સૂર્ય અસ્તાચળ ઉપર આરૂઢ થઈને અદૃશ્ય થયો ત્યારે શ્યામ ભમરા જેવો અંધકાર ચોતરફ પૃથ્વી તલ ઉપર વિસ્તાર પામ્યો અને તે જ સમયે યોનકના હૃદયમાં પણ મોહ તિમિર વિસ્તારને પામ્યો.

દ્વેષથી ધમધમતો યોનક હાથમાં લાકડી લઈને ત્યાં આવ્યો કે જ્યાં ગુણંધર-રાજર્ષિ કાઉસ્સગ્ગ ધ્યાને બિરાજમાન હતા. ત્યાં આવીને રાજર્ષિના મસ્તક ઉપર એવો તો સખત દંડ=લાકડીનો માર માર્યો કે—તે સમયે ગુણંધર રાજર્ષિને જીવિતાંતકારી વેદના થવા લાગી.

મરણ સમય નિકટમાં છે એમ જાણીને મહાસત્ત્વશાળી એવા ગુણંધર રાજર્ષિ તત્કાલોચિત કર્તવ્યમાં તલ્લીન બની ચિંતવે છે કે—

※ હે જીવ! ખેદ ન કરજે!!!

※ દીનતા ને દૂર રાખજે!!!

※ આ તો પૂર્વ કરેલા તારાજ પાપ કર્મનું ફળ છે!!!

※ આથી એ વધારે છેદન-ભેદનાદિ મહાદુઃખો નરકમાં હે જીવ! અનિચ્છાએ પણ તેં પુનઃ પુનઃ સહ્યા છે.

※ અને તિર્યંગ્ગતિમાં પણ અનેકવાર દુઃસહ દુઃખો સહન કર્યાં. પણ તે દુઃખો પરાધીનપણે સહ્યા હોવાથી અકામ નિર્જરા જ થઈ પણ વિશેષ કોઈ લાભ ન થયો.

※ પણ હવે હે જીવ! આ અવસરે તો તું જિનવચન રૂપ અમૃતના પાનથી વિવેકી થયો છે તો હવે કષાયોનો ક્ષયોપશમ કરી સમ્યગ્ રીતે જો સમતાભાવે આવી પડેલા દુઃખોને સ્વેચ્છાએ સમજીને સહન કરીશ તો તને અનંતગુણ નિર્જરાનો લાભ થશે.

※ અને બીજું જીવ સ્વયમેવ કર્મ બાંધે છે અને બાંધેલા કર્મના ફળને પણ સ્વયમેવ જ ભોગવે છે પણ તેમાં અન્ય કોઈ ભાગ પડાવી શકતો નથી.

જો એમ જ હોય તો પછી વિવેકી જીવોએ અન્ય ઉપર દ્વેષ કરવો એ શું ઉચિત છે? નહિ જ. તેથી હે જીવ! તેં જ પૂર્વ અજ્ઞાનવશ અશુભ કર્મો ઉપાર્જિત કર્યાં છે તે કર્મોથી મુક્ત કરવામાં નિમિત્ત થનારો આ યોનક તારો પરમોપકારી છે.

તેથી ઘણા જ તુષ્ટિદાનને યોગ્ય એવા આ યોનક ઉપર જો તું પ્રદ્વેષ કારણ કરીશ તો તું કૃતઘ્ન પુરુષોમાં શિરોમણી ગણાઈશ.

ઇત્યાદિ તત્ત્વ ભાવના દ્વારા ઘણી વેદનાથી વિધુરિત હોવા છતાં પણ શુભધ્યાનમાં લીન થયો થકો અને મંદર = મેરૂ ગિરિ જેવા સ્થિર ચિત્તવાળા અને શરીર માત્રમાં પણ અમમત્વવાળા તે ગુણંધર રાજર્ષિ ચિંતવે છે કે—હા! દુઃખની વાત છે કે—આ યોનકને તીવ્ર પાપકર્મના બંધમાં હું નિમિત્ત બન્યો.

ઇત્યાદિ રીતે ઉપસર્ગ કરનારા ઉપર પણ અનુકંપાને કરતા તે ગુણંધર રાજર્ષિ સપ્તધાતુમય નરદેહને સમાધિ પૂર્વક તજીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દિવ્યશરીરધારી દેવ થયા.

આ તરફ તથાવિધ અકાર્ય કરવાના ભયથી સંક્ષુબ્ધ થયેલો યોનક જલ્દી જલ્દી નાશે છે. રસ્તામાં વિષમ ભેખડવાળી નદી આવી, પણ ભય વિહ્વલ હોવાથી ધ્યાન ન રહ્યું અને તે દુષ્ટાત્મા નદીમાં તેવી રીતે ગબડી પડ્યો કે—તેના હૃદયના સ્થાને કાંઠામાં

ખુંચેલો તિક્ષ્ણ અણીવાળો ખીલો એવો તો ખુંચી ગયો કે—તીવ્ર વેદનાને સહન કરતો ત્રણ દિવસ સુધી નરક તુલ્ય અસહ્ય વેદના સહી આયુઃક્ષયે મરણ પામી છઠ્ઠી તમઃપ્રભા નામની નરકમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

હવે તે ગુણધરનો જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમ પર્યંત સાતા વેદનીયને ભોગવીને આયુઃક્ષયે ત્યાંથી ચ્યવીને હે રાજન્! તમે થયા છો અને તે યોકનનો જીવ છઠ્ઠી નરકમાં અસહ્ય દુઃખોને સહેતો અકામનિર્જરા કરી. આયુઃક્ષયે નરકમાંથી ચ્યવીને સંસારમાં બહુવિધ ભમ્યો.

પૂર્વ ભવમાં કર્યું છે કંઈક સુકૃત જેણે એવો તે યોનકનો આત્મા હે કુમાર! તમારી અપરમાતાથી જન્મેલો આ તમારો નાનો ભાઈ થયો છે.

પૂર્વ જન્મમાં તમારા ઉપર જે વારંવાર પ્રદ્વેષ કરેલ તે દ્વેષ = અભ્યાસના કારણે આ ભવમાં પણ તમારા ઉપર દ્વેષ રાખે છે.

અને તમોએ જે પૂર્વ ભવમાં અનુકંપા દર્શાવેલી તે કારણથી આ ભવમાં પણ તમોને અનુકંપા = કરૂણા જ સ્ફુરે છે.

અન્યત્ર પણ કહ્યું છે કે—

एक्कंमि भवे जीवे गुणं च दोसं च जो जमाययइ।
जम्मंतरंमि नूणं रमई मणो तस्स तत्थेव ॥

એક ભવમાં જે જીવ જે જીવ ઉપર ગુણ કે દોષ અથવા રાગ કે દ્વેષ આચરે છે તે જીવનું મન નિશ્ચે તે જીવ ઉપર જન્માંતરમાં પણ તદનુરૂપ જ રમે છે = પ્રવર્તે છે.

पढमं थोवं थोवं गुणो व दोसो व होज्ज जो जस्स।
पइ जम्मब्भासेण पयरिसपत्तो गुणो दोसो॥

જે જીવને સર્વ પ્રથમ થોડામાં થોડો જે ગુણ કે દોષ હોય છે તે પ્રત્યેક જન્મોમાં અભ્યાસ દ્વારા પ્રકર્ષને પામતો ગુણ તે મહાન ગુણ બને છે અને દોષ તે મહાદોષ બને છે.

एएण कारणेणं दूरं मोत्तूण दोसलेसंपि।
कायव्वो बुद्धिमया गुणेसु पइसमयमब्भासो॥

આ જ કારણથી નાનામાં નાના પણ દોષના અંશને પ્રયત્ન પૂર્વક દૂર કરીને બુદ્ધિવાળા પ્રાજ્ઞ પુરુષે પ્રતિ સમય ગુણ પ્રાપ્તિ માટે અભ્યાસ કરવો જોઈએ.

ઇત્યાદિ ગુરુદેવના વચનો શ્રવણ કરીને થયું છે જાતિસ્મરણ જ્ઞાન જેને એવો તે ગુણસેન કહે છે કે—હે ભગવન્! જે આપશ્રીએ કહ્યું તે બધું જ સાચું જ છે.

પહેલાં પણ હું વિષય સુખથી પરાઙ્મુખ જ હતો અને પૂર્વ ભવના અભ્યાસથી હું હમણાં પણ વિશેષે કરીને વિષય સુખથી વિરક્ત છું. તેથી હે ભગવન્! માત-પિતાને વિનય પૂર્વક પૂછીને દીક્ષા લેવા ભાવના છે.

જીવાનંદાચાર્ય—" શુભ કાર્યમાં વિલંબ ન કરવો. "

ગુણસેન પણ તત્કાલ માત-પિતાની અનુમતિ મેળવી, જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ કરવા પૂર્વક તથા દીન-દુઃખીઓને દાન આપવા પૂર્વક પરમોલ્લાસ સાથે રાજમંદિરેથી પ્રયાણ કરી નગરના મધ્ય-મધ્ય માર્ગે થઈને ઉદ્યાનમાં આવે છે અને જીવાનંદ સૂરીશ્વરજી પણ શુભ લગ્ન મુહૂર્ત્તે ગુણસેન રાજાને યથાવિધિ દીક્ષા આપે છે.

ગ્રહણ અને આસેવન શિક્ષા પ્રાપ્ત ગુણસેન મુનિવર દુઃસહ એવા પણ પરીસહોને સમ ભાવે હસતે મુખે સહે છે અને તીવ્ર તપશ્ચર્યામાં રક્ત રહેવા પૂર્વક સઘળા શ્રુતજ્ઞાનને યથાવિધિ ભણે છે.

તથા ઉભય ભવમાં દુઃખના હેતુ એવા ક્રોધના વિપાકને ચિંતવતા અને તેથી જ ઉપસર્ગને કરનારા ઉપર પણ કરુણાને કરતા ગુણસેનરાજર્ષિ શિવમંદિર ઉપર ચઢવા માટેની નિઃશ્રેણી તુલ્ય ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ અનુક્રમે મોહનીય-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાયકર્મ સ્વરૂપ ઘાતિકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રગટ કર્યું.

કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા આવેલા દેવોએ વિકુર્વેલા સુવર્ણ કમલ ઉપર બિરાજમાન થઈ ગુણસેન કેવલી ભગવંત સૂર્યના કિરણો જેવી વાણીના વિસ્તારથી પદ્મકમલ રૂપ ભવ્ય જીવોની મોહ નિદ્રાને દૂર કરી પરમોલ્લાસના પ્રકર્ષને પ્રાપ્ત કરાવે છે.

ચિર કાલ પર્યંત પૃથ્વી તલ ઉપર વિચરી ભવ્ય જીવોને પ્રતિબોધ કરી અનુક્રમે જ્યારે શૈલેશીકરણ કરે છે ત્યારે ભવોપગ્રાહી એવા વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર કર્મરૂપ ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરે છે.

જ્યારે કર્મના બંધનો સર્વથા તુટ્યા ત્યારે તે ગુણસેન રાજર્ષિ સકલ લોકના અગ્રભાગે રહેલી સિદ્ધશિલા ઉપર સાદિ અનંત ભાંગાવાળી સ્થિતિએ બિરાજમાન થાય છે અર્થાત્ નિર્વાણ પદ પામે છે.

હવે આ બાજુ અવિનયી એવો ચંડસેન કુમાર અન્ય પાસે જે જે રમણીય વસ્ત્ર સુવર્ણ-રત્ન વિગેરે જુએ, તે તે તેની પાસેથી બલાત્કારે પણ ગ્રહણ કરે છે. જ્યારે

પિતાજી એવા રાજાએ તેમ કરતા અટકાવ્યો ત્યારે કોપાયમાન થયેલો તે ચંડસેન શત્રુની જેમ પિતાના મસ્તકને તલવાર = ખડ્ગથી છેદે છે.

અને સ્વયં રાજ્ય સિંહાસન ઉપર જઈને બેઠો. અને કુનયના આચરણમાં અગ્રેસર એવો તે પાપિષ્ઠ ચંડસેન સાચી સલાહ આપનારા પ્રધાન પુરુષોને પણ હણે છે.

ત્યાર બાદ તે પ્રધાન પુરુષો દ્વારા ઉપેક્ષિત કરાયેલા એવા તે ચંડસેનને વૈરિ રાજાએ વશ કરી કુંભીપાકની શિક્ષા આપી. અસહ્ય દુઃખને સહન કરતો રૌદ્રધ્યાનોપગત એવો તે ચંડસેન આયુઃક્ષયે મરણ પામીને તમસ્તમઃપ્રભા નામની સાતમી નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થયો. અને અગણિત દુઃખોને અવિશ્રાન્તપણે સહન કરતો અશરણ એવો તે ત્રાહિ માં ત્રાહિ માં...એમ નિરંતર પોકાર કરતો કાળ–ક્ષેપ કરે છે.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં કોપ અને પ્રશમના સ્વરૂપનું અને ફળનું દિગ્દર્શન કરતી કપિલ અને કેશવની કથાના વર્ણન સ્વરૂપ છવ્વીસમો પ્રસ્તાવ સમાપ્ત.

—o—

વાચકવરેણ્ય શ્રી યશોવિજયવિરચિત

પ્રભુ પ્રેમ પ્રદર્શક શ્રી સુમતિનાથ જિનસ્તવન

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ....૧

સજ્જન શું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહે મહકાય. સોભાગી....૨
આંબડીએ નવિ મેરૂ ઢંકાયે, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ અંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી....૩
હુઓ છીપે નહિં અધર અરૂણ જિમ, ખાતા પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી....૪
ઢાંકી ઇક્ષુ પરાલશું જી, ન રહે લહી વિસ્તાર;
વાચક જશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી....૫

—o—

॥ क्रौञ्चलञ्छनलाञ्छित श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः ॥

प्रस्ताव २७ मो



માનનું સ્વરૂપ તથા નિવારણના ઉપાય અને ફળ—

कोहं परिहरमाणोऽवि माणवो माणवज्जणे सज्जो ।
जइ होज्जा तो लभिज्जा इह-परलोए च कल्लाणं ॥ १ ॥

ક્રોધનો પરિત્યાગ કરનારો પણ મનુષ્ય જો માનને તજવામાં તત્પર હોય તો જ તે પુણ્યાત્મા આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ = સુખને પામે છે.

માનથી સ્તબ્ધ બનેલો જંતુ પરોપકારી એવા માતા-પિતા અને દેવ તથા ગુરુને પણ પ્રણામ કરતો નથી.

અભિમાન યુક્ત એવો મનુષ્ય ઊંચું મુખ કરીને ચાલે છે ત્યારે ગગનમાં રહેલા નક્ષત્રોને ગણતો હોય તેમ ચાલવાથી માર્ગને બરાબર નહિ નિહાળવાના કારણે સંસાર રૂપ ગર્ત્તા = ખાડામાં પડે છે અથવા કોઈની સાથે અથડાઈને કે ઠોકર ખાઈને ગબડી પડે છે.

અવિનયી એવા પુત્રને અયોગ્ય જાણીને માત-પિતા—ચિરકાલથી ગોપવેલ નિધાન બતાવતા નથી અને ધન પણ આપતા નથી.

અભિમાની મનુષ્યને ગુરુ વિદ્યા ભણાવતા નથી, શિલ્પી શિલ્પ શિખવતો નથી, તથા નટ નટકળા બતાવતો નથી અને ગાયક ગીત પદ્ધતિનો મર્મ જણાવતો નથી.

રાજા તથા અમાત્ય = મંત્રી આદિની સેવા કરનારો વિનયી પુરુષ મનોવાંછિતાર્થને મેળવે છે અને અભિમાની પુરુષ કંઈ જ મેળવે નહિ. પ્રત્યુત શિક્ષાને પાત્ર તો અવશ્ય બને જ છે.

અભિમાની પુરુષ કામિનીના કામસુખને પણ મેળવી શકતો નથી. કેમકે કામશાસ્ત્રમાં કહ્યું છે કે—સ્ત્રી સાથે માર્દવતાથી વ્યવહાર કરવો જોઈએ.

માનથી સ્તબ્ધ બનેલા આત્મામાં મોક્ષ વૃક્ષના બીજસ્વરૂપ વિનય-ધર્મ જ નથી. કેમકે શાસ્ત્રમાં પણ વિનયરૂપ ધર્મને મોક્ષતરૂનું મૂળ કહેલ છે.

जाइ-कुल-रूव-बल-सुय-लाभिस्सरिय अट्ठमयमत्तो ।
तव्विवरीयं कम्मं बंधइ लीलावइ व्व जओ ।।

જાતિ-કુલ-રૂપ-બલ-શ્રુત લાભ અને ઐશ્વર્ય સ્વરૂપ આઠ મદથી ઉન્મત્ત થયેલો મૂઢમતિ જીવ લીલાવતીની જેમ તેનાથી વિપરીત એવા હીન જાતિ હીન કુલ વિગેરેના હેતુભૂત કર્મો બાંધે છે.

લીલાવતીની કથા

આ જ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં કાશી નામનું દેશ છે કે જ્યાં વિશ્વપુરી નામની નગરીના ઉદ્યાનોમાં કુસુમિત થયેલા વૃક્ષોના પરિમલ પરાગને હરણ કરવામાં હોશિયાર એવા પવન સિવાય તે નગરીમાં કોઈ પણ ચોર નથી.

તે નગરીમાં નરસુંદર નામના રાજા રાજ્ય કરે છે કે જેમનો ભુજદંડ ભુજંગરાજની જેમ ભૂમિના ભારને વહન કરે છે તથા જે રાજાની અસિલતામાં જયલક્ષ્મી નિવાસ કરે છે.

ભુવનને મનોરમ એવા મદન તુલ્ય રૂપ-સંપદા વાળા તે નરસુંદર રાજાને રતિ તુલ્ય રૂપ-લાવણ્યાદિ યુક્ત અનુરૂપ લીલાવતી નામની પટ્ટરાણી છે. તેણીની સાથે પંચવિધવિષય સુખને ભોગવતા તે રાજાનો સમય સુખપૂર્વક પસાર થાય છે.

એકદા શરદ ઋતુનો સમય આવ્યો ત્યારે વિકસિત પુષ્પોના પરાગ સુંઘવા માટે ભમરાઓ ચોતરફ ગુંજારવ કરતા ભમે છે અને તમાલ વૃક્ષના પત્ર તુલ્ય નીલ ગગનમાં હંસની પંક્તિઓ વિચરે છે અને સરોવરમાં ફીણના પડલની જેમ કુમુદવન ખીલી ઉઠયું છે અને સરોવરના જલ અત્યંત નિર્મળ થયેલા છે તે સમયે રાજા પરિવાર સાથે રથવાડીએ જાય છે.

ત્યાં રાજાએ એક નાનું તળાવ જોયું કે—જેમાંથી પુરુષો પાણી ઉલેચતા હતા અને તે સરોવરમાં ઘણા દેડકાઓ અને માછલીઓ ટળવળતા હતા.

આ દશ્ય જોઈને રાજાએ ચિંતવ્યું કે—અહો! આ જીવો પ્રતિદિન મૃત્યુની નિકટ પહોંચતા જાય છે.

અરે! કેવલ આ જીવો જ નહિ પણ અમે બધા પણ સમયે સમયે—ક્ષણે ક્ષણે મૃત્યુની સમીપે જ જઈએ છીએ.

ત્યાર બાદ સેવક દ્વારા તે બધા જ જલચર જીવોને રાજાએ ઘણા પાણીવાળા મોટા સરોવરમાં મુકાવરાવ્યા.

ત્યાર બાદ શ્રવણ કરેલ શ્રુતજ્ઞાનના આધારે ચિંતવે છે કે—

પલ્વલ = તળાવ જેવો જીવલોક છે.

જલ એ આયુષ્ય છે.

જલચર જીવો એ ચારે ગતિના જીવો.

કૃતાંત = કાળ = યમ એ જલ ઉલેચનાર પુરુષ છે.

આવા વિષમ સંસારમાં રહેલા જીવોને શાશ્વત સુખ મળે એવો કોઈ ઉપાય છે? મરણ જ ન આવે એવું કોઈ સ્થાન છે? ઇત્યાદિ તત્ત્વની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

આ અવસરે સહસ્રામ્રવન નામના ઉદ્યાનને વિષે ચાર જ્ઞાનને ધારણ કરનારા શ્રી યુગંધર નામના આચાર્યદેવ શિષ્ય પરિવારથી પરિવરેલા ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પધાર્યા.

પુરોહિત રાજાને મુનિવરોના આગમનના સમાચાર આપે છે કે તુર્ત રાજા પરિવાર સાથે આચાર્યદેવને વંદનાર્થે જાય છે. નગર લોકો પણ મુનિદર્શન કરવા અને ધર્મદેશના સાંભળવા ઉદ્યાનમાં આવે છે.

શ્રી યુગમંધર મુનિવરને વંદન કરીને બધા જ યથોચિત સ્થાને બેઠા ત્યારે આચાર્યદેવ ધર્મકથા કહે છે.

ધર્મકથા શ્રવણ કરીને થયો છે વૈરાગ્ય જેમને એવા તે નરસુંદર રાજા ૫૦૦ રાજાઓની સાથે તથા લીલાવતી રાણી ૫૦૦ સખીઓ સાથે ભવોદધિતારિણી દીક્ષા યથાવિધિ અંગીકાર કરે છે.

ગ્રહણ અને આસેવન શિક્ષા સાથે સમગ્ર સૂત્રાર્થને ભણીને નરસુંદર રાજર્ષિ ગીતાર્થ થયા ત્યારે ગુરુદેવશ્રીએ આચાર્ય પદે સ્થાપ્યા અને લીલાવતી સાધ્વીને પણ પ્રવર્ત્તિની પદે સ્થાપી.

પણ હું રાજપત્ની છું એમ વિચારીને ગર્વને ધારણ કરતી લીલાવતી સાધ્વી નીચગોત્ર કર્મને બાંધે છે. એમ કેટલોક કાળ વ્યતીત થયો.

હવે એકદા આ આપણા ગુરુ ઉદ્યત વિહારી છે એમ ચિંતવીને વૃદ્ધ શિષ્યોએ

વિનંતી કરી કે—જેવી રીતે આ ભવને વિષે આપ શ્રીમાન્ અમારા ઉપર અનુગ્રહ = ઉપકાર બુદ્ધિ ધારણ કરો છે તેવી જ રીતે જન્માંતરમાં પણ અમને કરૂણા બુદ્ધિથી પ્રતિબોધ કરજો.

ગુરુદેવશ્રીએ પણ શિષ્યોની વાત સ્વીકારી. અને આ તરફ વૃદ્ધ શિષ્યો પણ કાળક્રમે સ્વાયુ:ક્ષયે દિવંગત થયા.

ત્યાર બાદ આ જ ભરત ક્ષેત્રમાં સંપદ્યમાન છે મનોવાંછિત અર્થો = વિષય સુખો જ્યાં તથા લોકની પ્રીતિને માટે વિસ્તૃત કનક = સુવર્ણના નિધાનને ધારણ કરનારી કૌશાંબી નામની નગરી છે.

તે નગરીને વિષે પોતાના ઉજ્જ્વલ યશ:કીર્ત્તિના પ્રસર = ફેલાવાથી ઉપહસિત કર્યો છે શરદ પૂર્ણિમાના ચંદ્રને જેણે એવા ચંદ્ર નામના રાજા છે.

તે રાજાના અંગત કાર્ય કરવામાં આદરવાળો બુદ્ધિસાગર નામનો મંત્રી છે, તે મંત્રીની સુવર્ણકાંતિવાળી શાંતિમતી નામની ભાર્યા છે.

આ તરફ આચાર્યનો જીવ દેવલોકના આયુ:ક્ષયે ત્યાંથી ચ્યવીને રાજહંસની જેમ શાંતિમતી રૂપ સરોવરમાં ઉદર રૂપ પદ્મ = કમળને વિષે અવતર્યો અને પૂર્ણકાળે જન્મ થયો, ત્યારે તેનું નામ સાંખ્યાયન સ્થાપ્યું.

તથા બીજા પણ શિષ્યોના આત્માઓ વારાણસી નગરીમાં બ્રાહ્મ કુલોમાં જનમ્યા.

અને લીલાવતીનો આત્મા પણ નીચગોત્ર કર્મના ઉદયે ઋષભપુરમાં માણિભદ્ર શ્રેષ્ઠીના ઘેર દાસીની કુક્ષીએ જન્મ પામી અને મદનમંજરી નામે પ્રખ્યાતિને પામી. એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો.

સાંખ્યાયન બાલ્યવયમાં હતો ત્યારે જ તેના પિતા બુદ્ધિસાગર મંત્રી નિધન = મરણ પામ્યા એટલે ચંદ્ર રાજાએ અન્ય કોઈકને મંત્રીપદ ઉપર સ્થાપ્યો.

અન્યદા એક વાર તે નવા મંત્રીને મહાઋદ્ધિ સાથે જતાં જોઈને આંખોમાં અશ્રુજલને વહાવતી શાંતિમતી માતાને સાંખ્યાયન બાળક કહે છે કે—"હે અંબ! હે માતા! શા માટે રડો છો?"

મા બોલી—"હે પુત્ર! આ તારા પિતા સંબંધી ઋદ્ધિ છે. પણ તેમના દેહાંત પછી તું બાળક હોવાથી રાજાએ આ બ્રાહ્મણને મંત્રી પદે સ્થાપ્યો છે."

પુત્ર બોલ્યો—"હે મા! હવે તે ઋદ્ધિ પુન: કેવી રીતે મેળવી શકાય?"

મા બોલી—"હે પુત્ર! વિદ્યા અભ્યાસ દ્વારા—"

પુત્ર—"હે માતા! રડો નહિં! હું વિદ્યા અભ્યાસ કરીશ!!!"

મા બોલી—"હે પુત્ર! તો તો બહુ સારૂં"

પુત્ર—"હે મા! આ નગરમાં નવા મંત્રીના ભયથી મને કોઈ પણ પંડિત વિદ્યા ભણાવશે નહિ, તેથી હું દેશાંતરે જાઉં છું અને આ બાબતમાં તમારે જરાપણ ખેદ કરવો નહિં!!!

મા ચિંતવે છે કે—,' વાત તો બરાબર છે." ચિંતવીને મા બોલી—હે પુત્ર! જો એમ હોય તો તું સુખેથી ઋષભપુરમાં જા. અને ત્યાં તારા પિતાના મિત્ર વેદગર્ભ નામના બ્રાહ્મણ રહે છે તેઓ ચૌદ વિદ્યાના પારંગત છે. માટે તેમની પાસે જજે!!! ત્યાં તું વિદ્યા મેળવી શકીશ!!!

પુત્ર માતાની વાત સ્વીકારીને તુર્ત ઋષભપુરમાં ગયો અને વેદગર્ભ પંડિત બ્રાહ્મણને મળે છે અને પોતાની ઓળખાણ આપે છે.

સાંખ્યાયનના વચન શ્રવણ કરીને વેદગર્ભ પંડિત ચિંતવે છે કે—"આ તો મારા મિત્રનો પુત્ર છે તેથી મારા પુત્ર તુલ્ય જ છે." એમ ચિંતવીને વિશિષ્ટ આહાર-વસ્ત્રાદિ દ્વારા સત્કાર-સન્માન કરે છે. અને વિદ્યા અભ્યાસ કરાવવા પોતાને ત્યાં રાખે છે.

પણ પંડિત ચિંતવે છે કે—હું તો યાચક વૃત્તિવાળો છું તેથી મારા ઘેર જો આહારાદિ કરે તો યાચના કરવા ગામમાં ભમવું પડે. અને એમ કરે તો વિદ્યાભ્યાસ ન થઈ શકે.

માટે આ મિત્રના પુત્રના ભોજન માટે શ્રીમંત શિરોમણી શ્રી માણિભદ્ર શ્રેષ્ઠીને વાત કરૂં અને હું સ્વયં વિદ્યાનો અભ્યાસ કરાવું.

માણિભદ્ર શ્રેષ્ઠી પણ તે વાત સ્વીકારે છે અને પ્રતિદિન બહુમાન સાથે આહારાદિ દ્વારા બ્રાહ્મણ પુત્રની પ્રતિપત્તિ કરે છે. અને દાસી પુત્રી મદનમંજરીને કહે છે કે—આ બ્રાહ્મણ પુત્રને પ્રતિદિન યથેષ્ટ આહારાદિ આપવા દ્વારા અનુકૂલ વર્ત્તના કરવી.

તે મદનમંજરી કે જે પૂર્વ ભવની આ સાંખ્યાયનની અર્ધાંગના જ હતી, તે ભવાંતરના પરાવર્ત્તનાથી એક બીજાને સ્પષ્ટ ઓળખતા નથી તોપણ એક બીજાને જોઈને સ્નેહ રાગવાળા તો થાય જ છે.

એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો.

સાંખ્યાયન પણ વિદ્યા અભ્યાસમાં કુશળતા પ્રાપ્ત કરે છે.

હવે મદનમંજરી જ્યારે યૌવનવયને પામી ત્યારે તે સાંખ્યાયનને વિષે જ કામરાગવાળી થઈ. પણ બીજા કોઈ પુરુષને ઇચ્છતી નથી.

એકદા મદનમંજરીને વિષે અનુરાગવાળો પુરુષ ઘણું ધન લઈને તેની માતાને કહે છે કે—આ ધન લ્યો અને તમારી પુત્રી પરણાવો.

તે દાસી પણ મદનમંજરીને સમજાવે છે પણ તે માનતી નથી ત્યારે તેની મા કોપાયમાન થઈ.

જ્યારે વસંત ઋતુ આવી ત્યારે તેની માતાએ કહ્યું કે—હે પુત્રી! મારા બધા જ ઘરેણા મૂકી દે અને પોતાના દયિત = વલ્લભ પાસેથી બીજા ઘરેણા માંગી લે.

તથા તેમના પ્રભાવથી લાખ સુવર્ણના દાન દ્વારા ગણિકાને જીતીને વસંત દોલા = હિંચકા ઉપર બેસી હર્ષ = આનંદ મેળવો.

માતાના વચન શ્રવણ કરીને મદનમંજરીએ બધા જ આભરણો આપ્યા અને હિંચકા ઉપરથી ઉતરીને શુકનની ગાંઠ વાળે છે.

તે સમયે તેની સખીઓ હસીને મશ્કરી કરે છે.

હવે વિષાદને પામેલી મદનમંજરી કથમપિ દિવસ પૂર્ણ કરે છે. સૂર્યાસ્ત બાદ રાત્રિના પ્રથમ પ્રહરે સાંખ્યાયન ઘેર આવે છે પણ વિષાદ = ખિન્ન મુખવાળી મદનમંજરીને પૂછે છે કે—આજે અપ્રસન્નતા કેમ છે?

મદનમંજરી બોલી—ના! કંઈ પણ કારણ નથી!!!

પણ જ્યારે સાંખ્યાયને આગ્રહપૂર્વક પૂછ્યું ત્યારે યથાવસ્થિત વાત કહી જણાવી.

સાંખ્યાયન બોલ્યો—હે પ્રિયે! થોડા દિવસોમાં વસ્ત્ર-અલંકાર વિગેરે દ્વારા તારા સર્વ મનોરથ પૂર્ણ કરીશ.

મદનમંજરી બોલી—"આ બાબતમાં તો દૈવ જ પ્રમાણ છે." મદનમંજરીના વચન સાંભળીને સાંખ્યાયન ચિંતવે છે કે—અહિં કયો ઉપાય કરવો જોઈએ. કેમકે દોલા-હિંચકવાનો કાળ નિકટમાં જ છે. ઇત્યાદિ ચિંતવીને કહ્યું કે—દેવ-ગુરુની કૃપાથી બધું જ સારૂં થશે."

એમ કહીને બન્ને નિદ્રાધીન થયા. રાત્રિના છેલ્લા પ્રહરે સાંખ્યાયને સ્વપ્ન જોયું

કે—એક વિશાળ કાય હાથીએ પોતાના સ્કંધ ઉપર ચડાવીને નગરના નંદન નામના ઉદ્યાનમાં લઈ જઈને ક્રીડા પર્વતના શિખર ઉપર લઈ જઈને મૂક્યો અને ત્યાં હાથીએ હર્ષથી ગર્જના=અવાજ કર્યો. અને તે સમયે સર્વ આભરણથી અલંકૃત મદનમંજરી ત્યાં આવી.

અને ત્યાં નગર દેવતાના મંદિરમાંથી ચિત્ર-વિચિત્ર મંગલ ઉદ્ગાર સ્વરૂપ મધુર તૂર્યનાદ સાંભળીને ચિત્તમાં હર્ષ પામ્યો.

ઇત્યાદિ સ્વપ્ન જોઈને જાગૃત થયો ત્યારે રાત્રિ પૂર્ણ થઈ અને પ્રભાતના મંગલ શબ્દો શ્રવણ ગોચર થયા.

પ્રાત:કાલીન કાર્ય કર્યા બાદ નગરમાંથી નિકળીને ઉદ્યાનમાં જાય છે તો ત્યાં વડ વૃક્ષની નીચે કપાયેલા=તૂટેલા પાશ=ફાંસાવાળો અને મૂઢ મારથી કંઠાગત પ્રાણવાળો બ્રહ્મસિદ્ધિ નામનો સાધક પરિવ્રાજક જોયો.

તેની પાસે જઈને યોગ્ય ઉપચાર દ્વારા સ્વસ્થ કરીને કહ્યું કે—"હે ભગવન્! શું હકીકત છે?"

પરિવ્રાજક બોલ્યો—"હે ભદ્ર! મહાપાપનો આ વિલાસ છે !!!

સાંખ્યાયત—"કેવી રીતે?"

પરિવ્રાજક—"હે સૌમ્ય! સાવધાન થઈને સાંભળ!!!"

અનેક વિદ્યાઓ સંસિદ્ધ છે જેમને એવા સુગ્રહીત નામધેય પવનસિદ્ધિ નામના ગુરુદેવની બાર વર્ષ પર્યંત સેવા કરી. પ્રસન્ન થયેલા તે વિદ્યાગુરુએ કૃપા કરીને અષ્ટવિધ ઐશ્વર્યને સાધનારી ત્રૈલોક્ય ચિંતામણિ નામની વિદ્યા મને યથાવિધિ આપી છે અને વિદ્યા સાધવાનો ઉપાય=વિધિ પણ બતાવી, અને હું પણ અહીં ગંગા નદીના રળીયામણા કિનારે યાવત્ વિદ્યા સાધવાનો પ્રારંભ કરું છું એટલામાં આકસ્મિક વિઘ્ન આવ્યું અને આકુળ બનેલો હું તે વિદ્યાનો એક પદ ભૂલી ગયો છું.

તે વિદ્યાગુરુ તો વિદ્યા દાન બાદ કાળધર્મ પામેલા છે તેથી અકલ્યાણનો ભાજન એવો હું નિર્વેદ પામીને=સંસારના દુ:ખથી કંટાળી જઈને આપઘાત કરવા માટે ગળામાં ફાંસો નાખીને અહીં વૃક્ષની શાખામાં મારા શરીરને જેટલામાં લટકાવું છું તેટલામાં તે ફાંસો=પાશ તૂટ્યો અને હું ભૂમિ પર પટકાઈ પડ્યો.

ખરેખર અભિલષિત મરણ પણ અકાળે આવતો નથી. તે આ બધો મહાપાપનો જ વિલાસ છે.

સાંખ્યાયન બોલ્યો—"હે ભગવન્! શું તે વિદ્યાને બીજો કોઈ જાણતો નથી?"

પરિવ્રાજક—"ના !!!" તેથી જ હું હવે મરણને અભિલષું છું.

સાંખ્યાયન—એમ હોવા છતાં પણ પુરુષાર્થ કરવો જ યુક્ત છે!!! પણ મરવું તે ઉચિત નથી!!!

પરિવ્રાજક—મહાપાપ યુક્ત એવા જીવોને આવી પુણ્યજનયોગ્ય વિદ્યા કયારેય પણ ફલિત = સિદ્ધ થતી જ નથી!!! અને હું અત્યારે મહાપાપથી વીંટળાયેલો છું. "જો એમ ન હોય તો હું વિદ્યાનો પદ કેમ ભૂલી જાઉં?

"કેમકે અભિલષિત ફલ હીન પુરુષ મૃતક તુલ્ય જ છે".

માટે તમે એક બાજુ રહો!!! હું પુનઃ મારા દેહને વૃક્ષની શાખામાં લટકાવીને પરલોકનો પથિક બનું!!!

સાંખ્યાયન—"હે ભગવન્! આમ કરવું યુક્ત નથી જ!!!" અને બીજી એક વિનંતિ કરું છું કે—આપને શું એવી કોઈ કલ્પ = મર્યાદા છે કે—"તે વિદ્યા અન્ય આગળ કહી શકાય!!!"

પરિવ્રાજક—"હા!!! છે!!! પણ એનો અર્થ શું?"

સાંખ્યાયન—"હે ભગવન્! જો એમ હોય તો કૃપા કરીને એક વાર ભણો તો મને મહાન પ્રમોદ થશે!!! અને એ જ મોટો અર્થ છે કેમકે—અન્યના પ્રમોદ માટે જ મહાપુરુષો જીવે છે.

"સારું" એમ કહીને પરિવ્રાજક વિદ્યા પાઠ ભણે છે. સાવધાન મનથી શ્રવણ કરતા સાંખ્યાયનને પદાનુસારી લબ્ધિ દ્વારા તે વિસ્મૃત પદ યાદ આવ્યો અને પરિવ્રાજકને કહી સંભળાવ્યો.

પ્રસન્ન થયેલો પરિવ્રાજક બોલ્યો—"હે મહાપુરુષ! આજથી તમે મારા ગુરુ છો, અને અહીં એવો કલ્પ છે કે—ગુરુને દક્ષિણા આપ્યા પછી જ વિદ્યાનો અભ્યાસ કરવો.

આ વિદ્યાથી ધાતુવાદીઓના ક્ષુદ્ર પ્રયોગો મને સિદ્ધ થયા છે તેથી બોલો કે—હું તમોને શું સમર્પિત કરું?

સાંખ્યાયન ચિંતવે છે કે—મારે કંઈક ગ્રહણ કરવું જોઈએ, અન્યથા તે પદ જ પામી

શકયો ન હોત -અને અત્યારે દક્ષિણા ગ્રહણ કરવાનો અવસર પણ છે. અન્યથા જો હમણાં દક્ષિણા ન લઉં તો—મારી પ્રિયાના આભરણ = ઘરેણા કેવી રીતે બને ? તેથી આમને મારૂં-પોતાનું વૃત્તાંત કહેવું યુક્ત જ છે. એમ ચિંતવીને પોતાની સર્વ હકીકત નિવેદિત કરી.

વાત સાંભળીને તુષ્ટાયમાન થયેલો પરિવ્રાજક કહે છે કે—" તમારા દ્વારા મારે રસેંદ્ર = પારાનો પ્રયોગ સિદ્ધ થયો છે. અને અહીં નજદીકમાં જ તેનું ખેતર છે તેથી પ્રભાતે સુવર્ણ બનાવીને તમોને દશ લાખ સુવર્ણ આપીશ.

તથા બીજું યક્ષિણીએ આપેલ દિવ્ય અલંકાર મારી પાસે છે તે પણ તું હમણાં ગ્રહણ કર," એમ કહીને અલંકાર આપ્યું. સાંખ્યાયને પણ તે દિવ્ય અલંકાર ગ્રહણ કર્યું. પુનઃ પરિવ્રાજક બોલ્યો કે—હે ભદ્ર! તમે જાઓ અને ગૃહિણીને આ અલંકાર આપો. અને પ્રભાતે કર્મકરને લઈને જલ્દી આવજો.

પરિવ્રાજકના વચન સ્વીકારીને સાંખ્યાયન ઘેર આવીને તે દિવ્ય અલંકાર મદનમંજરીને આપીને કહે છે કે—હે પ્રિયે ! ગુરુજનોના અનુભાવની જેમ જ પુણ્ય પ્રાપ્ત એવું આ દિવ્યાલંકાર તારા ગુરુજનોના મનોરથો પણ એમ જ છે એમ જાણીને તમારે સંતાપ ન કરવો જોઈએ.

મદનમંજરી પણ તથા પ્રકારના વિત્ત = ધનના લાભથી નહિ પણ ઇષ્ટતર સ્વામીના ગુણના પ્રાકટ્યથી પ્રાપ્ત થયેલા આભરણને જોઈને પરિતુષ્ટ થઈ અને જનનીને અલંકાર બતાવે છે.

અલંકારને જોઈને તેની મા ચિંતવે છે કે—આ કોઈ સામાન્ય મનુષ્ય નથી.

મદનમંજરી પણ તે અલંકારને પહેરીને અંગને શોભાવે છે એમ કરતાં તે દિવસ વ્યતીત થયો.

બીજો દિવસ ઊગ્યો ત્યારે સાંખ્યાયન પરિવ્રાજકની પાસે જાય છે. ત્યારે પરિવ્રાજકે પણ ઉક્ત વચનાનુસાર સુવર્ણ આપ્યું.

સાંખ્યાયન પણ સેવકો દ્વારા તે સુવર્ણ ઉપડાવીને મદનમંજરીના ઘરમાં લાવીને મદનમંજરીને સમર્પિત કરે છે. મદનમંજરી પણ પોતાની જનનીને અર્પણ કરે છે.

ખુશ થયેલી જનની મદન ત્રયોદશીને દિવસે લાખ સુવર્ણ આપીને મદનમંજરીને વસંત ફાલા ઉપર બેસાડે છે.

અને ત્યારથી માંડીને "અહો! આ ધન્ય છે" ઇત્યાદિ લોકપ્રવાદ પ્રવર્ત્યો.

પણ હવે મદનમંજરીના સ્નેહના કારણે સાંખ્યાયનને વિદ્યાપઠનમાં દિન-પ્રતિદિન અનાદર થતો ગયો. એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો ત્યારે વિષયસુખને ભોગવતાં કાળક્રમે મદનમંજરીએ પુત્રનો જન્મ આપ્યો.

હવે આ બાજુ—કૌશાંબી નગરીમાં સાધુ જન સંસર્ગથી પ્રતિબુદ્ધ થયેલી સાંખ્યાયનની જનની શાંતિમતી વિનયમતી સાધ્વીની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. અને પ્રવર્ત્તિની એવા ગુરુણીની સાથે વિહાર કરતી તે અનુક્રમે ઋષભપુરમાં આવી.

ગોચરી=ભિક્ષા માટે ગામમાં જતી શાંતિમતી સાધ્વીને સાંખ્યાયને જોઈને ચિંતવ્યું કે—હંત! એદની વાત છે કે—આ સાધ્વીજી તો મારા મા છે. "એમ ચિંતવતાં થયો છે સંવેગ જેને એવો તે સાંખ્યાયન પોતાના વૃત્તાંતથી લજ્જા પામે છે કે—અહો! ખરેખર મેં અકાર્ય કર્યું છે અને ગુરુજનની આજ્ઞા હતી તે વિધા સંપાદિત કરી નથી. તોપણ હવે આ સાધ્વી જેમ કહે તે પ્રમાણે હું કરીશ" એમ ચિંતવીને સાંખ્યાયન સાધ્વીને પ્રણામ કરે છે, તે સમયે સાધ્વીજી મ. પણ ધર્મલાભ સ્વરૂપ આશીષ આપે છે.

સાંખ્યાયન વિજ્ઞપ્તિ કરે છે કે—હે અંબ! આટલા કાળ પર્યંત હું અહીં રહ્યો, પણ હવે આદેશ કરો કે—હું શું કરું??

શાંતિમતી સાધ્વી બોલી "હે પુત્ર! મનુષ્ય જન્મને સફળ કરો!!!"

સાંખ્યાયન ચિંતવે છે કે—મનુષ્ય જન્મનું ફળ શું છે? ઉહાપોહ કરવા દ્વારા જાણ્યું કે—સર્વથા ધન આદિનો ત્યાગ કરીને ધર્મને આરાધવો તે જ મનુષ્ય જન્મનું ફળ છે. ધર્મારાધના નહિ કરનારનો મનુષ્ય જન્મ વિફળ જાણવો કેમકે ધર્મ જ સર્વોત્તમ પુરુષાર્થ છે.

"અ...હ...હ...વિષય પરવશ થયેલા એવા મેં ધર્મ પુરુષાર્થ તો આદર્યો જ નહિ." ઇત્યાદિ પશ્ચાત્તાપને કરતો સાંખ્યાયન કર્મના બંધનોને પ્રતિસમય શિથિલ-શિથિલતર કરતો જાય છે. અનુક્રમે અપૂર્વકરણ કરી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ઘાતિકર્મોને ખપાવીને કેવલજ્ઞાન પ્રગટ કરે છે.

નિકટવર્ત્તી ક્ષેત્રદેવતા કેવલજ્ઞાનનો મહિમા કરે છે. શાંતિમતી સાધ્વી (જનની) ખુશ થઈ. મદનમંજરી પણ ત્યાં આવી. બધા નગરના લોકો પણ ઉચિત સ્થાને બેઠા

ત્યારે દેવ રચિત સુવર્ણ કમળ ઉપર બિરાજમાન થઈને સાંખ્યાયન કેવલી પૂર્વભવ કહેવા દ્વારા મદનમંજરીને પ્રતિબોધિત કરી શ્રમણોપાસિકા બનાવે છે.

કર્મના વિપાકને શ્રવણ કરીને પર્ષદાના લોકો પણ સંવેગ ભાવને પામ્યા.

અને આ બાજુ વારાણસી નગરીના બ્રાહ્મણો પરિત્ત સંસારવાળા હોવાથી થયો છે સંવેગ જેમને એવા તેઓ તાપસ થાય છે અને ઉત્કૃષ્ટ તપ તપતા અને તત્ત્વ ચિંતવન કરતા મોટા પદાર્થોમાં સંશય યુક્ત યાવત્ રહે છે.

તેટલામાં કેવલજ્ઞાનના આભોગ = પ્રકાશમાં તે તાપસોનો ભાવ જાણીને તેમને પ્રતિબોધ કરવા સાંખ્યાયન કેવલી વિહાર કરતાં કરતાં ત્યાં પધારે છે કે જે ધર્મારણ્યમાં તે તાપસો વિધવિધ તપશ્ચર્યા સાથે તત્ત્વજ્ઞાન ચિંતવતા હતા.

કેવલી ભગવંતને જોઈને "આ કોઈ મહાનુભાવ છે" એમ ચિંતવતા તે બધા તાપસો હર્ષિત મુખે સ્વાગત કરવા પૂર્વક વંદન કરે છે.

અનુક્રમે દેવ વિરચિત સુવર્ણ પદ્મ ઉપર બિરાજમાન થયેલા કેવલી પ્રભુને પૂછે છે કે—હે ભગવન્! જીવોની મા કોણ છે? અને જીવોના પિતા કોણ છે? તથા કોણ મરવું જાણે છે? અને જીવિત સારૂં કે મરવું સારૂં?

કેવલી પ્રભુ બોલ્યા—હે દેવાનુપ્રિયો! પરમાર્થદૃષ્ટિએ તૃષ્ણા એ સંસારી જીવોને જન્મદાતા મા છે અને અહંકાર એ પિતા છે. તથા જે જીવી જાણે છે તે જ મરી જાણે છે. અને જે જીવન દરમ્યાન ધર્મ કરે છે તે જીવતો રહે તો સારૂં તથા જે જીવન દરમ્યાન ધર્મ નથી કરતો તે મરી જાય તો સારૂં.

જે જીવતાં ધર્મ કરે છે તેનો મરણ સમય પણ સુખદાયક છે કેમકે—જીવે ત્યાં સુધી સંસાર છે અને મરણ બાદ મોક્ષ છે.

સાંખ્યાયન કેવલી પ્રભુના વચન શ્રવણ કરી બધા જ તાપસો પ્રતિબોધ પામ્યા અને શરણે આવેલા તેઓને કેવલી પ્રભુ યથાવિધિ દીક્ષા આપે છે.

તે બધા તાપસ એવા મહર્ષિઓ પણ કેવલી પ્રભુની નિશ્રામાં યથાવિધિ પંચાચારની આરાધના કરી ઘાતિ અને અઘાતિ કર્મોના ક્ષયે અનુક્રમે નિર્વાણ પદ પામ્યા.

હવે આ તરફ મદનમંજરીનો પુત્ર યૌવનવયને પામ્યો ત્યારે થોડા પણ માનનો મહાન્ અનર્થ કરી વિરૂપ વિપાક જાણીને મદનમંજરી વૈરાગ્ય ભાવ યુક્ત થઈ છતી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે.

ગુરૂણીની નિશ્રામાં યથાવિધિ ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યાને કરતી

અનુક્રમે ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ઘાતી કર્મો ખપાવી કેવલજ્ઞાન પામી. અને અનુક્રમે ભવોપગ્રાહી શેષ અઘાતિ કર્મો ક્ષય થયા ત્યારે નિર્વાણપદ પામીને પરમાનંદમાં નિમગ્ન થઈ.

ઇતિ શ્રી સોમપ્રભસૂરિશ્વર વિરચિત પ્રાકૃતભાષા નિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં માનકષાયના વિપાકને
દર્શાવતી લીલાવતીની કથાના વર્ણન સ્વરૂપ
સત્તાવીશમો પ્રસ્તાવ સમાપ્ત.

સિદ્ધ સ્વરૂપ વર્ણન ગર્ભિત

શ્રી સુમતિનાથ જિનસ્તવન

પંચમ જિનપતિ વંદિએ સાહેલડીયાં
સુમતિ જિનેશ્વર દેવ રે ગુણવેલડીયાં.
સુમતિ તણેા દાયક પ્રભુ સાહેલડીયાં,
એહ સેવેા નિત મેવ રે ગુણ વેલડીયાં....૧

એહને જનમ મરણ નહિ સા. આરતધ્યાન નવિ હેાય રે ગુણ૦
દુરગતિ સન્મુખ નવિ હેાયે સા. ભવદુઃખ સામું ન જોય રે ગુણ૦ ૨.

રેાગ શેાગ નહિ એહને સા. નહિં એહને સંતાપ રે ગુણ૦
એહની કરેા ઉપાસના સા. જાયે જેહથી પાપ રે ગુણ૦ ૩.

અષ્ટ કરમ દલ છેદીને સા. પામ્યા અવિચલ રાજ્ય રે ગુણ૦
રત્નત્રયી પ્રગટ કરી સા. સુખ વિલસે નિત પ્રાજ્ય રે ગુણ૦ ૪.

જિન ઉત્તમ પદ પદ્મને સા. સેવ્યે સુખ નિરધાર રે ગુણ૦
જેહથી અક્ષય પદ લહે સા. અવ્યાબાધ ઉદાર રે ગુણ૦ ૫.

—૦—

शिवसुखदायक श्री सुमतिनाथ जिनेन्द्राय नमः



પ્રસ્તાવ ૨૮ મો

માયા કષાયનું સ્વરૂપ દર્શન તથા નિવારણના ઉપાયો...

ક્રોધ રહિત અને માન વિનાનો પણ જો પુણ્યાત્મા યત્ન પૂર્વક માયાથી પણ નિવર્ત્તે તો તે શિવમાર્ગના સાધનભૂત એવા સાર્વ ધર્મને યોગ્ય બને છે.

धम्मवणजलणजाला मोहमहामयगलाण साला ।
कुगइवहूवरमाला माया सुहमइहरणहाला ।।

* માયા એ શ્રુત અને ચારિત્ર ધર્મ રૂપ સુંદર વનને વિરૂપ બનાવનાર દાવાનલની જ્વાલા તુલ્ય છે.
* માયા એ વિપરીત ચેષ્ટાના હેતુભૂત મોહરૂપ મહા ગજરાજોના નિવાસ રૂપ હસ્તિશાળા તુલ્ય છે.
* માયા એ તિર્યંચ્ અને નરકગતિ રૂપ કુ = ખરાબ = અનિષ્ટ ગતિ રૂપ સ્વયંવરા વધૂની વરમાળા તુલ્ય છે.
* તથા માયા એ હેય અને ઉપાદેયના વિભાગને કરનારા વિવેક રૂપ શુભ મતિનો નાશ કરવામાં હાલા = મદ્ય = મદિરા તુલ્ય છે.

अविवेयरायहाणी माया मण-तणुसमुत्थुदुहक्खाणी ।
कित्ति–कयली–किवाणी करुणाकमलिणी वण हिमाणी ।।

* માયા એ અવિવેક રૂપ રાજાને નિવાસ કરવા માટે રાજધાની તુલ્ય છે.
* માયા એ માનસિક દુઃખોની ખાણ તુલ્ય છે.
* માયા એ યશોવાદ રૂપ કીર્તિ સ્વરૂપ કદલી = કેળના વૃક્ષને છેદવામાં કૃપાણી = છુરિકા = કટારી તુલ્ય છે.

* માયા એ અનુકંપા = કરુણા રૂપ કમલિનીના વનનો નાશ કરનાર હિમ તુલ્ય છે.

માયા-પરિણામ-પરા પર-વંચણમાયરંતિ જે મૂઢા ।
તે વંચયંતિ સગ્ગાપવગ્ગ સુક્ખાણમપ્પાણં ।।

માયા-કપટના પરિણામ યુક્ત એવા જે વિવેક હીન મૂઢ મતિવાળા જીવો પર = અન્યને છેતરે છે, તેઓ ખરેખર સ્વર્ગ અને અપવર્ગ સ્વરૂપ સુખથી પોતાના આત્માને જ છેતરે = વંચે છે

થોડા માટે જે કૂડ-કપટ કરી પરવંચના કરે છે તે મૂઢાત્મા તે કપટથી બંધાતા અગણિત કર્મોથી આવનારા લાખો દુઃખોને જોતો જ નથી જેમ દૂધને પીનારો બીલાડો માથા ઉપર પડતા લાકડીના ઘાને જોતો નથી.

સરોવર જેવી સરલતાને અનુસરનારા લીલા પૂર્વક ઉત્તીર્ણ થાય છે = ઉદયને મેળવે છે પણ જેઓ અવડ = અર્ત્તરૂપ કૂટ કપટને સેવે છે તેઓ તો ભવસમુદ્રમાં એવા ડૂબે છે કે—ઓળખાતા જ નથી.

ધણલવલુદ્ધા કવડેણ મુદ્ધજણવિપ્પયારણપ્પહાણા ।
પાવંતિ પાવમઇણો સંખોવ્વ અસંખદુક્ખાઇં ।।

થોડા ધનમાં લુબ્ધ = આસક્ત એવા અને તેથી જ કપટ દ્વારા ભોળા = વિશ્વાસુ જીવોને છેતરવા માટે તત્પર થયેલા પાપરૂપ અવળી મતિવાળા મૂઢ જીવો શંખની જેમ અસંખ્ય દુઃખો પામે છે.

માયા વિષયક શંખની કથા—

આ જ ભરત ક્ષેત્રમાં વિશ્વપુર નામનું મોટું નગર છે. તે નગરમાં મેરુગિરિના પુત્ર જેવા સુવર્ણમય પ્રાસાદ = હવેલીઓ શોભે છે.

તે નગરમાં કાંપિલ્ય નામનો બ્રાહ્મણ છે. તેમને નંદા નામની ભાર્યા છે અને તેમને શંખ જેવો કુટિલ હૃદયવાળો અને તેથી જ સઘળા દોષના મંદિર જેવો શંખ નામનો પુત્ર છે.

બાળક એવો પણ તે શંખ માયાવિતા દ્વારા પરવંચન કરવામાં ચતુર હોવાથી લોકોને છેતરે છે.

અનુક્રમે યૌવન વયઃ પામ્યો ત્યારે કોઈક ધાતુવાદનો પ્રયોગ શીખીને ભમતો ભમતો ગજપુર નગરમાં ગયો, અને ત્યાં ચંદન નામના વણિકને નિહાળે છે.

કપટ કળા કુશળ એવો તે શંખ ચંદન વણિક પાસે જઈને કહે છે કે ભદ્ર! આવા વાણિજ્ય=વ્યાપારના ઘણા ક્લેશથી પણ તમારી દરિદ્રતાનો ઉચ્છેદ નહિં થાય. પણ જો મારા કહેવા પ્રમાણે પ્રવર્ત્તશો તો તમે કલેશ વિના જ મહર્દ્ધિક થશો.

ચંદન વણિક બોલ્યા—"જેમ તમે કહો તે પ્રમાણે હું કરવા તૈયાર છું."

શંખ બોલ્યો—"મારી પાસે સુવર્ણસિદ્ધિ છે. તેથી ખાતરી કરવા માટે એક ગદીયાણું સોનું લાવો, કે જે સુવર્ણસિદ્ધિ દ્વારા તે તમારા સોનાને ડબલ કરીને બતાવું.

ચંદન શ્રેષ્ઠી પણ તત્કાલ સોનું લાવે છે અને શંખ પણ વિધવિધ સામગ્રીના આડંબરને કરીને કર લાઘવતાથી પોતાનું સોનું તેમાં નાખીને બે ગદીયાણા પ્રમાણ સુવર્ણ બતાવે છે.

ડબલ સોનું જોઈને વિસ્મય થયેલો ચંદન વણિક વિશેષે કરીને શંખનું આદર પૂર્વક બહુમાન–સત્કાર કરે છે.

પુનઃ એકદા શંખ બોલ્યો—"જોયું ને તમે મારું સામર્થ્ય." થોડા ક્લેશથી પણ ઘણું સુવર્ણ થઈ શકે છે. એમ કહી લોભ વશ થયેલ ચંદન વણિક ઘણું સોનું આપે છે.

માયાવી શંખ પણ લાગ જોઈને સોનું લઈને નાશી ગયો અને અનુક્રમે પદ્મ નામની અટવીમાં પહોંચ્યો. ત્યાં રસ્તામાં ચોરોએ શંખને પકડીને સોનું ઝુંટવી લીધું અને શંખને યમરાજાના મંદિરે મોકલ્યો.

આર્ત્તધ્યાનાધિરૂઢ તે શંખ મરણ પામીને તે જ અટવીમાં સસલા રૂપે જનમ્યો. અને ચંદન વણિક પણ દરિદ્રતાથી કંટાળીને નિર્વેદ પામેલો ઘરથી નિકળીને ભમતો ભમતો તે જ અટવીમાં આવ્યો, અને ભૂખથી પીડા પામતો વૃક્ષ નીચે બેઠો. ત્યાં શંખનો જીવ સસલો ચંદનને જોઈને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને માનસિક દુઃખથી આઘાતને પામેલો તે સસલો તત્કાલ મરણ પામ્યો. ભૂખથી પીડાતો ચંદનવણિક પણ તે સસલાના માંસને પકવીને ભૂખની પીડા ટાળે છે.

તે શંખનો જીવ સસલાના ભવમાંથી નિકળીને ગંગા નદીના કિનારા પાસે નકુલ = નોળીયા રૂપે જન્મે છે. કેટલોક કાળ પસાર થયા બાદ ત્યાં ગંગા કિનારે આવેલા તે ચંદન વણિકને જોઈને નકુલને જાતિસ્મરણ થયું. ક્ષણ વાર બાદ મૂર્ચ્છા ઉતરી ત્યારે સચેતન થયેલા તે નોળીયાએ મુખ ધુણાવ્યું. મુખ ધુણાવવાથી તેના મુખમાંથી દાઢાઓ બહાર નિકળી પડી. ચંદન વણિક તે દાઢાઓ લઈને આગળ ચાલે છે.

નકુલ પણ અસહ્ય વેદનાને સહન કરતો મરણ પામીને હિમવંત પર્વત ઉપર ચમર થયો. અનુક્રમે કેટલોક કાળ વ્યતીત થયો.

અન્યદા દરિદ્રતાથી અભિભૂત = પરાભવને પામેલો ચંદન વણિક્ તે સ્થાને આવે છે ચમર ચંદનવણિક્ને જોઈને જાતિસ્મરણ પામે છે. સંક્ષોભથી આખું અંગ ધૂણાવે છે ત્યારે તેનું પૂછડું ખરી પડે છે.

ચંદન તે પૂંછડાને લઈને ઠાકોરને આપીને આપદા રૂપ નદીમાંથી પાર ઉતર્યો= અર્થાત્ ઘણું ધન પ્રાપ્ત કર્યું.

ચમર પણ તીવ્ર વેદનાને વેદતો મરણ પામીને ગૃદ્ધકૂટ પર્વત ઉપર સુવર્ણમૃગ રૂપે જન્મે છે—કેટલોક કાળ વ્યતીત થયા બાદ અન્યદા ત્યાં આવેલા ચંદન વણિક્ને જોઈને સુવર્ણમૃગ ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામે છે.

વિશ્વસ્ત મૃગને ભીલ બાણથી હણે છે. મરણ પામેલ સુવર્ણ મૃગ મલયાચલ ઉપર મણિ યુક્ત સર્પ બને છે.

સબર=ભીલ મૃગનું ચર્મ ચંદનને આપે છે. સુવર્ણમૃગચર્મ પામીને ચંદન-વણિક્ ખુશ થયો—

કેટલોક કાળ વ્યતીત થયા બાદ ધનનો અર્થી એવો તે ચંદન વણિક્ મલયગિરિ પાસે આવે છે.

વ્યાધિથી પીડાતો તે સર્પ મરણ સમયે ચંદન વણિક્ને જોઈને જાતિસ્મરણ પામ્યો અને મરણ પામીને એક દુર્ગમ અટવીમાં ચિત્રક રૂપે જનમ્યો.

આ તરફ ચંદન વણિક્ મૃત સર્પના મણિને ગ્રહણ કરીને નગરમાં જઈ વેંચે છે તો ઘણું ધન હાથમાં આવ્યું.

અન્યદા મોટા કારણ સર તે ચંદન વણિક્ અટવીમાં જાય છે. તો ત્યાં ભીલોની જાળમાં પકડાયેલો તે ચિત્રક ચંદનને જોઈને જાતિસ્મરણ પામ્યો અને સંક્ષોભથી જાળમાં ફસાયેલો હોવાથી ઘણી પીડાને પામતો તે મરણ પામીને ચંપાનગરી પાસે સમળી રૂપે જન્મ પામ્યો.

આ તરફ તે મૃત ચિત્રકના શબને ભીલો ગ્રહણ કરીને ચર્મ ઉતારીને પોતાના ઉપયોગમાં લ્યે છે.

હવે એકદા ચંદનની સ્ત્રીએ સુવર્ણના ઘરેણા માગ્યા, ત્યારે સુવર્ણનો અર્થી એવો તે ચંદન વણિક્ ભમતો ભમતો ચંપા નગરીના બાહ્ય ઉદ્યાનમાં આવે છે.

આ તરફ તે નગરના રાજાની પટ્ટરાણી સુવર્ણ અલંકાર-અને વસ્ત્ર આદિને નદીના કિનારે મૂકીને નદીમાં સ્નાન કરે છે. તે અવસરે તે સમળી પટ્ટરાણીનો કંદોરો = કટિસૂત્ર ચાંચથી પકડીને ઉડી ગઈ. અને અનુક્રમે ઉદ્યાનમાં આવી ત્યાં ચંદનને જોઈને જાતિસ્મરણ જ્ઞાન થવાથી થયો છે થોડો સંવેગ જેને એવી તે સંભ્રાંત ચિત્તવાળી સમળીના મુખમાંથી કટિસૂત્ર = કંદોરો પડી જાય છે. અનુક્રમે પોતાના માળામાં જાય છે તો ત્યાં પૂર્વે જ આવીને બેઠેલા સર્પે ડંખ દીધો.

સમળી મરણ પામીને કાર્ત્તિક નામના બ્રાહ્મણની ભદ્રા નામની ભાર્યાની કુક્ષીએથી પુત્ર રૂપે જન્મે છે.

આ તરફ ચંદન વણિક તે કટિસૂત્ર = સોનાના કંદોરાને લઈ પોતાની પ્રિયતમ = સ્ત્રીને આપે છે.

હવે એકદા દેવ-ગુરુની પર્યુપાસના અને વારંવારના સંસર્ગથી પ્રતિબોધિત થયેલ ચંદન વણિક વૈરાગ્ય ભાવનાથી સંસારનો ત્યાગ કરી સાધુ બને છે.

યથાવિધિ પંચાચારને પાળતાં સૂત્રાર્થમાં પારંગત એવા તે ચંદન મુનિ સૂરિ પદને પામ્યા. અને અનુક્રમે મનઃપર્યવજ્ઞાન યુક્ત એવા તે ચાર જ્ઞાનવાળા થયા.

હવે આ બાજુ સમળીનો જીવ બ્રાહ્મણ પુત્ર બટુક જ્યારે યૌવનાવસ્થા પામ્યો ત્યારે ભવિતવ્યતાના પરિપાકનો કાળ જાણીને ચાર જ્ઞાન યુક્ત એવા ચંદન સૂરિજી પરિવાર સાથે ચંપા નગરીના બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા.

ચંદ્રવાહન નામના રાજા પરિવાર સાથે વંદન કરવા ઉદ્યાનમાં આવે છે. બટુક પણ નગર લોકો સાથે ઉદ્યાનમાં આવે છે. રાજા તથા પ્રજા વંદન કરીને ઉચિત સ્થાને બેઠા ત્યારે ચંદનસૂરિજી ધર્મદેશના આપે છે.

ધર્મદેશના શ્રવણ કરીને રાજા અને બટુક થોડા સંવેગ ભાવ યુક્ત થયા. "આ મુનિ અતિશય જ્ઞાની છે." એમ ચિંતવીને રાજા પૂછે છે કે—હે ભગવન્! અહીં સમાન રૂપ આદિ ગુણથી યુક્ત હોવા છતાં પણ રાજપુત્રીઓ ગમતી નથી અને તથાવિધ રૂપ આદિ વિશેષ ગુણ રહિત હોવા છતાં પણ આ ગૂંજાવલી કેમ વહાલી લાગે છે? અહિં શું કારણ છે? ઇત્યાદિ પ્રશ્નોના જવાબમાં ચંદનાચાર્ય કહે છે કે—

હે મહારાજ! અહિં ગુણ જ કારણ છે કેમકે ગુંજાવલીને તમારા ઉપર સાચો સ્નેહ છે અને જયમંગલને તમારા ઉપર કેવલ ઓઘ સંજ્ઞાવાળો જ સ્નેહ છે.

તે આ પ્રમાણે—

કાલવલ્લભ નામના ગામમાં કાલસેન નામનો ચંડાલ રહે છે. એકદા તે કાલસેને કાલમુખ ચંડાલની શંકરી નામની ભાર્યાને જોઈ.

ઉત્પન્ન થયેલ કામરાગવાળો કાલસેન બળાત્કારે મહણ કરીને પોતાની સ્ત્રી બનાવે છે.

હવે સ્વાભાવિક માર્દવ = આર્જવ-આદિ ગુણયુક્ત અને યથોચિત દાન આપનારો તે કાલસેન મરણ પામીને સિંહગુફા નામની પલ્લીમાં મોરક નામનો ભીલપુત્ર થયો, અને સ્વાભાવિક રીતે તે સત્યવાદી હતો.

હવે આ બાજુ તે પલ્લીપતિના શ્રેષ્ઠ = પ્રધાન મુખ્ય એવા ચંડીશ્વર અને ચંડિક નામના બે ભીલો છે.

આ બાજુ શંકરી પણ મરણ પામીને ચંડીશ્વરની હંસિકા નામની પુત્રી થઈ અને યૌવનવયને પામી ત્યારે મોરક સાથે પરણાવી, અને પૂર્વ ભવના અભ્યાસથી અત્યંત વલ્લભ થઈ.

હવે એકદા ચંડીશ્વર ચિત્તમાં ચિંતવે છે કે—ચંડ એવા આ ચંડિકને કોઈ પણ ઉપાયથી હણી નાખું. ઇત્યાદિ ચિંતવતા તેને તે ચંડિક હૃદયના શલ્ય જેવો આંખમાં ખૂંચે છે.

એકદા ચંડીશ્વરે મોરકને કહ્યું કે—"પલ્લીપતિની આગળ જ્યારે હું કહું કે—આ ચંડિક તમારા વૈરિની સાથે સંબંધ કરે છે" ત્યારે તમારે એ વાતમાં ખેદ યુક્ત થઈને સાક્ષી આપવી."

પણ મોરક સત્યવાદી હોવાથી તેની વાત સ્વીકારતો નથી. કોપાયમાન થયેલા ચંડીશ્વરે પોતાની પુત્રી હંસિકાને પોતાના ઘેર બોલાવી લીધી.

મોરક પણ સ્ત્રીના વિરહમાં મહાન્ સંતાપને પામતો અકસ્માત મરણ પામીને એકશૃંગ ગિરિ પાસેની પાણુઇજ્જ પલ્લીમાં દંગિકનો પુત્ર વીરસેન રૂપે થયો.

આ તરફ હંસિકા પણ મોરકના મરણને શ્રવણ કરીને ગળે ફાંસો દઈને મરણ પામી અને તે જ પલ્લીમાં અન્ય અન્નદંગિકની પુત્રી સારસિકા નામે જન્મી અને યૌવનવયમાં કોઈના ઢીકરા ધાડિંગની સાથે પિતાએ પરણાવી—

હવે સારસિકા એકદા વીરસેનને નિહાળીને પૂર્વ ભવના અભ્યાસથી તેના ઉપર અનુરાગ વાળી થઈ છતી ધાડિંગને મૂકીને વીરસેનના ઘરમાં સ્વયમેવ આવી.

હવે આ તરફ વીરસેનને કુરવ નામનો મિત્ર છે કે જે માયાવી અને વક્ર છે. તે વીરસેન સાથે તે તે પ્રકારો દ્વારા વંચના કરે છે. વીરસેનને ઠગે છે, છેતરે છે.

અન્યદા ગ્રહણ-પર્વના દિવસે સારસિકા સાથે સ્નાન કરવા માટે વીરસેન તીર્થે ગયો. સ્નાન કરીને પાછા વળતાં તેની સામે સિંહ આવ્યો. ત્યારે વીરસેને છુરિકા દ્વારા સિંહને પરલોકે પહોંચાડયો.

ત્યાર બાદ છુરિકા હાથમાં લઈને વીરસેન સારસિકાને કહે છે કે—"સિંહના વિનાશની વાત જો તું કોઈની પણ આગળ કરીશ તો તને પણ મારી નાખીશ."

સારસિકા બોલી—"હું કોઈને પણ નહિં કહું" ત્યાર બાદ ચિંતવે છે કે—"અહો! આ કોઈ મહાપુરુષ છે."

અન્યદા ધાડિંગ બલાત્કારે સારસિકાને ઉપાડીને પોતાના ઘેર લઈ જાય છે અને વર્દ્ધાપનિકા કરી કે—ભાર્યા ઘેર લાવ્યો છું."

હવે એકદા વનમાં ગયેલા ધાડિંગે અહીં તહિં સ્ફૂરાયમાન થતા મૂષક = ઉંદરને દંડ=લાકડીથી હણ્યો અને તે મરેલા ઉંદરને સાથે લઈને ઘેર આવી સારસિકાને બતાવી હર્ષથી નાચવા લાગ્યો.

પોતાના સ્વામીની આવી ચેષ્ટા જોઈને સારસિકા ચિંતવે છે કે—"અહો! પુરુષોમાં પરસ્પર અંતર કેટલો બધો છે!!! કે એક પોતાના પુરુષાર્થથી સિંહને મારીને પણ લજ્જા અનુભવે છે અને બીજો મૂષક=ઉંદરને મારી પોતાના પરાક્રમને વખાણતો હર્ષથી નાચે છે." એમ ચિંતવીને સારસિકા ધાડિંગ વિષે વિરક્ત થઈ.

જ્યારે ધાડિંગ હઠ કરીને = બલાત્કારે તેને ગ્રહણ કરે છે ત્યારે તે સારસિકા અગ્નિનું સરણું લઈ વ્યંતરનિકાયમાં ઉત્પન્ન થઈ.

આ બાજુ વીરસેને પણ જ્યારે સારસિકના મરણના સમાચાર સાંભળ્યા ત્યારે વીરસેન સારસિકાના હાડકાઓને લઈને ગંગા નદી તરફ જાય છે.

ત્યાં ગંગા નદી પાસે વીરસેનને સાધુઓના દર્શન થયા. સાધુઓને પ્રણામ કરીને વિનય પૂર્વક શુશ્રુષા કરતા વીરસેનને સાધુઓએ હિતાશિક્ષા આપીને સ્વકર્ત્તવ્યમાં પરાયણ બનાવ્યો. ગંગાના કિનારા પાસે અવશિષ્ટ આયુષ્ય પૂર્ણ કરીને તે વીરસેન વ્યંતરનિકાયમાં દેવત્વને પામ્યો.

કપટી મિત્ર કુરવ પણ કુષ્ઠ વ્યાધિથી પીડા પામતો અંતે અગ્નિનું શરણ સ્વીકારીને અંત સમયે શુભ ભાવ યુક્ત હોવાથી વ્યંતરનિકાયમાં ઉત્પન્ન થયો.

વ્યંતરનિકાયમાં સ્વ-આયુષ્ય કાળ પૂર્ણ કરીને તે વીરસેનનો જે આત્મા તે હે રાજન્! તમે પોતે છો, અને જે સારસિકાનો જીવ છે તે કિરાતેશ્વરની પુત્રી ગુંજાવલી થઈ છે અને જે કુરવનો જીવ હતો તે પણ આ જયમંગલ નામનો હાથી થયો છે.

તેથી ગુંજાવલીને તમારા ઉપર સાચો સ્નેહ છે અને આ હાથીને કેવલ ઓઘ સંજ્ઞાથી જ સ્નેહ છે. હે રાજન્! કાલસેનના ભવમાં તમોએ શંકરીને બલાત્કારે ગૃહિણી કરી હતી તે જ અહીં મુખ્ય હેતુ છે. અને કાલમુખને પ્રિયાના વિયોગરૂપ દુઃખમાં નાખ્યો હતો તેથી તમે પણ બંને ભવમાં પ્રિયતમાના વિરહ રૂપ દુઃખને પામ્યા.

આ સંસારમાં જે કોઈ આત્મા શુભ કે અશુભ જે કંઈ પણ કર્મ કરે છે તેનું ફળ તે આત્મા અવશ્ય મેળવે છે.

અને બીજું—પૂર્વ ભવમાં કુરવ તમને છેતરીને તમારું દ્રવ્ય ભક્ષણ કરી ગયેલ તેથી તે હમણા તમારૂં વાહન જયમંગલ હાથી થયો છે.

ઇત્યાદિ ચતુર્જ્ઞાની મુનિવરના વચન શ્રવણ કરીને રાજા તથા બટુક સંવેગ ભાવમાં મગ્ન થયા.

રાજા બોલ્યા—"હે ભગવન્! હવે અહીં શું કરવું યોગ્ય છે?"

ચંદનાચાર્ય બોલ્યા—આ લોકોને પૂર્વ ભવનું વ્યતિકર = વૃત્તાંત કહીને કુશલ પ્રવર્ત્તન કરાવો.

રાજા—"એવમ્—" "સારૂં એ પ્રમાણે કરીશ" એમ કહીને ગુરુના કહેવાનુસાર રાજાએ સર્વ યથોચિત કર્યું.

એટલામાં આ બટુકને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ થયું. સંવિગ્નભાવ યુક્ત તે બટુક પ્રણામ કરીને પોતાનું બધું જ વૃત્તાંત ગુરુદેવને કહે છે.

ગુરુદેવ બોલ્યા—"હે ભદ્ર! હું તે બધું જાણું છું." અને તેથી જ તમને પ્રતિબોધ કરવા માટે અહીં આવ્યો છું.

ગુરુના વચન શ્રવણ કરી રાજા વિસ્મય યુક્ત થયા.

બટુક બોલ્યો—"હે ભગવન્! હવે મારે શું કરવું યોગ્ય છે?"

ગુરુ બોલ્યા—માયાનો નિગ્રહ કરવા પૂર્વક જિનધર્મની પ્રતિપત્તિ = આરાધના કરવી જોઈએ.

"એવમ્" = "સારૂ" એમ કહીને બટુક શ્રાવકના વ્રતો યથાવિધિ આદરે

છે. નિરતિચાર રીતે સમ્યક્ત્વ મૂલક બારે વ્રતોને આરાધીને સમાધિ પૂર્વક મરણ પામી સુધર્મ દેવલોકમાં દેવત્વને પામ્યા.

દેવગતિમાં પણ સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી જિનેન્દ્ર પૂજા તથા ચતુર્વિધ સંઘની સેવા સાથે દિવ્યસુખોને ભોગવીને આયુઃક્ષયે ચ્યવીને ઉત્તમ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી પ્રયત્ન પૂર્વક માયાનો નિગ્રહ કરવા પૂર્વક વ્રતોને આરાધી ક્ષપકશ્રેણિ માંડી ઘાતિ કર્મો ખપાવી કેવલજ્ઞાન પામ્યા અને શેષ અઘાતિ કર્મો પણ જ્યારે ક્ષય પામ્યા ત્યારે સાદિ અનંત ભાંગાવાળું શાશ્વતું સુખ પામ્યા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં માયાનું સ્વરૂપ અને
નિગ્રહના ઉપાયને બતાવનારી શંખની કથાના
વર્ણન સ્વરૂપ અઠ્ઠાવીસમો પ્રસ્તાવ સમાપ્ત.

—o—

અધ્યાત્મ યોગિરાજ શ્રી આનંદઘન મહારાજ વિરચિત

શ્રી સુમતિનાથ જિનસ્તવન

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિ તરપણ બહુ સંમત જાણીએ, પરિસર્પણ સુવિચાર સુજ્ઞાની....સુમતિ. ૧.

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરી ભેદ સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની...સુ૦ ૨

આતમબુદ્ધે કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અધ રૂપ સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખી ધર કહ્યો, અંતર આતમ રૂપ સુજ્ઞાની...સુ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ સુજ્ઞાની;
અતીન્દ્રિય ગુણગણમણિ આગરૂ, એમ પરમાતમ સાધ સુજ્ઞાની....સુ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા, સ્વરૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ! ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની....સુ૦ ૫

આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ સુજ્ઞાની....સુ૦ ૬

—o—

।। जम्बू–भरत–भूषणश्री सुमतिनाथ जिनेश्वराय नम ।।

प्रस्ताव २९ मो



લોભ સ્વરૂપ દર્શન તથા નિગ્રહ ઉપાયાન્વેષણ—

इय कोहमाणमाया—रहिआ वि हु जह न वज्जए लोहं ।
लोहं व जले जीवा ता बुड्डइ दुत्तरंमि भवे ।। १ ।।

અનંતરોપદર્શિતાનુસાર જે જીવો ક્રોધ-માન અને માયાથી નિર્લેપ હોય તો પણ જો લોભને તજે નહિં તો લોખંડની જેમ દુઃખે કરીને તરી શકાય તેવા ભવ રૂપ સમુદ્રના જન્મ-જરા-મરણાદિ સ્વરૂપ જલમાં ડૂબી જાય છે.

દુર્જય રૂપ ફુંફાડા મારતા લોભ રૂપ સર્પથી ડંખાયેલા જીવો વિવેક રૂપ જીવિતના વિનાશથી હિત અને અહિતને જાણી શકતા નથી.

લોભ રૂપ અંધકારથી જેના વિવેક રૂપ લોચન નહિંવત્ બનેલા છે અને તેથી જ શુભ માર્ગને નહિં પ્રાપ્ત કરનારા જીવો નરક રૂપ અંધારીયા કૂવામાં જઈ પડે છે તો તેમાં આશ્ચર્ય શું છે ? અર્થાત્ કારણાનુસાર જ કાર્ય થાય છે.

जह इंधणेहिं जलणो जलेहिं जलही न जायए तित्तो ।
तह जीवो बहुएहि वि धणेहिं संतोस परिचत्तो ।।

જેવી રીતે ઇંધણ = બળતણથી અગ્નિ તૃપ્ત ન થાય તથા જલથી જલધિ = સમુ તૃપ્ત ન થાય તેવી જ રીતે ઘણા ધનની પ્રાપ્તિમાં પણ સંતોષ વિનાનો જીવ તૃ થતો જ નથી.

दुरियदविजकोसं सोयधूयप्पओसं,
सुकयहियथसूलं आवयाबल्लिमूलं ।

नयनलिणितुसारं दुग्गइगेहदारं;
भवविडविजलोहं सूरिणो बिंति लोहं ।। मालिनीवृत्तम् ।।

જિનવર-સૂરિવર અને મુનિવર પુનઃ પુનઃ ભવ્ય જીવોને સંબોધિને કહે છે કે—હે પુણ્યાત્માઓ ! આ લોભ.....

- પાપ રૂપ ધનનો ભંડાર છે.
- શોક રૂપ ઘૂવડને વિલાસનું કારણ પ્રદોષ = સંધ્યાકાળ છે.
- સુકૃત રૂપ હૃદયમાં શૂલ તુલ્ય છે.
- આપદા = સંકટ રૂપ વેલડીના મૂળ તુલ્ય છે.
- નય = ન્યાયાચરણ રૂપ નલિની = કમલિનીનો નાશ કરવામાં તુસાર = હિમ તુલ્ય છે.
- દુર્ગતિ = નરક અને તિર્યંગ્ગતિ રૂપ મંદિરમાં પ્રવેશવાના દ્વાર તુલ્ય છે.
- ભવ = સંસાર રૂપ વૃક્ષની વૃદ્ધિના હેતુ જલના સમૂહ તુલ્ય છે. માટે સર્વ અનર્થોના હેતુભૂત એવા લોભનો સર્વથા ત્યાગ કરવા સતત ઉદ્યમવંત બનો !!!

લોભમાં ગૃદ્ધ = આસક્ત એવા જીતો અસહ્ય એવા લાખો દુઃખોને પામે છે અને લોભ વિનાના જીવો સુરની જેમ સ્વર્ગ અને અનુક્રમે અપવર્ગના સુખ પામે છે.

લોભ નિગ્રહ વિષે સુરની કથા.

કાર્ત્તિકપુર નામના નગરમાં યજ્ઞાદિ ષટ્કર્મ કરવામાં નિપુણ એવો ભદ્રસેન નામનો બ્રાહ્મણ રહે છે. તે બ્રાહ્મણને શંકરને જેમ પાર્વતી તેમ અનુરાગિણી ગૌરી નામની અર્ધાંગના છે તેમને અનુક્રમે સુર અને અસુર નામના પુત્ર થયા.

હવે એકદા તે બન્ને ભાઈઓ ભણવા માટે કોલ્લાક સંનિવેશમાં ગયા. ત્યાં ગુરુ પાસે વિદ્યા અભ્યાસ કરે છે.

તે કોલ્લાક સંનિવેશમાં અરિમર્દન નામનો રાજા રાજ્ય કરે છે તે રાજાને શ્રીદેવી નામની પટ્ટરાણી છે. અને તે અદૃષ્ટ ઋદ્ધિને સાધવા માટે અદૃષ્ટવયગની સાધના કરે છે. તેનો કલ્પ એવો છે કે—અદૃષ્ટ એવા જે બટુકો હોય તેમને અમૂલ્ય રત્ન જડિત = ભરેલો સુવર્ણનો કચ્ચોલો આપીને આહાર-વસ્ત્રાદિથી પ્રસન્ન કરવો.

સુર અને અસુરને પણ તે રાણી યથાવિધિ તાદૃશ કચ્ચોલો અર્પણ કરે છે. કચ્ચોલો લઈને નિવાસ તરફ જતો સુર ચિંતવે છે કે—અસુર પાસે પણ રત્ન ભરેલો

=જડેલો કચ્ચોલો છે તો કોઈ ન જાણે તેવી રીતે અસુરને મારીને તે અમૂલ્ય કચ્ચોલો હસ્તગત કરૂં. ઇત્યાદિ ચિંતવીને સુર અસુર પાસે જઈને કહે છે કે—

હે અસુર! બતાવ તો, જોઉં જોઈએ તારો કચ્ચોલો કેવો છે!!! અસુરે પણ ચિંતવ્યું કે—કચ્ચોલો બતાવવાના બહાને સુરને વિશ્વાસમાં લઈને તેને મારીને તેનો પણ કચ્ચોલો ગ્રહણ કરૂં એમ ચિંતવીને સુરને કચ્ચોલો જોવા આપ્યો.

ઇત્યાદિ રીતે પાપ કર્મની વિચારણાથી દુષ્ટ ચિત્તવાળા થયા બન્ને જણા આરામ=બગીચામાં ગયા પણ લાગ ન મળવાથી એક બીજાને હણી શકતા નથી.

અસુર બોલ્યો કે—"ચાલો! ભોજન કરી લઈએ".

સુર પણ ચિંતવે છે કે—"હમણાં બીજો કોઈ ઉપાય કામ નહિ આવે", એમ ચિંતવીને બોલ્યો કે—"અરે! અમે તો ભોજન કર્યું જ છે" તમે નીચે નમીને જુઓ જરા!!!

અસુર પણ નીચે નમીને જુએ છે તો કચ્ચોલામાં જડેલા ચમકતા રત્નો દેખાયા. તુર્ત લોભ કષાયના ઉદયથી તે કચ્ચોલાને મેળવવાના કુવિકલ્પો રૂપ સંક્લેશ યુક્ત થયો.

સુર પણ અસુરને મારી નાખવાના વિચારો કરે છે. બન્ને જણા એકબીજાને મારી નાખવાના કુવિકલ્પો કરતા બગીચામાં વિચરે છે.

ફરતાં ફરતાં ઊંડા અંધારીઓ કૂવો જોઈને યાવત્ કુતુહલથી કૂવાને નિરખે છે. ત્યારે લાગ જોઈને સુર અસુરને કૂવામાં ધકેલે છે. પણ કૂવામાં પડતો અસુર પણ સુરનો હાથ દૃઢતાથી પકડે છે.

બન્ને જણા કૂવામાં જઈ પડયા. મર્મ સ્થાનમાં વાગેલા ઘાથી પીડા પામતા આર્ત્તધ્યાનમાં મરણ પામીને ત્યાં જ સર્પ રૂપે જનમ્યા.

બન્ને સર્પ ઓઘ સંજ્ઞાથી કચ્ચોલા ઉપર મમત્વને ધારણ કરતા ત્યાં જ ક્રીડા કરે છે.

એકદા બન્ને સર્પ એક બીજાને નિહાળે છે. જોતાવેંત જ લોભ સંજ્ઞાના આવેશમાં આવેલા તે બન્ને સર્પો પરસ્પર લડે છે અને ફણાના આટોપથી એક બીજાને અભિઘાત કરતાં લોહી લુહાણ થયેલા આર્ત્તધ્યાનમાં મરણ પામી ત્યાં જ મૂષક=ઉંદર રૂપે જનમ્યા.

તે બન્ને ઉંદરોએ પણ ઓઘ સંજ્ઞાથી પોત પોતાનો કચ્ચોલો ગ્રહણ કરીને મમતાને ધારણ કરતા ત્યાં જ કાળ ક્ષેપ કરે છે.

એકદા બન્ને ઉંદર ભેળા થયા ત્યારે પૂર્વભવના અભ્યાસથી લોભ પરવશ થયેલા લડે છે અને મરણ પામીને પાસેની પુષ્કરિણી = વાવડીમાં દેડકા રૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં પણ લોભ સંજ્ઞાથી અભિભૂત થયેલા તે બન્ને મંડૂક = દેડકાઓ પોત-પોતાના નિધાનના સ્થાન પાસે રમે છે = ક્રીડા કરે છે.

અન્યદા બન્ને દેડકા ભેળા થયા ત્યારે પૂર્વભવના સંસ્કારાનુસાર રોષાયમાન થયા છતા લડીને મરણ પામ્યા, અને ત્યાં જ શંખ રૂપે ઉત્પન્ન થયા. ઓઘ સંજ્ઞાથી દ્રવ્યના સ્થાને સુખપૂર્વક રહે છે.

એકદા તે બન્ને શંખ ભેગા થયા ત્યારે પૂર્વભવના પરસ્પરના રોષના અભ્યાસથી લડે છે અને મરણ પામીને જદીકમાં કુંથુઆ રૂપે જન્મ ધારણ કરે છે. દ્રવ્યના સ્થાને આવી મમતાને ધારણ કરતા પ્રમોદ પૂર્વક કાળ વિતાવે છે.

એકદા બન્ને મળ્યા, પૂર્વાભ્યાસથી લડયા, મરણ પામીને શિયાળ=શૃગાલ રૂપે જન્મ ધારણ કરે છે. પુનઃ પૂર્વવત્ લડી ને મરણ પામી પદ્મ = કમળનો છોડ = લત્તા રૂપે જન્મે છે.

બન્ને છોડવાના મૂળ પરસ્પર ભેગા થયા અને વેલ = લત્તા પણ પરસ્પર મળ્યા-એક બીજાને તીક્ષ્ણ આલંગન દેવા પૂર્વક પરસ્પર પીડા ઉપજાવતા આયુઃક્ષયે મરણ પામીને ઉદ્યાન પાલકના પુત્ર રૂપે જનમ્યા. અનુક્રમે યૌવનવયઃ પામ્યા ત્યારે એકદા બગીચામાં ક્રીડા કરવા માટે આવે છે.

રમતા રમતા તે નિધાનના સ્થાન પાસે આવ્યા ત્યારે અતિશય હર્ષ પામતા તે બન્ને તે સ્થાન માટે પરસ્પર લડે છે. તેના માત-પિતાએ ઘણું સમજાવ્યું તો પણ રોષને મૂકતા નથી. એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો.

અન્યદા શિષ્ય પરિવારથી પરિવરેલા રાજર્ષિ મૃગાંકસેન નામના કેવલી મહારાજ વિહાર કરતાં કરતાં તે નગરના બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા અને તે ઉદ્યાનના ભૂષણ તુલ્ય બકુલ વૃક્ષની નીચે ઉતારો કર્યો. દેવ રચિત સુવર્ણ કમલ ઉપર બિરાજમાન થયા.

માળી પુત્રોની સાથે ઋષિરાજને વંદન કરીને ઉચિત સ્થાને બેસે છે. અને અને ચિંતવે છે કે—

૦ અહો! ઋષિરાજની નિરૂપમ રૂપ સંપદા તો જુઓ !!!

૦ અહો ! સર્વ લક્ષણોથી અલંકૃત શરીરની શોભા કેવી અદ્‌ભુત છે !!!

૦ અહો ! પ્રશમ રૂપ અમૃતને વરસનારા મનોહર નયનો કેવા રમણીય છે !!!

૦ અહો ! કાયર પુરુષને કંપારી છૂટે એવી દુષ્કર ક્રિયાને કરવામાં કેવો અપૂર્વ પરાક્રમ ફોરવી રહેલા છે !!!

૦ અહો ! સર્વ જીવો પોત-પોતાની ભાષામાં સમજી શકે તેવા વચન બોલવાની ચતુરાઈ પણ અનુપમેય જણાય છે !!!

તેથી એમ લાગે છે કે—આ મુનિવર વિશાલ ભૂપાલના કુલ વંશમાં જન્મ ધારણ કરેલ હોવા જોઈએ. ઇત્યાદિ ચિંતવીને વનપાલક કહે છે કે—" હે ભગવન્ ! સામાન્યથી તો મેં જાણ્યું છે કે— આ સંસાર નિર્ગુણ છે. " કેમકે આપશ્રીએ સકલ ત્રણે લોકના અલંકાર તુલ્ય કુસુમાયુધ = કામદેવ મહારાજના લીલાવન તુલ્ય નવયૌવનવયમાં પણ દુઃખે કરીને આચરી શકાય તેવા ચારિત્ર = પાંચ મહાવ્રતના ભારને વહન કર્યું છે.

પણ હું એટલું પૂછું છું કે - આપશ્રીને સંસાર તજવામાં નિર્વેદનું વિશેષ શું કારણ પ્રાપ્ત થયેલ કે જેથી આ સંસારનો ત્યાગ કર્યો છે ?

કેવલી બોલ્યા—હે ભદ્ર ! સંસાર તજવામાં નિર્વેદનું કારણ તમે પૂછો છો તો સાવધાન થઈને સાંભળો !!!

૦ દાવાનળથી પ્રજ્વલિત થયેલા જંગલ તુલ્ય અને

૦ સેંકડો સર્પથી વ્યાપ્ત નિવાસ ભવન તુલ્ય આ સંસારમાં સેંકડો અને હજારો દુઃખોને પ્રતિદિન નજરે નિહાળતો કયો પ્રાજ્ઞ પુરુષ નિર્વેદ ન પામે ?

જન્મ-જરા-મરણ વિગેરે દુઃખોથી જીવો જ્યાં નિરંતર ઉપદ્રવિત થાય છે તે ભવવાસમાં કયા સકર્ણ = બુદ્ધિશાળી જીવાત્માની મતિ રમે ?

માલાકાર બોલ્યો—જો એમ હોય તો પણ ઘણું કરીને વિશેષ કારણ વિના કોઈ પણ સંસારને તજીને પ્રવ્રજ્યા ગ્રહણ કરતો નથી !!!

ગુરુદેવ બોલ્યા—" હે મહાભાગ ! જો તમને તે વાત સાંભળવાની જિજ્ઞાસા હોય તો તે પણ સંક્ષેપમાં કહું છું—સાંભળો !!!

સમતટ નામના દેશમાં પાટણ નામનું નગર છે, ત્યાં શૂરશેન નામનો રાજા ન્યાય-નીતિ પૂર્વક રાજ્ય સંચાલન કરે છે.

તે રાજાને લલિતા નામની પ્રિયા = રાણી છે કે જેણીએ પોતાના નયનોની સુંદરતાથી કમલોને પરાજિત કર્યા તેથી કમલોએ સરોવરનો આશ્રય લીધો અને ચંચલતા યુક્ત નયનોથી મૃગના નયનોને પણ જીતી લીધા તેથી મૃગ = હરણ વનવાસ સેવે છે.

લલિતા નામની રાણીની કુક્ષિથી અનુક્રમે અમરસેન અને મૃગાંકસેન નામના પુત્રનો જન્મ થાય છે.

જ્યારે બન્ને પુત્રો કળાઓનો અભ્યાસ કરીને યૌવનવય પામ્યા ત્યારે શૂરસેન રાજા સંવેગ ભાવ યુક્ત થયા છતા સંસારથી વિરક્ત થયા. એકદા પરલોકની સાધનાના અભિલાષુક થયેલા શૂરસેન રાજા મોટા પુત્ર અમરસેનને રાજ્ય સોંપીને રાણી લલિતા દેવીની સાથે ચારિત્રના પંથે પ્રયાણ આદરે છે.

મૃગાંકસેન એવો હું તે સમયે સંસારથી વિરક્ત ચિત્તવાળો હોવા છતાં પણ મોટા ભાઈ અમરસેનના સ્નેહથી બંધાયેલો રાજમહેલમાં રહેતો હતો.

અન્યદા રાજાએ સાંભળ્યું કે—અહીં મહાનિધાન છે. તે નિધાનને પ્રાપ્ત કરવા માટે રાજાએ ભૂમિ ખોદાવરાવી પણ નિધાન હાથ આવ્યું નહિં તેથી રાજા પડહો વજડાવે છે કે—"જેને નિધાન મળે તે રાજાની આજ્ઞાથી તે જ ભલે ગ્રહણ કરે".

ત્યાર બાદ રાજાના અભિપ્રાયને જાણીને હું પણ નિધાનને શોધીને રાજાને સમર્પિત કરું એમ ચિંતવતો નિધાન પ્રાપ્તિના ઉપાય કરું છું, એમ ઉપાય કરતાં કરતાં નિધાન હાથ લાગ્યું. નિધાન લઈને રાજાને અર્પણ કરું છું પણ રાજાએ નિધાન ગ્રહણ કર્યું નહિ અને નિધાન મને પાછું આપતાં અસૂયા સાથે રાજા બોલ્યા કે—આ નિધાન તમે જ ગ્રહણ કરો!!!

હું પણ તે સમયે રાજાના મનોગત ભાવોને ઓળખી ન શકયો, અને "આપની મોટી મહેરબાની" એમ બોલીને તે નિધાન ગ્રહણ કર્યું, અને દીન-દુઃખીઓને વહેંચી આપ્યું.

તે સમયે મારા ઉપર કોપાયમાન થયેલા રાજાના ચિત્તમાં મને મારી નાખવાની ઇચ્છા ઉત્પન્ન થઈ તે રાજાના દુવિકલ્પોને ઈશારાના હાવ-ભાવથી મારા પરિકરે જાણીને હિતબુદ્ધિથી મને નિવેદિત કર્યો, પણ મેં તેમની વાત સાચી ન માની.

એકદા રાજાએ મને મારી નાખવા માટે દુર્ગ રાજા પાસે મોકલ્યો. હું દુર્ગરાજા પાસે ગયો અને ત્યાં મેં કળા-વિનોદથી રાજાને ખુશ કર્યો. પાછા વળતાં રસ્તામાં

ગિરિની ગુફામાં કેવલી ભગવન્ના દર્શન થયા. વંદન કરીને વિનય પૂર્વક બેઠો અને કેવલજ્ઞાની ભગવંતના મુખે ધર્મકથા સાંભળી.

મેં ચિંતવ્યું કે—"આ મહર્ષિ અતિશય જ્ઞાન ગુણયુક્ત છે." એમ ચિંતવીને મેં પૂછયું કે "હે ભગવન્! રાજા મને મારી નાખવાના અભિલાષાવાળો છે, એ વાત શું સાચી છે?"

કેવલી—"હા! એ વાત સાચી છે."

કેવલજ્ઞાની પ્રભુના વચન શ્રવણ કરી સંવેગ ભાવ યુક્ત થયેલા ચિત્તવાળા એવા મને રાજા ઉપર જરા પણ કોપ ન થયો.

પુનઃ મેં પૂછયું કે—"હે ભગવન્! અહીં શું કારણ છે કે—મને આ વાત જાણ્યા પછી પણ રાજા ઉપર જરા પણ દ્વેષ થતો નથી. પણ વડિલ એવા મોટા ભાઈ ઉપર ભક્તિ જ ઉલ્લસે છે.

કેવલી બોલ્યા—રાજાને લોભ તો અનુબંધ હોવાથી તમને મારી નાખવા ઉપાયો રચે છે અને તમને લોભનો અનુબંધ ન હોવાથી અને સંતોષ હોવાથી રાજા ઉપર ભક્તિ ભાવ ઉલ્લસે છે

તેનું કારણ સાંભળો!!!

મધુમતી નામની નગરીમાં સ્કંદિલ અને સોમિલ નામના વેદને ભણનારા સહોદર ભાઈ હતા. પણ દરિદ્રતાથી કંટાળેલા તે બન્ને ઉત્તરાપથ તરફ ગયા. ત્યાં "આ ચતુર્વેદી બ્રાહ્મણ છે" એમ જાણીને લોકો તેઓનું સત્કાર-સન્માન કરવા લાગ્યા.

કેટલાક દિવસો બાદ જ્યારે ઘણું ધન પ્રાપ્ત થયું ત્યારે પોતાના દેશ તરફ રવાના થયા. પોત-પોતાનું ધન લઈને પોતાના દેશ તરફ જતા રસ્તામાં સ્કંદિલનું ચિત્ત લોભથી દૂષિત થયું અને સ્કંદિલ ચિતવે છે કે—"સોમિલને હણીને તેનું દ્રવ્ય ગ્રહણ કરૂં".

હવે રસ્તામાં સોમિલ એવા તમને જ્વર=તાવ આવ્યો. તેથી એક ગામમાં રોકાયો અને સ્કંદિલ તો આગળ પ્રયાણ ચાલું રાખે છે. અને અનુક્રમે ચાલતો ચાલતો તે સ્કંદિલ અકસ્માત જીર્ણ કુવામાં પડે છે. તે સમયે પાપના પરિણામવાળો તે સ્કંદિલ રૌદ્રધ્યાનારૂઢ થયેલો મરણ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરક ભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

તું પણ જ્યારે સ્વસ્થ થયો ત્યારે આગળ પ્રયાણ કરે છે અને રસ્તામાં સ્કંદિલના મૃતદેહને જોઈને વૈરાગ્ય ભાવ યુક્ત થયેલો તું અશુભ કર્મથી નિવૃત્ત થયો તથા પાસે

જે ધન હતું તે પણ દાનમાં વહેંચી આપ્યું અને શુભભાવ યુક્ત જીવન જીવતાં આયુઃક્ષયે મરણ પામીને સૌધર્મ દેવલોકમાં એક પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો.

દેવગતિના આયુષ્યને પૂર્ણ કરીને ત્યાંથી ચ્યવીને અહીં જ દક્ષિણાર્ધભરતના મધ્યખંડમાં લાટ દેશમાં ભરૂચ નગરમાં સમુદ્રદત્ત શ્રેષ્ઠીની નર્મદા નામની ભાર્યાની કુક્ષિથી મનોરથદત્ત નામના પુત્ર રૂપે જનમ્યો.

આ તરફ સ્કંદિલનો જીવ પણ નરકનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને તે જ નગરમાં કુંડલક નામના વણિકની ટંકાશ્રી નામની ભાર્યાની કુક્ષિએથી દોણગ નામના પુત્ર રૂપે જનમ્યો.

બંને અનુક્રમે યૌવનવયને પામ્યા અને પરસ્પર પ્રીતિવાળા થયા.

ઘણું ધન હોવા છતાં પણ તે બંને જણા વિશેષ ધન મેળવવા માટે સિંહલદ્વીપ તરફ જાય છે અને ત્યાં જઈને અનુકૂલ કર્મના યોગથી ઘણું ધન અને ઘણા રત્નો મેળવ્યા.

જ્યારે પોત-પોતાના રત્નો લઈને પોતાના દેશ તરફ બંને જણા આવે છે ત્યારે રસ્તામાં રત્નના લોભથી દોણગનું ચિત્ત સંક્લિષ્ટ થયું. દોણગ ચિંતવે છે કે— "મનોરથદત્તને મારીને બધા જ રત્નોનો હું સ્વામી થાઉં" એમ ચિંતવીને અનુક્રમે એક ગામમાં આવે છે. ત્યાં ગામ બહાર ઉદ્યાનમાં વૃક્ષ નીચે ઉતારો કરીને માર્ગમાં ચાલવાથી લાગેલા થાક અને ભૂખને નિવારવા માટે બન્ને જણા સરોવરમાં સ્નાન કરે છે. ત્યાર પછી દોણગ ભોજન લેવા માટે ગામમાં ગયો.

ગામમાં જઈને મોદક તૈયાર કરાવરાવે છે અને એક મોદકમાં સ્વયં વિષ મિશ્રિત કરે છે. અને ગામ બહાર ઉદ્યાનમાં આવે છે.

આ તરફ ઉદ્યાનમાં વૃક્ષ નીચે નિદ્રાધીન થયેલા એવા તને સર્પે ડંખ દીધેલ અને તેનું અલ્પ ઝેર તારા શરીરમાં ફેલાયું પણ વિષની અલ્પતાના કારણે તને વિશેષ ખ્યાલ ન આવ્યો અને બેભાન=મૂર્ચ્છિત પણ ન થયો.

દોલણ તને જાગૃત કરીને વિષ મિશ્રિત મોદક ખાવા માટે આપે છે તેં પણ સરળતાથી તે મોદક વાપર્યો-ખાધો. પણ—

વિષસ્ય વિષમૌષધમ્—એ ન્યાયે મોદકના ઝેરથી સર્પનું ઝેર પણ નિવૃત્ત થયું. અને તું મરણ પામ્યો નહિં.

આ તરફ ઘણા મોદકના ભક્ષણથી થયું છે અજીર્ણ જેને એવો તે દોણગ

અશુભધ્યાનાધિરૂઢ થયેલો તે જ રાત્રિએ મરણ પામીને શર્કરાપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થયો.

દ્રોણગના અકાળ મરણને જોઈને વૈરાગ્ય વાસિત થયેલો એવો તું તેનું અગ્નિસંસ્કાર કરીને પોતાના નગરમાં આવ્યો. ભોગ–સુખ તજીને વિરક્ત થયેલો તું આયુઃક્ષયે મરણ પામીને સનત્કુમાર નામના દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.

દેવગતિ સંબંધિ આયુષ્ય પૂર્ણ કરીને અને ત્યાંથી ચ્યવીને દક્ષિણાપથમાં કાવેરી નગરીમાં સોમિલ નામના બ્રાહ્મણની ગંગા નામની ભાર્યાની કુક્ષીએથી આદિત્યદત્ત નામના પુત્ર રૂપે જનમ્યો.

હવે આ તરફ દ્રોણગનો આત્મા પણ નરકમાંથી ચ્યવીને તે જ નગરમાં દેવદત્ત બ્રાહ્મણની સંભુકા નામની ભાર્યાની કુક્ષીએથી ધનંજય નામના પુત્ર રૂપે જન્મ્યો.

"આ ધનંજય એ ઉપાધ્યાયનો પુત્ર છે" એમ ચિંતવતો તું ધનંજયનો બહુમાન અને ગૌરવ કરે છે. એમ કરતા કેટલોક કાળ વ્યતીત થયો.

એકદા ગ્રામાનુગ્રામ વિહાર કરતા આચાર્ય મ. પધાર્યા. ધર્મદેશના શ્રવણ કરી વૈરાગ્ય વાસિત થઈને તમોએ શ્રાવકત્વ સ્વીકાર્યું. તે સમયે તમારી પ્રીતિ મેળવવા માટે ધનંજયે પણ વ્રત સ્વીકાર્યા. અનુક્રમે પરસ્પર પ્રીતિ થઈ.

અન્યદા કુશ આદિ ગ્રહણ કરવા માટે તમે બન્ને જણા અટવીમાં ગયા પાછા વળતાં શ્રમિત થયેલા તમે બન્ને વડના વૃક્ષ નીચે વિસામો લો છો.

તે અવસરે અકસ્માત કયાંકથી સુવર્ણ ભરેલ ગુણી = કોથળી યુક્ત વેસરી = ખચ્ચરી ત્યાં આવી, અને તે ગુણીને ભૂમિ ઉપર નાખીને નાશી ગઈ.

તમે તે જોઈ ખુશ થયા અને ચિંતવ્યું કે—રાત્રે કોઈ ન જાણે તેવી રીતે ઘેર લઈ જઈશું. એમ ચિંતવીને ભૂમિ ખોદીને કરમદાના જાળામાં તે સુવર્ણને ગોપવીને રાખ્યું. અને ઘર તરફ રવાના થયા.

રસ્તામાં ધનંજયના ચિત્તમાં લોભ સળવળ્યો, લોભથી પરવશ થયેલો ધનંજય ચિંતવે છે કે—"આદિત્યદત્તને હણીને બધું જ સુવર્ણ હું એકલો જ ગ્રહણ કરું" ઇત્યાદિ ચિંતવીને રૌદ્ર ધ્યાનવાળા તે ધનંજયે દિવસ વ્યતીત કર્યો.

રાત્રિના સમયે બન્ને જણા નિધાનના સ્થાને આવે છે. ધનંજય આદિત્યદત્તને મારી નાખવા માટે તીક્ષ્ણ છુરિકા સાથે લાવેલો છે. તે બન્ને જણા નિધાનને બહાર કાઢવા યત્ન કરે છે એટલામાં ઉગ્ર વિષવાળો સર્પ ત્યાં આવીને ધનંજયને ડસ્યો.

ધનંજય પણ તત્કાલ સાપ કરડયો...સાપ કરડયો...એમ પોકાર કરતો થોડી વારમાં મૂર્ચ્છિત થયો. તું તે સમયે મિત્રને થયેલા ઉપદ્રવથી ખેદ યુક્ત થયો. અને મિત્રને સ્વસ્થ કરવા ઉચિત ઉપચાર શોધવા લાગ્યો.

આ તરફ ધનંજય તીવ્ર વિષના પ્રસારથી ક્ષણાર્ધમાં પંચત્વ = મરણ પામ્યો અને વાલુકાપ્રભા નામની ત્રીજી નરક ભૂમિમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

તમે પણ આવા કરૂણ દૃશ્યને જોઈને તે સમયે સંવેગ ભાવ યુક્ત થયા થકા વિષય સુખથી વિરક્ત થઈને ધનને ધર્મસ્થાનોમાં વાપરીને ગુરુના ચરણોમાં દીક્ષિત થયા.

યથાવિધિ ચારિત્રની આરાધના સાથે તપશ્ચર્યા કરવા પૂર્વક શ્રુતજ્ઞાન ભણીને સ્વ-પર કલ્યાણ સાધવા પૂર્વક આયુષ્ય પૂર્ણ કરી માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં દેવત્વ પામ્યા.

દેવગતિમાં દિવ્ય સુખોને ભોગવવા સાથે જિનેન્દ્ર ભક્તિ કરવા પૂર્વક સમ્યગ્દર્શનને ઉજ્જવલિત કરતો અનુક્રમે આયુ: પૂર્ણ થયું ત્યારે ચ્યવીને આ જ ભરતક્ષેત્રનાં મહારાષ્ટ્ર દેશમાં એલાપુર નગરમાં શૂરધર્મ શ્રેષ્ઠીની શ્રી નામની ભાર્યાની કુક્ષિએ પુત્ર રૂપે જનમ્યો. માત-પિતાએ ચંદ્રવર્મ નામ સ્થાપ્યું. શ્રાવકકુલમાં જન્મ પ્રાપ્ત થવાથી સહેલાઈથી જિનધર્મ પ્રાપ્ત કર્યું.

આ તરફ ધનંજયનો આત્મા પણ નરક ગતિમાં પાપ કર્મોના અશુભ ફળો ભોગવી આયુ:ક્ષયે ચ્યવીને તે જ નગરમાં ધનમિત્ર વણિકના પુત્ર રૂપે જનમ્યો. માત-પિતાએ કટુક એવું નામ સ્થાપ્યું.

ચંદ્રવર્મ અને કટુકને પરસ્પર પ્રીતિ થઈ, લેખશાળામાં સાથે ભણે છે. અને કળા અભ્યાસ કરે છે.

અનુક્રમે યૌવનવય: પામ્યા ત્યારે જહાજ = વહાણમાં કરીયાણું ભરીને દ્વીપાંતરે ગયા. વ્યાપાર કરતાં ઘણું ધન પ્રાપ્ત થયું ધન લઈને પોતાના નગર તરફ આવે છે ત્યારે રસ્તામાં કટુકના ચિત્તમાં લોભના કારણે કુવિકલ્પો થવા લાગ્યા.

કટુક ચિંતવે છે કે—"આ ચંદ્રવર્મને રાત્રિએ કોઈ ન જાણે તેમ સમુદ્રમાં નાખીને હું એકલો જ બધા ધનનો સ્વામી બનું." એમ ચિંતવીને મધ્યરાત્રિએ ઊઠયો અને નિદ્રાથી ઘેરાતી આંખો વાળો કટુક ભવિતવ્યતાના યોગે સ્વયમેવ પડયો સમુદ્રમાં અને મરણ પામી પંકપ્રભા નામની ચોથી નરક ભૂમિમાં પાપકર્મોના તીવ્ર વિપાકને ભોગવવા માટે નારક રૂપે ઉત્પન્ન થયો.

આ તરફ કદુકને સમુદ્રમાં પડીને મરણ પામેલો જાણીને તને સંવેગ થયો. વિષય સુખ પ્રત્યે વૈરાગ્ય વાળા એવા તેં નગરમાં આવીને માત–પિતાને સમજાવીને તથા ધનને ધર્મસ્થાનોમાં વાપરી, તથા અનુકંપા દાન દ્વારા દીન–દુઃખીઓના આશીર્વાદ મેળવી સદ્‌ગુરુના ચરણોમાં દીક્ષા લીધી.

વિધિવત્ ચારિત્રારાધના કરી તમે આયુઃક્ષયે નશ્વર દેહને તજીને બ્રહ્મદેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. દેવગતિના પંચવિધિ વૈષયિક સુખોને ભોગવવા સાથે જિનેન્દ્ર પૂજાદિ ધર્મારાધના કરતાં અનુક્રમે આયુષ્ય પૂર્ણ થયું ત્યારે ચ્યવીને દક્ષિણાપથમાં પ્રતિષ્ઠાન નામના નગરમાં રૂદ્રદેવ નામના બ્રાહ્મણની ચંદ્રયશા નામની સ્ત્રીની કુક્ષીએથી પદ્મદેવ નામના પુત્ર રૂપે તું જનમ્યો.

શ્રાવક કુલમાં જન્મ થવાથી બાલ્યકાળમાં જ પ્રતિબોધ પામેલો તું જિનધર્મની આરાધનામાં ઉદ્યત રહેવા લાગ્યો.

આ તરફ કદુકનો આત્મા પણ નરકના દુઃખોને ભોગવતાં જ્યારે હળવો થયો ત્યારે અયુઃક્ષયે ચ્યવીને તે જ નગરમાં સોમદત્ત બ્રાહ્મણના દત્તક નામના પુત્ર રૂપે જનમ્યો.

પરસ્પર મિત્ર થયેલા તમે બન્ને સાથે પાઠશાળામાં ભણવા જાઓ છો સાથે જ વિવિધ ક્રીડા કરો છો. પણ અભ્યાસમાં આગળ હોવાથી તું તેનું ગૌરવ જાળવે છે.

અન્યદા સુવર્ણપુરુષ સાધવાનો મંત્ર પ્રાપ્ત કરીને તમે બન્ને જણા કાળી ચતુર્દશીના મધ્યરાત્રિએ સ્મશાન ભૂમિએ મંત્રની સાધના કરી મૃતકનો સુવર્ણ પુરુષ બનાવ્યો. પ્રાતઃકાળ થવાથી તે સુવર્ણ પુરુષને ગોપવીને તમે બન્ને જણા નગરમાં આવ્યા.

આ તરફ દત્તકના ચિત્તમાં લોભ પિશાચ પ્રવેશ્યો. લોભ કષાય પરવશ થયેલો દત્તક ચિંતવે છે કે—"આ પદ્મદેવને મારી નાખીને સઘળા ધનને હું એકલો જ યથેચ્છ રીતે ભોગવું." ઇત્યાદિ કુવિકલ્પોથી સંક્લિષ્ટ ચિત્તવાળો કથમપિ દિવસ પસાર કરીને "અમુક ઠેકાણે આપણે બન્ને રાત્રીએ મળશું" એમ સંકેત કરીને મધ્ય રાત્રિએ પોત–પોતાના ઘરથી નિકળીને બન્ને જણા સંકેતિત સ્થાને આવે છે.

આ તરફ દત્તક કુવિકલ્પાનુસારે પદ્મદેવને હણી નાખવા માટે તિક્ષ્ણ શસ્ત્ર લઈને આવેલો હતો. અને વિશ્વાસ ધારણ કરનારા પદ્મદેવને ખબર ન પડે તેમ મારી નાખવાનો લાગ = અવસર જુએ છે એટલામાં અકસ્માત દત્તક ઉપર વિજળી પડીઅને ક્ષણવારમાં દત્તક હતો ન–હતો થઈ ગયો અર્થાત્ મરણ પામ્યો.

રૌદ્રધ્યાનાધિરૂઢ દત્તક મરણ પામીને ધૂમપ્રભા નામની પાંચમી નરક પૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

આ તરફ દત્તકના અકસ્માત્ મરણને જોઈને સંવેગ ભાવથી ભાવિતાન્તઃકરણવાળો તું ઘેર આવી બીજે દિવસે ધનને ધર્મના સ્થાનોમાં વાપરીને ગુરૂના ચરણોમાં દીક્ષા લઈ ચારિત્રની આરાધના કરવા લાગ્યો.

યથાવિધિ પંચાચારની પાલના પૂર્વક મનુષ્ય જન્મને સફળ કરી આયુઃક્ષયે સમાધિ પૂર્વક નરદેહને તજીને મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયા.

દેવગતિ યોગ્ય પંચવિધ ઉદાત્ત વિષય સુખને ભોગવવા સાથે જિનેશ્વરદેવની પૂજા-ભક્તિ તથા ચતુર્વિધ સંઘની સેવા અને તીર્થયાત્ર કરવા દ્વારા સમયને પસાર કરતાં આયુઃક્ષયે ચ્યવીને પૂર્વદેશમાં કર્ણસુવર્ણક નામના નગરમાં ધનદેવ શ્રેષ્ઠીની લક્ષ્મી નામની ભાર્યાની કુક્ષીએથી ઋદ્ધિદેવ નામના પુત્ર રૂપે જનન્યો. શ્રાવક કુલમાં જન્મ મળવાથી બાલ્યકાળમાં જ ધર્મ પ્રત્યે રુચિ થઈ અને ધર્મ ક્રિયામાં કુશળ બન્યો.

આ અવસરે દત્તક પણ નરક ગતિના અશ્રાવ્ય દુઃખોને અકામનિર્જરાએ સહન કરતો આયુઃક્ષયે ચ્યવીને તે જ નગરમાં સુમુખ નામના વણિકના ખલુક નામના પુત્ર રૂપે જનમ્યો.

બન્નેને પરસ્પર પ્રીતિ થઈ. સાથે ભણે છે અને સાથે જ વિધવિધ ક્રીડા કરે છે. પણ ખલુક કુલવાન્ છે એમ જાણીને તમે તેનું ગૌરવ કરતા, બહુમાન જાળવતા, અને ખલુક પણ બાહ્ય પ્રીતિથી તમારું પ્રેમ સંપાદિત કરતો.

અન્યદા તમે બન્ને જણા યુવાનવયમાં ધન કમાવા માટે દેશાંતર ગયા. ત્યાં વ્યાપાર કરતાં ઘણું ધન મેળવ્યું. ધનને લઈને પોતાના નગર તરફ આવો છો ત્યારે રસ્તામાં ધનમાં વૃદ્ધ થયેલો ખલુક ચિંતવે છે કે—"ઋદ્ધિદેવને હણીને બધા ધનનો હું સ્વામી બનું" એમ ચિંતવીને માર્ગમાં રહેલા એક ડુંગર પાસે આવીને ઋદ્ધિદેવને કહે છે કે—"ચાલો આપણે ડુંગર=પર્વત ઉપર ચડીને પૃથ્વીનું અવલોકન કરીએ.

બંન્ને જણા ડુંગર ઉપર ચઢ્યા. ત્યાં એક તરફ ઊંડી ખાઈ જોઈને ખલુક ચિંતવે છે કે—ઋદ્ધિદેવને ખાઈમાં નાખીને બધા ધનનો સ્વામી બની યથેચ્છ સુખ ભોગવું.

ઇત્યાદિ કુવિકલ્પ કરતો યાવત્ પર્વતના ઉપરના કિનારે ગર્ત્તાને અવલોકે છે તેટલામાં ચિત્ત ભ્રાંત થતાં=ચક્કર આવતાં તે ખલુક સ્વયમેવ ગર્ત્તામાં જઈ પડ્યો અને અસહ્ય પીડાને સહન કરતો રૌદ્રધ્યાનયુક્ત એવો તે મરણ પામીને તમઃપ્રભા નામની છઠ્ઠી નરકપૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

તું પણ મિત્રની આવી અકલ્પનીય વિરૂપ અવસ્થા જોઈને સંવેગ ભાવ યુક્ત થયેલો વિષય સુખને તજી દઈને અને ધનને ધર્મ સ્થાનોમાં વાપરી દીક્ષિત થયો.

સદ્‌ગુરુના ચરણોની ઉપાસના સાથે યથાવિધિ ચારિત્રની આરાધના કરતો આયુ:ક્ષયે અચ્યુત નામના બારમા દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.

દેવલોકમાં પણ પંચવિધ વૈષયિક સુખને ભોગવવા સાથે જિનેશ્વર પ્રભુના સમવસરણમાં જઈ ધર્મદેશના શ્રવણ કરવી તથા જિનેન્દ્ર પૂજા સ્વરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવ કરવા, અને ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ-ભક્તિ કરવા પૂર્વક સમ્યગ્દર્શનને નિર્મળ કરતો દેવગતિ વિષયક સ્વાયુ: પૂર્ણ કરી, દિવ્ય શરીરનો ત્યાગ કરી તમે મૃગાંકસેન નામના યુવરાજ થયા છો.

અને તે બલુક પણ નરક ગતિના સાહજિક દુ:ખોને ત્રાહિ મામ...ત્રાહિ મામ...એમ પોકાર કરતાં કરતાં નિ:શરણ રૂપે ભોગવીને આયુ: ક્ષય થયું ત્યારે ત્યાંથી ચ્યવીને તમારા મોટા ભાઈ અમરસેન નામે રાજા થયા છે.

તો અત્યારે પણ અમરસેન રાજાને તમારા ઉપર પ્રદ્વેષનું કારણ પૂર્વ વર્ણવેલા સ્વરૂપવાળી લોભ સંજ્ઞા જ છે અને તમને પૂર્વ ભવના કુશલ અભ્યાસાનુસારે અમરસેન રાજા ઉપર ભક્તિ = સદ્‌ભાવ જ છે.

કેવલી પ્રભુના વચન શ્રવણ કરીને સંવેગ ભાવ યુક્ત મનવાળા મેં પૂછયું કે—"હે ભગવન્! આપ માર્ગદર્શન આપો કે—આવી અવસ્થામાં રહેલા એવા મારે હવે શું કરવું જોઈએ!!!"

કેવલજ્ઞાની પ્રભુ બોલ્યા—આત્માને એકાંતે હિતકારી એવા ધર્મની સેવા કરો!!!

મેં પૂછયું કે—"હે મુનીશ્વર! રાજાની સેવા કરવી, એ શું યોગ્ય નથી?"

કેવલી બોલ્યા—હે મહાભાગ! નરપતિની સેવાથી સર્યું, કેમકે—તારા દર્શનથી આ રાજા અધિક સંક્લેશ વાળો થઈને સેવા કરતા એવા તમને મારી નાખવા માટે અત્યારે પણ આરોગ્યસિદ્ધિ નામના વૈદ્યને મોકલ્યો છે. અને તે વૈદ્ય પણ વિશિષ્ટ ધર્મને અનુસરનારો તાપસ થયો છે. તથા તે તમને આવતી કાલે પ્રભાતે મળશે.

ત્યારબાદ મેં પૂછયું કે—"હે ભગવન્" તે રાજા પંચત્વ પામીને કયાં જશે? ગુરુ બોલ્યા—તમસ્તમ:પ્રભા નામની સાતમી નરકે પૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થશે.

પુનઃ મેં પૂછ્યું કે—"હે ભગવન્! હું કયાં જઈશ?"

કેવલી બોલ્યા—"હે મહાભાગ! તમે અષ્ટવિધ કર્મોના બંધનથી સર્વથા મુક્ત થઈને પરમપદ પહોંચશો."

લોકાલોકના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને યુગપદ્ એક સમયમાં જ અવલોકતા કેવલજ્ઞાની પ્રભુના ઉપરોક્ત વચન શ્રવણ કરીને સંવેગ ભાવથી ભવિત થઈને મેં કરણીય એવા સમગ્ર ઉચિત કાર્ય કરીને ગુરુ ચરણોમાં પરલોકમાં હિતકારી એવી પ્રવ્રજ્યા આદરી.

તો હે ભદ્ર! પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આ પ્રમાણેનું મને ભવનિર્વેદનું વિશેષ કારણ પ્રાપ્ત થયું.

ગુરુનું ઉપરોક્ત ચરિત્ર શ્રવણ કરીને બધા જ શ્રોતા જનો સંવેગ ભાવ યુક્ત થયા.

ત્યાર બાદ માળીએ પૂછ્યું કે—હે ભગવન્! મારા આ બન્ને પુત્રો પરસ્પર કલહ કેમ કરે છે?

ત્યાર બાદ નિધિ બતાવવા પૂર્વક મુનિવરે કલહનું મૂળ કારણ સમજાવ્યું.

પુનઃ માળીએ પૂછ્યું કે—હે ભગવન્! હવે અમારે શું કરવું જોઈએ?

ગુરુ બોલ્યા—હે મહાભાગ! સર્વ અનર્થોના કારણભૂત એવા લોભનો પરિત્યાગ કરવા પૂર્વક ધર્મની આરાધના કરો!!!

ગુરુના વચન શ્રવણ કરીને માળી બન્ને પુત્રોની સાથે સમ્યક્ત્વ મૂલ બાર વ્રત સ્વીકારીને યથાવિધિ પાળે છે. સાથે સાથે જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરે છે, તથા મુનિવરોની વૈયાવચ્ચ=ભક્તિ ગુણાનુરાગ પૂર્વક પુનઃ પુનઃ આચરે છે.

અનુક્રમે દોષોની હાણીથી અને ગુણોની વૃદ્ધિથી જીવનને ધન્ય બનાવતા તે ત્રણે જણા સમાધિ પૂર્વક મનુષ્ય-દેહને તજીને બ્રહ્મદેવલોકમાં વિબુધ=દેવ રૂપે ઉત્પન્ન થયા, અને અનુક્રમે જિનશાસનની સમ્યગારાધના દ્વારા કર્મો ખપાવી નિર્વાણ પદ પામશે.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષા નિબદ્ધ શ્રી સુમતિનાથ
ચરિત્રમાં લોભ કષાયના સ્વરૂપને દર્શાવનારી સુરની કથાના
વર્ણન સ્વરૂપ ઓગણત્રીશમો પ્રસ્તાવ સમાપ્ત.

—o—

।। यथावस्थितवस्तुस्वरूपोपदेशक श्री सुमतिनाथ जिनेन्द्राय नमो नमः ।।

પ્રસ્તાવ ૩૦ મો

શ્રી પંચ પરમેષ્ઠી–નમસ્કાર–મહામંત્ર સ્મરણ મહિમા અને ફલ.

मुक्क कसाय चउक्कोऽवि पंचपरमेट्ठि सुमरणं मणुओ ।
जो कणइ भत्तिमंतो पावइ सो चेव कल्लाणं ।।

ક્રોધ–માન–માયા અને લોભ સ્વરૂપ ચારે કષાયથી મુક્ત એવો પણ જે મનુષ્ય જો ભક્તિ પૂર્વક પંચ પરમેષ્ઠીઓનું સ્મરણ કરે તો તે પુણ્યાત્મા અવશ્ય કલ્યાણ રૂપ સુખ સંપદા પામે છે.

જે જીવ નમસ્કાર મહામંત્રનું શુભ અધ્યવસાય પૂર્વક સ્મરણ કરે છે તે પુણ્યાત્માને—

- ભૂત–પિશાચ વિગેરે ઉપદ્રવ કરી શક્તા નથી.
- સિંહ વિગેરે હિંસક પ્રાણીઓ અનર્થ કરી શક્તા નથી.
- પ્રતિપક્ષી રાજાઓ પણ પ્રહાર કરવા સમર્થ થતા નથી.
- વ્યાધિ=રોગ ઉત્પન્ન થતા નથી.
- દાવાનળ દઝાડી શકતો નથી.

પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર સ્વરૂપ પંચાનન = સિંહને સ્મરણ કરનારાની વ્યાપદોના ઉપદ્રવ રૂપ દુરિત આપદાઓ પંચત્વ = નષ્ટત્વને પામે છે. અને નમસ્કાર મહામંત્ર એ આપદાના સમૂહથી ભીષણ ભય રૂપ ઉદ્દામ સમુદ્રને શોષવામાં વડવાનલ તુલ્ય છે. દ્વાદશાંગ અને ૧૪ પૂર્વને જાણનારા ગીતાર્થ મુનિવરો પણ જીવનના અંત સમયે સમાધિ મરણ પામવા માટે ૧૪ પૂર્વના સાર સ્વરૂપ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે.

પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રને અહોનિશ સ્મરણ કરનારો જંતુ=મનુષ્ય પુલીન્દ્ર=ભીલ યુગલની જેમ મનુષ્યગતિ અને દેવગતિના અપૂર્વ સુખો પ્રાપ્ત કરે છે.

નમસ્કાર મહામંત્રના સ્મરણ ફ[illegible]ક પુલીન્દ્ર=ભીલ યુગલની કથા

પુષ્કરાર્ધ દ્વીપ પૃથ્વી રૂપ મહિલા[illegible]રીને ક્રીડા કરવા માટે પુષ્કરિણી તુલ્ય પુષ્કરાર્ધ દ્વીપના ભરત ક્ષેત્રમાં ઋદ્ધિ-સમૃદ્ધિથી સમૃદ્ધ અને જગમાં વિખ્યાત એવું સિદ્ધાવર્ત્ત નામનું ગામ છે.

એકદા ભુવન=વિશ્વ રૂપ વનને ચોતરફથી ભસ્મસાત્ કરતા કષાય રૂપ દાવાનળને મેઘની જેમ મૂશળધાર વર્ષા રૂપ વાણી દ્વારા શાંત કરતા, તથા છત્રીશ ગુણ યુક્ત એવા આચાર્યદેવશ્રી અજિતદેવસૂરિજી મ. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં પરિવાર સાથે તે સિદ્ધાવર્ત્ત ગામમાં પધાર્યા.

ચોમાસું નજીકમાં હતું—તેથી મેઘગર્જના અને વિજળીના ચમકારા સાથે વર્ષા થવાથી માર્ગ દુર્ગમ્ય થયા તેથી પૂ. આચાર્ય દેવશ્રી ગામના મુખી પાસે વસતિની યાચના કરે છે.

ગ્રામપતિ વિનય પૂર્વક પૂછે છે કે—"હે ભગવન્! વસતિ આપવાથી શું ફળ=લાભ થાય!!!

ગુરુદેવ બોલ્યા—સઘળા દાનોમાં વસતિ દાન ઘણા ફળવાળો છે કેમકે, ઘરના આંગણે આવેલા અભ્યાગત=અતિથિને અશન આહાર આદિ સર્વ સામાન્ય સઘળા લોકો બહુમાન પૂર્વક આપે જ છે પણ નિવાસ માટે વસતિનું દાન તો કોઈક વિરલ પુણ્યાત્મા જ કરે છે

નિરૂપદ્રવ=ઉપદ્રવ વિનાની વસતિનું દાન કરનારો પુણ્યાત્મા સાધુજનને શીત-આતપ અને વૃષ્ટિના ઉપદ્રવોથી અને રોગ આદિ આતંકથી રક્ષે છે=બચાવે છે.

તથા તે વસતિમાં સ્થિરતા કરીને રહેલા મુનિવરો સૂત્ર-અર્થ ભણે છે તથા ધર્મકથા કહે છે અને સંયમયોગથી નિરંતર પરલોકને સાધે છે.

બિરાજમાન મુનિવરોના પંચાચારને નિહાળીને ભદ્રકત્વને પામેલા ગૃહસ્થો વિધવિધ વ્રત-નિયમાદિ અનુષ્ઠાનમાં ઉમંગ સાથે જોડાય છે તથા વિવિધ અભિગ્રહો પણ સ્વીકારે છે.

ત્યાં બિરાજમાન મુનિવરોને અન્ય ભાવિક જીવો પણ પાત્ર આહાર—પાણી—વસ્ત્ર તથા ઔષધ વિગેરે પ્રતિલાભીને=વહોરાવીને પોતાના જન્મને કૃતાર્થ કરે છે. આ

બધા જ પુણ્યનો ભાગીદાર શય્યા = વસતિનું દાન કરનારો શય્યાતર અવશ્ય થાય જ છે અને થોડા કાળમાં સંસાર સમુદ્રને પાર પામી તે શય્યાતર નિરૂપદ્રવવાળી વસતિમાં = સિદ્ધશિલા ઉપર સાદિ અનંત ભાગે બિરાજમાન થાય છે.

ગુરુના વચન શ્રવણ કરીને ગામના નાયકે વસતિ આપી. પૂ. આચાર્યદેવશ્રી પણ પરિવાર સાથે તે વસતિમાં વર્ષારાત્ર = ચોમાસું રહે છે અને પંચવિધ સ્વાધ્યાય તથા દ્વાદશવિધ તપશ્ચર્યા આદરે છે.

વિષય સુખથી પરાઙ્મુખ થયેલા કેટલાક સાધુઓ માસક્ષપણ આદરે છે. તથા કેટલાક સાધુઓ બે માસી તપ કરે છે.

કેટલાક સાધુઓ ત્રણ મહિનાના ઉપવાસ કરે છે, અને કેટલાક સાધુઓ ચારે મહિનાના ઉપવાસ કરવા દ્વારા પોતાના આત્માને ધર્મથી પરિભાવિત કરતા થકા કાળક્ષેપ કરે છે.

તે સાધુઓમાં એક દમસાર નામના સાધુ પૂ. આચાર્ય દેવશ્રીની આજ્ઞાથી ગિરિની કંદરા = ગુફામાં ચાર મહિનાના ઉપવાસ કરવા સાથે કાઉસ્સગ્ગ મુદ્રાએ રહે છે. પંચવિધ સ્વાધ્યાય તથા ધર્મધ્યાન દ્વારા આત્માને શુભ લેશ્યાથી પરિભાવિત કરે છે.

એકદા પુલીંદ્ર = ભીલનું મિથુન = યુગલ ત્યાં આવ્યું. મુનિવરના દર્શન કરીને રોમાંચિત દેહવાળા તે બન્ને મુનિવરની પાસે આવી પ્રણામ કરીને સન્મુખ બેઠા.

મુનિવર પણ કાઉસ્સગ્ગ ધ્યાન પારીને ધર્મલાભની આશીષ પૂર્વક મધુર સ્વરે આવકારે છે અને યોગ્ય જાણીને પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર શિખવાડે છે. અને મહિમા સમજાવે છે.

તે ભીલ યુગલ પણ અમૃતના સ્વાદ તુલ્ય મુનિવરના વચન શ્રવણ કરી પરમતૃપ્તિનો અનુભવ કરતાં પુલકિતાંગરોમાંચવાળા થયા. અને તે સમયે અશુભ કર્મો ખપી જવાથી નમસ્કાર મહામંત્ર થોડી જ વારમાં સ્મૃતિ પટમાં કોતરાઈ ગયું અર્થાત્ કંઠસ્થ થયું.

પ્રાંતે મુનિવરે કહ્યું કે—હે મહાભાગ! આ મહામંત્રનું સદા કાળ સ્મરણ કરવું કે જેથી તમો પાપકર્મોના ક્ષયથી કલ્યાણ = સુખ સંપદા પ્રાપ્ત કરો.

તે ભીલનું જોડલું પણ મુનિવરને પ્રણામ કરી, સ્વસ્થાને આવે છે અને ત્રણે સંધ્યા એ બહુમાન પૂર્વક નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે.

નમસ્કાર મહામંત્રના સ્મરણથી તે ભીલયુગલ તીવ્ર ભાવે પાપ કરતા નથી અને શુભ લેશ્યા યુક્ત એવા તે બન્ને મુનિવરના ઉપકારને સ્મરણ કરતા આયુ: ક્ષયે સમાધિપૂર્વક મરણ પામીને—

આ જ ભરત ક્ષેત્રમાં મણિમંદિર નામનું શ્રેષ્ઠ નગર છે તે નગર મંદિરોની શ્રેણી અને ઉદ્યાન તથા પુષ્કરિણી અને સરોવરથી રમણીય લાગે છે.

તે નગરમાં લોકો—

દાનના વ્યસની છે.

અકાર્ય કરવામાં ભીરૂ છે.

ગુણ મેળવવામાં અતૃપ્ત છે.

નિર્મળ યશ: મેળવવામાં લુબ્ધ છે.

પર પાસે પ્રાર્થના કરવામાં અજ્ઞાન છે.

પરસ્ત્રી જોવામાં અંધ તુલ્ય છે.

પર ધન હરણ કરવામાં પાંગળા છે.

પરના દોષ બોલવામાં મૂંગા છે.

તે નગરમાં ચંદ્ર તુલ્ય નિર્મળ યશ:કીર્ત્તિ છે જેને એવો રાજમૃગાંક રાજા રાજ્ય કરે છે.

અનેક સામંત રાજાઓના મુગુટના મણિ રત્નોની કાંતિથી ચિત્ર-વિચિત્ર થયા છે પાદપીઠ જેમના એવા તે રાજમૃગાંક રાજાને વિજયા નામની પટ્ટરાણીની ગિરિકંદરા તુલ્ય કુક્ષીમાં સિંહના સ્વપ્નથી પ્રકાશિત માહાત્મ્ય વાળો પુલીંદ્ર = ભીલનો જીવ સિંહની જેમ પ્રવેશ્યો. અને પૂર્ણ સમયે જન્મ થયો ત્યારે રાજાએ પુત્રનો જન્મ મહોત્સવ પ્રવર્તાવ્યો. અને સ્વપ્નાનુસાર રાજસિંહ નામ સ્થાપ્યું.

કલા અભ્યાસ યોગ્ય થયો ત્યારે લિપિ-ગણિત વિગેરે શકુન રૂત પર્યંતની ૭૨ કળાઓમાં કુશલ થાય છે.

રાજસિંહ રાજકુમારને બાલ્યકાળથી જ સર્વ કળાઓમાં કુશલ એવો મતિસાર મંત્રીનો સુમતિ નામનો પુત્ર મિત્ર હતો.

અનુક્રમે રાજકુમાર રૂપ અને લાવણ્યની શોભાથી પરિપૂર્ણ યૌવન વયને પામ્યો ત્યારે તરૂણીઓના લોચન રૂપ ભમરાઓ રાજસિંહના મુખ રૂપ પદ્મ = કમળની ચોતરફ વીંટળાઈ વળે છે.

રથવાડીએ નિકળેલો રાજકુમાર નગરના મુખ્ય મુખ્ય માર્ગો પર થઈને પસાર થાય ત્યારે રાજકુમારના દર્શન કરવામાં ઉત્સુકતાને ધારણ કરતી રમણીઓ = સ્ત્રીઓ પોતાના મંદિરના ગવાક્ષમાં આવીને નયન રૂપ નીલ કમળનું ભેટણું અર્પણ કરે છે. અને કુમારના ગુણ ગાય છે. કુમાર સંબંધી સ્તવના કરે છે. વારી વારીને રાજસિંહના જુએ છે અને હૃદયમાં કુમારનું ધ્યાન ધરે છે.

રાજસિંહ કુમાર પૂર્વ ભવની આરાધનાથી મુનિની જેમ નિર્વિકારી હોવાથી તે સ્ત્રીઓ પ્રત્યે વિકારવાળો થતો નથી = મન કરતો નથી.

અન્યદા મિત્રની સાથે અશ્વ ખેલવા માટે નગર બહાર જાય છે ત્યાં વિવિધ તુરંગો દ્વારા અશ્વ ક્રીડા કરીને જ્યારે શ્રમિત થાય છે = થાકે છે ત્યારે આમ્રવૃક્ષની છાયામાં વિસામો લેવા બેસે છે.

તે સમયે એક પથિકને જોઈને કુમાર પૂછે છે કે—તમે કયાંથી આવો છો? અને કયાં કયાં જઈને આવ્યા છો? તથા તમે કોઈ પણ આશ્ચર્ય જોયું કે સાંભળ્યું છે?

પથિક પણ રાજકુમારને પ્રણામ કરીને અને પાસે સન્મુખ બેસીને મધુર સ્વરે કહે છે કે—"રાજપુત્ર! સાવધાન થઈને સાંભળો?"

સઘળી પ્રશસ્ત વસ્તુઓના મંદિર તુલ્ય અને ભૂતલને સુશોભિત કરનારૂં તથા કલ્પદ્રુમની ઉપમાને ધારણ કરનારા મનુષ્યોથી સમૃદ્ધ, નવા યૌવનવયવાળી રમણીઓથી રમણીય, હજારો દેવ મંદિરોથી પરિગત અને સકલ પદ્મા = લક્ષ્મીના નિવાસસ્થાન તુલ્ય પદ્મપુર નામનું નગર છે.

તે નગરનાં નિવાસ કરનારો એવો હું તે પદ્મપુર નગરથી યુગાદિ પરમેશ્વર ઋષભદેવ જિનેશ્વરના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી કષાય રૂપ હાથીઓનો સિંહની જેમ વિનાશ કરીને જે સ્થાને નિર્વાણ પામ્યા તે અતિશય પવિત્ર એવા શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા જઈ રહ્યો છું.

અને બીજું—તમે પૂછયું કે—"કંઈક આશ્ચર્ય જોયું છે?" તો તે પણ હે કુમાર! તમે એકાગ્ર ચિત્તે શ્રવણ કરો!!!

તે પદ્મપુર નામના નગરમાં અનેક સામંત રાજાઓથી સેવાતા પદ્મ નામના રાજા છે તે રાજાની વિશુદ્ધ ઉભય પક્ષવાળી રાજહંસી જેવી હંસી નામની પટ્ટરાણી છે.

તે રાણીની કુક્ષીએથી સકલ સ્ત્રીઓમાં તિલક સમાન એવી રત્નવતી નામની રાજપુત્રીનો જન્મ થયેલ છે. અનુક્રમે કલા અભ્યાસ કરીને અત્યારે યૌવનવયને પામેલી છે.

જે કન્યાના રૂપ–સૌંદર્યને નિહાળીને લજ્જા પામેલી નાગકન્યાઓ પાતાલ લોકથી બહાર આવતી જ નથી. વિદ્યાધરસ્ત્રીઓ અને દેવાંગનાઓ પણ તેના લાવણ્યને જોઈને વિષાદને ધારણ કરતી ગગન મંડળમાં જ વિચરે છે પણ પૃથ્વી ઉપર આવીને મુખ બતાવતા જ નથી.

અન્યદા પટ્ટરાણી—"પુત્રી હવે વરયોગ્ય થઈ છે" એમ ચિંતવીને રત્નવતી રાજકુમારિકા પુત્રીને સોળે શણગાર સજાવીને સખીઓ સાથે રાજસભામાં રાજા પાસે મોકલે છે.

રત્નવતી પણ તૈયાર થઈને રાજસભામાં પિતાને પ્રણામ કરવા માટે આવે છે. પ્રણામ કરીને પિતાજીના ચરણ પાસે બેસે છે તે સમયે લોકોત્તર લાવણ્ય યુક્ત પુત્રીને જોઈને પદ્મ રાજા મંત્રીને કહે છે કે—

હે મંત્રિન્! અતિશય રૂપ સૌંદર્ય યુક્ત એવી આ પુત્રીને અનુરૂપ કોઈ વર મળે એવું મને લાગતું નથી.

મંત્રી બોલ્યો—"હે મહારાજ! બ્રહ્માજી તો ખૂબ જ બુદ્ધિશાળી છે. જેને જે યોગ્ય હોય તેને તે વસ્તુ દૂરથી પણ લાવીને યોગ કરાવે જ છે.

આ અવસરે રાજસભામાં રાજાની સન્મુખ એક નટ ને પુલીન્દ્ર = ભીલના વેશે નૃત્ય કરતો જોઈને થયું છે ઉહાપોહ જેને એવી તે રત્નવતી મૂર્ચ્છિત થઈને ભૂમિ ઉપર ઢળી પડી.

સખીઓએ કરેલા શીતલ ઉપચાર દ્વારા સ્વસ્થ થયેલી રત્નવતી કહે છે કે—હે તાત! મને પૂર્વ ભવનું સ્મરણ = જાતિસ્મરણ જ્ઞાન થયું છે. કે—"પૂર્વ જન્મમાં હું એક મહા અટવીમાં ભીલની સર્વાંગના પુલીન્દ્રી હતી. અને મને પ્રાણથી પણ વહાલા એવા મારા સ્વામી પુલીન્દ્ર હતા. જો તે પૂર્વ ભવના પ્રાણવલ્લભ પુલીન્દ્રનો યોગ થાય તો જ હું પાણિગ્રહણ કરીશ, અન્યથા લગ્ન નહિં કરું!!!

ઉપરોક્ત પથિકના વચન શ્રવણ કરતાં થયા છે સર્વ અંગો શિથિલ જેના એવા તે રાજસિંહ રાજકુમાર મૂર્ચ્છા પામ્યા. મિત્રોએ કરેલા શીતલ શીતલ ઉપચાર દ્વારા પ્રાપ્ત થઈ છે ચેતના જેને એવા તે રાજપુત્ર પૂર્વ જન્મને સાક્ષાત્ હોય તેમ જાતિસ્મરણ જ્ઞાન દ્વારા નિહાળે છે.

એકરસીભૂત = તદાકર થયેલ રાજકુમાર પુનઃ પથિકને કહે છે કે—ત્યાર પછી આગળ શું થયું?

પથિક બોલ્યો—પુત્રીની આવી પ્રતિજ્ઞા જાણીને પદ્મ રાજા ચિંતાતુર થયા કે–"તે પુલીન્દ્રને કેવી રીતે ઓળખવો."

રત્નવતીની પ્રતિજ્ઞાના સમાચાર જાણીને રત્નવતીના પાણિગ્રહણ કરવાના અભિલાષવાળા અનેક રાજકુમારો પૂર્વ ભવમાં પોતાની પુલીન્દ્રતાને વ્યક્ત કરતા પદ્મપુરમાં આવી પદ્મ રાજાને મળે છે. પદ્મરાજા પણ પુત્રીને તે બધા રાજકુમારોનું યથાવત્ સ્વરૂપ જણાવે છે.

રત્નવતી તે રાજકુમારોને પૂછે છે કે—"કયા પુણ્યકર્મથી તમે એતાદૃશી ઋદ્ધિ પામ્યા છો?"

રાજકુમારો કપોલ કલ્પિત પુણ્યકર્મની વાતો કહે છે. કે જે પુણ્યકર્મનું શ્રવણ કરીને રત્નવતીએ જાણ્યું કે–"મનુષ્ય અસત્ય=જુઠું બોલનારા છે" ઇત્યાદિ ચિંતવીને રત્નવતી અત્યારે પુરુષ દ્વેષિણી થઈ છે. પુરુષનું મુખ પણ જોવા ઇચ્છતી નથી. કેવલ સખીજનોથી જ પરિવરેલી કાળક્ષેપ કરે છે.

હે રાજકુમાર! વિધાતા=બ્રહ્માજીએ પદ્મનગરમાં સ્ત્રીઓમાં શિરોમણિ એવી તે રત્નવતીનું નિર્માણ કર્યું છે અને અહીં પુણ્યમૂર્તિ એવા અને પુરુષોમાં તિલક રૂપ એવા આપનું નિર્માણ કર્યું છે. પરસ્પર સદૃશ એવા તમારા બન્નેનો જો યોગ થાય તો અસદૃશ વસ્તુના સંયોગથી થયેલ બ્રહ્માજીનું કલંક ધોવાઇ જાય.

ઇત્યાદિ અદ્ભુત વચન કહીને પાંથ=પથિક બોલ્યો કે—"હે કુમાર! હવે હું મારા ઇષ્ટ સ્થાન તરફ જાઉં છું."

કુમાર પણ "અહો! આ પુરુષ ચતુર અને વિદ્વાન છે તથા અપૂર્વ અર્થ=વાતને જણાવનારો છે" એમ ચિંતવીને પોતાના અંગ ઉપર ધારણ કરેલા આભૂષણો અર્પણ કરવા દ્વારા પથિકનું બહુમાન કરે છે.

પથિકને વિસર્જિત કરીને રાજસિંહ રાજકુમાર રાજમંદિરે આવે છે અને રત્નવતીને જોવા માટેના વિધવિધ ઉપાયો ચિંતવે છે.

હવે આ તરફ નગરજનો રાજાને એકાંતમાં જણાવે છે કે—"હે રાજન્! ક્રીડામાં તત્પર એવા રાજકુમાર જ્યારે જ્યારે નગરમાં આવાગમન કરે છે ત્યારે ત્યારે રાજકુમારના રૂપ-લાવણ્ય અને સૌભાગ્યથી આક્ષિપ્ત ચિત્તવાળી સ્ત્રીઓ ઘરના કાર્યોની ઉપેક્ષા કરીને તથા બાળકોને રડતા મૂકીને અને ઘરના બારણા પણ ઉઘાડા મૂકીને તથા લજ્જા

અને મર્યાદા પણ મૂકીને મદોન્મત્ત હોય તેમ કુમારને નિરખવા માટે દોડે છે. અને આ કારણથી જ હમણાં આખા નગરમાં અવ્યવસ્થા ઉભી થઈ છે.

માટે ગમે તે ઉપાય કરીને પણ રાજકુમારને નગરમાં વિચરવાનું નિષેધ કરો!!!

પુરજનની વાત શ્રવણ કરીને મહારાજાશ્રી રાજમૃગાંક ભૂપતિ સેવકને કહે છે કે—"રાજસિંહ કુમારની આગળ જઈને કહો કે—"તમારે રાજમંદિરમાં જ રહેવું અને કલા અભ્યાસ કરવો, પણ બહાર વિચરવું નહિ કેમકે બહાર ફરનારા મનુષ્યની બધી જ કલા વિસ્મૃત થાય છે."

રાજપુરુષ પણ રાજાના આદેશાનુસાર રાજકુમારની પાસે જઈ વિનયપૂર્વક રાજાનો આદેશ જણાવે છે.

રાજકુમાર ચિંતવે છે કે—"પિતાજીએ આવા પ્રકારનો આદેશ શા માટે કર્યો હશે?" એમ ચિંતવતા રાજકુમારની પાસે આવેલ સુમતિ મિત્ર નગરનું વૃત્તાંત કહે છે.

જાણ્યો છે નિર્ગમન ઉપાય જેણે એવો રાજસિંહ સુમતિને કહે છે કે—ઘેર રહીએ તો પિતાજીનો આદેશ દુષ્કર છે. અને પથિકે વર્ણવેલી કન્યાને જોવાનું કૌતુક પણ છે. તથા દેશાંતર ગમન વિના—પુણ્યની પરીક્ષા થતી નથી.

ગુણોની પ્રાપ્તિ પણ દુર્લભ બને છે.

વિધવિધ ભાષામાં કુશળતા ન મળે અને

અભ્યાસ કરેલ કળાઓના ઉપયોગનો પ્રસંગ પણ ન આવે.

માટે "હે મિત્ર! હું દેશાંતર જાઉં છું."

સુમતિ બોલ્યો—"હે કુમાર! હું આપની સાથે આવીશ, આપ સુખેથી મનોવાંછિત પૂર્ણ કરો!!!

અન્યદા કોઈને પણ જણાવ્યા વિના રાજસિંહ રાજકુમાર તીક્ષ્ણ ખડ્ગ હાથમાં ગ્રહણ કરીને સુમતિ મિત્રની સાથે રાત્રિના સમયે રાજમંદિરથી નિકળીને અનુક્રમે પૃથ્વી ઉપર વિચરતો એક દુર્ગમ અટવીમાં પહોંચ્યો.

તે અટવીના મધ્યભાગમાં રહેલા દેવતાના મંદિરમાં રાતવાસો રહે છે. ત્યાં રાત્રિના સમયે કોઈક સાધકનું આર્ત્ત = કરૂણ અવાજ સાંભળીને કરૂણાલુ રાજકુમાર ખડ્ગને ગ્રહણ કરીને શબ્દની દિશામાં જાય છે. તો આગળના ભાગમાં સાધકને અગ્નિમાં દબાવીને નાશતા સાક્ષાત્ રાક્ષસને જુએ છે.

રાક્ષસને જોઈને રાજસિંહ બોલ્યો કે—હે પલાદ! ઊભો રહે, ઊભો રહે!!! અને આ વિદ્યાસાધકને છોડી દે, છોડી દે!!! અને કહે કે—વરાંકડા એવા આ સાધકે તારો શો અપરાધ કર્યો છે?

રાક્ષસ બોલ્યો—હે ભદ્ર! આ વિદ્યાસાધક મને વશ કરવા માટે તૈયાર થયો છે. મેં એને કહ્યું કે—"હું સાત દિવસથી ભૂખ્યો છું માટે મને ઘણું માંસ આપ." પણ આ સાધક મને માંસ આપવા સમર્થ નથી અને હું ઘણો જ ભૂખ્યો છું તેથી તમે જ કહો કે હું આને કેવી રીતે છોડી દઉં!!!

રાજકુમાર બોલ્યો—હે નિશાચર! આ સાધકને છોડી દો!!! હું તમને મહામાંસ આપું છું!!!

ખુશ થયેલો રાક્ષસ પણ તત્કાલ સાધકને મુક્ત કરીને રાજકુમારને કહે છે કે—"તું જ મને માંસ આપ!!! કેમકે—અન્યત્ર પણ કહ્યું છે કે—"**यो गा निवर्त्तयति सोऽर्जुनः ।**" જે ગાયોને વાળે તે ગોપ = અર્જુન.

સત્ત્વગુણરત્નમહોદધિ રાજસિંહ રાજકુમાર તત્કાલ તીક્ષ્ણ ખડ્ગ દ્વારા પોતાના અંગમાંથી માંસ છેદી છેદીને આપવા તૈયાર થયો છે તેટલામાં પ્રસન્ન થયેલો રાક્ષસ હર્ષાયમાન થઈને રાજકુમારને કહે છે કે—પરની રક્ષા કરનારા એવા તમારા સત્ત્વથી હું ખુશ થયો છું. માટે "વરં વૃણુ." વરદાન માગો!!!

કુમાર બોલ્યો—હે રાત્રિંચર! જો તમે મારા ઉપર તુષ્યમાન થયા છો તો આ વિદ્યા સાધકનું વાંછિત પૂર્ણ કરો!!!

"સાધકનું વાંછિત પૂર્ણ કરીશ" એમ બોલતો અને "**अमोघं देवदर्शनम्**" એ વચનને સાર્થક કરતો તે રાક્ષસ રાજકુમારને ચિંતામણિ આપીને અંતર્ધાન = અદૃશ્ય થયો.

રાજપુત્ર પણ ત્યાંથી પાછો વળીને તે જ દેવમંદિરે આવી શેષ રાત્રિ પૂર્ણ કરી મિત્ર સાથે આગળ ચાલ્યો.

ચિંતામણિના પ્રભાવથી સર્વત્ર મનોવાંછિત અર્થોને સંપાદિત કરતો તે રાજકુમાર મહારાજ્યર્દ્ધિ સંપન્ન હોય તેમ મિત્ર સુમતિની સાથે સ્વૈર વિલાસ પૂર્વક આગળ પ્રયાણ લંબાવે છે!!!

અનુક્રમે રત્ન નિર્મિત પ્રાસાદથી મનોહર લાગતા એવા રોહણગિરિના કૂટ તુલ્ય રત્નપુર નગરમાં આવ્યો.

તે નગરના મધ્ય ભાગમાં જાણે કે—મેરૂ ગિરિનું શિખર જ સાક્ષાત્ ન આવ્યું હોય તેવું સુવર્ણ નિર્મિત જિનેશ્વર પ્રભુનું દેરાસર=મંદિર જોયું.

પવિત્ર થઈ યથાવિધિ દેરાસરમાં પ્રવેશ કરીને રત્ન નિર્મિત જિનેશ્વર પ્રભુની પ્રતિમાને પંચાંગ પ્રણિપાત પૂર્વક નમસ્કાર કરીને પ્રસન્ન મુખવાળો રાજસિંહ રાજકુમાર જિનેશ્વર પ્રભુની સ્તુતિ કરે છે—

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यम् ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ।।

હે જિનેશ્વર! આપના દૃષ્ટિયુગલ પ્રશમરસથી નિમગ્ન છે !!!
આપનું મુખ-કમળ સુપ્રસન્ન છે !!!
આપનો ખોળો સ્ત્રીના સંગથી વિરહિત=શૂન્ય છે !!!
તથા આપના કરયુગલ પણ શસ્ત્રના સંબંધ વિનાના જ છે !!!
તેથી હે દેવ! આ વિશ્વમાં આપ ખરેખર જ વીતરાગ છો !!!

विशेषेण इतः विगतः रागो यस्मात् स वीतरागः

વિશેષે કરીને=સર્વથા ચાલ્યો ગયો છે રાગ જેઓમાંથી તે વીતરાગ !!!

ત્યાર બાદ કૌતુકાક્ષિપ્ત ચિત્તવાળો તે રાજસિંહ સુમતિ નામના મિત્ર સાથે દેવવિમાન સદૃશ દેરાસરને અવલોકે છે=વારી વારીને નિહાળે છે !!!

જિનેશ્વર પ્રભુના દર્શન-પૂજન કરવા આવેલ એક શ્રાવકને રાજસિંહ રાજકુમાર જિજ્ઞાસા ભાવે પૂછે છે કે—"હે ભદ્ર! આ દેરાસર કોણે બંધાવરાવ્યું છે?"

શ્રાવક બોલ્યો—હે મહાભાગ! આમ અહીં પધારો !!! આ મણિપીઠ પર બિરાજો અને સાવધાન થઈ પ્રશ્નોત્તર શ્રવણ કરો !!!

આ નગરમાં યશોભદ્ર નામના શ્રેષ્ઠી શ્રાવકત્વની આરાધના દ્વારા જન્મને કૃતાર્થ કરતા સાતે ક્ષેત્રને પોષી રહ્યા હતા. તેમને શિવ નામનો પુત્ર હતો કે જે—માત-પિતા અને ગુરુજનોથી પુનઃ પુનઃ શિક્ષા કરાતો હોવા છતાં પણ દ્યૂત-જુગાર વ્યસનમાં આસક્ત હોવાથી ધર્મની આરાધના કરતો ન હતો.

એકદા જીવનના છેલ્લા કિનારા પર જીવન નૈયા પહોંચવાની તૈયારીમાં હતી તે

સમયે યશોભદ્ર શ્રાવક શિવ નામના પુત્રને બોલાવીને કહે છે કે—"હે પુત્ર! હવે તો હું થોડા દિવસનો મહેમાન છું માટે તને છેલ્લી હિતશિક્ષા આપું છું કે—"જ્યારે તને દુસ્તર આપત્તિ = આફત = મુશ્કેલી આવે ત્યારે તે આપત્તિના નાશ માટે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરજે.

પિતાજીના અનુરોધ = આગ્રહથી શિવકુમાર નમસ્કાર મહામંત્રને ભણે છે અને મુખ પાઠ કરે છે. તથા પ્રતિદિન સ્મરણ પણ કરે છે. પિતા પણ એક સાકૃત્ય કરાવ્યા બદલ કૃતાર્થને અનુભવતા અને પોતાના આત્માને વિષય-કષાયથી બચાવતા સમાધિપૂર્વક આયુ:ક્ષયે દિવંગત થયા.

હવે પિતાજીની નિશ્રાના અભાવમાં સ્વતંત્ર બનેલો શિવ પૂર્વના મિત્રોના યોગમાં પુન: દ્યુત આદિ રમવા દ્વારા મદ્યપ મનુષ્યની જેમ બધા જ ધનને હારી જાય છે.

હવે નિર્ધન થયેલો શિવ એકદા પોતાના મંદિરના દ્વાર પાસે ઊભો હતો તે સમયે ત્યાં આવેલા ત્રિદંડીઓ શિવને નિર્ધનતાથી દીન મુખવાળો જોઈને કહ્યું કે—"હે ભદ્ર! કયા કારણથી તમે વિષાદ = ખેદ યુક્ત હો તેમ જણાઓ છો?"

શિવ બોલ્યો—"હે યોગિન્! સંતોષનું સાધન ધન મારી પાસે નથી તેથી દીનતાને પરવશ થયેલો છું."

યોગી—"હે શિવ! જો તું મારું કહ્યું માને તો લક્ષ્મી ઘરની દાસીની જેમ તારા ઘરમાં નિવાસ કરે!!!"

શિવ—"હે તપસ્વિન્! જો આપની મહેરબાનીથી દરિદ્રતા જતી હોય તો હું આપનો આદેશ કરવા તૈયાર છું."

તપસ્વી—હે શિવ! જો ધન મેળવવાની ઇચ્છા હોય તો એક અક્ષત શબ = મૃતક દેહને કયાંયથી પણ લાવ કર!!!

તત્કાલ અક્ષત મૃતકને શોધતો શિવ યત: તત: ભમતો એકત્ર વૃક્ષની શાળામાં ઊંધે મસ્તકે રહેલા મનુષ્યના અક્ષત મૃતક દેહને નિહાળે છે. તત્ક્ષણ ખુશ થતો શિવ યોગીને મૃતક દેહની નિવેદના કરે છે.

યોગીએ કહ્યું કે—હે શિવ! આજે કાળી ચૌદશ છે, માટે તે શબને સ્મશાન ભૂમિએ લઈ ચાલ.

શિવ પણ બલિ-દીવો અને પુષ્પ આદિ પૂજાના સર્વ ઉપકરણો સાથે તે શબને સ્મશાનમાં લાવે છે. યોગી = ત્રિદંડી પણ ત્યાં જ આવ્યો.

તે સમયે સ્મશાન ભૂમિમાં શિયાળીયા ભયાનક શબ્દથી કોલાહલ કરતા હતા, ભીષણ આકૃતિવાળો અને કંકાલ = કર્ત્તરીને ધારણ કરતો કાલ-વૈતાલ અહિં તહીં વિચરી રહેલો હતો તથા શાકિની ડાકિની વિગેરે દેવીઓ ગીત ગાવા પૂર્વક નૃત્ય કરતી હતી. રાસ રમતી હતી.

આવા પ્રકારના વિષમ સ્મશાન ભૂમિમાં ત્રિદંડીએ એક માંડલું આલેખ્યું. અને પાસેના અગ્નિકુંડમાં અગ્નિ પ્રગટાવ્યું. શિવકુમાર યોગીના આદેશાનુસાર શબ માંડલામાં સ્થાપે છે અને તેના હાથમાં કરાલ કરવાલ = તિક્ષ્ણ ખડ્ગ આપે છે.

ત્યાર બાદ મૃતકના ચરણના તળીયાને ઘસવાનું શિવને આદેશ કરીને યોગી સ્વયં ધ્યાનમાં નિશ્ચલ થઈને મંત્રને સ્મરે છે.

તે સમયે શિવ વિચારે છે કે—આ સ્મશાન ભૂમિ ઘણા ઉપદ્રવથી યુક્ત છે તથા શબના હાથમાં તિક્ષ્ણ તલવાર છે અને આ ત્રિદંડી ક્રૂર કર્મવાળો છે.” ઇત્યાદિ ચિંતવતા શિવકુમારને પિતાએ કહેલ નમસ્કારમહામંત્ર યાદ આવ્યું કે તત્કાલ શિવકુમાર નમસ્કાર મહામંત્રનું સ્મરણ પ્રારંભે છે.

થોડી વાર થઈ ત્યાં તો યોગિના મંત્ર સ્મરણના પ્રભાવથી શબ કંઈક ઊભો થઈને તુર્ત પાછો ભૂમિ ઉપર પડયો.

શબને ભૂમિ ઉપર પડતો જોઈને યોગી ચિંતવે છે કે—મંત્ર ગણવામાં મારી કયાંક ક્ષતિ છે તો હવે બરાબર મંત્ર પાઠ કરું” એમ ચિંતવીને યોગી વિશેષ રીતે સાવધાન થઈને મંત્ર પાઠ કરે છે.

પુનઃ મંત્રના પ્રભાવથી મૃતક = શબ ઉઠયો ને ક્ષણવારમાં પાછો ભૂમિ ઉપર પડયો.

આવા વિષમ પ્રસંગને નિહાળતો યોગી શિવને પૂછે છે કે—“હે ભદ્ર! તું કોઈ મંત્ર જાણે છે?”

શિવ મનમાં જાણે છે કે—આ બધો જ પ્રભાવ નમસ્કાર મહામંત્રના સ્મરણનો જ છે, તોપણ તે વાતને ગોપવીને શિવ બોલ્યો કે—“ના! હું કોઈ મંત્ર-તંત્ર જાણતો નથી!!!” ત્યારબાદ યોગી શિવનો ઘાત કરવા માટે પુનઃ વિશેષ સાવધાન થઈને મંત્ર સ્મરણ કરે છે પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી શબમાં અધિષ્ઠિત થયેલ

ક્રોધાયમાન વૈતાલ શિવને હણી શકતો નથી.

ત્યાર બાદ યોગિના મંત્ર પાઠથી અતિશય કોપાક્રાન્ત વૈતાલ શબમાં અધિષ્ઠિત થઈને તે તિક્ષ્ણ ખડ્ગ દ્વારા ત્રિદંડીના મુંડ=મસ્તકને છેદીને શ્રીફળના વૃક્ષ પરથી પડતા શ્રીફળની જેમ અગ્નિકુંડમાં નાખે છે.

તત્કાલ પરિવ્રાજકનો દેહ સ્વર્ણમય બન્યો. શિવકુમાર પણ નમસ્કાર મહામંત્રની મહિમાને યાદ કરતો તે સુવર્ણ પુરુષને લઈને પોતાના ઘેર આવ્યો, અને ઘરના ગુપ્ત ભાગમાં સોપવીને રાખે છે.

શિવકુમાર પ્રતિદિન તે સુવર્ણ પુરુષના અંગોને છેદીને દાન અને ભોગ કરે છે પુનઃ બીજે દિવસે છેદાયેલા અંગ નવા ઉત્પન્ન થાય છે.

એમ પ્રતિદિન અંગોને છેદીને તે સુવર્ણથી પ્રાપ્ત દ્રવ્યના વ્યયથી શિવકુમારે આ દેવ વિમાન સદશ સુવર્ણમય જિનમંદિર=દહેરાસર બનાવ્યું છે.

શ્રાવકના વચન શ્રવણ કરીને રાજસિંહ બોલ્યો કે—"અહો! નમસ્કાર મહામંત્રના પ્રભાવથી શિવકુમાર વિઘ્નોનો વિનાશ કરીને ઘણી ઋદ્ધિ પામ્યો તે યુક્ત જ છે!!!"

રાજસિંહ કુમાર સુમતિ મિત્રની સાથે ત્યાંથી પ્રયાણ કરીને અનુક્રમે ક્ષિતિ-પ્રતિષ્ઠિત નામના નગરમાં આવ્યો. તે સમયે નગરના સર્વ લોકો આનંદોત્સવ મનાવી રહ્યા હતા. આખા નગરમાં સર્વત્ર આનંદ...આનંદ વ્યક્ત હતું.

વિસ્મય ચિત્તવાળો રાજકુમાર રાજસિંહ કુતૂહલથી કોઈક મનુષ્યને=પુરજનને પૂછે છે કે—હે પુણ્યવાન! એવું તે શું કારણ છે કે—આખા નગરમાં આનંદ-આનંદ વર્તે છે. દરેક મંદિરોમાં ધ્વજા-પતાકાઓ ફરકે છે. રાજમાર્ગ ઉપર પણ પતાકાઓ શોભી રહેલી છે અને પ્રત્યેક મંદિરના દ્વાર પાસે સ્વર્ણમય સ્તંભ યુક્ત મણિમય તોરણ શોભી રહેલું છે.

તે મનુષ્ય કહે છે કે—"હે મહાભાગ! આવો! અહિં બિરાજો અને સાવધાન થઈને આનંદનું કારણ શ્રવણ કરો!!!

આ નગરમાં બલ નામના રાજા છે કે જે વિપક્ષ રાજાઓ રૂપ મદોન્મત્ત હાથીઓના કુંભસ્થલ ભેદવામાં પંચાનન = સિંહ સદશ છે.

એકદા નગરની નિકટમાં વહેતી સરિતા = નદીમાં તરતું માતુલિંગ = બીજોરું

કોટપાલે જોયું, તત્કાલ નદીમાં પ્રવેશીને તે બીજોરું ગ્રહણ કરી રાજાને અર્પણ કર્યું.

રાજા પણ તે ફળના ઉત્તમ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શને જોઈને પરમ પ્રમોદ પામ્યા. અને ઘણું ધન દાનમાં આપીને પૂછ્યું કે—"આ ફળ તમે કયાંથી મેળવ્યું ?" કોટપાલ બોલ્યો—"હે રાજન્! નદીમાંથી આ ફળ મળ્યું છે."

રાજા બોલ્યા—"હે કોટપાલ! તમે તપાસ કરાવો કે—આ ફળનું વતન કયાં છે." કોટપાલ પણ સુભટોને સાથે લઈને નદીના ઉપરના પ્રદેશમાં તપાસ કરતાં નદીના કિનારે જ બીજોરાના વૃક્ષોનું વન જોયું

તપાસ કરીને કોટપાલ રાજા પાસે આવીને કહે છે કે—હે રાજન્! નદીના કિનારે જ બીજોરા-ફળનું વન છે પણ તે વનમાં પ્રવેશ કરીને જે પુરુષ બીજોરાના ફળને ગ્રહણ કરે, તે પુરુષ ત્યાં જ મરણ પામે છે.

રાજા પણ તે ફળના રસાસ્વાદમાં આસક્ત થયેલ હોવાથી આદેશ કરે છે કે—"નગરના મનુષ્યોએ વારા ફરતી એક એક જઈને તે બીજોરાનું ફળ અવશ્ય લાવી આપવું."

રાજાના આદેશાનુસાર પ્રતિદિન એક એક મનુષ્ય તે વનમાં બીજોરું લેવા જાય છે અને મરણ પામે છે. એમ કરતાં ઘણો કાળ વ્યતીત થયો. નગરના લોકો પણ ખેદ પામવા લાગ્યા.

એમ કરતાં એક દિવસ જિનદાસ શ્રાવકનો બીજોરું લાવવાનો વારો આવ્યો. જિનદાસ શ્રાવક પણ સ્નાનાદિથી પવિત્ર થઈ શુદ્ધ વસ્ત્ર પહેરી પૂજોપકરણ સાથે લઈ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો તે વનમાં પ્રવેશે છે.

જિનદાસ શ્રાવકના મુખમાંથી ઉચ્ચારણ કરાતા નમસ્કાર મહામંત્રનું શ્રવણ થતાંની સાથે જ પૂર્વ ભવમાં કરેલ વ્રતની વિરાધનાના ફળ રૂપે તે વનમાં અધિષ્ઠાયક થઈને રહેલો વ્યંતર દેવ પ્રતિબોધ પામ્યો.

પ્રતિબુદ્ધ થયેલો વ્યંતર દેવ પ્રત્યક્ષ થઈને અને જિનદાસ શ્રાવકને નમસ્કાર કરીને કહે છે કે—સ્વસ્થાનમાં રહેલા એવા તમોને પ્રતિદિન એક એક બીજોરું આપીશ.

જિનદાસ શ્રાવક પણ એક બીજોરાનું ફળ લઈને નગરમાં આવી રાજાને અર્પણ કરીને કહે છે કે—વનના અધિષ્ઠાયક દેવ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી પ્રસન્ન થયો છે અને કહે છે કે—આજથી તમોને પ્રતિદિન એક એક ફળ પહોંચાડીશ.

ત્યારથી માંડીને પ્રતિદિન વિના ક્લેશે એક એક બીજોરાનું ફળ પ્રાપ્ત થાય છે અને અકાલમૃત્યુનું નિવારણ થવાથી આખા નગરમાં ઉત્સવ પ્રવર્ત્તે છે.

પુરજનના મુખથી નગરમાં મહોત્સવનું ઉપરોક્ત કારણ શ્રવણ કરીને રાજકુમાર રાજસિંહ બોલ્યો કે—" અહો ! નમસ્કાર મહામંત્રના પ્રભાવથી આ ભવમાં પણ આપદાઓ વિલય પામે છે !!!

ત્યાર બાદ સુમતિ મિત્રની સાથે રાજસિંહ રાજકુમાર આગળ પ્રયાણ આદરે છે. અને અનુક્રમે વસંતપુર નામના નગરમાં પહોંચે છે. તો ત્યાં બધા જ નગરના લોકો નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવામાં પરાયણ જોયા.

રાજસિંહ મિત્રને પૂછે છે કે—હે મિત્ર ! સુમતે ! અહીંના સઘળા લોકો નમસ્કાર મહામંત્રનું પાઠ કરે છે તો આ વિષયમાં શું કારણ છે ? અર્થાત્ શા માટે બધા લોકો નવકાર ગણે છે તે તમે તપાસ કરો !!!

સુમતિ પણ કોઇક સજ્જન પુરુષ પાસેથી સાચી વાત જાણીને કામદેવ તુલ્ય રૂપ-સંપદા યુક્ત એવા રાજસિંહ કુમારને કહે છે કે—

આ નગરમાં નામથી અને ગુણથી જિતશત્રુ નામના રાજા છે અને તેમને નામથી અને ગુણથી ભદ્રા નામની પટ્ટરાણી છે.

આ નગરમાં અતિપ્રચંડ અને વશ ન થાય તેવો ચંડપિંગલ નામનો ચોર હતો. અને તે એકદા રાજાના મંદિરમાં પ્રવેશીને ભંડાર તોડીને તારા જેવા ચમકતા મોતિ = મુક્તાફળ નિર્મિત હાર લઈને અદશ્ય થયો અને કલાવતી નામની ગણિકાના મંદિરમાં પ્રવેશ્યો. અને તે હાર ગણિકાને આપીને તે ચોર તેની સાથે વિષય સુખ ભોગવવા લાગ્યો.

હવે એકદા અનંગ ત્રયોદશી આવી ત્યારે બધા લોકો વિધવિધ વસ્ત્રાલંકાર પહેરીને ઉદ્યાનમાં જવા નિકળ્યા. તે સમયે કલાવતી ગણિકા પણ કામના શસ્ત્ર સ્વરૂપ પુષ્પમાળા તુલ્ય તે હારને હૃદય ઉપર ધારણ કરતી પરિવાર સાથે ઉદ્યાનમાં ગઈ.

પટ્ટરાણી પણ દાસીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા આવેલા. અનુક્રમે એક દાસીએ કલાવતીના કંઠમાં રહેલા હારને જોઈ ને ચિંતવ્યું કે—" આ હાર તો મહાદેવીનો છે. " તત્કાલ મહાદેવીને હારની વિગત જણાવે છે. રાણીએ રાજમંદિરે આવીને રાજાને જણાવ્યું. અને રાજાએ સેવકને આદેશ કર્યો કે—" તપાસ કરીને તુર્ત જણાવો કે—તે સ્ત્રી કોણ છે ? અને કયાં રહે છે ?

રાજપુરુષ પણ તપાસ કરીને રાજાને જણાવે છે કે—તે સ્ત્રી બીજી કોઈ નહિં પણ ગણિકા કલાવતી છે, અને ચંડપિંગલ ચોર તેના મંદિરમાં રહે છે.

રાજા પણ સુભટો દ્વારા તત્કાલ ચંડપિંગલને કેદ કરાવીને શૂલીનો આદેશ આપે છે. સુભટો પણ રાજાના આદેશાનુસાર ચંડપિંગલ ચોરને શૂલી ઉપર આરોપે છે.

આ તરફ કલાવતી ગણિકા ચિંતવે છે કે—મારા નિમિત્તે આ ચંડપિંગલ કષ્ટને પામ્યા છે. હવે મારે બીજા પુરુષોથી સર્યું !!! અને હમણાં આ ચંડપિંગલને નમસ્કાર મહામંત્ર સંભળાવવું એ જ શ્રેયસ્કર છે.” એમ ચિંતવીને તે કલાવતી તત્કાલ શૂલીના સ્થાને આવીને ચંડપિંગલને નમસ્કાર મહામંત્ર સંભળાવે છે અને નિયાણું કરાવ્યું કે—“આ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી આ જ નગરના મહારાજાનો પુત્ર થાઉં.”

આયુઃક્ષયે ચંડપિંગલ મરણ પામીને આ નગરના મહારાજાની પટ્ટરાણીની કુક્ષિમાં આવ્યો અને પૂર્ણ દિવસે પુત્રરૂપે જનમ્યો. રાજાએ પણ નગરમાં પુત્ર જન્મ મહોત્સવ પ્રવર્ત્તાવ્યો અને જ્ઞાતિજન સમક્ષ પુત્રનું પુરંદર નામ સ્થાપ્યું.

તે રાજપુત્ર પુરંદરની ધાવમાતા થયેલી ગણિકા કલાવતી ચિંતવે છે કે—જે મારો પ્રાણવલ્લભ હતો તેમનું મરણ અને અહીં રાણીના પુત્રનું જન્મ. એ બેની વચ્ચે ગર્ભકાલ તુલ્ય જ અંતર છે તેથી સંભાવિત છે કે—નમસ્કાર મહામંત્રના પ્રભાવે થયેલા પુણ્યના યોગે નિયાણાનુસાર મારા પ્રાણવલ્લભ જ રાજપુત્ર રૂપે જનમ્યા હોય !

અનુમાન અનુસાર તે કલાવતી રાજપુત્ર પુરંદરને રમડતી બોલે છે કે—“मा रुदश्चण्डपिङ्गल !” “હે ચંડપિંગલ ! રડ નહિં ! ધાવમાતાના ઉપરોક્ત વચન વારંવાર શ્રવણ કરતાં કરતાં થયો છે ઉહાપોહ જેને એવા તે રાજપુત્ર પુરંદરને જાતિસ્મરણ જ્ઞાન થયું.

અનુક્રમે રાજા જિતશત્રુ દિવંગત થયા ત્યારે રાજકુમાર પુરંદર રાજા થાય છે. અને સઘળા અન્ય લોકોના સંગને તજીને ઉપકારિણી એવી કલાવતીની સાન્નિધ્યમાં જ રહે છે.

નમસ્કાર મહામંત્રના એતાદૃશ અકલ્પ્ય પ્રભાવને અનુભવતા તે પુરંદર રાજા પ્રજાજનોને પોતાનું પૂર્વ ભવનું વૃત્તાંત કહે છે કે—પૂર્વ ભવમાં જીવનના અંત સમયે થોડી જ વાર કરેલ નમસ્કાર મહામંત્રના શ્રવણના પ્રભાવથી હું એતાદૃશ સમૃદ્ધિવાળા વિશાળ રાજ્યનો સ્વામી થયો છું તો જેઓ ઘણા કાળ સુધી સાવધાન થઈને નમસ્કાર મહામંત્રને ભણે છે, તેઓને મળનારા ફળનું તો વર્ણન જ ન થઈ શકે.’

એમ કહેતા તે પુરંદર રાજા સ્વયં જિનધર્મમાં તત્પર થયા અને નમસ્કાર મહામંત્રને અનિશ = અહોનિશ સ્મરે છે. અને "यथा राजा तथा प्रजा" એ ન્યાયના અનુસારે નગરના લોકો પણ જિનધર્મમાં રક્ત થવા સાથે નમસ્કાર મહામંત્રનો પાઠ કરીને સ્વજીવનને ધન્ય બનાવે છે.

ઇત્યાદિ વૃત્તાંત શ્રવણ કરીને રાજસિંહ બોલ્યો કે—હે મિત્ર! આ લોકો નવકાર મંત્ર ગણે છે. તે શુભ જ છે કેમકે—નમસ્કાર મહામંત્ર ભવ્ય જીવોને આ ભવમાં અને ભવાંતરમાં સુખ સમૃદ્ધિ અર્પણ કરે જ છે.

જેવી રીતે અહીં ચોર પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી ભૂમિપતિ થયો છે તેવી જ રીતે પૂર્વ ભવમાં પુલીન્દ્ર એવો હું પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી રાજકુલમાં રાજકુમાર થયો છું.

સુમતિ બોલ્યો—"હે કુમાર! તમારો પુલીન્દ્ર = ભીલનો ભવ કેવા સ્વરૂપ વાળો હતો અને ત્યાં તમે શું પુણ્ય કરેલ?

રાજસિંહ કુમાર જાતિસ્મરણથી જાણેલ પૂર્વ ભવનું સઘળું વૃત્તાંત સુમતિને કહી સંભળાવે છે.

સુમતિ બોલ્યો—"હે કુમાર! સાચી વાત છે. અને તે જ કારણથી પૂર્વ ભવની અર્ધાંગના એવી રત્નવતીને પરણવા માટે જ તમે દેશાંતર વિચરો છો!!!"

પરંતુ હે કુમાર! તે રત્નવતી તો અત્યારે પુરુષ દ્વેષિણી થઈ છે. તેથી તે રત્નવતી જોવા મળવી જ જ્યારે દુર્લભ છે તો પછી પરણવાની તો વાત જ ક્યાં હોઈ શકે!!!

કુમાર બોલ્યો—એતાદશી ચિંતા કરવી જ અયુક્ત છે કેમકે ભવાંતરના શુભાશુભ કર્માનુસારે જ જીવોનો પરસ્પર યોગ થાય જ છે. માટે આ ચિંતા તો દૈવ જ કરે!!! પુરુષ તો કેવલ આ વિષયમાં નિમિત્તમાત્ર જ છે.

ત્યાર બાદ સુમતિ મિત્રની સાથે રાજસિંહ રાજકુમારે આગળ પ્રયાણ લંબાવ્યું. અનુક્રમે ચાલતાં ચાલતાં એક મહાન્ અટવીમાં સરોવર પાસે પહોંચ્યા.

તે સરોવરમાં સૂર્યના કિરણોનું આલંબન લઈ ને વિકસેલા પદ્મ=કમલો વાયુ રૂપ દૂત દ્વારા ચોતરફ પરાગ = પરિમલને વિસ્તારે છે. ભમરાઓના સમૂહો ગુંજારવ કરે છે. વિવિધ પક્ષીઓ વિલાસ પ્રમોદ અનુભવે છે.

નિર્મળ જલથી પૂર્ણ તે વિશાળ સરોવરમાં જલક્રીડા કરીને સુમતિ સાથે

રાજકુમાર રાજસિંહ આમ્રવૃક્ષ નીચે વિસામો લે છે. ક્ષણવારમાં રાજકુમારને નિદ્રા આવી.

તે સમયે લતાથી અંતરિત છે દેહ જેનો એવો પુષ્પોને ચૂંટી રહેલો સુમતિ ત્યાં આવેલા ખેચર વિદ્યાધરને જુએ છે.

તે વિદ્યાધર રાજસિંહને જોઈને ચિંતવે છે કે—રમણીઓના લોચનને રમણીય એવા આ રાજકુમારને જોઈને મારી પાછળ જ આવી રહેલી કાન્તા = સ્ત્રી કદાચ રાગવતી થાય માટે મારી સ્ત્રીને આ કુમાર ઉપર રાગ ન થાય માટે આ કુમારને નારીરૂપ કરું.

એમ ચિંતવીને તે વિદ્યાધર સરોવરના કિનારે રહેલી લતા ગુલ્મમાંથી જડીબુટ્ટી = ઔષધી લાવીને ઉપલ = પત્થરની શિલા ઉપર સરોવરના જલ સાથે ઘસીને તે દ્રવ કુમાર ઉપર છાંટ્યું કે-તત્કાલ તે કુમાર સ્ત્રીરૂપ થયો.

તદનંતર તે વિદ્યાધર આગળ ચાલ્યો—

આ બાજુ વિદ્યાધરની પાછળ આવી રહેલી વિદ્યાધરી ત્યાં આમ્રવૃક્ષ પાસે આવીને જુએ છે તો–દેવાંગનાથી પણ અતિશય રૂપ-સૌંદર્ય યુક્ત સ્ત્રી દેખાઈ. તત્કાલ તે વિદ્યાધરીએ ચિંતવ્યું કે–આ માર્ગથી પુનઃ પાછા વળનારા મારા સ્વામી કદાચિત્ આ સ્ત્રીને જોઈ અનુરાગી થાય તો કદાચ મને તજી પણ દે. તેથી તેમ ન બને તે માટે તે ખેચરી તત્ક્ષણ લતા નિકુંજમાંથી અન્ય ઔષધિના પ્રયોગ દ્વારા તે સ્ત્રીને પુરુષ-રૂપ કરીને તુર્ત જ તે ખેચરી પોતાના સ્વામી પાસે ગઈ.

સુમતિ આ દૃશ્ય સાવધાન થઈ નિહાળતો હતો અને વિસ્મય થયો છતો તે બંને ઔષધિઓને ગ્રહણ કરે છે.

જ્યારે રાજસિંહ કુમાર જાગૃત થયો ત્યારે સર્વ વૃત્તાંતના નિવેદન સાથે ઔષધ યુગલ પણ બતાવ્યું.

ત્યાર બાદ બંને જણા અનુક્રમે પદ્મપુર પહોંચ્યા, અને ત્યાં ચિંતામણિ = ચિંતા-રત્નના અનુભાવ = પ્રભાવથી પૂર્ણ છે સર્વ મનોરથ જેમના એવા તે બન્ને જણા સ્વૈર ક્રીડા પૂર્વક વિલાસ કરે છે.

એકદા વિવિધ શસ્ત્રયુક્ત સ્ત્રીરૂપ સુભટોથી અનુગમ્યમાના તથા પુરુષો દૃષ્ટિ ગોચર ન થાય તદનુસાર પુરુષોને નિવારણ કરાવતી સુખાસનમાં બિરાજમાન થયેલી

રત્નવતી જિનાલયે દર્શન કરવા જાય છે. તે સમયે રાજસિંહ અને સુમતિ સ્ત્રીનું રૂપ કરીને તેમની સાથે જાય છે.

જિનમંદિરે આવીને રત્નવતી જલ-ચંદન-પુષ્પ-ધૂપ-દીપક-અક્ષત-નૈવેદ્ય અને ફળપૂજા રૂપ જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા રચે છે. ત્યારબાદ સ્ત્રી રૂપધારી કુમારને રત્નવતી પૂછે છે કે—તમે હંમેશા અહીં જ રહેા છેા કે—બહાર ગામથી આવ્યા છેા ?

સ્ત્રી રૂપ ધારી સુમતિ બેાલ્યેા—"અમે અન્ય સ્થાનેથી અહીં આવ્યા છીએ."

રત્નવતી બેાલી—હે ભદ્રે! આ તમારી સખી જોવા માત્રમાં મને હર્ષને માટે થાય છે. મને અતિશય પ્રમેાદ થાય છે માટે હું વિનંતિ કરું છું કે—"તમે મારા મંદિરે પધારેા!!!

સ્ત્રીરૂપ ધારી તે રાજસિંહ અને સુમતિ રત્નવતીની સાથે તેના નિવાસ સ્થાને ગયા. રત્નવતીએ કરેલા સન્માન અને આગ્રહથી તે બન્ને જણા ત્યાં ઘણા દિવસ પર્યંત રહે છે.

હવે એકદા કુમાર-સ્ત્રી રત્નવતીને કહે છે કે—તે તમારા પૂર્વભવના ભર્ત્તા પુલીન્દ્ર તેા કયાંય દેખાતા જ નથી માટે તે સિવાય બીજા કેાઈક સુંદર રાજકુમારના પાણિગ્રહણ કરવા ઉચિત જ છે કેમકે સુવર્ણના યેાગ વિના કાંતિ = તેજ:વાળેા પણ મણી વિશેષ શેાભા પામતેા નથી. તેથી વિજયવંત પરાક્રમશાળી કેાઈક રાજપુત્રના પાણિગ્રહણ તમારે કરવા જોઈએ.

રત્નવતી રાજકુમારી બેાલી—પૂર્વ ભવના પ્રાણવલ્લભ વિના બીજો કેાઈ ઇંદ્ર આવે તેાપણ પરણવું નથી એ મારેા દૃઢ નિશ્ચય છે.

કુમાર-સ્ત્રી બેાલી—જો એવેા નિર્ણય હેાય તેા પછી અરણ્યમાં ખીલેલું માલતીનું પુષ્પ એમને એમ કરમાય જાય તેમ તમારૂં યૌવન પણ ભેાગ-સુખથી શૂન્ય જ વિનાશ પામશે.

રત્નવતી બેાલી—ચિત્તની વિશ્રાન્તિ માટે પ્રિય = ભર્ત્તાર કરવાનેા હેાય છે અને તે ચિત્ત વિશ્રાંતિ આજે તમારા દર્શન અને સહવાસથી થઈ જ છે માટે હવે અન્ય કેાઈનું મારે પ્રયેાજન નથી જ.

કુમાર સ્ત્રી બેાલી કે—તમારા પૂર્વ ભવના ભર્ત્તારને તમે કયા અભિજ્ઞાનથી ઓળખશેા કે—"આ જ પૂર્વભવનેા પતિ છે"

રાજકુમારી બોલી કે—"જે પુણ્યકર્મના ફળ રૂપે હું રાજકુમારી થઈ છું. તે વાત જે જાણે તે જ મારો પૂર્વભવનો નાથ જાણવો."

કુમાર-સ્ત્રી બોલી—"હે મૃગાક્ષિ! મુનિવરના મુખથી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરીને તમે અહીં રાજપુત્રી થયા છો."

કુમાર સ્ત્રીના વચન શ્રવણ કરીને હર્ષથી વિકસિત થયા છે લોચન જેણીના એવી રત્નવતી ચંદ્રલેખા સખીને કહે છે કે—હે બહેન! જો તો ખરી! આ તે કેવું મોટું આશ્ચર્ય કહેવાય!

ચંદ્રલેખા—કેમ શું થયું?

રત્નવતી—અરે! આ તો મારી બધી જ વાત જાણે છે પણ મારૂં વૃત્તાંત જે આ જાણે છે તે સ્વતઃ = પોતાની મેળાએ કે પરતઃ = અન્યના કહેવાથી!

સખી બોલી—કે-સ્વતઃ = પોતાની મેળાએ જ આ બધી વાત જાણે છે એમ મને લાગે છે."

કેમકે—આમની ઉપર જ તમારું ચિત્ત વિશ્રાંતિને પામે છે તથા તમોને આમની ઉપર અતિશય સ્નેહ પણ છે. તેમ જ આમની વચનોચ્ચાર આદિ બધી જ ચેષ્ટા પુરુષ જેવી જ લાગે છે.

તથા આમની નિકટતાથી જ તમારા મનમાં કામ પણ સ્ફુરાયમાન થાય છે કેમકે—દયિત = પ્રિયના સંગમથી થનારા જે જે લક્ષણો કામશાસ્ત્રમાં વર્ણવ્યા છે તે બધા જ લક્ષણો તમારામાં અત્યારે સાક્ષાત્ જણાય છે.

તે આ પ્રમાણે—

પ્રાણવલ્લભ પ્રિયતમને જોઈને અનુકૂલ એવી અર્ધાંગના—

- નાભિને પ્રગટ કરે છે.
- વારંવાર કટાક્ષ-બાણથી પ્રિયતમના હૃદયને વિંધે છે.
- કુસુમાપીડ = માથાના વાળનો અંબોડો વાળવાના બહાનાથી હાથ ઊંચા કરીને કુક્ષિ = બગલનું દર્શન કરાવે છે.
- આખા શરીરે રોમાંચને અનુભવે છે.
- પરસેવો થાય છે.
- બગાસા આવે છે.
- સ્તન ઉપરનું ઉત્તરીય વસ્ત્ર = સાડી સરી પડે છે.
- ઉત્કંઠા સહિત પ્રિયતમને નિહાળે છે = નિરખે છે.

❋ નીવી = અધોવસ્ત્રના કંદોરાને = નાડીને શિથિલ કરે છે.

❋ ઓષ્ઠને દાંત ભરાવે છે. તથા

❋ આળશ મરડીને અંગ = શરીરને ભાંગે છે. તેથી હે બહેન! આ પ્રત્યક્ષ સામે જે દેખાય છે તે નિશ્ચે પોતાના પુરુષ રૂપને ગોપવીને કૃત્રિમ સ્ત્રીનું રૂપ કરીને રહેલા એવા આ જ તમારા પૂર્વ ભવના પ્રિયતમ હોવા જોઈએ.

ચંદ્રલેખા સખીની વાત શ્રવણ કરીને લજ્જા યુક્ત થયેલી રત્નવતી અંજલી જોડીને સખી ચંદ્રલેખાને કહે છે કે—આમને વિનંતિ કરો કે—"હે નાથ! આજે અમને પોતાનું સ્વરૂપ બતાવો." ચંદ્રલેખા જ્યારે સ્વરૂપ દર્શાવવા વિનંતી કરે છે ત્યારે કુમાર સ્ત્રી અને સુમતિ સ્ત્રી બન્ને જણા દ્વિતીય ઔષધના યોગથી નટની જેમ કૃત્રિમ સ્ત્રી પણાનો ત્યાગ કરીને સ્વાભાવિક રમ્ય પુરુષ દેહને ધારણ કરનારા દેખાયા.

દેવકુમાર જેવું રાજસિંહ રાજકુમારનું અદ્‌ભુત રૂપ નિહાળીને રત્નવતી રાજપુત્રી અપૂર્વ આનંદને અનુભવવા લાગી.

પુનઃ ચંદ્રલેખા બોલી—હે નાથ! જેવી રીતે આપે આપનું સ્વરૂપ પ્રકાશિત કર્યું તેવી જ રીતે અનુગ્રહ કરીને આપનું કુલ આદિનું સ્વરૂપ પણ જણાવો.

રાજસિંહ કુમારના આદેશાનુસારે સુમતિ મિત્ર રાજકુમાર રાજસિંહનું પરિચય આપતાં દેશ-નગર-જાતિ-કુલ આદિ જણાવે છે તથા પથિકે કહેલ વાત ઇત્યાદિ બધી જ વાત સાવધાન થઈને રત્નવતીની આગળ કહે છે.

ત્યાર બાદ ચંદ્રલેખા પદ્મરાજાને સર્વ વૃત્તાંત જણાવે છે. જ્ઞાતવૃત્તાંત પદ્મરાજા પ્રસન્ન મનવાળા થઈને કુમારને કન્યાનું દાન આપે છે. રાજસિંહ રાજકુમાર પણ મહોત્સવ પૂર્વક રત્નવતીનું પાણિગ્રહણ કરે છે.

પદ્મરાજા હાથી-ઘોડા-રથ આદિના દાનથી રાજસિંહ જમાઈરાજનું સત્કાર-સન્માન કરે છે.

રાજસિંહ રાજકુમાર રત્નવતીની સાથે દોગુંદક દેવની જેમ પંચવિધ વૈષયિક સુખોને ભોગવતો ત્યાં જ કેટલાક સમય પર્યંત રહે છે.

અન્યદા પદ્મરાજા રાજસભામાં વિરાજમાન થયા હતા. રાજકુમાર રાજસિંહ પણ સ્વોચિત આસને બેઠા હતા અને સભ્ય લોકો પણ યથાસ્થાને બેઠા હતા ત્યારે રાજસિંહના પિતા શ્રી રાજમૃગાંક રાજાએ મોકલાવેલ સેવક પદ્મરાજાની સભામાં આવી રાજાને નમસ્કાર કરીને રાજસિંહને પિતાએ મોકલાવેલા પત્ર અર્પણ કરે છે. કુમાર પણ આનંદથી રોમાંચિત દેહવાળો થઈને પત્ર = લેખને વાંચે છે.

સ્વસ્તિ શ્રી મણિમંદિર નગરથી લી. શ્રી રાજમૃગાંક ભૂપતિ-તત્ર પદ્મપુરમાં બિરાજમાન કુમાર તિલકાયમાન શ્રી રાજસિંહ રાજપુત્રને હર્ષથી આલિંગન કરવા પૂર્વક લખે છે કે—અમે અહીં દેવ-ગુરુ પસાયે ક્ષેમકુશળ છીએ, પરંતુ તમારા વિયોગથી વિધુર એવા અમે કષ્ટપૂર્વક સમય પસાર કરીએ છીએ. હવે અમે વૃદ્ધ થયા છીએ તેથી રાજ્ય સંપદાને તજીને તપોવનનો આશ્રય લેવા વાંછા છે તો તમે આ પત્ર મળે કે તુર્ત અહીં આવીને રાજ્યશ્રીને અંગીકાર કરો!!!

પત્ર વાંચીને રાજસિંહ રાજકુમાર પદ્મરાજાને પૂછીને શુભ દિવસે હાથી ઘોડા રથ અને પાયદળ સ્વરૂપ ચતુરંગી સેના સાથે પ્રયાણ આદરે છે. અનુક્રમે મણિમંદિર નગરે પહોંચ્યા અને શચીની સાથે ઈંદ્ર જેમ ઐરાવણ ઉપર સવાર થઈને અલકાપુરીમાં પ્રવેશ કરે તેમ ગજરાજ ઉપર બિરાજમાન રાજસિંહ કુમાર રત્નવતીની સાથે મણિમંદિર નગરમાં પ્રવેશ કરે છે.

અનુક્રમે રાજમંદિરે આવીને માત-પિતાના ચરણોમાં નમસ્કાર કરે છે. માત-પિતા પણ શુભ આશિષ આપે છે.

એકદા રાજા રાજમૃગાંક ભૂપતિ ચિંતવે છે કે—હવે રાજસિંહનો રાજ્યાભિષેક કરી રાજસિંહાસને બેસાડીને ધર્મ માર્ગમાં મારે ઉદ્યમ કરવો જોઈએ.

એ જ અવસરે ઉદ્યાનપાલક પ્રણામ કરીને જણાવે છે કે—આપણા નગરની બાહ્ય ઉદ્યાનમાં શિષ્ય પરિવારથી પરિવરેલા ગુણસાગર નામના આચાર્યદેવ પધાર્યા છે.

ઉદ્યાનપાલકના વચન શ્રવણ કરીને રાજા ચિંતવે છે કે—"અહો! મારૂં દૈવ અનુકૂળ જ છે. કેમકે યોગ્ય સમયે ગુરુદેવ પણ પધાર્યા છે." ઇત્યાદિ ચિંતવીને રાજ્યાભિષેક મહોત્સવ પૂર્વક રાજસિંહનો રાજ્યાભિષેક કરી રાજસિંહાસન ઉપર બેસાડે છે. અને રાજસિંહ રાજાની આણ પ્રવર્ત્તાવે છે.

અને સ્વયં જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવવા પૂર્વક અને દીન-દરિદ્રોને દાન આપીને તુષ્ટ કરી તથા બંદિજનોને કેદમાંથી મુક્ત કરી રાજમૃગાંક રાજા શુભ મુહૂર્ત્તે પ્રવ્રજ્યા અંગીકાર કરવા રાજમંદિરેથી પ્રસ્થાન કરે છે.

રાજસિંહ રાજા પણ સુંદર શણગારેલા હાથી ઉપર પિતાજીને બેસાડી સ્વયં છત્ર ધરે છે. વાજિંત્રોના મંગલ નાદ સાથે નગરના મુખ્ય મુખ્ય માર્ગે થઈને અનુક્રમે ઉદ્યાનમાં આવે છે.

ગજરાજથી ઉતરીને રાજમૃગાંક ભૂપતિ ગુણસાગરસૂરિજી મ. ને વંદન કરીને

વિનંતિ કરે છે કે—" હે ભગવન્! જન્મ-જરા અને મરણ સ્વરૂપ લહેરોથી લહેરાતા એવા આ ભવ-સમુદ્રમાં ડૂબતા અમ આત્માને વ્રત સ્વરૂપ ઓહિત્થ = નોકાના પ્રદાનથી ભવસાગરનો પર પમાડો.

ગુરુદેવશ્રીએ પણ રાજમૃગાંક રાજાને વિધિપૂર્વક વ્રતોનું પ્રદાન કર્યું અને સાધુ યોગ્ય સામાચારી = ક્રિયાનો ઉપદેશ આપ્યો. રાજર્ષિ રાજમૃગાંક મુનિવર પણ ગુરુદેવની સેવા-શુશ્રુષા પૂર્વક ગ્રહણ અને આસેવન શિક્ષા પામીને આત્માનો ધર્મની સાથે સુયોગ કરે છે.

આ બાજુ રત્નવતી સહિત રાજસિંહ રાજા ગુરુદેવના ઉપદેશ વચનો શ્રવણ કરી સમ્યક્ત્વ મૂલક શ્રાવક ધર્મ સ્વીકારે છે.

અવસર પામીને રાજસિંહ રાજા કહે છે કે—" હે ભગવન્! શ્રાવક જીવનને યોગ્ય પ્રતિદિનની સામાન્ય અને વિશેષ ક્રિયા કલાપ કૃપા કરીને કહો!!!"

શ્રાવક દિન ચર્યા—મુનિનાથ બોલ્યા—પૂર્વ ભવમાં ભિલ્લ = પુલીન્દ્રના જન્મમાં ઋિષભમા સહિત જે મહામંત્રને સ્મરણ કરીને, ઘણાં લોકોને ચમત્કાર પમાડે તેવી રાજ્યઋદ્ધિ પામ્યા છો. તે પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રને નિદ્રાના ત્યાગ સમયે જે સ્મરે તે શ્રાવક.

શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ ઉભય લોકમાં સુખ દાયક છે એમ જિનેશ્વર પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થઈને બારે પર્ષદાને પુનઃ પુનઃ કહે છે.

ત્યાર બાદ—હું કોણ છું?

- મારું કુલ કયું?
- મારા દેવ કોણ છે?
- મારા ગુરુ કેવા છે?
- મારો ધર્મ કેવો છે?
- મેં કયા અણુવ્રતો સ્વીકાર્યા છે?

ઇત્યાદિ ચિંતવન કરવું જોઈએ.

ત્યાર બાદ પવિત્ર થઈને પોતાના ગૃહચૈત્યમાં જિનપૂજા કરવી તથા ચૈત્યવંદન કરીને યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

ત્યાર બાદ સંઘના જિનાલયે જવું. ત્યાં વિધિપૂર્વક પ્રવેશ કરીને ત્રણ પ્રદક્ષિણા

દઈને જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી ભાવ પૂજા સ્વરૂપ ચૈત્યવંદન પણ કરવું.

તદનંતર પૌષધશાળામાં બિરાજમાન ગુરુદેવની પાસે જઈ ગુરુનું વિનય બહુમાન કરવું. તે આ પ્રમાણે—

- ગુરુનું દર્શન થતાં જ ઊભા થવું.
- આવી રહેલા ગુરુની સન્મુખ જાવું.
- ગુરુ સમીપ જઈને મસ્તકે અંજલી રચીને મત્થએણ વંદામિ બોલવું.
- ગુરુદેવને બેસવા માટે આસન આપવું.
- ગુરુદેવ આસન ઉપર બેસે ત્યાર પછી આપણે બેસવું.
- ગુરુદેવને વંદન કરવું.
- ગુરુદેવની સેવા-શુશ્રુષા કરવી.
- ગુરુદેવ જાય ત્યારે વળાવવા સાથે જવું.

ઉપરોક્ત આઠ પ્રકારનો ગુરુવિનય પરમર્ષિઓએ બતાવેલ છે. ત્યાર બાદ ગુરુ પાસે પચ્ચક્ખાણ પ્રકાશિત કરે-ગ્રહણ કરે અને ગુરુમુખે જિનાગમ = સિદ્ધાંતનું શ્રવણ કરે.

ત્યાર બાદ ઘેર આવીને ધર્મને અવિરૂદ્ધ એવી વૃત્તિ = આજીવિકાની ચિંતા કરે.

મધ્યાહ્ને પુનઃ જિનેશ્વર પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરી અતિથિસંવિભાગ કરે અર્થાત્ સાધુઓને પ્રાસુક અને એષણીય આહાર-પાણી વહોરાવે.

- તદનંતર નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા પૂર્વક નિરવદ્ય ભોજન કરે.
- થોડો આરામ કરીને તત્ત્વજ્ઞ પુરુષ સાથે સિદ્ધાંતનું રહસ્ય વિચારે.
- સંધ્યા સમયે પુનઃ જિનાલયે આવી આરતી-મંગલદીવો કરે.
- સાંજનું પ્રતિક્રમણ કરીને એકાગ્ર ચિત્તે સ્વાધ્યાય કરે.
- નિદ્રા આવે ત્યારે પંચ પરમેષ્ઠી મહામંત્રનું સ્મરણ કરતો નિદ્રાધીન થાય.

મધ્યરાત્રિએ જ્યારે જાગૃત થાય ત્યારે ચિંતવે કે—બ્રહ્મચર્ય એ આત્માનું પ્રાણ છે. અને મનને મોહિત કરનારી નારીનું દેહ તો અસ્થિ = હાડકા-માંસ વસા = ચરબી મજ્જા શોણિત = લોહી પુરીષ = વિષ્ઠા અને મૂત્રનું મંદિર જ છે. માટે કામની કામના કરવી તે હિતાવહ તો નથી જ.

તથા બાલ્યકાળથી જ બ્રહ્મચર્યના પાલન દ્વારા મદનને = કામને જીતનારા મહર્ષિઓના શીયલ= બ્રહ્મચર્યની પ્રશંસા કરવી.

તથા જે જે સમયે જે જે અશુભ વિકલ્પો ઉઠે તે સમયે તે તે દોષોથી મુક્ત એવા મુનિવરોને સ્મૃતિ પથમાં લાવીને મનને દુર્ધ્યાનથી નિવારી પ્રમોદ ભાવનામાં સ્થાપિત કરવી.

" તથા જિનેશ્વર પરમાત્માને પ્રાર્થના કરવી કે—" હે જિનેશ્વર પ્રભુ ! આપની અચિંત્ય કૃપાના બળે મને ભવોભવને વિશે–દેવ મળે તો અરિહંત જ મળજો. તથા ગુરુ મળે તો શીલ સંપન્ન નિર્ગ્રંથ જ ગુરુ મળજો અને ધર્મ મળે તો ષડ્જીવનિકાયની જયણા સ્વરૂપ જ ધર્મ મળજો. "

" સમ્યગ્દર્શનથી ભાવિત મતિવાળા શ્રાવક કુલમાં કદાચ દાસ બનવું પડે તો સારું અથવા દરિદ્ર શ્રાવક કુલમાં જન્મ મળે તો સારું પણ જિનધર્મારાધનાનું વિરહ જ્યાં હોય તેવા રાજા પણાને કે—ચક્રવર્તી પણાને હું ઇચ્છતો જ નથી. "

" તેવો પવિત્ર દિવસ કયારે આવશે કે—" જે દિવસે હું સર્વ સંગનો ત્યાગ કરીને ગુરુના ચરણોમાં પ્રવ્રજ્યા સ્વીકારું "

" તથા કમળમાંથી જેમ મધુકર મકરંદ = પરાગને ગ્રહણ કરે તેવી જ રીતે ગુરુના મુખ–પદ્મમાંથી ઝરતા વચન રૂપ પરાગને ગ્રહણ કરતો કયારે દ્વાદશાંગ ગણિ પિટકને ધરનારો થાઉં "

" તથા ઘેર ઘેર નિર્દોષ આહારની ગવેષણા કરતી વેળાએ કોઈ આક્રોશ કરે કે દુર્વચન બોલે ત્યારે પણ સમભાવ યુક્ત એવો હું બાવીસ પરિસહોને સમભાવે સહન કયારે કરીશ ".

તથા પુરના પ્રાંત પ્રદેશમાં સ્થંભની જેમ સ્થિર થઈને કાઉસ્સગ્ગ કરતો હોઉં ત્યારે વૃષભ = બળદો આવીને પોતાના સ્કંધને ખજવાળે, એવો દિવસ કયારે આવશે. "

" તથા ❋ સુખ અને દુઃખમાં

❋ કનક સુવર્ણ અને પત્થરમાં

❋ શત્રુ અને મિત્રમાં

❋ સ્વજન અને પરજનમાં

❋ તરૂણી અને તૃણમાં

❋ સંસાર અને મોક્ષમાં સમ ભાવ વાળો કયારે થઈશ ".

તથા શિવપુરમાં ગમન સમયે અદ્વિતીય સાધન સ્વરૂપ ક્ષપકશ્રેણી ઉપર આરોહીને પરમપદ કયારે પામીશ.

ઇત્યાદિ શિવપુર ગમન કરવામાં રથ તુલ્ય મનોરથો મનમાં કરે...

આ રીતે અહોરાત્રની વિધિને કરતો અને સળગી રહેલા ઘરના જેવા સંસારને જાણતો શ્રમણોપાસક અનાસક્ત ભાવે ગૃહ ભારને વહન કરતો અનુક્રમે અશુભ કર્મો ખપાવીને ક્રમે કરીને પરમપદ પ્રાપ્ત કરે છે.

ગુરુદેવના વચનામૃતનું પાન કરીને નિરતિચાર રીતે શ્રાવક ધર્મની આરાધના કરતો રાજસિંહ મહારાજ ચિરકાલ પર્યંત રાજ્ય સુખ ભોગવે છે.

- દેવવિમાન સદશ દેરાસરો બંધાવરાવે છે.
- પ્રશમ મુદ્રામાં બિરાજમાન એવી અનેક જિન પ્રતિમાઓ ભરાવરાવે છે.
- જિનોક્ત સિદ્ધાંતોને લખાવરાવે છે.
- શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની સેવા–ભક્તિ કરે છે.
- પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રના સ્મરણના અનુભાવથી દુર્જય એવા રાજાઓ પણ પ્રૌઢ પ્રતાપશાળી એવા રાજસિંહ મહારાજની આજ્ઞાને લીલા માત્રમાં સ્વેચ્છાએ વહન કરે છે.
- પુષ્પ = કુસુમથી જેમ વન.
- કમળ = પંકજથી જેમ સરોવર.
- નક્ષત્ર = તારાઓથી જેમ ગગન.

  તેમ જિન મંદિરોથી પૃથ્વીતલને વિભૂષિત કર્યું.

શ્રાવકોચિત સમ્યગારાધના કરતા અનુક્રમે રાજસિંહ મહારાજને એકદા વ્રતના પરિણામ થયા પણ શરીર રોગથી ઘેરાયું. વૃદ્ધત્વ અને ગ્લાનત્વથી અસ્વસ્થ સ્વાસ્થ્યવાળા રાજસિંહ રાજા ચિત્તમાં તો પ્રસન્નતાને જ અનુભવતા હતા.

મરણનો સમય નિકટમાં જાણીને રાજસિંહ રાજા રત્નવતીના પુત્ર પ્રતાપસિંહને રાજ્ય સોંપીને પરલોકની સાધના માટે આરાધના નિમિત્તે ગુરુદેવને રાજમંદિરે પધારવા વિનંતિ કરી રાજમંદિરે પગલા કરાવરાવે છે.

ગુરુદેવ પણ અંતિમ આરાધના કરાવવા તત્કાલ રાજમંદિરે આવે છે.

યથોચિત આસન ઉપર ગુરુદેવ બિરાજમાન થયા ત્યારે રાજસિંહ રાજા પ્રણામ–વંદન કરીને વિનંતિ કરે છે કે—"હે ભગવન્! મારા યોગ્ય હિતોપદેશ આપો."

ગુરુદેવ પર્યંતારાધના કરાવે છે. તે આ પ્રમાણે—

- અતિચારની આલોચના કરો !!!
- પુનઃ વ્રતોને ઉચ્ચરો !!!
- સર્વ જીવોને ક્ષમા અને ખમાવો !!!
- ૧૮ પાપ સ્થાનકોને વોસિરાવો !!!
- ચાર શરણા સ્વીકારો !!!
- દુષ્કૃતની નિંદા-ગર્હા કરો !!!
- સુકૃતની અનુમોદના કરો !!!
- શુભ ભાવ = પરિણામ = અધ્યવસાય રાખો !!!
- સાગારિક અણસણ સ્વીકારો !!!
- પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો !!!

અંતિમ આરાધનાના ઉપરોક્ત દશ દ્વારને હવે વિસ્તારથી કહું છું તે સાવધાન થઈને શ્રવણ કરો !!!

।। ૧ ।। અતિચારોની આલોચના—

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રચાર, તપ આચાર અને વીર્યાચારમાં જે જે અતિચાર લાગ્યા હોય તેની આલોચના કરો !

તે આ પ્રમાણે ।।૧।। જ્ઞાનાચારની આલોચના—

કાલ-વિનય-બહુમાન-ઉપધાન-અનિહ્નવ-સૂત્ર-અર્થ અને તદુભય સ્વરૂપ અષ્ટવિધ જ્ઞાનાચારની પાલના વિના જે કંઈ શ્રુતજ્ઞાન ભણ્યો હોઉં તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !!!

શક્તિ સામર્થ્ય અને અનુકૂળતા હોવા છતાં પણ જ્ઞાનીને વસ્ત્ર-આહાર આદિ ન આપ્યું તથા તેમની જે અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !!! ।। મિચ્છામિ દુક્કડં ।।

મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ અને કેવલજ્ઞાન સ્વરૂપ પંચવિધ જ્ઞાનની જે કંઈ નિંદા, ઉપહાસ કે ઉપઘાત કર્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યાઓ !!! ।। મિચ્છામિ દુક્કડં ।।

જ્ઞાનોપકરણ સ્વરૂપ કવલિકા, પાટી, પોથી, કવણી આદિની જે કંઈ આશાતના કરી હોય તે સર્વ મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ !!!

॥ ૨ ॥ દર્શનાચારની આલોચના—

નિઃશંકતા, નિષ્કાંક્ષતા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિત્વ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના સ્વરૂપ અષ્ટવિધ દર્શનાચારની સમ્યક્ પાલના ન કરી હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ!!! ॥ મિચ્છામિ દુક્કડં ॥ મિચ્છામિ દુક્કડં ॥ મિચ્છામિ દુક્કડં ॥

જિનેશ્વર પ્રભુની યથાવિધિ દ્રવ્ય-ભાવ પૂજા કરી નહિ તથા જિનપ્રતિમાની જે કંઈ આશાતના કરી હોય તો તે મારા સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ!!! મિચ્છામિ દુક્કડં ॥

સાધુ-સાધ્વીને કષ્ટ ઉપજાવ્યું. ખોટા આળ ચડાવ્યા કે નિંદા કરી હોય તથા જિનમંદિર કે દ્રવદ્રવ્યનો દુરૂપયોગ = વિનાશ કર્યો હોય અથવા તો દુરૂપયોગ = વિનાશ કરતા અન્યની છતી શક્તિએ પણ ઉપેક્ષા કરી = નિવારણા ન કરી તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ!!! ॥ મિચ્છામિ દુક્કડં ॥

જિનેન્દ્ર મંદિર આદિ સ્થાનોમાં આશાતના કરતા અન્યને છતી શક્તિએ પણ નિષેધ્યો નહિં તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ॥ મિચ્છામિ દુક્કડં ॥

॥ ૩ ॥ ચારિત્રાચારની આલોચના—

ઈર્યાસમિતિ-ભાષાસમિતિ-એષણા સમિતિ-આદાન-નિક્ષેપ સમિતિ-પારિષ્ઠા પનિકા સમિતિ મનોગુપ્તિ વચન ગુપ્તિ અને કાયગુપ્તિ સ્વરૂપ અષ્ટવિધ ચારિત્રાચારની સમ્યક્ પાલના ન કરી હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ!!! મિચ્છામિ દુક્કડં ॥

॥૧॥ પ્રાણાતિપાત વિરમણ વિષયક આલોચના—પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય વાયુકાય અને વનસ્પતિકાય સ્વરૂપ એકેન્દ્રિય જીવોનો વધ કર્યો હોય કે પરિતાપના = પીડા ઉપજાવી હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ!!! મિચ્છામિ દુક્કડં ॥

કરમીયા, શંખ, પોરા, જળો, ગંડોલ, અળશીયા વિગેરે બેઇંદ્રિય જીવોને જે કંઈ પરિતાપ ઉપજાવ્યો હોય તે મારા સર્વ પાપો મિથ્યા થાઓ!!! મિચ્છામિ દુક્કડં ॥

ગદ્ધૈયા કંથુઆ જૂ-માંકણ મંકોડા કીડી આદિ તેઇંદ્રિય જીવોને જે કંઈ પરિતાપ ઉપજાવ્યો હોય તે મારા સર્વ દુરિતો મિથ્યા!!! મિચ્છામિ દુક્કડં ॥

વૃશ્ચિક = વીંછી, કરોળીયો, તીડ, માખી, ભમરો, પતંગિયુ, ડાંસ, મચ્છર, વિગેરે

ચઉરિંદ્રિય જીવોને જે કંઈ પરિતાપ ઉપજાવ્યો હોય, તે મારા સર્વ દુષ્કૃતો મિથ્યા થાઓ!!! **મિચ્છામિ દુક્કડં ।।**

જલચર, સ્થલચર તથા ખેચર જીવોને પ્રમાદ પરવશ થઈને જે કંઈ પીડા ઉપજાવી હોય તે સર્વ મારા દુષ્કૃતો મિથ્યા થાઓ!!!

દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકના જીવોને આ ભવમાં કે પૂર્વ ભવમાં મનથી વચનથી કે કાયાથી કરણ કરાવણ કે અનુમોદન દ્વારા જે કોઈ પરિતાપ ઉપજાવ્યો હોય તો તે સર્વ દુષ્કૃતો મિથ્યા થાઓ!!! ।। **મિચ્છામિ દુક્કડં ।।**

।। ૨ ।। મૃષાવાદ વિરમણ—ક્રોધ-લોભ-ભય અને હાસ્યને પરવશ થઈને મૂઢ મતિવાળા એવા મેં જે કોઈ અસત્યવચન બોલ્યો હોઉં તે તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ !!! **મિચ્છામિ દુક્કડં ।।**

।। ૩ ।। અદત્તાદાન વિરમણ—કપટ ક્રિયા દ્વારા અન્યને છેતરી જે કંઈ પરધન હરણ કર્યું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ !!!

।। ૪ ।। મૈથુન વિરમણ—દિવ્ય-માનુષ કે તિર્યંચ સંબંધિ કામ રાગ પૂર્વક જે મૈથુન સેવ્યું, સેવરાવ્યું કે અનુમોદ્યું હોય તે સર્વે મારા દુષ્કૃતો મિથ્યા થાઓ !!!

।। ૫ ।। પરિગ્રહવિરમણ—ધન-ધન્ય-સુવર્ણ પ્રમુખ નવવિધ પરિગ્રહમાં જે કંઈ મમત્વ કર્યું હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ !!!

।। ૬ ।। રાત્રિભોજન વિરમણ—રાત્રિભોજન વિરમણ વ્રતમાં જે કંઈ પણ નાની-મોટી સ્ખલના = ભૂલ થઈ હોય, અતિચાર લાગ્યા હોય તો તે સર્વ દુષ્કૃતો મિથ્યા થાઓ !!!

।। ૪ ।। તપ આચારની આલોચના—

અણસણ-ઉણોદરી-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ-કાયકલેશ-સંલીનતા સ્વરૂપ છ ભેદે બાહ્ય તપશ્ચર્યા તથા-પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-કાઉસ્સગ્ગ અને ધ્યાન સ્વરૂપ છ ભેદે અભ્યંતર તપશ્ચર્યા યથાશક્તિ યથાવિધિ ન આદરી હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ!!! ।। **મિચ્છામિ દુક્કડં ।।**

।। ૫ ।। વીર્યાચારની આલોચના—

મોક્ષપદના સાધક એવા ઉપરોક્ત ચારે આચારમાં છતું વીર્ય ફોરવ્યું નહિ.

શક્તિ હોવા છતાં આળશ અને પ્રમાદ પરવશ થઈ આરાધનામાં ઉલ્લાસ વધાર્યો નહિ, તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ!!! ।। मिच्छामि दुक्कडं ।।

।। ૨।। બીજો અધિકાર વ્રત ઉચ્ચરવા—

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વિગેરે જે બાર વ્રતો છે તે વ્રતો પુનઃ સમ્યક્ પરિભાવના પૂર્વક સ્વીકારો!!!

।। ૩ ।। સર્વ જીવ ક્ષમાપના—

ચાર ગતિ અથવા ચોરાસી લાખ યોનિ સ્વરૂપ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને પ્રમાદ પરવશ થઈને જે કંઈ પરિતાપના ઉપજાવી હોય તો ત્રિવિધ-ત્રિવિધે ।। मिच्छामि दुक्कडं ।।

।। ૪।। ૧૮ પાપસ્થાનક વોસિરાવવા—

પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન-પૈશૂન્ય-અરતિ-રતિ-પરપરિવાદ-માયામૃષા અને મિથ્યાત્વશલ્ય સ્વરૂપ જે પાપસ્થાનકો છે તે ખરેખર મોક્ષમાર્ગમાં વિઘ્નકારી છે અને દુર્ગતિના અદ્વિતીય કારણ છે માટે મુમુક્ષુ એવા તમે અઢારે પાપસ્થાનકોને વોસિરાવો.

।। ૫।। ચાર શરણાનો સ્વીકાર—

।। ૧ ।। જન્મથી ચાર, ઘાતિ કર્મ ક્ષયથી અગિયાર અને દેવકૃત ઓગણીશ = ૩૪ અતિશયોથી યુક્ત તથા કેવલજ્ઞાનથી લોકાલોકના સર્વ ભાવોના પરમાર્થને જાણનારા અને દેવ વિરચિત સમવસણમાં બિરાજતા એવા શ્રી અરિહંતોનું ભવો ભવને વિષે શરણું હોજો!!!

ક્રોધ-માન-માયા અને લોભ સ્વરૂપ ચાર કષાયથી મુક્ત, ચાર મુખે દાન-શીયલ-તપ અને ભાવ સ્વરૂપ ચતુર્વિધ ધર્મની દેશના આપનારા તથા દેવ-મનુષ્ય-તિર્યંગ્ અને નરક ગતિના દુઃખોનો અંત લાવનારા એવા શ્રી અરિહંતોનું મને શરણું હોજો!!!

જેઓ થોડા સમયમાં અવશિષ્ટ અઘાતિ કર્મોનો ક્ષય કરીને અવશ્ય નિર્વાણ પદ પામવાના જ છે. તથા વર્ત્તમાન કાળે પણ અશોકવૃક્ષ-સુરપુષ્પવૃષ્ટિ-દિવ્યધ્વનિ-ચામરયુગ્મ-સિંહાસન ભામંડલ-દુંદુભિ અને છત્ર ત્રયથી સુશોભિત છે. અને જાતિ-કુલ-ઐશ્વર્ય-બલ-રૂપ-તપ અને શ્રુત સ્વરૂપ આઠ મદસ્થાનોથી વિરહિત છે. એવા અરિહંતોનું ભવોભવને વિશે શરણું હોજો!!!

જેઓ ભવ = સંસાર સ્વરૂપ ક્ષેત્રમાં પુનઃ ઉગવાના નથી = જન્મ ધારણ કરવાના નથી તથા કામ–ક્રોધ–લોભ–મદ–માન અને હર્ષ સ્વરૂપ અંતરંગ શત્રુઓને નાશ કરેલ છે, અને તેથી જ ત્રણે લોકને પૂજનીય એવા અરિહંતોનું ભવો ભવને વિશે શરણ હોજો.

॥ ૨ ॥ સિદ્ધોનું શરણ—

ભયાનક દુઃખ રૂપ લાખો લહેરોથી વ્યાપ્ત હોવાથી દુર્લંઘ્ય એવા ભવ–સમુદ્રને પાર ઉતરીને સિદ્ધિ સુખને પામેલા એવા સકલ સિદ્ધ ભગવંતોનું ભવો ભવને વિશે શરણું હોજો!!!

જેઓ દ્વાદશવિધ તપશ્ચર્યા સ્વરૂપ મુદ્ગર દ્વારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય નામ, ગોત્ર અને અંતરાય સ્વરૂપ અષ્ટવિધ કર્મની બેડીઓ તોડીને મોક્ષ સુખને પામ્યા છે તે સકલ સિદ્ધ પરમાત્માઓ ભવો ભવને વિશે શરણ હો!!!

ધર્મધ્યાન અને શુકલધ્યાનાનલના યોગે જેમના સકલ કર્મમલ દગ્ધ થયા છે અને નિર્મલ કંચનની જેમ સુવિશુદ્ધ થઈને સિદ્ધિ પદ પામ્યા છે, તે સિદ્ધાત્માઓનું શરણું હોજો!!!

જેઓને જન્મ નથી, જરા નથી, વ્યાધિ નથી, મરણ નથી, બાધા = પીડા નથી કે ક્રોધ આદિ કષાયો નથી એવા પરમાનંદ પદ પ્રાપ્ત સકલ સિદ્ધ ભગવંતો ભવો ભવને વિશે શરણ હો!!!

॥ ૩ ॥ સાધુ શરણ—

મધુકર = ભમરાની જેમ વૃત્તિ કરીને બેતાલીસ દોષથી વર્જિત ભાત–પાણીને ગ્રહણ કરી સંયમ યાત્રાના નિર્વાહાર્થે વાપરે છે તે મુનિવરો ભવો ભવને વિશે શરણ હો!!!

સ્પર્શેન્દ્રિય–રસનેન્દ્રિય–ઘ્રાણેન્દ્રિય–ચક્ષુરિન્દ્રિય–શ્રોત્રેન્દ્રિય સ્વરૂપ પાંચે ઇંદ્રિયોનું દમન કરનારા, કંદર્પ = કામના વિષમ બાણોને પણ નિષ્ફળ કરી જિનાજ્ઞાનુસાર સુવિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારા સકલ મુનિવરોનું શરણ ભવો ભવને વિશે હોજો !!!

જેઓ ઇર્યા–ભાષા–એષણા–આદાન–નિક્ષેપ અને પારિષ્ઠાપનિકા સમિતિથી ઉપયુક્ત છે તથા સર્વથા પ્રાણાતિપાત–મૃષાવાદ–અદત્તાદાન–મૈથુન અને પરિગ્રહના વિરમણ સ્વરૂપ પાંચ મહાવ્રત રૂપ પાંચ મેરૂગિરિને વહન કરવામાં સાવધાન તથા દેવ–મનુષ્ય–તિર્યંચ અને નરક સિવાયની પાંચમી મોક્ષગતિના અનુરાગી એવા મુનિવરો ભવો ભવને વિશે શરણ હો!!!

જેઓએ નવ વિધ બાહ્ય અને ચતુર્દશ વિધ અભ્યંતર સંગનો ત્યાગ કર્યો છે, તથા તૃણ અને મણિ વિશે—શત્રુ અને મિત્ર વિશે—સમભાવવાળા છે, તથા ધીરતા પૂર્વક સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગને સાધે છે—એવા મહા મુનિવરોનું ભવો ભવમાં શરણ હોજો!!!

॥ ૪ ॥ ધર્મનું શરણ—

કેવલજ્ઞાનના આલોકમાં પ્રતિબિંબિત થયેલા સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને યથાવસ્થિત જાણીને જિનેશ્વરોએ સર્વ જગતના જંતુઓને હિતકારી એવો જે ધર્મ ઉપદિશ્યો છે, તે અહિંસા સંયમ અને તપ સ્વરૂપ ધર્મ ભવો ભવને વિશે સુલભ બને!!!

ક્રોડો કલ્યાણ સંપદાઓને જન્મ આપનારી અને અનેક અનર્થોના પ્રબંધોને દળી નાખનારી એવી જીવદયા જ્યાં વર્ણવવામાં આવે છે એવો જયણામય ધર્મ ભવો ભવને વિષે પ્રાપ્ત થાઓ!!!

પાપ કર્મોના ભારથી આક્રાંત એવા જીવને ભયાનક દુર્ગતિરૂપ કૂવામાં પડતા બચાવે અને સદ્ગતિરૂપ સુંદર નગરમાં સ્થાપે તેવો સંયમાદિ દશવિધ ધર્મ ભવો ભવમાં શરણ હો!!!

સ્વર્ગ અને અપવર્ગ = મોક્ષના માર્ગે પ્રયાણ કરનારા જીવોને ભવરૂપ અટવીને પાર પમાડવા સમર્થ અને હેમ-ખેમ સ્વેષ્ટ સ્થાને પહોંચાડનારા સાર્થવાહ તુલ્ય ધર્મ કે જે દાન-શીયલ-તપ અને ભાવસ્વરૂપ છે તે ધર્મનું શરણું હોજો!!!

॥ ૬ ॥ દુષ્કૃત નિંદા-ગર્હા સ્વરૂપ છઠ્ઠો અધિકાર

ઉપરોક્ત સ્વરૂપ અનુસાર ચારે શરણાનું સ્વીકાર કરનારા એવા તમે ભવ વાસથી વિરક્ત થયા થકા ભૂતકાળમાં કરેલ દુષ્કૃતોનું વિવેક પૂર્વક આત્મસાક્ષીએ નિંદા કરો અને ગુરુ સાક્ષીએ ગર્હા કરો!!! તે આ પ્રમાણે—

મિથ્યાત્વ મોહનીયના તીવ્ર વિપાકોદયથી વિમોહિત થયેલા એવા મેં મન-વચન અને કાયાથી કુતીર્થોમાં જે આવાગમન કર્યું હોય, સારા માન્યા હોય તે દુરિતોની નિંદા-ગર્હા કરું છું.

જિનધર્મના માર્ગને તજીને કુમાર્ગની પ્રરૂપણા કરી, અન્ય જીવોને પણ સન્માર્ગથી પરિભ્રષ્ટ કર્યા હોય તે મારા સકલ દુષ્કૃતોની નિંદા-ગર્હા કરું છું.

જંતુઓના વધને કરનારા હળ-ઘંટી-ઉખલ વિગેરે અધિકરણો વસાવ્યા હોય, તથા ખડ્ગ-ભાલા-અરછી વિગેરે શસ્ત્રો બનાવરાવ્યા હોય તે બધા અધિકરણોને વોસિરવો,

તથા પાપ કરીને પોષેલા ધર્મવિમુખ કુટુંબને પણ પાપવર્ધક હોવાથી વોસિરાવો!!! અને તજ્જન્ય દુષ્કૃતોની નિંદા અને ગર્હા કરી આત્માને નિર્મળ બનાવો!!!

॥૭॥ સુકૃતાનુમોદના નામનો સાતમો અધિકાર—

જિનમંદિર-જિનપ્રતિમા-જિનઆગમ તથા સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘ સ્વરૂપ સાતે ક્ષેત્રોમાં જે કંઈ ધન રૂપ બીજ વાવ્યું છે તે સુકૃતની પુનઃ પુનઃ અનુમોદના કરું છું.

તથા ભવરૂપ સમુદ્રને સહેલાઈ પાર પામવા માટે નૌકા = પ્રવહણ સમાન જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધનાને આદરીને સમ્યગ્ રીતે સેવી તે સુકૃતની અનુમોદના કરું છું.

જિનેશ્વર-સિદ્ધ-સૂરિ-ઉપાધ્યાય-સાધુ-સાધર્મિક અને પ્રવચનને વિશે જે બહુમાન-આદર કર્યો હોય તે સુકૃતની આત્મસ્વરૂપમાં લીન થવા માટે પુનઃ પુનઃ અનુમોદના કરું છું.

સામાયિક-ચતુર્વિંશતિસ્તવ-વંદનક-પ્રતિક્રમણ-કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન સ્વરૂપ ષડાવશ્યકની આરાધનામાં જે કંઈ સમ્યગ્ ઉદ્યમ કર્યો હોય તે સુકૃતની અનુમોદના કરું છું.

॥૮॥ શુભ ભાવ = અધ્યવસાય સ્વરૂપ આઠમો અધિકાર—

આ વિશ્વમાં જીવને આવી પડનારા સુખ અને દુઃખમાં પૂર્વકૃત શુભ કે અશુભ કર્મો જ કારણ છે. પણ બીજો કોઈ જીવ વિશેષ આપણને સુખ કે દુઃખ આપી શકતો નથી એમ શુભ ભાવ ભાવવા પૂર્વક સમતાને આત્મસાત્ કરો!!!

પૂર્વે અજ્ઞાનતાથી એકત્રિત કરેલા શુભાશુભ કર્મને ભોગવ્યા વિના કોઈનો પણ મોક્ષ થતો જ નથી. પણ ધર્મારાધના કરે તો વિપાકોદય મંદ થવાથી પ્રદેશોદય થઈને અશુભ કર્મો પણ સુખપૂર્વક નિર્જરી જાય છે, માટે શુભ ભાવ = અધ્યવસાય તે જ સાચો ધર્મ છે માટે શુભ ભાવ ભાવો!!!

હે પુણ્યાત્મન્! આ આત્માએ નરક ગતિમાં અને તિર્યંચગતિમાં જે તીક્ષ્ણ અને અસહ્ય દુઃખો ભોગવ્યા છે તેની આગળ આ વર્ત્તમાનકાળના દુઃખો તો નહિવત્ જ છે. માટે સમતા ભાવને આત્મસાત્ કરવા પૂર્વક સહન કરતા શીખવું!!!

જે શુભ ભાવ = અધ્યવસાય વિના દાન-શીલ-તપ-ચારિત્ર અને શ્રુતજ્ઞાન બધું જ આકાશપુષ્પવત્ વિફળ જ છે એમ જાણીને શુભ ભાવમાં મનને સ્થિર કરો!!!

॥૯॥ અણસણ આદરવા સ્વરૂપ નવમો અધિકાર—

આ જીવે મેરૂ પર્વત વિગેરે મહીધરોથી અનંતગુણ પ્રમાણ અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ સ્વરૂપ ચતુર્વિધ આહાર કર્યો છે તોપણ તૃપ્તિ પામ્યો નહિ માટે આહારની લાલસા તજીને અણાહારી પદ પામવા ઉદ્યમ કરો!!!

આહારસંજ્ઞાના કારણે જ જીવ ચારે ગતિમાં અનાદિકાળથી ભમે છે માટે ભવભ્રમણના હેતુભૂત એવી આહાર સંજ્ઞાને તજવા માટે જિનોક્ત તપોધર્મને ભાવપૂર્વક કરવા મનને સ્થિર કરો!!!

ચતુર્વિધાહારની ઉત્પત્તિ છજીવનિકાયના વધ વિના સંભવે જ નહિ, અને છજીવનિકાયનો વધ તો ભવભ્રમણનો અનન્ય હેતુ છે, માટે જ ચતુર્વિધાહારનો ત્યાગ કરવો એજ આત્માને હિતાવહ છે.

જે આહાર સંજ્ઞાને તજવાથી ઈંદ્રની પદવી સુલભ બને છે અને સંપૂર્ણ આહારસંજ્ઞાના વિનાશથી પરમાનંદપદ હસ્તગત થાય છે જ.

॥૧૦॥ નમસ્કાર મહામંત્રના સ્મરણ રૂપ દશમો અધિકાર—

વિધવિધ પ્રકારના પાપ કાર્યોમાં રક્ત એવો પણ જીવ જો મરણ સમયે નમસ્કાર મહામંત્ર પામે, તો તે જીવ અવશ્ય દેવ પદ પામે જ છે માટે નવકાર મંત્રનું સ્મરણ કરો!!!

જે નવકારના સ્મરણ પૂર્વક પંચત્વ = મરણને પામે છે તે પુણ્યાત્મા ભવાંતરમાં મનોવાંછિત સુખ-સમૃદ્ધિ પામે છે, માટે હે રાજન્! પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો!!!

સંસારમાં પરિભ્રમણ કરતા જીવને રૂપ-લાવણ્યવાળી રમણીઓ મળવી સુલભ છે. વિશાલ રાજ્ય સમૃદ્ધિ મળવી સુલભ છે, તથા દિવ્ય સુખો પણ મળવા સુલભ છે, પણ એક માત્ર નમસ્કાર મહામંત્ર જ અતિશય દુર્લભ છે, માટે શુભ પુણ્ય યોગે પ્રાપ્ત એવા નમસ્કાર મહામંત્રમાં ચિત્તને સ્થિર કરો!!!

જે નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થયે છતે ભવ-સમુદ્ર ગોષ્પદ = ખાબોચીયા જેવો થઈ જાય છે તેથી જ પુણ્યાત્મા ક્ષણવારમાં શિવપદ પ્રાપ્ત કરે છે માટે અવર્ણનીય મહિમાવાળા નમસ્કાર મહામંત્રને મનમાં સ્મરણ કરો!!!

આ પ્રમાણે ગુરુદેવશ્રીએ ઉપદેશેલ પર્યંતારાધનાને એકાગ્રચિત્તે શ્રવણ કરીને રાજસિંહ મહારાજા સર્વપાપ કર્મોને વોસિરાવીને, તન્મય પૂર્વક આરાધનામાં લીન થાય છે.

પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રના સ્મરણમાં પરાયણ એવા રાજસિંહ રાજા સમાધિ પૂર્વક નરદેહનો ત્યાગ કરીને પાંચમા બ્રહ્મદેવલોકમાં ઇંદ્રની પદવી પામ્યા.

રાણી રત્નવતી પણ આરાધના દ્વારા પાપ કર્મોને વોસિરાવીને તથા પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રને સ્મરણ કરતી પંચત્વને પામી તે જ દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવ થયા.

જેમ ચંદ્રના અસ્ત સમયે જ્યોત્સ્ના પણ વિલયને પામે છે અને ચંદ્રના ઉદય સમયે જ્યોત્સ્ના પણ ચંદ્રને જ અનુસરે છે તેમ રત્નવતી રાજસિંહ રાજાને અનુસરે છે.

બ્રહ્મદેવલોકમાં જીવન દરમ્યાન જિનેન્દ્ર ભક્તિ તથા નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા સાથે દિવ્યસુખને ભોગવીને બંને જણા આયુ:ક્ષયે ચ્યવીને અનુક્રમે મોક્ષ પદ પામશે. —

ઇતિ નમસ્કાર-મહામંત્ર-વિષયે પુલીન્દ્ર મિથુન કથા—

આ પ્રમાણે ચમર ગણધર મુમુક્ષુ જીવોને મોક્ષમંદિરમાં ચઢવા માટે સોપાન પંક્તિ સ્વરૂપ અષ્ટાદશ (૧૮) ઉપદેશ પદની એક પ્રહર પર્યંત દેશના આપે છે.

જ્યારે સૂર્ય પ્રખર કિરણવાળો થઈને અંધકારને ખંડ ખંડશ: દલન કરતો મધ્યસ્થ પુરૂષની જેમ ગગન મંડલના મધ્યમાં આવે છે. ત્યારે બીજી પોરિસી પૂર્ણ થઈ તેથી ચમર ગણધર પણ ધર્મકથા કહેતાં વિરમે છે.

સુર અને અસુર બધા જ, નંદીશ્વર દ્વીપમાં જઈ શાશ્વત જિન પ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા કરીને આત્માને સમ્યગ્દર્શનની વાસનાથી ભાવિત કરતા સ્વ-સ્વ સ્થાને ગયા.

ઇતિ શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં નમસ્કાર મહામંત્રના મહિમા
અને ફળને પ્રદર્શિત કરતી પુલીન્દ્રમિથુનની કથાના
વર્ણન સ્વરૂપ ત્રીશમો પ્રસ્તાવ સમાપ્ત.

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના ૯૮ બોલનો કોષ્ટક—

૪૬	કેવલજ્ઞાનતિથિ	ચૈત્ર સુદ ૧૧	૭૪	વાદિમુનિરાજ	૧૦,૪૫૦
૪૭	નક્ષત્ર	મઘા	૭૫	સામાન્ય મુનિવર	૨,૫૪,૨૦૦
૪૮	રાશિ	સિંહ	૭૬	અનુત્તરગામી	અજ્ઞાત—
૪૯	નગરી	અયોધ્યા	૭૭	પ્રત્યેક બુદ્ધ	૩,૨૦,૦૦૦
૫૦	વન	સહસ્રામ્રવન	૭૮	સાધુ-મહાવ્રત	ચાર = ૪
૫૧	વૃક્ષ	પ્રિયંગુ	૭૯	શ્રાવક-અણુવ્રત	બાર = ૧૨
૫૨	તપઃ	ષષ્ઠભક્ત (છઠ્ઠ)	૮૦	ગૃહસ્થકાળ. ૧૨ પૂર્વાંગ અધિક ૩૯ લાખ પૂર્વ વર્ષ.	
૫૩	વેળા	પૂર્વાહ્ણે = સવારે			
૫૪	અતિશય જન્મથી—	ચાર = ૪	૮૧	કેવલજ્ઞાનકાળ. ૨૦ વર્ષ ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ વર્ષ.	
૫૫	ઘાતિકર્મક્ષયે—	અગિયાર = ૧૧			
૫૬	દેવકૃત—	ઓગણીશ = ૧૯	૮૨	વ્રતકાળમાન ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ વર્ષ.	
	કુલ અતિશય-	ચોત્રીશ = ૩૪			
૫૭	પ્રાતિહાર્ય	આઠ = ૮	૮૩	સર્વ આયુષ્ય— ૪૦ લાખ પૂર્વ વર્ષ	
૫૮	વાણીગુણ	પાંત્રીશ = ૩૫	૮૪	નિર્વાણ તિથિ	ચૈત્ર સુદ ૯
૫૯	પ્રથમ ગણધર	ચમર ગણધર	૮૫	,, નક્ષત્ર	પુનર્વસુ
૬૦	પ્રથમ સાધ્વી	કાશ્યપી	૮૬	,, રાશિ	કર્ક
૬૧	ભક્ત ભૂપતિ	સત્યવીર્ય	૮૭	,, સ્થાન	સમ્મેતશિખર તીર્થ
૬૨	શાસનાધિષ્ઠાયક યક્ષ	તુંબરૂ	૮૮	,, આસન	કાયોત્સર્ગાસન—
૬૩	,, યક્ષિણી	મહાકાલી	૮૯	,, તપઃ	માસક્ષપણ
૬૪	ગણધર	૧૦૦	૯૦	,, પરિવાર	૧૦૦૦
૬૫	સાધુ	૩,૨૦,૦૦૦	૯૧	,, વેળા	પૂર્વાહ્ણે—
૬૬	સાધ્વી	૫,૩૦,૦૦૦	૯૨	,, આરો	ચોથો—
૬૭	શ્રાવક	૨,૮૧,૦૦૦	૯૩	યુગાંતકૃદ્ભૂમિ સંખ્યાત પુરૂષ = પેઢી	
૬૮	શ્રાવિકા	૫,૧૬,૦૦૦	૯૪	પર્યાયાન્તકૃદ્ભૂમિ- એક દિનાદિ પશ્ચાત્	
૬૯	કેવલજ્ઞાની	૧૩,૦૦૦	૯૫	પૂર્વ પ્રવર્ત્તન- અસંખ્યકાલપર્યંત	
૭૦	મનઃપર્યવજ્ઞાની	૧૦,૪૫૦	૯૬	પૂર્વચ્છેદકાળ અસંખ્યકાલ—	
૭૧	અવધિજ્ઞાની	૧૧,૦૦૦	૯૭	શ્રુત પ્રવર્ત્તન સ્વતીર્થપર્યંત—	
૭૨	ચતુર્દશપૂર્વી	૨,૪૦૦	૯૮	અંતર— ૯૦,૦૦૦ ક્રોડ સાગર પશ્ચાત્ પદ્મપ્રભાજનનિર્વાણ—	
૭૩	વૈક્રિયલબ્ધિધારક	૧૮,૪૦૦			

—o—

॥ मातर तीर्थ मण्डन श्री सुमतिनाथ जिनेश्वराय नमः ॥



પ્રસ્તાવ ૩૧ મો

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ પરિવાર સહિત વિહાર કરે છે. પ્રભુના વિહાર સમયે—

- પ્રભુની આગળ આકાશમાં ધર્મચક્ર ચાલે છે.
- પાદપીઠ સહિત સુવર્ણસિંહાસન આકાશમાં ચાલે છે.
- શ્વેત ચામર યુગલ તથા છત્રત્રય આકાશમાં ચાલે છે.
- ગગનમાં દેવ દુંદુભિનો ગંભીર નાદ શ્રવણ ગોચર થાય છે.
- એક હજાર યોજન ઊંચો રત્નમય ધ્વજ શોભી રહેલો હોય છે.
- દેવ રચિત નવ સુવર્ણ કમલ ઉપર ચરણ ઠવતા પ્રભુ ચાલે છે.
- પ્રભુ વિચરે ત્યાં કાંટા અવળા મુખવાળા થાય છે.
- પાંચ વિષય અનુકૂળ થાય છે.
- છ એ ઋતુઓ એકીસાથે ફળે છે.
- વાયુ અનુકૂલ રીતે મંદ મંદ વાય છે.
- સુગંધિ જલ અને પુષ્પની વૃષ્ટિ દેવો કરે છે
- પક્ષીઓ કલરવ કરતા પ્રદક્ષિણા દે છે.
- વૃક્ષો પણ શાખા નમાવવા પૂર્વક પ્રભુને વંદન કરે છે.
- જઘન્યથી પણ ચારે નિકાયના એક ક્રોડ દેવ સાથે જ હોય છે.

સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘની સાથે વિહાર કરતા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ—

તારાઓથી પરિવરેલા ચંદ્રની જેમ શોભે છે.

પ્રભુ વિચરે છે ત્યાં સવાસો (૧૨૫) યોજન પર્યંત ભૂમિ ઉપર જિનેશ્વરના પુણ્ય

પ્રભાવથી ઇતિ, વૈર, મારી, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ, વિગેરે ઉપદ્રવો સ્વયમેવ શમે છે. છ મહિના સુધી નવા ઉત્પન્ન પણ ન થાય.

આ રીતે ૩૪ અતિશયોથી યુક્ત એવા સુમતિનાથ જિનેશ્વર પ્રભુ જંગમ કલ્પવૃક્ષની જેમ ભવ્ય જીવો ઉપર ઉપકાર કરતા અનુક્રમે કેરલ, કલિંગ, કુંતલ, તિલંગ, કન્નાડ, લાડ, ભોડ, અંગ, વંગ, માલવ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ગૌડ આદિ દેશોમાં વિચરે છે.

ધર્મદેશના શ્રવણ કરી વૈરાગ્યવાસિતાન્તઃકરણ કેટલાક પુણ્યાત્માઓ સર્વસંગના પરિત્યાગ સ્વરૂપ સર્વવિરતિ સ્વીકારે છે તથા કેટલાક જીવો સમ્યક્ત્વમૂલક બાર વ્રતો આદરે છે અને કેટલાક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, જિનેન્દ્રભક્તિ કરે છે અને કેટલાક ભદ્રક ભાવ પામે છે, કેટલાક માર્ગાનુસારી થાય છે.

આ પ્રમાણે ભવ્ય જીવોને ધર્મ માર્ગમાં સ્થાપતા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ પૃથ્વીતલને પાવન કરતા ગ્રામાનુગ્રામ વિચરે છે.

હવે આ તરફ—

આ જ ભરત ક્ષેત્રમાં કોશલદેશમાં સાકેત નામનું નગર છે કે જે ઋદ્ધિ અને સમૃદ્ધિથી ઇંદ્ર નગર જેવું સુંદર અને રળીયામણું છે. તે નગરમાં ઇંદ્ર જેવા પરાક્રમી સમરસિંહ નામના રાજા રાજ્ય કરે છે. તે રાજાને રૂપ-સૌભાગ્યાદિ ગુણવાળી દમયંતી નામની રાણી છે કે જે—જ્યોત્સ્નાની જેમ પુરંદર રાજા રૂપ ચંદ્રને અનુસરે છે તે રાણી સાથે પંચવિષ વિષય સુખને ભોગવતા પુરંદર રાજાના દિવસો પસાર થાય છે.

અન્યદા સુખ શય્યામાં સૂતેલી દમયંતી રાણી સ્વપ્નમાં તેજસ્વી મણિ-રત્ન જડિત સુવર્ણકુંડલ જુએ છે. સ્વપ્ન જોઈને જાગૃત થયેલા દેવી રાજાને સ્વપ્નની વાત કહે છે. રાજા પણ સ્વપ્ન સાંભળીને હર્ષાયમાન થયા થકા કહે છે કે—હે દેવિ! પૃથ્વી રૂપ સ્ત્રીને શોભાવનાર મણિકુંડલ જેવા પરાક્રમી અને તેજસ્વી પુત્રરત્નની આપણને પ્રાપ્તિ થશે.

પ્રાણવલ્લભના વચન શ્રવણ કરીને પ્રમોદ પામતા રાણી બોલ્યા કે—દેવ-ગુરુ પસાયે તેમ જ થાઓ!!!

એમ બોલતી સ્વામીના વચનને બહુમાન પૂર્વક સ્વીકારીને દમયંતી રાણી સ્વ આવાસ મંદિરમાં જાય છે.

દમયંતી રાણી સાવધાન થઈ ગર્ભનું પાલન કરે છે. અને પૂર્ણ માસે શરીરની કાંતિથી દૂર કર્યો છે અંધકારને જેણે એવા બાળકનો જન્મ આપે છે.

બાળકના છેદેલા નાળને ભૂમિમાં દાટવા માટે ભૂમિ ખોદે છે તે સમયે પૃથ્વીમાંથી કિંમતી રત્નોથી ભરેલો નિધિ પ્રાપ્ત થયો. સ્વપ્ન અને નિધિની પ્રાપ્તિના અનુસારે બાળકનું નામ સ્થાપ્યું નિધિકુંડલ.

નિધિકુંડલ રાજકુમાર અનુક્રમે શિશુત્વ ઓળંગીને કળા અભ્યાસ યોગ્ય થયો ત્યારે પંડિત પાસે કળા અભ્યાસ કરે છે. થોડા દિવસોમાં ક્લેશ વિના સઘળી કળાઓમાં કુશળ થઈ અનુક્રમે તરૂણીઓના નયન રૂપ કુરંગ = મૃગોના ક્રીડાસ્થાન તુલ્ય યૌવનવય પામ્યો. તોપણ નિધિકુંડલ રાજકુમાર સંયમી મુનિવરની જેમ તે તરૂણીઓને વિષે જરાપણ મન કરતો નથી = અનુરાગ કરતો નથી.

અન્યદા દિવ્યપ્રભાવથી સ્વપ્નમાં દિવ્યકન્યકાને જોઈને અનુરાગી થયેલો નિધિકુંડલ રાજસુનુ કામવિહ્વલ થયો. કયાંય પણ રતિ = સુખ ને પામતો જ નથી.

કુમારની અસ્વસ્થતા જાણીને રાજાએ પ્રધાન પુરુષોને આદેશ કર્યો કે— શ્રેષ્ઠ એવી રાજકન્યાઓના પ્રતિચ્છંદ = છબી તુર્ત લાવો. રાજસેવકો પણ તત્કાલ જુદી જુદી દિશાઓમાં જઈને તે તે રાજાઓની રૂપ–લાવણ્યવતી રાજપુત્રીઓની પ્રતિકૃતિ = છબી લાવે છે પણ સ્વપ્નમાં જોયેલી કન્યા સિવાયની અન્ય અન્ય કન્યાઓની છબીમાં કુમારનું મન લાગતું જ નથી.

એકદા રાજમંદિરના ઉદ્યાનમાં કદલી વનમાં બેઠેલા રાજકુમારની પાસે કોઈ એક પરદેશી પુરૂષ આવ્યો, પ્રણામ કરીને કુમાર પાસે બેસીને એક ચિત્ર પટ બતાવે છે.

સ્વપ્નમાં જોયેલ કન્યાના રૂપ જેવા જ ચિત્રપટને જોઈને વિકસિત નયનવાળો રાજકુમાર બોલ્યો કે—"અહો! ચિત્રકલાકારની કુશળતા અત્યદ્ભુત છે. કેમકે— સકલ જીવનને આશ્ચર્યકારી એવું આ અદ્ભુત ચિત્ર આલેખ્યું છે."

આગંતુક પુરુષ બોલ્યો—હે કુમાર! ચિત્રકારે આમાં જરા પણ ચિત્રકર્મ વિષયક કુશળતા = ચતુરાઈ વાપરી જ નથી પણ જેવું રૂપ જોયું, તેવું જ આબેહુબ ચિત્ર આલેખ્યું છે.

પરંતુ ચતુરાઈ છે કેવલ એક પ્રજાપતિ = બ્રહ્માજીની કે જેમણે પ્રતિકૃતિ વિના જ આવા અદ્ભુત રૂપ–લાવણ્યમયી બાલા = કન્યાનું નિર્માણ કર્યું છે.

કુમાર બોલ્યો—"શું કોપાયમાન થયેલ ઇન્દ્રના શ્રાપથી ભ્રષ્ટ થયેલ આ અપ્સરા છે? કે શું વિદ્યા ભ્રષ્ટ થવાથી ગગનમંડલમાંથી ઉતરી આવેલી વિદ્યાધરી

છે ? કે પછી પાતાલ લોકમાંથી નીકળીને ક્રીડા અર્થે તિર્યગ્લોકમાં આવેલી આ નાગકન્યા છે ? કે જે જોવા માત્રમાં જ લોખંડને જેમ લોહચુંબક આકર્ષે તેમ મારા મનને આકર્ષિક કરે છે.

"માટે હે ભદ્ર ! તમે કહો કે આ બાલા કોણ છે ?"

પુરુષ બોલ્યો—હે કુમાર સાવધાન થઈને સાંભળો !!! હું સેન રાજાની પુત્રીનું પ્રતિચ્છંદ = છબી લાવવા માટે કુણાલ દેશમાં શ્રાવસ્તી નામની નગરીમાં ગયો હતો.

તે નગરીમાં હરિષેણ નામના રાજા છે, તેમને કાંતિમતી નામની કાંતા = રાણીની કુક્ષીથી જન્મેલી પુરંદરયશા નામની કન્યા છે.

અનુક્રમે કળાઓમાં કુશળ એવી તે કન્યા જ્યારે યૌવનવયને પામી ત્યારે હે કુમાર ! લોકોના મુખથી તમારી કીર્તિ શ્રવણ કર્યા બાદ અન્ય પુરુષને ઇચ્છતી જ નથી. પુરુષાંતરનું નામ પણ સહન કરી શકતી નથી અને પોતાના મનોગત ભાવને પણ વ્યક્ત કરી કોઈને કહેતી પણ નથી.

રાજા પુત્રીની આવી અવસ્થા નિહાળીને ચિંતાતુર થયા. અને મંત્રીને કહ્યું કે—કોઈક ઉપાય ચિંતવો !!!

મંત્રી બોલ્યો-"હે દેવ ! રાજકુમારિકાને રાજકુમારોના પ્રતિચ્છંદ બતાવો ! એમ કરતાં કદાચ કોઈક રાજકુમાર ઉપર રાજકુંવરીનું મન ઠરે !!!

રાજાએ પણ પુરુષોને મોકલીને રાજકુમારોના ચિત્રપટો મંગાવરાવીને પુત્રીને બતાવ્યા તોપણ કન્યાનું મન કયાંય સ્થિર થયું નહિં. પણ તમારું પ્રતિચ્છંદ નિહાળ્યું ત્યારે કન્યાની દૃષ્ટિ સ્થિર થઈ, સર્વાંગે રોમાંચિત થઈ લલાટ ઉપર સ્વેદ = પરસેવાના બિંદુઓ પ્રગટ થયા. તથા ચંદનના દ્રવના વિલેપનથી અને શીતલ જલના ઉપચારથી જે દાહ શાંત થતો ન હતો તે આપના ચિત્ર દર્શન માત્રથી જ દાહોપશમ થયો.

ત્યાર બાદ તમારું જ ચિંતવન કરતી, તમારા જ ગુણોનું કીર્તન કરતી, તમારી જ અભિલાષા કરતી દિવસોને વીતાવે છે.

તાદૃશ અવસ્થામાં રહેલી કન્યાને મેં પ્રત્યક્ષ જોઈ છે, અને તે કન્યાના પ્રતિરૂપને લઈને હું અહીં આવેલો છું.

નિષ્કુંડલને પુરંદરયશા ઉપર રાગ પ્રગટ્યો છે એમ જાણીને પુરંદર રાજાએ

તત્કાલ પ્રધાન પુરુષને મોકલીને નિધિકુંડલ રાજપુત્ર માટે પુરંદરયશા કન્યાનું માગું કર્યું. હરિષેણ રાજાએ પણ સહર્ષ માગું સ્વીકાર્યું.

નિધિકુંડલ પણ ચતુરંગી સેના સાથે મોટા આડંબર પૂર્વક પરણવા માટે શ્રાવસ્તી નગરી તરફ ચાલ્યો, જતાં જતાં અનુક્રમે એક મોટા અરણ્યમાં આવ્યા ત્યારે અશ્વ ઉપર બેઠેલા રાજકુમારને અશ્વ અકસ્માત્ દૈવ વશાત્ દૂર સુદૂર લઈ ગયો.

અત્યંત નિર્જન વનમાં અશ્વથી હરણ કરાયેલો નિધિકુંડલ કુમાર આગળ ગિરિ નિકુંજમાં પ્રજ્વલંત અગ્નિને નિહાળે છે. કૌતુકથી આક્ષિપ્ત ચિત્તવાળો કુમાર ત્યાં જઈને જુએ છે તો-ચારે ખૂણે જાજવલ્યમાન અગ્નિના કુંડ યુક્ત મંડલમાં કાપાલિક બેઠો છે. અને તે કાપાલિકની સન્મુખ આગળ ભયથી કંપાયમાન શરીરવાળી એક યુવતિ = કન્યા રહેલી છે.

કુમાર ચિંતવે છે કે—જે મેં સ્વપ્નમાં જોયેલી હતી, તે જ આ કન્યા છે કે બીજી કોઈક છે. ”

પણ તેના તો હમણાં વિવાહ છે તેથી તે તો સંભવિ શકે જ નહિ. અરે! વિધ = કર્મોનો વિલાસ તો કોઈ અપૂર્વ જ છે કે જે અસંભવિતને પણ સંભવિત કરે છે તેથી તેના જેવી જ દેખાતી આ કન્યા કદાચ તે પણ હોઈ શકે છે.

અથવા ગમે તે હોય, પણ મારે તેનું અવશ્ય રક્ષણ કરવું જોઈએ. ” એમ યાવત્ કુમાર ચિંતવે છે.

એટલામાં આ તરફ—

કાપાલિક કન્યાને કહે છે કે—

※ જીવલોકને પુનઃ જોઈ લ્યો !!!

※ ઇષ્ટ દેવતાનું સ્મરણ કરો !!!

કેમકે તમારે આ જીવલોકમાંથી વિદાય લેવાની છે!

કાપાલિકના વચન સાંભળીને તે કન્યા વિલાપ કરવા લાગી—તે આ પ્રમાણે—

હે તાત! હરિષેણ!

હે પ્રાણનાથ। નિધિકુંડલ! રાજકુમાર!

શરણ વિનાની એવી આ હું અત્યારે મરણ પામું છું.

કન્યાના વિલાપ યુક્ત વચનો શ્રવણ કરી કુમાર ચિંતવે છે કે— નિશ્ચે! આ તે જ હરિષેણ રાજાની પુત્રી અને મારી પ્રિયતમા છે. એમ ચિંતવીને કૃતનિશ્ચય

નિધિકુંડલ કુમાર હાથમાં તીક્ષ્ણ અને કરાલ કરવાલ = ખડ્ગ લઈને સિંહનાદ કરતો કાપાલિકને કહે છે કે—"રે...રે અનાર્ય! આ શું અકાર્ય આરબ્ધું છે?" એમ બોલતો કુમાર કાપાલિક સન્મુખ દોડ્યો.

નિસ્ત્રિંશ = તીક્ષ્ણ ખડ્ગને લઈને દોડતા આવતા કુમારને જોઈને ભયભ્રાંત થયેલો અને મરણથી ડરતો કાપાલિક નાશી ગયો. ત્યાર બાદ પોતાનું વૃત્તાંત કહીને કુમારે પુરંદરયશાને આશ્વાસન આપ્યું. અને કહ્યું કે—"હે ભદ્રે! કેવી રીતે આવી અસદૃશ અવસ્થાને પામી છે?"

કન્યા બોલી—"હે કુમાર! રાત્રિના સમયે સુખ શય્યામાં સુઈ રહેલા એવી મને આ કાપાલિક અપહરણ કરીને અહીં લાવ્યો છે. જ્યારે હું નિદ્રામાંથી જાગી ત્યારે મને ખબર પડી કે=હું અપહૃત થઈ છું."

"તથા પહેલાં પણ તમારા ગુણો શ્રવણ કરીને મેં મારો આત્મા તમોને સમર્પિત કર્યો હતો અને હમણાં વળી તમોએ પરાક્રમ દ્વારા મને ખરીદી લીધી છે."

નિધિકુંડલ કુમાર તે કન્યાને લઈને પુનઃ પોતાના પરિવારને મળ્યો અને અનુક્રમે અવિરત પ્રયાણ કરવા દ્વારા શ્રાવસ્તી નગરીએ પહોંચ્યો.

હરિષેણ રાજા પણ નિધિકુંડલ રાજકુમારના ગુણ અને પરાક્રમથી દ્વિગુણ પ્રસન્ન થઈને મોટા મહોત્સવ પૂર્વક વિવાહ વિધિ પ્રવર્ત્તાવે છે. શુભ લગ્ન મુહુર્ત્તે નિધિકુંડલ પુરંદરયશાનું પાણિગ્રહણ કરે છે.

હરિષેણ રાજા કરમોચન સમયે દાયજામાં હાથી-ઘોડા-રથ અને પાયદળ રૂપ ચતુરંગી સેના તથા સુવર્ણાદિ અલંકારો અને ઉત્તમ વસ્ત્રો અર્પણ કરે છે.

નિધિકુંડલ થોડા દિવસ રોકાઈને પોતાના નગરમાં આવી માત-પિતાના શુભાશીર્વાદ મેળવી સુખપૂર્વક પંચવિધ વિષયસુખો ભોગવે છે.

અનુક્રમે એકદા સમરસિંહ રાજા પરલોકના પથિક બન્યા ત્યારે નિધિકુંડલ રાજકુમાર ન્યાય પૂર્વક રાજ્યનું સંચાલન કરે છે.

જે દુર્જય રાજાઓ પૂર્વે અનુકૂળ ન હતા, તે બધા જ નિધિકુંડલ રાજાના પુણ્ય પ્રતાપથી અનુકૂળ થઈને સેવા કરવા લાગ્યા.

પૂર્વ ભવમાં ઉપાર્જિત કરેલ પુણ્યના યોગે અખંડ સામ્રાજ્યનું વિક્ષેપ વિના અનુશાસન કરતા નિધિકુંડલ રાજા પુત્રવત્ પ્રજાનું પાલન-પોષણ કરે છે.

અન્યદા શિષ્ય પરિવારથી પરિવરેલા શ્રી નંદીવર્ધન સૂરીશ્વરજી મ. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં સાકેત નગરના બાહ્ય ઉદ્યાનમાં પધાર્યા. રાજા અને નગર લોકો પરિવાર સહિત ગુરુવંદનાર્થે ઉદ્યાનમાં આવે છે. પૂ. આચાર્યદેવશ્રી આદિ મુનિવરોને વંદન કરીને બધા લોકો યથાસ્થાને બેઠા ત્યારે ગુરુદેવશ્રીએ ધર્મદેશના આપી.

ધર્મદેશના સાંભળીને, થયો છે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ જેમને એવા તે નિધિકુંડલ રાજા પ્રિયા સહિત દેશવિરતિ સ્વીકારે છે.

યથાવિધિ શ્રાવકધર્મની આરાધના કરતા નિધિકુંડલ રાજા સુંદર દેવવિમાન સદૃક્ષ જિનમંદિર = દેરાસરો બનાવરાવે છે. તથા પ્રશમરસને વિસ્તારતી, પદ્માસન મુદ્રામાં બિરાજતી એવી અનેક જિનપ્રતિમાઓ ભરાવરાવીને તે જિનાલયોમાં પ્રતિષ્ઠિત કરાવે છે. રથયાત્રા—તીર્થયાત્રા અને અષ્ટાહ્નિકા મહોત્સવ સ્વરૂપ યાત્રા રૂપ યાત્રાત્રિક દ્વારા જિનશાસનની પ્રભાવના કરતા તે રાજાની સર્વ પ્રજા પણ "यथा राजा तथा प्रजा" ના ન્યાયે જિનધર્મની આરાધનામાં તત્પર બની.

જિનેશ્વર પ્રરૂપિત સિદ્ધાંતોને=આગમોને લખાવરાવીને શ્રુતજ્ઞાનની ભક્તિ કરે છે. તથા શ્રમણ-શ્રમણી-શ્રાવક અને શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘની યથોચિત સેવા-શુશ્રુષા-વૈયાવચ્ચ-ભક્તિ દ્વારા પોતાના આત્માને કુશલાનુબંધિ કર્મથી સુવાસિત કરે છે.

નિધિકુંડલ રાજાની સાથે પંચવિધ વિષય સુખ ભોગવતાં અનુક્રમે પુરંદરયશા પટ્ટરાણીએ પુત્રનો જન્મ આપ્યો. રાજકુમારનું નામ સ્થાપ્યું પૂર્ણયશઃ.

હવે આ તરફ પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અનુક્રમે કોશલદેશના અલંકારભૂત સાકેત નગરના બાહ્ય ઉદ્યાનમાં પધારે છે. દેવોએ સમવસરણ રચ્યું. સુમતિનાથ પ્રભુ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઈ, "णमो तित्थस्स" એમ બોલી પૂર્વ દિશા અભિમુખ સિંહાસન ઉપર બિરાજમાન થયા.

આ તરફ ઉદ્યાન પાલક નિધિકુંડલ રાજાને જિનેશ્વર પ્રભુના આગમનની વધામણી આપે છે. પ્રભુના આગમનના સમાચાર સાંભળી તુષ્ટાયમાન થયેલ રાજા ઉદ્યાન પાલકને પ્રીતિદાન આપે છે, અને પરિવાર સાથે પ્રભુવંદનાર્થે અને ધર્મકથા શ્રવણાર્થે હાથીની અંબાડીમાં બિરાજમાન થઈને ઉદ્યાનમાં આવે છે. નગર લોકો પણ પરિવાર સહિત ઉદ્યાનમાં આવ્યા.

પાંચ અભિગમ સાચવવા પૂર્વક નિધિકુંડલ રાજા સમવસરણમાં પ્રવેશી, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને ઉચિત સ્થાને બિરાજમાન થયા.

બાર પર્ષદા—અગ્નિ ખૂણામાં—સાધુ-સાધ્વી અને વૈમાનિક દેવી

નૈઋત્ય ખૂણામાં—ભવનપતિ-વ્યંતર અને જ્યોતિષ્ક દેવો

વાયવ્ય ખૂણામાં ,, ,, ,, ની દેવીઓ.

ઈશાન ખૂણામાં—વૈમાનિકદેવ મનુષ્ય અને સ્ત્રીઓ—

બારે પર્ષદા યથોચિત સ્થાને બિરાજમાન થઈ ત્યારે પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ મેઘ ગર્જના જેવી ગંભીર નિર્ઘોષ પૂર્વક સર્વભાષા સામાન્ય યોજનગામિની વાણીએ ધર્મદેશના આપે છે. તે આ પ્રમાણે—

તે ધત્તૂરતરું વપન્તિ ભવને પ્રોન્મૂલ્ય કલ્પદ્રૂમં
ચિન્તારત્નમપાસ્ય કાચશકલં સ્વીકુર્વતે તે જડાઃ।
વિક્રીય ત્રિદશાધિરાજકરિણં ક્રીણન્તિ તે રાસભં
યે લબ્ધં પરિહત્ય ધર્મમધમા ધાવન્તિ ભોગાશયા ।। ૧ ।।

વૈષયિક સુખ ભોગની આશા રૂપ પાશમાં બંધાયેલા જે અધમ જીવો દુર્લભ એવા પણ જિનેશ્વરોપદિષ્ટ ધર્મને તજી દઈને ભોગોપભોગ સુખ માટે વિભાવ દશામાં દોડે છે. વિવેક વિનાના એવા તેઓ ખરેખર—

- ઘર આંગણે રહેલા કલ્પવૃક્ષને ઉખેડીને ધત્તુરાના છોડને વાવે છે.
- ચિંતારત્નને તજી દઈને કાચના ટુકડાને સ્વીકારે છે.
- ઐરાવણ હાથીને વેંચી દઈને ગધેડાને ખરીદે છે.

અવસર પ્રાપ્ત કરીને નિધિકુંડલ રાજા વિનય પૂર્વક અંજલિ જોઈને પ્રભુજીને કહે છે કે—હે ભગવન્! પ્રિયતમા સહિત એવા મેં પૂર્વ ભવમાં એવું તે કયું સુકૃત કર્યું છે કે—જે પુણ્ય કર્મના વિપાકોદયે આજે હું સર્વ રાજાઓના મુકુટ મણિઓના કિરણોથી સ્પર્શાતા ચરણકમલવાળો થયો છું અર્થાત્ અશેષ રાજાઓ આજ્ઞાને આદરવા પૂર્વક મારા ચરણોમાં પ્રણામ કરે છે, તથા વિશાળ સામ્રાજ્યના સુખને પામ્યો છું અને પુરંદરયશા રાણી મને અતિશય વલ્લભ થઈ છે.

મંગલા નંદન શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ કહે છે કે—હે નિધિકુંડલ મહારાજ! તમે સાવધાન થઈને સાંભળો!!!

એક મહાધન નામનું ઉપવન છે.

તે વનમાં એક દેવ વિમાન સદૃશ સુંદર અને રમણીય જિનમંદિર = દેરાસર છે. તે દેરાસરમાં નાભિનંદન શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુની મનોહર પ્રતિમા બિરાજમાન છે.

તે ઉપવનમાં એક કીર યુગલ = પોપટનું જોડલું રહે છે. તે એકદા શ્રી ઋષભદેવ જિનેશ્વરની પ્રતિમા જોઈને હર્ષાયમાન થયા અને પરસ્પર મનુષ્યની ભાષામાં બોલવા લાગ્યા કે—અહો! નયનોને વિષે અમૃત વૃષ્ટિ સમાન આ કેવું અપૂર્વ અને અત્યદ્ભુત રૂપ છે!!!

ખરેખર આજે આ પ્રભુના દર્શન કરનારા એવા આપણે અને અન્ય પણ જે કોઈ આ પ્રભુના દર્શન કરે છે તે બધાનું જીવિત શ્લાઘનીય અને પ્રશંસનીય છે.

તો હવે આપણે પ્રતિદિન આ પ્રભુજીના દર્શન કરશું.”

ઇત્યાદિ ચિંતવન કરતા અને બોલતા એવા તે કીરયુગલના આત્માની મોહની ગ્રંથી ભેદાઈ ગઈ, મોહના પડલ દૂર થવાથી અનુભવવા લાગ્યા કે—અહો! આ તો કોઈ સામાન્ય પુરુષની પ્રતિમા નથી પણ દેવાધિદેવ શ્રી જિનેશ્વર પ્રભુની જ પ્રશમામૃતને ઝરતી અનુપમેય પ્રતિમા છે.

અનુક્રમે વસંત ઋતુ આવી ત્યારે તે કીરયુગલ ચાંચમાં આમ્રમંજરી લાવીને પ્રભુજીના ઉત્તમાંગ=મસ્તક ઉપર સ્થાપતા અને પ્રભુ પૂજા કર્યાના આનંદને વ્યક્ત કરતા પોતાની ભાષામાં પ્રભુગુણ ગાય છે.

આ પ્રમાણે મંદ કષાયવાળા એવા તે કીરયુગલને પ્રભુ દર્શન અને પુષ્પ દ્વારા પૂજન કરતાં કેટલોક કાળ વ્યતીત થયો. શુભભાવ યુક્ત હોવાથી સમાધિપૂર્વક આયુ: પૂર્ણ થયે મરણ પામીને પોપટનો આત્મા તે તમે નિધિકુંડલ રાજા થયા છો અને જે કીરી = મેનાનો આત્મા તે આ પુરંદરયશા નામે પટ્ટરાણી થયા છે.

પ્રભુજીના વચનો શ્રવણ કરીને નિધિકુંડલ રાજા પુરંદરયશા રાણીને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવને સાક્ષાત્ હોય તેમ નિહાળતા નિધિકુંડલ રાજા કહે છે કે—હે જિનેશ્વર! તે કીરના ભવમાં તથાવિધ વિવેકની વિકલતાથી થોડી પણ જે જિનપૂજા કરી તેનું અહો! એતાદૃશ વિપુલ રાજ્યઋદ્ધિ લક્ષણ મહાન્ પુણ્યફળ મળ્યું છે!!!

શ્રી સુમતિનાથ પ્રભુ બોલ્યા કે—હે રાજન્! હજી આ તો તે પુણ્યનું તમોએ

થોડું જ ફળ મેળવ્યું છે. પણ હજી ભવિષ્યકાળમાં તમે વીતરાગ પ્રભુની પૂજાથી બંધાયેલ પુણ્યાનુબંધિ પુણ્યના પ્રભાવથી બહુ ફળ પામશો!!!

તે આ પ્રમાણે—

અહીં ઘણા કાળ પર્યંત રાજ્ય સુખ ભોગવીને અને શ્રાવકધર્મની સમ્યગા-રાધનાના પ્રભાવે સમાધિપૂર્વક નશ્વર એવા આ નરદેહને તજીને તમે પ્રિયા સહિત સૌધર્મ દેવલોકમાં દેવ થશો.

પહેલા સૌધર્મ દેવલોકમાં દિવ્ય સુખ ભોગવવાની સાથે જિનેન્દ્રભક્તિ અને ચતુર્વિધ શ્રમણ સંઘની વૈયાવૃત્ય કરતાં આયુષ્ય પૂર્ણ કરીને પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીમાં નૃપચંદ્ર રાજાની શ્રીચંદ્રા નામની પટ્ટરાણીની કુક્ષીએ લલિતાંગ નામના પુત્ર થશો. અને

દેવી પણ આયુ: ક્ષયે ચ્યવીને આ જ પુષ્કલાવતી વિજયમાં રમણીય એવા મણિનિધિ નગરમાં શિવ રાજાની શિવા નામની પટ્ટરાણીની કુક્ષીએ સુંદરી નામે રાજપુત્રી થશે.

અભિધેયાનુસાર તે સુંદરી યૌવનવય: પામશે ત્યારે તેની માતા સોળે શણગાર સજાવીને પિતાજીને પ્રણામ કરવા સખીઓ સાથે મોકલશે—

ત્યારે પુત્રીના રૂપ–સૌંદર્યાદિ નિહાળીને રાજા ચિંતવશે કે—"આ પુત્રીને અનુરૂપ વર મળશે કે નહિં?" પુત્રી હવે યૌવનવયને પામી છે અને તદનુરૂપ કોઈ રાજપુત્ર દેખાતો નથી. તો હવે આ પુત્રીનું સ્વયંવર મંડપ રચવું ઉચિત છે. કેમકે— તે પોતાની ઇચ્છાએ ગમે તે અનનુરૂપ કે અનુરૂપ વરને વરે તો તેમાં આપણને દોષ ન લાગે.

એમ ચિંતવીને નૃપચંદ્ર રાજા સુંદરી પુત્રીનું સ્વયંવર મંડપ રચાવશે અને દેશ–દેશાંતરોના રાજકુમારોને આમંત્રણ કરશે.

સમાચાર જાણીને અનેક રાજકુમારો રાજકુમારીને પરણવા સ્વયંવરમંડપમાં આવશે.

તે બધા જ આગંતુક રાજકુમારોમાં ચાર કુમાર અનુક્રમે ચાર વિદ્યામાં કુશલ હશે તે આ પ્રમાણે—

જ્યોતિષ્ક વિષયમાં સિંહ

વિમાન નિર્માણમાં પૃથ્વીપાલ

ગારૂડવિદ્યામાં અજ

અને ધનુર્વિદ્યામાં લલિતાંગ.

હવે આ બાજુ કર્યા છે સોળે શણગારો જેણે એવી સુંદરી હાથમાં વરમાળા લઈને સ્વયંવર મંડપમાં સખીઓની સાથે આવશે અને પિતાજીને પ્રણામ કરીને સભા જનો સમક્ષ બોલશે કે—જ્યોતિષ્ક-વિમાન-ગારૂડ અને ધનુર્વિદ્યામાંથી ગમે તે એક વિદ્યામાં જે કુશલ હોય તે મારા વર થાઓ!!!

ત્યારબાદ લલિતાંગ રાધાવેધ કરીને ધનુર્વિદ્યાનું કૌશલ્ય બતાવશે, તેનું કૌશલ્ય જોઈને તુષ્ટાયમાન થયેલી સુંદરી સુગંધથી આકર્ષાઈને આવેલા ગુંજારવ કરતા ભમરાઓથી વ્યાપ્ત પુષ્પમય વરમાળા લલિતાંગના કંઠમાં પહેરાવશે.

આ અવસરે કામથી પરવશ થયેલો કામાંકુર નામનો ખેચર = વિદ્યાધર સર્વ લોકોની વચ્ચેથી તત્ક્ષણ સુંદરીનું અપહરણ કરશે.

સુંદરીનું અપહરણ થયેલું જાણી શિવ રાજા તથા લલિતાંગ પ્રમુખ સ્વજન લોકો અને રાજકુમારો પણ, પરાભવ થયું છે એમ જાણતા વિષાદને પામશે.

તે સમયે જ્યોતિષ્કને જાણનારો રાજકુમાર જ્યોતિષ્ક વિષયક જ્ઞાનથી જાણીને કહેશે કે—તે વિદ્યાધર રાજપુત્રીને લઘુ હિમવંત પર્વત ઉપર લઈ ગયો છે. ત્યારબાદ વિમાનની વિદ્યાને જાણનારો રાજકુમાર વિમાનનું નિર્માણ કરશે.

જ્યોતિષ્કવેત્તાના માર્ગદર્શનાનુસારે લલિતાંગ તે વિમાનમાં બેસીને જશે.

જતાં રસ્તામાં જ્યારે લઘુહિમવંત પર્વત ઉપર કામાંકુર વિદ્યાધર સુંદરીને અનુકૂળ અને પ્રસન્ન કરવા માટે તેના પગે પડીને મનાવતો લલિતાંગના નજરે ચડશે ત્યારે ધનુર્દંડ હાથમાં છે જેના એવો લલિતાંગ તે વિદ્યાધરને આક્રોશપૂર્વક કહેશે કે—"અરે દુરાચારિન્! પરસ્ત્રીનું હરણ કરીને તું કયાં જઈશ? ચાલ! લડવા તૈયાર થા, અથવા તો માફી માગ!!!

લલિતાંગના વચન શ્રવણ કરીને રોષાયમાન થયેલ કામાંકુર વિદ્યાધર હાથમાં કરાલ કરવાલ = ખડ્ગ લઈને લલિતાંગની સન્મુખ થશે. પરસ્પરના થયેલા યુદ્ધમાં લલિતાંગ તેવા વિષમ બાણ મારશે કે—વિદ્યાધરના શરીરમાંથી બાણ સોંસરવા બહાર નિકળશે અને તેની સાથે જ વિદ્યાધરના પ્રાણ પણ શરીરને તજી દેશે.

અથવા તો દોષ યુક્ત સ્થાનમાં રહેલાને જો છિદ્ર મળે તો કોણ બહાર ન નિકળે? અર્થાત્ સર્વ કોઈ નિકળી જ જાય. તેવી જ રીતે દોષ યુક્ત એવા વિદ્યાધરના શરીરમાં રહેતા પ્રાણો બાણોથી થયેલા છિદ્રને મેળવીને બહાર નિકળી જશે. અર્થાત્ કામાંકુર પંચત્વ = મરણ પામશે.

લલિતાંગ અનુરાગિણી એવી સુંદરીને લઈને, વિમાનમાં બેસીને, મણિનિધિ નગરમાં આવીને તેના પિતાજીને સમર્પિત કરશે.

તે જ રાત્રિના સમયે સુખશય્યામાં સૂતેલી તે સુંદરીને સર્પ ડંખ દેશે. વિષના આવેગથી મૂર્ચ્છિત થયેલી રાજકન્યાને ગારુડિક જીવાડશે.

આ અવસરે કર્યો છે કન્યા ઉપર ઉપકાર જેમણે એવા તે ચારે રાજપુત્રો રાજપુત્રીને પરણવા માટે વિવાદ કરશે. તે સમયે "કોની સાથે પુત્રીનું પાણિગ્રહણ કરાવવું" એવી ચિંતા યુક્ત શિવ રાજા આદિ પરિવારને જોઈને સુંદરી કહેશે કે— "જે મારી સાથે પરલોકમાં સાથે આવશે તે મારા પતિ થાઓ !!!

સુંદરીના વચન સાંભળીને પૂર્વ ભવના અનુરાગથી વધી રહેલો છે સ્નેહ જેને એવો લલિતાંગ સુંદરીની વાત સ્વીકારીને તેણીની સાથે પ્રજ્વલિત અગ્નિ યુક્ત ચિત્તામાં પ્રવેશ કરશે અને પૂર્વ નિર્મિત સુરંગ દ્વારા બંને જણા બહાર નિકળશે.

બાકીના ત્રણે રાજકુમારો તથા બીજા બધા પણ એમ જાણશે કે-રાજપુત્રી મરણ પામી છે. ત્યાર બાદ બધા દેશાંતરેથી આવેલા બધા રાજપુત્રો સ્વ-સ્વસ્થાને જશે.

હવે આ તરફ લલિતાંગ ગાંધર્વવિધિથી સુંદરીના પાણિગ્રહણ કરી અનુક્રમે પોતાના નગરમાં આવશે.

નૃપચંદ્ર રાજા પણ પુત્રને રાજ્યભાર વહન કરવામાં સમર્થ જાણી રાજ્યાભિષેક મહોત્સવ પ્રવર્ત્તાવી પુત્રનું રાજ્યાભિષેક કરશે અને સ્વયં રાજ્ય સંપદાનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરશે.

લલિતાંગ રાજા પ્રિયતમાની સાથે પંચવિધ વિષય સુખને ભોગવતો ન્યાય-નીતિ પૂર્વક રાજ્યનું સંચાલન કરશે.

એકદા શરદઋતુના સમયે રાજમંદિરના ઝરૂખામાં બેસીને ગગન મંડલનું નિરીક્ષણ કરતા લલિતાંગ રાજા આકાશમાં વધતી જતી મેઘની શ્રેણી જુએ છે અને ક્ષણ વારમાં તો સંપૂર્ણ આકાશ મેઘથી વ્યાપ્ત થયું.

પરંતુ થોડી વારમાં પ્રચંડ પવનના સુસવાટા શરૂ થયા અને બધા જ વાદળ વિખરાઈને હતા ન હતા થઈ ગયા.

આ દૃશ્ય જોઈને લલિતાંગ રાજા ચિંતવશે કે—ઘનપટલ = મેઘની શ્રેણી ક્ષણ

વારમાં વધતી વધતી સંપૂર્ણ આકાશમાં વ્યાપ્ત થઈ, અને તત્કાલ ક્ષણાંતરે પુનઃ પ્રચંડ પવનથી વિલીન થઈ તેવી જ રીતે આ સંસારમાં કર્મના યોગે મળતું રૂપ, યૌવન, વિગેરે ક્ષણ વારમાં વિનાશ પામે છે.

તેથી હવે સુકૃત કરવું તે ઉચિત જ છે.

આ પ્રમાણે ચિંતા કરતા તે લલિતાંગ રાજાના નગરના બાહ્ય ઉદ્યાનમાં શ્રીનાથ તીર્થંકર પરિવાર સાથે પધારશે. દેવોએ રચેલા સમવસરણમાં બિરાજમાન થઈને જિનેશ્વર પ્રભુ લાલતાંગ રાજા પ્રમુખ બારે પર્ષદાની આગળ ધર્મદેશના આપશે.

ધર્મદેશના સાંભળીને વિરક્ત થયેલા લલિતાંગ રાજા પોતાના પુત્રને રાજ્ય સોંપીને પ્રિયતમા સહિત દીક્ષા ગ્રહણ કરશે. પંચાચારની યથાવિધિ પાલના પૂર્વક આયુષ્ય પૂર્ણ થયે કાળધર્મ પામી બન્ને જણા ઇશાન નામના બીજા દેવલોકમાં ઉત્પન્ન થશે.

દેવગતિમાં દિવ્ય સુખના ઉપભોગની સાથે સમ્યગ્દર્શનને નિર્મળ કરનારી જિનેન્દ્ર ભક્તિ આદિ આરાધના દ્વારા આયુષ્ય પૂર્ણ કરીને લલિતાંગનો આત્મા દેવલોકમાંથી ચ્યવીને ઘાતકીખંડમાં પૂર્વ વિદેહ ક્ષેત્રમાં રત્નાવતી નગરીમાં રત્નનાથ રાજાની કમલાવતી-રાણીની કુક્ષીએ દેવસેન નામે રાજનંદન થશે.

દેવસેન રાજકુમાર—પોતાના નિરૂપમ રૂપથી
લલિત લાવણ્યથી
ઉદગ્ર સૌભાગ્યથી
મહાન્ કળાઓની કુશળતાથી
દાન દ્વારા અર્થીજનોને સંતોષિત કરવાથી
ગુરુજનોને આનંદ આપનારા વિનયથી
નિષ્કલંક શીલ-સદાચારથી

સકલ સુર નર અને ખેચર = વિદ્યાધરોને પણ શ્લાઘનીય = પ્રશંસનીય થશે.

તથા દમયંતીનો જીવ પણ વૈતાઢ્ય પર્વત ઉપરની ઉત્તર શ્રેણિમાં મણિકુંડલ નામના રાજાની મણિમાલા નામની પટ્ટરાણીની કુક્ષીએ ચંદ્રકાંતા નામની પુત્રી થશે.

અનુક્રમે કલા અભ્યાસની સાથે યૌવનવયને પામેલી તે ચંદ્રકાંતા કન્યા વિદ્યાધરોના મુખથી દેવસેનના ગુણો શ્રવણ કરીને અનુરાગ વાળી થયેલી હોવાથી દેવસેન સિવાય અન્ય પુરુષના નામને પણ સહન નહિં કરે.

તે સમયે વિદ્યાધરો કહેશે કે-ધિક્કાર થાઓ આ કન્યાને કે જે—ખેચરોને = વિદ્યાધરોને તજીને ભૂચરની અનુરાગિણી થઈ છે. સ્વજન લોકો કન્યાને કહેશે કે—"તે દેવસેન તો ગુણ વિનાનો છે" તો પણ તે કન્યા દેવસેન પ્રત્યેના અનુરાગને નહિ તજે, ત્યારે તેના માતા-પિતા વિગેરે વડિલજનો ચિંતવશે કે—

"ચંદ્રકાંતાને અત્યારે દેવસેન પ્રત્યે જેવું પ્રેમ છે તેવું જો દેવસેનને ચંદ્રકાંતા પ્રત્યે હોય તો સારૂં."

એમ ચિંતવીને દેવસેનના પ્રેમની પરીક્ષા કરીને તેડી લાવવા માટે ચિત્રગતિ નામના વિદ્યાધરને મોકલશે. તે ચિત્રગતિ ખેચર પણ ચંદ્રકાંતાના ચિત્ર = પ્રતિચ્છંદને લઈને રત્નવતી નગરીમાં જઈને દેવસેનને ચંદ્રકાંતાનું ચિત્ર બતાવશે.

ચિત્ર જોઈને વિસ્મય મનવાળો દેવસેન પૂછશે કે—"હે ભદ્ર! અત્યદ્ભુત એવું આ રૂપ કોનું છે?

ચિત્રગતિ—"માતંગીનું આ પ્રતિચ્છંદ છે."

તર્ક કરીને દેવસેન કહેશે કે—"નિશ્ચે! આ તો કોઈક વિશુદ્ધ કુલ-વંશમાં જન્મેલી કમલાક્ષી છે." તથા

તમે જે કહો છો કે-"આ માતંગી છે" તે તમે કપટ પૂર્વક જુઠું બોલો છો એમ મને જણાય છે.

અન્યથા = જો એમ ન હોય, અને સાચે જ જો આ માતંગીનું જ ચિત્ર હોય તો—મારા મનમાં પ્રમોદને કેવી રીતે ઉલ્લસાયમાન કરે? શું કાગડી કયારેય પણ હંસના હૃદયને આકર્ષિત કરે? અર્થાત્ ન જ કરે.

દેવસેનના વચન શ્રવણ કરીને ચિત્રગતિ વિદ્યાધરે દેવસેનનું ચિત્ર આલેખી લેશે અને સાચી વાત જણાવીને કહેશે કે—પધારો અમારા નગરમાં અને આ ચંદ્રકાંતાના પાણિગ્રહણ કરી અમને કૃતાર્થ કરો!!!

એમ કહીને તે ચિત્રગતિ વિદ્યાધર દેવસેનને લઈને મણિકુંડલ નગરમાં આવશે. તે સમયે ખેચરેન્દ્ર મોટી ઋદ્ધિ પૂર્વક લગ્ન મહોત્સવ પ્રવર્ત્તાવીને શુભ લગ્ન મુહૂર્તે દેવસેનને ચંદ્રકાંતાનું પાણિગ્રહણ કરાવશે.

ઘણા સત્કાર પૂર્વક કેટલોક કાળ દેવસેનને પોતાના નગરમાં રાખીને ગુરુજન = માત-પિતાના દર્શન માટે ઉત્સુક થયેલા કુમાર દેવસેનની સાથે ચંદ્રકાંતાને હિતશિક્ષા આપીને માત-પિતા વિદાય આપશે.

વિમાનમાં બેસીને પોતાના નગરમાં આવેલો દેવસેન માત-પિતાના શુભ આશીર્વચન પામીને સુખ પૂર્વક ચંદ્રકાંતા સાથે પંચવિધ વિષય સુખ ભોગવશે.

કાળક્રમે રત્નનાથ નરપતિ આયુ:ક્ષયે દિવંગત થશે ત્યારે દેવસેન રાજા ન્યાય પૂર્વક રાજ્યનું સંચાલન કરશે.

અનુક્રમે ચંદ્રકાંતા રાણીની કુક્ષીએ કુલકલ્પતરૂ નામના રાજકુમારનો જન્મ થશે.

હવે એકદા સેવક એવા બેચરના પ્રમાદ દોષથી તાજા પુષ્પ આદિ સામગ્રી પ્રાપ્ત ન થવાથી વાસી પુષ્પોથી ચંદ્રકાંતા શૃંગાર કરશે. પણ તે શણગાર મનોહર નહીં હોવાથી સખિયો પટ્ટરાણીનો ઉપહાર = મશ્કરી કરશે.

તે આ પ્રમાણે—હે દેવિ! તમે ખરેખર મહારાજાને વલ્લભ નથી, કેમકે આજે ભોગોપભોગ વસ્તુઓમાં કચાશ દેખાય છે.

સખીઓના વચન શ્રવણ કરીને કંઈક મ્લાન મુખવાળી થયેલી ચંદ્રકાંતા મહારાણી ચિંતવશે કે—"નિશ્ચે! મારા સ્વામિનાથ મારા પ્રત્યે મંદ રાગવાળા થયા છે" એમ ચિંતવીને મહારાણી વૈરાગ્ય પામશે.

વિરક્ત ચિત્તવાળી ચંદ્રકાંતા પ્રિયાને જોઈને રાજા દેવસેન પણ વૈરાગ્યવાસિત થશે અને ચિંતવશે કે—"પરલોકના માર્ગે પ્રયાણ કરવામાં સહાયક એવા ગુરુદેવ જો પધારે તો સારૂં !!!

આ અવસરે વિમલયશ: નામના તીર્થંકર પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા તે નગરના બાહ્ય ઉદ્યાનમાં પધારશે. જિનેશ્વર પ્રભુના આગમનના સમાચાર જાણીને દેવસેન રાજા પુત્રને રાજ્ય સોંપીને પ્રિયા સહિત જિનેશ્વર પ્રભુના ચરણોમાં દીક્ષા ગ્રહણ કરશે.

પંચાચારની આરાધનામાં ઉદ્યત એવા દેવસેન રાજર્ષિ તીવ્ર તપશ્ચર્યામાં ઉદ્યુક્ત રહેવા સાથે વૈયાવચ્ચમાં પણ નિત્ય તત્પર રહેશે. અને તે સમયે તે દેવસેન રાજર્ષિ ચક્રવર્તી યોગ્ય ભોગસુખને અનુકૂળ શુભ કર્મ ઉપાર્જિત કરશે.

આયુષ્યના અંતિમ સમયે સમાધિ પૂર્વક નરદેહને તજીને બ્રહ્મદેવલોકમાં ઇંદ્રની પદવી પામશે.

ચંદ્રકાંતા સાધ્વી પણ આયુ:પૂર્ણ થયે તે જ પાંચમા દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવ થશે.

ત્યાં અખંડ સામ્રાજ્યનું સુખ ભોગવવાની સાથે જિનેશ્વરની ભક્તિ દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ કરતા આયુ:પૂર્ણ થયે દેવલોકમાંથી ચ્યવીને દેવસેનનો આત્મા—

ધાતકી ખંડના પૂર્વાર્ધમાં મેરૂ ગિરિની સમીપની વિજયમાં અમરાવતી નામની નગરીમાં શ્રીસેન રાજાની સુયશા પટ્ટરાણીની કુક્ષીમાં ગજ-વૃષભ-સિંહ આદિ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત થઈ અવતરશે અને પૂર્ણ દિવસે જન્મ થશે ત્યારે બારમે દિવસે શ્રીસેન રાજા જ્ઞાતિજન સમક્ષ કુમારનું પ્રિયંકર એવું નામ સ્થાપશે.

ચંદ્રકાંતાનો જીવ પણ દેવગતિમાંથી આયુઃક્ષયે ચ્યવીને તે જ નગરમાં સુમતિ નામના મંત્રીનો પ્રિયમિત્ર નામે પુત્ર થશે. પૂર્વ ભવના અભ્યાસથી બન્નેને પરસ્પર પ્રીતિ થશે. બન્ને જણા સાથે જ કલા અભ્યાસ કરીને અનુક્રમે યૌવનવય પામશે.

હવે આ તરફ શ્રીસેન રાજા એકદા પોતાના શરીરમાં પ્રગટેલા જરાવસ્થાના વિકારો જોઈને ચિંતવશે કે—"જેને માટે વિવેક વિકલ એવા જીવો વિવિધ પાપો કરે છે તે આ શરીર પણ અધ્રુવ = વિનશ્વર જ છે. માટે ધ્રુવ અને અવિનશ્વર એવો જે ધર્મ તેને માટે ઉદ્યમ કરવો હિતાવહ છે."

એમ ચિંતવીને શ્રીસેન રાજા પુત્ર પ્રિયંકરને રાજ્ય સોંપીને વ્રત = દીક્ષા ગ્રહણ કરી, તીવ્ર તપશ્ચર્યા કરીને કાળક્રમે નિર્વાણ પદ પામશે.

હવે આ તરફ પ્રિયંકર રાજાની આયુધશાળામાં ચક્ર રત્ન ઉત્પન્ન થશે ત્યારે પ્રિયંકર રાજા છ ખંડને સાધશે અને ચક્રવર્તી પદ પામશે અને મંત્રી પુત્ર પ્રિયમિત્ર મંત્રી પદ સંભાળશે.

૧૪ રત્નો—સેનાપતિ-ગૃહપતિ-પુરોહિત-ગજ-તુરગ-વાર્દ્ધકી અને સ્ત્રીરત્ન એમ સાત પંચેંદ્રિય રત્ન થશે તથા ચક્ર-છત્ર-ચર્મ-મણિ-કાકિણી-ખડ્ગ અને દંડ રત્ન એમ સાત એકેંદ્રિય રત્નો થશે.

નવનિધિ — નૈસર્પ-પાંડુક-પિંગલ-સર્વરત્ન-મહાપદ્મ-કાલ-મહાકાલ-માણવ અને શંખ એમ નવ નિધિ પ્રગટ થશે.

૧૪ રત્નના ૧૪૦૦૦ અધિષ્ઠાયક દેવ

૯ નિધિના ૯૦૦૦ ,, દેવ

અને ચક્રવર્તીના ડાબે અને જમણે પડખે ૧૦૦૮ + ૧૦૦૦ = ૨૦૦૦ પ્રિયંકર ચક્રવર્તીની સેવામાં ૨૫૦૦૦ દેવો નિરંતર રહેશે.

તથા—૩૨૦૦૦ મુકુટબદ્ધ રાજા આજ્ઞાનું પાલન કરશે.

૩૨૦૦૦ રાજકન્યા રૂપ સ્ત્રીઓ

૩૨૦૦૦ રાજકુલ સિવાયની ઉત્તમ કુલોની કન્યા રૂપ સ્ત્રીઓ

પ્રિયંકર ચક્રવર્ત્તી કુલ ૬૪૦૦૦ સ્ત્રીઓ પરણશે.

તથા ૩૨૦૦૦ નાટકના પેટક ચક્રવર્ત્તીના મનને પ્રમોદિત કરશે તથા

૮૪૦૦૦ હાથી.

૮૪૦૦૦ ઘોડા

૮૪૦૦૦ રથ

૯૬,૦૦,૦૦,૦૦૦ પાયદળ.

તથા ૩૨૦૦૦ દેશ

૨૪૦૦૦ આકર

૧૬૦૦૦ ખેડા

૧૪૦૦૦ સંબાહ

અને ૯૬,૦૦,૦૦,૦૦ ગામના સ્વામી એવા પ્રિયંકર ચક્રવર્ત્તી ચિરકાલ પર્યંત ન્યાયપૂર્વક રાજ્યનું સંચાલન કરતા પંચવિધ વૈષયિક સુખોને નિરાકુળ પણ ભોગવશે.

અન્યદા ચતુર્વિધ દેવોથી સેવાતા અને દેવવિરચિત સુવર્ણકમલ ઉપર ચરણ સ્થાપવા પૂર્વક વિહાર કરતા શ્રી શિવંકર જિનેશ્વર પ્રભુ અમરાવતી નગરના કુસુમસાર ઉદ્યાનમાં પધારશે ત્યારે ઉદ્યાનપાલકના મુખથી જિનેશ્વરના આગમનના સમાચર શ્રવણ કરી તુષ્ટયમાન થયેલ ચક્રવર્ત્તી ઉદ્યાનપાલકને પ્રીતિ દાન આપીને પરિવાર સાથે જિનેશ્વર પ્રભુને વંદન કરવા માટે નગર બહાર કુસુમસાર ઉદ્યાનમાં આવશે.

ચક્રવર્ત્તી અને સર્વ પ્રજાજનો પ્રભુને વંદન કરીને યથોચિત સ્થાને બેસશે ત્યારે તીર્થપતિ શ્રી શિવંકર પ્રભુ ગંભીર ધ્વનિએ ધર્મદેશના આપશે.

અવસર પ્રાપ્ત કરી પ્રિયંકર ચક્રવર્ત્તી હાથ જોડીને પ્રભુને પૂછશે કે—હે જિનેશ્વર પ્રભુ! હું ચક્રવર્ત્તી પદ કેવી રીતે પામ્યો? તથા આ પ્રિયમિત્ર મંત્રી મને અતિશય વહાલો કેમ લાગે છે?

જિનેશ્વર પ્રભુ કેવલજ્ઞાનના આલોકમાં લોકાલોકના સર્વ દ્રવ્યોના ત્રણે કાલના ભાવો પ્રત્યક્ષ હોય તેમ જાણતા હોવાથી કહેશે કે—"હે ચક્રવર્ત્તિન્! પૂર્વ જન્મમાં એકદા મેના યુક્ત પોપટના ભવમાં તમોએ જિનેશ્વર પ્રભુની પુષ્પ પૂજા કરેલી" ઇત્યાદિ પૂર્વભવ સંબંધી સર્વ હકીકત કહેશે.

તથા વિશેષ કહેશે કે—તમો બન્નેએ પૂર્વભવમાં જે આમ્રમંજરી દ્વારા જિનેશ્વર પ્રભુની પૂજા કરેલ તે સમયે પુણ્ય–વૃક્ષનું બીજ વાવેલ હતું તે પુણ્યવૃક્ષ ઉપર અત્યારે આ ચક્રવર્તીના સુખરૂપ કુસુમ ખીલ્યા છે તથા અંતે દીક્ષા લઈ નિશ્ચે નિર્વાણ સુખરૂપ ફળ પામશો.

જિનેશ્વરના વચન શ્રવણ કરીને વિષય સુખથી વિરક્ત થયેલ પ્રિયંકર ચક્રવર્તી પુત્રને રાજ્ય સોંપીને મંત્રી સહિત દીક્ષા લઈને યથાવિધિ પંચાચારની આરાધના કરીને ઘાતિકર્મો ક્ષય થયે કેવલજ્ઞાન પામશે અને અનુક્રમે અઘાતિ કર્મક્ષય થયે પરમપદ પામશે.

ઇત્યાદિ ભૂતકાળના અને ભવિષ્યકાળના પોતાના ચરિત્રને સાંભળીને વિરક્ત ચિત્તવાળા નિધિકુંડલ રાજા પોતાના પુત્રને રાજ્ય સોંપી પ્રિયતમા સહિત સુમતિનાથ જિનેશ્વર પાસે દીક્ષા સ્વીકારે છે. ચારિત્રની આરાધના સાથે તીવ્ર તપશ્ચર્યા કરવા દ્વારા નિધિકુંડલ રાજર્ષિ આત્માને નિર્મળ કરે છે. અંત સમયે સમાધિપૂર્વક મનુષ્યદેહને તજીને સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

શ્રી ઉદયરત્નવિરચિત શ્રી સુમતિનાથ જિન સ્તવન

સુમતિકારી **સુમતિ** વારૂ **સુમતિ** સેવો રે
સુમતિ વારૂ **સુમતિ** સેવો રે....

કુમતિનું જે મૂલ કાપે, દેવ-દેવો રે, સુમતિ વારૂ....૧
ભવ જંજીરના બંધ દે ભાંગી, દેખતાં ખેવો રે, સુમતિ વારૂ....૨
હરિસહ તેહનું દેખવા મુજને, લાગી ટેવો રે, સુમતિ વારૂ....૩
કોડિ સુમંગલાકારી **સુમંગલા–સુત** એહવો રે, સુમતિ વારૂ....૪
ઉદય પ્રભુએ મુજરો મ્હારો, માની લેવો રે, સુમતિ વારૂ....૫

—o—

॥ ભાવનગર (શાસ્ત્રીનગર) મંડન શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય નમો નમઃ ॥



પ્રસ્તાવ ૩૨ મો

દેવ વિરચિત નવ સુવર્ણ કમલ ઉપર ચરણ-કમલ સ્થાપતા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ સાકેત નગરથી વિહાર કરીને પૃથ્વીતલને પાવન કરતા અન્યત્ર વિહાર કરે છે.

સંસાર રૂપ વનમાં સર્વત્ર સળગી રહેલ કષાય રૂપ દાવાનલને પુષ્કરાવર્ત્ત મેઘની જેમ અમૃત ઝરતા વચનો દ્વારા શાંત કરે છે. શ્રી સુમતિનાથ પ્રભુના શાસનની સેવા તુંબરૂ નામના યક્ષ અને મહાકાલી નામની યક્ષિણી સહર્ષ સ્વીકારે છે.

※ તુંબરૂ યક્ષ—પહેલા જમણા હાથમાં—વરદ બીજા હાથમાં શક્તિ.
પહેલા ડાબા હાથમાં ગદા
બીજા ,, ,, નાગપાસ
શરીરનો વર્ણ ઉજ્જવલ અને વાહન ગરૂડ.

આવા સ્વરૂપ વાળો તુંબરૂ યક્ષ નિરંતર શ્રી સુમતિનાથ પ્રભુના શાસનની આરાધના કરનારાઓની સેવા કરે છે અર્થાત્ સાન્નિધ્ય કરે છે.

※ મહાકાલી યક્ષિણી—જમણા હાથમાં પહેલામાં વરદ બીજામાં પાશ
ડાબા હાથમાં ,, વજ્ર ,, અંકુશ
કમલ ઉપર બિરાજમાન થયેલી અને દેદીપ્યમાન સુવર્ણ વર્ણા શરીરને ધારણ કરનારી મહાકાલી યક્ષિણી દેવી સુમતિનાથ પ્રભુના તીર્થમાં સંઘને સાન્નિધ્યકારિણી થઈ.

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનો પરિવાર.

※ મોક્ષપદમાં બાંધ્યું છે લક્ષ્ય જેમણે એવા ૩,૨૪,૦૦૦ સાધુઓ.

- શીલરત્નના નિધાન તુલ્ય એવી ૫,૩૦,૦૦૦ સાધ્વીઓ.
- કેવલજ્ઞાન ગુણરત્ન રત્નાકર તુલ્ય એવા ૧૩,૦૦૦ કેવલજ્ઞાનીઓ.
- ચારિત્રરાજની રાજધાની તુલ્ય મનઃપર્યવજ્ઞાની ૧૦,૪૫૦ મુનિવરો.
- રૂપી દ્રવ્યોના ત્રણેકાળના મર્યાદિત પર્યાયોને જાણનારા ૧૧,૦૦૦ અવધિજ્ઞાની.
- ચતુર્દશ પૂર્વને જાણનારા ૨,૪૦૦ શ્રુતકેવલી મુનિવરો.
- વૈક્રિય ઋદ્ધિ પ્રાપ્ત મુનિવરો ૧૮,૪૦૦
- વાદિપર્ષદામાં અપરાજિત એવા ૧૦,૪૫૦ મુનિવરો છે.
- શ્રમણધર્માનુરક્ત એવા ૨,૮૧,૦૦૦ શ્રાવકો.
- દેવ-ગુરુ ભક્તિ પરાયણ ૫,૧૬,૦૦૦ શ્રાવિકાઓ.

ઇત્યાદિ ચતુર્વિધ સંઘથી પરિવરેલા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ ૨૦ વર્ષ અને ૧૨ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ પર્યંત કેવલજ્ઞાન પર્યાય દરમ્યાન અષ્ટ-પ્રાતિહાર્યથી શોભિત જિનેશ્વર પ્રભુ ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ મધ્ય ખંડમાં અપ્રતિબદ્ધ પણે વિચરીને ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા અનુક્રમે નિર્વાણ કાળ નિકટ જાણીને મેઘભૂપકુલાંબરદિનમણિશ્રી સુમતિનાથ જિનેશ્વર પરમાત્મા પરિવાર સહિત ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સમ્મેતશિખર ગિરિરાજ ઉપર પધારે છે.

જિનેશ્વર પ્રભુને પધારેલા જાણીને અતિશય ઉલ્લસાયમાન થયેલ સમેતશિખર ગિરિવર પવનની પ્રેરણાથી ચૂંટાયેલા વૃક્ષ ઉપરના સુગંધિ પુષ્પો દ્વારા પ્રભુની પુષ્પ દ્વારા પૂજા કરે છે.

તથા પ્રભુજીને સ્નાન કરાવવા માટે રત્નમય શિખરોમાંથી ઝિલ્લી રહેલા નિર્ઝરણ = ઝરણાના શીતલ જલથી સમન્વિત છે.

વાયુથી કંપાયમાન થતા વૃક્ષનોના પત્ર અને શાખા દ્વારા નૃત્ય કરી હર્ષને વ્યક્ત કરે છે.

સુગંધિ પુષ્પોના પરાગ ચૂંસવામાં લાલચુ એવા ભ્રમરોના વૃંદના મધુર ગૂંજન દ્વારા પ્રભુના ગુણ-સ્તવના કરે છે.

તે સમયે જ્યોતિષક અને વ્યંતર દેવોએ સમવસરણ રચ્યું. બારેપર્ષદા યથાસ્થાને બિરાજમાન થઈ ત્યારે શ્રી જિનેશ્વર પ્રભુ પૂર્વ દિશાના દ્વારેથી સમવસરણમાં પ્રવેશીને.

ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈને "णमो तित्थस्स" બોલીને પૂર્વ દિશાભિમુખ સિંહાસન ઉપર બિરાજમાન થાય છે.

સૂર્ય જેમ કિરણોને વિસ્તારવા પૂર્વક વિશ્વના પદાર્થોને પ્રકટ કરે છે તેમ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ યોજનગામિની, સર્વભાષામાં પરિણામ પામનારી, પાંત્રીશ ગુણગણયુક્તવાણી દ્વારા ધર્મોપદેશ આપતા વિશ્વના સર્વ પદાર્થોના યથાવસ્થિત ગુણ-પર્યાયો દર્શાવે છે.

તે આ પ્રમાણે—

स्वाम्यं स्वप्नसमं समागमसुखं सन्ध्याभ्रलेखामुखं,
तारुण्यं करिकर्णतारतरलं लक्ष्मीं तडित्सन्निभाम् ।
आयुर्वायुचलं बलं कुशलतालग्नाम्बुबिन्दूपमं,
मत्वा विश्वमशाश्वतं वितनुत क्षेमाय धर्मोद्यमम् ।।

સ્વામિત્વ સ્વપ્ન તુલ્ય છે.

સંયોગ જન્ય સુખ સન્ધ્યાના વાદળના વિલાસ જેવું છે.

યૌવન હાથીના કર્ણ જેવું ચંચલ છે.

લક્ષ્મી વીજળીના ચમકારા જેવી છે.

આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે.

અને બળ ડાભના અગ્રભાગે રહેલા જલબિંદુ જેવું છે.

એમ જાણીને હે ભવ્યજીવો! અશાશ્વત એવા વિશ્વની મમતા તજીને યોગ ક્ષેમ કારક ધર્મની આરાધનામાં ઉદ્યમ કરો !!!

આ પ્રમાણે ધર્મદેશના રૂપ અમૃતરસથી ભવ્યજીવોને તૃપ્ત = ખુશ કરીને શ્રી સુમતિનાથ પ્રભુ સમેતશિખરગિરિના ઊંચા શિખર ઉપર ચઢે છે.

ત્યાં સુંદર નિર્જીવ ભૂમિ સ્વરૂપ પાષાણ શિલા ઉપર એક હજાર મુનિવરો સાથે પદ્માસનાવસ્થામાં બિરાજમાન થઈને શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ ચતુર્વિધા-હારનો ત્યાગ કરી અનશન સ્વીકારે છે.

હવે આ તરફ અવધિજ્ઞાનથી જાણ્યું છે પ્રભુના અનશનના કાળને જેમણે એવા બત્રીશ ઇન્દ્રો પરિવાર સાથે ગગનમંડલને ઉદ્યોતિત કરતા સમ્મેતશિખર ગિરિરાજ ઉપર આવે છે.

૧૦૦૦ મુનિવર રૂપ પરિવારથી પરિવરેલા શ્રી સુમતિનાથ જિનેન્દ્ર પરમાત્માને વંદન કરીને પ્રભુ ગુણ સ્તવના કરતા પ્રભુની આગળ નૃત્ય કરે છે બહુમાન નિર્ભર હૃદયવાળા થઈને પર્યુપાસના = સેવા કરે છે.

તે સમયે ચોતરફથી આવી રહેલા ચતુર્વિધ નિકાયના દેવ-દેવીઓના સમૂહથી સમેતશિખર ગિરિ દેવલોક તુલ્ય શોભવા લાગ્યો.

તે સમયે શુકલધ્યાનના ચરમ પાયાનું ધ્યાન ધરતા શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ શૈલેશીકરણ દ્વારા મેરુગિરિ જેવા નિશ્ચલ = નિષ્પ્રકંપ થયા. અયોગિકેવલી નામના ચૌદમા ગુણઠાણે અ ઇ ઉ ઋ ઌ સ્વરૂપ પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચાર કાળ પ્રમાણ સ્થિરતા કરીને વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર સ્વરૂપ અઘાતિ કર્મોની નિર્જરા કરીને સર્વકર્મજાલથી સંપૂર્ણ રીતે અળગા થઈને શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ એક જ સમયમાં લોકના અગ્ર ભાગે જઈ સાદિ અનંત ભાંગાવાળી સ્થિતિએ સ્થિર થયા.

તે સમય હતો—ચૈત્ર સુદ નવમીનો પૂર્વાહ્ન કાળ તે દિવસે એક હજાર મુનિવર સાથે શ્રી સુમતિનાથ પ્રભુ શિવપદ પામ્યા.

સિદ્ધશિલા—હિમ-રજત-કુંદ અને ગાયના દૂધ જેવી ઉજ્જ્વલ—

૪૫ લાખ યોજન લાંબી અને પહોળી—

૮ યોજન મધ્ય ભાગે જાડી ધીમે ધીમે પાતળી થતી અનુક્રમે ચો

તરફ છેડે માખીની પાંખ જેવી પાતળી.

તે સિદ્ધશિલા ઉપર બિરાજમાન એવા સિદ્ધાત્માઓ જન્મ-જરા-રોગ-શોક અને મરણના દુઃખથી સર્વથા મુક્ત છે.

તથા ક્રોધ-માન-માયા અને લોભથી ઉત્પન્ન થનારા લાખો દુઃખોથી પરિત્યક્ત હોય છે.

ઈર્ષ્યા-વિષાદ-ભય-મદન (કામ) મોહ-અરતિ-રતિ-નિદ્રા-ક્ષુધા (ભૂખ) પિપાસા (તરસ) તો સિદ્ધાત્માઓને જરા પણ સ્પર્શે નહિં.

અનિષ્ટ યોગો તો સર્વથા અળગા જ થઈ ગયેલા હોય છે.

આવા સિદ્ધ પરમાત્માઓ અલોકને અડીને, લોકના અગ્રભાગે સાદિ અનંત ભાંગે નિવાસ કરે છે.

સિદ્ધાત્માઓનું અવસ્થાન ગાઉના છઠ્ઠા ભાગ પ્રમાણનાં અલોકને અડીને જ છે

સિદ્ધાત્માઓને નથી શરીર, નથી ઇંદ્રિયો અને તેથી જ નથી ઇંદ્રિયજન્ય વિષયના વિકારો—

છેલ્લા ભવના શરીરમાંથી એક ભાગ ન્યૂન થઈને બે ભાગ પ્રમાણ અવગાહનાવાળા પ્રત્યેક સિદ્ધાત્માઓ હોય છે.

એક હજાર સાધુઓ સાથે શ્રી સુમતિનાથ પ્રભુ પણ ત્રિભાગોન અવગાહના વાળા થઈને શાશ્વત અવ્યાબાધ સુખમય મુક્તિ પદ પામ્યા.

તદનંતર શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ પરિવાર સાથે નિર્વાણ પદ પામ્યા છે એમ જાણીને દેવ-દેવીઓથી પરિવરેલા બત્રીશ ઇંદ્રો તત્કાળ હૃદયમાં પ્રસારને પામતા શોક રૂપ અગ્નિથી દાઝી રહેલા સર્વ અંગવાળા થઈને વિલાપ કરતા નયનોમાંથી અશ્રુધારા વહાવે છે.

વિકુર્વેલા અશ્રુ જલના પ્રવાહથી સીંચી છે ભૂમિ વલયને જેમણે એવા તે દેવ-દેવીઓ મોટા સ્વરે કરુણ વિલાપ કરતા રડે છે અને ગગનને શબ્દમય બનાવે છે.

તે આ પ્રમાણે—

"તે નાથ! આટલા દિવસ સુધી આપ શ્રીમાન્ પૃથ્વીતલ ઉપર વિચરતા હતા તેથી આ પૃથ્વી સનાથ હતી અને હવે આપ શિવમંદિરે પહોંચ્યા તેથી આ પૃથ્વી આજે અનાથ થઈ છે."

"હે નાથ! ત્રણે લોકને ઉદ્યોતિત કરનારા પ્રદીપ તુલ્ય એવા આપ નિર્વાણ પદ પામ્યા, તેથી હવે ગાઢ મોહના અંધકારથી રૂંધાઈ છે ગતિ જેમની એવા ભવ્ય જીવો કેવી રીતે મુક્તિમાર્ગ ઉપર સંચરી શકશે?"

"હે જિનેશ્વર! કેવલજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી પ્રકટ કર્યા છે સર્વ પદાર્થોને જેમણે એવા આપ શ્રીમાન્ અસ્તાચલ ઉપર રહેલા સૂર્યની જેમ આજે અસ્ત પામ્યા છો. તેથી હવે મોહના અંધકારથી વ્યાપ્ત એવા આ ત્રિભુવનનું શું થશે?"

"હે તીર્થનાથ! ભયાનક ભવ અટવીમાં કષાય રૂપ ચોરોના સમૂહથી લૂંટાતા એવા અમારું આપના વિના અન્ય કોણ રક્ષણ કરશે?"

"હે પરમાત્મન્! ભવ રૂપ ઊંડા કૂવામાં પડેલા ત્રણે ભુવનનો ઉદ્ધરણ કરવામાં આપના વિના અન્ય કોણ સમર્થ છે? અને સમર્થ એવા આપ આજે અમને ભવ-કૂવામાં ડૂબતા છોડીને શિવપદ પામ્યા છો તો દયાનિધિ એવા આપને આવું કરવું તે શું ઉચિત છે? અર્થાત્ ઉચિત નથી જ!!!

"હે પરમેશ્વર! મોહ રાજાએ કુવાસના રૂપ લોખંડની દૃઢ શૃંખલા = સાંકલથી બાંધીને ભવ રૂપ કેદખાનામાં નાખેલા એવા અમને આપ વિના કોણ છોડાવશે?"

હે સ્વામિન્! સંસાર રૂપ મરૂસ્થલ = રણ પ્રદેશમાં આપ કલ્પવૃક્ષ તુલ્ય હતા તેથી અમને આનંદ આનંદ હતું પણ આજે અમને છોડીને આપ કયાં ગયા છો? અહહ... અમે આજે અધન્ય છીએ—પુણ્યહીન છીએ...!!!

હે મુનીન્દ્ર! અસંખ્ય દુઃખોની લહેરો = તરંગોથી ભયાનક એવા ભવ સમુદ્રમાં ડૂબતા એવા અમને ટળવળતા છોડીને આપ શ્રીમાન્ શિવમંદિરમાં પહોંચ્યા છો, તે યુક્ત નથી જ!!!

આ રીતે ચારે નિકાયના દેવો, દેવીઓ, વિદ્યાધરો, મનુષ્યો અને સ્ત્રીઓ શ્રી સુમતિનાથ પ્રભુના વિરહમાં ઘણા શોકને ધારણ કરતા કલ્પાંત તુલ્ય વિલાપ કરે છે.

જિનેશ્વર પ્રભુ મોક્ષ પદ પામ્યા તેથી નહિં હવે અમને ધર્મોપદેશ કોણ આપશે? એવું ચિંતવતા લોકો મતિમૂઢ થયા હોય તેમ અસદૃશ વિલાપ કરે છે.

ત્યાર બાદ સુર અને અસુરો ક્ષીર સમુદ્રમાંથી લાવેલા પવિત્ર જલને કર્પૂર અને ચંદનથી સુવાસિત કરીને શ્રી સુમતિનાથ પ્રભુના શરીરનો અભિષેક કરે છે.

ત્યાર બાદ સુકોમલ વસ્ત્રથી પ્રભુનું શરીર લુંછીને કસ્તૂરી યુક્ત ગોશીર્ષ ચંદનના દ્રવથી સર્વાંગે વિલેપન કરીને સૌરભ ગુણના નિવાસ તુલ્ય એવા પ્રવર સુવાસિત દ્રવ્યોથી પ્રભુના શરીરને સુવાસિત કર્યું.

અગરૂ—કંદરૂક પ્રમુખ સુગંધિ ધૂપથી પ્રભુજીના શરીરને ધુપીને નિર્મળ અને પવિત્ર એવા દિવ્ય વસ્ત્રોથી પ્રભુનું અંગ આચ્છાદિત કર્યું, અર્થાત્ દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા.

તદનંતર મંદાર પારિજાત સંતાનક પ્રમુખ ઉત્તમ પુષ્પોની માળાઓ પ્રભુના કંઠમાં ઠવીને રત્નમય દેવચ્છંદામાં પ્રભુજીને પધરાવ્યા.

ત્યાર બાદ સેવક દેવ દ્વારા બનાવાયેલી ગોશીર્ષ ચંદનની વિશાળ ચિત્તામાં ઇંદ્રો પ્રભુજીની શિબિકા સ્થાપે છે.

આ જ રીતે સામાનિક આદિ દેવો પ્રભુ સાથે શિવપદ પામેલા એક હજાર સાધુઓની અંતિમ વિધિ કરે છે.

ત્યાર બાદ અગ્નિકુમાર દેવોએ ચિત્તામાં અગ્નિ પ્રકટાવ્યું અને વાયુકુમાર દેવોએ તે અગ્નિને પ્રજ્વલિત કર્યું.

અનુક્રમે શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુના શરીરના અસ્થિ-દાંત સિવાયના રુધિર-માંસ વિગેરે ભસ્મસાત્ થયા ત્યારે મેઘકુમાર દેવોએ સુગંધિ જલની વૃષ્ટિ કરીને ચિત્તાની અગ્નિને બુઝવ્યું.

ત્યાર બાદ ❋ સૌધર્મેન્દ્ર પ્રભુની ઉપરની જમણી દાઢા ગ્રહણ કરે છે.

❋ ચમરેન્દ્ર પ્રભુની નીચેની જમણી દાઢા ગ્રહણ કરે છે.

❋ ઇશાનેન્દ્ર પ્રભુની ઉપરની ડાબી દાઢા ગ્રહણ કરે છે.

❋ બલીન્દ્ર પ્રભુની નીચેની ડાબી દાઢા ગ્રહણ કરે છે.

બાકીના બત્રીશ દાંત શેષ ઇંદ્રો અનુક્રમે ગ્રહણ કરે છે. તથા અસ્થિઓ દેવો ગ્રહણ કરે છે.

રક્ષા = ભસ્મ ખેચરો તથા ભૂચર મનુષ્યો ગ્રહણ કરે છે.

ઉપસર્ગના સમૂહોના નિવારણ માટે હું લઉં...હું લઉં...એમ બોલતા જિનેશ્વર પ્રભુના અસ્થિ અને ભસ્મને દેવો તથા મનુષ્યો ગ્રહણ કરે છે.

આ દાઢાઓ તથા અસ્થિઓને ઇંદ્રો અને દેવો પોતાના વિમાનમાં લઈ જઈને માણવક સ્તંભમાં વજ્રમય ડાબડામાં સ્થાપે છે. અને હંમેશા પૂજા કરે છે.

જ્યારે કોઈ દુષ્ટ તત્ત્વનો ઉપદ્રવ થાય ત્યારે તે દાઢા કે અસ્થિઓના નહવણ જલથી પોતાનું રક્ષણ કરે છે.

લોકમાં પણ કહેવાય છે કે—

વનસ્પતિ રૂપ કલ્પવૃક્ષ કલ્પિતાર્થ પૂર્ણ કરે છે.

પત્થર રૂપ ચિંતારત્ન ચિંતિત વસ્તુ આપે છે.

પશુ રૂપ કામધેનુ તત્ક્ષણ કામિત અર્થ પ્રાપ્ત કરાવે છે.

અસ્થિ રૂપ નાગમણિ તત્કાલ વિષમ વિષનું નિવારણ કરે છે.

તૃણ રૂપ ઔષધિઓ અસાધ્ય રોગોની પીડાથી રક્ષણ કરે છે.

જો આ રીતે વિશિષ્ટ ગુણના અંશ વિનાના પણ જીવોના શરીરના અંશો અતિશય યુક્ત થયા થકા વિશ્વમાં મહિમાવાળા ગણાય છે અને ઉપદ્રવો નિવારીને સંપદાઓ આપે છે તો પછી.—

કેવલજ્ઞાન-દર્શનને ધારણ કરનારા તથા અનંત ચારિત્ર-વીર્ય ગુણસંપન્ન એવા જિનેશ્વર પ્રભુના શરીરના અવયવો વાંછિતાર્થોને સાધી આપે તે અઘટિત તો નથી જ !!! અર્થાત્ યુક્તિયુક્ત જ છે.

શ્રી સુમતિનાથ પ્રભુનું જ્યાં અગ્નિ સંસ્કાર કરેલ તે સ્થાને દેવો રત્નમય સ્તૂપ બનાવીને તેમાં મણિ-રત્ન નિર્મિત પ્રભુની પ્રતિમા પધરાવીને પૂજા કરે છે.

જે શિલા ઉપર અંતિમ સમયે જ્યાં પ્રભુએ દેહને વિસર્જિત કરેલ તે મોક્ષશિલા તલ ઉપર વજ્રપાણિ ઇન્દ્ર મહારાજા વજ્રથી જિનેશ્વર પ્રભુ શ્રી સુમતિનાથ પરમાત્માનું નામ અને લક્ષણો કોતરે છે.

ત્યાર પછી દેવ-દેવેન્દ્રો પરિવાર સાથે નંદીશ્વર દ્વીપમાં જઈને શાશ્વત જિનાયતનોમાં અઠ્ઠાઈ મહોત્સવ પ્રવર્ત્તાવવા પૂર્વક જિનેશ્વર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરે છે.

ત્યાર બાદ પંચમતીર્થપતિશ્રી સુમતિનાથ જિનેશ્વર પરમાત્માને ચિત્તમાં સ્મરણ કરતા સર્વ દેવ-દેવીઓ સ્વ-સ્વ સ્થાને ગયા.

શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુ

- કુમાર અવસ્થા ૧૦ લાખ પૂર્વ વર્ષ
- રાજ્ય અવસ્થા ૧૨ પૂર્વાંગ અધિક ૨૯ લાખ પૂર્વ વર્ષ—
- ચારિત્ર પર્યાય ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ વર્ષ.
- સંપૂર્ણ આયુષ્ય ૪૦ લાખ પૂર્વ વર્ષ.

સંવરભૂપકુલાંબરદિનમણિ શ્રી અભિનંદનસ્વામીના નિર્વાણથી નવ લાખ ક્રોડ સાગરોપમ પૂર્ણ થયા ત્યારે મેઘભૂપતિકુલકમલાકર દિનબંધુ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું નિર્વાણ થયું.

મંગલાનંદન શ્રી સુમતિનાથ પ્રભુના નિર્વાણથી વિધુરિત ચિત્તવાળા શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘને પ્રથમ ગણધર શ્રી ચમરસ્વામી હિતશિક્ષા આપે છે.

"હે ભવ્યજીવો! કર્મની બેડીને તોડીને ભયાનક ભવ રૂપ કેદખાનામાંથી મુક્ત થઈને શ્રી સુમતિનાથ પ્રભુ પરમાનંદ સ્વરૂપ સુખ છે જ્યાં, તેવા શાશ્વતપદ = મોક્ષ-પદને પામ્યા છે.

"તો હે પુણ્યાત્માઓ! ઘણા મંગલને વિસ્તારનારા એવા પરમપદને આજે પ્રભુ પામ્યા છે તેથી આજે હર્ષ = આનંદના દિવસે શોક કેમ કરો છો? માટે હે મુમુક્ષુઓ! આજે શોકને તજીને હર્ષ = પ્રમોદને વિસ્તારો!!!

શ્રી ચમર ગણધર પ્રભુના હિતોપદેશને શ્રવણ કરીને સંઘ વતી એક

શ્રમણોપાસકાગ્રણી પૂછે છે કે—હે ભગવન્! પરમપદમાં સુખ કેવા પ્રકારનું છે? તે અમને કૃપા કરીને કહો!!

શ્રી ચમર ગણધર કહે છે કે—હે ભાગ્યશાળીઓ! પરમપદના સુખ વિષયક એક દૃષ્ટાંત કહું છું તે તમે સાવધાન થઈને સાંભળો!!!

કોઈ એક રાજાને એકદા વિપરીત શિક્ષાવાળો અશ્વ = ઘોડો નિર્જન અટવીમાં લઈ ગયો. તે અટવીમાં ભૂખ અને તરસથી પીડા પામતા રાજા એક વૃક્ષ નીચે વિસામો લે છે.

કોઈ એક ભીલ ફરતો તે વૃક્ષ પાસે આવે છે. રાજાને ભૂખ-તરસના દુઃખથી પીડા પામતો જોઈને કરુણા ઉપજી છે જેને એવો તે ભીલ તત્કાલ શીતલ જલ અને મીઠા ફળો લઈને રાજાને અર્પણ કરે છે.

એટલામાં રાજાને શોધવા રાજાની પાછળ નિકળેલ સૈન્ય આવી પહોંચ્યું. તે સમયે રાજાએ ચિંતવ્યું કે—"આ પુલીન્દ્ર = ભીલ મારો ઉપકારી છે માટે મારે પ્રત્યુપકાર કરવો જોઈએ" એમ ચિંતવીને રાજા તે ભીલને પોતાની સાથે નગરમાં લાવીને રાજમંદિરમાં ઉતારો આપે છે.

વિવિધ ચિત્ર-વિચિત્ર મણિ-રત્ન જડિત આવાસ ગૃહમાં રહેલા તે પુલીન્દ્રને રાજા અપૂર્વ આગતા-સ્વાગતા પૂર્વક સેવા શુશ્રુષા કરે છે.

- વિવિધ સુગંધિ જલથી સ્નાન.
- રંગ-બે રંગી જરીયાન આદિ પટ્ટકુલ = દિવ્ય વસ્ત્ર-
- પક્વાન્ન-પરમાન્ન-ફળ આદિ ઉત્તમોત્તમ ભોજન સામગ્રી.
- નંદનવન તુલ્ય ક્રીડા ઉદ્યાનમાં વિચરણ.
- મણિ-રત્નજડિત સ્તંભ યુક્ત રાજસભા.
- દેવ વિમાન સદૃશ રાજમંદિર-

કેટલાક દિવસ બાદ એકદા ભીલને પોતાનું કુટુંબ યાદ આવ્યું. સ્વજનને મળવા ઉત્કંઠિત ભીલ રાજાને કહે છે કે—હવે મારે મારા નિવાસસ્થાને જવું છે.

રાજાએ ઘણા સન્માન પૂર્વક ભીલને સ્વસ્થાને જવા માટે વિસર્જિત કર્યો ત્યારે તે પુલીન્દ્ર અટવીમાં જઈને કુટુંબી જનોને મળે છે ત્યારે નાના-મોટા બધા જ પરિવારના લોકો પૂછે છે કે—"તમે આટલા દિવસ સુધી કયાં ગયા હતા?"

ભીલ બોલ્યો—રાજાના આગ્રહથી નગરમાં રાજાના રાજમહેલમાં રહ્યો હતો.

પરિવાર—"હે તાત! તે રાજમંદિર કેવું હતું?"

પુલીન્દ્ર—ઉટજ = ઝુંપડા કે ગિરિ ગુફા જેવું.

પુત્ર—"હે પિતાજી! ત્યાં શું પહેરતા હતા?

પુલીન્દ્ર— પટ્ટકુલ પહેરતો હતો.

પુત્ર—તે કેવા હતા?

પુલીન્દ્ર—તે પટ્ટકુલ વલ્કલ = ઝાડની છાલ જેવા હતા.

પુત્ર—હે તાત! ત્યાં શું ખાતા હતા?

પુલીન્દ્ર—હે પુત્ર! ત્યાં મોદક ખાવા મળતા હતા.

પુત્ર—તે મોદક કેવા હતા?

પુલીન્દ્ર—પાકા બિલ્વ = બિલ્લાના ફળ જેવા.

આ પ્રમાણે અટવીના પ્રસિદ્ધ દૃષ્ટાંતો દ્વારા અદૃષ્ટ એવા નગરના પદાર્થોનું સ્વરૂપ સ્વજનોને સમજાવે છે.

તેવી જ રીતે નથી અનુભવ્યું સિદ્ધિગતિનું સુખ જેમણે એવા તમારી (સંસારી જીવોની) આગળ અનુપમેય એવું સિદ્ધિગતિનું સુખ કહી શકાય તેમ ન હોવા છતાં પણ જન પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા કહું છું તે હે મહાનુભાવો! તમે સાવધાન થઈ સાંભળો !!!

કોઈ એક તરૂણ પુરુષ છે. તે પૂર્વના પુણ્યના યોગે—

- સઘળી આધિ-વ્યાધિથી મુક્ત છે.
- મનોજ્ઞ આહારથી શરીર અનુકૂળ છે.
- સઘળી કળાઓમાં કુશલ છે.
- ચતુર મિત્રોથી પરિવરેલો છે.
- કર્ણને આકર્ષિત કરે તેવા કિન્નર ગીત સાંભળી રહેલો છે.
- બહુવિધ હાવ-ભાવથી રમ્ય એવું રમણીય નાટક જુએ છે.
- સુગંધિ પુષ્પ, કસ્તૂરી, કર્પૂર અને ચંદન આદિની સુગંધથી પ્રસન્ન નાસિકાવાળો છે.
- ઉત્તમોત્તમ સુગંધિ દ્રવ્ય યુક્ત તાંબુલથી સુરભિત મુખવાળો છે.
- પટ્ટાંશુકથી આચ્છાદિત સુકોમલ શય્યા = પલ્યંકમાં રહેલો છે.
- કામ કળા કુશલ કામિની સાથે હાસ્ય-વિનોદને કરતો સમય પસાર કરે છે.

આ રીતે સર્વ અનુકૂલ વિષયોના સુયોગમાં મનુષ્ય જે સુખને પામે છે તે સુખ સિદ્ધાત્માના સુખના એક અંશના અનંતમે ભાગે પણ ન આવે.

जं च कामसुहं लोए जं च दिव्वं महासुहं।
वीयरायसुहस्स य णंतभागं पि नग्घइ ।।

અન્યત્ર પણ કહ્યું કે—

આ લોકમાં મનુષ્યોને જે કામ-સુખ છે અને દિવ્યગતિવાળા દેવોને જે પ્રકૃષ્ટ દિવ્ય મહાસુખ છે. તે સર્વ મનુષ્યો અને સર્વ દેવોના ભૂતકાળ-વર્તમાન કાળ અને ભવિષ્યકાળના સુખને એકત્રિત કરીએ તોપણ વીતરાગના સુખના એક અંશના અનંતમા ભાગ જેટલું પણ ન થાય.

અર્થાત્ સંસારમાં રહેલા જીવોને મળતા ત્રણે કાલના વૈષયિક સુખથી પણ અનંતાનંતગુણ સુખ મોક્ષમાં રહેલા જીવોને વિના પ્રયાસે પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ત્રણે ભવનને ઉદ્યોતિત કરનારા સર્વજ્ઞ શ્રી સુમતિનાથ જિનેશ્વર રૂપ સૂર્ય અસ્ત થયો ત્યારે ચારિત્ર ચૂડામણિ એવા શ્રી ચમરગણધર પ્રભુ પ્રજ્વલિત દિપકની જેમ લોકમાં પ્રસારને પામતા મોહના અંધકારનો ધર્મદેશના રૂપ જ્યોત દ્વારા વિનાશ કરતા પૃથ્વીતલ ઉપર પરિવાર સાથે વિચરે છે.

ઇતિ શ્રી સોમપ્રભ સૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ
શ્રી સુમતિનાથ ચરિત્રમાં શ્રી સુમતિનાથ જિનેશ્વર નિર્વાણ
કલ્યાણક વર્ણન સ્વરૂપ બત્રીશમો પ્રસ્તાવ સમાપ્ત.

જડ બુદ્ધિના મંદિર તુલ્ય અલ્પમતિ એવો હું ક્યાં? અને સર્વ ગુણના મંદિર એવા સર્વજ્ઞ પ્રભુનું ચરિત્ર કયાં? તો પણ સદ્ગુરુની કૃપાથી સ્ફૂરાયમાન મતિવાળો એવો હું ગુરુમુખથી સાંભળીને શ્રી સુમતિનાથ પ્રભુનું ચરિત્ર સ્વ-પર સ્મરણાર્થે રચ્યું છે.

કેમકે—સ્વાતિ નક્ષત્રમાં વરસેલા જે જલબિંદુને, છીપ=સૂક્તિનો સુયોગ ન થયો, તેથી મુક્તાફળ તો ન જ બન્યું, તોપણ તે જલબિંદુ જો કમલિનીના પત્રનો યોગ પ્રાપ્ત કરે તો મુક્તાફળ જેવી શોભા તો અવશ્ય પ્રાપ્ત કરે જ છે.

ગ્રંથ રચિયતાના અંતિમ આશીર્વચન.

एयं पंचमतित्थणाहचरियं संवेयसंजीवणं,
संसारण्णवलंघणप्पवहणं कल्लाणवल्लीघणं।
जो वक्खाणइ जो सुणेइ तह जो वाएइ जो झायए,
भुत्तूणं मणुयामरेसरसुहं सिद्धिं पि सो पावए ।।

સંવેગને જીવિત કરવામાં સંજીવન તુલ્ય
સંસાર સમુદ્ર પાર ઉતરવા નૌકા સમાન
કલ્યાણ વેલડીને વિસ્તારનાર મેઘ સદૃશ એવું
પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું ચરિત્ર
જે વખાણે છે = વ્યાખ્યાન કરે છે = પ્રશંસે છે.
જે સાંભળે છે.
જે વાંચે છે તથા
જે ધ્યાવે છે = ચિંતવે છે.

તે પુણ્યાત્મા અનુક્રમે નરેન્દ્ર અને દેવેન્દ્ર યોગ્ય પ્રકૃષ્ટ સુખોને ભોગવીને પ્રાંતે અપૂર્વ-અદ્વિતીય અને અનુપમેય એવા સિદ્ધિગતિના અવ્યાબાધ સુખને પામે છે.



तव चेतसि वर्तेऽहं-मिति वार्ताऽपि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत्त्व-मलमन्येन केनचित् ।। वीत. १९ ।।१।।

હે જિનેશ્વર પ્રભુ! આપના ચિત્તમાં હું વસું, એ વાત તો અતિ દુર્લભ છે, પણ હે જિનેન્દ્ર! જો આપ શ્રીમાન્ મારા મન મંદિરમાં પધારો, તો મારે અન્ય કોઈનું પણ કામ નથી!!!

(આ. શ્રી હેમચંદ્રસૂરજી મ.)

—×—

પ્રશસ્તિ

❋ ચંદ્રગચ્છ સ્વરૂપ ગગનમંડળમાં ચંદ્ર અને સૂર્ય સદૃશ.

❋ મુખની શોભા વધારનાર કર્ણાવતંસ = મણિજડિત કુંડલયુગલ તુલ્ય.

❋ ધર્મરથને વહન કરનારા શ્રેષ્ઠ ધૌરેય = વૃષભની જોડી જેવા.

❋ સંપૂર્ણ વિશ્વના તત્ત્વને અવલોકન કરનારા નયન યુગ્મ સમાન.

❋ નિર્વાણમંદિરના દ્વાર તોરણના બે મહાસ્તંભ સમ એવા એક છે શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. અને બીજા છે શ્રી દેવપ્રભસૂરીશ્વરજી મ. સાહેબ.

સૂરિપુંગવયુગલના શિષ્ય છે શ્રી અજિતદેવસૂરિ, કે જેઓ સમગ્ર ગુણરત્નના નિધાન તુલ્ય અને વિશ્વવિખ્યાત હતા.

તથા શ્રી દેવસૂરિ પ્રમુખ અન્ય બીજા ઘણા શિષ્યો હતા, કે જેઓ ગુરુચરણકમલને વિષે હંસની જેમ આચરણ કરતા હતા.

સર્વ શાસ્ત્રોના વિશારદોમાં શિરોમણિ એવા શ્રી અજિતદેવસૂરિજી મ.ના વિનેય શ્રી વિજયસિંહસૂરિ નામના મુનિપુંગવ હતા. કે જેઓનું મન વિમલ શીલરૂપ બખતરથી આવૃત્ત હોવાથી કયારેય પણ ત્રણેય જગત ઉપર વિજય પ્રાપ્ત કરનારા કામદેવના વિષમ બાણોથી ભેદાયેલું નથી.

ગુરુદેવશ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ. ના ચરણકમલની પર્યુપાસનાના ફળ રૂપે મંદબુદ્ધિ એવા પણ શ્રીમાન્ સોમપ્રભસૂરિજી એ પંચમ તીર્થપતિ શ્રી સુમતિનાથ જિનેશ્વર પ્રભુનું આ મનોરમ ચરિત્ર ગુંથ્યું છે.

પ્રાગ્વાટ વંશમાં જન્મેલા પ્રાજ્ઞ કૃતજ્ઞ ક્ષમી વાગ્મી એવા શ્રીપાલ નામના કવિ થયા છે, કે જેઓએ લોકોત્તર ચમત્કાર ઉપજાવે તેવા કાવ્યોની રચના કરીને સિદ્ધરાજ જયસિંહને રંજિત કરેલ.

કવીન્દ્ર શ્રી શ્રીપાલ કવિના પુત્ર કવિચક્રચૂડામણિ શ્રી સિદ્ધપાલ કવિવર છે કે જેઓ અષ્ટાદશદેશાધિપતિશ્રી કુમારપાલ ભૂપાલના અત્યંત પ્રીતિપાત્ર હતા.

પરોપકાર-કરુણા સૌજન્ય સત્ય ક્ષમા અને દાક્ષિણ્યતાદિ અનેક ગુણગણ કલિત એવા સિદ્ધપાલ કવિએ આ ગ્રંથનું સંશોધન કરીને સૌજન્ય દાખવ્યુ છે.

અણહિલપુરપાટણ નગરમાં તે જ સિદ્ધપાલ કવિવરની પૌષધશાળામાં રહીને પરમ અર્થને સાધવામાં નિષ્પ્રત્યૂહ સમર્થ એવું આ શ્રી સુમતિનાથ જિનેશ્વર પરમાત્માનું લોકોત્તર ચરિત્ર રચીને આત્માને કૃતાર્થ કર્યો છે.

ક્ષમાપના—

આ ગ્રંથમાં અનુપયોગથી
મતિમંદતાથી
ઉત્સુકતાથી
સ્મૃતિવિરહના દોષથી

જે કંઈ પણ ઉત્સૂત્ર લખ્યું હોય તો હે સજ્જનો ! તે મારા સર્વ દોષોને ક્ષમા કરી આ ગ્રંથને—

ભણજો ! ભણાવજો !
વાંચજો ! વંચાવજો !

વિચારજો ! ચિંતવન કરજો ! મનન કરજો ! નિદિધ્યાસન કરી તન્મય બની આત્મસાત્ કરજો અને અનુક્રમે પરમપદને વરજો !!!

वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।
आज्ञाराद्धा-विराद्धा च शिवाय च भवाय च ।।वीत. ।। १९ ।।३।।

હે વીતરાગ ! સર્વજ્ઞ ! જિનેશ્વર પ્રભુ ! આપની સેવા-પૂજાથી પણ આપની આજ્ઞાનું પાલન સર્વ શ્રેષ્ઠ છે !!!

કેમકે—આપની આજ્ઞાની આરાધના શિવ-મોક્ષને માટે થાય છે અને વિરાધના ભવ-સંસારનો હેતુ બને છે.

आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ।
आस्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ।। वीत. ।। १९ ।। ४ ।।

હે જિનેશ્વર ! પરમાત્મન્ ! હેય અને ઉપાદેયના વિષયવાળી ત્રણે કાલમાં આપની આ એક જ આજ્ઞા છે કે—

- આસ્રવ સર્વથા તજવા યોગ્ય છે અને
- સંવર સર્વ પ્રકારે આદરવા યોગ્ય જ છે.

જે હસ્તલિખિત પ્રતના આધારે આ ભાષાંતર કરેલ છે તે હસ્તલિખિત પ્રતના લેખકની પ્રશસ્તિ—

જૂની = પુરાતન હસ્ત લિખિત પ્રતના આધારે—વિક્રમ સંવત ૧૮૬૧ વર્ષે ફાગણ સુદ ૧૦ ને રવિવારના દિવસે રાજનગર (અમદાવાદ) ઝવેરીવાડ-વાઘણપોળમાં શ્રી ઉજમફઈની ધર્મશાળામાં રહીને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનેશ્વરની અસીમ કૃપાથી પૂ. પં. શ્રી પ્રતાપવિજય ગણિવરના શિષ્ય પંન્યાસ શ્રી વિવેકવિજયગણિના ગુરુ ભાઈ પં. ભાણવિજયગણિવરજીએ સંવિગ્ન પક્ષીય પંડિત શ્રી ઉત્તમવિજયજી ગણિવરના શિષ્ય પંન્યાસ શ્રી પદ્મવિજય ગણિવરના શિષ્ય પં. રૂપવિજયજી મહારાજને વાંચવા માટે મૂળ ગ્રંથને પુનઃ ૭૦૨ ફૂલસ્કેપ કાગળ ઉપર લિપીબદ્ધ કર્યો છે.

कल्याणमस्तु !!! शं भूयाच्छ्रीश्रमणसङ्घस्य !!!
शुभं भवतु !!! वाच्यमानो चिरं जीवतात् !!!

અર્ધ માગધી=પ્રાકૃત ભાષામાં રચાયેલા આ ગ્રંથનું ગુર્જર ભાષામાં ભાષાંતર કરનારની પ્રશસ્તિ—

વીર નિર્વાણ સં. ૨૫૦૯ વિક્રમ સંવત ૨૦૩૯ ના કાર્તિક સુદ પૂર્ણિમાએ, ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિનેશ્વર પ્રભુની નિશ્રામાં, નૂતન ઉપાશ્રયે સં. ૨૦૩૮ ના ચાતુર્માસ દરમ્યાન આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. ના વિદ્વાન્ શિષ્યરત્ન આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન શાસનજ્યોતિર્ધર પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્ય રત્ન પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી ગણિવરની કૃપાથી તચ્છિષ્ય પ્રવચન કુશલ ગુરુબંધુ ગણિવર્યશ્રી અશોકસાગરજી મ. ની પ્રેરણા અને સુયોગ સહકારથી શ્રી સોમપ્રભસૂરીશ્વર વિરચિત પ્રાકૃત ભાષાનિબદ્ધ શ્રી સુમતિનાથ ચરિત્રમાં ચરમ ભવ વર્ણન સ્વરૂપ લગભગ ૬૮૦૦ શ્લોક પ્રમાણ બીજા વિભાગનું ભાષાંતર મુનિ શ્રી રવીન્દ્રસાગરજીએ દેવ-ગુરુ પસાયે પૂર્ણ કરેલ છે.

મતિમંદતાથી જિનાજ્ઞા વિરૂદ્ધ જો કંઈ પણ લખાયું હોય તો હે સજ્જનો! કૃપા કરી ક્ષમા કરજો! સુધારીને વાંચજો! વિચારજો! અને તન્મય થઈ પરમપદને વરજો!!!

।। शं भूयात् ।। शिवमस्तु सर्वजगतः ।। शं भूयाच्छ्रीश्रमणसङ्घस्य ।।

શ્રી સુમતિનાથ જિનેશ્વરાય નમઃ

આગમોદ્ધારક આચાર્યદેવ
શ્રી આનંદસાગર સૂરીશ્વરેભ્યો નમો નમઃ

પ્રકાશક—
જૈન આત્માનંદ સભા
ખારગેટ
ભાવનગર

નૂતન ઉપાશ્રય, ભાવનગર
ચરમ ભવ વર્ણન સ્વરૂપ ભાગ બીજો
હસ્ત લિખિત પાના ૨૯૪ થી ૭૦૨
પ્રારંભ–૨૦૩૮ અસાડ વદ ૧૦
પૂર્ણ–૨૦૩૯ કા.સુ. ૧૫



ભાષાંતર કર્તા
પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ.ના
ચરણકમલ પર્યુપાસક
રવીન્દ્રસાગર

ઇતિ શ્રી સુમતિનાથ ચરિત્રમ્
સમાપ્ત

અજિત મુદ્રણાલય, સોનગઢ